ચોથી શ્રેણી

પુસ્તકઃ ૮

મંગળવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૩
ચૈત્ર ૫, ૧૯૩૫ શાકે

થી

મંગળવાર, તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
ચૈત્ર ૧૨, ૧૯૩૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## પ્રથમ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૮)** **ચોથી શ્રેણી**

## વિષય અ નુ ક્ર મ ણિ કા

**પાના નંબર**

### તા. ૨૬મી માર્ચ, ૨૦૧૩ / ચૈત્ર ૫, ૧૯૩૫ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ | ૯૧ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૯૨ | ૯૨ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૯૩ | ૯૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૯૪ | ૯૪ |
| સરકારી વિધેયકો | ૯૫ | ૧૦૬ |


### તા.૧લી એપ્રિલ, ૨૦૧૩ / ચૈત્ર ૧૧, ૧૯૩૫ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૦૭ | ૧૨૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૨ | ૧૭૮ |
| શોકદર્શક ઉલ્લેખો | ૧૭૯ | ૧૮૧ |
| સરકારી વિધેયકો | ૧૮૨ | ૨૩૧ |


### તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩ / ચૈત્ર ૧૨, ૧૯૩૫ શાકે

**પહેલી બેઠક**


| | | |
|---|---|---|
| સરકારી વિધેયકો | ૨૩૨ | ૨૮૧ |


**બીજી બેઠક**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૮૨ | ૨૯૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૭ | ૩૩૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૩૩ | ૩૩૫ |
| સરકારી વિધેયકો | ૩૩૬ | ૩૬૨ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨ ) | ૩૬૩ | ૩૭૫ |
| સભ્યશ્રીઓનું હાજરીપત્રક | ૩૭૬ | ૩૮૦ |

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૩**
**ચૈત્ર ૫, ૧૯૩૫ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, પ્રશ્ન ક્રમાંક– ૧. માનનીય રમેશભાઇ મહેશ્વરી.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક–૧. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમજું છું કે પ્રશ્નકાળમાં કંઇ ન હોય પરંતુ અતિ મહત્ત્વનો પ્રશ્ન સૌરાષ્ટ્રમાં પીવાના પાણીનો પ્રશ્ન છે. ગઇકાલે આપને, આજે સવારે (અંતરાય) અમે ઇચ્છીએ કે આની પૂરી ચર્ચા માટે અનુમતિ આપો.

અધ્યક્ષશ્રી : આ અનુમતિ આપવાની મને કોઇ સત્તા નથી. તમે બે પક્ષવાળા ભેગા થઇને નકકી કરો તો કોઇ સવાલ નથી અને છતાંય સભ્યશ્રીઓને જાણ માટે કહું કે, પીવાના પાણી, ઘાસચારો, રોજગારી બધા માટે થઇને રાજય સરકાર તરફથી આજે જ્જનું નિવેદન થવાનું જ છે. એ ચર્ચા કરવી હોય તો બન્ને પક્ષ ભેગા થઇને તમે આવો. (અંતરાય)૧૦૮, ૧૧૨ નીચે આ પ્રશ્ન આવે નહીં. આપ વાંચી જાઓ. ૧૦૮, ૧૧૨, ૧૧૬ એ તમામ નીચે આવતા હોય તો એલાઉ કરવા માટે હું તૈયાર છું પણ આની નીચે આવતું નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપે એલાઉ નથી કર્યું સાહેબ,

અધ્યક્ષશ્રી : હા, પણ એ આવતું નથી. જે વાતો આવતી ના હોય એ..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પણ પ્રશ્ન પહેલાં.. આ અતિ મહત્વનો પ્રશ્ન છે, લોકો મરી રહ્યાં છે, હિજરત કરી રહ્યાં છે.

અધ્યક્ષશ્રી : નહીં, આમાં વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે મને કોઇ સર્વોપરી સત્તા નથી કે હું બાકીનું બધું અટકાવીને હું કહું એમ હાઉસ ચાલે. બંને પક્ષના ભેગા થઇને ઠરાવ લઇ આવો અને એ નિયમ મુજબ હશે તો હું એને એલાઉ કરીશ. એ પણ નિયમ મુજબ હશે તો..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસના સર્વોપરી અધ્યક્ષ છે. લોકસભાની પાર્લામેન્ટ પણ પ્રશ્નકાળ..(અંતરાય)..

અધ્યક્ષશ્રી : લોકસભાના નિયમો જુદા છે, અને કાં તો આપણે નકકી કરીએ કે, આખા હિન્દુસ્તાનમાં લોકસભા અને રાજયસભાના નિયમો છે એ તમામ રાજયોને સ્વીકારવા પણ એવું નથી. અહીં કરેલા નિયમો છે. આપની પાસે બુક છે, બધા સભ્યશ્રીઓ પાસે બુક છે. એ બુકમાંથી જોઇને કહેજો. અત્યારે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન કોઇ ચર્ચા હોય નહીં. બધા સભ્યશ્રીઓને વિનંતી કે, આપનું સ્થાન લો. મને નિયમ હોય તો બતાવો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૫૬ નીચે.. (અંતરાય)..

અધ્યક્ષશ્રી : બધા સભ્યશ્રીઓને વિનંતી કે આપ આપનું સ્થાન લો અને હમણાં જ આપના ભાઇઓ સાથે ચર્ચા કરી, અને મેં કહ્યું, નિયમ હોય તો મને બતાવો. પ્રશ્નોત્તરી પતી જવા દો, પછી તમે મને નિયમો કહેજો. પ્રશ્નોત્તરી વખતે કોઇ ચર્ચા હોય નહીં. આપ સૌ બેસો બધા, તમે મને પ્રશ્નોત્તરી પછી કહેજો. (અંતરાય) અરે, પણ અત્યારે, માનનીય બલવંતસિંહ, અત્યારે જ કહેવાની જરૂર નથી. પ્રશ્નોત્તરી પૂરી થાય ત્યારે ચર્ચાની રીતે એ કહેજો. પ્રશ્નોત્તરી વખતે કોઇ ચર્ચા હોઇ શકે નહીં. પ્લીઝ, બેસો બધા. આ રીતે અશિસ્ત આચરવી એ કોઇ (અંતરાય) પ્લીઝ..આ રીતે તમારે શિસ્ત વિરૂદ્ધનું (અંતરાય) એક તો પ્રશ્નોત્તરીમાં કોઇ વાતની રજૂઆત થાય નહીં છતાંય મેં એ તમારા પ્રશ્નની વાત સાંભળી અને એના માટે કહું છું કે, હજી આના પછી નિયમ જ્જનું નિવેદન થાય એ પછી તમે જે કાંઇ કહેશો એ હું સાંભળી શકીશ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સરકારનું નિવેદન, પણ અમારે ચર્ચા જોઇએ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારે ચર્ચા જોઇતી હોય તો બન્ને પક્ષ ભેગા થઇને આવો. તમે કહેશો એટલો સમય ફાળવીશ. મને કોઇ ડિસ્ક્રીશનરી પાવર નથી. મેં જણાવી દીધું છે. પ્રશ્ન ક્રમાંક– ૧.

**રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજોમાં કાર્યરત અધ્યાપકોને સરકારી ખર્ચે ઉચ્ચ અભ્યાસ**

* ૪૭૨૫ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી ઇજનેરી કોલેજોમાં કાર્યરત અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ કરવા સરકારી ખર્ચે મોકલવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કેટલા અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ માટે મોકલવામાં આવ્યા ? | (૨) ૩૪(ચોત્રીસ). |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ ૩૪ અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ માટે મોકલવામાં આવ્યા હતા, મારો પ્રશ્ન એ છે કે, રાજ્ય સરકારની પોલિટેકનીક અને ઇજનેરી કોલેજો...( કોંગ્રેસ પક્ષના સર્વ માનનીય સભ્યશ્રીઓ ઉભા થતાં) (અંતરાય )

અધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ, આપ બેસો, પછી કહેજો.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓના પોતાના સ્થાન પર ઉભા ઉભા સુત્રોચ્ચાર )

અધ્યક્ષશ્રી : (અંતરાય) આપ પોતાનું સ્થાન લો, એક મિનિટ, મેં તમને વાત કરી છે જે હજુ કહું છું કે, બંને પક્ષો ભેગા થઇને જેટલો સમય કહેશો એ રીતે હું કરવા તૈયાર છું બાકી વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે મને કોઇ સત્તા નથી કે હું કરી શકું. હું જેવી વાત કરું એવું તમે જ બધા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને એ બંધ કરો. તમે બંને ભેગા થઇને આવશો તો મને કોઇ વાંધો નથી. સૌ શાંતિથી બેસો, પ્રશ્નોતરીનો સમય છે એની અંદર કોઇ ચર્ચા હોય નહીં, એક મિનિટ, (અંતરાય) ૧૧૬ અને ૧૧૨ હજુ વાંચી જુઓ, એ નિયમની વિરૂદ્ધમાં મેં મારો નિર્ણય આપ્યો હોય તો મને કન્વીન્સ કરાવજો. ૧૧૬ અને ૧૧૨ તાત્કાલિક બનાવો બન્યા હોય એના માટેની વાત છે. તમે બધા તમારી જગ્યાએ બેસો એવી વિનંતી. (અંતરાય) એક મિનિટ, તમે બેસો ભાઇ. માનનીય મંત્રીશ્રી આપનો જવાબ આપો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમ.ઇ. એમ.ટેક. અને પી.એચ.ડી. જેવા ઉંચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકો ઉપલબ્ધ થવાથી વિદ્યાર્થીઓને સારું માર્ગદર્શન મળે છે તેમજ વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે જવાની પ્રેરણા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય અને રાજ્ય બહારની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં આ અભ્યાસ થતો હોય તેની ઉંચ્ચ શિક્ષણ ગુણવત્તા અને બેસ્ટ પ્રેક્ટિસિસનો લાભ રાજ્યના વિદ્યાર્થીઓને મળે તે એનો હેતુ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, માનનીય મંત્રીશ્રી બેસો. (અંતરાય) મહેરબાની કરીને તમે બધા બેસો, આ શિસ્ત વિરૂદ્ધની વાત છે, તમને બોલવા દીધા એટલે તમે આ શરૂઆત કરો છો. પ્રશ્નોતરીમાં કોઇ બીજી બાબત હોય નહીં, કોઇએ કાંઇ પૂછવાનું હોય નહીં. પાર્ટીના નેતાનું, વિપક્ષના નેતાનું માન રાખી અને એને બોલવા માટે એલાઉ કર્યા છે આ રજૂઆત કરવા માટે પ્રશ્નોતરીનો કાળ છે એ યોગ્ય નથી. સૌ શાંતિથી આની અંદર તમે ભાગ લો એવી હું આપને આખરી વિનંતી કરું છું, સમજી જાવ. આ તરફથી પણ પાટલીઓ થપથપાવવાની જરૂર નથી, અહીં કોઇ ઘોંઘાટ કરવાની જરૂર નથી. સૌ શાંતિથી બેસો, આ વિધાનસભાના દરેક સભ્યનો પ્રશ્નોતરીનો એનો હક્ક અને અધિકાર છે એનો હક્ક અને અધિકાર ભોગવવા દો. અત્યારે કોઇ ચર્ચા નહીં બલવંતસિંહ. (અંતરાય) માનનીય મંત્રીશ્રી આપ બોલો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટેકનીક અને એન્જિનિયરીંગના કોલેજોના પ્રધ્યાપકોને ઉંચ્ચ અભ્યાસ અર્થે મોકલવાનો હેતુ અધ્યાપક તેમજ વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસ અને એમની નિર્ણયશક્તિમાં વધારો કરી શકાય તે હેતુ હોય છે. અધ્યાપકના વિશિષ્ટ જ્ઞાન અને અનુભવનો

ઉપયોગ ઔદ્યોગિક એકમના પ્રશ્નોના નિરાકરણ માટે પણ કરી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ.આઇ.સી.ટી.ની કેરિયર એટલે કે એની સ્કીલ્ડ અંતર્ગત આ શૈક્ષણિક લાયકાતને અનિવાર્ય ગણીને સંસ્થાને મંજૂરી મેળવવામાં મદદરૂપ થતું હોય છે અને સંસ્થાની પ્રતિષ્ઠામાં પણ વધારો થતો હોય છે. આ શૈક્ષણિક લાયકાત મેળવનાર અધ્યાપકને બઢતી તેમજ હાયર સ્કેલ મેળવવો હોય તો તેને આ ઉપયોગી થતું હોય છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી એન્જિનિયરીંગ કોલેજના અધ્યાપકોને ઉંચ્ચ અભ્યાસ માટે મોકલવામાં આવે છે તો એની અંદર આ અધ્યાપકોને મોકલવાના નોર્મ્સ શું છે, અને એની પાછળ સરકાર તરફથી કેટલો ખર્ચ કરવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી એન્જિનિયરીંગ કોલેજોના અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ માટે મોકલવાના હોય તો અધ્યાપક ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલા હોવા જોઇએ અને એડહોક નોકરી સહિત ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી તેમની થયેલી હોવી જોઇએ. એમની પ્રતિનિયુક્તિનો જે ગાળો છે એને સ્ટડી લિવ તરીકે ગણવામાં આવતો હોય છે. કોઇ અધ્યાપક વધુ અભ્યાસ માટે જાય ત્યારે કોઇ ખાલી જગ્યા ભરવામાં આવતી નથી પરંતુ તેનો કાર્યભાર એમની સાથેના જે અધ્યાપકો હોય એમની વચ્ચે કોઇપણ નાણાકીય વળતર વગર વહેંચી દેવામાં આવતો હોય છે. અનુસ્નાતક અભ્યાસ કરવા જનાર અધ્યાપકે પાંચ વર્ષની સરકારી નોકરી કરવાની હોય છે અને તે માટે રૂપિયા ૫,૦૦,૦૦૦નું બોન્ડ આપવાનું હોય છે જો પાંચ વર્ષ પહેલાં તે નોકરી છોડીને જતા રહે તો બોન્ડની રકમ ઉપરાંત સ્ટડી લીવ દરમ્યાન જે પગાર લીધો હોય એ સમગ્ર પગાર રાજ્ય સરકારમાં જમા કરાવવાનો હોય છે.

**અધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ રાખો.**

**શ્રી વાસણભાઇ ગો. આહિર :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ થી ૨૦૧૨ દરમિયાન પોલિટેકનીકના કેટલા ઇજનેરો અને અધ્યાપકોને એમ.ઇ. અને એમ.ટેક.ના અભ્યાસક્રમ માટે મોકલવામાં આવ્યા અને આ અધ્યાપકોને પી.એચ.ડી.ના અભ્યાસ માટે મોકલવામાં આવ્યા તેમાં ઉચ્ચ અભ્યાસ માટે છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલો નાણાકિય ખર્ચ કરવામાં આવ્યો અને એમાં કોઇ કેન્દ્ર સરકારની સહાય મળે છે કે કેમ?

**વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૧થી ૨૦૧૨ દરમિયાન પોલિટેકનીકના ૨૭૨, ઇજનેરી કોલેજના ૧૭૦ અધ્યાપકોને એમ.ઇ. એમ.ટેક.ના અભ્યાસક્રમ માટે અને ૪૫ અધ્યાપકોને પી.એચડી.ની ડીગ્રી માટે પી.એચ.ડી.ના અભ્યાસક્રમ માટે મોકલવામાં આવ્યા છે. ઉચ્ચ અભ્યાસ માટે છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યની સરકારી સંસ્થા સાથે માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે ૨૦૧૦-૧૧માં ૧.૫૮ કરોડ, ૨૦૧૧-૧૨માં ૫.૩૪ કરોડ અને ૨૦૧૨-૧૩માં ૬.૬૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. એ ઉલ્લેખનીય છે કે અધ્યાપકોના ઉચ્ચ અભ્યાસ માટે બજેટની કોઇ જોગવાઇ કરવામાં આવતી નથી, કારણકે તેમનો કાર્યભાર અન્ય પ્રાધ્યાપકોને વહેંચી દેવામાં આવતો હોવાથી વધારાના મહેનતાણા ચૂકવવાના થતાં ન હોવાથી એના માટે કોઇ રકમ ફાળવવામાં આવતી નથી અને સરકારમાં કોઇ નાણાકીય બોજ પડતો નથી અને ઉચ્ચ અભ્યાસ માટે કેન્દ્ર સરકાર તરફથી આમાં એક પણ રૂપિયાની સહાય મળતી નથી.

**શ્રી તારાચંદ જ. છેડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અધ્યાપકોને કઇ સંસ્થા દ્વારા મોકલવામાં આવે છે અને એનો નિર્ણય કઇ કક્ષાએ કરવામાં આવે છે?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ માટે ભારતમાં આવેલી આઇ.આઇ.ટી., એન.આઇ.ટી. જેવી સંસ્થાઓ તેમજ એ.આઇ.સી.ટી. એ. માન્ય સરકારી અનુદાનિક તેમજ ખાનગી પ્રતિષ્ઠિત સંસ્થાઓ તેમજ યુ.જી.સી.એ જે સંસ્થાઓને માન્ય કરી હોય ત્યાં મોકલવામાં આવે છે. પોલિટેકનીક અને ઇજનેરી કોલેજના અધ્યાપકોને એમ.ઇ. અને એમ.ટેક. તથા પી.એચડી. ના અભ્યાસ માટે પ્રતિનિયુક્તિના ધોરણે મોકલવા અંગેનો નિર્ણય એમની સિનિયોરિટીના આધારે ઉચ્ચ શિક્ષણ કમિશનરની કક્ષાએથી કરવામાં આવતો હોય છે.

**કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ એ.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલયોની સુવિધા**

તા. ૨૬મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

* ૪૬૫૩ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યકિતઓ શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે ૧૫૧૮૪ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૧–૪–૨૦૧૨ થી નિયત કરાયેલ કેટેગરીના એ.પી.એલ. લાભાર્થીઓ માટે પ્રોત્સાહક રકમ પેટે રૂ.૪,૬૦૦/– ની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ દર્શાવેલ સમયગાળા દરમ્યાન બનાવેલ એ.પી.એલ. વ્યક્તિગત શૌચાલયો માટે ઉક્ત યોજનામાંથી કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |

**શ્રી તારાચંદ જ. છેડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નિર્મળ ગુજરાત કાર્યક્રમ તથા નિર્મળ ભારત અભિયાન હેઠળ કચ્છ જિલ્લામાં કેટલી ગ્રામપંચાયતોને અત્યાર સુધીમાં પુરસ્કાર મળ્યા છે અને એની તાલુકાવાર માહિતી શું છે?

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ડિસેમ્બર, ૨૦૧૨ અંતિત છેલ્લાં બે વર્ષમાં એ.પી.એલ. શૌચાલય માટે અબડાસા તાલુકામાં ૨૨૭૯નો લક્ષ્યાંક હતો એની સામે ૧૭૧૯ સિદ્ધિ થઇ છે, અંજારમાં ૨૧૧૭નો લક્ષ્યાંક હતો એની સામે ૨૦૯૬ સિદ્ધિ થઇ છે, ભચાઉમાં ૨૧૯૦નો લક્ષ્યાંક હતો એની સામે ભૌતિક સિદ્ધિ ૧૯૬૫ થઇ છે, ભુજમાં ૩૫૪૪ લક્ષ્યાંક હતો એની સામે ભૌતિક સિદ્ધિ ૨૪૨૯ની થઇ છે, ગાંધીધામમાં ૮૫૫નો લક્ષ્યાંક હતો એની સામે ૩૫૨ની ભૌતિક સિદ્ધિ થઇ છે, લખપતમાં ૭૩૨નો લક્ષ્યાંક હતો એની સામે ૬૩૦ની ભૌતિક સિદ્ધિ થઇ છે, માંડવીમાં ૯૦૨નો લક્ષ્યાંક હતો એની સામે ૮૦૯ની ભૌતિક સિદ્ધિ થઇ છે, મુંદ્રામાં ૪૫૧૬નો લક્ષ્યાંક હતો એની સામે ૨૮૪૮ની ભૌતિક સિદ્ધિ થઇ છે, નખત્રાણામાં ૧૩૮૩નો લક્ષ્યાંક હતો એની સામે ૧૧૩૯ની સિદ્ધિ થઇ છે,રાપરમાં ૧૬૩૯ લક્ષ્યાંક અને ભૌતિક સિદ્ધિ કુલ મળીને એ.પી.એલ.૨૦,૧૮૭માંથી ૧૫,૧૮૪ અને તેમણે ખર્ચ માગ્યો છે. ઉપરોકત ૧૫,૧૮૪ શૌચાલય પૈકી ૧૧૦૦ શૌચાલય સંસ્થાઓ દ્વારા બાંધ્યા છે, ૪૦૮૭ ખાનગી કંપનીઓ દ્વારા બાંધ્યા છે, ૬૬૯૬ શૌચાલય વ્યકિતગત રીતે બનાવવામાં આવ્યા છે. જેમાં સરકારશ્રી તરફથી કોઇ ખર્ચ કરેલો નથી. તે સિવાયના ૩૨૩૯ શૌચાલય નિર્મળ ગુજરાત કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવ્યા છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગુ છું કે, આ નિર્મળ યોજના કયારથી શરૂ કરવામાં આવી ? અને આ નિર્મળ યોજનાના શું શું ફાયદા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં નિર્મળ ગુજરાત કાર્યક્રમ હેઠળ ૧૪૧ ગામોને સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામનો પુરસ્કાર તથા ૧૭ ગામોને સ્વર્ણિમ ગામનો પુરસ્કાર આપવામાં આવેલો છે.

| *ગામનું નામ* | *સ્વચ્છ ગામ* | *સ્વર્ણિમ ગામ* |
|---|---|---|
| *અબડાસા* | *૧૩* | *૨* |
| *અંજાર* | *૯* | *૨* |
| *ભચાઉ* | *૧૭* | *૨* |
| *ભૂજ* | *૧૬* | *૨* |
| *ગાંધીધામ* | *૩* | *૧* |
| *લખપત* | *૭* | *૨* |
| *માંડવી* | *૨૮* | *૨* |

| | | |
|---|---|---|
| *મુંદ્રા* | *૯* | *૧* |
| *નખત્રાણામાં* | *૩૬* | *૨* |
| *રાપર* | *૩* | *૧* |

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકારની યોજના હતી. નિર્મળ ભારત અભિયાનનું પણ પૂછયું છે તો અબડાસામાં ૩, ભચાઉમાં ૬, ભૂજમાં ૫, માંડવીમાં ૮, મુંદ્રામાં ૨, નખત્રાણામાં ૫, રાપરમાં ૨ એમ કુલ મળીને ૩૩ છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી,આ કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન દ્વારા જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે તેમાં શાળાઓ અને આંગણવાડીઓમાં પણ બનાવવામાં આવ્યા છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ તાલુકાવાર શાળાઓ અને આંગણવાડીઓમાં કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં શાળા શૌચાલયમાં,

| *ગામનું નામ* | *લક્ષ્યાંક* | *ભૌતિક સિદ્ધિ* | *થયેલ ખર્ચ* |
|---|---|---|---|
| *અબડાસા* | *૧૩૩* | *૧૩૩* | *૩૫.૭૫ લાખ* |
| *અંજાર* | *૭૧* | *૭૧* | *૧૬.૯૯ લાખ* |
| *ભચાઉ* | *૧૧૯* | *૧૧૯* | *૩૨.૪૨ લાખ* |
| *ભૂજ* | *૨૫૯* | *૨૫૯* | *૭૧.૧૮ લાખ* |
| *ગાંધીધામ* | *૨૮* | *૨૮* | *૮.૪૫ લાખ* |
| *લખપત* | *૧૦૯* | *૧૦૯* | *૨૬.૦૦ લાખ* |
| *માંડવી* | *૧૧૧* | *૧૧૧* | *૨૫.૧૨ લાખ* |
| *મુંદ્રા* | *૩૯* | *૩૯* | *૮.૪૫ લાખ* |
| *નખત્રાણા* | *૧૫૫* | *૧૫૫* | *૪૪.૩૫ લાખ* |
| *રાપર* | *૩૨૮* | *૩૨૮* | *૮૪.૮૮ લાખ* |

કુલ મળીને લક્ષ્યાંક ૧૩૫૨, સિદ્ધિ ૧૩૫૨ અને ખર્ચ ૩૫૩.૫૯ લાખ.તેમણે બીજુ આંગણવાડીનું પૂછયું છે તો અબડાસામાં ૫૩ લક્ષ્યાંક, ૫૩ સિદ્ધિ ૨.૬૫ ખર્ચ, અંજારમાં લક્ષ્યાંક ૯, સિદ્ધિ ૯ અને ખર્ચ ૦.૪૫. ભચાઉમાં ૬ લક્ષ્યાંક, ૬ સિદ્ધિ અને ૦.૩૦ લાખ ખર્ચ. ભૂજમાં ૪૯ નો લક્ષ્યાંક હતો જયારે ૪૯ સિદ્ધિ થઇ છે. લખપતમાં ૨ લક્ષ્યાંક ૨ સિદ્ધિ થઇ છે. કુલ મળીને ૩૧૫ નો લક્ષ્યાંક હતો અને ૩૧૫ સિદ્ધિ થઇ છે અને ખર્ચ ૧૫.૭૫ લાખ રૂપિયા થયો છે.

**પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ એપીએલ કુટુંબો માટે બનાવેલ શૌચાલયો**

* ૪૬૬૫ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એપીએલ કુટુંબો માટે કેટલા વ્યક્તિઓ શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન<br>– પાટણ જિલ્લામાં એપીએલ કુટુંબો માટે ૧૦૪૨૬ શૌચાલયો બનાવવામાં આવ્યા.<br>– સાબરકાંઠા જિલ્લામાં એપીએલ કુટુંબો માટે ૭૯૪૭ શૌચાલયો બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તા.૧–૪–૨૦૧૨ થી નિયત કરાયેલ કેટેગરીના એપીએલ લાભાર્થીઓ માટે પ્રોત્સાહક રકમ પેટે રૂ.૪,૬૦૦/– ની જોગવાઇ કરવામાં આવતાં, તા.૧–૪–૨૦૧૨ બાદ બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયો |

માટે,
– પાટણ જિલ્લામાં રૂ.૨૪.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો,
– સાબરકાંઠામાં રૂ.૩૬૫.૫૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાટણ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ તાલુકાવાર કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા, તાલુકાવાર લક્ષ્યાંક કેટલો હતો અને તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ.પી.એલ. શૌચાલયોનો આ પ્રશ્ન છે. પાટણ જિલ્લામાં તાલુકાવાર જોઇએ તો પાટણમાં ૨૯૦૦ નો લક્ષ્યાંક હતો અને ૨૪૯૯ની સિદ્ધિ થઇ છે અને ખર્ચ ૩૩.૩૭ લાખનો થયો છે. સિદ્ધપુરમાં ૧૮૦૦ લક્ષ્યાંક હતો અને ૧૧૧૦ સિદ્ધિ થઇ છે અને ૧૬.૧૯ લાખનો ખર્ચ થયો છે. ચાણસ્મામાં ૧૮૦૦નો લક્ષ્યાંક હતો અને ૧૫૧૯ સિદ્ધિ થઇ છે અને ૨૪.૬૦ લાખનો ખર્ચ થયો છે. હારીજમાં ૧૫૦૨ લક્ષ્યાંક હતો અને ૧૩૧૧ સિદ્ધિ થઇ છે. ૨૪.૧૩ લાખનો ખર્ચ થયો છે. સમીમાં ૧૬૫૦ લક્ષ્યાંક હતો જયારે રાધનપુરમાં ૧૩૦૫ લક્ષ્યાંક હતો અને ૧૦૧૯ ની સિદ્ધિ થઇ છે જયારે ખર્ચ ૧૬.૭૬ થયો છે. સાંતલપુરમાં ૧૩૩૫ લક્ષ્યાંક હતો અને ૧૧૬૫ની સિદ્ધિ થઇ છે જયારે ૨૦.૬ લાખનો ખર્ચ થયો છે. એમ કુલ મળીને ૧૨૨૨૯ લક્ષ્યાંક હતો અને ૧૦૪૨૬ સિદ્ધિ થઇ છે અને ૧૬૦.૬૩ નો ખર્ચ થયો છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાટણ જિલ્લામાં ૧૦૪૨૬ શૌચાલયો બનાવવામાં આવ્યા છે એની પાછળ ૨૪.૬૧ લાખનો ખર્ચ થયો છે. જયારે સાબરકાંઠા જિલ્લામાં ૭૯૪૭ શૌચાલયો બનાવવામાં આવ્યા છે એટલે કે પાટણ કરતાં ત્રણ હજાર ઓછા શૌચાલય બનાવવામાં આવ્યા હોવા છતાં સાબરકાંઠાનો ખર્ચ ૩૬૫.૫૬ લાખનો થયો છે. તો ૧૫૦૦ ગણો વધારે ખર્ચ થવા પાછળના શું કારણો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : લક્ષ્યાંકના પ્રમાણમાં અમે સિદ્ધિ કરી છે એના કારણે આ થયું છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : પાટણ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ તાલુકાવાર કેટલા શાળા શૌચાલયો અને આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા અને એની પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પાટણ જિલ્લામાં શાળા શૌચાલયોમાં...

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા વેલમાં કાગળના ટૂકડા ફેંકવામાં આવ્યા)

અધ્યક્ષશ્રી : કાગળ ઉડાડવાનું રહેવા દો. હવે બહુ થયું. અડધો કલાક થયો.

( આ તબક્કે વિરોધપક્ષના માનનીય સભ્ય શ્રીમતી તેજશ્રીબેન પટેલ, શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી પૂનમભાઇ પરમાર તથા શ્રી કાંતિભાઇ ખરાડી વેલમાં આવી બેસી ગયા.)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પાટણ તાલુકાનો લક્ષ્યાંક ૨૨૮ હતો જયારે ભૌતિક સિદ્ધિ ૨૨૮ છે અને ખર્ચ ૪૫.૬૦ લાખનો થયો છે. સિદ્ધપુરમાં લક્ષ્યાંક ૧૦૪ જયારે સિદ્ધિ ૧૦૪ અને ખર્ચ ૨૦.૮૦ લાખ. ચાણસ્મામાં લક્ષ્યાંક ૧૦૨ અને સિદ્ધિ ૧૦૨ અને ખર્ચ ૨૦.૪૦ લાખ. હારીજમાં ૭૦ નો લક્ષ્યાંક અને ૭૦ સિદ્ધિ અને ખર્ચ ૧૪ લાખ રૂપિયા. સમીમાં ૧૧૩ લક્ષ્યાંક અને સિદ્ધિ ૧૧૩ અને ખર્ચ ૨૨.૬૦ લાખ રૂપિયા. રાધનપુરમાં ૭૫ લક્ષ્યાંક ૭૫ સિદ્ધિ અને ૧૫ લાખનો ખર્ચ. સાંતલપુરમાં ૬૮ લાખનો લક્ષ્યાંક અને ૭૫ની સિદ્ધિ અને ખર્ચ ૧૩ લાખ રૂપિયા. એમ કુલ લક્ષ્યાંક ૭૬૦, સિદ્ધિ ૭૬૦ અને ખર્ચ ૧૫૨ લાખ રૂપિયા થયો છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં નિર્મળ ગુજરાત કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં તાલુકાવાર કયા પ્રકારની કામગીરી થયેલ છે?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, તમે પાંચેય સભ્યો તમારી જગ્યાએ જતા રહો. હું કોઇ જાતના પગલાં લઉં, તમને છેલ્લી ચેતવણી છે. આ વિધાનસભા છે. (અંતરાય) આ પાંચેય જણાને એક દિવસ માટે સસ્પેન્ડ કરું છું. પાંચે પાંચને બહાર કાઢો. તમે તમારી જગ્યાએ રહો ત્યાં સુધી ઠીક છે. તેમને બહાર લઇ લો. (અંતરાય) બહુ જોર કરતા હોય તો નામ લો. (સતત સુત્રોચ્ચાર)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી કાંતિભાઇ ખરાડી તેમજ ડો. તેજશ્રીબેન પટેલને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પાટણમાં ૪૪ ગામ, ખર્ચ થયો ૬.૧૬ લાખ. સિદ્ધપુરમાં ગામોની સંખ્યા ૩૯, ખર્ચ થયો ૫.૪૬ લાખ. ચાણસ્મામાં ૪૬ ગામ, ખર્ચ થયો ૬.૪૪ લાખ. હારીજમાં ૨૬ ગામ, ખર્ચ થયો ૩.૬૪ લાખ. સમીમાં ૨૪ ગામ, ખર્ચ થયો ૩.૩૬ લાખ. રાધનપુરમાં ૭ ગામ, ખર્ચ થયો ૦.૯૮ લાખ. સાંતલપુરમાં ૫ ગામ, ખર્ચ થયો ૦.૭૦ હજાર. કુલ ૧૯૨ ગામો અને ખર્ચ થયો છે ૨૬.૭૪ લાખ રૂપિયાનો.

**તાપી જિલ્લામાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશની મંજૂર કરેલ કોર્ટ**

* ૪૬૮૪ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ તાપી જિલ્લામાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશની કોર્ટ મંજૂર કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારથી કાર્યરત થઇ ? | (૨) તા.૪–૩–૨૦૧૨ થી. |

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે તાપી જિલ્લા ખાતે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ ઉપરાંતની અન્ય કુલ કેટલી કોર્ટો છે**?**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની સરકારે પ્રજાએ જે ચુકાદો આપ્યો છે તે ચુકાદા પછી ગુજરાતની પ્રજાને ઝડપથી ન્યાય મળે એટલા માટે તાપી જિલ્લા ખાતે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ ઉપરાંત નીચે મુજબની કોર્ટો છે. એડીશનલ ડીસ્ટ્રીકટ જજની એક, સિનિયર સિવિલ જજની એક, ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટની એક, સિવિલ જજની સાત, જે પૈકી ત્રણ કોર્ટો સ્વર્ણિમ ગુજરાત ગોલ્ડન ગોલ અન્વયે બનાવી છે. તેનું મુખ્ય મથક વ્યારા સિવાય અન્ય તાલુકાઓ ઉચ્છલ, નિઝર અને વાલોદ ખાતે એક એક સિવિલ જજની કોર્ટ આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાનું બાયફર્કેશન કરીને તાપી જિલ્લો નવો બનતાં ૪–૩–૧૨થી તેને તેમાં આવરી લેવામાં આવી છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, છેવાડાના તાપી જિલ્લામાં રાજયની સરકારે જે કોર્ટ મંજૂર કરી છે એ કોર્ટના નવા મકાન માટેનું રાજય સરકારે કોઇ આયોજન કર્યું છે**?**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લાના નવા ન્યાયમંદિરનું કામ હાલ બાંધકામ હેઠળ છે. ૫,૮૦,૦૦૦,૦૦ના ખર્ચે આ બાંધકામ થનાર છે. આનો કોન્ટ્રાકટ અપાઇ ગયો છે અને આની અંદર ૮ જેટલી કોર્ટો બનશે. ચાર માળનું ન્યાય મંદિર થશે અને આ કોર્ટનું બાંધકામ ૫ ફેબ્રુઆરી–૨૦૧૪ના રોજ પૂર્ણ થશે.

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી ગેંદાલભાઇ ડામોર તથા મિતેષભાઇ ગરાસીયા વેલમાં આવી જતાં)

અધ્યક્ષશ્રી : આ બન્નેને એક દિવસ માટે સસ્પેન્ડ કરીએ છીએ. તેમને બહાર લઇ જાવ. તમે તમારો જવાબ ચાલુ રાખો. (અંતરાય) એમને ઉભા કરો.

(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ શ્રી ગેંદાલભાઇ ડામોર તથા મિતેષભાઇ ગરાસીયાને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લાના નવા કોર્ટ મકાન માટે ૧૬૬૦ ચોરસ મીટર જગ્યા ઉપલબ્ધ છે. જેમાં કુલ ૨૬૨૫.૧૨ ચોરસમીટર બિલ્ડઅપ એરિયા છે. માનનીય અધ્યક્ષશ્રી, બે લિફ્ટની સુવિધા છે, એના મશીનનો રૂમ, આ મકાનમાં પાર્કીંગની સુવિધા છે અને આ મકાનમાં આઠ જેટલી નવી કોર્ટો કાર્યરત થશે.

શ્રી કાંતિલાલભાઈ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ન્યાય મંદિર બનાવવાનું હાલ ક્યા તબક્કે છે? આ નવી કોર્ટો કાર્યરત થવાથી આમ પ્રજાને કેવી રીતે શું ફાયદો થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં કહ્યું તેમ નવા ન્યાય મંદિરનું બાંધકામ હાલ શરૂ થઇ ગયું છે અને તા.૫/૨/૨૦૧૪ના રોજ પૂર્ણ થશે. તાપી એ નવો મહેસૂલી જિલ્લો બન્યો. નવી જ્યુડિશિયલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ વ્યારા મૂકામે અલગ કોર્ટની રચના કરી. લોકોને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે અને ઘર આંગણે ન્યાય મળે એટલા માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. તાપી જિલ્લાના મોટા ભાગના વિસ્તારો આદિવાસી વિસ્તારો છે અને પ્રજાને ન્યાય માટે દૂર જવું ન પડે અને પોતાના જિલ્લાની અંદર જ, પોતાની જ કોર્ટમાં ન્યાય મળે જેથી દરેક પ્રકારના કામોમાં પડતી મુશ્કેલીઓ દુર થઇ શકે. જિલ્લા મથકમાં કોર્ટ શરૂ થાય તો ભૌગોલિક અંતર ઘટશે જેથી કરીને જવા-આવવાનો ખર્ચ પણ ઓછો થશે.

**સરકારી ઇજનેરી કોલેજોમાં નવી હોસ્ટેલ સુવિધા**

* ૪૭૨૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કેટલી સરકારી ઇજનેરી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં કેટલી નવી હોસ્ટેલો શરૂ કરવામાં આવી, અને | (૧)<br>• ૦૯ (નવ) સરકારી ઇજનેરી કોલેજો ખાતે છેલ્લા બે વર્ષમાં ૦૯ (નવ) કુમાર છાત્રાલય અને ૦૮ (આઠ) કન્યા છાત્રાલય એમ મળી કુલ-૧૭ (સત્તર) નવા છાત્રાલયો (હોસ્ટેલો) શરૂ કરવામાં આવી.<br>• ૦૪ (ચાર) ઇજનેરી કોલેજો ખાતે છેલ્લા બે વર્ષમાં કુલ-૦૭ (સાત) છાત્રાલયો (હોસ્ટેલો) નું નવું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે, જે પૈકી ૦૫ (પાંચ) નવી હોસ્ટેલોનું બાંધકામ ચાલુ છે, જ્યારે ૦૨ (બે) નવી હોસ્ટેલોના નકશા-અંદાજો તૈયાર કરવાનું કામ ચાલુ છે. |
| (૨) હજુ કેટલી નવી હોસ્ટેલો બનાવવામાં આવનાર છે ? | (૨) હજુ કુલ-૦૨ (બે) હોસ્ટેલો વર્ષ ૨૦૧૩-૧૪ માં બનાવવા આયોજન કરવામાં આવેલ છે. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૭ જગ્યાએ એન્જિનિયરીંગ કોલેજોમાં હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે, એ કઇ જગ્યાએ શરૂ કરવામાં આવી છે અને એની પ્રવેશ ક્ષમતા કેટલી છે અને હોસ્ટેલ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારે કોલેજોમાં વિદ્યાર્થીઓ ભણે અને એની સારી સુવિધાઓ મળે તેઓ સારા પરિણામો લાવે અને રાજ્યની કાર્યશક્તિમાં વધારો થાય, કાર્યક્ષમતામાં વધારો થાય એટલા માટે છેલ્લા બે વર્ષમાં સરકારી ઇજનેરી કોલેજ ભરૂચમાં ૨૫૦ કુમાર અને ૧૦૦ કન્યાઓ, સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટમાં ૧૪૪ કુમાર અને ૬૦ કન્યાઓ, સરકારી ઇજનેરી કોલેજ,ભાવનગર એમાં ૧૦૦ કુમાર અને ૧૦૦ કન્યા, સરકારી ઇજનેરી કોલેજ,વલસાડમાં ૩૨૦ કુમાર અને ૯૬ કન્યા, સરકારી ઇજનેરી કોલેજ, સુરતમાં ૨૦૦ કુમાર અને ૧૦૦ કન્યા, વિશ્વકર્મા સરકારી ઇજનેરી કોલેજ, ચાંદખેડામાં ૩૫૦ કુમાર અને ૮૪ કન્યા, સરકારી ઇજનેરી કોલેજ, ભુજમાં ૨૦૦ કુમારો માટે જ.

સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગરમાં ૨૭૦ કુમાર અને ૧૮૦ કન્યા, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ૧૨૦ કન્યા અને ૧૨૦ કુમાર કુલ ૧૯૫૪ કુમારો તથા ૮૪૦ કન્યાઓ માટેની ક્ષમતાવાળી હોસ્ટેલનું આયોજન છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યું છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નના જવાબમાં દર્શાવેલ ૨ નવી હોસ્ટેલના નકશા અંદાજો તૈયાર કરવાનું કામ ચાલુ છે તેનું ક્યારે બાંધકામ કરવામાં આવશે અને તેની પ્રવેશ ક્ષમતા કેટલી હશે અને તે માટે કેટલી જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, બે નવી હોસ્ટેલના નકશા, અંદાજનું કામ ચાલુ છે. બે સરકારી એન્જિનિયરીંગ કોલેજ, પાલનપુર ખાતે બે નવી હોસ્ટેલ બાંધવામાં આવનાર છે. એમાં ૨૫૦ કુમાર અને ૧૦૦ કન્યાઓની પ્રવેશ ક્ષમતા હશે અને એના માટે રૂ.૩/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં પ્રગતિમાં હોય તેવી પાંચ હોસ્ટેલ કઇ કઇ છે?અને એ હાલમાં કયા તબકકામાં છે તેના માટે કેટલી બજેટની ફાળવણી કરવામાં આવી છે અને તેની પ્રવેશ ક્ષમતા કેટલી છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ બાંધકામ પ્રગતિમાં હોય એવી ઇજનેરી કોલેજની માહિતી માનનીય સભ્યશ્રીએ માગી છે. એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ, અમદાવાદ ખાતે ૨ હોસ્ટેલ એમાં ૨૨૮ કુમારો અને ૧૫૦ કન્યાઓની ક્ષમતા ધરાવતી હોસ્ટેલ હશે. દોઢ કરોડનું બજેટ છે. અને બાંધકામ ચાલુ છે. સરકારી ઇજનેરી કોલેજ ગોધરામાં એક હોસ્ટેલ બનવાની છે. ૧૨૦ કુમાર અને ૪૮ કન્યાની ક્ષમતા હશે. અઢી કરોડની બજેટની ફાળવણી છે અને બાંધકામ ચાલુ છે. સરકારી ઇજનેરી કોલેજ રાજકોટ, હોસ્ટેલની સંખ્યા ૨ છે. ૧૦૦ કુમાર અને ૫૦ કન્યાઓ માટેની ક્ષમતા છે અને ૭૫ લાખની બજેટની જોગવાઇ છે. બાંધકામ ચાલુ છે. કુલ ૫ હોસ્ટેલ ૪૪૮ કુમાર ૨૪૮ કન્યા અને ૪ કરોડ ૭૫ લાખની બજેટની ફાળવણી કરવામાં આવી છે.

(સતત સૂત્રોચ્ચાર)

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ હોસ્ટેલ બનાવવામાં આવેલ છે તેમાં પ્રવેશના નિયમો શું છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ હોસ્ટેલોની અંદર એમણે મેળવેલા મેરીટના આધારે એમને પ્રવેશ આપવામાં આવતો હોય છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એ જે જવાબ આપ્યો છે એમાં ૧૭ છાત્રાલયો શરૂ થઇ ગયા છે. બાંધકામ જેનું પૂર્ણ થઇ ગયેલ છે એ ૧૭ છાત્રાલયના બાંધકામ માટેનો કુલ કેટલો ખર્ચ થયો એ વિગત મારે જાણવી છે.

(સતત સૂત્રોચ્ચાર)

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ કે ૪ કરોડ અને ૭૫ લાખ તો ઓલરેડી બાંધકામ ચાલુ છે એમાં અપાઇ ગયા છે અને વધારાના દરેક હોસ્ટેલ માટે દોઢ થી પોણા બે કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે એમના પ્રશ્નના જવાબ નં. ૨ માં બે હોસ્ટેલો નવી ચાલુ કરવામાં આવનાર છે તો કુમાર કેટલી અને કન્યા કેટલી? અને બીજું આમાં પ્રવેશની ક્ષમતા કેટલી હશે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪માં સરકારી ઇજનેરી કોલેજ ભાવનગર ૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશ ક્ષમતાવાળી એક કુમાર હોસ્ટેલ અને ૧૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતાવાળી એક કન્યા હોસ્ટેલ, એમ કુલ બે હોસ્ટેલ બનાવવાનું આયોજન છે. ૨૦૧૩-૧૪માં ૨ કરોડ ૯૭ લાખની બજેટની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે સમગ્ર રાજયમાં તમામ ઇજનેરી કોલેજોમાં થઇને હાલ અસ્તિત્વ ધરાવતી હોસ્ટેલની પ્રવેશ ક્ષમતા, જેનું બાંધકામ ચાલુ છે તેની પ્રવેશ ક્ષમતા, આગામી વર્ષમાં આયોજન કરવામાં આવેલ હોસ્ટેલની પ્રવેશ ક્ષમતા કેટલી છે અને તે પૈકી હાલ ચાલુ હોસ્ટેલમાં કોઇ બેઠકો ખાલી છે કે કેમ?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એમાં બાંધકામ પૂર્ણ થયું હોય તેવી બોયઝ હોસ્ટેલની પ્રવેશ ક્ષમતા ૫૩૪૧ અને ગર્લ્સ હોસ્ટેલની પ્રવેશ ક્ષમતા ૧૪૭૬ કુલ ૬૮૧૭ વિદ્યાર્થીઓ માટેની વ્યવસ્થા ઓલરેડી કરી દેવામાં આવી છે. જેનું બાંધકામ ચાલુ છે એવી હોસ્ટેલમાં આગામી દિવસોમાં ૬૯૮ વિદ્યાર્થીઓ અને ૩૪૮ વિદ્યાર્થીનીઓ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આગામી વર્ષમાં એનું આયોજન થઇ ગયું છે. બધી જ હોસ્ટેલનું બાંધકામ પૂરું થશે ત્યારે સમગ્ર રાજયમાં ૬૧૩૯ વિદ્યાર્થીઓ અને ૧૯૨૪ વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલની સુવિધાઓ ઉપલબ્ધ બનશે. હાલની હોસ્ટેલની પ્રવેશની પ્રક્રિયાઓ અને વિધિઓ છે એના અંતર્ગત એક પણ સીટો ખાલી નથી.

(સતત સૂત્રોચ્ચાર)

**ગુજરાત હાઇકોર્ટમાં મદદનીશ સરકારી વકીલની ભરાયેલ જગ્યાઓ**

* ૪૬૭૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી વકીલની કચેરી, ગુજરાત હાઇકોર્ટના મદદનીશ સરકારી વકીલની કુલ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે? | ૮૮ (અઠ્યાસી). |

**શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલ કાર્યરત આ સરકારી વકીલોનું સંખ્યાબળ પૂરતું છે? તેમની ફરજો શું શું છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** ગુજરાતની નામદાર હાઇકોર્ટમાં અત્યારે ૨૧ જેટલી કોર્ટો કાર્યરત છે. આ તમામ કોર્ટો વચ્ચે ૮૮ જેટલા મદદનીશ સરકારી વકીલો કાર્યરત છે. ગુજરાત સરકારે દરેક લિટિગન્ટને સમયસર ન્યાય મળે એટલે આખા દેશમાં પહેલીવાર ૭૦૦ જેટલી સ્વર્ણિમ કોર્ટોની રચના આ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી. સ્વભાવિક છે કે નીચેની કોર્ટોમાં ઝડપથી કેસોનો નિકાલ થવાના કારણે એનાથી નારાજ થઇને લિટિગન્ટો હાઇકોર્ટમાં પણ આવે. તેવા સંજોગોમાં હાઇકોર્ટમાં અગાઉ કરતાં કેસો આવવાની માત્રા વધે. ગુજરાત એક સમૃદ્ધ રાજ્ય છે, ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય છે. જેના કારણે આના સંદર્ભમાં જે ડિસ્પ્યુટસ ઉભા થયા હોય એ બધા પણ ગુજરાતની નામદાર હાઇકોર્ટમાં આવે. એ માટે અત્યાર સુધીમાં કયારેય પણ ન થયું હોય તેવા ૫૦ વર્ષના ઇતિહાસમાં સૌથી વધારે ૮૮ જેટલા સરકારી વકીલો આ સરકારની અંદર ગુજરાત હાઇકોર્ટમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. લો ઓફિસર રુલ્સ-૨૮ મુજબ એ.જી.પી. અને એ.પી.પી.ને દીવાની અને ફોજદારી કેસોમાં હાજર રહેવાનું અને સરકારની રજૂઆત કરવાની, સરકારના એડવોકેટ જનરલ અને એ.એ.જી. વખતોવખત એમને જે કામ સોંપે તેને પૂર્ણ કરવાની જવાબદારી હોય છે. લો ઓફિસરના રુલ્સના નિયમ ૫૩ મુજબ કેસોમાં આવેલ નિર્ણય સ્વીકારવો કે તેની સામે અપીલ કરવી તે બાબતમાં કારણ સાથે પોતાનો અભિપ્રાય જણાવવાનો અહેવાલ વિલંબ કર્યા સિવાય આ સરકારી વકીલો દ્વારા કરવામાં આવે છે.

**શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત :** આપણી ગુજરાત હાઇકોર્ટમાં એ.જી.પી. અને એ.પી.પી.ની જગ્યાઓ હોય છે એમને કઇ કોર્ટ કઇ રીતે એલોટ કરવામાં આવ્યા છે? એ માટે શું પ્રોસિજર કરવામાં આવે છે એ માહિતી જાણવા માગું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** નામદાર હાઇકોર્ટમાં અત્યારે ૨૮ જેટલા હાઇકોર્ટ જજ કામ કરે છે અને ૭ જેટલી ડિવિઝન બેન્ચો છે. જે તે કોર્ટમાં કયા કેસો ચાલે છે, એ કેસની સંવેદનશીલતા કેવી છે એ અનુસાર એ.જી.પી. અને એ.પી.પી.ને કેસો એલોટ કરવામાં આવે છે. હાઇકોર્ટમાં જ્યારે એનો બિઝનેસ બદલાય તો એ

બદલાયેલ બિઝનેસને આનુષંગિક આ એ.જી.પી. અને એ.પી.પી.ની કામની જવાબદારીની વહેંચણી ગવર્નમેન્ટ પ્લીડર દ્વારા કરવામાં આવે છે. આની અંદર સ્પેસિફિક રાજ્ય સરકારના હિતો જોડાયેલા હોય છે. (અંતરાય)

**(આ તબક્કે કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી ગૌતમભાઇ ચૌહાણ અને સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાગૃહની વેલમાં ધસી આવ્યા અને વેલમાં નીચે બેસી ગયા)**

**અધ્યક્ષશ્રી :** બન્ને માનનીય સભ્યશ્રીઓને આજની કામગીરીમાંથી સસ્પેન્ડ કરું છું. તેમને બહાર લઇ જવામાં આવે.

**( બન્ને માનનીય સભ્યશ્રીઓ સર્વશ્રી ગૌતમભાઇ ચૌહાણ અને સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા)**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** સમયાંતરે અઢી કે બે માસના અંતે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દરેક જજને કોર્ટની કામગીરીની ફાળવણી કરતા હોય છે. આ ફાળવણીના આધારે મુખ્ય સરકારી વકીલની ઓફિસમાં આ એ.જી.પી. અને એ.પી.પી.ને કામગીરીની વહેંચણી થતી હોય છે.

**શ્રી આત્મારામ મ. પરમાર :** મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, મદદનીશ સરકારી વકીલની જગ્યા ભરવા માટેની પ્રક્રિયા શું છે અને એના માટેના પસંદગીના માપદંડો કયા છે? (અંતરાય)
(કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા ઊભા રહીને સતત સૂત્રોચ્ચાર )

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે નિયત કરેલા એલ.ઓ.આર. પ્રમાણે આ સરકારી એ.જી.પી. અને એ.સી.પી.ની નિમણૂક કરતા હોય છે એને નિશ્ચિત અનુભવ હોવો જોઇએ. ગવર્નમેન્ટ ફીડર અને એ.જી.પી., એક ડબલ એ.જી. અને એ.જી. આ ત્રણેય આનું લિસ્ટ કાયદા સચિવને મોકલતા હોય છે અને કાયદા સચિવ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ મૂકાવીને આની પસંદગી કરવામાં આવતી હોય છે.

(અંતરાય) (કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા ઊભા રહીને સતત સૂત્રોચ્ચાર )

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે હાઇકોર્ટના સરકારી વકીલશ્રીઓની અસરકારકતા વધારવા માટે શું પગલા લીધા? અને એમનું મહેનતાણું શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઇકોર્ટમાં કામ કરતા સરકારી વકીલો એ સરકારનું એક અગત્યનું અંગ છે એટલા માટે છે કે, સરકારની નીતિઓના કારણે અથવા જેની અંદર લાખો, કરોડો રૂપિયાના ટેન્ડરોના કામો હોય છે એમાં કાયદાકીય ગૂંચ ઊભી કરીને જ્યારે નામદાર હાઇકોર્ટ સમક્ષ આ મુદ્દાઓ ઉપસ્થિત થતાં હોય છે. તેવા સંજોગોમાં ઉપરાંત આ ૨૧મી સદી સાઇબર ક્રાઇમ અને હાઇફાઇ સદી છે એવા સંજોગોમાં આપણા સરકારી વકીલને પ્રશિક્ષિત કરવા માટે મુખ્ય સરકારી વકીલ દ્વારા જુદા જુદા લીગલ ન્યમરીઝને બોલાવીને હાઇકોર્ટ સાથે વર્કશોપ અને કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં તા.૨૩/૨/૨૦૧૩ ના રોજ એક આવા વર્કશોપનું આયોજન કર્યું. ગયા વર્ષે આ તમામ એ.જી.પી. અને એ.સી.પી.ને ફોરેન્સિક સાયન્સને લગતી સઘળી તાલીમ આપવા ઉપરાંત ફોરેસ્ટ એકટને લગતી સેન તાલીમ આપવા માટે અમદાવાદ તેમજ વનખાતા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. એ લોકોને ફ્રી લાઇબ્રેરીની સવલતો આપવા માટે વિચારાધીન છે. એમને લેપટોપ આપવા માટેનું પણ વિચારાધિન છે. જી.પી. કચેરી સક્ષમ બને એના માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર પણ પૂરા પાડવામાં આવનાર છે. એ.જી.પી.ને રૂ.૨૫૦૦/–નું માસિક મહેનતાણું અને એ.પી.પી.ને રૂ.૪૦૦૦/– નું માસિક મહેનતાણું મળે છે. ઉપરાંત તેઓને રૂ.૪૦૦, ૬૦૦ અને ૮૦૦ અનુક્રમે પિટિશન, મુસદ્દાની પતાવટ, દાવો દાખલ કરવાની સુનાવણીના તબક્કે અને ફાઇનલ હિયરીંગ માટે મળે છે. આમ આ પ્રમાણે એનું રેમ્યુનરેશન ચૂકવવામાં આવે છે.
(અંતરાય) (કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા ઊભા રહીને સતત સૂત્રોચ્ચાર )

તા. ૨૯મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૪૭૧૫ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ–નિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૨ સંસ્થાઓ. |
| (૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૬૭૨૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨–૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૫૦૦૮ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૧૭૧૨ બેઠકો. |

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ડિપ્લોમા એન્જિનિયરીંગની સંસ્થાઓ પૈકી કેટલી સંસ્થાઓ અનુદાનિત છે અને આ સંસ્થાઓ કઇ કઇ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૧૨ ડિપ્લોમા એન્જિનિયરીંગ સંસ્થાઓ પૈકી ૧ સરકારી અને ૧૧ સ્વનિર્ભર કોલેજો છે. સરકારી પોલીટેકનિક વડનગર, એન.બી.પોલીટેકનિક પીલોદરા, મહેસાણા, એમ.એલ. ઈન્સ્ટિટયૂટ ઓફ ડિપ્લોમા સ્ટડીઝ, ભાંડુ–મહેસાણા, એસ.પી.બી.પટેલ એન્જિનિયરીંગ કોલેજ, જશોદાબા પોલીટેકનિક ઈન્સ્ટિટયૂટ,મહેસાણા, નવસર્જન પોલીટેકનિક, વિજાપુર, બી.એસ.પટેલ પોલીટેકનિક, મહેસાણા, મર્ચન્ટ પોલિટેકનિક વીસનગર, શ્રી સંત્સગી સાકેત ધામ રામ આશ્રમ ગૃપ ઓફ ઈન્સ્ટિટયૂટશન, વડુસ્મા, શ્રી હરી પોલીટેકનિક ઈન્સ્ટિટયૂટ, કડી, શ્રી સવિતાબેન ડાહ્યાભાઇ પટેલ પોલીટેકનિક, મહેસાણા, સ્વામી સચ્ચિદાનંદ પોલીટેકનિક, વીસનગર આવી ૧૨ સંસ્થાઓમાંથી ૧ સંસ્થા સરકારી અને ૧૧ સ્વનિર્ભર સંસ્થાઓ છે.

(અંતરાય) (કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા ઊભા રહીને સતત સૂત્રોચ્ચાર )

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સરકારી અનુદાનિત કોલેજો અને સ્વનિર્ભર કોલેજોમાં ફીનું ધોરણ શું હોય છે?

(કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા ઊભા રહીને સતત સૂત્રોચ્ચાર )

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ડિપ્લોમા એન્જીનિયરીંગ સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાં વિદ્યાર્થીદીઠ ફીનું ધોરણ એક હજાર રૂપિયા માત્ર છે અને વિદ્યાર્થીનીઓ માટેની ફી માફી કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર સંસ્થાઓમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર જે ફી નિયમન માટેની કમિટી રચવામાં આવી છે એના દ્વારા સંસ્થાની માળખાકીય સુવિધાઓ, એમાં મળતી સાધન સામગ્રી તેમજ ઓડિટ એકાઉન્ટને ધ્યાને લઇને ત્રણ વર્ષની મુદત માટે ફી નક્કી કરવામાં આવતી હોય છે. એમાં લેબોરેટરી, એના ઓડિટ એકાઉન્ટસ્ આ બધી વસ્તુઓને ધ્યાનમાં રાખવામાં આવતી હોય છે. દરેક સંસ્થાની પોતાની એક પ્રતિષ્ઠા હોય છે અને એની સુવિધા અનુસાર ફીનું ધોરણ કમિટી નક્કી કરતી હોય છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, દસ – બાર વર્ષ પહેલાં વિદ્યાર્થીઓને ભણવા માટે ગુજરાતની બહાર જવું પડતું હતું અને અત્યારના સંજોગોમાં અહીંયા પ્રશ્નના જવાબમાં લખ્યું છે કે, ૧,૭૧૨ બેઠકો ખાલી રહે છે તો આ ડિપ્લોમા અભ્યાસક્રમોની બેઠકો ખાલી રહેવાનું કારણ શું છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર શિક્ષણનો વિકાસ થાય, બહારના લોકો શિક્ષણનું હબ બનાવીને અહીંયા આવતા થાય એટલા માટે એન્જીનિયરીંગ અને તમામ ડિગ્રી ફેકલ્ટીમાં સુવિધાઓ વધારવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ડિપ્લોમા એન્જીનિયરીંગ અભ્યાસક્રમોમાં કુલ ૫૬,૯૭૮ બેઠકોની સુવિધા છે, તે ખાતે પ્રવેશ સમિતિ ખાતે ૧૦,૩૬૭ વિદ્યાર્થીઓએ

રજીસ્ટ્રેશન આપણે ત્યાં કરાવ્યું હતું. વિદ્યાર્થીઓ વિદ્યાશાખાની સંસ્થાની પ્રતિષ્ઠાઓ, એની ફીનું માળખું, પોતાના નિવાસસ્થાનથી સંસ્થાનું અંતર કેટલું છે તે, આંતર માળખાકીય સુવિધાઓ શું છે તે અને હોસ્ટેલની સુવિધાને ધ્યાનમાં લઇને પોતપોતાની ઈચ્છા પ્રમાણે પ્રવેશ મેળવતા હોય છે. પોતાની પસંદગીની વિદ્યાશાખા જે હોય, એ વિદ્યાશાખામાં પણ ક્યારેક પ્રવેશ મળતો ન હોવાના કારણે જ્યાં પ્રવેશ ઉપલબ્ધ છે ત્યાં એ લોકો લેતા નથી હોતા અને એના કારણે આ બેઠકો ખાલી રહે છે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડિપ્લોમા એન્જીનિયરીંગ કોલેજમાં ૧,૭૧૨ બેઠકો ખાલી છે તો ક્યા ક્યા ટ્રેડમાં વધારેમાં વધારે જગ્યાઓ ખાલી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે આ ટ્રેન્ડ બદલાતા હોય છે, ક્યારેક સિવિલમાં, ક્યારેક મિકેનીકલમાં, ક્યારેક આઇ.ટી.માં, વર્તમાન સમયની માંગને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ ફેકલ્ટીની પસંદગી કરતા હોય છે.

**લીંબડી ખાતે સિનીયર સીવીલ જજની કોર્ટની સ્થાપના**

* ૪૬૯૦ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી ખાતે સરકારે સિનીયર સીવીલ જજ પૂર્ણ સમયની કોર્ટની સ્થાપના કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી, અને | (૨) તા.૩–૮–૨૦૧૨ના જાહેરનામાથી. |
| (૩) તે કયારથી કાર્યરત થયેલ છે ? | (૩) તા.૬–૮–૨૦૧૨ થી. |

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, લીંબડી તાલુકા ખાતે મુખ્ય સિનિયર સિવિલ જજ સિવાયની અન્ય કુલ કેટલી કોર્ટો આવેલી છે અને આ લીંબડી ખાતે નવી કોર્ટ શરૂ થશે તેથી પ્રજાને શું ફાયદો થશે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે મુખ્ય સિનિયર સિવિલ જજ સિવાયની એક એડીશનલ ડિસ્ટ્રીકટ જજની અને એક સિવિલ જજની, સિનિયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટનો પણ હોદ્દો ધરાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટોની સ્થાપનાના કારણે બે લાખ રૂપિયાથી વધારે રૂપિયાની વિષય વસ્તુ ધરાવતા સિવિલ દાવાઓના ન્યાયિક નિર્ણય માટે પહેલાં સાહેબ, બધાને સુરેન્દ્રનગર જવું પડતું હતું. હવે લીંબડીનો કોઇ લિટિગન્ટ હોય તો એ લીંબડીના લિટિગન્ટને લીંબડીમાં જ ન્યાય મળે એનો આનાથી ફાયદો થશે. સાહેબ, આ બે લાખ રૂપિયાથી (અંતરાય) ( આ તબક્કે કોંગ્રેસ પક્ષના ત્રણ ધારાસભ્યો શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ, શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ અને શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર સુત્રોચ્ચાર કરતાં કરતાં, વેલમાં ધસી આવી, વેલમાં બેસી જતાં )

અધ્યક્ષશ્રી : આ ત્રણેય ધારાસભ્યોને આજના એક દિવસ માટે હું સસ્પેન્ડ કરું છું.( આ તબક્કે સાર્જન્ટ દ્વારા ત્રણેય ધારાસભ્યશ્રીઓને ગૃહની બહાર લઇ જવામાં આવ્યાં)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ બે લાખ રૂપિયાથી વધારેના વિષય વસ્તુ ધરાવતા કેસોનો ન્યાય, ઝડપી તથા ઘરઆંગણે મળી રહે તેવા આશયથી આ નવી કોર્ટની સ્થાપના કરવામાં આવેલ (અંતરાય) (સતત સુત્રોચ્ચાર) તેવી જ રીતે અગાઉ ફોજદારી કેસો માટે જે કિસ્સામાં ત્રણ વર્ષથી વધુ અને સાત વર્ષ સુધીની સજાને પાત્ર ગુના હોય તેવા કેસોમાં પણ ન્યાય મેળવવા માટે છેક સુરેન્દ્રનગર જવું પડતું હતું એની જગ્યાએ આ બધા લોકોને લીંબડીમાં જ ન્યાય મળશે. આ ઉપરાંત સરકાર સામેના દાવા, જમીન સંપાદનના કેસ, હિન્દુ મેરેજ એકટ માટે સુરેન્દ્રનગર જવું પડતું હતું આમ લીંબડીના લીટીગન્ટને સુરેન્દ્રનગર જવું પડતું હતું એમાંથી એમને મુકિત મળી અને લીંબડીમાં પોતાના ઘરઆંગણે ન્યાય મળશે. (અંતરાય)

( આ તબકકે માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા અને માનનીય સભ્યશ્રી રમેશભાઇ ચાવડા વેલમાં આવીને બેસી ગયા)

અધ્યક્ષશ્રી : આ બંને સભ્યશ્રીઓને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

(આ તબકકે બંને માનનીય ધારાસભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહમાંથી બહાર લઇ જવામાં આવ્યા)

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે લીંબડી ખાતેની આ સિનિયર જજની કોર્ટ શરૂ થવાથી આજ દિન સુધીમાં આ કોર્ટમાં આવેલા કુલ કેસો પૈકી કેટલા કેસો પડતર છે અને કેટલા કેસોનો નિકાલ થયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, લીંબડી ખાતેની સિનિયર સિવિલ જજની આ કોર્ટ તા. ૬–૮–૨૦૧૨ થી શરૂ થઇ અને ત્યારથી આ ફેબ્રુઆરી મહિનાના અંતિત સુધી સિવિલ કેસો તા. ૬–૮–૨૦૧૨ ના રોજ ૧૦૩૭ પડતર હતા, નવા ૪૮૬ કેસ દાખલ થયા, નિર્ણિત થયેલા કેસો ૧૩૪ અને ૧૩૮૯ સિવિલ કેસો હાલમાં પડતર છે. એ રીતે તા.૬–૮–૨૦૧૨ સુધી ૧૬૦૬ ફોજદારી કેસો હતા એમાં ૩૦૭ નવા દાખલ થયા, નિર્ણિત થયેલા કેસો ૨૧૪ અને માત્ર ૧૬૯૯ ફોજદારી કેસો હાલ પડતર છે. આમ કુલ તા. ૬–૮–૨૦૧૨ની સ્થિતિએ ૨૬૪૩ પડતર, ૭૯૩ નવા કેસ દાખલ થયા, નિર્ણિત થયેલા કેસો ૩૪૮ અને તા. ૨૮–૨–૨૦૧૩ના રોજ પડતર કેસોની સંખ્યા (અંતરાય)

( આ તબકકે માનનીય સભ્યશ્રી પ્રભુભાઇ વસાવા અને માનનીય સભ્યશ્રી પ્રહલાદભાઇ પટેલ વેલમાં આવીને બેસી ગયા) (સતત સુત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ બંને ધારાસભ્યશ્રીઓને હું એક દિવસ માટે સસ્પેન્ડ કરું છું. એમને બહાર લઇ જાવ...

(આ તબકકે બંને માનનીય ધારાસભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહમાંથી બહાર લઇ જવામાં આવ્યા)

( આ તબકકે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ ધારાસભ્યશ્રીઓ વેલમાં આવી અને પાણી આપો, પાણી આપોનો સુત્રોચ્ચાર કરતાં)

અધ્યક્ષશ્રી : વેલમાં આવેલા તમામ ધારાસભ્યશ્રીઓને હું એક દિવસ માટે સસ્પેન્ડ કરું છું. બધાને બહાર લઇ જાવ. કોઇને ટીંગાટોળી ના કરતા. એમને નીચે લઇ લો. એમને ભગવાને બે પગ આપ્યા છે ચાલવા માટે એમને ઉભા કરીને લઇ જાવ. કોઇને ટીંગાટોળી કરતા નહીં. એમને ચલાવીને લઇ જાવ. (કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સુત્રોચ્ચાર.)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**અમરેલી જિલ્લામાં બીપીએલ યાદીમાં દાખલ થવા માટેની અરજીઓ**

* ૪૮૭૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતએ તાલુકાવાર બીપીએલ યાદીમાં દાખલ થવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલા નામ દાખલ થયા અને કેટલી અરજીઓ રદ થઇ ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બીપીએલ યાદીમાં દાખલ થવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ ૧૯૯૫૪ અરજીઓ મળી, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૫૮૨ |
| ૨ | બાબરા | ૩૬૧૨ |
| ૩ | બગસરા | ૨૭૨ |
| ૪ | ધારી | ૧૧૫૬ |
| ૫ | જાફરાબાદ | ૧૬૫૯ |
| ૬ | ખાંભા | ૧૩૮૫ |
| ૭ | કુંકાવાવ | ૨૮૫૧ |
| ૮ | લાઠી | ૨૮૮૮ |
| ૯ | લિલિયા | ૩૦૪ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
| ૧૦ | રાજુલા | ૭૮૮ |
| ૧૧ | સાવરકુંડલા | ૨૪૫૭ |
| | **કુલઃ** | **૧૯૯૫૪** |

(૨) તે અન્વયે ૫૧૭૮ નામ દાખલ થયા અને ૭૭૩૨ અરજીઓ રદ થઇ, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રદ થયેલ અરજીઓ | દાખલ થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૭૩૬ | ૧૦૨૧ |
| ૨ | બાબરા | ૨૧૫૬ | ૯૫૩ |
| ૩ | બગસરા | ૧૨૩ | ૧૦૫ |
| ૪ | ધારી | ૫૪૯ | ૨૨૪ |
| ૫ | જાફરાબાદ | ૪૬૦ | ૫૯૫ |
| ૬ | ખાંભા | ૧૬૫ | ૪૧૨ |
| ૭ | કુંકાવાવ | ૨૦૩૧ | ૬૩૩ |
| ૮ | લાઠી | ૨૦૧ | ૩૮૭ |
| ૯ | લિલિયા | ૧૧૬ | ૮૬ |
| ૧૦ | રાજુલા | ૩૮૫ | ૨૯૯ |
| ૧૧ | સાવરકુંડલા | ૮૧૦ | ૪૬૩ |
| | **કુલઃ** | ૭૭૩૨ | ૫૧૭૮ |

---------

**ખાનપુર તાલુકામાં છાણી મુકામે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાને ઉચ્ચ માધ્યમિક શાળાની મંજૂરી**

* ૪૭૯૯ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં છાણી મુકામે આવેલ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાએ ઉચ્ચ માધ્યમિક શાળાની મંજૂરી માગી છે,

(૨) જો હા, તો આ વિકાસશીલ તાલુકાના પછાત વિસ્તારમાં ઉચ્ચ માધ્યમિક શાળા સરકાર મંજૂર કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે મંજૂરી આપવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં નીચે મુજબની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે.

| **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન ગ્રાન્ટેડ** | **કુલ** |
|---|---|---|---|
| ૦૧ | ૦૬ | ૦૪ | ૧૧ |

(૩) નીતિ વિષયક બાબત વિચારણામાં છે.

---------

**રાજુલા તાલુકામાં પોલીટિકનીક કોલેજ**

* ૪૬૯૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકામાં પોલીટિકનીક કોલેજ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ પોલીટિકનીક કોલેજની કામગીરી તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા.

(૨) મોજે રાજુલાના સર્વે નંબર ૫૩૨/૧ પૈકી ૧ ની બે હેક્ટર જમીન રાજુલા ખાતેની પોલીટિકનીક કોલેજ માટે પસંદગી પામેલ પ્રાઇવેટ પબ્લિક પાર્ટનર ગુજરાત મેરીટાઇમ બોર્ડ ગાંધીનગરને ૩૦ વર્ષના ભાડા પેટે મહેસૂલ વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ છે. જે જમીન પોલીટિકનીક કોલેજ શરૂ કરવા માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડને અનુકુળ ન લાગતા છતડીયા ગામે પસંદ કરેલ જમીન મેળવવા માટે કલેક્ટરશ્રીએ મહેસૂલ વિભાગમાં દરખાસ્ત કરેલ છે.

---------

**રાજ્યમાં લઘુમતી જાતિમાં શૈક્ષણિક વિકાસ માટેના પગલાં**

* ૫૩૩૭ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં લઘુમતી જાતિમાં શૈક્ષણિક વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં શાં શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

**અ.** છેલ્લા બે વર્ષમાં માધ્યમિક શિક્ષણ હેઠળની આઇડીએમઆઇ કેન્દ્ર પુરસ્કૃત યોજના અન્વયે કુલ ૨૧ સંસ્થાઓને રૂ.૩૧૫.૫૦ લાખની ગ્રાન્ટ ફાળવણી તથા લઘુમતી શાળાઓના ધોરણ–૯ થી ૧૨ ના કુલ ૯૦ વર્ગ વધારા મંજૂર કરવામાં આવેલ છે.

**બ.** વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા ૧૩,૦૪,૩૮૨ લાભાર્થીઓને રૂ.૪૫૧૩.૩૮ લાખનો ખર્ચ કરી રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં તલાટી–કમ–મંત્રીશ્રીની ઘટ**

* ૫૧૭૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલા તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ છે,

(૧) ૪૧૭.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા તલાટી-કમ-મંત્રી ફરજ બજાવે છે,

(૨) ૨૫૬.

(૩) તાલુકાદીઠ કેટલા તલાટી-કમ-મંત્રીની ઘટ છે, અને

(૩)

| તાલુકો | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| નડીયાદ | ૬૦ | ૩૮ | ૨૨ |
| મહુધા | ૩૨ | ૧૭ | ૧૫ |
| મહેમદાવાદ | ૪૩ | ૩૨ | ૧૧ |
| ખેડા | ૩૪ | ૨૩ | ૧૧ |
| માતર | ૪૪ | ૨૬ | ૧૮ |
| કપડવંજ | ૫૭ | ૩૪ | ૨૩ |
| કઠલાલ | ૩૩ | ૧૮ | ૧૫ |
| બાલાસિનોર | ૨૬ | ૧૫ | ૧૧ |
| વિરપુર | ૨૨ | ૧૫ | ૦૭ |
| ઠાસરા | ૬૬ | ૩૮ | ૨૮ |
| **કુલ** | **૪૧૭** | **૨૫૬** | **૧૬૧** |

(૪) આ ઘટ ક્યારે પુરી કરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

---------

## ખેડા જિલ્લામાં બારકોડ રેશનીંગ કાર્ડની કામગીરી

* ૫૩૬૦ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ બારકોડ રેશનીંગ કાર્ડની કામગીરી થયેલ નથી તે હકીકત સાચી છે,

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૧) અને (૨) ના જી, તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ ૧,૯૮,૧૯૨ બારકોડેડ રેશનકાર્ડ વિતરણ થયેલ. જયારે તા.૧૩-૩-૨૦૧૩ની સ્થિતિએ ૨,૪૫,૮૯૦ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થતાં લગભગ ૬૨ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે બાકી રહેલ બારકોડેડ રેશનકાર્ડ વિતરણની કામગીરી જરૂરી ચકાસણી અને બાયોમેટ્રીક મેળવ્યા બાદ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) બારકોડેડ રેશનકાર્ડ વિના લોકોને મુશ્કેલી પડી રહી છે તે હકીકત સરકાર જાણે છે ?

(૩) બારકોડેડ રેશનકાર્ડ વિના લોકોને મુશ્કેલી પડવાનો પ્રશ્ન ઊભો થતો નથી, કારણકે ફોર્મ-૧ની પૂરેપૂરી વિગતો ભરનાર કાર્ડધારકોને હયાત રેશનકાર્ડ ઉપર મળવાપાત્ર ચીજવસ્તુઓનો જથ્થો રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

## તાપી જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂંક

* ૪૭૩૩ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

(૧) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર નીચે મુજબ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી

| વિષય | વિદ્યાસહાયકોની નિમણૂક |
|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૧૬૫ |

| | |
|---|---|
| ભાષા | ૧૬૬ |
| **કુલ** | **૩૩૧** |

(૨) બાકી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલદીથી.

---------

**અમદાવાદ જિલ્લામાં સરકારી ડિપ્લોમા ઈજનેરી પોલિટેકનિકોમાં અધ્યાપકોની ભરતી**

* ૪૭૨૨ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની સરકારી ડિપ્લોમાં ઈજનેરી પોલિટેકનિકોમાં છેલ્લા બે વર્ષમાં કેટલા અધ્યાપકોની ભરતી કરવામાં આવેલ છે, | (૧) ૧૩૪. |
| (૨) હજુ ઉક્ત કોલેજમાં અધ્યાપકોની કેટલી ઘટ છે, અને | (૨) ૧૫–ખાતાના વડા અને ૭૫–વ્યાખ્યાતાઓની ઘટ છે. |
| (૩) આ જગ્યાઓ ભરવા માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) હા, જી. |

---------

**પાટણ જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૪૭૧૪ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ–નિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૨ સંસ્થાઓ. |
| (૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૧૨૦૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨–૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૧૧૧૨ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૮૮ બેઠકો. |

---------

**રાજ્યકક્ષાના વિજ્ઞાન મેળાનું નિયમિત આયોજન**

* ૪૭૫૫ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૧૨–૧૩માં રાજ્યકક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન ક્યાં કરવામાં આવેલ, | (૧) રાજકોટ ખાતે. |
| (૨) તેમાં કેટલી શાળાઓએ ભાગ લીધો હતો, અને | (૨) ૩૫૦ શાળાઓએ ભાગ લીધેલ હતો. |
| (૩) આ વિજ્ઞાનમેળામાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી ? | (૩) અંદાજીત ૪ લાખ કરતા વધુ. |

---------

**સુરત જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ–નિર્ભર કોલેજો**

* ૪૭૦૭ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૯ સંસ્થાઓ. |
| (૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૪૮૯૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨-૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૪૮૮૪ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૬ બેઠકો. |

---------

**રાજકોટ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ એપીએલ કુટુંબો માટે બનાવેલ શૌચાલયો**

* ૪૬૬૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ જગ્યાઓ ક્યારે ભરાશે ? | (૩) પ્રક્રિયા ચાલુ છે. |

---------

**પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં ચાલુ હાલતમાં કોમ્પ્યુટર**

૫૫૦૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ચાલુ હાલતમાં રહેલા કોમ્પ્યુટરની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળા | કોમ્પ્યુટર ચાલુ હાલતમાં હોય તેવી શાળાઓ |
|---|---|---|
| પાલનપુર | ૧૩૧ | ૧૨૩ |
| ડીસા | ૨૧૫ | ૨૦૭ |

| | | |
|---|---|---|
| દિયોદર | ૮૬ | ૮૪ |
| ભાભર | ૫૫ | ૫૩ |
| **કુલ** | **૪૮૭** | **૪૬૭** |

(૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર બંધ હાલતમાં છે,

(૨) કોમ્પ્યુટર બંધ હાલતમાં છે તેવી શાળાઓની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **કોમ્પ્યુટર બંધ હાલતમાં હોય તેવી શાળા** |
|---|---|
| પાલનપુર | ૮ |
| ડીસા | ૮ |
| દિયોદર | ૨ |
| ભાભર | ૨ |
| **કુલ** | **૨૦** |

(૩) બંધ હાલતમાં રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત બંધ હાલતમાં હોય તેવી ૨૦ શાળાઓમાં કોમ્પ્યુટર એડેડ લર્નિંગ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૦૩–૦૪ અને ૨૦૦૫–૦૬ માં કોમ્પ્યુટર લેબ ફાળવેલ હતી જેના હાર્ડવેર જુના અને બીનઉપયોગી થઈ ગયેલ છે.

(૪) બધી શાળાઓમાં કોમ્પ્યુટર ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

(૪) એસએસએના બજેટમાંથી તેના અપગ્રેડેશન અને મેઈન્ટેનન્સ માટે જરૂરી કાર્યવાહી આરંભાઈ ચૂકી છે અને વહેલી તકે કાર્યવાહી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જેતપુર–પાવી અને છોટાઉદેપુર તાલુકામાં નરેગા અને મનરેગા યોજના હેઠળ ચેકવોલ સંરક્ષણ દિવાલ બનાવવા બાબત**

૫૫૬૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર–પાવી અને છોટાઉદેપુર તાલુકામાં નરેગા અને મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી ચેકવોલ સંરક્ષણ દિવાલ બનાવવામાં આવી,

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર–પાવી અને છોટાઉદેપુર તાલુકામાં નરેગા અને મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬૩ ચેકવોલ સંરક્ષણ દિવાલ બનાવવામાં આવી, જેની માહિતી નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **કામનો પ્રકાર** | **તા. ૧–૨–૨૦૧૧ થી તા. ૩૧–૧–૨૦૧૨** | **તા. ૧–૨–૨૦૧૨ થી તા. ૩૧–૧–૨૦૧૩** | **કુલ** |
|---|---|---|---|---|
| છોટાઉદેપુર | ચેકવોલ | ૩૧ | ૭ | ૩૮ |
| | સંરક્ષણ દિવાલ | ૨૪ | ૩ | ૨૭ |
| જેતપુર–પાવી | ચેકવોલ | ૧૪ | ૧૦ | ૨૪ |
| | સંરક્ષણ દિવાલ | ૨૧ | ૫૩ | ૭૪ |

(૨) આ યોજના હેઠળ ચેકવોલ અને સંરક્ષણ દિવાલો પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૨) આ યોજના હેઠળ ચેકવોલ અને સંરક્ષણ દિવાલો પાછળ કુલ રૂ. ૨૦૨.૫૦ લાખ ખર્ચ થયો, જેની તાલુકાવાર અને વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| **તાલુકાનું નામ** | **કામનો પ્રકાર** | **તા. ૧–૨–૨૦૧૧ થી તા. ૩૧–૧–૨૦૧૨** | **તા. ૧–૨–૨૦૧૨ થી તા. ૩૧–૧–૨૦૧૩** | **કુલ** |
|---|---|---|---|---|
| છોટાઉદેપુર | ચેકવોલ | ૪૪.૬૬૭ | ૦.૮૮૪ | ૪૫.૫૫૧ |
| | સંરક્ષણ દિવાલ | ૩૧.૯૩૦ | ૧.૯૮૩ | ૩૩.૯૧૩ |
| જેતપુર–પાવી | ચેકવોલ | ૧૯.૧૦૦ | ૧૦.૮૯૦ | ૨૯.૯૯૦ |
| | સંરક્ષણ | ૨૭.૩૫૦ | ૬૫.૭૦૦ | ૯૩.૦૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | દિવાલ | | | |
| | **કુલ** | **૧૨૩.૦૪૭** | **૭૯.૪૫૭** | **૨૦૨.૫૦૪** |

(૩) આ ચેકવોલ સંરક્ષણ દિવાલો પૈકી કેટલી તૂટી ગઈ છે, અને

(૩) આ ચેકવોલ સંરક્ષણ દિવાલો તૂટી ગયાની માહિતી શૂન્ય છે.

(૪) પ્લાન એસ્ટીમેટ મુજબ કેટલી ચેકવોલ સંરક્ષણ દિવાલ બની નથી ?

(૪) પ્લાન એસ્ટીમેટ મુજબ કામ થયેલ હોઈ માહિતી શૂન્ય છે.

--------

**રાજયકક્ષાના વિજ્ઞાન મેળાનું નિયમિત આયોજન**

૪૭૫૨ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૧૨–૧૩માં રાજયકક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કયાં કરવામાં આવેલ,

(૧) રાજકોટ ખાતે.

(૨) તેમાં કેટલી શાળાઓએ ભાગ લીધો હતો, અને

(૨) ૩૫૦ શાળાઓએ ભાગ લીધેલ હતો.

(૩) આ વિજ્ઞાનમેળામાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી ?

(૩) અંદાજીત ૪ લાખ કરતા વધુ.

---------

**કેશોદ ખાતે સિનિયર સીવીલ જજની કોર્ટની સ્થાપના**

૪૬૮૬ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢમાં કેશોદ ખાતે સરકારે સિનિયર સીવીલ જજ પૂર્ણ સમયની કોર્ટની સ્થાપના કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કયારથી કાર્યરત થયેલ છે ?

(૨) તા. ૯–૭–૨૦૧૨ થી.

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જૂથ સમૂહ સિંચાઈ કુવાના કામોને મંજૂરી આપવા બાબત**

૫૪૦૧ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા જૂથ સમૂહ સિંચાઈ કુવાના કામોને મંજૂરી આપવામાં આવી,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં જૂથ સમૂહ સિંચાઈ કુવાના કામોને મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) આ પૈકી કેટલા જૂથ કુવાના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નતી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કુવાના કામો બાકી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં પંચાયત અને ગ્રામ વિકાસ યોજનાઓમાં લાંચની માંગણીની ફરિયાદો**

૫૫૫૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૨૫–૨–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પંચાયત અને ગ્રામ વિકાસની યોજનાઓમાં લાભ આપવા માટે લાંચની માંગણી અંગેની છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ફરિયાદો મળેલ છે,

(૧) તા. ૨૫–૨–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પંચાયત અને ગ્રામ વિકાસની યોજનાઓમાં લાભ આપવા માટે લાંચની માંગણી અંગે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ–૦૩ ફરિયાદો નીચે મુજબ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૧ |
| ૨ | ઉમરેઠ | ૦૦ |
| ૩ | બોરસદ | ૦૦ |

| | | |
|---|---|---|
| ૪ | આંકલાવ | ૦૨ |
| ૫ | પેટલાદ | ૦૦ |
| ૬ | સોજીત્રા | ૦૦ |
| ૭ | ખંભાત | ૦૦ |
| ૮ | તારાપુર | ૦૦ |
| | **કુલ** | ૦૩ |

(૨) તે પૈકી ફરિયાદવાર શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ૧. આણંદ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી બાબતે મળેલ ફરીયાદ સંબંધે કરવામાં આવેલ તપાસ દરમ્યાન રજુઆતના ઉક્ત મુદ્દાઓની હકિકતો સાચી ન હોવાનું ફલિત થતાં અરજી દફતરે કરવામાં આવેલ છે.

૨. આંકલાવ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી બાબતે મળેલ ફરીયાદ સંબંધે જિલ્લા કક્ષાએ તપાસની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

૩. આંકલાવ તાલુકાના મોટી સંખ્યાડ ગામના તલાટી-મંત્રીશ્રી સામેની ફરીયાદ સંબંધે જિલ્લા કક્ષાએ તપાસની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

(૩) કોઈ જવાબદારો સામે પગલાં ભરવામાં આવેલ છે કે કેમ ?

(૩) ૧. આણંદ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી બાબતે થયેલ ફરિયાદ અંગેની અરજી દફતરે કરવામાં આવેલ હોઈ જવાબદારો સામે પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૨. આંકલાવ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી બાબતે મળેલ ફરિયાદ સંબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી તપાસની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તપાસ અહેવાલ રજુ થયેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી જવાબદાર થતા હશે તો પગલાં ભરવામાં આવશે.

૩. આંકલાવ તાલુકાના તલાટી કમ મંત્રી સામેની ફરીયાદ સંબંધે જિલ્લા કક્ષાએ હાથ ધરાયેલ તપાસ બાબતે તપાસ અહેવાલ રજૂ થયે તલાટી કમ મંત્રી જવાબદાર થતા હશે તો જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પગલાં ભરવામાં આવશે.

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂંક**

૪૭૩૪ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબ વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી.

| **વિષય** | **ભરૂચ** | **નર્મદા** |
|---|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૨૬૮ | ૧૫૮ |
| ભાષા | ૩૨૫ | ૨૨૮ |
| કુલ | ૫૯૩ | ૩૮૬ |

(૨) બાકી ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલદીથી.

---------

**ઉમરગામ તાલુકા પંચાયત કચેરીની જર્જરિત હાલત**

**<#M** ૪૬૪૦ / **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

| | |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ તાલુકા પંચાયતની કચેરી જર્જરિત હાલતમાં છે જે સરકાર જાણે છે, | (૧) ઉમરગામ તાલુકા પંચાયત કચેરીનું મકાન જર્જરિત હાલતમાં નથી |
| (૨) જો હા, તો સન ૨૦૧૨–૧૩ના વર્ષમાં તાલુકા પંચાયત ઉમરગામની નવી કચેરીનું બાંધકામ કરવામાં આવશે કે કેમ, અને | (૨) પ્રશ્ન નથી. |
| (૩) તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન નથી. |

---------

## સુરત અને આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી

૪૭૨૮ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અને આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળામાં કેટલા આચાર્યની ભરતી કરવામાં આવેલ છે, અને | (૧) નીચે મુજબ ભરતી કરવામાં આવેલ છે.<br>સુરત – ૫૩<br>આણંદ – ૧૧૮<br>**કુલ – ૧૭૧** |
| (૨) બાકી રહેતી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી કયાં સુધીમાં કરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલદી. |

---------

## કેશોદ ખાતે સિનિયર સીવીલ જજની કોર્ટની સ્થાપના

૪૬૮૮ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેશોદ ખાતે સરકારે સિનિયર સીવીલ જજ પૂર્ણ સમયની કોર્ટની સ્થાપના કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કયારથી કાર્યરત થયેલ છે. | (૨) તા. ૯–૭–૨૦૧૨ થી |

---------

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવા અંગે

૪૭૪૨ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં અમરેલી જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવ્યું, | (૧) વર્ષ–૨૦૧૧ ૧૮૯<br>વર્ષ–૨૦૧૨ ૧૩૫<br>**કુલ– ૩૨૪** |
| (૨) કેટલી શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવાનું બાકી છે, અને | (૨) ૫ (પાંચ). |
| (૩) બાકી શાળાઓમાં ધોરણ–૮ કયાં સુધીમાં શરૂ કરવામાં આવશે ? | (૩) નિયત માપદંડ ધરાવતી શાળાઓમાં ધોરણ–૮, જુન–૨૦૧૩ થી શરૂ કરવામાં આવશે. |

---------

## ગાંધીનગર જિલ્લામાં વ્યાજબી ભાવની અનાજની નવી દુકાનો શરૂ કરવાની પરવાનગી આપવા બાબત

૫૫૪૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનો શરૂ કરવા પરવાનગી આપવામાં આવી,<br>(૨) ઉક્ત સ્થિતિએ કયા ગામોએ હજી વ્યાજબી ભાવની અનાજની દુકાનો શરૂ કરવાની બાકી છે, અને<br>(૩) દુકાનો શરૂ નહીં થવાના કારણો શાં છે? | (૧), (૨) અને (૩) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૫૨ (બાવન) વ્યાજબી ભાવની દુકાનો શરૂ કરવામાં બાકી હતી, તે અન્વયે જાહેરનામું બહાર પાડવામાં આવેલ. જે મુજબ લાયકાત ધરાવતા ૪ (ચાર) ઉમેદવારો મળતા તેઓને તા. ૨૩–૮–૧૨ના હુકમથી આ ૪ (ચાર) વ્યાજબી ભાવની દુકાનો ફાળવવામાં આવતા દુકાન શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. |

બાકી રહેતી ૪૮ (અડતાલીસ) વ્યાજબી ભાવની દુકાનો માટે અરજીઓની ચકાસણી કરતા સરકારશ્રીના ઠરાવ મુજબની લાયકાત ધરાવતા તેમજ કેટેગરી મુજબનાં ઉમેદવાર / સંસ્થા ઉપલબ્ધ થતા ન હોઈ દુકાનો શરૂ કરવાની બાકીમાં છે તેની ગામવાર વિગતોનું ***પત્રક–૧** આ સાથે સામેલ છે.

**પત્રક–૧**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** |
|---|---|---|
| ૧ | કલોલ | • છત્રાલ<br>• વાગોસણા<br>• મોખાસણ<br>• ધેધું<br>• ગોલથરા<br>• ઈસંડ |
| ૨ | દહેગામ | • કડાદરા<br>• રખીયાલ<br>• ઉદણ |
| ૩ | માણસા | • વરસોડા<br>• હિંમતપુરા<br>• રાજપુરા<br>• લોદરા–૩<br>• લોદરા–૨<br>• પાટણપુરા<br>• માણેકપુરા |
| ૪ | ગાંધીનગર ગ્રામ્ય | • ઝુંડાલ<br>• કસ્તુરી નગર (શેરથા)<br>• સાદરા<br>• તારાપુર<br>• રાયસણ<br>• રાંધેજા–૧<br>• ધણપ<br>• રાયપુરા<br>• ગોળવંટા<br>• ઉનાવા ૧<br>• ઉનાવા–૨<br>• પોર<br>• ટીંટોડા<br>• પ્રાંતીયા |

| | | |
|---|---|---|
| | | • વાવોલ–૧<br>• વાવોલ–૨<br>• રાંધેજા–૨<br>• રાંધેજા–૩<br>• શિહોલી મોટી<br>• નાના ચિલોડા<br>• કોટેશ્વર |
| ૫ | ગાંધીનગર (શહેર) | • સેકટર–૨<br>• સેકટર–૪–૫<br>• સેકટર–૮<br>• સેકટર–૯<br>• સેકટર–૨૨/૧<br>• સેકટર–૨૩/૨<br>• ગાંધીનગર પાવર હાઉસ એમ્પોલોઈઝ મંડળી–જીઈબી<br>• સેકટર–૨૭/૧<br>• સેકટર–૨૮/૨<br>• સેકટર–૨૯/૧<br>• સેકટર–૨૯/૨ |

---------

## આણંદ જિલ્લામાં મંજૂર કરેલ સરદાર આવાસ

૪૭૯૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સરદાર આવાસ છેલ્લા બેવર્ષમાં વર્ષવાર કેટલા મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ મંજૂર થયેલ આવાસો પૈકી કેટલા આવાસો લાભાર્થીઓને અપાયા, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ) |
|---|---|
| ૫૦ | ૨૬૩૩૪ |

(૨)

| વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ) |
|---|---|
| ૫૦ | ૨૬૩૩૪ |

(૩) રૂ. ૫૬૩૯.૧૩ લાખ.

---------

## જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવા અંગે

૪૭૪૧ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જામનગર

**જવાબ**

(૧) નીચે મુજબની શાળાઓમાં ધોરણ–૮ શરૂ

જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવ્યું,

કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| વર્ષ–૨૦૧૧ | ૨૨૦ |
| વર્ષ–૨૦૧૨ | ૨૧૧ |
| **કુલ** | ૪૩૧ |

(૨) કેટલી શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવાનું બાકી છે, અને

(૨) ૧૨ પ્રાથમિક શાળામાં

(૩) બાકી શાળાઓમાં ધોરણ–૮ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે?

(૩) નિયત માપદંડ ધરાવતી શાળાઓમાં આગામી શૈક્ષણિક સત્રથી ધોરણ–૮ શરૂ કરવામાં આવશે.

---------

## ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં બારકોડેડ કાર્ડ ઈસ્યુ કરવા બાબત

૫૫૪૩ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ ૨ વર્ષમાં અમરેલી જિલ્લાના ધારી, બગસરા, અને ખાંભા તાલુકામાં કેટલા બારકોડેડ કાર્ડ ઈસ્યુ થયા,

(૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ ૨ વર્ષમાં અમરેલી જિલ્લાના ધારી, બગસરા, અને ખાંભા તાલુકામાં નીચેની વિગતે બારકોડેડ કાર્ડ ઈસ્યુ થયા.

| અ.નં. | તાલુકાનું નામ | વિતરણ થયેલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધારી | ૧૬૨૦૦ |
| ૨ | બગસરા | ૯૯૮૪ |
| ૩ | ખાંભા | ૫૩૪૭ |

(૨) કેટલા બાકી છે,

(૨) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ ૨ વર્ષમાં અમરેલી જિલ્લાના ધારી, બગસરા, અને ખાંભા તાલુકામાં નીચેની વિગતે બારકોડેડ કાર્ડ ઈસ્યુ કરવાના બાકી છે.

| અ.નં. | તાલુકાનું નામ | વિતરણ કરવાના બાકી રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધારી | ૨૧૫૦૦ |
| ૨ | બગસરા | ૧૪૪૧૧ |
| ૩ | ખાંભા | ૧૬૮૯૫ |

(૩) બાકી રહેલા કાર્ડ ઈસ્યુ નહીં કરવાના કારણો શા છે, અને

(૩) હયાત રેશનકાર્ડ, બદલામાં ફોર્મ નં. ૧માં ધોરણસરની અરજી કરેલ હોય તેવા કાર્ડધારકોના બાયોમેટ્રીક તેમજ ફોટા મેળવી તબક્કાવાર વાજબી ભાવની દુકાનના વિસ્તારદીઠ બારકોડેડ રેશનકાર્ડના વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. આ એક વિશાળ કામગીરી છે. લોકાભિમુખ અભિગમ રાખીને જે વિસ્તારોમાં બોરકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે તે વિસ્તારોમાં રેશનકાર્ડધારકો હયાત રેશનકાર્ડની સામે રાહતદરનો જથ્થો મેળવી શકે છે. તેવી વ્યવસ્થા અમલમાં છે.

(૪) કેટલા ભૂતીયાકાર્ડ ક્યારે રદ કર્યા?

(૪) હયાત રેશનકાર્ડ સામે ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં કુલ ૫૦૨૫ ફોર્મ ભરાઈને મળેલ નથી. જે રદ કરેલ છે. બારકોડેડ રેશનકાર્ડ પધ્ધતિમાં ઉમેદવારના ફોટા અને બાયોમેટ્રીક લઈ તેનો ડેટા બેઝ સોફટવેરમાં ઉપલબ્ધ કરવામાં આવતો હોવાથી ભૂતિયા રેશનકાર્ડનો પ્રશ્ન રહેતો નથી.

---------

## મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ઘરથાળના પ્લોટ ફાળવવાનું આયોજન

૫૫૬૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૦૧–

(૧) ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ

૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા અન્વયે કેટલી અરજીઓ વર્ષવાર મળી,

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ |
|---|---|---|---|
| મહેસાણા | મહેસાણા | ૧૫૯ | ૩૩૮ |
| | કડી | ૪૨ | ૧૧ |
| | વિજાપુર | ૩૦ | ૧૮૭ |
| | વિસનગર | ૮૫ | ૧૬૧ |
| | ખેરાલુ | ૧૦૩ | ૪૯૦ |
| | વડનગર | ૩૭ | ૧૪૨ |
| | સતલાસણા | ૧૦૧ | ૦ |
| | ઉંઝા | ૮ | ૧૩૫ |
| | બેચરાજી | ૫૮ | ૭૦ |
| | **કુલ** | **૬૨૩** | **૧૫૩૪** |
| | | | |
| અમદાવાદ | દસક્રોઈ | ૦ | ૯૧ |
| | બાવળા | ૦ | ૦ |
| | સાણંદ | ૦ | ૦ |
| | વિરમગામ | ૦ | ૦ |
| | માંડલ | ૦ | ૦ |
| | દેત્રોજ | ૦ | ૦ |
| | ધોળકા | ૦ | ૦ |
| | ધંધુકા | ૦ | ૨૩૮ |
| | રાણપુર | ૦ | ૦ |
| | બરવાળા | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૩૨૯** |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૨) ફાળવેલ ઘરથાળના પ્લોટ

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ |
|---|---|---|---|
| મહેસાણા | મહેસાણા | ૧૧૭ | ૨૯૬ |
| | કડી | ૩૩ | ૦ |
| | વિજાપુર | ૧૪ | ૭૯ |
| | વિસનગર | ૨૭ | ૮૫ |
| | ખેરાલુ | ૬૬ | ૩૫૬ |
| | વડનગર | ૩૭ | ૧૪૨ |
| | સતલાસણા | ૯૨ | ૦ |
| | ઉંઝા | ૬ | ૯૨ |
| | બેચરાજી | ૧૮ | ૨૪ |
| | **કુલ** | **૪૧૦** | **૧૦૭૪** |
| | | | |
| અમદાવાદ | દસક્રોઈ | ૦ | ૬૭ |
| | બાવળા | ૦ | ૦ |
| | સાણંદ | ૦ | ૦ |
| | વિરમગામ | ૦ | ૦ |
| | માંડલ | ૦ | ૦ |
| | દેત્રોજ | ૦ | ૦ |
| | ધોળકા | ૦ | ૦ |
| | ધંધુકા | ૦ | ૧૦૪ |
| **જિલ્લો** | **તાલુકો** | **વર્ષ ૨૦૧૧-૧૨** | **વર્ષ ૨૦૧૨-૧૩ તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ** |
| | રાણપુર | ૦ | ૦ |
| | બરવાળા | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૧૭૧** |

(૩) કેટલા લોકોને ઘરથાળના પ્લોટ આપવાના

(૩) મહેસાણા-કડી તાલુકાના-૧૧

બાકી છે, અને

(૪) બાકી રહેલા લોકોને ક્યાં સુધીમાં ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવશે?

અમદાવાદ–મંજૂર અરજી મુજબ પ્લોટ ફાળવેલ કોઈ પ્રશ્ન નથી.

(૪) મહેસાણા–લેન્ડ કમીટી મળેથી
અમદાવાદ–પ્રશ્ન નથી.

---------

**આણંદ જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૪૭૧૨ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ–નિર્ભર કોલેજો આવેલી છે. | (૧) ૩ સંસ્થાઓ. |
| (૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૭૮૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨–૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૭૬૩ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) ૧૭ બેઠકો. |

---------

**ખેડા જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૪૭૦૮ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ–નિર્ભર કોલેજો આવેલી છે. | (૧) ૬ સંસ્થાઓ. |
| (૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૨૪૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨–૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૨૧૬૯ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) ૨૭૧ બેઠકો. |

-------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં આવેલ વાજબી ભાવની દુકાનો**

૫૫૪૬ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકામાં વસ્તીનાં પ્રમાણમાં કેટલી વાજબી ભાવની દુકાનો કેટલી છે,<br>(૨) વસ્તીનાં પ્રમાણમાં પુરતી વાજબી ભાવની દુકાનો ખોલવામાં આવશે કે કેમ, અને<br>(૩) કેટલા સમયમાં? | (૧), (૨) અને (૩) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકામાં અનુક્રમે ૬૧ અને ૪૨ વાજબી ભાવની દુકાનો છે. વસ્તીના પ્રમાણમાં દુકાનો ખોલવાની બાબત એ સતત પ્રક્રિયા છે. અમીરગઢ તાલુકામાં ૨ (બે) અને દાંતા તાલુકામાં ૭ (સાત) નવી દુકાનો ખોલવાની બાબત ચકાસણી હેઠળ છે. ચકાસણી બાદ જાહેરનામુ બહાર પાડી નિયમોનુસારની કાર્યવાહી બાદ દુકાન ખુલી શકશે. |

----------

**જામનગર જિલ્લામાં સસ્તા અનાજનો જથ્થો કાળાબજારમાં પકડવા બાબત**

૫૫૬૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં કેટલો સસ્તા અનાજનો જથ્થો કાળાબજારમાં જતો પકડી પાડવામાં આવ્યો,

(૧)

| વર્ષ | આ.ચી.વ.નું નામ | જથ્થો (કિલોગ્રામ) |
|---|---|---|
| ૨૦૧૧ | ઘઉં | ૧૫૦૦૦ |
| ૨૦૧૨ | ઘઉં | ૨૦૧૫૦ |

(૨) તે ગેરકાનૂની પ્રવૃત્તિમાં કયા કયા સરકારી કર્મચારી, વ્યાજબી ભાવના અને દુકાનદારો અને અન્ય ગુન્હાહિત સંડોવાયા જણાયા, અને

(૩) ગુન્હાહિતો સામે શી કાર્યવાહી થઈ?

(૨) અને (૩) આ સાથે સામેલ ***પત્રક-૧** મુજબ.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**દાહોદ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાની મળેલ ફરિયાદો**

૪૭૯૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ થવાને પાત્ર હોવા છતાં યાદીમાં સમાવેશ થયો નથી તેવી દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૨) મળેલ ફરિયાદો પછી કેટલાને બી.પી.એલ. યાદીમાં સમાવવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટે ૨૭ ફરિયાદો મળેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા એક વર્ષમાં મળેલ ફરિયાદો |
|---|---|---|
| ૧ | દાહોદ | ૦ |
| ૨ | ગરબાડા | ૨૭ |
| ૩ | ઝાલોદ | ૦ |
| ૪ | ફતેપુર | ૦ |
| ૫ | લીમખેડા | ૦ |
| ૬ | ધાનપુર | ૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૦ |
| | **કુલ** | **૨૭** |

(૨) મળેલ ફરિયાદોની ચકાસણીના અંતે પાત્રતા ધરાવતા ન હોઈ એક પણ કુટુંબનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

---------

**આણંદ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૪૬૯૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ૯ સંસ્થાઓ.

(૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,

(૨) ૪૨૧૪ બેઠકો.

(૩) તે પૈકી ૨૦૧૨-૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને

(૩) ૩૬૨૫ બેઠકો.

(૪) હજુ કેટલી ડીગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ?

(૪) ૫૮૯ બેઠકો.

---------

**જૂનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ તૈયાર કરવાની કામગીરી**

૪૭૯૩ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્યમાં બારકોડ રેશનકાર્ડ આપવાનો નિર્ણય સરકારે ક્યારે કર્યો,

(૨) તે અન્વયે જૂનાગઢ જિલ્લામાં બારકોડ રેશનકાર્ડ તૈયાર કરવાની કામગીરી કોને સોંપવામાં આવી,

(૩) તે અન્વયે તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ કેટલા કાર્ડ ધારકોને આપવામાં આવ્યા, અને

(૪) બાકી રહેતા કાર્ડ ધારકોને કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં બારકોડેડ રેશનકાર્ડ આપવાનો નિર્ણય સરકારે તા. ૨૬–૪–૨૦૧૦ના રોજ કરેલ છે.

(૨) જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ તૈયાર કરવાની કામગીરી મે. દેવકિશન કોમ્પ્યુટર પ્રા. લી. જુનાગઢને તા. ૧૭–૮–૨૦૧૧થી આપવામાં આવી.

(૩) તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ વિતરણ અંગેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વિતરણ કરેલ કુલ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉના | ૧૧૨૫૮ |
| ૨ | કેશોદ | ૪૪૪૨૩ |
| ૩ | કોડીનાર | ૧૧૧૬૫ |
| ૪ | જુનાગઢ | ૧૨૬૦૧ |
| ૫ | તાલાલા | ૧૦૧૦૮ |
| ૬ | ભેંસાણ | ૭૯૯૬ |
| ૭ | મેંદરડા | ૧૪૦૫૯ |
| ૮ | માંગરોલ | ૭૨૮૦ |
| ૯ | માણાવદર | ૧૬૧૩૦ |
| ૧૦ | માળીયા હાટીના | ૧૭૧૫૮ |
| ૧૧ | વંથલી | ૧૨૫૪૬ |
| ૧૨ | વેરાવળ | ૧૫૫૫૯ |
| ૧૩ | વિસાવદર | ૨૩૬૧ |
| ૧૪ | સુત્રાપાડા | ૧૨૧૪૫ |
| | **કુલ :–** | **૧૯૪૭૮૯** |

(૪) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય બાંયધરી યોજના હેઠળ ફાળવેલ રકમ**

૫૫૨૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય બાંયધરી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમો સરકાર દ્વારા ફાળવવામાં આવી ?

**જવાબ**

તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય બાંયધરી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે રકમો સરકાર દ્વારા ફાળવવામાં આવી.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં)** |
|---|---|
| તા. ૦૧–૦૨–૨૦૧૧ થી તા. ૩૧–૦૧–૨૦૧૨ | ૨૧૨૦.૦૦ |
| તા. ૦૧–૦૨–૨૦૧૨ થી તા. ૩૧–૦૧–૨૦૧૩ | ૨૦૦૦.૦૦ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં રૂર્બન ગટર યોજના**

૪૮૦૨ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ અન્વયે યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયા,

(૧) ૬ (છ).

(૨) તે અન્વયે કામના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે કે કેમ,

(૨) હા, પાંચ કામોના.

(૩) જો હા, તો કયારે બહાર પાડવામાં આવ્યા, અને

(૩)

| **ગામનું નામ** | **ટેન્ડર બહાર પાડ્યા તારીખ** |
|---|---|
| મેઘરજ | ૧-૭-૧૧, ૧૨-૧૦-૧૧ |
| ધનસુરા | ૧-૭-૧૧, ૨૬-૯-૧૧, ૧-૧-૧૨, ૨-૨-૧૨, ૭-૨-૧૨ |
| વિજયનગર | ૧-૭-૧૧, ૨૩-૯-૧૧, ૨-૨-૧૨ |
| ભિલોડા | ૧-૭-૧૧, ૨૩-૯-૧૧ |
| માલપુર | ૧-૭-૧૧, ૨૬-૯-૧૧, ૩૦-૧૧-૧૧, ૨-૨-૧૨, ૭-૩-૧૨, ૧૬-૮-૧૨ |

(૪) આ કામો ઉક્ત સ્થિતિએ કયા તબકકે છે ?

(૪)

| **ગામનું નામ** | **થયેલ ભૌતિક પ્રગતિ (ટકામાં)** |
|---|---|
| મેઘરજ | ૪૫ |
| ધનસુરા | ૬૦ |
| વિજયનગર | ૩૫ |
| ભિલોડા | ૨૫ |
| માલપુર | વર્કઓર્ડર સ્ટેજ |
| શામળાજી | સર્વે સ્ટેજ (ટેન્ડર બાકી) |

---------

**અમરેલી જિલ્લામાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવાની મંજૂરી**

૪૮૭૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે,

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬૫ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે, જેની તાલુકાવાર અને વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર** | | |
|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૧** | **વર્ષ ૨૦૧૨** | **કુલ** |
| ૧ | અમરેલી | ૫ | ૧૦ | ૧૫ |
| ૨ | બાબરા | ૫ | ૧૦ | ૧૫ |
| ૩ | બગસરા | ૫ | ૧૦ | ૧૫ |
| ૪ | ધારી | ૫ | ૧૦ | ૧૫ |
| ૫ | જાફરાબાદ | ૫ | ૧૦ | ૧૫ |
| ૬ | ખાંભા | ૫ | ૧૦ | ૧૫ |
| ૭ | કુંકાવાવ | ૫ | ૧૦ | ૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | લાઠી | ૫ | ૧૦ | ૧૫ |
| ૯ | લિલિયા | ૫ | ૧૦ | ૧૫ |
| ૧૦ | રાજુલા | ૫ | ૧૦ | ૧૫ |
| ૧૧ | સાવરકુંડલા | ૫ | ૧૦ | ૧૫ |
| | **કુલ** | **૫૫** | **૧૧૦** | **૧૬૫** |

(૨) સદર કેન્દ્રોની યુનિટ કોસ્ટ કેટલી છે,

(૩) યુનિટદીઠ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલી છે,

(૪) યુનિટદીઠ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) સદર કેન્દ્રોની યુનિટ કોસ્ટ રૂા. ૧૪.૫૫ લાખ છે.

(૩) યુનિટદીઠ રૂા. ૧૪.૫૫ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલી છે.

(૪) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂરી આપવામાં આવેલ ૧૬૫ (યુનિટ) રાજીવ ગાંધી સેવા કેન્દ્રોનાં કામોમાં નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ખર્ચ (રૂા. લાખમાં)** | | |
|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૧** | **વર્ષ ૨૦૧૨** | **કુલ** |
| ૧ | અમરેલી | ૦.૨૫ | ૦.૫૦ | ૦.૭૫ |
| ૨ | બાબરા | ૦.૨૫ | ૨૮.૦૫ | ૨૮.૩૦ |
| ૩ | બગસરા | ૦.૨૫ | ૫૮.૫૯ | ૫૮.૮૪ |
| ૪ | ધારી | ૦.૨૫ | ૨૬.૯૮ | ૨૭.૨૩ |
| ૫ | જાફરાબાદ | ૦.૨૫ | ૧૬.૮૭ | ૧૭.૧૨ |
| ૬ | ખાંભા | ૦.૨૫ | ૨૯.૮૨ | ૩૦.૦૭ |
| ૭ | કુંકાવાવ | ૦.૨૫ | ૨૫.૦૦ | ૨૫.૨૫ |
| ૮ | લાઠી | ૦.૨૫ | ૩૧.૬૧ | ૩૧.૮૬ |
| ૯ | લિલિયા | ૦.૨૫ | ૩૯.૧૮ | ૩૯.૪૩ |
| ૧૦ | રાજુલા | ૦.૨૫ | ૧૩.૯૬ | ૧૪.૨૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૦.૨૫ | ૧૭.૭૪ | ૧૭.૯૯ |

(૫) કેટલા સેવા કેન્દ્રોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ?

(૫) અમરેલી જિલ્લામાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના કામ પ્રગતિમાં છે. કોઈ પણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રનું કામ પૂર્ણ થયેલ નથી.

---------

**ખેડા જિલ્લામાં સખી મંડળો અને મંગલમ મીશન યોજના બનાવવા બાબત**

૫૧૭૮ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા દીઠ સખી મંડળો અને મંગલમ મીશન અંતર્ગત કુલ કેટલા મંડળો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ સખી મંડળો અને મંગલમ મીશન અંતર્ગત બનાવવામાં આવેલ મંડળોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સખીમંડળ અંતર્ગત રચાયેલ સખીમંડળો** | **મિશન મંગલમ અંતર્ગત રચાયેલ સખીમંડળો** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | નડિઆદ | ૧૮૧૮ | ૧૩૯ | ૧૯૫૭ |
| ૨ | માતર | ૮૬૦ | ૯૪ | ૯૫૪ |
| ૩ | મહેમદાવાદ | ૧૨૨૫ | ૧૧૩ | ૧૩૩૮ |
| ૪ | મહુધા | ૬૧૫ | ૧૨૨ | ૭૩૭ |
| ૫ | ખેડા | ૫૭૯ | ૭૩ | ૬૫૨ |
| ૬ | ઠાસરા | ૧૭૪૨ | ૧૪૬ | ૧૮૮૮ |
| ૭ | બાલાસિનોર | ૬૫૧ | ૭૬ | ૭૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | કપડવંજ | ૧૧૭૪ | ૨૨૬ | ૧૪૦૦ |
| ૧૦ | વિરપુર | ૬૨૩ | ૪૪ | ૬૬૭ |
| **કુલ :-** | | **૧૦૧૯૯** | **૧૨૨૦** | **૧૧૪૧૯** |

(૨) રાજ્ય સરકારે કેટલી રકમની સહાય આ મંડળોને છેલ્લા બે વર્ષમાં કરેલ છે ?

(૨) મિશન મંગલમ યોજના અંતર્ગત રાજ્ય સરકાર તરફથી આ મંડળોને છેલ્લા બે વર્ષમાં રૂ઼ા. ૧૧૯.૯૦ લાખની સહાય કરેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે**

૪૭૪૫ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ -૨૦૧૧ અને વર્ષ-૨૦૧૨માં સુરેન્દ્રનગર જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવ્યું,

(૧) નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં ધોરણ -૮ શરૂ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| વર્ષ-૨૦૧૧ | ૧૭૬ |
| વર્ષ-૨૦૧૨ | ૧૮૪ |
| **કુલ** | **૩૬૦** |

(૨) કેટલી શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાનું બાકી છે, અને

(૨) ૩૭ પ્રાથમિક શાળામાં.

(૩) બાકી શાળાઓમાં ધોરણ-૮ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

(૩) નિયત માપદંડ ધરાવતી શાળાઓમાં આગામી શૈક્ષણિક સત્રથી ધોરણ-૮ શરૂ કરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૪૭૦૫ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ૧૦ સંસ્થાઓ.

(૨) આ બધી કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,

(૨) ૪૯૫૦ બેઠકો.

(૩) તે પૈકી ૨૦૧૨-૨૦૧૩ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને

(૩) ૩૫૮૪ બેઠકો.

(૪) હજુ કેટલી ડીગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે?

(૪) ૧૩૬૬ બેઠકો.

---------

**રાજ્યના છેવાડાના નાગરિકોને નોટરીની સેવાનો લાભ બાબત**

૪૭૮૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલા નોટરીની નિમણૂક કરી, અને

(૧) શૂન્ય.

(૨) તે પૈકી અનુસૂચિત જાતિ અને જનજાતિના કેટલા નોટરીની નિમણૂક કરી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માલપુર તથા બાયડ તાલુકામાં સાયન્સ અને એન્જીનીયરીંગ કોલેજોની સંખ્યા**

૪૭૬૬ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના માલપુર તથા બાયડ તાલુકા ખાતે સાયન્સ અને

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના માલપુર તથા બાયડ તાલુકા ખાતે સાયન્સ અને

એન્જી. કોલેજોની સંખ્યા કેટલી છે, અને

(૨) જો આવી કોલેજો ન હોય તો સરકાર આ વિસ્તારમાં કોલેજો ખોલવા માંગે છે કે કેમ, અને કેટલા સમયમાં ?

એન્જીનીયરીંગ કોલેજની સંખ્યા શૂન્ય છે.

(૨) માલપુરથી ૨૨ કિ.મી. દૂર મોડાસા ખાતે સાયન્સ તેમજ એન્જીનીયરીંગ કોલેજ કાર્યરત હોઈ અને બાયડથી અંદાજિત ૪૫ કિ.મી. દૂર તલોદ ખાતે વિજ્ઞાન કોલેજ આવેલ હોઈ હાલ અન્ય કોઈ આયોજન નથી.

---------

**જસદણ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ થયેલ કાર્ડમાં વ્યાપક ભૂલો**

૫૧૬૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ કેટલા ઈસ્યુ કરવામાં આવ્યા,

(૨) આ ઈસ્યુ થયેલ કાર્ડમાં વ્યાપક ભુલો રહેલ છે તે હકીકત થી સરકાર વાકેફ છે,

(૩) આ ભુલો સુધારવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૪) જવાબદાર સામે પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં ૩૧૩૬૩ બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા.

(૨) નવા બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે નિયત કરેલ એજન્સી મારફત એન્ટ્રી કરાવવામાં આવેલ હતી જેમાં અમુક એન્ટ્રીમાં નામો, ઉંમર તથા સંબંધમાં ભૂલો રહી જવાની બાબત ધ્યાને આવેલ છે.

(૩) પ્રિન્ટ કરાયેલ બારકોડેડ રેશનકાર્ડના વિતરણ સમયે કાર્ડ ધારક ધ્વારા ધ્યાન દોરવામાં આવ્યેથી તેમાં સુધારો કરી નવી પ્રિન્ટ કાઢી આપવામાં આવે છે. તદઉપરાંત કાર્ડધારકની અરજી આધારે રેકર્ડ જોઈ ભુલોમાં સુધારો કરી આપવામાં આવે છે.

(૪) વિશાળ ફલકની કામગીરી હોઈ ભુલ સુધારવામાં આવે છે. પગલાં લેવાનો પ્રશ્ન નથી.

---------

**જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી**

૪૭૩૦ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળામાં કેટલા આચાર્યની ભરતી કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નીચે મુજબ ભરતી કરવામાં આવેલ છે.

| જુનાગઢ | પોરબંદર | કુલ |
|---|---|---|
| ૧૧૫ | ૧૯ | ૧૩૪ |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

---------

**શહેરા અને ગોધરા તાલુકામાં બી.પી.એલ.માંથી એ.પી.એલ. રેશનીંગ કાર્ડ આપવા બાબત**

૪૭૫૯ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) (શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકામાં કેટલા રેશનીંગ કાર્ડ આપવામાં આવેલ છે અને કેટલા બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકામાં વિતરણ કરાયેલ તથા બાકી રેશનકાર્ડની વિગત નીચે મુજબ છે,

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વિતરણ કરેલ કાર્ડની સંખ્યા** | **વિતરણ કરવાના બાકી કાર્ડની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | શહેરા | ૨૦૯૨૮ | ૨૩૨૧૪ |
| ૨ | ગોધરા | ૨૩૦૨૧ | ૪૭૭૧૨ |
| | કુલ | ૪૩૯૪૯ | ૭૦૯૨૬ |

વિતરણ કરવાના બાકી કાર્ડ માટે સ્પષ્ટ કરવાનું કે ફોર્મ નં. ૧માં પુરતી વિગતો ભરનારા હયાત રેશનકાર્ડ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓનું રાહતદરે વિતરણ કરવામાં આવે છે.

(૨) તે પૈકી બી.પી.એલ. કુટુંબોના કાર્ડ એ.પી.એલ. કરી દેવામાં આવ્યા એવી કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૨) બી.પી.એલ. કુટુંબોને કાર્ડ એ.પી.એલ. કરી દેવામાં આવેલ તેવી ફરિયાદોની વિગત

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરિયાદ |
|---|---|---|
| ૧ | શહેરા | ૪૦ |
| ૨ | ગોધરા | ૧૩૫ |
| | કુલ | ૧૭૫ |

(૩) તે ફરિયાદવાળા એ.પી.એલ. થયેલ ગ્રાહકોને બી.પી.એલ. કાર્ડ આપવા માંગો છો કે કેમ ?

(૩) ફરિયાદવાળા એ.પી.એલ. કાર્ડધારકોની જુની યાદી પરથી ચકાસણી કરી બીપીએલ કાર્ડમાં તબદીલ કરવામાં આવેલ છે.

---------

## લીંબડી ખાતે વધારાના જિલ્લા ન્યાયાધીશ કોર્ટની સ્થાપના

૪૬૯૪ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી ખાતે સરકારે વધારાના જિલ્લા ન્યાયાધીશ કોર્ટની સ્થાપના કરેલ છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો તે કોર્ટ ક્યારથી કાર્યરત થયેલ છે. ?

(૨) તા.૬–૮–૨૦૧૨ થી.

---------

## અમરેલી જિલ્લામાં તાલુકાવાર રેશનીંગની દુકાનોમાં ચેકીંગ

૫૫૩૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી રેશનીંગની દુકાનોમાં છેલ્લા બે વર્ષમાં ચેકીંગ દરમ્યાન ગેરરીતિઓ પકડાયેલ છે, અને

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર નીચે જણાવેલ રેશનીંગની દુકાનોમાં છેલ્લા બે વર્ષમાં ચેકીંગ દરમ્યાન ગેરરીતિઓ પકડાયેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગેરરીતિ જણાયેલ હોય તેવી દુકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૨ |
| ૨ | લાઠી | ૧૭ |
| ૩ | લીલીયા | ૧૧ |
| ૪ | બાબરા | ૫ |
| ૫ | વડીયા | ૨ |
| ૬ | બગસરા | ૧૧ |
| ૭ | ધારી | ૧૨ |
| ૮ | ખાંભા | ૬ |
| ૯ | સાવરકુંડલા | ૨૪ |
| ૧૦ | રાજુલા | ૨૫ |
| ૧૧ | જાફરાબાદ | ૩ |
| | **કુલ** | **૧૨૮** |

(૨) આ કિસ્સાઓમાં કેટલા વિરૂધ્ધ શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) કુલ ૧૪૯ તપાસો પૈકી ૧૩૩ કિસ્સાઓમાં નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

૧. રૂા. ૩,૯૧,૭૪૭/–ની કિમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે લેવામાં આવેલ છે.

૨. રૂા. ૧,૩૬,૫૬૮/–ની કિમતનો આવશ્યક

ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

૩. રૂ।. ૨,૪૩,૧૫૦/-પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.

૪. રૂ।. ૩,૯૧,૫૧૯/-દંડ કરેલ છે.

૫. ૧૧ દુકાનોમાં પરવાના મોકૂફ રાખેલ છે.

૬. ૧૦ દુકાનોના પરવાના રદ કરેલ છે.

૭. એક કેસમાં ૧ ઈસમની અટકાયત કરેલ છે.

---------

**પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં ટોઈલેટ બ્લોક તથા શુધ્ધ પીવાના પાણીની સગવડો**

૫૫૦૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડિસા, દિયોદર અને ભાભર તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ટોઈલેટ બ્લોક અને પીવાના પાણીની સગવડો તા. ૩૧મી ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ પૂરી પાડેલ નથી, | (૧) ૩૧મી ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડિસા, દિયોદર અને ભાભર તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં ટોઈલેટ બ્લોક તથા પીવાના પાણીની સગવડો ઉપલબ્ધ છે. |
| (૨) આ સુવિધા પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે., અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૪૭૦૪ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૪ સંસ્થાઓ. |
| (૨) આ બધી જ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઢકો કેટલી છે, | (૨) ૧૪૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨-૧૩ વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૯૮૩ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડીપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૪૫૭ બેઠકો. |

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સીડમની યોજના**

૫૪૦૨ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં તાલુકાવાર સીડમની યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) કુલ રૂ।. ૮,૦૦,૨૪,૦૦૦/-ની રકમ ફાળવવામાં આવી. તાલુકાવાર ***પત્રક** સામેલ છે. |
| (૨) તાલુકાવાર મુખ્યત્વે કયા કયા હેતુ માટે સદર ગ્રાન્ટ ખર્ચ કરવામાં આવેલ છે, | (૨) ૧.સોલાર લાઈટ, ૨. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામો ૩. ગ્રામ પંચાયત ફર્નિચર, ૪. કમ્પાઉન્ડ વોલ ૫. આર.ઓ. પ્લાન ૬. સી.સી. રોડ. ૭. સ્વચ્છતા માટેના સાધનો ૮. ઘન કચરાનો નિકાલ ૯. શોષ ખાડા ૧૦. હેન્ડ પંપ ૧૧. ગ્રામ સચિવાલયની વ્યવસ્થા, ૧૨. સોલાર કુકર, ૧૩. ભીંત ચિત્રો (આંગણવાડી), ૧૪. પંચવટી તથા ૧૫. ચબુતરાના કામો માટે સદર ગ્રાન્ટ માંથી |

(૩) તાલુકાવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૭,૪૦,૯૨,૪૯૯/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

તાલુકાવાર ***પત્રક** સામેલ છે.

**પત્રક**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ વર્ષ : ૨૦૧૧ તથા ૨૦૧૨** | **થયેલ ખર્ચ તા.૩૧-૧૨-૨૦૧૨ અંતિત.** | **કયા હેતુ માટે ખર્ચ કરવામાં આવેલ છે.** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઉના | ૧૧૫૭૫૦૦૦ | ૧૧૫૭૫૦૦૦ | સોલાર લાઇટ, પાણી પુરવઠા, ફર્નિચર |
| ૨ | તાલાલા | ૪૧૫૦૦૦૦ | ૪૧૫૦૦૦૦ | ગટર, ગ્રામ પંચાયત ફર્નિચર, કલરકામ, કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઇટ, ગ્રીલ |
| ૩ | જૂનાગઢ | ૫૧૦૦૦૦૦ | ૫૧૦૦૦૦૦ | સોલાર લાઇટ, ઇલે. મોટર, પાઇપ લાઇન, ફર્નિચર, પંચાયત રીનોવેશન, આરઓ.પ્લાન્ટ, સંડાસ-બાથરૂમ, સ્ટ્રીટ લાઇટ |
| ૪ | કેશોદ | ૩૮૦૦૦૦૦ | ૩૨૦૦૦૦૦ | સીસી રોડ, સોલાર લાઇટ પા.પુ. અને ગટરના કામો (હાલ ૬ લાખના કામો પ્રગતિ હેઠળ છે.) |
| ૫ | વંથલી | ૪૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ | સોલાર લાઇટ, ફર્નિચર, ઘન કચરા નિકાલ સાધનો. |
| ૬ | માણાવદર | ૫૧૨૫૦૦૦ | ૫૦૪૦૮૦૦ | ગ્રાં.પં. ફર્નિચર, સોલાર લાઇટ, આર.ઓ. પ્લાન્ટ, સ્વચ્છતા માટેના સાધનો. |
| ૭ | સુત્રાપાડા | ૫૦૦૦૦૦૦ | ૧૮૦૦૦૦૦ | ફર્નિચર, રંગરોગાન, ઇલે. વિગેરે. (જેમાં ૩૨ લાખના કામોની તાંત્રિક મંજુરીની કાર્યવાહી ચાલુ છે. |
| ૮ | મેંદરડા | ૩૬૭૫૦૦૦ | ૩૬૭૫૦૦૦ | ઘન કચરાનો નિકાલ, ઉકરડા હટાવવા, ગંદા પાણીનો નિકાલ, પંચાયત ઘરની જાળવણી તથા ગ્રામ સચિવાલયની વ્યવસ્થા, સોલાર લાઇટ, સોલાર કુકર, તથા ભીંત ચિત્રો (આંગણવાડી માટે) સાર્વજનિક મકાનો, કુવા/હેન્ડ પંપ પાસે વોટર હાર્વેસ્ટીંગ સગવડ, અવેડા પાસે ચોતરફ નીક સાથેના મોટા શોષ ખાડા |
| ૯ | ભેંસાણ | ૬૮૭૫૦૦૦ | ૬૮૭૫૦૦૦ | સોલાર લાઇટ, સફાઇ સાધનો, ફર્નિચર વિગેરે. |
| ૧૦ | માળીયા-હાટીના | ૬૦૦૦૦૦૦ | ૬૦૦૦૦૦૦ | ગ્રામ સચિવાલય, શોષ ખાડા, સોલાર લાઇટ |
| ૧૧ | માંગરોળ | ૮૫૨૫૦૦૦ | ૬૮૧૪૬૯૯ | સીસી રોડ, પંચવટી, સેનીટેશન, પાઇપ લાઇન, પાણીની ટાંકી, સ્ટ્રીટ લાઇટ, ચબુતરા, હેન્ડ પંપ વગેરે. |
| ૧૨ | કોડીનાર | ૪૪૦૦૦૦૦ | ૪૪૦૦૦૦૦ | ફર્નિચર, પાણીની સુવિધા, સાફ-સફાઇ તથા સોલાર લાઇટ |
| ૧૩ | વિસાવદર | ૭૧૪૯૦૦૦ | ૬૮૧૨૦૦૦ | આર.ઓ. પ્લાન્ટ, ફર્નિચર, સોલાર લાઇટ, પીવાના પાણીની સુવિધા. |
| ૧૪ | વેરાવળ | ૪૬૫૦૦૦૦ | ૪૬૫૦૦૦૦ | ફર્નિચર, સોલાર લાઇટ, શોષ ખાડા, સફાઇના સાધનો. |
| | કુલ : | ૮૦૦૨૪૦૦૦ | ૭૪૦૯૨૪૯૯ | |

---------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર મીશન મંગલમ મંડળો બનાવવા બાબત**

૫૫૫૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મીશન મંગલમ અંતર્ગત કેટલા મંડળો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મીશન મંગલમ અંતર્ગત ૮૪૯૩ મંડળો બનાવેલ, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંડળની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૫૮૨ |
| ૨ | ઉમરેઠ | ૯૮૦ |
| ૩ | બોરસદ | ૧૭૦૬ |
| ૪ | આંકલાવ | ૬૯૩ |
| ૫ | પેટલાદ | ૧૨૫૫ |
| ૬ | સોજીત્રા | ૫૦૦ |
| ૭ | ખંભાત | ૧૨૨૪ |
| ૮ | તારાપુર | ૫૫૩ |
| | **કુલ** | **૮૪૯૩** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા મંડળોને કયા કયા હેતુ માટે ધિરાણ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર ૬૬૨૧ મંડળોને નીચે મુજબના હેતુ માટે ધિરાણ આપવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | ધિરાણ આપેલ મંડળોની સંખ્યા | ધિરાણના હેતુ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪૫૨ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, બિમારી, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, અન્ય આકસ્મિક ખર્ચ તથા આર્થિક પ્રવૃત્તિ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ધિરાણ આપેલ મંડળોની સંખ્યા** | **ધિરાણના હેતુ** |
| ૨ | ઉમરેઠ | ૯૪૦ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, બિમારી, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, અન્ય આકસ્મિક ખર્ચ |
| ૩ | બોરસદ | ૪૮૫ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, બિમારી, ઘર રીપેરીંગ, ગૃહ ઉદ્યોગ, અન્ય આકસ્મિક . |
| ૪ | આંકલાવ | ૬૨૬ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, બિમારી, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, તથા આર્થિક પ્રવૃત્તિ |
| ૫ | પેટલાદ | ૧૧૯૭ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, આરોગ્ય, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, તથા આર્થિક પ્રવૃત્તિ |
| ૬ | સોજીત્રા | ૩૯૯ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, બિમારી, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, તથા આર્થિક પ્રવૃત્તિ |
| ૭ | ખંભાત | ૧૦૫૬ | ખેતી, પશુપાલન, સામાજીક કામ, બિમારી, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, તથા આર્થિક પ્રવૃત્તિ |
| ૮ | તારાપુર | ૪૬૬ | ખેતી, પશુપાલન, અનાજ કરિયાણાની દુકાન, સીઝનલ વ્યવસાય, સામાજીક કામ, બિમારી, શિક્ષણ–ફી, ઘર ખર્ચ, તથા આર્થિક પ્રવૃત્તિ. |
| | **કૂલ..** | **૬૬૨૧** | |

(૩) કૂલ કેટલી રકમ ધિરાણ અને સહાય પેટે આપવામાં આવી, અને

(૩) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધિરાણ પેટે રૂા. ૩૦૨૮.૩૨ લાખ અને સહાયની રકમ પેટે રૂા. ૩૭૭.૯૨ લાખ રકમ ચૂકવવામાં આવેલ છે.

(૪) કેટલા મંડળો ધિરાણ પરત ભરવાની સમય મર્યાદા (હપ્તા)માં ધિરાણ પરત કરવામાં નિષ્ફળ રહ્યા ?

(૪) ધિરાણ પરત ભરવાની સમય મર્યાદા (હપ્તા) માં ધિરાણ પરત કરવામાં નિષ્ફળ રહેલ ૩૬૦ મંડળો છે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંડળોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૫ |

| | | |
|---|---|---|
| ૨ | ઉમરેઠ | ૪૭ |
| ૩ | બોરસદ | ૧૩૧ |
| ૪ | આંકલાવ | ૧૫ |
| ૫ | પેટલાદ | ૨૫ |
| ૬ | સોજીત્રા | ૧૩ |
| ૭ | ખંભાત | ૫૫ |
| ૮ | તારાપુર | ૩૯ |
| | **કુલ..** | **૩૬૦** |

---------

**વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ એપીએલ કુટુંબો માટે બનાવેલ શૌચાલયો**

૪૬૬૪ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એપીએલ કુટુંબો માટે કેટલા વ્યકિતગત શૌચાલયો બનાવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એપીએલ કુટુંબો માટે ૧૨૯૯૫ વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૨) નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૧–૪–૨૦૧૨થી નિયત કરાયેલ કેટેગરીના એ.પી.એલ. લાભાર્થીઓ માટે પ્રોત્સાહક રકમ પેટે રૂ. ૪,૬૦૦/-ની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ દર્શાવેલ સમયગાળા દરમ્યાન બનાવેલ એ.પી.એલ. વ્યકિતગત શૌચાલયો માટે ઉક્ત યોજનામાંથી કોઈ ખર્ચ કરવામાં આવ્યો ન હોવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કલોલ તાલુકાની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોયના વિકલ્પે ઉચ્ચક ગ્રાન્ટની ફાળવેલ રકમ**

૫૬૪૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ કડી તથા કલોલ તાલુકાની કઇ કઇ ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોયના વિકલ્પે ઉચ્ચક ગ્રાન્ટની કેટલી રકમની ફાળવણી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ?

**જવાબ**

તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ કડી તથા કલોલ તાલુકાની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોયના વિકલ્પે ઉચ્ચક ગ્રાન્ટની છેલ્લા બે વર્ષમાં ફાળવેલ રકમની વિગતો આ સાથેના * **પત્રક–અ** તથા * **પત્રક–બ** થી રજૂ કરેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ શૌચાલયો**

૪૭૯૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ કેટલા શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલાનું બાંધકામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયું અને કેટલાનું બાકી છે, અને

(૩) બાકી રહેલ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ ૨૦૨૯ શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ઉપરોક્ત મંજૂર કરાયેલ તમામ વ્યક્તિગત શૌચાલયોનું બાંધકામ પૂર્ણ કરાયેલ હોઇ બાકીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ, દાહોદ, પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાન નળીયાવાળા, સીમેન્ટવાળા, પતરાવાળા બનાવવા બાબત**

૫૫૪૪ **શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં ઈન્દિરા આવાસ બનાવવાની ડીઝાઈન કેવા કેવા પ્રકારની છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા પુરસ્કૃત ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકામાં આવાસની કોઈ ચોક્કસ ટાઈપ ડીઝાઈન નિયત થયેલ નથી. |
| (૨) રાજકોટ, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાન નળીયાવાળા, સીમેન્ટવાળા, પતરાવાળા બનાવવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૨) રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાન નળીયાવાળા, સીમેન્ટવાળા, પતરાવાળા બનાવવામાં આવતા નથી. ફક્ત આર.સી.સી. સ્લેબવાળા જ મકાન બનાવવામાં આવે છે. દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાન નળીયાવાળા, સીમેન્ટવાળા બનાવવામાં આવે છે. |
| (૩) અમરેલી જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાન માગ સ્લેબવાળા જ બનાવવાની જોગવાઈ છે કે કેમ, | (૩) ના, અમરેલી જિલ્લાનો ભૂકંપ આધારિત ઝોન મુજબ ઝોન–૩ માં સમાવેશ થતો હોઈ ઈન્દિરા આવાસના મકાનો સ્લેબવાળા બનાવવામાં આવે છે. |
| (૪) જો હા, તો અન્ય જિલ્લા જેમ નળીયાવાળા કે સિમેન્ટ પતરાવાળા બનાવવા સરકાર ફેરફાર કરવા શી વિચારણા કરી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો હા, તો ક્યારથી ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ**

૫૫૬૯ **શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ કેટલા ધારકોને આપવામાં આવ્યા અને કેટલા બાકી છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ તથા આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડની વિગત દર્શાવતા મહેસાણા તથા અમદાવાદ જિલ્લાના અનુક્રમે * **પત્રક–૧** તથા * **પત્રક–૨** આ સાથે સામેલ છે. |
| (૨) જો આવા બારકોડેડ રેશનકાર્ડ હજુ સુધી ન અપાયા હોય તો તેના કારણો શા છે, અને | (૨) હયાત રેશનકાર્ડના બદલામાં ફોર્મ નં.૧ માં ધોરણસરની અરજી કરેલ હોય તેવા કાર્ડધારકોના બાયોમેટ્રીક તેમજ ફોટા મેળવી તબક્કાવાર વાજબી ભાવની દુકાનના વિસ્તારદીઠ બારકોડેડ રેશનકાર્ડના વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. આ એક વિશાળ કામગીરી છે. લોકાભિમુખ અભિગમ રાખીને જે વિસ્તારોમાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે તે વિસ્તારમાં રેશનકાર્ડ ધારકો હયાત રેશનકાર્ડની સામે રાહતદરનો જથ્થો મેળવી શકે છે. તેવી વ્યવસ્થા અમલમાં છે. |
| (૩) તમામ કાર્ડધારકોને કેટલા સમયમાં આવા કાર્ડ આપવામાં આવશે ? | (૩) અરજદારોના ફોટા તેમજ બાયોમેટ્રીક મેળવ્યા બાદ બનતી ત્વરાએ. |

**પત્રક–૧**

| અ.નં. | તાલુકાનું નામ | કુલ એકંદર માન્ય ફોર્મ | વિતરણ કાર્ડ બારકોડ રેશનકાર્ડ વિતરણની વિગત | બારકોડ રેશનકાર્ડ વિતરણ બાકીની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ઉંઝા | ૩૭૩૨૭ | ૧૭૬૪૭ | ૧૯૬૮૦ |
| ૨ | કડી | ૬૩૮૫૨ | ૧૨૯૧૦ | ૫૦૯૪૨ |
| ૩ | ખેરાલુ | ૨૭૬૫૨ | ૧૮૮૦૧ | ૮૮૫૧ |
| ૪ | બેચરાજી | ૨૧૬૭૫ | ૬૫૧૧ | ૧૫૧૬૪ |
| ૫ | મહેસાણા | ૧૧૬૦૮૦ | ૩૨૨૩૫ | ૮૩૮૪૫ |
| ૬ | વડનગર | ૨૮૪૯૮ | ૨૧૮૫૭ | ૬૬૪૧ |
| ૭ | વિસનગર | ૫૬૯૦૨ | ૨૪૩૧૯ | ૩૨૫૮૩ |
| ૮ | વિજાપુર | ૫૭૦૯૯ | ૧૭૬૬૬ | ૩૯૪૩૩ |
| ૯ | સતલાસણા | ૧૮૦૭૭ | ૧૩૦૨૧ | ૫૦૫૬ |
| | **કુલઃ** | **૪૨૭૧૬૨** | **૧૬૪૯૬૭** | **૨૬૨૧૯૫** |

**પત્રક–૨**

| અ.નં. | તાલુકાનું નામ | કુલ એકંદર માન્ય ફોર્મ | વિતરણ કાર્ડ બારકોડ રેશનકાર્ડ વિતરણની વિગત | બારકોડ રેશનકાર્ડ વિતરણ બાકીની વિગત |
|---|---|---|---|---|
| ૧ | દેત્રોજ | ૧૭૪૧૪ | ૬૬૨૩ | ૧૦૭૯૧ |
| ૨ | દસ્ક્રોઇ | ૫૦૭૯૪ | ૧૯૪૯૭ | ૩૧૨૯૭ |
| ૩ | ધંધુકા | ૩૩૮૧૩ | ૭૯૫૧ | ૨૫૮૬૨ |
| ૪ | ધોળકા | ૪૬૪૬૯ | ૫૫૮૯ | ૪૦૮૮૦ |
| ૫ | બરવાળા | ૧૫૧૦૮ | ૯૮૪૩ | ૫૨૬૫ |
| ૬ | બાવળા | ૩૧૪૩૭ | ૩૭૩૭ | ૨૭૭૦૦ |
| ૭ | માંડલ | ૧૫૧૫૪ | ૫૨૦૩ | ૯૯૫૧ |
| ૮ | રાણપુર | ૨૧૦૫૮ | ૧૩૬૮૪ | ૭૩૭૪ |
| ૯ | વિરમગામ | ૪૧૦૫૭ | ૯૫૫૭ | ૩૧૫૦૦ |
| ૧૦ | સાણંદ | ૩૯૦૧૦ | ૨૮૫૮ | ૩૬૧૫૨ |
| | **કુલઃ** | **૩૧૧૩૧૪** | **૮૪૫૪૨** | **૨૨૬૭૭૨** |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવા અંગે**

૪૭૩૯ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨ માં આણંદ અને ખેડા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવ્યું,

(૨) કેટલી શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવાનું બાકી છે, અને

(૩) બાકી શાળાઓમાં ધોરણ–૮ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નીચે મુજબની શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવ્યું.

| જિલ્લો | ૨૦૧૧ | ૨૦૧૨ | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૮૧ | ૨૭૮ | ૩૫૯ |
| ખેડા | ૨૬૦ | ૩૪૮ | ૬૦૮ |

(૨) આણંદ જિલ્લામાં ૪૯ શાળાઓ બાકી છે જ્યારે ખેડા જિલ્લામાં કોઇ શાળા બાકી નથી.

(૩) નિયત માપદંડ ધરાવતી શાળાઓમાં આગામી શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવશે.

---------

**દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓ**

૫૫૪૭ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓના કેટલા જર્જરિત ઓરડાઓ મરામત કરવામાં આવ્યા, અને

(૧) તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં દાંતા તાલુકાની ૧૧ શાળાના ૪૨ ઓરડા મરામત કરવામાં આવેલ છે.

અમીરગઢ તાલુકામાં ૧૯ શાળાના ૬૯ ઓરડા મરામત કરવામાં આવ્યા છે.

(૨) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) દાંતા તાલુકામાં રૂ।.૨૨,૫૪,૧૬૪/- અને અમીરગઢ તાલુકામાં રૂ।.૩૩,૩૫,૩૧૬/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ફોજદારી કોર્ટમાં ભરાવો થયેલ કેસો**

૪૭૯૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ફોજદારી કોર્ટોમાં કેટલા કેસોનો ભરાવો થયેલ છે,

(૧) ફોજદારી કોર્ટમાં પડતર કેસો

| | |
|---|---|
| વડા મથક ખાતે | ૧૨૬૩ |
| તાલુકા કોર્ટ, વેરાવળ | ૩૭૩ |
| તાલુકા કોર્ટ, ઉના | ૫૧૯ |
| **કુલઃ** | **૨૧૫૫** |

સબોર્ડીનેટ કોર્ટોમાં પડતર કેસો

| | |
|---|---|
| વડા મથક ખાતે | ૧૦૧૨૪ |
| વેરાવળ | ૫૩૨૩ |
| વંથલી | ૧૩૦૪ |
| માળીયા હાટીના | ૯૯૮ |
| કેશોદ | ૧૯૬૭ |
| માંગરોળ | ૨૫૪૮ |
| માણાવદર | ૬૮૩ |
| ભેંસાણ | ૩૧૬ |
| વિસાવદર | ૫૫૨ |
| કોડીનાર | ૩૫૯૩ |
| તલાલા | ૨૧૦૦ |
| ઉના | ૯૨૭૧ |
| મેંદરડા | ૩૮૫ |
| સુત્રાપાડા | ૧૫૯૬ |
| **કુલઃ** | **૪૦૭૬૦** |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા કેસો બે વર્ષ કે તેથી વધુ સમયના છે, અને

(૨) જૂનાગઢ જિલ્લા ફોજદારી કોર્ટમાં પડતર કેસો

| | **૧ વર્ષ જુના** | **૨ વર્ષ જુના** |
|---|---|---|
| વડા મથક ખાતે | ૬૮૬ | ૫૭૭ |
| તાલુકો કોર્ટ, વેરાવળ | ૨૩૫ | ૧૩૮ |
| તાલુકા કોર્ટ, ઉના | ૧૨૬ | ૩૯૩ |
| **કુલઃ** | **૧૦૪૭** | **૧૧૦૮** |
| **સબોર્ડીનેટ કોર્ટોમાં પડતર કેસો** | | |
| વડા મથક ખાતે | ૪૮૨૮ | ૫૨૯૬ |
| વેરાવળ | ૧૫૪૯ | ૩૭૭૪ |
| વંથલી | ૨૪૮ | ૧૦૫૬ |
| માળીયા હાટીના | ૪૬૧ | ૫૩૭ |

| | | |
|---|---|---|
| માંગરોળ | ૧૧૧૪ | ૧૪૩૪ |
| માણાવદર | ૪૩૫ | ૨૪૮ |
| ભેંસાણ | ૨૩૭ | ૭૯ |
| વિસાવદર | ૩૫૮ | ૧૯૪ |
| કોડીનાર | ૧૪૬૭ | ૨૧૨૬ |
| તલાલા | ૭૨૨ | ૧૩૭૮ |
| ઉના | ૨૧૧૬ | ૭૧૫૫ |
| મેંદરડા | ૨૨૭ | ૧૫૮ |
| સુત્રાપાડા | ૩૬૩ | ૧૨૩૩ |
| **કુલઃ** | **૧૫૦૬૯** | **૨૫૬૯૧** |

(૩) આવા કેસોનો ઝડપી નિકાલ કરવા સરકારે શા પગલાં લીધા ?

(૩) બંધારણની કલમ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપર વહીવટી અંકુશ વડી અદાલતનો રહ્યો છે. અને તાબાની કોર્ટો પર વડી અદાલતોનો સંપૂર્ણ વહીવટી અંકુશ રહેલો છે. કેસોના ઝડપી નિકાલ માટે વડી અદાલત ચાંપતી નજર રાખે છે અને જરૂર જણાય ત્યાં જૂનો કેસોનો નિકાલ માટે સૂચના આપે છે. વહીવટી અને ન્યાયિક બાજુની કામગીરી શક્ય તેટલી કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવે છે. કેસોના નિકાલ માટે અવારનવાર લોક અદાલત યોજીને તથા સાંધ્ય કોર્ટોમાં કેસો ચલાવીને કેસોને ઝડપી નિકાલ કરવામાં આવે છે.

---------

## પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કંમ્પાઉન્ડ વોલ અને હાયર સેકન્ડરી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા

૫૫૩૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કંમ્પાઉન્ડ વોલ અને હાયર સેકન્ડરી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી ?

**જવાબ**

(૧) **પ્રાથમિક વિભાગઃ–**

તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ૮૦૮ સરકારી પ્રાથમિક શાળાઓ પૈકી ૨૪ શાળાઓમાં કંમ્પાઉન્ડ વોલ નથી.

**માધ્યમિક વિભાગઃ–**

તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નીચેની વિગતે હાયર સેકન્ડરી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાઓની સુવિધા નથી.

| હાયર સેકન્ડરી શાળાનો પ્રકાર | કોમ્પ્યુટર લેબ નથી તેવી હાયર સેકન્ડરી શાળાઓની સંખ્યા | વિજ્ઞાન પ્રયોગશાળાઓની સુવિધા નથી તેવી હાયર સેકન્ડરી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| સરકારી | ૦૧ | ૦૨ |
| ગ્રાન્ટેડ | ૦૦ | ૦૦ |
| નોન–ગ્રાન્ટેડ | ૦૦ | ૦૦ |
| **કુલઃ** | **૦૧** | **૦૨** |

---------

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ મજૂરોને વેતન ચૂકવવા બાબત

૫૫૭૧ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં મહાત્મા ગાંધી

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામોના કેટલા મજૂરોને વેતન ચૂકવવાનું બાકી છે,

રોજગાર ગેરંટી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૯ ગામોના ૫૬૮ મજૂરોને વેતન ચૂકવવાનું બાકી છે, તેની વિગત નીચે મુજબ છે,

**ભિલોડાઃ**

| ક્રમ | ગ્રામ પંચાયતનું નામ | મજુરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધંધાસણ | ૧૫ |
| ૨ | ધોલવાણી | ૩ |
| ૩ | નાના કંથારીયા | ૯ |
| ૪ | અણસોલ | ૪૦ |
| ૫ | ભાણમેર | ૧૮૬ |
| **ક્રમ** | **ગ્રામ પંચાયતનું નામ** | **મજુરોની સંખ્યા** |
| ૬ | વાઘપુર | ૯૪ |
| ૭ | પાલ્લા | ૧૩૨ |
| ૮ | મલાસા | ૬૮ |
| ૯ | ચોરીમાલા | ૨૧ |
| | **કુલઃ** | **૫૬૮** |

તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૨૮ ગામોના ૩૧૧૦૯ મજૂરોને વેતન ચૂકવવાનું બાકી છે, તેની વિગત નીચે મુજબ છે,

**મેઘરજ :**

| ક્રમ | ગ્રામ પંચાયતનું નામ | મજુરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પટેલ ઢુંઢા | ૧૬૮૩ |
| ૨ | પંચાલ | ૯૧ |
| ૩ | બેલ્યો | ૫૯૭ |
| ૪ | ધોરવાડા | ૭૦ |
| ૫ | શણગાલ | ૪૪૪ |
| ૬ | ખોખરીયા | ૨૪૫૪ |
| ૭ | લાલપુર | ૮૪૫ |
| ૮ | સીસોદરા (અ) | ૨૭૮૧ |
| ૯ | મુડસી | ૩૯૫૩ |
| ૧૦ | રેલ્લાવાડા | ૧૦૦૯ |
| ૧૧ | મોટી મોયડી | ૨૧૨૭ |
| ૧૨ | ઇપલોડા (સીસો.) | ૧૦૧૮ |
| ૧૩ | રાયાવાડા | ૧૮૬૧ |
| ૧૪ | ઉન્ડવા | ૧૦૦૭ |
| ૧૫ | કસાણા | ૮૯૮ |
| ૧૬ | ડચકાં | ૬૧૯ |
| ૧૭ | ભેમાપુર | ૬૩૫ |
| ૧૮ | મોટી પંડુલી | ૮૭૩ |
| ૧૯ | તુંબડીયા | ૩૮૭ |
| ૨૦ | લાલોડીયા | ૬૮૦ |
| ૨૧ | બાંઠીવાડા | ૪૩૫ |
| ૨૨ | લીંબોદરા | ૨૧૫૩ |
| ૨૩ | વાણીયાવાડા | ૩૧૮ |

| | | |
|---|---|---|
| ૨૪ | રામગઢી | ૧૬૯૯ |
| ૨૫ | નવાગામ (ક) | ૧૨૭૮ |
| ૨૬ | વાઘપુર | ૧૨૯ |
| ૨૭ | મહુડી | ૬૬૯ |
| ૨૮ | કાલીયાકુવા | ૩૯૬ |
| | **કુલઃ** | **૩૧૧૦૯** |

(૨) તે તાલુકા પ્રમાણે કેટલી છે, અને

(૨) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં રૂ. ૩,૨૧,૨૪૫/- અને મેઘરજ તાલુકામાં રૂ. ૨,૧૬,૩૨,૩૦૬/- ચૂકવવાની બાકી છે,

(૩) આ બાકી વેતન ક્યાં સુધી ચૂકવવામાં આવશે?

(૩) આ વેતન આજની તારીખે ચૂકવાઇ ગયેલ છે.

---------

## પોઇન્ટ ઓફ ઓર્ડર

સસ્પેન્શન રદ કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન વિપક્ષના કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ આપે સતત સૂચનાઓ આપી અને આપે એમ પણ કહ્યું કે પ્રશ્નોત્તરીકાળ પૂરો થાય પછી તમે રજૂઆત કરો. હું વ્યાજબી ઉકેલ કરીશ. તમે સત્તાધારી પક્ષને પણ કહો. સાથે મળીને ચર્ચા કરવી હોય તો પણ તમે બંને સાથે આવો, તો હું અલગથી મંજૂરી આપીશ. આ પ્રમાણે આપે આટલી ઉદારતાથી એમની સાથે વર્તન કર્યું, છતા પણ વિપક્ષના સભ્યો, કોંગ્રેસના સભ્યશ્રીઓએ એક કલાક દરમ્યાન ગૃહનો પ્રશ્નોત્તરીનો અતિ કિંમતી સમય માનનીય સભ્યશ્રીઓને જે પ્રશ્નો પૂછવા હતા અને માનનીય મંત્રીશ્રીઓને વિગતવાર જવાબ આપવા હતા, એમાં સતત વિક્ષેપ કર્યો છે. ગઇ કાલે આપણી કામકાજ સલાહકાર સમિતિ હતી. કામકાજ સલાહકાર સમિતિની મીટિંગમાં પણ વિપક્ષના સભ્યો હોય છે. દંડકશ્રી પણ હતા. એમણે કોઇપણ રીતે પાણીના પ્રશ્ન અંગે અથવા આજે જે પ્રશ્ન આખો ઊભો કર્યો, એના વિષે કોઇપણ રજૂઆત કરી નહોતી. કાલે કદાચ કામકાજ સલાહકાર સમિતિમાં રજૂઆત કરી હોત, આ મુદ્દો રજૂ કર્યો હોત તો સરકાર તરફથી અમે વિચારત, કે આને વ્યાજબી રીતે રજૂઆત માટે સમય ફાળવવો, પણ ગઇકાલે એમણે કામકાજ સલાહકાર સમિતિમાં કોઇપણ જાતની રજૂઆત ન કરી અને આજે એમણે જે રીતે અહીંયા વર્તન કર્યુ છે. આપને સતત નિયમોથી જે સત્તા પ્રાપ્ત થઇ છે. કલમ–૫૧ પ્રમાણે તમામ સભ્યોને આજના દિવસ માટે અહીંયાથી બરખાસ્ત કર્યા છે. ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા છે. મને તો એવું જાણવા મળ્યું છે કે દિલ્હી કોંગ્રેસના નેતાઓ ગયા ત્યાં તેમને સતત ઠપકો મળ્યો છે કે તમે ગૃહની કાર્યવાહી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : નિતીનભાઇ, એ શબ્દ નહીં. તમારે આના વિષે કહેવું હોય તે કહો. એ ક્યાં ગયા શું કર્યુ એ આપણું કામ નથી. એમણે જે પણ કર્યુ હોય એ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે બીજું એ પણ કહેવું છે કે પાણી પુરવઠા વિભાગની બજેટની અહીંયા વિગતવાર ચર્ચા થઇ. આખો દિવસ એના માટે વિપક્ષના સભ્યશ્રીઓએ સૂચનો કર્યાં, રજૂઆત કરી, ટીકાઓ પણ કરી છે. એનો પણ પૂરતો સમય મળ્યો હતો. સામાન્ય બજેટની ચર્ચા ઉપર પૂરતો સમય મળ્યો છે. આજે એ પ્રમાણે વર્તન કર્યુ છે એ યોગ્ય નથી. છતા પણ અમારા સરકાર પક્ષ તરફથી મારી આપને વિનંતી છે કે જો આપને યોગ્ય લાગે તો આજે આપે એમનું જે સન્પેન્શન કર્યુ છે. આજે અતિ મહત્વના નાણાકીય બિલો અને અન્ય બિલો પણ છે. આપ ઇચ્છો તો આમાં એમને નિયમથી જુદા પડીને પણ ગૃહમાં એમને પાછા આવવું હોય તો આપને સાહેબ યોગ્ય લાગે તો આપનો નિર્ણય બદલો તો પણ માનનીય સભ્યશ્રીઓની સંમતિ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો.

આ વિધાનસભા એ નિયમોના નિયમ પ્રમાણે ચાલે અને વિપક્ષના નેતા પોતે ઇચ્છે તેવો મુદ્દો વિધાનસભાના નિયમોમાં કોઇપણ પ્રકારની જોગવાઇ ન હોય તે ઉપાડીને સભ્યો માટેનો સૌથી અગત્યનો કોઇ કાળ હોય તો પ્રશ્નકાળ છે અને પ્રશ્નકાળની અંદર સભ્યોને તેમના અધિકારોથી વંચિત રાખવા માટેનો જે પ્રયાસ કર્યો. ઉપરાંત ૨૦૦૮ થી ૨૦૧૨ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો અને નિર્ણય નં.૪ માં બહુ સ્પષ્ટ લખેલ છે કે એક વખત અધ્યક્ષસ્થાનેથી એવું કહેવામાં આવ્યું હોય કે આપ પ્રશ્નોત્તરીકાળમાં આ મુદ્દો નહિ ઉપાડી શકો અને આપના નિર્ણય પછી આ સન્માનનીય સભાગૃહની અંદર સૂત્રોચ્ચાર કરવામાં આવે એ ગૃહના નિયમો અને પ્રણાલિકાઓનો ભંગ કરીને અધ્યક્ષના નિર્ણય વિરુદ્ધ જે સૂત્રોચ્ચાર કર્યા છે એ આ ગૃહની ગરિમાનું અવમાન છે.માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫ થી ૨૦૦૨ દરમ્યાન અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં બહુ સ્પષ્ટ લખ્યું છે કે સભાગૃહમાં કરવાની કામની યાદીમાં જે બાબત ન હોય તે બાબતની ચર્ચા અધ્યક્ષશ્રીની સંમતિ વિના થઇ શકે નહીં. એમણે ૧૦૮ની નોટીસ આપી હતી. એ ૧૦૮ની નોટીસ નિયમની અંદર યોગ્ય નથી એટલે આપે આપના અધિકારના માધ્યમથી એ ૧૦૮ની નોટીસ રદ કરી. ઉપરાંત મહેસૂલ વિભાગની માગણીઓની ચર્ચાની અંદર સૌરાષ્ટ્ર અને કચ્છના પીવાના પાણીની સમસ્યાનો માનનીય મંત્રીશ્રીએ વ્યાપક જવાબ આપ્યો છે. આ નિયમોના નિયમોનું વિપક્ષના નેતા દ્વારા સદંતર અવમાન કરવામાં આવ્યું છે. આ આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગણપતભાઇ, ટૂંકમાં જે કહેવાનું હોય તે કહો, નિર્ણય મેં આપ્યો છે. તમારા કોઇની રીકવેસ્ટથી નથી કર્યો, સમજી જાઓ. ઇટ વોઝ યોર ડ્યુટી.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો સમય એટલે ગૃહનો અતિ મહત્વનો સમય ગણાય છે. ગૃહના બન્ને પક્ષના સભ્યશ્રીઓ પ્રજાના જે કંઇ પ્રશ્નો છે તે આ ગૃહમાં ઉજાગર કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોમાં પણ સ્પષ્ટ જોગવાઇ છે. આપણી ઉચ્ચ પ્રણાલિકાઓ પણ છે. કોઇપણ બાબતની ગૃહમાં ચર્ચા કરવી હોય તો આપણે અધ્યક્ષશ્રીની મંજૂરી લીધા પછી પ્રશ્નોત્તરી પછી અધ્યક્ષશ્રી તેની મંજૂરી આપે તો તેની ચર્ચા કરવામાં આવતી હોય છે. આ વિધાનસભાને લોકશાહીનું મંદિર ગણવામાં આવ્યું છે. સંસદીય લોકશાહીની પ્રણાલિકાઓ અને બંધારણીય અધિકારો અને વિધાનસભાના નિયમો અને સંસદીય પ્રણાલિકા ઉપર આ ગૃહ અવલંબિત હોય છે. સભાગૃહનું ગૌરવ જાળવવું, સંસદીય લોકશાહીની ઉચ્ચ પ્રણાલિકાઓ સુરક્ષિત રાખવી એ અધ્યક્ષ સહિત તમામ સભ્યશ્રીની જવાબદારી હોય છે. આપે અનેક વખત નમ્ર વિનંતી કરી હોવા છતાં પણ વિપક્ષના નેતા સહિત તમામ સભ્યોએ આપની વિનંતીની અવગણના કરીને તેમના સૂત્રો પોકારવાનું ચાલુ રાખ્યું. ગુજરાતના પ્રજાના જે અતિ મહત્વના પ્રશ્નોની ચર્ચા થવાની હતી તે પ્રશ્નો ફાડવામાં આવ્યા, તેને ઉછાળવામાં આવે, ગૃહનું અને આપનું અપમાન કરીને, અવમાન કરીને તેમણે નિયમો ભંગ કરીને આજે જે કોઇ કાર્ય કર્યુ છે તે માત્રને માત્ર સસ્તી લોકપ્રિયતા હાંસલ કરવા માટે કર્યુ છે. જે એમનો પ્રશ્ન છે, આ બાબતે માનનીય મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર પણ ખૂબ લંબાણથી ચર્ચા કરી હતી. બજેટ વખતે પણ ખૂબ લંબાણથી ચર્ચા કરી હતી. આ વિભાગની માગણીઓ ઉપર ચર્ચા હતી ત્યારે પણ કલાકોના કલાકો સુધી ચર્ચા કરી હોવા છતાં પણ આજે આ પ્રકારનું પ્રદર્શન તે ગૃહને યોગ્ય ન હતું. આજે આ વિભાગના માનનીય મંત્રીશ્રી જયારે કલમ.૪૪ નું નિવેદન કરવાના હતા. આપે વિનંતી કરી હોવા છતાં પણ આ પ્રકારનું જે કૃત્ય થયું છે તે આ સભાગૃહ માટે યોગ્ય નથી. છતાં અમારા માનનીય મંત્રીશ્રીએ આપશ્રીને જે વિનંતી કરી છે તેમાં યોગ્ય નિર્ણય લો તેટલી વાત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક સ્પષ્ટતા કરવાની છે. આપે એમ કહ્યું કે તમારે કરવાનું હતું, પણ પ્રશ્નોત્તરીકાળ ચાલુ હતો. આપે પ્રશ્નો એલાઉ કર્યા. કાર્યવાહી ચાલુ હતી તે વખતે અમે આ દરખાસ્ત કરી શકયા હોત. કલમ.૫૧ પ્રમાણે આપને મળેલા અધિકારથી આપે સુઓમોટો એમને આદેશ કર્યો છે. આપે આદેશ ન કર્યા હોત તો ગૃહને ડીસીપ્લીનમાં રાખવા માટે અને યોગ્ય કાર્યવાહી કરવા માટે પ્રશ્નોત્તરીકાળ પત્યા પછી તરત જ અમે દરખાસ્ત લાવત એટલે અમે અમારી ફરજ તો બજાવેલ છે. એટલે અમે અમારી ફરજ તો બજાવવાના છીએ પણ આપે કહ્યું કે તમારે કરવાનું કામ હતું પણ એ પ્રશ્નોત્તરીકાળ પછી અમારો વિષય આવતો હતો એટલું સાહેબ, ધ્યાનમાં લેવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી નીતિનભાઇએ એક વાર દરખાસ્ત મૂકી કે આમને ફરીથી લેવા જોઇએ. બીજીવાર એમ કહો છો કે, પ્રશ્નોત્તરીકાળ દરમિયાન કોઇ પ્રશ્ન કે કોઇ વાત એવી ઉભી થઇ હોય એની સામે છે. વાંધો કરીને અહીંયા આવીને એટેક કરે, બધાયને કાંઠલા પકડીને તમને બધાયને બહાર કાઢે, તો શું બેઠા રહેવાનું મારે? તમારો કોઇ નિર્ણય ન હતો, તમારી કોઇ પ્રપોઝલ હતી નહીં અને જો હાઉસ બરાબર વ્યવસ્થિત ન ચાલતું હોય તો એને ચલાવવાની જવાબદારી અધ્યક્ષની છે. જયારે આવો ઘોંઘાટ થતો હોય ત્યારે ભૂતકાળની અંદર કોઇ સભ્ય સાંભળી ના શકે એટલા માટે થઇને એ મુલતવી રાખતા હતા. આજે સ્થિતિ એવી છે કે, મોર્ડન ટેકનોલોજીના કારણે તમે બધા કાનની અંદર ઇયરફોન ચડાવી અને એકેએક વ્યક્તિ શું સવાલ પૂછે છે, એનો જવાબ શું આપે છે એ સાંભળી શકતા હતા એટલે તમારો કોઇનો હક્કક અને અધિકાર નહીં. ત્યાં ઉભા ઉભા જયાં સુધી અવાજ કરતા હતા ત્યાં સુધી પણ મેં એમને કંઇ કહ્યું નથી પણ એમણે શિસ્તની મર્યાદા ઓળંગી અને જયારે આ વેલની અંદર આવ્યા અને અશિસ્ત દર્શાવી એટલા જ લોકોને મેં બહાર કાઢ્યા છે. જોગાનુજોગ ભલે બધા બહાર નીકળી ગયા અને આવા પ્રકારના નિર્ણયની અંદર જો ફેર વિચારણા કરવામાં આવે તો જે કાંઇ નિયમ ૫૧ અને ૫૨ છે એના માટે કોઇ મર્યાદા રહે જ નહીં. આ નિર્ણય આપેલો છે એ અધ્યક્ષશ્રીએ આપેલો છે, આપની જે કોઇ વિનંતી હતી અને કામ બરાબર ચાલે. મારે આ વિધાનસભા આજના દિવસ માટે નહીં, કાયમ માટે બરાબર ડીસીપ્લીન રીતે ચાલે એના માટે થઇને મેં જે નિર્ણય લીધો છે એમાં હું કોઇ ફેરફાર કરવા માગતો નથી અને આપની વિનંતી છે એ સપ્રેમ આપની પાસે રાખો એવી આપને વિનંતી. નેકસ્ટ.

## મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

અછત તેમજ અર્ધ અછતગ્રસ્ત ગામોની વિગત

શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ– ૪૪ મુજબ હું આ નિવેદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ ૩૦–કની જોગવાઇ મુજબ વર્ષ ૨૦૧૨ના ખરીફ–૧ પાકોની આનાવારી કરી, તેના અહેવાલો જિલ્લા કલેકટરો પાસેથી રાજય સરકારને મળેલ છે. તે જોતાં ૧૦ જિલ્લાના ૬૯ તાલુકાના ૩૯૧૮ ગામો પૈકી ૯૩૯ ગામોની આનાવારી ૪ આની નીચે આવેલી છે અને ૨૯૭૯ ગામોની આનાવારી ૪ થી ૬ વચ્ચે આવે છે. ૪ આની હેઠળના ૯૩૯ ગામો અછત તેમજ ૨૯૭૯ ગામો અર્ધ અછતની પરિસ્થિતિ સૂચવે છે. જે નીચે પ્રમાણે છે.

અછત/ અર્ધ અછતગ્રસ્ત ગામોની વિગત– કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના ૫ ગામ, લખપત તાલુકાના ૯૫ ગામ, પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના ૩૯ ગામ, બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ૭ ગામ, વાવ તાલુકાના ૧૧૯ ગામ, અમદાવાદ જિલ્લાના અમદાવાદ સીટીના ૭ ગામ, સાણંદ તાલુકાનું ૧ ગામ, રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ૩૧ ગામ, ગોંડલ તાલુકાના ૮૨ ગામ, જામકંડોરણા તાલુકાના ૪૫ ગામ, જેતપુર તાલુકાના ૪૯ ગામ, કોટડાસાંગાણી તાલુકાના ૪૧ ગામ, લોધીકા તાલુકાના ૩૮ ગામ, મોરબી તાલુકાના ૭૯ ગામ, પડધરી તાલુકાના ૫૮ ગામ, માળીયામીયાણા તાલુકાના ૪૪ ગામ, રાજકોટ શહેરનું ૧ ગામ, રાજકોટ ગ્રામ્યના ૬૧ ગામ, ટંકારા તાલુકાના ૪૭ ગામ, ઉપલેટા તાલુકાના ૫૧ ગામ, વાંકાનેર તાલુકાના ૯૦ ગામ, જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના ૫૩ ગામ, ધ્રોલ તાલુકાના ૪૨ ગામ, જામજોધપુર તાલુકાના ૬૯ ગામ, જામનગર શહેરનું ૧ ગામ, જામનગર ગ્રામ્યના ૧૦૦ ગામ, જોડીયા તાલુકાના ૪૪ ગામ, કાલાવડ તાલુકાના ૯૮ ગામ, કલ્યાણપુરા તાલુકાના ૬૬ ગામ, ખંભાળીયા તાલુકાના ૮૩ ગામ, લાલપુર તાલુકાના ૭૨ ગામ, દ્વારકા તાલુકાના ૪૩ ગામો, જૂનાગઢ જિલ્લોઃ ભેંસાણ તાલુકાના ૪૧ ગામ, જૂનાગઢ તાલુકાના ૭૧ ગામ, કેશોદ તાલુકાના ૪૬ ગામ, કોડીનાર તાલુકાના ૬૪ ગામ, માળિયા તાલુકાના ૬૪ ગામ, માણાવદર તાલુકાના ૫૭ ગામ, માંગરોળ તાલુકાના ૫૨ ગામ, મેંદરડા તાલુકાના ૪૪ ગામ, સુત્રાપાડા તાલુકાના ૪૭ ગામ, તલાલા તાલુકાના ૪૯ ગામ, ઉના તાલુકાના ૧૩૩ ગામ, વંથલી

તાલુકાના ૪૭ ગામ, વેરાવળ તાલુકાના ૫૫ ગામ, વિસાવદર તાલુકાના ૭૮ ગામ. પોરબંદર જિલ્લોઃ કુતીયાણા તાલુકાના ૩૦ ગામ, પોરબંદર તાલુકાના ૫૫ ગામ, રાણાવાવ તાલુકાના ૨૮ ગામ. અમરેલી જિલ્લોઃ અમરેલી તાલુકાના ૭૧ ગામ, બાબરા તાલુકાના ૫૮ ગામ, બગસરા તાલુકાના ૩૩ ગામ, ધારી તાલુકાના ૭૮ ગામ, જાફરાબાદ તાલુકાના ૪૩ ગામ, ખાંભા તાલુકાના ૫૬ ગામ, લાઠી તાલુકાના ૫૧ ગામ, લીલીયા તાલુકાના ૩૭ ગામ, રાજુલા તાલુકાના ૭૨ ગામ, સાવરકુંડલા તાલુકાના ૮૨ ગામ, વડીયા તાલુકાના ૪૫ ગામ. ભાવનગર જિલ્લોઃ ભાવનગર ગ્રામ્યના ૧૩ ગામ, બોટાદ તાલુકાના ૫૩ ગામ, ગારીયાધાર તાલુકાના ૫૨ ગામ, ગઢડા તાલુકાના ૭૬ ગામ, ઘોઘા તાલુકાના ૨૮ ગામ, મહુવા તાલુકાના ૧૩૫ ગામ, પાલીતાણા તાલુકાના ૯૦ ગામ, શિહોર તાલુકાના ૮૧ ગામ, તળાજા તાલુકાના ૩૯ ગામ, ઉમરાળા તાલુકાના ૪૩ ગામ, વલ્લભીપુર તાલુકાના ૬૦ ગામ આમ કુલ ૧૦ જિલ્લાના ૬૯ તાલુકાના ૩૯૧૮ ગામનો સમાવેશ થાય છે.

ઉપરોકત વિગતો જોતાં રાહત મેન્યુઅલના ફકરા ૩૪ મુજબના આનાવારી અહેવાલો વિચારણામાં લીધા પછી મેન્યુઅલના ફકરા ૪૩ મુજબ મંત્રીમંડળની પેટા સિમિતની તા.૧૮/૩/૧૩ની બેઠકમાં ઉપર મુજબના ૯૩૯ ગામોમાં અછત અને ૨૯૭૯ ગામોમાં અર્ધઅછત જાહેર કરવા નિર્ણય લેવામાં આવેલ છે. જેની જાહેરાત આ સભાગૃહ સમક્ષ કરવામાં આવે છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ

સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ **(** ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો ઓડિટ અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## સરકારી વિધેયકો

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩૩

## ગુજરાત વિનિયોગ વિધેયક

## સન ૨૦૧૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરાં થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું, [1]રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૩, સન ૨૦૧૩ના ગુજરાત વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું, પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૩, સન ૨૦૧૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચા માટે સમય ફાળવવા અંગે

**અધ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની છે. આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે, આ વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૨૧ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલ છે, વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૩) મુજબ આ વિધેયક ઉપરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવાના નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય, પરંતુ આજે સરકારી વિધેયકો તેમજ સરકારી કામકાજ પણ હાથ ધરવાના હોઇ નિયમ-૨૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નિયમ-૨૩૮(૩)માં છૂટછાટ મૂકી આ વિનિયોગ વિધેયકની ચર્ચા અને મતદાન માટે સવારના ૧૦ વાગ્યા સુધીનો સમય હું ઠરાવું છું તથા વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યોની સંખ્યા જોતાં દરેક

---

* વિધેયક તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સભ્યને ચર્ચામાં ભાગ લેવા માટે બે મિનિટનો સમય ઠરાવું છું. તદ્અનુસાર તે મુદ્દાઓ ઉપરની ચર્ચા સમાપ્ત થયાં બાદ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

બધાને સસ્પેન્ડ કરેલા છે એટલે મુદ્દા વાંચવા માટેનો કોઇ સવાલ રહેતો નથી. આપનો પ્રસ્તાવ જ મૂકો.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારે બે મિનિટ પૂર્વભૂમિકા કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૩૩નું બીજું વાચન કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી :** નહિ તમારે કંઇ કહેવું હોય તો કહો. પહેલાં વાચનની અંદર કોઇ બોલ્યા નથી, છતાં પણ તમારે કંઇ કહેવું હોય તો કહો.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે જણાવું કે આ વિનિયોગ વિધેયક આપણે જે આખા વર્ષ દરમિયાન રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કામગીરી માટે ૧,૧૪,૪૫૦ કરોડ, ૪૧ લાખ ૨૨ હજારની રકમ જે આ સાથેના પત્રક પ્રમાણે સામેલ છે એની નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે સન ૨૦૧૩–૧૪ના નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થાય તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ઉપાડવા માટેનો અધિકાર આપતી આ વિનિયોગ વિધેયકમાં જોગવાઇ છે એટલે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ વિનિયોગ વિધેયક મંજૂર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૩૩, સન ૨૦૧૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૩૩, સન ૨૦૧૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૩૩, સન ૨૦૧૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક.૨૦

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક,૨૦૧૩.

### ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૦, સન ૨૦૧૩નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા(સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૦, સન ૨૦૧૩નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

* વિધેયક તા:૧૫મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સામાન્ય બજેટની રજૂઆત વખતે બજેટમાં કેટલાક નવા વેરા અને અન્ય કાયદાકીય જોગવાઇઓ દાખલ કરવી જરૂરી હતી એ પ્રમાણેની બજેટમાં રજૂઆત કરવામાં આવેલી. તે પ્રમાણે બજેટમાં અત્યાર સુધી ૫૦ લાખ સુધીના ટર્નઓવર ધરાવતાં જે વેપારીઓ હોય તેમને ૫૦ લાખથી સિલિંગ વધારી અને ૭૫ લાખ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતાં વેપારીઓને આપણે ઉચ્ચક વેરા માટે પરવાનગી આપવાનું નક્કી કરેલું છે. અને તેના માટે કાયદામાં જે જરૂરી ફેરફાર કરવો પડે એ ફેરફાર કરવાનું આ વિધેયકમાં અમે સૂચિત કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે રાજયમાં જે પર્યાવરણ સુધારા માટે અને પર્યાવરણની આવનારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે જે પ્રમાણેની સુંદર કામગીરી ચાલી રહી છે તેના કારણે કાર્બન ક્રેડિટ જે રાજયોને, સંસ્થાઓને, વ્યકિતઓને કે ઇન્ડસ્ટ્રીને જે પ્રાપ્ત થાય છે. તે કાર્બન ક્રેડિટની લે-વેચ કરવા ઉપર પણ અગાઉ જે ટેકસ હતો તેને ઘટાડવા માટે પણ અમે સૂચવ્યુ છે. તો તેની પણ કાયદાકીય મંજૂરી મેળવવા માટે આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સિગરેટ ઉપર અગાઉ જે ૨૫ ટકા વેટ લેવામાં આવતો હતો તેને વધારી અને ૩૦ ટકા કરવાની જે જોગવાઇ બજેટમાં અમે સૂચવી હતી તેને કાયદાકીય સ્વરૂપ આપવા માટે આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવી છે. એવી જ રીતે જે વહીવટી સુધારણા છે તેમાં અધિનિયમના અમલ દરમિયાન જે જગ્યાએ કલમ-૪ થી અધિનિયમની કલમ-૧૧માં નવી પેટા કલમ-૭-ક દાખલ કરી એવી જોગવાઇ કરી છે કે, માલની કોઇ પણ ખરીદી પર વેરા શાખની રકમ તે જ માલના સબંધમાં આ અધિનિયમ હેઠળ સરકારી તિજોરીમાં ખરેખર ચૂકવેલી વેરાની રકમ હોય તો તેનાથી વધે નહીં તે પ્રમાણે જોગવાઇ કરી છે. આમાં આપણે ત્યાં કયાંક કયાંક એવા બનાવો બન્યા છે એવી બાબતો ધ્યાનમાં આવી છે કે વેપારીઓ કે વેરાદાતાએ જે ટેકસ ભર્યો હોય એના કરતાં એ લોકો સામે વધારે ક્રેડિટ મેળવતા હતા અને પાછળથી વસૂલાત અંગેના પ્રશ્નો તથા તપાસ અંગેના પ્રશ્નો ઉભા થતા હતાં. તેથી આવું ન થાય એટલા માટે જેટલુ સેટઅપ મેળવવું હોય એટલી રકમ પહેલા તિજોરીમાં ભરાયેલી હોવી જોઇએ એ પછી ક્રેડિટ મળે. એટલે સરકારને આવકમાં કોઇ નુકસાન થાય નહિ એવી જોગવાઇ આ કલમમાં દાખલ કરેલ છે.

એવી જ રીતે વિધેયકની કલમ- ૬ થી અધિનિયમની કલમ ૩૪ની નવી પેટા કલમ ૮(ક) દાખલ કરી અને વેરો ટાળવા માટે કોઇ વ્યવહાર થયા હોય તો એની આકારણી તપાસ દરમિયાન જો કોઇ ગેરરીતિ જણાઇ આવે તો તરત જ એ કેસ પૂરતી આકારણી કરવાની. આમાં અગાઉ એવું હતું કે કોઇ વેપારીને ત્યાં કે કોઇ કરદાતાને ત્યાં કોઇ તપાસ કરવામાં આવે રેઇડ કરવામાં આવે એ વખતે કોઇ ગેરરીતિ માલૂમ પડે તો એનુ એસેસમેન્ટ એ વેપારીના જનરલ એસેસમેન્ટ વખતે આ તપાસ દરમિયાન ગેરરીતિ માલૂમ પડી હોય એનું કરવામાં આવતું હતું એના કારણે સમય લંબાઇ જતો હતો, કામગીરી પણ બેવડાઇ જતી હતી એટલે આ કાયદાથી સુધારો કરીને આપણે એવી જોગવાઇ કરી છે કે કોઇને ત્યાં તપાસ દરમિયાન ગેરરીતિ માલુમ પડે એસેસમેન્ટ કરવું પડે તો એ રેઇડ પૂરતું એ સમય પૂરતું જેટલો માલ અલગથી મળ્યો હોય અથવા જેટલી ગેરરીતિ જણાઇ હોય એનું અલગથી એ જ વખતે એસેસમેન્ટ કરવામાં આવશે અને એ એસેસમેન્ટનો ટેકસ સરકારની તિજોરીમાં એ સંસ્થાએ વેપારીએ કે પેઢીએ ભરવો પડશે જેથી રાજય સરકારની આવક ઉપર વિપરીત અસર ન થાય, કામગીરી બેવડાય નહિ અને લાંબા સમય સુધી ટેકસ ભરવાના પ્રશ્નો હતા એનું પણ નિરાકરણ થાય એટલા માટે આ કલમમાં સુધારો કરવામાં આવ્યો છે તેથી માનનીય સભ્યશ્રીઓને વિનતી છે કે રાજયના હિત માટે વેપારીઓના હિત માટે અમે આ વિધેયકમાં જોગવાઇ કરી છે તેથી સર્વાનુમતે આપશ્રી સૌ મંજૂર કરો તેવી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૩નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ ૨ થી ૭, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૩નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૩નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯**
**ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા વિધેયક)**
**ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક-૧૯, સન ૨૦૧૩ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક-૧૯, સન ૨૦૧૩ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪ના બજેટ દરમ્યાન આદરણીય નાણામંત્રીશ્રી ઇલેકટ્રીસિટી ડયૂટીમાં થોડા ફેરફારો લાવ્યા હતા અને ઘણા બધા નવા સૂચનો અને પારદર્શક વહીવટ લાવવા માટે આપણે ઇલેકટ્રીસિટી ડયૂટી એકટમાં સુધારો કરવા માટે હું અહીં આપની વચ્ચે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇલેકટ્રીસિટી ડયૂટી એ રાજયની વેટ પછીની સૌથી મોટી આવક છે. ૪૨૦૦ કરોડ રૂપિયા વાર્ષિક આવક આપણે લઇએ છીએ. તેમાં થોડી સ્પેસિફિક કલેરિટી આવે એ માટે કલમોમાં થોડા સુધારા કર્યા છે. થોડો કેપ્ટીવ ઉપર ટેકસ પણ વધાર્યો છે અને આવતા દિવસોમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે આપણે નીતિમાં પણ ફેરફાર લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સેકશન-૨-બીમાં ૨-બી(બી) તેમાં જે ઇન્ડસ્ટ્રીયલ અન્ડરટેઇકીંગ છે તેમાં જે મેન્યુફેક્ચરીંગ શબ્દ છે એની આપણે સ્પષ્ટતા કરી છે. કેન્દ્રના જે ઇન્કમટેકસ કાયદા છે એ કાયદો અને આપણાં કાયદામાં ફેરફાર હોવાના કારણે કેન્દ્ર સરકારનો જે ઇન્કમટેકસ કાયદો છે અને તેમાં જે ડેફીનેશન છે એ સંપૂર્ણપણે આની અંદર મૂકવામાં આવી છે.

બીજું સેકશન-૨ (સી)માં ઇલેકટ્રીસિટી ડયૂટીમાં ૧૯૧૦નો કાયદો અત્યાર સુધી કહેવામાં આવતો હતો. એટલે તેમાં સુધારો કરીને ઇલેકટ્રીસિટી એક્ટ ૨૦૦૩, કેન્દ્ર સરકાર લાવ્યા છે તેની અંદર એ એકટનો સમાવેશ કરવામાં આવ્યો છે. સેકશન-૨ (સી)સીમાં જી.ઇ.આર.સી.એ હમણાં એક ચુકાદો આપ્યો કે કોઇપણ ઉદ્યોગકાર હોય અન્ડરટેઇકીંગ, એની અંદર માત્ર એક જ મીટર હોવું જોઇએ. અત્યારે આપણે ત્યાં એની જે ઓફિસ હોય એ ઓફિસનું મીટર જુદું હોય છે અને ઉદ્યોગ માટેનું મીટર જુદું હોય છે. રેટ બધા સરખા હોય છે. ઇલેકટ્રીસિટી ડયૂટી પણ સરખી હોય છે. તો એમણે સ્પષ્ટપણે કહ્યું કે એક જ મીટર રાખો તો તેમાં

---

• વિધેયક તા. ૧૩મી માર્ચ ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અનુકૂળ પણ પડશે અને માત્ર જે પાંચ વર્ષની એકઝમ્પ્શન ડયૂટી જે આપીએ છીએ એ ઇ.ડી.માં ૯ યુનિટ હોય તો, તેમાં ઓફિસના મીટર ઉપર આપતા નહોતા અને આના કારણે જે નિર્ણય લીધો તેમાં સંપૂર્ણપણે હવે ઇ.ડી.માં જેમ પાંચ વર્ષની માફી મળશે એ ઓફિસ પ્રિમાઇસીસમાં વપરાતી વીજળી પર પણ મળશે અને ઉદ્યોગમાં વીજળી વાપરવા મળશે એટલે હવે એક મીટરના રેગ્યુલેટરના સૂચન પ્રમાણે સુધારો લાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨ (ઇ)(ઇ)માં Service Category જે હતી એ આપણે સંપૂર્ણપણે દૂર કરવા માગીએ છીએ. ઘણા સર્વીસ અન્ડરટેઇકીંગમાં લિટીગેશન થતા હતા. કલીનીંગ હોય તો ઉદ્યોગમાં ગણવું કે સર્વીસીસમાં ગણવું, કલીનીંગ હોય તો કલીનીંગવાળા કહે કે અમારે તો સર્વીસીસ છે. Re-treatment હોય તો એ વાળા આ વિષય કરતા હતા. એટલે આપણે નકકી કર્યું હતું કે સર્વીસ અન્ડરટેઇકીંગમાં કાલે ઉઠીને કોઇ પ્રોબ્લેમ ન થાય એટલે એ કેટેગરી કાઢી નાખી છે અને એલ.ટી. હોય તો ઇન્ડસ્ટ્રીઝમાં ૧૦ ટકા લાગશે. એચ.ટી. હોય તો ૧૫ ટકા લાગે અને એમાં કોઇમાં સમાવેશ નહીં થાય મેન્યુફેકચરીંગમાં વ્યાખ્યામાં, તો સીધું residuary માં ૨૫ ટકા લાગશે. એટલે એમાં કોઇ આવકમાં ફેરફાર થવાનો નથી. પરંતુ કાલ ઉઠીને લિટીગેશન ન થાય તેના માટે આ કામ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩(૨)(૧)(એ)ની અંદર હાલની તારીખમાં local self-government જે પાણીની વ્યવસ્થા ઉભી કરેલી છે તેમાં ઇ.ડી.ની માફી રાજય સરકાર પાસે છે પરંતુ સરકારી બોર્ડ કોર્પોરેશન, દા.ત. GWSSB આજે ખૂબ મોટા પ્રમાણમાં પાણીનું વિતરણ કરે છે તો એની ઇ.ડી. માટે કોઇ સત્તા આ કાયદામાં રાજય સરકાર પાસે હતી નહીં, એટલે કાયદામાં રાજય સરકાર દ્વારા પબ્લિક યુટીલીટી માટે આ જોગવાઇ કરવામાં આવી છે.

કલમ-૩(૨)(૫)(એ)માં હાલની તારીખમાં જે નોન કન્વેન્શનલ એનર્જી એટલે વિન્ડ અને સોલાર હોય એ લોકોને exemption ત્યારે અપાતું હતું કે એ વ્યક્તિ જાતે જનરેટ કરે અને પોતે વાપરે તો એને ઇ.ડી. માફી અપાતી હતી. પોતે વાપરતા હોય અને જનરેટ ન કરતા હોય તો માફી અપાતી નહોતી. એટલે થર્ડ પાર્ટીના લોકોને લાભ મળતો નહોતો. એટલે પ્રોત્સાહન આપવા માટે કોઇપણ વ્યક્તિને ઇ.ડી.ની માફી મળી શકશે. જો એ જનરેશન કરતો હોય કે જનરેશન ન કરતો હોય. એટલે વિન્ડ એનર્જી અને સોલાર એનર્જીને પ્રોત્સાહન આપવા માટે આ કલમમાં સુધારો કર્યો છે. એ ખૂબ મોટો સુધારો છે. આવતા દિવસોમાં આપણા ઉદ્યોગોને લાભ થશે. સેક્શન ૩૨૮ પ્રમાણે અત્યાર સુધી આપણે નવા યુનિટોને પાંચ વર્ષ exemption આપતા હતા. પણ નવું યુનિટ પાંચ વર્ષે exemption પૂરું થઇ જાય અને પછી એકસપાન્શન કરે. એ પછી diversification કરે તો એને લાભ મળતો નહોતો. આ વખતે આપણે એકસપાન્શન અને diversificationનો લાભ આપ્યો છે. દા.ત. આપણી પાસે જીનીંગ ફેકટરીઓ છે. એ જીનીંગની ફેકટરીના નામે સ્પીનીંગ કરવામાં આવે તો એને diversification ગણાતું હતું પણ એમાં આપણે ઇ.ડી.નો લાભ આપતા નહોતા. એકસપાન્શન- દા.ત. સ્પીનીંગ યુનિટ હોય અને એની અંદર સ્પીંડલ હોય અને મોટું રોકાણ કરતું હોય તો એ જે એકસપાન્શન કરતા હોય તો એની અંદર એને લાભ અપાતો નહોતો. આપણે પાંચ વર્ષ જ exemption ની મર્યાદા રાખી. આપણે ટેક્સટાઇલ પોલિસી લાવ્યા એની અંદર પણ આપીશું એટલે exemption અને diversification માં કોઇપણ નવું રોકાણ આવે. એ નવા રોકાણમાં જે મર્યાદા રૂલ્સમાં નક્કી કરીશું એને પાંચ વર્ષ માટેનું exemption આપણે આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા બે અગત્યના નિર્ણય લીધા છે એ શિડયુલ-૧ અને શિડયુલ-૨માં કર્યું છે. અત્યાર સુધી આપણે જે કલાસીફીકેશન હતું શિડયુલ-૧માં એમાં સાત કેટેગરી હતી. Residential, service undertaking, halls, cinemas, manufacturing, residuary and agriculture. આ સાત કેટેગરીમાં રીફોર્મના ભાગરૂપે ચાર કેટેગરી કરીએ છીએ. એટલે residential રાખીએ છીએ, industrial undertaking રાખીએ

છીએ, residuary રાખીએ છીએ અને હોસ્ટેલ માટેની આપણી સ્ટુડન્ટ માટેની જે વ્યાખ્યા છે એની સાથે ચાર કેટેગરી રાખીએ છીએ. સર્વિસીસનો જે ભાગ છે, એ industry કે માં residuary જાય અને hall or cinema માં જાય અને એગ્રીકલ્ચરને સંપૂર્ણપણે ડિલિટ કરી નાખીએ છીએ. એટલે કાલ ઉઠીને એગ્રીકલ્ચરમાં Electricity Duty કોઈપણ સરકારે લેવી હોય તો આ વિધાનસભામાં કાયદાની અંદર ફેરફાર કરવો પડે. અત્યારે એગ્રીકલ્ચરને આપણે સંપૂર્ણપણે ડિલિટ કરીએ છીએ. એટલે આપણે જે ડિલિટ કર્યું એ રાખ્યું છે.

એવી જ રીતે બીજું જે અગત્યનું માનનીય નાણાંમંત્રીશ્રી બજેટમાં લાવ્યા, શિડ્યુલ-૨ની અંદર આપણે કેપ્ટીવ જનરેશન હોય એની અંદર ઉદ્યોગને જે ૪૦ પૈસા લાગતી હતી, એ ૪૦ પૈસાના બદલે ૫૫ પૈસા કરવામાં આવ્યા છે. આનાથી આપણને વર્ષે રૂ.૨૫૦/- કરોડની આવક વધવાની છે અને આ માત્રને માત્ર મોટા ઉદ્યોગો છે. અત્યારે જે સરકાર બીજા કન્ઝુમર પાસે એટલે યુટીલીટી GUVNL હોય, PGVCL હોય એ E.D. ઉઘરાવે છે એ EDનો રેટ અને એની આવક અને આ કેપ્ટીવમાં ઘણો મોટો તફાવત હતો અને વર્ષોથી કેપ્ટીવમાં ભાવ વધારો કર્યો ન હતો. એટલે self-generation માટે જે મોટા ઉદ્યોગો હોય, એ કેપ્ટીવ જનરેશન કરે છે અને એ કેપ્ટીવ જનરેશનના વર્ષોથી ૪૦ પૈસા હતા એ ૪૦ પૈસાના આપણે ૫૫ પૈસા કર્યા છે અને એના કારણે રૂ.૨૫૦/- કરોડની આ વર્ષે આવક ઉભી થશે. આપણા આ ચેન્જીસના કારણે આવતા દિવસોમાં પારદર્શકતા આવશે, self-generation ની આવક વધશે એટલે. આ જે કાયદામાં સુધારા લાવ્યા છીએ એને મંજૂરી આપવા વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક- ૧૯ સન ૨૦૧૩નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ- ૨ થી ૬, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૧૯-સન ૨૦૧૩નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૧૯- સન ૨૦૧૩ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૮
## ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૧૩
## ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩નાવિધેયક ક્રમાંકઃ*૧૮- સન ૨૦૧૩ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ૧૮-સન ૨૦૧૩ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

* વિધેયક તાઃ ૮મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લાવવા પાછળનો આશય વીડિયો ગૃહના માલિકો ખૂબ ઓછું રોકાણ કરીને ખૂબ નીચા દરવાળી ટિકિટો રાખીને પ્રેક્ષકોને પ્રમાણમાં ખૂબ સસ્તા દરે મનોરંજન પૂરું પાડી શકે તે હેતુથી વીડિયો ગૃહ માટે ઉચ્ચક કરનું માળખું નિયત કરવામાં આવેલું હતું પરંતુ તાજેતરમાં એવી અનેક બાબતો ધ્યાન ઉપર આવી કે કેટલાક વીડિયોગૃહો, આ જોગવાઇનો દુરુપયોગ કરીને ગુજરાત સિનેમાના નિયમો ૧૯૮૪ હેઠળના વીડિયોગૃહ તરીકે લાયસન્સ મેળવે પરંતુ તેઓ વીડિયો દ્વારા પ્રદર્શનની વ્યાખ્યામાં દર્શાવેલ ટેકનોલોજીના એટલે કે વીડિયો કેસેટના ઉપયોગ કરવાના બદલે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરે અને પોતાના વીડિયોગૃહોમાં મલ્ટીપ્લેકસ સિનેમાની સાથે સાથે લેટેસ્ટ ટેકનોલોજીના ચલચિત્રો દર્શાવે અને આ થિયેટરોમાં ઘણા ઉંચા એટલે ૩૦૦-૪૦૦ રૂપિયા સુધીના દરો એ પ્રેક્ષકો પાસેથી એકત્રિત કરતા. એક બાજુ વીડિયોગૃહનું લાયસન્સ મેળવે અને ઉચ્ચક કરની રાહતનો લાભ મેળવે અને બીજી બાજુ મલ્ટીપ્લેકસ સિનેમાની સાથે સાથે લેટેસ્ટ ચલચિત્ર દર્શાવીને ટિકિટોના ઉંચા દરો વસૂલ કરે અને આ રીતે વીડિયો સિનેમાને અપાતી કર રાહતનો એ ગેરલાભ લે. ગુજરાતની અંદર પર કેપીટા ઇન્કમ લોકોની દિનપ્રતિદિન વધતી જાય છે અને આ ફાસ્ટ લાઇફની અંદર દરેક પરિવારને પોતાના પરિવારને મનોરંજન માટે કોઇકને કોઇક સ્થળોની મુલાકાત લેવા માટે ઇચ્છતું હોય. આપણો સાંસ્કૃતિક વારસો છે, આ સાંસ્કૃતિક વારસો જળવાઇ રહે અને ગુજરાતની અંદર ગુજરાતી કલાકારોને પણ એમાં પ્રાધાન્ય મળે અને આપણે જાણીએ છીએ કે દેશની અનેક ફિલ્મો ઉચ્ચ કક્ષાના મેસેજો સમાજની અંદર પહોંચાડતી હોય છે તેવા સંજોગોમાં નબળો અને ગરીબ વર્ગ જેમનો આ મોટો ખર્ચ કરીને આ મનોરંજનના બહાને આનો લાભ લઇને એનું આર્થિક શોષણ ન થાય એટલા માટે રાજય સરકાર દ્વારા આ મુદ્દા હાથ ઉપર લેવામાં આવ્યા છે.અને ઉચ્ચક દરનો લાભ લેવા માટે બે-ત્રણ શરતો રાખવામાં આવી છે. મનોરંજનના સ્થળનો પ્રવેશનો દર વ્યક્તિ દીઠ રૂપિયા ૩૦ થી વધુ હોવો જોઇએ નહીં. એમાં એકથી વધુ પડદા હોવા જોઇએ નહીં. મનોરંજનના સ્થળની ૧૨૫ થી વધુ બેઠકો હોવી જોઇએ નહીં અને એ ઉપરાંત આનો જે એક્ટ છે ઇન્ડિયન સિનેમાટોગ્રાફિક એક્ટ ૧૯૫૨ તે અન્વયે અને ભારતના કોપી રાઇટ કાયદો એની જોગવાઇઓનું સંપૂર્ણ પાલન કરવાની શરતે કોઇપણ પ્રકારની કાયદેસરતાની ટેકનોલોજીનો ઉપયોગ કરીને મનોરંજનના સ્થળે એ જાહેર જનતાને ચલચિત્ર બતાવી શકે. મૂળ વિડિયોગૃહના નામે રજિસ્ટ્રેશન, ઉચ્ચક કરનો લાભ અને મોટી ૩૦૦-૪૦૦ રૂપિયાની ટિકીટ એના કારણે આર્થિક નબળા અને ગરીબ લોકો મનોરંજનથી વંચિત રહી જતા હતા એને આ બધો લાભ મળે એના માટે હું આ વિધેયક લઇને આવ્યો છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૩ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૩ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૩ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૧**
**ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક વિધેયક, ૨૦૧૩**
**ગુજરાત રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં આગનું જોખમ ઉભું થવાની સંભાવના હોય તેવા જુદા જુદા પ્રકારના બાંધકામો અને કામચલાઉ માળખા અથવા શમિયાણા અથવા તંતુ (ટેન્ટ) અથવા મંડપમાં અગ્નિનિવારણ, જીવન અને મિલકતની સલામતી અને રક્ષણ માટે અસરકારક જોગવાઈઓ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૩ના ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૩ના ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં આવેલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ઉંચી ઇમારતો, ઔદ્યોગિક તેમજ વાણિજ્યિક એકમો, સિનેમાગૃહો, મોલ્સ, મલ્ટીપ્લેક્સ વગેરેમાં આગ લાગવાની ઘટનાઓ બને છે અને એ ઘટનાઓમાં માલ–સામાન તેમજ જાનહાનિ થાય છે. વધતા જતા શહેરીકરણ તેમજ વસ્તીની ગીચતાના કારણે આર્થિક નુકસાનનું પ્રમાણ વધતું જાય છે. આ અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટે સને ૨૦૦૧ના વર્ષમાં ચુકાદો આપી જે બિલ્ડિંગ ફાયર સેફ્ટી નોર્મ્સ પ્રમાણે ના હોય તો તેવી બિલ્ડિંગ સીલ કરી દેવા સુધીના હુકમો આપ્યા છે. નામદાર હાઇકોર્ટના હુકમોનો પૂરેપૂરો અમલ નહિ થઇ શકવાના કારણોની સમીક્ષા કરવા માટે નામદાર હાઇકોર્ટે ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત જસ્ટિસશ્રીના અધ્યક્ષસ્થાને જસ્ટિસ મહેતા કમિટીની રચના કરી. આ કમિટી દ્વારા અલગ અલગ રાજ્યના ફાયર સેફ્ટી માટેના નિયમો તેમજ કાયદાઓનો અભ્યાસ કરી તા.૨૮/૯/૨૦૧૨ ના રોજ સરકારશ્રીમાં રિપોર્ટ સાદર કરવામાં આવ્યો અને પ્રસ્તુત કમિટી દ્વારા નવો કાયદો ઘડવાનો થાય અને બીજું જી.ડી.સી.આર.માં સુધારો કરવાનો થાય એવી ભલામણો કરવામાં આવી. આ બંને બાબતો પૈકી જીડીસીઆર બનાવવા માટે તા.૩/૧૨/૨૦૦૦થી અલગથી કમિટીની રચના કરવામાં આવી છે અને જી.ડી. સી.આર.નો મુસદ્દો પણ તૈયાર કરવામાં આવ્યો છે અને અલગથી એની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, નવો કાયદો રચવા માટે સમિતિનો રિપોર્ટ સરકારશ્રી સમક્ષ તા.૨૯/૧૦/૨૦૧૨ ના રોજ રજૂ કરવામાં આવ્યો અને આ કમિટીની ભલામણો બાબત સ્વીકારવામાં આવી છે અને એના આધારે આ વિધેયક આ વિધાનસભાગૃહમાં હું લાવી છું. પ્રવર્તમાન વ્યવસ્થા મુજબ મહાનગરપાલિકા વિસ્તારોમાં તેમજ અમુક મહાનગરપાલિકાઓમાં ફાયર બ્રિગેડની સુવિધાઓ જે તે સ્થાનિક સત્તા મંડળ હસ્તક છે અને નગરપાલિકા અધિનિયમ અથવા તો ગુજરાત પ્રોવિન્શ્યલ મ્યુનિસિપલ કોર્પોરેશન ૧૯૪૯ ના કાયદા હેઠળ અગ્નિ નિવારણ માટેની વ્યવસ્થા છે. અગ્નિ થયા બાદ અગ્નિ અવરોધક તેમજ નિયંત્રણ માટેની જે વ્યવસ્થા કાર્યરૂપ છે કે નહિ તેની ચકાસણી માટેની કોઇ વૈદ્યાનિક જોગવાઇ નથી. માત્ર આગ લાગ્યા બાદ ઉપલબ્ધ ફાયર બ્રિગેડ પાસેથી સેવાઓ મેળવી આગ ઓલવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આમ આ નવો કાયદો લાવવાથી અગ્નિ નિવારણ તેમજ જીવન સલામતી માટેની સંકલિત વ્યવસ્થા

* વિધેયક તા. ૨૧મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

અંગેનો કાયદો વિચારણા હેઠળ છે. મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, કર્ણાટક વિગેરે રાજ્યોમાં આવા કાયદાઓ લાગુ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટી આગ લાગે ત્યારે અલગ અલગ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસેથી સ્વૈચ્છિક સેવાઓ લંબાવવામાં આવે છે. જ્યારે કોઇ અગ્નિ નિવારણ તેમજ જીવન સલામતી માટેની સંકલિત વ્યવસ્થાનો અભાવ છે. સાથો સાથ અલગ અલગ ઉદ્યોગોમાં અગ્નિ નિવારણ માટે ફેકટરી એકટ હેઠળ જે વ્યવસ્થા કરવામાં આવે છે તેમાં જે તે ફેકટરી પાસેથી ફેકટરી દ્વારા રાખવામાં આવતી સલામતી અંગેની વ્યવસ્થા યોગ્ય છે કે કેમ તે અંગે સચોટ વ્યવસ્થાનો અભાવ છે. જેથી કામચલાઉ અને સ્થાયી બાંધકામો, બાંધકામ સંકુલો કે જે કાયમી અથવા કામચલાઉ છે તેમાં અગ્નિ નિવારણ, નિયંત્રણ અને સલામતી માટે સંકલિત વ્યવસ્થા થાય તે માટે આ વિધેયક લાવવાનો મુખ્ય હેતુ છે. આ વિધેયક સમગ્ર રાજ્યમાં અલગ અલગ તબક્કે છે. એક સાથે તેમજ અલગ અલગ વિસ્તારોમાં લાગુ કરી શકાશે અને રાજ્યની એક સ્ટેટ ફાયર સર્વિસ બની શકશે તેમજ મહાનગરપાલિકાઓને અથવા અન્ય કોઇ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે નોટિફાઇડ એરિયા, ગ્રામ પંચાયત કે અન્ય વિસ્તારને રાજ્યની સ્ટેટ ફાયર સર્વિસમાંથી બાકાત કરી શકાશે. અલગ અલગ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે જે અલગ અલગ સુવિધાઓ છે તેને સંકલિત કરી રાજ્યમાં અલગ અલગ ફાયર સર્વિસને બદલે એક માત્ર સર્વિસ કરવાની વ્યવસ્થા આ વિધેયકમાં કરાયેલ છે. (અંતરાય)

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ મુખ્ય દંડકશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, આજની રિસેસ કેન્સલ કરીને એજન્ડા ઉપરનાં કામો પૂરાં થાય ત્યાં સમય સુધી લંબાવીએ.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી સિવાય બીજા કોઇ બોલવાવાળા છે?

શ્રી પંકજ દેસાઇ : સભ્યશ્રીઓ કોઇ નહિ બોલે. માનનીય મંત્રીશ્રીઓ જ બોલશે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીઓ કોઇ બોલવા માગતા હોય એવું છે? (અંતરાય) ના, ના, નહિ બોલવા માગતા હોય એ હાથ ઉંચો કરે? ના પાડવાવાળા ૯૦% હોય. આ બિલ ઉપર બીજા કોઇ બોલવા માગે છે? (થોડીવાર બાદ) રિસેસનો સમય રદ કરીને આ બિલ અને આજના એજન્ડા પરના બિલ પૂરા થાય ત્યાં સુધી સમય વધારી અને રિસેસ કેન્સલ કરીએ છીએ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : રાજ્યમાં ફાયર સર્વિસ માટે ડાયરેકટરની નિમણૂક કરવાની જોગવાઇ કરાયેલ છે તેમજ તેના કાર્યો અને ફરજો સુનિશ્ચિત કરવામાં આવી છે. અલગ અલગ મહાનગરપાલિકા, નગરપાલિકાઓ હસ્તકની તમામ ફાયર સર્વિસમાં અલગ અલગ કેડર રહેશે. પરંતુ તેની કામગીરી કરવાની પધ્ધતિ, સત્તાઓ, જવાબદારીઓ રાજ્યની ફાયર સર્વિસ સમકક્ષ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં અલગ અલગ ફાયર રિજિયન બનાવી તેમાં એક અથવા એકથી વધુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો સમાવેશ કરી શકાશે. અલગ અલગ બાંધકામોમાં પ્રવેશ કરવા અંગેની સત્તાઓ પણ સોંપાયેલ છે. આ ફાયર રિજિયનના મુખ્ય વડા રિજિયોનલ ફાયર ઓફિસર રહેશે. પ્રવર્તમાન વ્યવસ્થા મુજબ ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ જી.એસ.ડી.એમ.એ. હસ્તક પાંચ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર સેલ છે અને તે જ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર સેલની વ્યવસ્થાને ફાયર રિજીયોજનલ ઓફિસરની કચેરી બનાવી શકાશે અને તે ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર સેલની સત્તા વિસ્તારને ફાયર રિજીયન તરીકે બનાવી શકાશે. આ અંગેની જોગવાઇઓ વિધેયકમાં સુચવેલ છે. રાજ્યની ફાયર સેવાઓમાં ખાનગી ફાયર સેવાઓ જેવી કે, ઓ.એન.જી.સી., ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વગેરે પાસે છે તે સેવાઓ રાજ્યની સેવામાં સમાવેશ થશે નહીં પરંતુ તે સેવાઓને આ કાયદાથી રાજ્ય સેવા તરીકેના અધિકારો પ્રાપ્ત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી સર્વિસના તમામ કર્મચારીઓને અને સેફ્ટી સર્વિસના તમામ કર્મચારીઓને તાલીમ આપવા માટે રાજ્ય સરકાર, રાજ્યમાં અલગ અલગ તાલીમ કેન્દ્રો બનાવી શકશે. આગ લાગતી વેળાએ અન્ય સંસ્થાઓ અથવા તો ખાનગી એજન્સી પાસે અગ્નિ નિવારણ માટેના સાધન–સામગ્રી જેવા કે, વાહનો, મેન પાવર, પાણી પુરવઠો વગેરે મેળવવા માટેની સત્તાઓ સોંપવામાં આવેલ છે. અગ્નિ

નિવારણ કરતી વેળાએ કોઇ વ્યક્તિ કે સમૂહ અડચણ ઉભી કરશે અથવા તો સહકાર આપવાનો ઇન્કાર કરશે તો તે માટેની દંડની જોગવાઇઓ કરવામાં આવી છે. અલગ અલગ બાંધકામોમાં આઠ સલામતી માટેના સાધનો નક્કી કરવા માટેના નિયમો પણ આની અંદર આમેજ કરવામાં આવ્યા છે. મોટા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, મોલ, મલ્ટીપ્લેક્ષ જેવા બાંધકામો કે જે સરકારશ્રી નકકી કરે તેવા તમામ બાંધકામો માટે ડાયરેક્ટર દ્વારા અધિકૃત કરવામાં આવેલ ફાયર સેફ્ટી ઓફિસરને જે તે બાંધકામના જમીન માલિકે, જે તે બાંધકામ માટે નિમણૂક કરવાની રહેશે. આગ સલામતીની વ્યવસ્થા કરવા માટે થતા ખર્ચ સંદર્ભે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા જે પ્રોપર્ટી ટેક્સ લે છે તે પેટે ફીમાં ફાયર ફી લેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ફી રાજ્યની કોન્સોલીડેટેડ ફંડમાં જમા થશે અને રાજ્ય સરકાર નક્કી કરે તેટલી રકમ ફી વસુલાત પેટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પરત કરવાની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલિત વ્યવસ્થા થાય તે ઉદ્દેશ્યથી આ વિધેયકને કાયદાનું સ્વરૂપ આપવા હું આ વિધાનસભા ગૃહ સમક્ષ આ બિલ રજૂ કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૩ના ગુજરાત અગ્નિ નિવારણ અને જીવનસુરક્ષા ઉપાય વિષયક વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૬૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૩ના ગુજરાત અગ્નિ નિવારણ અને જીવનસુરક્ષા ઉપાય વિષયક વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૩ના ગુજરાત અગ્નિ નિવારણ અને જીવનસુરક્ષા ઉપાય વિષયક વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૬

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૩.

**ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક –૧૬–સન ૨૦૧૩ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક– ૧૬–સન– ૨૦૧૩નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**.

---

* વિધેયક તા.૨૮મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે એજયુકેશન ઇઝ ઇન્વેસ્ટમેન્ટ ઇન હયુમન લાઇફ. કોઇપણ વ્યકિત કુટુંબ, સમાજ, રાજય કે દેશ જેટલું પણ શિક્ષણમાં રોકાણ કરે એટલું વળતર મળતું હોય છે. આ શિક્ષણ જેટલું ગુણવત્તાસભર હોય, સ્કીલફુલ હોય, હરિફાઇમાં ટકી શકે તેવું ઉત્તમ હોય તે જોવાની જવાબદારી રાજય સરકારની છે. જે આ સરકાર ખૂબ સુપેરે નિભાવે છે. આ રાજય સરકાર શિક્ષણને મહત્વ આપે છે અને તેના લાભાર્થી તરીકે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખે છે.

એક સમય એવો હતો કે વિદ્યાર્થીને પ્રવેશ મેળવવા માટે કોલેજ કોલેજે ફોર્મ ભરવા જવું પડતું હતું. ખાનગી અને સરકારી બંને માટે જવું પડતું અને જયાં પ્રવેશ મળે ત્યાં ફી ભરવી પડતી હતી. આમ વિદ્યાર્થીઓનો સમય અને ખર્ચ બંનેનો વ્યય થતો હતો. આ સરકારે એવી વ્યવસ્થા ગોઠવી કે વિદ્યાર્થીને એક જ જગ્યાએથી ફોર્મ ભરવાથી તેને મળવાપાત્ર મેરિટના આધારે ગમે તે કોલેજમાં પ્રવેશ મળે અને જયાં પ્રવેશ મળે ત્યાં એ ફી ભરી શકે. આ જોગવાઇ પહેલા ઠરાવથી થઇ હતી પરંતુ ૨૦૦૮માં તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું. જેમાં પ્રવેશ અને ફી બંનેની વિગતોને આવરી લેવામાં આવી. રાજયની જુદીજુદી વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને આવી સંસ્થાઓ દ્વારા લેવાતી ફીનું નિર્ધારણ કરવા માટે સન ૨૦૦૮માં ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ પ્રવેશ નિયમનથી સુધારણા વિધેયક ૨૦૦૭માં અમલમાં મુકાયું. સદર સુધારામાં હું સુધારા કરતું વિધેયક ગૃહમાં રજૂ કરું છું. ૨૦૦૧ પહેલાં રાજયમાં વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમો જેવા કે ડીગ્રી, ડિપ્લોમા, ઇજનેરી, ફાર્મસી ડીગ્રી, આર્કિટેકચર, એમ.ઇ. એમ.ટેક. એમ. ફાર્મ, એમ.બી.એ., એમ.સી.એ. વગેરે એડમિશન માટે રાજયના વિદ્યાર્થીઓને ખૂબ ઓછી કોલેજો હતી. સીટો પણ ઓછી હતી. ૨૦૦૧–૦૨માં સરકારી ૩૩ કોલેજો હતી, અનુદાનીત ૪૧ હતી. સ્વનિર્ભર ૬૨ હતી. કુલ ૧૩૬ હતી સંસ્થાઓ અને કોલેજો અને એના માટેની જે જગ્યાઓ હતી એ ૨૩૭૨૦ હતી. પરિણામ સ્વરૂપે રાજયના વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ટેકનિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે અન્ય રાજયોમાં જવું પડતું હતું. અંદાજે દર વર્ષે દસ હજાર જેટલા વિદ્યાર્થીઓ બહાર જતા હતા અને એને ફી પેટે જ ચાલીસ કરોડથી વધારે રકમ ગુજરાત રાજયની અન્ય રાજયમાં જતી હતી. ફી પેટે જ, બાકી રહેવાનો, ખાવા પીવાનો, આવવા જવાનો, મા–બાપના આવવા જવાનો એ ખર્ચો જુદો. રાજયમાં આ પ્રકારની પરિસ્થિતિ પહેલા હતી.

૨૦૦૮માં અધિનિયમ અમલમાં આવ્યો અને ત્રણ સ્તરની શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતિ ૨૦૦૭–૦૮માં સરકારી ૪૬, અનુદાનીત ૪૩, સ્વનિર્ભર ૨૦૦, કુલ ૨૮૯ અને ૨૦૦૮માં ૪૭૫૦૭ની જગ્યાઓ થઇ. આ કાયદો અમલમાં આવ્યો ત્યાં સુધી સરકારશ્રી દ્વારા દર વર્ષે ઠરાવ બહાર પાડીને પ્રવેશ પ્રક્રિયાનું નિયમન કરવામાં આવતું તથા સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફી નિર્ધારણ પણ કરવામાં આવતું. આમ પ્રવેશ પ્રક્રિયાના નિયમો અને કમિશ્નર ટેકનિકલ શિક્ષણના વડપણ હેઠળની પ્રવેશ સમિતિ સ્થાયી સ્વરૂપે અસ્તિત્વમાં આવી અને નામદાર સુપ્રીમ કોર્ટના સૂચન મુજબ નામદાર હાઇકોર્ટના નિવૃત્ત જસ્ટિસના અધ્યક્ષપણા હેઠળ ફી નિયમન કમિટી ૨૦૦૮થી અસ્તિત્વમાં આવી. સરકારશ્રીએ નવીન કોલેજોને પ્રોત્સાહિત કરીને કોલેજોની સંખ્યા અને બેઠકોમાં ૩૦૦ ટકાનો વધારો થયો અને આજે સરકારી કોલેજો ૫૯, અનુદાનીત કોલેજો ૪૧ અને સ્વનિર્ભર ૫૪૨ કુલ મળીને ૬૪૨ આ સંસ્થાઓ થઇ અને કુલ મળીને ૧૪૫૪૫૧ બેઠકો થઇ.આ થયા પછી હવે ગુજરાતના વિદ્યાર્થીને બહાર જવાની જરૂર નથી. પણ ધ્યાન ઉપર આવ્યું છે કે કેટલીક અમુક સીટો ખાલી રહે છે. આ સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકો એ સંખ્યાનું વધુ પ્રમાણ જોતા મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ઉપર અન્ય રાજ્યના વિદ્યાર્થીઓને પણ નિર્ધારિત નિયમોને આધારે રાજ્ય સરકાર જે નિયમો નક્કી કરે એના આધારે પ્રવેશ આપવાની જોગવાઇ આ સુધારા અધિનિયમથી કરવામાં આવી રહી છે. પ્રસ્તુત અધિનિયમના સેક્શન–૭ ની આ સુધારા જોગવાઇથી આપણા રાજ્યના વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મકતા તેમજ પ્રવર્તમાન વ્યવસાયિક નામના ગુણાત્મક સુધારો થાય. એક રાજ્યના વિદ્યાર્થીઓ હરીફાઇ કરે એના કરતા રાષ્ટ્રીય સ્તર ઉપર જો હરીફાઇ થાય તો આપણા વિદ્યાર્થીને હરીફાઇમાં ઊભા રહેવાની તક મળે અને વધારે ગુણવત્તા સાબિત કરવાની પણ તક મળે. સેક્શન–૭ માં આ સુધારો છે. રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ પૈકી કોઇ સંસ્થા રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે એ નામના પાત્ર ન બની શકે? માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે. જે રીતે

ગુજરાતમાં આઇ.આઇ.એમ. છે, જેનું દેશમાં અને આખા વિશ્વમાં નામ છે. આઇ.આઇ.ટી. છે, એમાં ગુજરાતમાં એવી બીજી કોઇ સંસ્થા ન બની શકે? એ માનનીય મુખ્યમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવા માટે આ બિલમાં ખૂબ અગત્યનો સુધારો રજૂ કરું છું. આ હેતુ માટે મૂળ એક્ટ સેક્શન–૧૦ માં સુધારો કરવા બાબતે પ્રસ્તુત બિલ સત્રમાં રજૂ કરેલ છે. સેન્ટર ફોર એક્સલન્સ ઉતકૃષ્ટતાના ધોરણે પહોંચેલી સારી સંસ્થાઓ પોતાની રીતે એડમીશન કરી શકે અથવા તેમને ફી રેગ્યુલેશનની જોગવાઇમાંથી રાજય સરકારના નિયમોને આધીન મુક્તિ મળે તે પ્રકારની જોગવાઇ દાખલ કરવાની આવશ્યકતા છે. સૂચિત બિલમાં સરકાર દ્વારા નોટિફિકેશનથી ઉચ્ચ સ્તરીય સમિતિની પણ જોગવાઇ કરવામાં આવી છે. ખૂબ જ જૂજ એવી સંસ્થાને સુસ્પષ્ટ તેમજ ઉચ્ચ માપદંડો ધરાવતા ધારા ધોરણો કે જે નોટિફિકેશન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે. અને ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા ચકાસણી કરી, પછી જ સેન્ટર ફોર એક્સલન્સ તરીકે જાહેર કરવામાં આવશે. સૂચિત સુધારા વિધેયકમાં મૂળ કાયદાના સેકશનમાં સૂચિત સુધારા કરવા માટે આ બિલ હું સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું. માનનીય સભાગૃહને મારી વિનંતી છે કે આ મારું બિલ પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૬–સન–૨૦૧૩નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૬–સન–૨૦૧૩નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૬–સન–૨૦૧૩નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સવારના ૧૦–૪૫ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર તા.૧લી એપ્રિલ, ૨૦૧૩ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૧લી એપ્રિલ, ૨૦૧૩**
**ચૈત્ર ૧૧, ૧૯૩૫ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### મચ્છુ ડેમ-૧-૨ ને નર્મદા યોજનામાંથી ભરવાનું આયોજન

* ૫૪૪૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ મચ્છુ ડેમ-૧-૨ ને નર્મદા યોજનામાંથી ભરવાનું સરકારનું આયોજન છે તે હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ડેમો ભરવા ક્યારે જાહેરાત કરવામાં આવી હતી, અને | (૨) તા.૨૫-૦૯-૨૦૧૨ ના રોજ સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના (સૌની યોજના) માં મચ્છુ-૧-૨ ડેમ ભરવાની જાહેરાત કરવામાં આવેલ છે. |
| (૩) ડેમ ક્યારે ભરવામાં આવશે ? | (૩) મચ્છુ-૧-૨ આગામી વર્ષોમાં સૌની યોજના દ્વારા ભરવાનું આયોજન છે. |

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, સન ૨૦૦૨માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાંકાનેર મચ્છુ ડેમમાં પાણી ભરવાની જાહેરાત કરી હતી, ત્યારે મેં મારા મત વિસ્તારના લોકોના હિત માટે પાર્ટી પોલિટીક્સથી દૂર રહી અને મુખ્યમંત્રીશ્રીનું સન્માન પણ કર્યું હતું. આજે એને ૧૨ વર્ષ જેવો સમય થવા આવ્યો, •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ સીધો પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આને બાર વરસ થઇ ગયા છે તો હવે ક્યારે પાણી ભરવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મચ્છુ-૨ યોજનામાં જે નર્મદાનું પાણી આપવાનું છે અને એના દ્વારા ડેમ ભરવાનો છે એ ડિસેમ્બર ૨૦૧૩માં લગભગ પાણી એમાં આવી જશે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગુ છું કે, મચ્છુ ૧ અને ૨માં જે પાણી ભરવાનું છે એની કામગીરી જોરશોરથી ચાલુ છે. એના માટે બે ત્રણ દિવસ પહેલા અધિકારીશ્રી,અલોરિયાસાહેબ પણ આવી ગયા હતા. આ સરકારે એવો નિર્ણય લીધો છે કે, સૌની યોજનાનું પાણી ભરાય તે પહેલા ડેમ ઉંડા ઉતારવાની વાત છે એમાં મચ્છુ-૧ અને ૨ ડેમ ઉંડા ઉતારવાની કાર્યવાહી ચાલુ છે કે કેમ, અને આ ડેમમાં જે પાણી નાંખવાનું છે એમાં ૧૦ કારખાના જે આવે છે એના માટે તાત્કાલિક કામ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મચ્છુ ડેમની અંદરથી જે ગાર એટલે કે માટી કાઢવાની વાત કરી એ અત્યારે ઓલરેડી કામગીરી ચાલુ છે. અને ઉદ્યોગોને જે પાણી આપવાનું છે એનો આ પ્રશ્નમાં સમાવેશ થતો નથી.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સૌરાષ્ટ્રમાં અવતરણ ઈરિગેશન યોજના સૌની યોજના અંતર્ગત ચૂંટણી પહેલા ૨૫-૯-૨૦૧૨ના રોજ મુખ્ય મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમમાં પાણી ભરવામાં આવશે. અત્યારે દુષ્કાળની પરિસ્થિતિ છે છતાં હજુ સુધી આ પાણી ભરવામાં આવ્યું નથી કે કોઇ કાર્યવાહી થઇ નથી તો મારે એ જાણવું છે કે આ કાર્યવાહી ક્યાં સુધી પહોંચી, અને કેટલો ખર્ચ થયો, અને ક્યારે કામ પૂરું કરવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો ભરવાની સૌની યોજના જાહેર કરેલી હતી અને આ યોજના કોઇ રાતોરાત થઇ શકે એવી યોજના નથી. ખૂબ મોટી યોજના છે, ઐતિહાસિક યોજના છે અને નર્મદાનું પાણી આ તમામ જળાશયોમાં ભરવા માટેની કામગીરી શરૂ કરીએ છીએ એમાં સૌથી પહેલું જો કોઇ જળાશયોની અંદર આ યોજના અન્વયે પાણી જશે તો એ આજે જે પ્રશ્ન પૂછાયેલો છે એ મચ્છ ડેમમાં જવાનું છે એટલે આ યોજના ચાર વર્ષે કે પાંચ વર્ષે પૂરી થવાની છે અને અત્યારે એના સર્વે અને ટેકનિકલ સર્વે ચાલે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, આ જે સૌની યોજના છે એ યોજના અંતર્ગત મચ્છુ-૧ અને મચ્છુ-૨માં કેટલા પાણીની ઉપલબ્ધિ થશે?

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજના તબક્કાવાર જ્યારે આગળ વધવાની છે ત્યારે મેં મારા આગળના જવાબમાં એમ કહ્યું કે સૌથી પહેલાં મચ્છુ ડેમ-૧ અને ૨ માં આનું પાણી ભરાવાનું છે ત્યારે સૌની યોજના અંતર્ગત મચ્છુ-૧ યોજનામાં ૯૫૦ મિલિયન ઘનફૂટ પાણી ઉપલબ્ધ બનશે અને મચ્છુ-૨ યોજનામાં ૧૦૩૦ મિલિયન ઘનફૂટ પાણી ઉપલબ્ધ બનશે.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, માનનીય સભ્યશ્રીએ જે સવાલ ઉપસ્થિત કર્યો છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સને ૨૦૦૨માં વાંકાનેર ખાતે જાહેરાત કરેલી, આજે ૨૦૧૨ની સાલ પણ પૂરી થવા આવી તો બાર વર્ષ સુધી સરકારે શું કાર્યવાહી કરી? અત્યાર સુધી કાર્યવાહી શું કરી છે એ જાણવું છે. જાહેરાત કર્યા પછી આજની તારીખે પણ ડેમ ભરાયા નથી.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, ત્યારપછી કાર્યવાહી શું કરી છે તે જણાવો મંત્રીશ્રી.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી એમ કહે છે કે કાર્યવાહી શું કરી અત્યારે એના ડિટેઇલ બધા જે સરવે હોય એ સરવેની કામગીરી ચાલે છે, હકીકતમાં તો ત્યારે વાત કરેલી હતી પણ સને ૨૦૦૬માં આનો એવોર્ડ આવ્યો અને એક એક મિલિયન એકરફુટ પાણી જે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આવવાનું હતું, આ રાતોરાત થઇ શકે એવી યોજના નથી..

**અધ્યક્ષશ્રી :** કાર્યવાહી શું કરી છે તે જણાવો.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદાના પુરના વહી જતા પાણીની ફાળવણીનો નિર્ણય વર્ષ ૨૦૦૬માં લેવાયેલ છે.

અધ્યક્ષશ્રી : મચ્છુ ડેમ પૂરતો જ સવાલ છે મચ્છુ પૂરતો જ પૂછો. મચ્છુ પૂરતું કંઇ છે? મચ્છુ પૂરતો જ આ સવાલ છે.

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :** નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના ડેમોમાં ભરવાની વાત છે માત્ર મચ્છુ પૂરતી વાત નથી. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જામનગર જિલ્લાના કેટલા ડેમ આ યોજના અંતર્ગત ભરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી :** એ આમાં ન આવે. જામનગર જિલ્લો ન આવે, પરેશભાઇ, એ સૌની યોજનામાં આવે, આ મચ્છુનો સવાલ છે. સવાલ વાંચી જૂઓ, મારી કંઇ ભુલ હોય તો કહેજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના, એ નર્મદા યોજનાનું વધારાનું પાણી સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતને આપવાની જે નર્મદાની મુળભૂત યોજના હતી એનું નામકરણ એ સૌની યોજના છે. હું એટલા માટે જ પૂછવા માગું છું કે, મચ્છુ -૧ અને ૨ સહિત ૧૧૫

કરતાં વધુ સૌરાષ્ટ્રના ડેમોમાં પાણી ભરવા માટે થઇને આ યોજનાનું અમલીકરણ થવાનું. સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉઠાવ્યો એમાં એમણે કહ્યું કે, ૨૦૦૨ની અંદર જાહેરાત કરવામાં આવી હતી અને હજી સુધી મચ્છુ–૧ અને ૨ ની અંદર પાણી પહોંચ્યું નથી.

**અધ્યક્ષશ્રી :** આપ આપનો સવાલ પૂછો.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,મોરબી એ સૌરાષ્ટ્રનું નાકુ છે અને મચ્છુ–૧ અને ૨ ની અંદર ૧૨ વર્ષ સુધીમાં પાણી નથી ભરાયું તો મચ્છુ–૧ અને ૨ માં પહેલું પાણી ક્યારે ભરાશે અને ૧૧૫મો જે ડેમ છે એમાં ક્યારે ભરાશે?

**અધ્યક્ષશ્રી :** મચ્છુ–૧ અને ૨ ની અંદર આ પાણી ક્યારે ભરાઇ જશે? એમણે જવાબ આપ્યો છે કે, ડિસેમ્બર, ૨૦૧૩ સુધીમાં ભરાઇ જશે.

**શ્રી નાનુભાઇ  ભ. વાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા કેનાલનું કામ હવે એના અંત તરફ છે, ૯૦ ટકા કામ પૂરું થઇ ગયું છે, ૧૦ ટકા કામ બાકી છે અને નર્મદાની જે મોરબી બ્રાન્ચ છે એ મચ્છુ સુધી જાય છે અને એ કેનાલ પૂરી થાય એટલે સૌથી પહેલાં મચ્છુ ડેમની અંદર પાણી આવવાનું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ પૂછવા માગીએ છીએ કે, ૨૦૦૨માં જે આ પૂર્ણ થવાનું હતું અને પાણી નાંખી દેવાનું હતું અને છેલ્લાં દસ વરસથી પાણી નાંખવામાં નથી આવ્યું અને એના કારણે ખેડૂતોને અને પીવાના પાણીનું જે નુકશાન થયું છે તેને માટે સરકાર વળતર આપવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી :** આમાં વળતરનો સવાલ જ નથી. પ્રશ્ન ક્રમાંક–૨ (અંતરાય) નીતિનભાઇ, તમારે જવાબ આપવો હોય તો બધા મંત્રીશ્રી વતી નીતિનભાઇ જવાબ આપશે. તમે વચ્ચે ના બોલો.

### તાપી જિલ્લાના ઉકાઇ ડેમની હાઇલેવલની કામગીરી

* ૫૫૯૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ઉકાઇ ડેમની હાઇ લેવલની કામગીરી ક્યા તબક્કે છે, અને<br>(૨) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ? | (૧) અને (૨)<br>કામગીરી પ્રગતિ હેઠળ છે મુખ્ય નહેરની કામગીરી જૂન–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી પુનાભાઈ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન પૂછાયો છે એમાં ઉકાઇ હાઇલેવલની જે કામગીરી છે એ જૂન, ૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે એવો મને જવાબ આપ્યો છે પરંતુ મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, હજી આજની તારીખે હાઇલેવલની સાત કિલોમીટર સુધીની ખોદવાની કામગીરી બાકી છે અને એ જૂન સુધીમાં એટલે કે ૩ મહિનામાં પૂરી ન થાય અને એ હાઇલેવલ ક્રોસીંગ પર રસ્તાઓ આવે છે એમાં પણ હજી લગભગ સાત થી આઠ જેટલા પાકા સ્ટ્રક્ચરના કામો ઉભાં કરવાના છે,જૂન સુધીમાં પૂર્ણ ના થાય. મને જે જવાબ આપ્યો છે તે પ્રમાણે એમ લાગે છે કે તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ઉકાઇ ડેમની હાઇ લેવલની કામગીરી કયારે અને કેટલી કરવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી વિસ્તારનો ખૂબ અગત્યનો પ્રશ્ન અને યોજના છે. ઉકાઇ ડેમ બન્યો, ઉકાઇનો લાભ મહત્તમ આદિવાસી વિસ્તારની બહાર મળ્યો અને જે વિસ્તારની અંદર ઉકાઇ ડેમ બન્યો હતો તે વિસ્તારના આદિવાસીઓને આનો લાભ મળતો નહોતો. આ રાજય સરકારે નિર્ણય કર્યો બાકી આગળ આદિવાસી મુખ્યમંત્રીશ્રીઓ થઇ ગયા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, તમારો જવાબ આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાઇ લેવલ કેનાલનું કામ ચાલુ છે. ૯૦ ટકા કરતાં વધારે કામ પૂર્ણ થઇ ગયેલુ છે અને તેની સમય–મર્યાદાની અંદર આ કામ પૂર્ણ થઇ જશે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ઉકાઇ ડાબા કાંઠા હાઇ લેવલ કેનાલથી કુલ કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? તે પૈકી સોનગઢ તાલુકાના કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે ? અને વ્યારા તાલુકાના કેટલા ગામોને આ સિંચાઇનો લાભ મળશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉકાઇ હાઇ લેવલ કેનાલથી આદિવાસી વિસ્તારોનો મહત્તમ સમાવેશ થઇ જશે. મેં વાત કરી તેમાં ઉકાઇ ડાબા કાંઠા હાઇ લેવલ કેનાલથી કુલ ૧૧૬૧૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે. સોનગઢ તાલુકાના ૨૧ ગામોની ૪૦૧૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે. જયારે વ્યારા તાલુકાના ૪૩ ગામોને ૭૬૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ જમણા કાંઠા કેનાલમાં અત્યારે માંડવી તાલુકામાં અન્ડર ગ્રાઉન્ડ કેનાલ તૂટવાથી ૫૦૦ કરોડ કરતાં વધારે નુકસાનીનો ભય ખેડૂતોના માથે તોળાઇ રહ્યો છે. અને આ બાજુ ઉકાઇ જે હાઇ લેવલનું કામ છે તે પણ સમયસર પૂર્ણ થશે એવુ જણાતું નથી ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ ઉકાઇ હાઇ લેવલ કેનાલ તે મોટાભાગે ૨૫ થી ૩૦ ફૂટની અન્ડર કટિંગ કામગીરી કરીને આ કેનાલ બનાવવામાં આવેલ છે ત્યારે આ કેનાલમાંથી ખેડૂતોને પાણી કઇ રીતે પૂરું પાડવામાં આવશે ? અને જે પુનાભાઇએ વાત કરી તેમ કે અવર-જવર માટેના જે ક્રોસિંગ છે તે ખાસ કરીને મારા સોનગઢ તાલુકામાં બાકી છે તે કયારે પૂર્ણ કરવામાં આવશે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રમાણે વાત કરી કે, ૯૦ ટકા કામ પૂર્ણ થઇ ગયેલુ છે માત્ર કેનાલનું નહીં કેનાલની ઉપર આવેલા સ્ટ્રકચરો અને ખોદકામ તેમાં જે બાકી રહ્યું છે તે જ ૧૦ ટકા કામ બાકી રહ્યું છે અને તેની સમય-મર્યાદાની અંદર આ કામ પૂર્ણ થઇ જશે.

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ હાઇ લેવલ કેનાલની બાજુમાં પણ કેટલાક ઉંચા વિસ્તારો છે. તો આવા ઉંચા વિસ્તારોમાં સિંચાઇ માટે કોઇ આયોજન થયેલ છે કે કેમ ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ હાઇ લેવલ કેનાલ ખૂબ ડીપમાં છે અને ઉંચાઇવાળો વિસ્તાર પણ ખૂબ આવે છે. આવા ઉંચા જે વિસ્તાર છે તેમાં ૧૮ ડ્રીપ ઇરીગેશન સ્કીમ બનાવવાનું રાજય સરકારનું આયોજન છે. અને આ ૧૮ ડ્રીપ ઇરીગેશન સ્કીમ દ્વારા જે ઉંચાણવાળા વિસ્તારો છે ત્યાં પાણી આપવામાં આવશે. અને આવો વિસ્તાર ૩૫૦૦ હેકટર છે જે આમાં સમાવેશ થાય છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧૦ ટકા કામગીરી બાકી છે તેના અનુસંધાનમાં મારે એ જાણવું છે કે, આ હાઇ લેવલની કામગીરી તે એજન્સીને કયારે આપવામાં આવી અને કેટલાં રૂપિયામાં આપવામાં આવી ? અને ૨૦૧૩ની જે સમય-મર્યાદા આપી છે તે જૂન-૨૦૧૩ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં ના આવે તો કોન્ટ્રાકટર સામે પગલાં લેવા માંગો છો કે કેમ ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સમય-મર્યાદામાં જ કામ પૂર્ણ થવાનું છે એવો પૂરો ભરોસો છે અને એટલે જ કોઇ એજન્સી સામે કામ લેવાનો કે પગલાં લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થવાનો નથી.

## રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરીમાં નિયામકની ખાલી જગ્યાઓ

* ૫૬૬૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરની કચેરીમાં તા.૩૧-૦૧-૧૩ની સ્થિતિએ નિયામકની કેડરવાળી કઇ કઇ જગ્યાઓ કેટલા વર્ષથી ખાલી છે, | (૧) નિયામકના નામાભિધાનવાળી, નિયામકશ્રી ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરની ૧ (એક) જગ્યા તારીખ ૨૨-૭-૨૦૦૮ થી ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ હાલમાં કેવી રીતે ભરવામાં આવી છે, અને | (૨) અન્ય અધિકારીને વધારાનો હવાલો સોંપેલ છે. |
| (૩) આ કચેરીઓમાં નિયામકશ્રીની જગ્યાઓ કાયમી ધોરણે ભરવા તા.૩૧-૦૧-૧૩ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૩) વહીવટી પ્રક્રિયા હાલ ચાલુ છે. |

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ નિયામકશ્રીની જગ્યા ૨૦૦૮ થી ખાલી છે જે આપણા બધા માટે શરમજનક બાબત કહેવાય.

અધ્યક્ષશ્રી : કોના માટે શરમજનક કહેવાય એ રહેવા દો, તમારો સવાલ જ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી આ જગ્યા ૨૦૦૮થી ખાલી છે તે હું જાણું છું એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : એ ૨૦૦૮ થી હોય કે ૨૦૦૨ થી પણ ખાલી હોય, તમે સવાલ જ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : મારે એ જાણવું છે કે આ જગ્યાઓની ભરતીની પ્રક્રિયા કયારથી ચાલુ કરી અને કયારે પૂર્ણ થશે, મારો બીજો સવાલ એ છે કે કેટલા સમય સુધી જગ્યાનો ચાર્જ બીજા અધિકારીને આપી શકાય છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં નિયામકશ્રીની એક જ જગ્યા છે અને હાલમાં શ્રી એમ.બી. ચૌહાણને ચાર્જ આપેલો છે, બાકી ૨૯ જગ્યાઓ છે એ સંયુકત રજિસ્ટ્રારની છે, નિયામકની તો એક જ જગ્યા છે. આ ૨૯ જગ્યાઓ છે તે પ્રમોશનથી ભરવામાં આવે છે. અને જિલ્લા રજિસ્ટ્રાર અથવા નાયબ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ ૧ ના અધિકારી હોય છે તેમને પ્રમોશન આપીને ભરવામાં આવતી હોય છે. અને તેના માટેની પ્રક્રિયા શરૂ કરી અને દરખાસ્ત ૧૧-૪-૨૦૧૧થી સરકારની અનુમતિ માટે મોકલવામાં આવેલી, ત્યાર બાદ ૧૫-૮-૧૧ના રોજ દરખાસ્ત ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવેલી, એ દરખાસ્તની મંજૂરી બાદ પ્રમોશન આપવાની પ્રક્રિયા કરવાની હતી તે દરમિયાન ૭ અધિકારીઓ રહી જતા હતા તેમાંથી ૪ અધિકારીઓ હાઇકોર્ટમાં ગયા અને તેના કારણે આ પ્રક્રિયા પૂર્ણ થઇ શકી નથી.

અધ્યક્ષશ્રી : અધિકારીને ચાર્જ કેટલા સમય સુધી આપી શકાય છે તે સવાલ હતો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : જયાં સુધી નિમણૂક ન થાય ત્યાં સુધી ચાર્જ આપી શકાય.

**રાધનપુર શાખા નહેર હેઠળ નર્મદા યોજના સિંચાઇનો લાભ આપવાનું આયોજન**

* ૪૯૫૯ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાધનપુર શાખા નહેર હેઠળ નર્મદા યોજના અંતર્ગત કુલ કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે, અને | (૧) રાધનપુર શાખા નહેર હેઠળ નર્મદા યોજના અંતર્ગત પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કુલ ૬ તાલુકાના ૧૧૧ ગામોના ૧,૪૮,૧૨૪ એકર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો રાધનપુર શાખા નહેરના શાખા/વિશાખા/પ્રશાખાના કામો તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રાધનપુર શાખા નહેરનું ૨૪.૪૭ કિ.મી. નું કામ રૂ.૧૯.૩૧ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. રાધનપુર શાખાની ૪૦.૫૬ કિ.મી.ની પેટા શાખા, ૧૯૯.૦૦ કિ.મી.ની વિશાખા અને ૪૪૧.૦૦ કિ.મી.ની પ્રશાખાઓનું રૂ.૨૩૬.૨૦ કરોડનું કામ પ્રગતિમાં છે. |

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ રાધનપુર શાખા નહેર, પેટા શાખા નહેર, વિ શાખા નહેર અને પ્ર શાખા નહેરનું કામ હાલ કયા તબકકામાં છે અને કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે અને કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લા માટે, પાટણ અને બનાસકાંઠા જિલ્લા માટે નર્મદાના જે કામો ચાલી રહ્યા છે એમાં રાધનપુર શાખા અગત્યની કામગીરીમાં છે, શાખા નહેરનું ૨૪૪૮ કિલોમીટરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને બે વર્ષથી વધુ સમય પહેલા પાણી પણ વહેડાવવામાં આવ્યું છે. પેટા શાખા નહેરનું કામ લગભગ પૂર્ણ થવાને આરે છે, અને ડિસેમ્બર-૨૦૧૩ સુધીમાં પૂર્ણ

કરવાનું આયોજન છે, વિ શાખા નહેર કુલ ૨૬ છે અને કુલ લંબાઇ ૧૯૯ કિલોમીટરની છે, એમાંથી ૨૩ કિલોમીટરના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને બાકીના કામ અત્યારે ગતિમાં છે અને એ પણ ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પ્ર શાખા નહેર ૧૪૧ નીકળે છે અને તેની કુલ લંબાઇ ૪૪૧ કિલોમીટર છે તેની કામગીરી અત્યારે ચાલુ છે અને તે પણ વર્ષ આખર સુધીમાં પૂર્ણ કરવાનું થાય છે, આમ બધા જ કામો એક સાથે ચાલી રહ્યા છે અને બધા કામો માટે ૨૫૫ કરોડના કામો અત્યારે પ્રગતિમાં છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ નર્મદા કેનાલ છે તે કચ્છમાંથી નીકળે છે કે સમીમાંથી નીકળે છે કે કયા વિસ્તારમાંથી નીકળે છે અને આ શાખાઓમાં કયા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને આ કામો કયારે પૂર્ણ થશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ બધા જ કામો ડિસેમ્બર–૨૦૧૩ એટલે કે વર્ષ આખર સુધીમાં આખા કમાન્ડ એરિયાના કામો પૂર્ણ કરવાનું આયોજન છે. અને કુલ ૧ લાખ ૪૮ હજાર એકર થી વધુ જમીનને સિંચાઇનો લાભ મળશે, કુલ ૧૧૧ ગામોને લાભ મળવાનો છે જેમાં પાટણ જિલ્લાના સમી તાલુકાનું ૧ ગામ, હારીજ તાલુકાનું ૧ ગામ, રાધનપુર તાલુકાના ૫૪ ગામો, સાંતલપુર તાલુકાના ૩૦ ગામો અને બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના ર ગામ અને કાંકરેજ તાલુકાના ૨૩ ગામ આમ કુલ ૧૧૧ ગામોનો સમાવેશ થાય છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : રાધનપુર બ્રાન્ચ કેનાલનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે ચાલુ કર્યું ત્યારે કહ્યું હતું કે એક વર્ષના સમયગાળામાં એ કામ પૂર્ણ કરીશું. પરંતુ અગિયાર મહિનાની અંદર નર્મદાના પાણી છેક કાંકરેજ તાલુકાના ઝાંખેરથી કરીને ભીલોડ સુધી રાધનપુરમાં પૂરું કર્યું. હવે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ઝડપથી બ્રાન્ચ કેનાલનું કામ પૂર્ણ કર્યું એ જ ઝડપથી સબ બ્રાન્ચ કેનાલોના કામ પૂર્ણ કરવા માગો છો કે કેમ, કારણ કે આ વરસોથી સૂકો વિસ્તાર છે, વરસોથી પાણી માટે વલખતા વિસ્તારના ગામોને પાણી પહોંચાડવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય શંકરભાઇ ચૌધરીની લાગણી છે એ જ લાગણી આ સરકારની છે. બનાસકાંઠા, પાટણ અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને પાણી આપવા માટેની છે. આ આખી કામગીરી આ વરસના આખર સુધીમાં પૂર્ણ થઇ જશે અને પાણી વહેતું થઇ જશે. મોટા ભાગના વિસ્તારમાં મુખ્ય શાખામાં ૨૦૧૦ થી વહેતું કર્યું છે અને પેટા શાખા અને બ્રાન્ચ કેનાલોમાં ટૂંક સમયમાં પાણી વહેતું કરીશું અને દોઢ લાખ હેકટર અને ૧૧૧ ગામોને પાણીનો લાભ મળશે

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : મોટા ભાગનો દુષ્કાળગ્રસ્ત વિસ્તાર છે, અર્ધ અછત છે તો આ ઉનાળુ સીઝનમાં આ તમામ ગામોને પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જયાં આ યોજનાની કેનાલની કામગીરી ન ચાલતી હોય, કોઇ સ્ટ્રકચરનું કામ ન ચાલતું હોય અને ગામમાં તળાવ ભરવા માટે અથવા પશુઓ માટે જરૂર પડશે અને ટેકનિકલી આપી શકાતું હશે તો પાણી આપવા અંગે વિચારણા કરવામાં આવશે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : રાધનપુર શાખા નહેરમાંથી કેટલી વિશાખા કેનાલ નીકળે છે અને કેટલી પ્ર શાખા કેનાલ નીકળે છે અને કેનાલોનું હાલનું કામ કયા સ્ટેજે છે અને કયારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય દિલીપભાઇએ જે વિગત માગી છે એમાં પેટા શાખાઓની કુલ લંબાઇ ૪૦.૫૬ કિલોમીટરની છે એમાંથી ૨૩ કિલોમીટરનું કામ લાઇનીંગ સાથે પૂર્ણ થયું છે. ૨૬ કિલોમીટરનું માટી કામ, ખોદાણકામ પૂર્ણ થયું છે અને એનું લાઇનીંગ કામ હાથ ઉપર લીધું છે. વિશાખાની કુલ લંબાઇ ૧૯૯ કિલોમીટરની છે એમાંથી ૩૫ કિલોમીટરમાં માટી કામ અને ૨૨ કિલોમીટરમાં લાઇનીંગનું કામ પૂર્ણ થયેલ છે. માઇનોરની કુલ લંબાઇ ૪૪૧ કિલોમીટર છે અને એનું કામ પણ આ વરસના આખર સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ બધી જ નહેરોની લંબાઇ ૭૦૫ કિલોમીટર થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રી કહે છે કે ત્રણ નહેરોનું કામ પ્રગતિમાં છે એટલે કે કામ હજી બાકી છે. તો આ કામો પૂર્ણ કરવાની તારીખ કઇ હતી, આટલું મોડું થવાનું કારણ શું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોઇ મોડું થયું નથી. આ લાઇનીંગની સતત ચાલતી કામગીરી છે. પહેલા જમીનના કબજા લેવા પડે, ખેડૂતોને જંત્રી ભાવે સંમતિ એવોર્ડથી જમીનો મેળવી એ પછી એના ઉપર માટીકામ શરૂ કર્યું કેનાલ ખોદાઇ જાય પછી લાઇનીંગ અને એનું સ્ટ્રકચર આ બધી સતત ચાલતી પ્રક્રિયા છે અને એમાં પાણી છોડવાની કામગીરી આ વરસના આખર સુધીમાં આપણે પૂર્ણ કરવાના છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કોઇપણ સરકારી કામ આપીએ એમાં કામ પૂર્ણ કરવાની નિશ્ચિત તારીખ હોય જ છે. આમાં પાંચ વરસ જેટલું મોડું થયું છે. નહેરોનું કામ ૨૦૦૫–૦૬માં પૂર્ણ કરવાનું હતું આજે ૨૦૧૨ થઇ તોય હજી પૂર્ણ થયેલ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું કહીશ તો એમને એમ લાગશે કે નીતિનભાઇ રાજકીય જવાબ આપે છે. ડેમ વખતે આવી બધી કાળજી રાખી હોત તો કયારનું બધું પૂરું થઇ ગયું હોત. હમણાં સભ્યશ્રી એમ કહેતા હતા કે ખેડૂતોને વળતર આપવા માગો છો કે કેમ? ડેમના દરવાજા મૂકવાની પરવાનગી કેન્દ્ર સરકાર આપતા નથી, એનાથી અબજો રૂપિયાનું નુકસાન થઇ રહ્યું છે તો એનું વળતર કેન્દ્ર સરકાર પાસેથી અપાવવા માગો છો કેમ? માનનીય અધ્યક્ષશ્રી, ૨૧–૭–૨૦૧૧થી ૨૩૬ કરોડની કિંમતના કામો આપવામાં આવ્યા છે અને બધા જ કામો સમયમર્યાદામાં ચાલી રહ્યા છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પૂછવા પાછળનો આશય એ કે કામગીરી બહુ...

અધ્યક્ષશ્રી : સવાલ જ પૂછો ને,

શ્રી સી. કે. રાઉલજી : સવાલ જ પૂછું છું કે જાહેરાતો કરવાથી ગુજરાતની પ્રજાના પેટ ભરાતા નથી.

અધ્યક્ષશ્રી : સવાલ પૂછો, પ્રસ્તાવના નહીં. તમારી પ્રસ્તાવનામાં જ હોબાળો ઉભો થાય છે. સવાલ પૂછો.

શ્રી સી. કે. રાઉલજી : એમણે પેટા શાખાના ૧૯૯ કિલોમીટર, એ પૈકી ૩૫ કિલોમીટર માટીકામ થયું છે અને ૨૩ કિલોમિટર લાઇનીંગનું કામ થયું છે. તો ૧૧૮ કિલોમીટર આ પેટા શાખાના કામો અને એની વિશાખા ૪૪૧ કિલોમીટર તો બન્નેમાં કેટલી કામગીરી થઇ છે અને ૧૧૮ કિલોમીટર જે બાકી રહે છે એ કામગીરી તમે એક વર્ષમાં પૂરી કરી શકો એવી શકયતા છે? પછી ૨૦૦૯માં પૂરું થશે, ૨૦૧૧...

અધ્યક્ષશ્રી : બસ, બસ. તમે જવાબ ન આપો. જવાબ પણ તમે જ આપો છો. આટલા સમયમાં પૂરું થઇ જશે કે નહીં?

શ્રી સી. કે. રાઉલજી : એટલા માટે જ કે આજે ૪૪૧ કિલોમીટર એની કામગીરીના અનુસંધાનમાં કેટલા કિલોમીટર થઇ એ પણ સ્પષ્ટતા નથી. મારે એ જાણવું છે કે ૪૪૧ કિલોમીટર જે વિશાખાની કામગીરી છે તેમાં કેટલી પૂરી થઇ છે? અને પેટાશાખા જે છે એમાં ૧૯૯ કિલોમીટરમાં ૧૧૮ કિલોમીટર બાકી છે તો એક વર્ષમાં આ કામગીરી પૂરી થશે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં બે વખત કહ્યું કે સમયસર પૂર્ણ કરવાનું આયોજન છે. આ સરકાર ખેડૂતોના હિતને વરેલી છે અને એટલા માટે જ મારે કહેવું છે, સૌરાષ્ટ્રની સૌની યોજના હોય કે સુજલામ સુફલામ યોજના હોય કે ત્રણ જિલ્લાઓને ફાળવેલું એક મિલિયન એકરફીટ પાણી સૌરાષ્ટ્રનું હોય, કચ્છનું હોય કે ઉત્તર ગુજરાતનું હોય એ આ સરકારે કર્યું છે. તમે આજે આંદોલન કરવા નીકળ્યા હતા. ૨૦૦૦ માણસ પણ આવ્યા નથી. કોઇ ખેડૂતો તમારી સાથે નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બસ, પ્રશ્ન ક્રમાંક–૫.

**જામનગર જિલ્લામાં કેશીયા ગામે બંધારા બાંધવાનું મંજૂર થયેલ કામ**

* ૫૦૧૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કેશીયા ગામે બંધારા બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કામ તા.૩૧–૧૨–૨૦૧૨ ની | (૨) ટેન્ડર તબક્કે છે. |

સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

| | |
|---|---|
| (૩) તે કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) કામના ટેન્ડર મંજૂર થયા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દરિયા કાંઠાની ભરતીથી ખેતીને થતા નુકસાન અને ક્ષાર નિયંત્રણ માટે સરકારે ભૂતકાળમાં કોઇ સમિતિની રચના કરેલી? અને જો હા, તો આ સમિતિએ શું ભલામણ કરેલ છે? આ ભલામણ મુજબ કામગીરી થઇ? ક્યારે થઇ અને કેટલો ખર્ચ થયો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દરિયા કાંઠાના વિસ્તારોના ક્ષાર નિયંત્રણ માટે બે ઉચ્ચ કક્ષાની સમિતિઓની ભલામણ થયેલી. એક ૧૯૭૬માં અને બીજી ૧૯૭૮માં. ૧૯૭૬માં જે સમિતિની રચના થઇ તેમાં મુખ્ય સચિવશ્રી એચ.કે.એલ. કપૂર સાહેબના અધ્યક્ષસ્થાન નીચે અને ૧૯૭૮માં જે સમિતિની રચના થઇ એ મુખ્ય સચિવશ્રી કે. શિવરાજ સાહેબના અધ્યક્ષસ્થાન નીચે. આ સમિતિએ જે સૂચનો કરેલા તેમાં ક્ષાર જે આગળ વધતા હતા તેને અટકાવવા માટે વ્યવસ્થાપન પદ્ધતિ, રીચાર્જ પદ્ધતિ, ક્ષાર નિયંત્રણ પદ્ધતિ અને કોસ્ટલ લેન્ડ રેકલેમેશન. મારે આ સભાગૃહને દુઃખ સાથે જણાવવું છે કે ૧૯૭૮માં સૂચન કરેલા કાર્યો જો વહેલાસર અને સમયસર બન્યા હોત તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે ખારા પાણી આગળ વધે છે અને વધ્યા છે તેના કારણે લીલી વનરાજી નાશ પામી છે, જો સમયસર કર્યા હોત તો આ વસ્તુ બનત નહીં, પણ જે કામ થયું છે, ૨૦૦૦થી ૨૦૧૨ સુધીમાં આ સરકારે ૩૮૨ કરોડના કામ કરી અને બંધારાઓ બનાવ્યા છે, ચેકડેમો બનાવ્યા છે અને એવી રીતે ક્ષાર નિયંત્રણના કાર્યો પૂરા કર્યા છે. એક સમયે એવો ડર હતો કે માંગરોળમાં નાગરવેલના પાનના જે બગીચાઓ છે એ નાશ પામવાની અણી ઉપર હતા એ અત્યારે બચવાની સ્થિતિમાં આવી ગયા છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે જોડિયા તાલુકામાં ક્ષાર નિયંત્રણ યોજના માટે બાલંભા બંધારા યોજના ખૂબ મહત્વની છે.એનું રિપેરીંગ કરવા માટે આ સરકારે કામ કરવાનું હજુ સુધી હાથ ઉપર નથી લીધું. આ જોડીયા તાલુકાનો પ્રશ્ન છે. આ કેશીયા બંધારા યોજના માટે ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે? કામનો અંદાજીત ખર્ચ કેટલો છે? આ બંધારા યોજનાથી ક્યા ગામોને અને કેટલી જમીનને સિંચાઇનો લાભ મળશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના કેશીયા બંધારાની વાત છે. એમાં તાજેતરમાં જ તા.૪-૨-૨૦૧૩થી ટેન્ડર મંગાવવામાં આવ્યા છે અને ટેન્ડર મંજૂર થાય ત્યાર પછી ૧૮ મહિનાની અંદર એનું કામ પૂર્ણ કરવાની જોગવાઇ એમાં છે. આ યોજનામાં રૂ.૯૫૩/- લાખનો ખર્ચ થશે. આ યોજનાથી જોડીયા તાલુકાના ચાર ગામોને લાભ મળશે. કેશીયા, ભાદરા, જોડીયા, બાદનપર, એમ ૫૦૦ હેકટર જમીનને ફાયદો થશે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ યોજના હાલ ક્યા તબક્કે છે? આ યોજનાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા આગળના પ્રશ્નના જવાબમાં આવી ગયું છે. આ યોજનામાં અંદાજીત રૂ.૬૯૭/- લાખનો ખર્ચ થનાર છે. અત્યારે ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં જુદા જુદા તબક્કે સરકારશ્રીમાં છે. આ પ્રક્રિયા પૂર્ણ થયે કામગીરી શરૂ કરવામાં આવશે અને કામ ચાલુ થયે ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**તાપી જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

* ૪૯૮૮ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે. |
| (૨) જો હા, તો તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧ માં ૩૬૮ અને સને–૨૦૧૨ માં ૩૬૭ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે, લોકો પોતાની રજૂઆતો સહેલાઇથી કરી શકે તે માટે આ વ્યવસ્થા ગોઠવી છે, એ ક્યારથી શરૂ કરવામાં આવેલ છે? તેમાં કોને કોને બોલાવવામાં આવે છે? તેમજ મારા પ્રશ્નના જવાબમાં જણાવેલ જન સુરક્ષા સેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ માટે લોકોના પ્રશ્નોના નિકાલ માટે શું આયોજન વિચારેલ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના પ્રશ્નોને તથા પ્રજાની ફરિયાદોને સીધે સીધી અને સહાનુભૂતિપૂર્વક સાંભળી એનો ઝડપથી નિકાલ થાય તે હેતુથી તથા પ્રજા અને પોલીસ વચ્ચે યોગ્ય વાતાવરણ ઉભું થાય એવા શુભ આશયથી રાજ્ય સરકાર દ્વારા આવા લોક દરબારનું આયોજન કરવામાં આવે છે. ૧૫મી ઓક્ટોબર ૨૦૦૩ના રોજ આ બાબતે તમામ સંબંધિતોને સૂચના આપી આ આયોજનની અમલવારી શરૂ કરવામાં આવી છે. દરેક તાલુકાના હેડ ક્વાર્ટર ખાતે દર મહિને ઓછામાં ઓછા એક દિવસ લોક દરબાર યોજવો એવી સૂચના આપવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે આ લોક દરબારમાં સ્થાનિક રાજકીય પક્ષોના આગેવાનો, માનનીય સંસદીય સભ્યશ્રીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, મહિલા સંસ્થાઓ હોય તો એમને પણ કહેવામાં આવે છે. સામાજિક સંસ્થાના કાર્યકર્તાઓને, સમાજના આગેવાનોને સ્થાનિક રીતે આમંત્રણ આપી, આ લોક દરબારમાં આવવા માટેનું કહેવામાં આવે છે. ગુજરાત પોલીસ દ્વારા સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપવામાં આવે તેવા હેતુથી સુરક્ષા સેતુ સોસાયટી નામની યોજના શરૂ કરવામાં આવી છે. પ્રજા અને પોલીસના સીધા સંપર્કના માધ્યમ તરીકે, કાયદો અને વ્યવસ્થાની શાંતિપૂર્ણ સ્થિતિ સ્થાપવા તમામ રક્ષણાત્મક ઉપાયો હાથ ધરવા, નાગરિક સંરક્ષણ જાગૃતિના નિયમો અને વિનિયમો કાયદા કાનૂનની જોગવાઇઓ નાગરિકોના અધિકારો આ બધી માહિતી આપવામાં આવે છે. આ એનો મુખ્ય હેતુ છે.

શ્રી પુનાભાઈ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ લોક દરબાર પાછળ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોક દરબારમાં કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. સ્થાનિક કક્ષાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લોક દરબાર યોજાય છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે લોક દરબારમાં ફરિયાદીએ એફ.આઇ.આર. નોધાવ્યા પછી આરોપી અને ફરિયાદી વચ્ચે સુમેળ થાય એવી પરિસ્થિતિમાં કોર્ટોનું પણ ભારણ ઓછું થાય એવી એફ.આઇ.આર. લોક દરબારમાં પાછી ખેંચવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોક અદાલતમાં આ કામ થતું હોય છે પણ સામાન્ય રીતે લોક દરબારમાં નાના મોટા આવા કોઇ પ્રશ્નો હોય તો એનું સ્થળ ઉપર સમાધાન થાય અને નવા પ્રશ્નો ઉભા ન થાય એના માટેનું વાતાવરણ ત્યાં સર્જવામાં આવે છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જયારે લોક દરબાર હોય છે ત્યારે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિને ફકત એક દિવસ અગાઉ જાણ કરવામાં આવે

છે એ જો અગાઉથી જાણ કરવામાં આવે તો કોઇપણ પ્રજાના પ્રતિનિધિ લોક દરબારમાં જઇ શકે પણ જયારે એક દિવસ અગાઉથી જાણ કરવામાં આવે ત્યારે અગાઉથી પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ કોઇ કાર્યક્રમમાં વ્યસ્ત હોય તો તકલીફ થાય છે તો એ અગાઉથી જાણ કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું ખૂબ સારું સૂચન છે અને હવે એ પ્રકારે અગાઉથી જાણ થાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવશે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગુ છું કે ગુનાખોરીનું પ્રમાણ અટકે તે માટે લોક દરબારમાં આવનાર લોકોને કોઇ માર્ગદર્શન આપવામાં આવે છે કે કેમ? વધુમાં તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં પોલીસ સ્ટેશનવાઇઝ કેટલા પ્રશ્નો રજૂ થયા અને તે પૈકી કેટલાનો નિકાલ થયો.

અધ્યક્ષશ્રી : તાપી જિલ્લાનું રહેવા દો. તાપી જિલ્લાનો પ્રશ્ન નથી.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧–૧૨માં ગુનાખોરીનું પ્રમાણ અટકે એ માટે અલગ અલગ પ્રકારની માહિતી લોક દરબારમાં કહેવામાં આવે છે. કોઇ અજાણ્યા ઇસમો જણાઇ આવે તો એની પોલીસ સ્ટેશનમાં જાણ કરવી અને એ બધી બાબતો કહી અને એમાં ગુનાખોરી કઇ રીતે અટકે એ બાબત કહેવામાં આવે છે. એમણે જે વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં લોક દરબારમાં જે પ્રશ્નો આવ્યા અને કેટલો નિકાલ થયો એની વાત કરી છે. વ્યારા, વાલોળ, કાકરાપાર, સોનગઢ, ઉકાઇ, ઉત્સલ અને નિર્ઝરમાં કુલ ૩૬૮ પ્રશ્નો ૨૦૧૧માં આવ્યા. અને ૩૬૭ પ્રશ્નો ૨૦૧૨માં આવ્યા. તમામ પ્રશ્નોનું નિરાકરણ થયું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે આ લોક દરબારમાં કેટલી અરજીઓ આવી અને કયારે નિકાલ કરવામાં આવ્યો? અને મારો બીજો પ્રશ્ન એ છે કે આ લોક દરબારમાં જે ગામડામાં અડ્ડાઓ ચલાવે છે એમને લોક દરબારમાં બોલાવવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં જેવો પ્રશ્ન એવો જવાબ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં મેં કહ્યું એમ જે બધા જ પ્રશ્નો જેટલા દરબારમાં આવ્યા હતા એ તમામ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો છે અને ગામમાંથી જેને પ્રશ્ન હોય એ તમામ લોકો ઉપસ્થિત રહે એ પ્રકારે કહેવામાં આવે છે.

### વિજાપુર તાલુકાના ગામોમાં ખુલ્લી કેનાલની માપણી

* ૫૧૬૭ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ વિજાપુર તાલુકાના ગામોમાં ધરોઇ કેનાલમાંથી પાણીની સુવિધા આપતી ખુલ્લી કેનાલની માપણી થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ઉક્ત સ્થિતિએ શરૂ નહીં કરવાના કારણો શા છે અને આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૨) વિજાપુર તાલુકાના ગામોમાં ધરોઇ કેનાલમાંથી પાણી આપવા માટે લાડોલ પ્રશાખા તથા ભાવસોર પ્રશાખાની થયેલ માપણીના અનુસંધાને જમીનના માલિકો તરફથી સ્વેચ્છાએ જમીનના કબજા ન મળવાથી અધુરી રહેલ છે, હવે હાથ ધરેલ જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયેથી બાકીની કામગીરી પુરી કરવાનું આયોજન છે. |

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે વિજાપુર તાલુકામાં ધરોઇ કેનાલમાંથી ફલુ ગામથી ગઢડા ગામ સુધી ખુલ્લી કેનાલની અગાઉ ઘણા સમય પહેલા જમીનની માપણી થઇ ગયેલ છે છતાં આજ સુધી કેનાલનું ખોદકામ બાકી છે તો તેનું શું કારણ છે? અને તે કેનાલનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? મારો બીજો પ્રશ્ન એ છે કે

વિજાપુર તાલુકામાં ઘણા ગામોને હજુ સુધી કેનાલની સરકાર તરફથી વ્યવસ્થા થઇ નથી તો બાકી ગામડાઓની ક્યારે વ્યવસ્થા કરવામાં આવશે એ જાણવું છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** માનનીય અધ્યક્ષશ્રી, વિજાપુર તાલુકાના જે ફલુ ગામની વાત કરી એની વિગતો અત્યારે મારી પાસે નથી એટલે એ ટેબલ ઉપર મૂકીશ. પણ મારે વિશેષમાં કહેવું છે કે ધરોઇ ડેમમાંથી વિજાપુર તાલુકાને પાણી આપવાની યોજના હતી જ નહીં. જે કાંઇ અત્યારે કેનાલના નેટવર્કના કામો ચાલી રહ્યા છે એ માત્ર અને માત્ર આ સરકાર આવ્યા પછી આપવામાં આવ્યા છે. પહેલાં ધરોઇનું પાણી અમદાવાદ શહેર અને ગાંધીનગરને આપવામાં આવતું હતું. અમદાવાદ અને ગાંધીનગરને નર્મદાનું પાણી આપવાનું થયું એટલે એ પાણીનો વધારો થયો એ વધારો વિજાપુર તાલુકાને એક્સટેન્શન દ્વારા આપવાનો નિર્ણય થયો અને જે કાંઇ આપવામાં આવ્યું છે અને આપવામાં આવે છે એ માત્ર આ સરકાર દ્વારા આપવામાં આવે છે. વિજાપુરના ગામડાઓને પાણી આપવામાં એક–બે ગામો ભાવસોર પ્રશાખા માટે ૧.૧૨ હેકટર જમીનના સંપાદનની અને લાડોલ પ્રશાખા માટે ૧.૯૨ હેકટર જમીન સંપાદનની મુશ્કેલીઓ છે. એ પણ ઉકેલના અંત તરફ હોઇ ટૂંક સમયમાં આ જમીન સંપાદનનો પ્રશ્ન ઉકલે એટલે પાણી આપવામાં આવશે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી **:** હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધરોઇ જમણા કાંઠા નહેર આધારિત કેટલો પિયત વિસ્તાર છે? તે પૈકી વિજાપુર તાલુકાનો કેટલો વિસ્તાર છે? આ માટે મુખ્ય કેટલી પ્રશાખાઓનું આયોજન છે અને તે પૈકી કેટલી પ્રશાખાઓના કામો પૂર્ણ થયેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ધરોઇ જમણા કાંઠા નહેર આધારિત મૂળભૂત ૪૮,૧૦૫ હેકટર જમીન એટલે કે આ મૂળ કમાન્ડ એરિયા હતો. પરંતુ આ રાજ્ય સરકારે વધારે વિસ્તારના જોડાણ માટે વિસ્તૃતીકરણ યોજના કરી અને એ યોજનામાં ૨૩,૭૮૭ હેકટર વધારી કુલ ૭૧,૭૯૨ હેકટરને વધારાનું પિયત થાય છે. એમાંથી વિજાપુર તાલુકામાં ૧૩,૨૭૯ હેકટર વિસ્તારનો સમાવેશ થાય છે. આ માટે જે આયોજન કરવામાં આવ્યું છે એમાં કુલ આઠ પ્રશાખાઓનું આયોજન છે, જેમાં વલાસણા, સરદારપુરા, ભાવસોર, વિજાપુર, લાડોલ, કમલાપુર, જંત્રાલ અને અંબાસણા. વલાસણા, સરદારપુરા, કમલાપુર, વિજાપુર, જંત્રાલ અને અંબાસણા એ છ પ્રશાખાઓનું કામ પૂર્ણ થઇ ગયેલ છે. મેં અગાઉના જવાબમાં કહ્યું એ મુજબ લાડોલ અને ભાવસોર એ બે પ્રશાખાઓનું કામ અંશતઃ પૂર્ણ થયેલ છે. આ અધુરા કામના કારણે ૩૫૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ થઇ શકતી નથી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, વિજાપુર તાલુકાના ગામોમાં જ્યારે આ કામો થયા નથી અને આજે વિજાપુર તાલુકાના ખેડૂતો પોતાની રજૂઆત કરવા ગાંધીનગર આવતા હતા ત્યારે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ વાત રહેવા દો. એનો કોઇ પ્રશ્ન નથી. આ ખેડૂત સંમેલન ક્યાં છે? આ ધારાસભા છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ **:** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એક તો વિજાપુર તાલુકાનો સમાવેશ ન હતો તેમ છતાં ખેડૂતોની હામી આ સરકારે એમાં સમાવેશ કર્યો. (અંતરાય) કેટલાક જમીન માલિકોએ હજુસુધી સ્વેચ્છાએ જમીન આપી નહીં તો કાયદેસર સંપાદન કરવાનું થાય. પણ આ કાર્ય પૂર્ણ થાય એના પછી વિસ્તૃતીકરણ વિસ્તાર માટે આયોજન કરેલ છે કે કેમ અને બાકીનું આયોજન શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** મેં મારા અગાઉના જવાબમાં જણાવેલ છે કે થોડી જમીન બાકી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય સભ્યશ્રીઓના મહત્વના પ્રશ્નોમાં એકેયનો પણ જવાબ મળ્યો નથી. પ્રશ્ન એ છે કે કેટલાય ટાઇમથી જમીન સંપાદન સરકાર કરતી નથી અને સંપાદન થાય છે એને ઝડપી પૈસા મળતા નથી. આના કારણે આજે જ્યાં જમીન સંપાદન થઇ ગઇ છે ત્યાં પણ સરકાર ખોદકામ કરતી નથી. છેલ્લા પાંચ વર્ષથી આ વિજાપુરમાં જોઇએ તો જમીન સંપાદન થયા પછી પણ વળતર મળતું નથી અને સરકાર દ્વારા ખોદકામ થયું નથી. આ સત્વરે સંપાદન થાય, ત્યાં ખોદકામ થાય અને સરકાર જલ્દીમાં જલ્દી પાણી ક્યારે આપવા માગે છે એની સ્પષ્ટતા કરે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જમીન સંપાદન કરે અને વળતર મોડું આપે છે આ વાત સદંતર સત્યથી વેગળી છે. આ સરકાર ખેડૂતોના હિતમાં કામ કરી રહી છે. આ જે એક્ષટેન્શન યોજના છે એમાં વધારેમાં વધારે ખેડૂતોને લાભ થાય એ માટે શરૂઆતમાં ડ્રીજ, સ્પ્રિંકલર અને રિચાર્જ દ્વારા ખેડૂતો સિંચાઇનો લાભ લે એ રીતનું આયોજન હતું. પરંતુ ખેડૂતો લિફ્ટ કરીને પાણી લેવા લાગ્યાં અને એમની ડિમાન્ડ આવી એટલે આ સરકારે સંપૂર્ણપણે ખેડૂતોની માગણી માન્ય રાખી. જે પહેલા સ્પ્રિડિંગ કેનાલ કરવાની હતી એનું લાઇનિંગ કેનાલ કરવાનું કામ ચાલુ છે અને ટૂંક સમયની અંદર એનું લાઇનિંગ કામ પણ પૂરું થઇ જવાનું છે.

**કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની મુખ્ય કેનાલ અને શાખા કેનાલોની બાકી કામગીરી**

* ૫૪૬૩ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની મુખ્ય કેનાલો અને શાખા કેનાલોની કેટલી કામગીરી કરવાની બાકી છે, | (૧) કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરની ૨૭૪.૮૮ કિ.મી.ની કામગીરી પૈકી ૩૭.૦૦ કિ.મી.ની કામગીરી પૂર્ણ થયેલ છે. ૧૨૩.૮૩ કિ.મી.માં રૂ.૧૭૩૨ કરોડના ૧૩ કામો પ્રગતિમાં છે. ૧૧૪.૦૫ કિ.મી. લંબાઇમાં રૂ.૧૨૦૬ કરોડના ૧૩ કામ હાથ ધરવાના આયોજન હેઠળ છે.<br>કચ્છ શાખામાંથી નીકળતી ૩ પેટા શાખા નહેર પૈકી ૨ પેટા શાખા નહેરના રૂ.૧૩૫.૮૭ કરોડના કામ પ્રગતિમાં છે. દુધઇ પેટા શાખાનું તથા વિતરણ પદ્ધતિની નહેરોના બાકી રૂ.૯૬૨ કરોડના કામો આયોજન હેઠળ છે. |
| (૨) કેટલા સમયમાં કામગીરી પૂરી કરવાનું આયોજન છે, અને ક્યા વર્ષમાં કામગીરી પૂરી કરવામાં આવશે, અને | (૨) આ કામગીરી વહેલી તકે પૂરી કરવાનું આયોજન છે. |
| (૩) આ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ? | (૩) આ કામો માટે રૂ.૪૦૬૭ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. |

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કચ્છ કેનાલ એટલે રાધનપુરથી શરૂ થઇને કચ્છ સુધી પહોંચતી કેનાલ. હવે એ કેનાલમાં વધારાનું એક મિલિયન એકર ફિટ પાણી આપવાના છે. વધારાનું એક મિલિયન એકર ફિટ પાણી એટલે કેટલું? તો ચોમાસમાં ઓવર ફ્લો થઇને પાણી જાય ત્યારે. એ એક મહિનાની અંદર જ એ એક મિલિયન એકર ફિટ પાણી કચ્છમાં પહોંચાડવાનું છે તો મારે એ જાણવું છે કે, એ કેનાલ અત્યારે પહોળી બનાવવામાં આવી છે? એક મિલિયન એકર ફિટ પાણી એક મહિનાની અંદર વહન થઇને કચ્છ સુધી પહોંચી શકે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, કચ્છ જિલ્લાની અંદર એકપણ કેનાલનું કન્સ્ટ્રકશનનું કામ ચાલુ કર્યુ કે નહિ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જવાબ હું એ આપીશ કે માનનીય છબિલભાઇએ જે પૂછ્યું કે વધારાનું એક મિલિયન એકર ફિટ પાણી લઇ જવાની વ્યવસ્થા કરી છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું વધારાનું પાણી જ્યારે અગાઉ પણ મેં કીધું છે. આપે કીધું એટલે ફરી કહું છું કે, ડેમમાં પૂર આવે ત્યારે ઓવર ફ્લો થઇ પાણી ભરૂચના દરિયામાં બિન–ઉપયોગી લાખો ક્યૂસેક પાણી વહી જતું હતું અને એકબાજુ પાણીની તાતી જરૂરિયાત હોય એને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક મિલિયન એકર ફિટ પાણી કચ્છને, એક મિલિયન એકર ફિટ પાણી ઉત્તર ગુજરાતને અને એક મિલિયન એકર ફિટ પાણી સૌરાષ્ટ્રને ફાળવી આપ્યું છે. એ પછીની જે કાર્યવાહી કરવાની થાય કે પાણી પહોંચાડવા માટેની વ્યવસ્થા ગોઠવવાની તો ઉત્તર ગુજરાતમાં એના માટેની પાઇપલાઇનો અને કેનાલોના નેટવર્કની કામગીરી ચાલુ છે. સૌરાષ્ટ્ર માટે પણ મોરબીની અને જે બીજી કેનાલો છે એની પણ કેપેસિટી વધારવાનું કામ આપણે હાથ ઉપર લીધું. એવી રીતે કચ્છને પણ આ પાણી પહોંચાડવા માટે આપણે કામ હાથ ઉપર લીધું છે અને એના કારણે કચ્છની જે કેનાલની મૂળ કેપેસિટી અને

ખર્ચ હતો એના કરતા ૨૦૦૦ કરોડ રૂપિયા કચ્છને વધારાનું પાણી પહોંચાડવા કેનાલની કેપેસિટી લંબાવવાનું કામ પણ રાજ્ય સરકારે મંજૂર કર્યુ છે પણ મારે આ સભાગૃહને માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના માધ્યમથી ધ્યાન પર મૂકવું છું કે, નર્મદા ડેમ જ્યારે આખો બની જાય તો જ પ્રેશરથી, ગ્રેવિટીથી આ પૂરેપૂરું પાણી આપણે મેળવી શકીએ, એનો લાભ લઇ શકીએ પણ જ્યાં સુધી ડેમના દરવાજા બેસાડવાની કેન્દ્ર સરકાર જે મંજૂરી નથી આપતી એના કારણે આ લાભ આપણે મોડો લઇ શકીશું.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે, એક તો કચ્છમાં આ કેનાલો દ્વારા કયા કયા તાલુકાને પાણી આપવામાં આવશે? અને કેટલા કેટલા ગામોને આપ્વામાં આવશે? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ પૂછવું છે કે, આ કેનાલોની જે યોજના છે એને રાષ્ટ્રીય યોજના તરીકે સમાવેશ કરવાની જે વાત હતી એ પરમિશન મળી છે કે નહિ? રાષ્ટ્રીય યોજનામાં સમાવેશ થયો કે નહિ? અને એના માટે ૯૦:૧૦, ૯૦% પૈસા કેન્દ્ર સરકાર તરફથી મળવાના હતા એની પરિસ્થિતિનું સ્ટેટસ શું છે? એ પણ મારે જાણવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ રાપર યોજનાના આમાં રાપર તાલુકાના કુલ ૪૭ ગામ છે એના ૯૫૨૪૬ એકરમાં પાણી મળવાનું છે.ભચાઉના ૩૩ ગામ છે એને ૬૪,૦૦૦ એકરમાં પાણી મળવાનું છે, ગાંધીધામના ૮ ગામ છે એને ૧૦,૨૧૧ એકરમાં પાણી મળવાનું છે, અંજારના ૨૪ ગામ છે એને ૩૩,૦૦૦ એકરને પાણી મળવાનું છે, મુંદ્રાના ૩૪ ગામ છે, ૪૫,૦૦૦ એકરને પાણી મળવાનું છે, માંડવીના ૩૦ ગામ છે, ૨૭,૬૦૦ એકરમાં પાણી મળવાનું છે, ભુજના ૬ ગામ છે એમાં ૩,૩૧૭ એકરમાં પાણી મળવાનું છે. આમ કચ્છના કુલ ૧૮૨ ગામોને ૨,૭૮,૫૬૨ એકરમાં નર્મદાનું પાણી આપણે ફાળવવાના છીએ, ફાળવેલું છે અને એના કામો ચાલુ છે.

બીજો, માનનીય નીમાબેને જે રાષ્ટ્રીય યોજના જાહેર કરવા માટેનો પ્રશ્ન પૂછ્યો (અંતરાય) એમણે પૂછ્યો છે, સાહેબે એલાવ કર્યો છે ભાઇ (અંતરાય) ( આ તકે કોંગ્રેસના દંડકશ્રી બલવંતસિંહ ઉભા થઇ કાંઇક બોલતાં ) સાહેબ આપે એલાવ કર્યો છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) જો એટલું જ કરશો ને તો એક સિવાય કોઇને નહીં મળે. મેં જ વાત કરી, નેશનલ યોજનામાં છે કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા આપણે વારંવાર ભારત સરકારને વિનંતી કરી, એ તો નથી કરતાં, નર્મદાની ઉંચાઇ વધારવાની મંજૂરી નથી આપતા અને સાહેબ ગ્રાન્ટ (અંતરાય) અને એક જ સાહેબ, કચ્છનું કહું છું. (અંતરાય) કચ્છ રણ વિસ્તાર છે ત્યાં આગળ એ.આઇ.બી.પી.માં વધારાની ગ્રાન્ટ આપવાની આપણે માગણી કરી તો પણ હજુ મંજૂરી આપતા નથી, અન્ય સિવાય કંઇ આપતા નથી (અંતરાય)

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, મંત્રીશ્રીએ કહ્યું કે, ચોમાસા દરમિયાન વધારાનું વહી જતું પાણી એક મિલિયન એકર ફીટ કચ્છને આપવાનું છે, જે ચોમાસામાં આપવાની વાત છે. કચ્છને પાણીની જરૂરિયાત બાકીના સમયમાં હોય છે શિયાળામાં અને ઉનાળામાં જરૂરિયાત હોય છે, અને આવા સમયમાં તમે આ પાણી એક મિલિયન એકર ફીટ બાકીના સમયમાં તમે આપવા માગો છો કે કેમ ? કારણ કે, ચોમાસાંમાં પાણીની જરૂરિયાત રહેતી નથી મોટાભાગે, પણ બાકીના સમયમાં તમે પાણી આપવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આપણે ગુજરાતીમાં કહેવત છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : કહેવત નથી કહેવી, સીધો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જવાબ કહું છું. કૂવામાં હોય તો હવાડામાં આવે. ડેમમાં હશે તો નર્મદા કચ્છમાં પણ આપીશું અને ત્યાં પણ આપીશું. બીજો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે, જે રીતે સૌરાષ્ટ્રમાં સૌની યોજના રાજય સરકારે અલમમાં મૂકી છે એવી રીતે આ એક મિલિયન એકર ફીટ પાણી કચ્છમાં જે વધારાનું આપવાના છીએ એ કયા ક્યા જળાશયોમાં ભરાશે ? એનો પણ લગભગ સરવે રિપોર્ટ આખરી થઇ ગયો છે અને જે રીતે ઉત્તર ગુજરાતને પાઇપ લાઇનોથી પાણી ઉપાડીને આપવામાં આવ્યું એજ

રીતે કચ્છના ડેમોમાં અને સરોવરોમાં અને તળાવોમાં પાણી ભરવામાં આવશે. બીજું આપે કહ્યું કે, ઉનાળો અને બાકીના સમયમાં, સાહેબ આ મેં જે જવાબ આપ્યો કે, ૨ લાખ, ૭૮ હજાર એકરમાં તો પાણી બારેય મહિના સિંચાઇ મળવાની જ છે, ૨ લાખ, ૭૮ હજારમાં તો કન્ટીન્યુઅસ ચાલુ રહેવાનું અને જ્યારે વધારાનું પાણી આવે ત્યારે આપણે ફાળવી આપીશું.

**નવસારી જિલ્લામાં યોજેલ ખેડૂત શિબિરો**

* ૫૦૫૩ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં ૫, અને<br>વર્ષ ૨૦૧૧–૧૨ માં ૫,<br>કુલઃ ૧૦ |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ–૧૩૨૯ ખેડૂતો. |

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂત શિબિરો કઇ યોજના હેઠળ કરવામાં આવે છે અને નવસારી જિલ્લામાં ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં ખેડૂત શિબિરો પાછળ કુલ કેટલો ખર્ચો કરવામાં આવ્યો છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નવસારી જિલ્લામાં ચીખલી, નવસારી, જલાલપોર, વાંસદા અને ગણદેવી આ પાંચ તાલુકામાં આઇસો ફોમ અને વર્ક પ્લાન હેઠળ શિબિરો કરવામાં આવી. કુલ શિબિરો વર્ક પ્લાન નીચે ચાર થઇ અને આઇસો ફોમ નીચે છ થઇ, આમ દસ શિબિરો થઇ. વર્ક પ્લાન નીચે બસો લોકોએ ભાગ લીધો અને આઇસો ફોમ નીચે ૧,૧૨૯ ખેડૂતોએ ભાગ લીધો અને એની પાછળ કુલ ખર્ચ ૧ લાખ, ૯૦ હજારનો કરવામાં આવ્યો.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ખેડૂતો શિબિરો કયા હેતુ માટે યોજવામાં આવે છે અને ખેડૂતોને તેનાથી શું શું ફાયદાઓ થાય છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત શિબિરનો હેતુ, ખેડૂતોને તેનાથી સામાન્ય રીતે પાકોનું ઉત્પાદન વધે, ઉત્પાદકતા અને ગુણવત્તામાં સુધારો થાય અને એકવીસમી સદીની નવી જે યાંત્રિકરણ છે એનો ફાયદો કેવી રીતે લઇ શકાય એનું માર્ગદર્શન મળે, આધુનિક ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ થઇ શકે, જમીનની ચકાસણી મારફત શું ફાયદો થઇ શકે એ તમામ ફાયદા થાય છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત શિબિરમાં કયા કયા પ્રકારના ખેડૂતો લાભ લઇ શકે અને બે યોજનાઓ છે આઇસોપોમ અને વર્કપ્લાન એ અંતર્ગત શિબિરમાં કેવી રીતે એનો અમલ કરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થળે ખેડૂત શિબિર યોજવામાં આવે છે એની આજુબાજુના કોઇપણ ખેડૂતો જેમને ખેતી અંગેની જાણકારી મેળવવી હોય એ તમામ ખેડૂતો એમાં ભાગ લઇ શકે છે પછી એ નાનો ખેડૂત હોય કે મોટો ખેડૂત અને આ શિબિર એવી જગ્યાએ યોજવામાં આવે છે કે જ્યાં ખેડૂતને પ્રત્યક્ષ નિદર્શન થઇ શકે, જોઇ શકે અને એના દ્વારા એ પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે એવી જગ્યાએ ગોઠવવામાં આવે છે જેમકે બ્લોક રીડમ્શન હોય, ફાર્મફીલ્મ સ્કૂલ હોય, સીડ વિલેજ પ્રોગ્રામ ગોઠવાયેલા હોય આવા વિસ્તારમાં શિબિર ગોઠવાતી હોય છે. પછી કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જમીન ચકાસણી પ્રયોગશાળા, ગુણવત્તા નિયંત્રણ તંત્રના અધિકારીઓને સાંકળીને એમાં એમને માર્ગદર્શન અપાતું હોય છે.

**તાપી જિલ્લામાં ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવા બાબત**

* ૫૦૩૫ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨-૧૩ માં તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા તાપી જિલ્લામાં કેટલા ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવામાં આવી, અને | (૧) ૧૫૦ ખેડૂતોને. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૭૬.૬૫ લાખ. |

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ચાલુ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં ટ્રેક્ટરની સહાય માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે? અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષમાં તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વાલોદમાં ૩૯, વ્યારામાં ૬૫, સોનગઢમાં ૪૩, ઉચ્છલમાં ૦૯, નિઝરમાં ૧૩૦, કુલ – ૨૮૬ અરજીઓ મળી, ૧૫૦ મંજૂર કરવામાં આવી, એક પણ અરજી નામંજૂર કરવામાં આવી નથી. બાકીની અરજીઓ પ્રોસેસમાં છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૫૦ ખેડૂતોને ટ્રેક્ટરની સહાયની સબસીડી આપવામાં આવી આખા તાપી જિલ્લાની અંદર તો આપણો કોઇ લક્ષ્યાંક હોય છે કે ૧૫૦ હતી તો આપણો લક્ષ્યાંક કેટલો હોય છે? એમાં એસ.સી.ના કેટલા? એસ.ટીના કેટલા? અને જનરલ કેટલા છે એ માહિતી મારે જોઇએ છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે ૨૦૧૧-૧૨ની સ્થિતિએ પોતાના પ્લાન નીચે જાહેરાત કરી છે અને એમાં વધારાની જોગવાઇ પણ કરવામાં આવી છે અને આ યોજના નીચે કોઇપણ ખેડૂત ઓન લાઇન અરજી પાંચ હજાર રૂપિયા ભરીને કરી શકે છે. એનો ક્રમ આવે ત્યારે એને ૪૦ હોર્સ પાવર સુધીનું ટ્રેક્ટર હોય તો એને ૪૫૦૦૦ રૂપિયા અને ૪૦ થી ૬૦નું હોય તો એને ૬૫૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે અને આખા ગુજરાતમાં આ પ્રકારની યોજના ચાલુ છે.

શ્રી અશ્વિન કોટવાલ : એસ.સી., એસ.ટી. કેટલા?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : એસ.સી., એસ.ટી. કેટલા એવું હોઇ શકે નહીં. આખા રાજયના બધા ખેડૂતો માટેની આ યોજના છે અને માત્ર એક જિલ્લા માટેનો આ પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : બધા માટે સરખું છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય દ્વારા ટ્રેક્ટરમાં સહાય આપવાની યોજના કયારથી અમલમાં આવેલી છે? છેલ્લા દસ વર્ષમાં ટ્રેક્ટર ઘટક હેઠળ જોગવાઇ અને ખર્ચ શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ની સાલથી ટ્રેક્ટરની સહાયની યોજના અમલમાં છે. ૨૦૦૩ થી ૨૦૧૦ સુધીમાં કુલ ૪૮,૨૦,૨૩,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવી છે જેમાંથી રાજય સરકાર અને કેન્દ્ર સરકારની બંનેની અલગ પાડીએ તો ૧૩૬,૦૩,૩૦,૦૦૦/-ની રકમ રાજય સરકારે આપી છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ગુજરાતમાં ટ્રેક્ટર સહાય આપવામાં આવે છે તો ગુજરાતમાં લોકશાહી છે કે સરમુખત્યારશાહી છે? (અંતરાય) લોકશાહી નથી સરમુખત્યારશાહી છે. શું તમે ખેડૂતોનું ભલું કરવાના છો? આ ખેડૂતો રેલી કાઢીને નીકળ્યા છે તો અંદર આવવાની મનાઇ કરી દીધી છે તમે. આવું કયાં સુધી કરશો તમે? આ સરમુખત્યારશાહી છે. નહીં ચાલે સરમુખત્યારશાહી તમારી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### વાત્રક, માઝમ અને મેશ્વો જળાશયની નર્મદા પાઇપલાઇન નાખવાનું કામ

* ૫૦૨૪ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાત્રક, માઝમ અને મેશ્વો જળાશયની નર્મદા પાઇપ લાઇન નાખવાનું કામ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) વાત્રક, માઝમ, મેશ્વો જળાશય માટે નર્મદા પાઇપ લાઇન નાખવાનું કામ તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) આ કામ ડીસેમ્બર–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### વડોદરા કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર

* ૪૯૯૨ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે. |
| (૨) જો હા, તો વડોદરા કમિશ્નરેટ વિસ્તારમાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) સને–૨૦૧૧ માં ૨૪૮ અને સને–૨૦૧૨ માં ૨૩૧ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

### ખેડા જિલ્લામાં આવેલ નવી ઔદ્યોગિક વસાહતો

* ૫૩૬૪ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ઉદ્યોગો સ્થાપવામાં આવેલ છે, | (૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ માં ૭૩ અને ૨૦૧૨ માં ૧૧૩ મળીને કુલ–૧૮૬ ઉદ્યોગો સ્થપાયા છે. |
| (૨) કેટલી નવી ઔદ્યોગિક વસાહતો ઊભી થયેલ છે, (૩) કેટલી નવી ઔદ્યોગિક વસાહતો ઊભી કરવાનું આયોજન છે, અને (૪) કેટલા સમયમાં આ બાબતે કાર્યવાહી કરવામાં આવશે ? | (૨), (૩) અને (૪) ખેડા જિલ્લામાં ૬ ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં કોઇ નવી વસાહતો ઊભી થયેલ નથી. નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સ્થળની ચકાસણી કરી યોગ્ય મંજૂરી મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરે છે. |

---------

### રાજ્ય સરકાર દ્વારા કોલગી સમિતિની અહેવાલનો સ્વીકાર

* ૫૬૧૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વહીવટી સુધારણા માટે શ્રી | (૧) શ્રી વી. આર. એસ. કોલગી સમિતિના અહેવાલના |

વી. આર. એસ. કોલગી સમિતિ તરફથી આવેલ અહેવાલના સ્વીકાર ક્યારે કરવામાં આવ્યો,

(૨) આ સમિતિની કાર્યસૂચી અન્વયે સમિતિ દ્વારા થયેલ ભલામણો પૈકી તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કઇ બાબતોનો સ્વીકાર કરવામાં આવ્યો,

(૩) વહીવટી સુધારણા અંગે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૪) જો પગલાં ન લેવામાં આવ્યા હોય તો તેના શાં કારણો છે ?

અભ્યાસ માટે અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.) ના અધ્યક્ષ સ્થાને સમિતિ નિમવામાં આવી છે.

(૨), (૩) અને (૪)

આ સમિતિના અહેવાલના પરિપેક્ષ્યમાં સરકારે ઘણી અગત્યની બાબતોનો અમલ કરેલ છે. જેમ કે, વહીવટી કામકાજમાં કોમ્પ્યુટરાઈઝેશન, અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ, સેવાઓનું આઉટસોર્સીંગ, કર્મચારી/અધિકારીઓને તાલીમ, સરકારી કચેરીઓનું આધુનિકરણ, જુદા જુદા સંવર્ગના ભરતી નિયમો અદ્યતન કરવા, વિવિધ સંવર્ગમાં નવી ભરતી વિગેરે કેટલીક ભલામણો વિચારણા હેઠળ છે.

---------

**અમરેલી જિલ્લામાં સહકારી ધોરણે પાક પ્રોસેસીંગ યુનિટ**

* ૫૫૯૧ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૩ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સહકારી ધોરણે ખેતી પાકના પ્રોસેસીંગ યુનિટો માટે યુનિટ સ્થાપવા સરકાર તરફથી કેટલી રકમની સહાય આપવામાં આવે છે, | (૧) કાંઇ નહિ. |
| (૨) અમરેલી જિલ્લામાં આવા યુનિટ સ્થાપવા માટે કેટલી માગણીઓ ઉક્ત સ્થિતિએ આવેલી છે, અને | (૨) એકપણ નહિ. |
| (૩) તા.૨૮-૨-૧૩ ની સ્થિતિએ આ માગણીઓ ક્યા તબક્કે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નસવાડી તાલુકામાં નવી જૂથ પાણી પુરવઠા યોજના માટે કરેલ નિર્ણય**

* ૫૦૪૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં નવી જૂથ પાણી પુરવઠા યોજના માટે સરકારે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ નવી યોજનાની અંદાજિત કિંમત કેટલી છે, અને | (૨) અંદાજિત કિંમત રૂા.૪૯૪૨.૨૦ લાખ. |
| (૩) આ નવી યોજનાથી કેટલા ગામ/ફળિયા અને વસ્તીને પીવાના પાણીનો લાભ મળશે ? | (૩) ૧૧૬ ગામો અને ૯ નર્મદા વસાહતની ૧૦૯૦૭૫ માણસોની વસ્તીને લાભ મળશે. |

---------

**ભાભર તાલુકામાં નર્મદા યોજનાની શાખા/વિશાખા/પ્રશાખાના બાકી કામો**

* ૪૯૬૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકામાં નર્મદા યોજનાની શાખા/વિશાખા/ પ્રશાખાના કામો ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકામાં નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરના ૧૭.૩૧ કિ.મી.ના કામો રૂ.૫૬.૮૮ કરોડના પૂર્ણ થયેલ છે. વેજપુર શાખા નહેરનું કામ રૂ.૪૦.૫૭ કરોડનું પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરની વિશાખાનું કામ રૂ.૧૬.૬૯ કરોડનું પૂર્ણ થયેલ છે. વિશાખા અને પ્રશાખાના બાકી રૂ.૧૧૫.૮૫ કરોડના કામો પ્રગતિમાં છે. |

(૨) આ કામો પૂર્ણ થતાં કુલ કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

   અ. સસ્ટેનબીલીટી
   બ. કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીલીબીટી
   ક. ઇનોવેશન

૪. પરિસંવાદઃ
   - ઇનોવેશન પરિસંવાદ
   - ટેકનોલોજી પરિસંવાદ

(૩) દેશ અને દુનિયામાં વિવિધ ક્ષેત્રે કાર્યરત તજજ્ઞો પાસેથી ઉપયોગી મંતવ્યો મેળવીને આગામી સમયમાં ગુજરાત, ભારત તથા દુનિયાના અન્ય પ્રદેશો માટે વિકાસલક્ષી નીતિ તૈયાર કરી શકાય તેવો મુખ્ય હેતુ આ કાર્યક્રમોના આયોજન પાછળ રહેલો હતો. આગામી સમયમાં ગુજરાત આવા જ્ઞાનલક્ષી કાર્યક્રમોના આયોજન વડે દેશને સારા દાખલાઓ પૂરા પાડશે તેવી અપેક્ષા છે.

---------

**સુરત જિલ્લામાં પોલીસ કર્મચારી/અધિકારીની આરોગ્ય ચકાસણી**

૫૦૦૩ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા. ના તા.૨૫-૦૨-૨૦૦૪ ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ?

(૨)

| વર્ષ | કર્મચારી-અધિકારીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૪૫૯ |
| ૨૦૧૨ | ૪૮૧. |

---------

## રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર

૪૯૯૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સુચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે.

(૨) સને-૨૦૧૧ માં ૪૫ અને
સને-૨૦૧૨માં-૪૮ લોક દરબાર
યોજવામાં આવેલ છે.

---------

## ભરૂચ તાલુકાની નિકોરા જૂથ પાણી પુરવઠા યોજના માટે મંજૂર કરેલ રકમ

૫૦૨૯ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ તાલુકાની નિકોરા જૂથ પાણી પુરવઠા યોજના ક્યારે અને કેટલી રકમ માટે મંજૂર થયેલ છે, અને

(૨) આ યોજનાથી કેટલા ગામ/ફળિયા તથા કેટલી વસ્તીને પીવાના પાણીના લાભ મળશે ?

**જવાબ**

(૧) તા.૦૫-૦૯-૨૦૧૧ થી રૂા.૨૦૫૧.૩૬ લાખ માટે મંજૂર થયેલ છે.

(૨) ૧૦ ગામ/ફળિયાની હાલની ૭૦૧૧૯ માણસોની વસ્તીને પીવાના પાણીના લાભ મળશે.

---------

## પંચમહાલ જિલ્લામાં બોર બ્લાસ્ટીંગના કામો માટે એજન્સીની દરખાસ્ત

૫૧૫૮ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોર બ્લાસ્ટીંગના કામો માટે કઇ કઇ એજન્સીની દરખાસ્ત આવી, અને

(૨) દરખાસ્તમાં કઇ એજન્સીને કામ અપાયું અને કેટલી રકમની દરખાસ્ત હતી ?

**જવાબ**

(૧) એક માત્ર એસિલ નવસર્જન રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગોધરાની દરખાસ્ત આવી.

(૨) એસિલ નવસર્જન રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગોધરાને કામ અપાયું અને રૂા.૮૬૩.૬૨ લાખની રકમની દરખાસ્ત હતી.

---------

## રાજકોટ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર

૪૯૭૭ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને

**જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે.

(૨) સને-૨૦૧૧માં – ૨૫૫ અને

| | |
|---|---|
| ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | સને–૨૦૧૨માં – ૨૧૨ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાયેલ લોક દરબાર

૪૯૭૮ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે. |
| (૨) જો હા, તો સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) સને–૨૦૧૧માં – ૧૦૧ અને સને–૨૦૧૨માં – ૪૫ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

---------

## ઉમરગામ, સરીગામ અને વાપીમાં રેનબસેરા બનાવવા બાબત

૩૨૨૭ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ, સરીગામ અને વાપી ઔદ્યોગિક વસાહતોના કામદારોના ઉપયોગ માટે રેનબસેરા બનાવવા સરકારે શું આયોજન કર્યું છે, અને<br>(૨) તો એવા કામદારો માટે રહેણાંક મકાનો (રેનબસેરો) યોજના હેઠળ ત્રણે ઔદ્યોગિક ક્ષેત્રોમાં મકાનો બનાવવા માંગો છો કે કેમ? | (૧) અને (૨) ઉમરગામ અને વાપી ઔદ્યોગિક વસાહતોના કામદારોના આવાસ માટે અલાયદી કોલોનીઓ વિકસાવવામાં આવી છે.<br>હાલ નિગમ દ્વારા આવાસોના બાંધકામની યોજના અમલમાં ન હોઈ આવાસોનું બાંધકામ કરવામાં આવતું નથી. |

---------

## અમીરગઢ તથા દાંતા તાલુકામાં દારૂની હેરાફેરી કરતાં પકડાયેલાં ઈસમો

૫૫૪૮ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમીરગઢ અને દાંતા તાલુકામાં દારૂની હેરાફેરીના કેટલા કેસો નોંધાયા, | (૧) ૨૫ |
| (૨) તે પૈકી દારૂની હેરાફેરી તથા વેચાણ કરનારા કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, | (૨) હેરાફેરી કરનાર–૩૪ તથા વેચાણ કરનાર– ૯૫૨ ઈસમો. |
| (૩) ગુનાહિત કાર્ય સબબ પકડાયેલ કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને | (૩) ૨૦ કસૂરદારો સામે પાસા, ૫ સામે હદપારી અને ૨૭૬ સામે પ્રોહીબીશન કલમ–૯૩ મુજબ પગલાં લેવામાં આવેલ છે. |
| (૪) આ બદી અટકાવવા આગામી દિવસોમાં શાં પગલાં લેવામાં આવશે? | (૪) દારૂની બદી અટકાવવા માટે રાજ્યની સીમા પર ચેક પોસ્ટો કાર્યરત છે ત્યાં વાહન ચેકીંગ કરવામાં આવે છે. તેમજ રાજસ્થાનની સીમા નજીકના કાચા રસ્તાઓ ઉપર અવાર નવાર નાકાબંધી તેમજ પેટ્રોલીંગ રાખવામાં આવે છે |

સ્થાનિક પોલીસ દ્વારા પ્રોહીબીશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. તેમજ આવી પ્રવૃત્તિ કરતા ઈસમો સામે પાસા, હદપારી અને પ્રોહીબીશન કલમ – ૯૩ હેઠળ અટકાયતી પગલાં પણ લેવામાં આવશે.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં આદિવાસી ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા બનાવેલ લીફ્ટ ઈરીગ્રેશન સ્કીમો**

૫૬૨૮ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં આદિવાસી ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા માટે કઈ કઈ જગ્યાએ કયા કયા ગામોમાં લીફ્ટ ઈરીગ્રેશનની સ્કીમો બનાવી,

(૨) એનાથી કયા કયા આદિવાસી ગામોને સિંચાઈનું પાણી મળે છે, અને

(૩) એ અંગે યોજનાવાર અને તાલુકાવાર કેટલા રૂપિયાનું આયોજન હતું અને કેટલો ખર્ચ ઉક્ત સ્થિતિએ થયો?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં આદિવાસી ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા માટે **પત્રક–૧** મુજબ કુલ–૨૫ લીફ્ટ ઈરીગેશનની સ્કીમો

રૂા. ૧૨.૬૮ કરોડની અંદાજીત કિંમતે મંજૂર કરવામાં આવેલ છે.

સ્કીમથી લાભાર્થી ગામો અને તેમાં થયેલ ખર્ચની વિગતો **પત્રક–૧ મુજબ છે**.

**પત્રક–૧**

| ક્રમ | તાલુકો | ઉ.સિં.યોજનાનું નામ / લાભાર્થી ગામનું નામ | પાણી લીફ્ટ કરવાનું સ્થળ | પિયત વિસ્તાર (હે) | અંદાજિત રકમ રૂપિયા (લાખમાં) | થયેલ ખર્ચ રૂપિયા (લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | રાયસંગપુર | હાથમતીનદી | ૭૪ | ૫૬.૪૭ | ૪૭.૫૬ |
| ૨ | | બોલુંદ્રા | હાથમતીનદી | ૪૦ | ૬૧.૩૯ | ૫૪.૩૪ |
| ૩ | | કડવઠ | મેશ્વો નદી | ૩૫ | ૪૨.૦૭ | ૪૪.૩૯ |
| ૪ | | આભાપુર/હાથીયા | અભાપુર તળાવ | ૬૦ | ૪૩.૫૦ | ૩૨.૧૦ |
| ૫ | | આસાલ/નાપડાજાગીર | મેશ્વો નદી | ૭૦ | ૫૦.૭૫ | ૨૨.૪૦ |
| ૬ | | મઠ (બોલુન્દ્રા) | હાથમતીનદી | ૬૦ | ૪૩.૭૦ | ૨૮.૦૧ |
| ૭ | | કમઠાડીયા | હાથમતીનદી | ૫૫ | ૪૦.૦૬ | ૩૧.૪૪ |
| ૮ | | ચુનાખણ | હાથમતીનદી | ૫૦ | ૩૬.૪૩ | ૨૧.૩૧ |
| ૯ | | સોડપુર | મેશ્વો નદી | ૬૦ | ૪૩.૭૨ | ૨૧.૫૪ |
| ૧૦ | | કિશનગઢ | ઈદ્રાસીનદી | ૩૦ | ૨૫.૬૯ | ૬.૦૦ |
| ૧૧ | | ચોરીમાલા | હાથમતીનદી | ૧૦૦ | ૭૨.૫૦ | ૮.૯૦ |
| ૧૨ | | જોડખાપરેટા | ઈન્દ્રાસીડિમ | ૮૦ | ૪૮.૯૮ | ૦.૦૦ |
| ૧૩ | | ધનસોર | મોડેપાણ તળાવ | ૪૫ | ૪૨.૭૩ | ૦.૦૦ |
| ૧૪ | | ઝીંઝુડી | હાથમતીનદી | ૭૦ | ૫૨.૧૧ | ૧૦.૦૦ |
| ૧૫ | | પહાડીયા | મેશ્વો નદી | ૫૦ | ૩૬.૪૧ | ૮.૫૦ |
| | | | **કુલ** | **૮૭૯** | **૬૯૬.૫૧** | **૩૩૬.૪૯** |
| ૧ | મેઘરજ | ઢેમડા | નાર તળાવ | ૬૦ | ૫૦.૧૪ | ૩૬.૧૪ |
| ૨ | | નાનીમોયડી | વાત્રકનદી | ૭૦ | ૫૦.૫૯ | ૪૯.૪૩ |
| ૩ | | જુની વાંક | ચુલીનદી | ૮૦ | ૭૧.૨૫ | ૨૯.૮૯ |
| ૪ | | પંચલ (મહાકાલ) | કસાણાનદી | ૭૦ | ૬૨.૩૫ | ૩૦.૫૯ |
| ૫ | | રોલા | ચુલીનદી | ૭૫ | ૬૬.૭૯ | ૩૯.૩૭ |

| ક્રમ | તાલુકો | ઉ.સિં.યોજનાનું નામ<br>લાભાર્થી ગામનું નામ | પાણી લીફ્ટ કરવાનું સ્થળ | પિયત વિસ્તાર (હે) | અંદાજિત રકમ રૂપિયા (લાખમાં) | થયેલ ખર્ચ રૂપિયા (લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૬ | | પંચલ ડેરીયા | ડેરીયા તળાવ | ૭૫ | ૪૭.૬૪ | ૨૦.૬૯ |
| ૭ | | લાલપુર–૨ | સુકડ/વાત્રકનદી | ૭૦ | ૫૧.૩૯ | ૧૨.૦૦ |
| ૮ | | વડથલી | સુકડનદી | ૭૫ | ૬૬.૭૯ | ૦.૦૦ |
| ૯ | | મહુડી ગોરવડા | ગોરવડા ચેકડેમ | ૭૦ | ૪૨.૩૬ | ૦.૦૦ |
| ૧૦ | | રેલ્યો | વાત્રકનદી | ૭૦ | ૬૨.૩૫ | ૦.૦૦ |
| | **કુલ** | | | **૭૧૫** | **૫૭૧.૬૮** | **૨૧૮.૧૧** |
| | **સમગ્ર કુલ** | | | **૧૫૯૪** | **૧૨૬૮.૧૯** | **૫૫૪.૬૦** |

---------

### કલ્પસર યોજના હેઠળ કરવામાં આવેલો ખર્ચ

૫૩૪૭ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૨–૨૦૧૩ ની સ્થિતિએ બે વર્ષમાં કલ્પસર યોજના હેઠળ કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૨) ૩૦ કિ.મી. લંબાઈનો બંધ બનાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧, વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ (ફેબ્રુઆરી ૨૦૧૩ અંતિત), કુલ રૂ.૨૫.૬૭ કરોડ.

(૨) ૩૦ કિ.મી. લંબાઈનો બંધ બનાવવા, કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરાવવામાં આવી રહેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

૧. નર્મદા નદી ઉપર ભાડભૂત ગામ પાસે ૧૫.૮૭ કીલોમીટર લાંબો બેરાજની (સ્ટેન્ડ એલોન) ‘‘પીપીપી’’ ધોરણે બનાવવા માટેના પ્રાથમિક સર્વે, સંશોધન અને આલેખનને લગતી તમામ કામગીરી પૂર્ણ થયેલ છે. બૅરેજ બનાવવા માટેનો એડવોકેટ જનરલશ્રીનો કાયદાકીય અભિપ્રાય અને નર્મદા નદીના નોટીફીકેશન પ્રસિદ્ધિની કામગીરી પણ પૂર્ણ કરેલ છે. બૅરેજના ફીઝીકલ મોડલની કામગીરી અગ્રીમ તબક્કામાં છે. પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન (સી.આર.ઝેડ) ની મંજૂરી અંતિમ તબક્કામાં છે. જમીન સંપાદનની કામગીરી શરૂ કરેલ છે. ભાડભૂત બરાજનું બાંધકામ વર્ષ ૨૦૧૩–૧૪ માં શરૂ કરવાનું આયોજન છે.

૨. કલ્પસર યોજનાના પૂર્ણ કરેલ/અગ્રિમ તબક્કાના અભ્યાસોની વિગતઃ

   ૧. કલ્પસર યોજનાના બંધની ફરતેનું ટોપોગ્રાફી સર્વે.
   ૨. બંધના પથરેખાના કોરીડોરમાં દરિયાઇ સર્વેક્ષણ.
   ૩. બંધની ઉત્તરના ભાગમાં સૂચિત મીઠા પાણીના સરોવરમાં દરીયાઇ સર્વેક્ષણ.
   ૪. બંધની દક્ષિણ ભાગમાં દરિયાના ભાગમાં સર્વેક્ષણ.
   ૫. બંધ પર દરિયાના પાણીની સપાટીમાં ક્લાઇમેટ ચેન્જથી થતા વધારાની અસર.
   ૬. બંધ ઉપર સુનામીની અસર.
   ૭. બંધ પર સ્ટ્રોમસર્જ, સિંચિઝ, વિન્ડ, વેવ્સની

અસર.

૮. બંધ થવાથી દરિયાના ભાગમાં ટાઇડ અને કરન્ટની અસર અને સેડીમેન્ટના જથ્થામાં થતા ફેરફારની અસરો.
૯. બંધથી હયાત તેમજ સૂચિત બંદરો પર અસર.
૧૦. બંધની હેઠવાસમાં નવા બંદરોને વિકસાવવા.
૧૧. બંધના બાંધકામ માટે મટીરીયલ મેળવવાનો સર્વે.
૧૨. બંધ વિસ્તારમાં આવતા ભૂકંપની તીવ્રતા અને ફ્રીકવન્સીને બંધની ડીઝાઇન અન્વયે ચકાસણી.
૧૩. બંધ ઉપરનું આલેખિતપુર અને છલતીની ક્ષમતા.
૧૪. બંધના પાયા સ્તરોની ચકાસણી (જીયોટેકનીકલ).
૧૫. બંધ ઉપરનો ટ્રાફીક સર્વે.
૧૬. બંધ પર રેલવે પરિવહન સર્વે.
૧૭. કલ્પસરમાં મીઠા પાણીની ઉપલબ્ધિ.
૧૮. ઉપલબ્ધ પાણીના વપરાશની ફાળવણી.
૧૯. બંધ બનાવ્યા બાદ ખારા પાણીમાંથી મીઠા પાણીના સરોવરનું પરિવર્તનનો સમય.
૨૦. કલ્પસરના બંધ, મીઠા પાણીના સરોવર અને દરિયા ઉપર બંધ પહેલા, બાંધકામ વખતે અને બંધ થયા પછી થનારી વિવિધ તાંત્રિક અસરો માટેનો મેથેમેટીકલ મોડલ.
૨૧. બંધના ઉપરવાસના મીઠાના અગરો પર અસરો.
૨૨. બંધના ઉપરવાસના મેન્ગ્રુવ પરની અસરો.
૨૩. કલ્પસર યોજનાથી નવસાધ્ય થનાર જમીનનો ડેવલપમેન્ટ પ્લાન.
૨૪. નવસાધ્ય જમીન ઉપર પવન ઉર્જા.
૨૫. નવસાધ્ય જમીન ઉપર સૌર ઊર્જા.
૨૬. કલ્પસર યોજનાના કેચમેન્ટ એરીયાના ભૂગર્ભ જળની ગુણવત્તાની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યની અસર.
૨૭. કલ્પસર યોજનાના વિસ્તારમાં હવા, અવાજ, દરિયા અને નદીના પાણી અને જમીનના હાલના પર્યાવરણીય બેઝીક માપદંડો.
૨૮. નદીઓના પાણીનો જથ્થો અને ગુણવત્તાની માસિક ચકાસણી.
૨૯. સાબરમતી નદીના ઔદ્યોગિક પ્રદુષિત પાણીને બંધની નીચવાસમાં સમુદ્રમાં લઇ જવાનો અભ્યાસ.
૩૦. નર્મદા, મહી અને ઢાઢરના નદીના ઔદ્યોગિક પ્રદુષિત પાણીને બંધની નીચવાસમાં સમુદ્રમાં લઇ જવાનો અભ્યાસ.
૩૧. નર્મદા ડાયવર્ઝન કેનાલનો સર્વે અને પ્રાથમિક ડીઝાઇન.
૩૨. કમાન્ડ એરીયા માટે નહેરોની પથરેખા અને

વહનશકિત.

૩૩. કલ્પસર યોજનાના કમાન્ડ એરીયાના ભૂગર્ભ જળની ગુણવત્તાની હાલની ગુણવત્તા પર અને ભવિષ્યમાં સિંચાઇ થતા વિસ્તાર પર અસર.

૩૪. યોજનાના સરોવરના વિસ્તારમાં મડ ફ્લેટ્સ (Mud flats) પર અસર.

૩૫. મત્સ્યોદ્યોગની અસર.

૩. કલ્પસર યોજના માટે હાલના તબક્કે બાકી રહેલા અભ્યાસોની વિગતઃ

૧. બંધ માટે ફીઝીકલ મોડલીંગ.

૨. મીઠા પાણીના સરોવરમાં કાંપ ઘટાડવા માટે કેચમેંટ એરિયા ટ્રીટમેન્ટ પ્લાન.

૩. કેચમેન્ટ એરીયાની સોઇલ સર્વે એન્ડ ડ્રેનેજ મેનેજમેન્ટ.

૪. બાયોફ્યુઅલ પાર્કનું આયોજન.

૫. ટ્રાફીક, પવન અને સૌર ઊર્જા થકી મળનાર કાર્બન ક્રેડીટ.

૬. યોજનાનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ અને અંદાજ તૈયાર કરવો.

૪. કલ્પસર યોજનાની પર્યાવરણ મંજૂરી અન્વયે કેન્દ્ર સરકારની 'નીરી' (નાગપુર) સંસ્થા દ્વારા બનાવેલ રીપોર્ટ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા રચિત એક્ષપર્ટ એપ્રેઝલ કમિટિમાં સપ્ટેમ્બર–૨૦૧૦ માં રજુ કરેલ હતા. આ કમિટિ દ્વારા કેટલાક અન્ય અભ્યાસો કરવા સુચના આપેલ હતી. જેના કારણે ઉપરોક્ત કેટલાક અભ્યાસો નવા હાથ ઉપર લીધા છે.

૫. કલ્પસર યોજના શરૂ કરવા તેમાં લેવાની થતી મંજુરીઓ/કામગીરીઓની વિગત નીચે પ્રમાણે છેઃ

૧. યોજનાનો પર્યાવરણીય મંજૂરી માટેનો રીપોર્ટ.

૨. કેન્દ્ર સરકારની પર્યાવરણીય મંજૂરી.

૩. કેન્દ્ર સરકારની સી.આર.ઝેડ. ની મંજૂરી.

૪. કેન્દ્ર સરકારના પ્લાનીંગ કમીશનની યોજનાના રોકાણ બાબતે મંજૂરી.

૫. સાબરમતી, મહી, ઢાઢર અને સૌરાષ્ટ્રની નદીઓના નોટીફિકેશન.

૬. બાંધકામ પશ્ચાદની ભરતી/ઓટ થતા ફેરફારનું નોટીફિકેશન.

૭. કલ્પસર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી બનાવવી.

---------

**આમોદ બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવા આપવામાં આવેલી નાણાકીય સહાય**

૫૦૩૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લાના આમોદ બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨માં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) શૂન્ય |

| | |
|---|---|
| (૨) તા. ૩૧-૧-૨૦૧૩ની અંતિત કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૪૭.૦૧ લાખ |

---------

**પશુપાલન વિભાગમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૫૬૨૫ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૩-૨૦૧૩ની સ્થિતિએ સચિવાલય કક્ષાએ પશુપાલન વિભાગનું વર્ગ-૧ થી વર્ગ-૪નું તમામ મહેકમ કેટલું છે, | (૧) મંજૂર થયેલ મહેકમની સંખ્યા-કુલ ૨૨ જગ્યા |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કયા કયા વર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૧. નાયબ સેકશન અધિકારી-૧ જગ્યા<br>૨. અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (વર્ગ-૨) ની-૧ જગ્યા |
| (૩) કઈ જગ્યા કેટલા સમયથી ખાલી છે? | (૩) ૧. નાયબ સેકશન અધિકારી-૧ જગ્યા તા. ૪-૨-૨૦૧૩થી ખાલી<br>૨. અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (વર્ગ-૨) ની-૧ જગ્યા તા. ૧-૧૦-૨૦૦૮થી ખાલી |

---------

**અમદાવાદ કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર**

૪૯૯૦ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત સાચી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે. |
| (૨) જો હા, તો અમદાવાદ કમિશ્નરેટ વિસ્તારમાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) સને-૨૦૧૧માં - ૨૮૩ અને<br>સને-૨૦૧૨માં - ૨૯૧ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**બાવળા અને બરવાળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ યોજનાઓ**

૫૦૪૬ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બાવળા અને બરવાળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સ્વજલધારા કાર્યક્રમ હેઠળ બાવળા તાલુકામાં ૩ યોજના અને બરવાળા તાલુકામાં ૨ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) બાવળા તાલુકામાં કુલ ૨૩.૦૦ લાખનું અને બરવાળા તાલુકામાં કુલ ૨.૨૫ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

**કાંકરેજ તાલુકામાં નર્મદા યોજનાની શાખા/વિશાખા/પ્રશાખાના બાકી કામો**

૪૯૫૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કાંકરેજ | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કાંકરેજ |

તાલુકામાં નર્મદા યોજનાની શાખા/વિશાખા/પ્રશાખાના કામો કયા તબક્કે છે, અને

તાલુકામાં નર્મદા યોજનાની શાખા/વિશાખા/પ્રશાખા નહેરોના કામો પ્રગતિ હેઠળ છે. જેની વિગતો નીચે મુજબ છે :–

| અ.નં. | નહેરનું નામ | કુલ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| ૧ | શાખા નહેર | ૧૭.૦૨ | ૧૭.૦૨ |
| ૨ | પેટા શાખા | ૧૪.૭૦ | ૯.૦૦ |
| ૩ | વિશાખા | ૬૪.૮૩ | ૧૪.૫૦ |
| ૪ | પ્રશાખા | ૧૦૦.૭૯ | ૧.૫૦ |
| | **કુલ** | **૧૯૭.૩૪** | **૪૨.૦૨** |

(૨) આ કામો પૂર્ણ થતાં કુલ કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

(૨) આ કામો પૂર્ણ થતાં કાંકરેજ તાલુકાના કુલ ૨૮ ગામોના ૩૩૧૮૧ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

---------

### તાપી જિલ્લામાં પોલીસ કર્મચારી/અધિકારીની આરોગ્ય ચકાસણી

૫૦૦૯ **શ્રી જનકભાઈ મ. કાછડીયા(કરંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના તા. ૨૫–૦૨–૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **કર્મચારી–અધિકારીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૧ | ૩૦૨. |
| ૨૦૧૨ | ૩૦૨. |

---------

### લીંબડી બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવા ચૂકવાયેલ સહાય

૫૦૩૨ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ નાણાકીય વર્ષ સન ૨૦૧૧–૧૨માં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ અંતિત કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) રૂ. ૪૮.૮૦ લાખ.

---------

### અમદાવાદ કમિશ્નરેટમાં પોલીસ કર્મચારી/અધિકારીની આરોગ્ય ચકાસણી

૫૦૧૧ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના તા. ૨૫–૦૨–૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય

ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ કમિશ્નરેટમાં કેટલા પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

(૨) **વર્ષ** **કર્મચારી-અધિકારીની સંખ્યા**

| વર્ષ | કર્મચારી-અધિકારીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૭૩૪૧. |
| ૨૦૧૨ | ૭૫૧૦. |

---------

## રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં યોજાયેલ લોક દરબાર

૪૯૯૬ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે.

(૨) સને-૨૦૧૧માં - ૪૫ અને
સને-૨૦૧૨માં- ૪૮ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

## ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ના અધિકારીઓનું મંજૂર થયેલ મહેકમ

૫૪૭૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ના અધિકારીઓનું તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧) આ વિભાગના તા. ૨૧-૦૨-૨૦૦૯ના કેડર શિડ્યુલથી નક્કી કરવામાં આવ્યા મુજબ ગુજરાત વહીવટી સેવા વર્ગ ૧ ના અધિકારીઓના તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ મંજૂર મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ (જુનિયર સ્કેલ) | ૪૩૫ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ (સિનિયર સ્કેલ) | ૧૭૪ |
| **સંવર્ગ** | **મંજૂર મહેકમ** |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ (સિલેક્શન સ્કેલ) | ૫૭ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ (અપેક્ષ સ્કેલ) | ૧૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ખાલી જગ્યાઓ |
|---|---|

| | |
|---|---|
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (જુનિયર સ્કેલ) | ૧૧૫ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (સિનિયર સ્કેલ) | ૨૧ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (સિલેક્શન સ્કેલ) | ૩૮ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (અપેક્ષ સ્કેલ) | ૧૪ |

(૩) તે પૈકી સીધી ભરતીની કેટલી છે અને બઢતીની કેટલી છે,

(૩) તે પૈકી સીધી ભરતી અને બઢતીની ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | સીધી ભરતી | બઢતી |
|---|---|---|
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (જુનિયર સ્કેલ) | ૭૪ | ૪૧ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (સિનિયર સ્કેલ) | કોઈ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થતી નથી. | ૨૧ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (સિલેક્શન સ્કેલ) | | ૩૮ |
| ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ | | ૧૪ |

(૪) સીધી ભરતીની જગાઓ ભરવા છેલ્લે ક્યારે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ, અને

(૪) ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ (જુનિયર સ્કેલ)ની સીધી ભરતીની જગ્યાઓ ભરવા છેલ્લે ૨૦૦૮–૦૯ના વર્ષમાં ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને ૨ ની જગ્યાઓની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવા માટે માંગણી પત્રક મોકલી આપેલ જેમાં ગુજરાત વહીવટી સેવા વર્ગ ૧ ની ૨૦ જગ્યાઓના માંગણી પત્રક પણ મોકલી આપેલ. આયોગે તમામ માંગણી પત્રકો પરત કરેલ અને આ સંવર્ગોમાં સીધી ભરતી અંગેના પરીક્ષા નિયમોની સુધારણા કર્યા બાદ અદ્યતન વિગતો સાથે માંગણી પત્રક મોકલી આપવા જણાવેલ. આયોગે જણાવ્યા મુજબની કાર્યવાહી ચાલુ છે અને હાલની ખાલી જગ્યાઓની સ્થિતિ ધ્યાને લઈને તે મુજબના માંગણીપત્રકો મોકલી આપવાની કાર્યવાહી ચાલુ છે.

(૫) હવે પછી સીધી ભરતીની જગાઓ ભરવા ક્યારે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે ?

(૫) શક્ય તેટલી જલ્દી હાથ ધરવામાં આવશે.

---------

**કલોલ અને કડી તાલુકામાં નર્મદા આધારિત પીવાનું શુધ્ધ પાણી પૂરૂં પાડવા બાબત**

૫૬૦૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કલોલ તેમજ કડી તાલુકાના કયા કયા ગામોને નર્મદા આધારિત પીવાનું

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સામેલ **પરિશિષ્ટ** મુજબ કલોલ તાલુકાના ૩૭ ગામોને તેમજ કડી

શુધ્ધ પાણી પૂરૂં પાડવામાં આવે છે, અને

(૨) કયા ગામો બાકી છે બાકી ગામોને નર્મદા આધારિત પાણી ક્યારથી આપવામાં આવશે ?

તાલુકાના ૭૧ ગામોને નર્મદા આધારિત પીવાનું શુધ્ધ પાણી પૂરૂં પાડવામાં આવે છે.

(૨) કલોલ તેમજ કડી તાલુકાના બાધા જ ગામોને નર્મદા આધારિત પાઈપ લાઈન યોજના સાથે જોડવામાં આવેલ છે. સ્વૈચ્છિક રીતે પાણી ન લેતા ગામોને માંગણી મળ્યેથી જૂથ યોજનાનું પાણી શરૂ કરવામાં આવશે.

***પરિશિષ્ટ**

**મહેસાણા જિલ્લાના કલોલ તથા કડી તાલુકાના ગામોમાં નર્મદાનું પાણી પૂરૂ પાડવામાં આવતા ગામોની યાદી**

| અનુ. | ગામનું નામ | અનુ. | ગામનું નામ | અનુ. | ગામનું નામ | અનુ. | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| **તા. કલોલ** | | ૩૩ | સનાવાડ | ૨૮ | વલાવડી | ૬૧ | ઈરાણા |
| ૧ | આમજા | ૩૪ | ઉનાલી | ૨૯ | વરખડીયા | ૬૨ | જસલપુર |
| ૨ | ભાદોલ | ૩૫ | વડસર | ૩૦ | વેકરા | ૬૩ | ઝુલાસણ |
| ૩ | ભાવપુરા | ૩૬ | વાસજડા(ક) | ૩૧ | વિડજ | ૬૪ | કૈયાલ |
| ૪ | બાલવા | ૩૭ | ઓળા | ૩૨ | વિસતપુરા | ૬૫ | કરજીસણ |
| ૫ | ઘેઘુ | **તા. કડી** | | ૩૩ | બોરીસણા | ૬૬ | ખેરપુર |
| ૬ | ડિંગુચા | ૧ | આદુદરા | ૩૪ | ડરણમોરવા | ૬૭ | લુણાસણ |
| ૭ | ઈટલા | ૨ | ચાલાસણ | ૩૫ | દેલ્લા | ૬૮ | માથાસુર |
| ૮ | કાઠા | ૩ | દીગડી | ૩૬ | દૂધઈ | ૬૯ | નંદાસણ |
| ૯ | જામલા | ૪ | કુડાલ | ૩૭ | કુલેત્રા | ૭૦ | સરસાવ |
| ૧૦ | ખોરજ ડાભી | ૫ | લક્ષ્મીપુરા | ૩૮ | જેસંગપુરા | ૭૧ | ઉંટવા |
| ૧૧ | લીબોદ્રા | ૬ | મોકાસણ | ૩૯ | જેતપુરા | | |
| ૧૨ | મોખાસણ | ૭ | મોયલ | ૪૦ | કરશનપુરા | | |
| ૧૩ | મુબારકપુર | ૮ | સુજાતપુરા | ૪૧ | લક્ષ્મણપુરા | | |
| ૧૪ | શોભાસણ | ૯ | આલુસણા | ૪૨ | મેઢા | | |
| ૧૫ | સોજા | ૧૦ | બાબાજીપુરા | ૪૩ | મેડાઆદરજ | | |
| ૧૬ | વાગોસણા | ૧૧ | દેઉસણા | ૪૪ | પિરોજપુરા | | |
| ૧૭ | વેડા | ૧૨ | ધોરીયા | ૪૫ | રંગપુરડા | | |
| ૧૮ | પ્રતાપપુરા | ૧૩ | હરીપુરા | ૪૬ | છીયાપુરા | | |
| ૧૯ | આરસોડીયા | ૧૪ | જાદવપુરા | ૪૭ | થોળ | | |
| ૨૦ | બીલેશ્વરપુરા | ૧૫ | નારણપુરા | ૪૮ | વામજ | | |
| ૨૧ | બોરીસણા | ૧૬ | સાદરા | ૪૯ | અચરાસણ | | |
| ૨૨ | ધમાસણા | ૧૭ | ડરણ | ૫૦ | આલમપુરા | | |
| ૨૩ | ધાણોટ | ૧૮ | ફતેહપુરા | ૫૧ | આનંદપુરા | | |
| ૨૪ | ઈસંડ | ૧૯ | ઈશ્વરપુરા | ૫૨ | અણખોલ | | |
| ૨૫ | પલસાણા | ૨૦ | કલ્યાણપુરા | ૫૩ | ભટાસણા | | |
| ૨૬ | પાનસર | ૨૧ | કાસ્વા | ૫૪ | બુડાસણા | | |
| ૨૭ | ઉસ્માનાબાદ | ૨૨ | ખંડમોરવા | ૫૫ | ચાંદરડા | | |
| ૨૮ | દંતાલી | ૨૩ | કોરડા | ૫૬ | ડાંગરવા | | |
| ૨૯ | જેઠલજ | ૨૪ | મહારાજપુરા | ૫૭ | ધનાલી | | |
| ૩૦ | ખાત્રજ | ૨૫ | નરસીંહપુરા | ૫૮ | ગણેશપુરા | | |
| ૩૧ | રાંચરડા | ૨૬ | સેદરડી | ૫૯ | ઘુમાસણ | | |
| ૩૨ | રણછોડપુરા | ૨૭ | સેદ્રાણા | ૬૦ | ઈન્દ્રાડ | | |

---------

**પોરબંદર જિલ્લામાં પોલીસ કર્મચારી/અધિકારીની આરોગ્ય ચકાસણી**

૪૯૯૯ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોરબંદર જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

રાજય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના તા. ૨૫–૦૨–૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **કર્મચારી–અધિકારીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૧ | ૬૨૪. |
| ૨૦૧૨ | ૨૦૮. |

---------

**જમીનના પૃથ્થકરણ માટે ખેત બજાર સમિતિઓને સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી ઊભી કરવા માટેની યોજના**

૫૦૩૯ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ખેડૂતોની જમીનના પૃથ્થકરણ માટે ખેત બજાર સમિતિઓને સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી ઉભી કરવા માટેની કોઈ યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ હેતુ માટે સરકાર તરફથી શી સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ હેતુ માટે સરકાર તરફથી સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી ઊભી કરવા માટે જરૂરી સાધનો, કેમીકલ્સ, ગ્લાસવેર્સ, માનવબળ તેમજ પરચૂરણ ખર્ચ માટે પ્રોજેક્ટના ૫૦ % અથવા રૂ. ૩૦ લાખની મર્યાદામાં એક વખત સહાય આપવામાં આવે છે.

---------

**કચ્છ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૪૯૮૭ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે.

(૨) સને–૨૦૧૧માં – ૨૧૪ અને
સને–૨૦૧૨માં – ૧૪૨ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**માણસા તાલુકામાં પાણીના તળ ઉંચા લાવવા બાબત**

૫૫૧૨ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં પાણીના તળ ખૂબજ નીચા

**જવાબ**

(૧) હા, જી.

ભૂતકાળમાં ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણના કારણે

ગયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

પાણીનું સ્તર નીચું ગયેલ પરંતુ જળસંચય / રીચાર્જના કામોને અપાયેલ પ્રાધાન્યને કારણે વર્ષ–૨૦૦૬ની સરખામણીએ ભુગર્ભ જળનું સ્તર ઉચું આવેલ છે.

(૨) જો હા, તો આ પાણીના તળ ઉંચા લાવવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) રીચાર્જ વધારવા ડાર્કઝોન માસ્ટર પ્લાન અંતર્ગત જળસંચયના કામો હાથ ધરવામાં આવેલ છે.

---------

**નર્મદા યોજના આધારિત મડકા શાખા નહેર તથા પેટા નહેરોના બાકી કામ**

૪૯૬૦ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત મડકા શાખા નહેર તથા પેટા નહેરોના કામો કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત મડકા શાખા નહેરનું કામ પૂર્ણ થયેલ છે તથા પેટા નહેરોના કામો પ્રગતિ હેઠળ છે. આ કામોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનું કામ | કુલ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ થયેલ કામની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | મડકા શાખા નહેર | ૧૯.૦૫ | ૧૯.૦૫ | ૧૦૦.૦૦ |
| ૨ | વિશાખા | ૬૯.૫૨ | ૫૨.૩૩ | ૭૫.૨૭ |
| ૩ | પ્રશાખા | ૧૩૭.૪૬ | ૫૩.૭૭ | ૩૯.૧૨ |

(૨) આ કામો પૂર્ણ થતાં કુલ કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે?

(૨) આ કામો પૂર્ણ થતાં બનાસકાંઠા જિલ્લાના ૨ તાલુકાના ૨૧ ગામોના ૪૮૨૧૯ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

---------

**રાજકોટ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલોની બાકી કામગીરી**

૫૪૪૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલોની કેટલી કામગીરી કરવાની બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા નહેરોની કુલ: ૧૫૦.૭૫ કિ.મી. લંબાઈ પૈકી ૧૨૫.૫૦ કિ.મી. લંબાઈના કામો પૂર્ણ થયેલ છે અને બાકી ૨૫.૨૫ કિ.મી.ના કામો પ્રગતિમાં છે. જ્યારે વિતરણ વ્યવસ્થાની નહેરોના કૂલ : ૪૦૬.૨૦ કિ.મી. લંબાઈના કામો પણ હાલ પ્રગતિમાં છે.

(૨) કેટલા સમયમાં કામગીરી પૂરી કરવાનું આયોજન છે, અને

(૨) ઉપરોક્ત કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે?

(૩) આ માટે શાખા નહેરના કામોનો રૂા. ૯૮.૨૨ કરોડનો તથા વિતરણ વ્યવસ્થાની નહેરોના કામોનો રૂા. ૧૩૮.૧૦ કરોડ મળી કુલ રૂા. ૨૩૬.૩૨ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

---------

**રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરીમાં સંયુક્ત રજિસ્ટ્રારની કેડરમાં ઈન્ચાર્જ નિયામકનો ચાર્જ આપવા બાબત**

૫૬૭૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરની કચેરીમાં સંયુક્ત રજીસ્ટ્રારની કેડરમાં કેટલી અને કઈ કઈ જગ્યાઓ નિયામક અધિકારીથી તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ ચાર્જમાં ચાલે છે,

**જવાબ**

(૧) અને (૨) નીચેની વિગતે ૫ ખાલી જગ્યાઓ ચાર્જથી ચાલે છે.

| અ.નં. | ખાલી જગ્યાનું નામ | કઈ તારીખથી ચાર્જમાં છે. |
|---|---|---|

(૨) ઉક્ત જગ્યાઓ છેલ્લા કેટલા વર્ષથી ચાર્જથી ચલાવવામાં આવે છે,

| | | |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ અર્થતંત્ર ગુ.રા. ગાંધીનગર | ૨૨–૭–૨૦૦૮ |
| ૨ | સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (વહીવટ) સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગર | ૧–૧૦–૨૦૦૮ |
| ૩ | સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (બજાર) સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગર | ૩–૪–૨૦૧૧ |
| ૪ | સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (ઓડીટ) સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગર | ૩–૪–૨૦૧૧ |
| ૫ | સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (ધિરાણ) સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગર. | ૩૦–૫–૨૦૧૧ |

(૩) આ જગ્યાઓ પર કાયમી નિમણુક નહી કરવાના શાં કારણો છે, અને

(૩) વહીવટી કારણોસર.

(૪) કાયમી નિમણુકથી જગ્યા ક્યારે ભરવામાં આવશે?

(૪) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

---------

**હારીજ તાલુકામાં સ્વજલ ધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ યોજનાઓ**

૫૦૪૩ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાટણ જિલ્લાના હારીજ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧ યોજના મંજૂર કરવામાં આવી.

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે?

(૨) રૂા. ૦.૯૧ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદા યોજનાનું પાણી આપવાની નક્કી કરેલ પદ્ધતિ**

૫૪૬૪ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદા યોજના આધારિત પાણી આપવા કઈ પદ્ધતિ નક્કી કરવામાં આવી છે, અને

(૨) ગ્રેવીટી ફ્લો અને લીફ્ટીંગ પૈકી કઈ પદ્ધતિથી કચ્છની મુખ્ય કેનાલમાં પાણી છોડવાનું આયોજન કરવામાં આવનાર?

(૧) અને (૨)

તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે કચ્છ શાખા નહેરની પેટા શાખા અને વિતરણ વ્યવસ્થામાં ગ્રેવીટી પદ્ધતિ અને નર્મદા યોજના આધારિત કચ્છની મુખ્ય કેનાલમાં ગ્રેવીટી પદ્ધતિ અને ઉદ્વહન પદ્ધતિથી પાણી છોડવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં નર્મદા આધારીત પીવાના પાણી પુરવઠા યોજનાની મંજૂરી**

૫૬૧૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૨૮–૨–૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નર્મદા આધારિત કેટલી પીવાના પાણી પુરવઠા યોજનાની મંજુરી આપવામાં આવી,

(૧) ૩ જૂથ પાણી પુરવઠા યોજના.

(૨) યોજના દીઠ તાલુકાવાર કેટલા ગામો આ યોજનામાં આવરી લેવામાં આવ્યાં,

(૨)

| અ.નં. | જૂથ યોજનાનું નામ | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના | કવાંટ | ૯૬ |
| | | પાવી જેતપુર | ૪૨ |
| ૨ | નસવાડી જૂથ પાણી પુરવઠા યોજના | નસવાડી | ૧૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૩ | પાદરા જૂથ પાણી પુરવઠા યોજના | પાદરા | ૬૯ |
| | | કરજણ | ૭ |

(૩) મંજૂરીની અપેક્ષાએ કેટલી યોજનાઓ બાકી છે, કઈ કઈ, અને

(૪) બાકી યોજનાઓને કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે?

(૩) અને (૪) નીચે મુજબની ૫ યોજનાઓના સર્વેક્ષણ તેમજ નકશા અંદાજો બનાવવાની કામગીરી પ્રાથમિક તબક્કે છે.
(૧) સંખેડા જૂથ ભાગ-૧ સુધારણા પાણી પુરવઠા યોજના
(૨) સંખેડા જૂથ ભાગ-૩ સુધારણા પાણી પુરવઠા યોજના
(૩) સુચિત સંખેડા પાવી જેતપુર જૂથ પાણી પુરવઠા યોજના
(૪) ડભોઈ જૂથ પાણી પુરવઠા યોજના
(૫) વાઘોડિયા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના

---------

## ધારી-ખાંભા અને બગસરા તાલુકામાં બાંધેલ ચેકડેમો

૫૫૯૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં અમરેલી જિલ્લાના ધારી-ખાંભા અને બગસરા તાલુકામાં કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા છે, | (૧) ૫૨ ચેકડેમો. |
| (૨) ચેકડેમો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) રૂા. ૨૫૭.૫૪ લાખ. |
| (૩) આ પૈકી કેટલા ડેમ તૂટી ગયા છે, | (૩) આ પૈકી કોઈપણ ચેકડેમ તૂટેલ નથી. |
| (૪) તૂટી ગયેલા ચેકડેમ રીપેરીંગ કરવાનું કોઈ આયોજન છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો હા, તો ક્યાં સુધીમાં? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના આધારિત કચ્છ શાખા નહેરના બાકી કામો

૪૯૬૩ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના આધારિત કચ્છ શાખા નહેરના કામો કયા તબક્કે છે, અને

(૨) બનાસકાંઠા જિલ્લાની કુલ કેટલી જમીનને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજના આધારિત કચ્છ શાખા નહેરની કુલ : ૩૩.૬૬ કિ.મી.ના લંબાઈના રૂ. ૮૫ કરોડના કામો પૂર્ણ થયેલ છે.

(૨) બનાસકાંઠા જિલ્લાના ૫ તાલુકાના ૨૩૮ ગામોની કુલ : ૪૧૫૫૬૭ એકર જમીનને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે, જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામની સંખ્યા | કુલ પિયત વિસ્તાર (એકરમાં) |
|---|---|---|---|
| ૧ | કાંકરેજ | ૨૮ | ૩૩૧૮૦ |
| ૨ | ભાભર | ૪૯ | ૮૦૫૩૮ |
| ૩ | દિઓદર | ૦૫ | ૩૪૩૫ |
| ૪ | વાવ | ૧૧૪ | ૨૪૬૪૮૪ |
| ૫ | થરાદ | ૪૨ | ૫૧૯૩૦ |
| | **કુલ :** | **૨૩૮** | **૪૧૫૫૬૭** |

---------

## રાજકોટ જિલ્લાની ભાદર સિંચાઈ યોજનાના નહેર આધુનિકરણના મંજૂર કરેલ કામો

૫૦૨૦ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની ભાદર સિંચાઈ યોજનાના નહેર આધુનિકરણના કામો મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો તે કામ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) પ્રથમ તબક્કાના કામો જુન-૨૦૧૨માં પુર્ણ કરેલ છે, બીજા તબક્કાના ૮ (આઠ) કામો પ્રગતિ હેઠળ છે.

(૩) તે કામ પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો છે?

(૩) રૂા. ૭૩૩.૧૩ લાખ.

---------

**બોરસદ તાલુકાના મહીકાંઠાના ગામોમાં પીવા લાયક પાણી આપવા બાબત**

૫૫૧૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના મહી કાંઠાના ગામોમાં પાણી પીવા લાયક નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પીવા લાયક પાણી આપવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) બોરસદ તાલુકાના મહી કાંઠાના ૧૧ ગામો પૈકી ૧૦ ગામોમાં પાણી પીવાલાયક જણાયેલ છે. માત્ર ૧ ગામ (બદલપુર) માં પાણી બિન પીવાલાયક જણાયેલ છે.

(૨) હા, જી.

(૩) બોરસદ તાલુકાના ૧૮ ગામોને સમાવેશ કરતી અંદાજીત કિમત રૂા. ૧૯૬૨.૦૦ લાખની રકમ સરફેસ સોર્સ આધારિત રાસ જુથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવેલ છે. જેમાં મહી કાંઠાના તમામ ૧૧ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

---------

**નર્મદા યોજના હેઠળ સૌરાષ્ટ્ર શાખા નહેરના કામો**

૫૧૮૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર શાખા નહેરના કામો કયા તબક્કે છે, અને

(૨) બાકી કામો પૂર્ણ કરવા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર શાખા નહેરની કુલ ૧૦૪.૪૬ કિ.મી. લંબાઈના કામો તથા પાંચ પમ્પીંગ સ્ટેશન સહિત રૂા. ૧૨૫૦.૩૬ કરોડના કામો પૂર્ણ થયેલ છે.

(૨) મોરબી શાખાના હેડરેગ્યુલેટરનું રૂા. ૩.૨૫ કરોડનું બાકી રહેલ એક જ કામ પ્રગતિમાં છે.

---------

**સાવલી તાલુકાના અજલપુરા લહેરીપુરાના પાણી પુરવઠા યોજનાનું પાણી તાલુકાના ગામોને પૂરૂં પાડવા બાબત**

૫૬૫૬ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૮-૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લા સાવલી તાલુકાના અજબપુર લહેરી પુરાના પાણી પુરવઠા યોજનાનું પાણી તાલુકાના કેટલા ગામોને પુરૂ પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ પાણી પુરવઠા યોજનાનું પાણી સમાવિષ્ટ ગામોને પૂરેપૂરી રીતે મળે છે કે કેમ, અને

(૩) ન મળતું હોય તો મળી રહે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

યોજનામાં સમાવિષ્ટ ૬૫ ગામો પૈકી ૫૧ ગામોને પાણી આપવામાં આવતું હતું. જ્યારે ૧૪ ગામો સ્વૈચ્છિક રીતે સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. તા. ૨૨-૨-૨૦૧૩થી રોડ વાઈડનીંગના કામોના કારણે હયાત પાઈપ લાઈનને અસર થવાથી ૫૧ પૈકી ૧૭ ગામોમાં પાણી પુરવઠો આપી શકાયેલ નથી જ્યારે ૩૪ ગામોને પાણી પૂરૂં પાડવામાં આવે છે.

(૩) અસર પામેલા ૧૭ ગામોને સુધારણા કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ યોજના મુજબ નવીન પાઈપ લાઈન બદલીને પાણી પુરવઠો ચાલુ કરવાનું આયોજન છે.

---------

તા.૧લી એપ્રિલ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

## જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ પશુ સારવાર કેમ્પ

૫૦૯૬ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પશુ સારવાર કેમ્પો કરવામાં આવ્યા,

(૨) આવા પશુ સારવાર કેમ્પો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આવા કેમ્પમાં કેટલા પશુઓને સારવાર આપી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં તાલુકાવાર નીચે મુજબ પશુ સારવાર કેમ્પો કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૧ (તા. ૦૧–૦૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧) | વર્ષ–૨૦૧૨ (તા. ૦૧–૦૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨) | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૧ | ૧૬ | ૨૭ |
| ૨ | ભેંસાણ | ૧૦ | ૨૧ | ૩૧ |
| ૩ | વિસાવદર | ૧૦ | ૨૫ | ૩૫ |
| ૪ | મેંદરડા | ૪ | ૨૦ | ૨૪ |
| ૫ | વંથલી | ૪ | ૨૪ | ૨૮ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૬ | માણાવદર | ૧૧ | ૧૪ | ૨૫ |
| ૭ | કેશોદ | ૧૪ | ૩૫ | ૪૯ |
| ૮ | માંગરોળ | ૧૨ | ૨૫ | ૩૭ |
| ૯ | માળીયા (હા.) | ૮ | ૨૭ | ૩૫ |
| ૧૦ | વેરાવળ | ૨૦ | ૨૬ | ૪૬ |
| ૧૧ | સુત્રાપાડા | ૯ | ૨૭ | ૩૬ |
| ૧૨ | તાલાળા | ૧૧ | ૨૫ | ૩૬ |
| ૧૩ | કોડીનાર | ૧૦ | ૨૯ | ૩૯ |
| ૧૪ | ઉના | ૪ | ૩૯ | ૪૩ |
| | **કુલ** | **૧૩૮** | **૩૫૩** | **૪૯૧** |

(૨) રૂા. ૨૦,૯૪,૩૪૧/–

(૩) ૨,૩૫,૪૧૭ /– પશુઓને સારવાર આપી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટર તેમજ રોટાવેટર સહાય

૫૫૮૬ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટર સહાય તેમજ રોટાવેટર સહાયની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) તે અન્વયે કેટલી મંજૂર કરી અને કેટલી રકમની સબસીડી આપી ?

**જવાબ**

(૧) ટ્રેકટર સહાયની ૫૬૨૯ અને રોટાવેટરની સહાયની ૩૬૨૦ અરજીઓ,

(૨) ટ્રેકટર સહાયમાં ૧૪૯૧ મંજૂર અરજીઓ માટે રૂા. ૭,૦૪,૪૦,૦૦૦/– અને રોટાવેટર સહાયમાં ૧૯૬૬ મંજૂર અરજીઓ માટે રૂા. ૫,૫૧,૩૭,૦૦૦/– સહાય આપી.

---------

## જોડીયા, ધ્રોલ અને કાલાવાડ તાલુકામાં નર્મદાની પાઈપ લાઈન દ્વારા આપવામાં આવતું પાણી

૫૬૦૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર, જોડિયા, ધ્રોલ અને કાલાવાડ તાલુકાના કયા કયા ગામોને નર્મદા પાઈપ લાઈન આધારિત પાણી પુરવઠો તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ આપવામાં આવે છે,

(૨) આ પૈકીના ઘણા ગામોમાં પાઈપ લાઈન ક્ષતિગ્રસ્ત થવાથી નર્મદાનું પાણી મળતું નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો ઉપરોક્ત ગામોને પીવાનું નિયમિત

**જવાબ**

(૧) સામેલ **પરિશિષ્ટ** મુજબ જામનગર તાલુકાના ૩૪, જોડિયા તાલુકાના ૩૪, ધ્રોલ તાલુકાના ૧૩ અને કાલાવાડ તાલુકાના ૨૭ ગામોને પાણી પુરવઠો આપવામાં આવે છે.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાણી મળી રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૪) તમામ ગામોને ક્યાં સુધીમાં નિયમિત પાણી મળતું કરવામાં આવશે ?

(૪) બાકી રહેતા તમામ ગામોને તબક્કાવાર વહેલામાં વહેલીતકે પાણી મળતું કરવાનું આયોજન છે.

પરિશિષ્ટ

| અન. | ગામનું નામ | અનુ. | ગામનું નામ | અનુ. | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| **જામનગર** | | ૩ | રાજપર | ૬ | લતીપુર |
| ૧ | ખીજડીયા | ૪ | ફાડસર | ૭ | ખારવા |
| ૨ | ધુવાવ | ૫ | બેલા | ૮ | માણેકપર |
| ૩ | નવાનાગના | ૬ | રામપર પાડાબેકર | ૯ | હાડાટોડા |
| ૪ | જુનાનાગના | ૭ | કોઠારીયા | ૧૦ | હજામચોરા |
| ૫ | ઢીંચડા | ૮ | આમરણ | ૧૧ | ભેંસદડ |
| ૬ | ઠેબા | ૯ | ખાસચીયા | ૧૨ | હરીપર |
| ૭ | હાપા | ૧૦ | કેરાલી | ૧૩ | ગોલીટા |
| ૮ | અલીયા | ૧૧ | ફાટસર | કાલાવડ | |
| ૯ | બાડા | ૧૨ | જીવાપર | ૧ | આણંદપર |
| ૧૦ | શેખપાટ | ૧૩ | બાદનપર આમરણ | ૨ | અરલા |
| ૧૧ | જાંબુડા | ૧૪ | ધુળકોટ | ૩ | બાંગા |
| ૧૨ | સચાણા | ૧૫ | માવનું ગામ | ૪ | બેડીયા |
| ૧૩ | ખીમરાણા | ૧૬ | દુધઈ | ૫ | બેરાજા |
| ૧૪ | નાનીબાણુગાર | ૧૭ | માણામોરા | ૬ | ભાવાભી ખિંજડીયા |
| ૧૫ | મોડા | ૧૮ | ભીમકટ્ટા | ૭ | ભીમાનું ગામ |
| ૧૬ | સુવરડા | ૧૯ | જામસર | ૮ | છતર |
| ૧૭ | મોખાણા | ૨૦ | શામપર | ૯ | જશાપર |
| ૧૮ | ખીમલીયા | ૨૧ | અંબાલા | ૧૦ | ખરેડી |
| ૧૯ | રામપર | ૨૨ | તરાણા | ૧૧ | મોટા ભાડુકીયા |
| ૨૦ | મોરકડા | ૨૩ | માધાપર | ૧૨ | મોટા પાંચદેવડા |
| ૨૧ | મોટીબાણુગાર | ૨૪ | બાલંભા | ૧૩ | મોટા વડાળા |
| ૨૨ | સપડા | ૨૫ | બાદનપર (જો) | ૧૪ | મોટી ભગેડી |
| ૨૩ | બેરાજા | ૨૬ | બાલાચડી | ૧૫ | મોટી માટલી |
| ૨૪ | સુચપરા | ૨૭ | ખીરી | ૧૬ | મોટી વાવડી |
| ૨૫ | ખંભાલીડા નાનાવાસ | ૨૮ | હડીયાણા | ૧૭ | નાનાવડાળા |
| ૨૬ | ખંભાલીડા મોટાવાસ | ૨૯ | બારાડી | ૧૮ | નપાણીયા ખીજડીયા |
| ૨૭ | મોટી ખાવડી | ૩૦ | બેરાજા | ૧૯ | નિકાવા |
| ૨૮ | નાની ખાવડી | ૩૧ | કેશીયા | ૨૦ | પાતા મેઘપર |
| ૨૯ | વિભાપર | ૩૨ | માનપર | ૨૧ | પીપર |
| ૩૦ | જગા | ૩૩ | પીઠડ | ૨૨ | પીઠડીયા |
| ૩૧ | વરણા | ૩૪ | ટીંબડી | ૨૩ | રાજડા |
| ૩૨ | ધુતારપર | **ધ્રોલ** | | ૨૪ | સરાપાદર |
| ૩૩ | મેડી | ૧ | નથુવડાલા | ૨૫ | સતીયા |
| ૩૪ | મતવા | ૨ | નાના ગરેડીયા | ૨૬ | શિંશાંગ |
| **જોડીયા** | | ૩ | મોટા ગરેડીયા | ૨૭ | વિરવાવ |
| ૧ | ઉંટબેટ શામપર | ૪ | સોયલ | | |
| ૨ | ઝીંઝુડા | ૫ | વાંકીયા | | |

---------

**અમદાવાદ કમિશ્નરેટમાં પોલીસ કર્મચારી/અધિકારીની આરોગ્ય ચકાસણી**

૫૦૧૦ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

તા.૧લી એપ્રિલ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. રાજય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના તા. ૨૫–૦૨–૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ કમિશ્નરેટમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) |

| **વર્ષ** | **કર્મચારી–અધિકારીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૧ | ૭૩૪૧ |
| ૨૦૧૨ | ૭૫૧૦ |

---------

**પાટણ જિલ્લામાં તાલુકાવાર ગામોને ફ્લોરાઈડ ગ્રસ્ત જાહેર કરવા બાબત**

૫૬૨૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને ફ્લોરાઈડ ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા, અને<br>(૨) છેલ્લા બે વર્ષમાં ફ્લોરાઈડસની માત્રા આ તમામ તાલુકાઓમાં વધી છે કે કેમ ? | (૧) અને (૨)<br>કોઈ ગામ ફ્લોરાઈડ ગ્રસ્ત જાહેર કરવામાં આવેલ નથી. પરંતુ ભૂગર્ભજળમાં ફ્લોરાઈડની માત્રા પાટણ જિલ્લાના સિધ્ધપુર, પાટણ, ચાણસ્મા, હારીજ સમી અને રાધનપુર તાલુકામાં વધી છે તેથી, પાટણ જિલ્લાના બધા જ ગામોને ધરોઈ જળાશયનું (સરફેસ સોર્સ) પાણી આપવામાં આવે છે. |

---------

**મહેમદાવાદ તાલુકામાં શેઢી સિંચાઈ યોજનાની ડિસ્ટ્રીબ્યુટર કેનાલનું રિપેરીંગ/બાકી કામ**

૫૫૮૧ **શ્રી ગૌતમભાઈ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય જળસંપિત્ત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં શેઢી સિંચાઈ યોજનાની જુદી જુદી ડિસ્ટ્રીબ્યુટર કેનાલનું રિપેરીંગ કામ કયા તબક્કે છે, કેટલું કામ બાકી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં શેઢી સિંચાઈ યોજનાની જુદી જુદી ડિસ્ટ્રીબ્યુટરી કેનાલનું રિપેરીંગ કામ ૩૦ ટકા જેટલું બાકી છે, જે હાલ પ્રગતિ હેઠળ છે. |
| (૨) બાકી કામ ક્યારે પૂર્ણ થશે, અને | (૨) બાકી કામ આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આ ોયજન છે. |
| (૩) ઢાળિયા, સબમાઈનોરના બાકી કામો માટે સરકાર તરફથી શું આયોજન કરેલ છે ? | (૩) ઢાળિયા, સબ માઈનોરના બાકી કામોની બાબત વિચારણા હેઠળ છે. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ –૨૦૧૧ માં કરારમાં ખસી ગયેલ ઉદ્યોગગૃહો**

૫૫૬૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં જે ઉદ્યોગગૃહોએ એમ.ઓ.યુ. કરેલ છે તે પૈકી કયા કયા ઉદ્યોગગૃહો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કરારમાંથી ખસી ગયા, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના એમ.ઓ.યુ. પૈકી ૧૫૪૨ (૧૮.૪૦%) પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે. જેની ઉદ્યોગગૃહોની સેકટરવાર માહિતી **પત્રક** મુજબ છે. |
| (૨) જે ઉદ્યોગગૃહો કરારમાંથી ખસી ગયેલ તેમણે કેટલી રકમના મૂડીરોકાણની શક્યતાઓ દર્શાવી હતી ? | (૨) વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત કરાર નહિ પરંતુ એમ.ઓ.યુ. કરવામાં આવે છે. ૨૦૧૧ના ડ્રોપ થયેલ પ્રોજેકટોનું સુચિત મુડીરોકાણ રૂ. ૨૫૫૪૮૫.૫૧ કરોડ હતું. |

**પત્રક**

**વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૧**

| અનુ. નં. | સેક્ટરનું નામ | ડ્રોપ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૨૭ |
| ૨ | બાયોટેકનોલોજી | ૧૦ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૯૦ |
| ૪ | સીવીલ એવીએશન | ૭ |
| ૫ | એજ્યુકેશન | ૦ |
| ૬ | એન્જીનીયરીંગ | ૨૭૬ |
| ૭ | એન્વારમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૩ |
| ૮ | ફાઈનાશીયલ સેક્ટર | ૦ |
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૫ |
| ૧૦ | હેલ્થ કેર | ૧૮ |
| ૧૧ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૨ |
| ૧૨ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૩૧ |
| ૧૩ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રકચર | ૫ |
| ૧૪ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) | ૨૦ |
| ૧૫ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) | ૩૨ |
| ૧૬ | ઓઈલ એન્ડ ગેસ | ૧૩ |
| ૧૭ | અધર | ૩૩૨ |
| ૧૮ | પેપર | ૧૫ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર. | ૪૧ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ | ૧૮ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બાસેડ | ૧૧ |
| ૨૨ | પાવર | ૩ |
| ૨૩ | પાવર–રીન્યુએબલ | ૧૫ |
| ૨૪ | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૩ |
| ૨૫ | રૂરલ ડેવલોપમેન્ટ | ૧ |
| ૨૬ | સેઝ | ૫ |
| ૨૭ | સ્કીલ ડેવલોપમેન્ટ | ૧૧ |
| ૨૮ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીલીજન | ૨ |
| ૨૯ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૫૦ |
| ૩૦ | ટુરીઝમ | ૨૬૫ |
| ૩૧ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૨૮ |
| ૩૨ | વેન્ચ્યુર અબોર્ડ | ૦ |
| ૩૩ | વોટર રીસોર્સીસ | ૩ |
| | **કુલ** | **૧૫૪૨** |

---------

**અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં બળાત્કારના બનાવો**

૫૧૦૮ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈ સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે કે કેમ, | (૧) અમદાવાદ જિલ્લામાં ૩ ગુના નોંધાયેલ છે. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં આ પ્રકારનો ગુનો નોંધાયેલ નથી. |
| (૨) જો હા, તો ક્યારે બનાવો બન્યા, અને | (૨) તા.૧૪–૭–૧૧, તા.૨૮–૩–૧૧ અને તા. ૧૮–૧૦–૧૧ |

(૩) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

(૩) કુલ ૧૭ આરોપીઓ પકડાયા છે અને ૩ આરોપીઓ પકડવાના બાકી છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કપાસ પકવતા ખેડૂતોને ચૂકવેલ સહાય**

૫૨૦૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને કેવા પ્રકારની સહાય ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ ચૂકવવામાં આવે છે,

(૨) બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં કપાસ પકવતા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને ફાર્મસ ફીલ્ડ સ્કૂલ, ફીલ્ડ લેવલ ડેમોન્સ્ટ્રેશન અને ક્ષેત્રિય નિદર્શન દ્વારા આધુનિક ખેતી પધ્ધતિની માહિતી આપવામાં આવે છે. કપાસ પાક માટે બિયારણ, જૈવિક ખાતર, સૂક્ષ્મ તત્વો, બાયો એજન્ટ, યાંત્રિક સાધનો, ટપક પિયત પદ્ધતિ ઈત્યાદિ ઘટકો માટે સહાય આપવામાં આવે છે. રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના અંતર્ગત ભરવાના થતા જરૂરી પ્રીમીયમમાં ખેડૂતોને સહાય આપવામાં આવે છે.

(૨) કુલ રૂ. ૧૧૪૨.૪૦ લાખ.

(૩) કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લાની મધુબન ડેમ આધારિત મુખ્ય કેનાલ તથા માયનોર કેનાલ તથા સબ માયનોર કેનાલ**

૫૦૭૪ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાની મધુબન ડેમ આધારિત મુખ્ય કેનાલ તથા માયનોર કેનાલ તથા સબ માયનોર કેનાલ કેટલા કી.મી.ની છે,

(૨) તે અન્વયે કેટલા વિસ્તારમાં પાણી પહોંચાડવામાં આવે છે, અને

(૩) તે અન્વયે કેટલી કેનાલોમાં પાણી વહી જતું નથી, આ અંગે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૮૯૨.૧૬૬ કિ.મી.

(૨) ૨૭૯૫૩ હેક્ટર.

(૩) ૨૦૩.૭૬૪ કિ.મી. લંબાઈની નહેરોમાં પાણી પહોંચાડવા માટે નહેર સુધારણા (ઈ.આર.એમ.)ના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે.

---------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની ફરિયાદો**

૫૬૧૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૮-૨-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પીવાના પાણીની સમસ્યા બાબતની કેટલી ફરિયાદો મળી,

**જવાબ**

(૧) જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પીવાના પાણીની સમસ્યા બાબતની મળેલ ફરીયાદો નીચે મુજબ છે.

| **તાલુકો** | **વર્ષ ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩** |
|---|---|
| આણંદ | ૩૧૧ |
| ઉમરેઠ | ૧૨૭ |
| બોરસદ | ૩૦૫ |
| આંક્લાવ | ૫૪૧ |
| પેટલાદ | ૨૧૦ |
| સોજીત્રા | ૧૦૯ |
| ખંભાત | ૭૧ |
| તારાપુર | ૨૭ |

| કુલ | ૧૭૦૧ |
|---|---|

(૨) ઉક્ત ફરિયાદો સંદર્ભે કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવી,

(૨) ઉક્ત ફરીયાદો સંદર્ભે તાલુકાવાર કરેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | હેન્ડપંપ | મીની | પાતાળ કુવા | સીવીલ | હ્યાત વ્યવસ્થા પુરતી હોવાથી કામગીરીની જરૂરીયાત જણાતી નથી. |
|---|---|---|---|---|---|
| આણંદ | ૭૪ | ૨૭ | ૧૦ | ૫ | ૯૫ |
| ઉમરેઠ | ૫૧ | ૪ | ૩ | ૩ | ૪૩ |
| બોરસદ | ૮૨ | ૨૦ | ૧૬ | ૨ | ૧૩૫ |
| આંકલાવ | ૧૫૧ | ૩૪ | ૫ | ૫ | ૧૯૮ |
| પેટલાદ | ૩૧ | ૧૧ | ૧૬ | ૧૨ | ૬૬ |
| સોજીત્રા | ૫૬ | ૪ | ૦ | ૧ | ૩૫ |
| ખંભાત | ૨૨ | ૮ | ૪ | ૩ | ૩૧ |
| તારાપુર | ૪ | ૩ | ૨ | ૯ | ૩ |
| **કુલ** | **૪૭૧** | **૧૧૧** | **૫૬** | **૪૦** | **૬૦૬** |

(૩) કેટલી ફરિયાદો પડતર છે, અને

(૩) આણંદ જિલ્લામાં બે વર્ષ દરમ્યાન મળેલ કુલ ૧૭૦૧ ફરીયાદો પૈકી ૨૮૮ ફરીયાદો તાજેતરમાં મળેલ હોઈ પડતર છે.

(૪) કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે ?

(૪) મળેલ રજુઆતો પૈકી ૧૨૯ પ્રગતિવાળા કામો વહેલામાં વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન છે. જ્યારે તાજેતરમાં મળેલ ૨૮૮ પડતર રજૂઆતો માટે સર્વેક્ષણ કરી કરવાપાત્ર કામોનું તબક્કાવાર આયોજન કરી કામગીરી કરવામાં આવશે.

---------

## મહેસાણા જિલ્લામાં જમીન સંરક્ષણની તાલુકાવાર થયેલ કામગીરી

૫૦૫૮ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન સંરક્ષણની તાલુકાવાર કેટલી કામગીરી થઈ, અને

(૧) **પત્રક-૧** મુજબ.

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ. ૧,૪૯૦.૬૪ લાખ.

**પત્રક-૧**

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન સંરક્ષણની તાલુકાવાર થયેલ કામગીરી | | | | |
|---|---|---|---|---|---|---|
| | | થયેલ જમીન સંરક્ષણની કામગીરીનો વિસ્તાર (હેક્ટરમાં) | ખેત તલાવડી | જળ સંગ્રાહકસ્ટ્રક્ચર | સીમ તળાવ | વોટર બોડીઝ |
| ૧ | મહેસાણા | ૪૩૭.૩૧ | ૦ | ૭ | ૫ | ૦ |
| ૨ | ઉંઝા | ૩૫૮.૩૧ | ૧૩ | ૭ | ૧૬ | ૦ |
| ૩ | વિજાપુર | ૯૭૨.૮૯ | ૨૩ | ૫૨ | ૧૬ | ૦ |
| ૪ | વિસનગર | ૨૭૦.૬૦ | ૧ | ૩ | ૭ | ૩ |
| ૫ | બેચરાજી | ૯૦.૮૭ | ૦ | ૬ | ૧૩ | ૨ |
| ૬ | કડી | ૪૬૯.૭૩ | ૦ | ૧૮ | ૨૯ | ૩ |
| ૭ | ખેરાલુ | ૩૬૮.૫૭ | ૧ | ૮ | ૧૯ | ૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | વડનગર | ૫૧૧.૧૨ | ૦ | ૧૪ | ૭ | ૦ |
| ૯ | સતલાસણા | ૧૪૯૬.૧૭ | ૦ | ૧૮૦ | ૨૩ | ૦ |
| | **કુલ :-** | **૪૯૭૫.૫૭** | **૩૮** | **૨૯૫** | **૧૩૫** | **૧૭** |

---------

**માંડવી અને મુન્દ્રાના ડેમોમાં પાણીનો સંગ્રહ**

૫૪૬૯ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના માંડવી અને મુન્દ્રા તાલુકામાં ચેક ડેમોમાં પાણીનો વધુમાં વધુ સંગ્રહ થઈ શકે તે માટે ચોમાસા પહેલાં નાની સિંચાઈના ડેમોને ઉંડા કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં પાંચ અને મુન્દ્રા તાલુકામાં પાંચ એમ કુલ દસ નાની સિંચાઈ યોજનામાં વધુ પાણીનો સંગ્રહ થાય તે માટે સિંચાઈ યોજનાને ઉંડા ઉતારવાનું આયોજન કરેલ છે.

આ પૈકી માંડવી તાલુકામાં ફરાદી, ઘોડાલખ, મમાયમોરા એમ ત્રણ નાની સિંચાઈ યોજના અને મુન્દ્રા તાલુકામાં ભદ્રેશ્વર, ફાચરીયા, હટડી, રતાડીયા એમ ચાર નાની સિંચાઈ યોજનાને ઉંડા ઉતારવાના કામો પ્રગતિમાં છે. તેમજ માંડવી તાલુકાની દરશડી અને વાંઢ તથા મુન્દ્રા તાલુકાની છસરા યોજનાઓ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

**પીપાવાવ દહેજ ફેરી સર્વિસ શરૂ કરવા બાબત**

૪૯૭૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર પીપાવાવ દહેજ ફેરી સર્વિસ શરૂ કરવા માંગે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરાવવાના હેતુથી તજજ્ઞની નિમણૂંક કરવા માટે પૂર્વ લાયકી અંગેની ઓફરો મંગાવવામાં આવેલ છે.

(૨) પૂર્વ લાયકી અંગેની ઓફરોની ચકાસણી બાદ નિર્ણય લેવામાં આવશે.

---------

**ખેડા જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો**

૫૧૨૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર લૂંટ-ધાડ અને બળાત્કારના કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં નોંધાયા, અને

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **ધાડ** | **લૂંટ** | **બળાત્કાર** |
|---|---|---|---|
| નડીયાદ | ૩ | ૪ | ૭ |
| ઠાસરા | ૦ | ૨ | ૦ |
| માતર | ૧ | ૧ | ૦ |
| કપડવંજ | ૦ | ૦ | ૧ |
| કઠલાલ | ૦ | ૦ | ૭ |
| મહેમદાવાદ | ૨ | ૦ | ૧ |
| ખેડા | ૨ | ૧ | ૦ |
| મહુધા | ૦ | ૧ | ૩ |
| બાલાસિનોર | ૨ | ૦ | ૦ |
| વિરપુર | ૦ | ૩ | ૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીની ધરપકડ કરવામાં આવી ?

(૨) નીચે મુજબ હેડવાર આરોપીની ધરપકડ કરી છે.

| ધાડ | લૂંટ | બળાત્કાર |
|---|---|---|
| ૫૧ | ૨૪ | ૨૩ |

---------

**લુણાવાડા તાલુકાના ધામોદ ગામની ધનાદેવી પ્રથમ વર્ગના જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઈ તળાવના શેઢી કોતર બનાવેલ ચેકડેમ યોજના**

૫૧૧૬ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) લુણાવાડા તાલુકાના ધામોદ ગામની ઉત્તર દિશાએ આવેલ ધનાદેવી પ્રથમ વર્ગના જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઈ તળાવના વેસ્ટ વીયરથી શરૂ થતા શેઢી કોતર ઉપર કેટલા ચેકડેમ કઈ કઈ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બનાવવામાં આવ્યા,

(૨) કેટલા હયાત છે, કેટલા તૂટી ગયા છે,

(૩) આ ચેકડેમોથી કોતરમાં સીલ્ટીંગ થયું છે, કોતર નજીકની જમીનોના માલીકોએ આ સીલ્ટીંગ કાઢવા ૨૦૧૧ તથા ૨૦૧૨માં કોઈ ફરિયાદ કરી છે ખરી, અને

(૪) કોતરમાં સીલ્ટીંગ થવાથી કોતરનું પાણી ખેડાણવાળી જમીનમાં પસાર થવાથી કેટલી જમીન બિન ખેડાણપાત્ર બની છે ?

**જવાબ**

(૧) લુણાવાડા તાલુકાના ધામોદ ગામની ઉત્તર દિશાએ આવેલ ધનાદેવી પ્રથમ વર્ગના જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઈ તળાવના વેસ્ટ વીયરથી શરૂ થતા શેઢી કોતર ઉપર તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૫ (પાંચ) ચેકડેમ સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના (૮૦–૨૦) હેઠળ, ૪ (ચાર) ચેકડેમ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગ્રાન્ટ હેઠળ, તેમજ ૧ ચેકડેમ સંપુર્ણ સરકારી ગ્રાન્ટમાંથી એમ કુલ ૧૦ ચેકડેમ બનાવવામાં આવ્યા.

(૨) ઉપરોક્ત દશ ચેકડેમ હયાત છે. જેમાંથી ત્રણ ચેકડેમને અંશત: નુકશાન થયેલ છે.

(૩) આ ચેકડેમોથી કોતરમાં સીલ્ટીંગ થયુ નથી. તેમજ કોતર નજીક જમીનના માલીકો તરફથી સીલ્ટીંગ કાઢવા ૨૦૧૧ તથા ૨૦૧૨માં કોઈ ફરીયાદ મળેલ નથી. પરંતુ શેઢી કોતર દ્વારા વરઘરી સિંચાઈ તળાવમાં પાણી લઈ જવા વરઘરી ગામના ખેડુતો દ્વારા કોતરને સાફસૂફ કરવા રજૂઆત કરવામાં આવેલ હતી.

(૪) જમીન બિનખેડાણપાત્ર બનેલ નથી.

---------

**પાટણ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૫૦૫૦ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને

(૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ ૭૧૯૭ ખેડૂતોને.

(૨) રૂપિયા ૧,૨૪,૮૪,૦૦૦/–.

---------

**ધરમપુર તાલુકામાં ચેકડેમ, ચેકડેમ કમ કોઝવે તથા તળાવો બનાવવા બાબત**

૫૫૭૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા ચેકડેમ, કેટલા ચેકડેમ કમ ક્રોઝવે તથા કેટલા તળાવો બનાવવામાં આવ્યા,

(૨) તેની સામે કેટલા ખર્ચ કરવામાં આવ્યો અને એમાં કેટલા ચેકડેમ, ચેકડેમ ક્મ કોઝવે તથા તળાવોમાં પાણી સંગ્રહ થાય છે,

**જવાબ**

(૧) ચેકડેમ–૧૧૫
ચેકડેમ કમ કોઝવે–૧૩
તળાવ–૦

(૨) ચેકડેમ–ખર્ચ રૂ. ૫૯૨.૧૨ લાખ
ચેકડેમ કમ કોઝવે–ખર્ચ રૂ. ૧૬૩.૬૩ લાખ
તળાવ ખર્ચ રૂ. ૦

| | |
|---|---|
| | તમામમાં પાણીનો સંગ્રહ થાય છે. |
| (૩) તેમાંથી કેટલું પાણી ખેતીના ઉપયોગમાં લેવામાં આવે છે, અને | (૩) સંગ્રહિત પાણી જમીનમાં ઉતરવાના લીધે આજુબાજુના કુવાના તળ ઉંચા આવવાથી પાણીનો આડકતરો ઉપયોગ ઉદવહન દ્વારા ખેડૂતો કરે છે. |
| (૪) તેમાં કેટલા ચેકડેમ કેટલા ચેકડેમ ક્રમ કોઝવે તથા તળાવો તૂટી ગયેલ છે અથવા પુરાઈ ગયેલ છે? | (૪) એક પણ નહિ. |

---------

**કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સુરત જિલ્લાની બજાર સમિતિઓને ચૂકવાયેલ નાણાકીય સહાય**

૫૦૪૨ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૨૦૧૨–૧૩ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સુરત જિલ્લાની કેટલી બજાર સમિતિઓને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ નાણાકીય સહાય ચૂકવવામાં આવી? | ૪ (ચાર). |

---------

**વલસાડ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૪૯૮૪ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત શરૂ થયેલા જન સુરક્ષાસેતુ તથા પોલીસ મિત્ર સ્કીમ મારફતે પણ લોકોના પ્રશ્નો, તથા તેમના સુધી પહોંચવા માટે અને સુમેળ વધારવા માટેની શરૂઆત પણ થયેલ છે. |
| (૨) જો હા, તો વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) સને–૨૦૧૧માં–૧૧૧ અને<br>સને–૨૦૧૨માં–૬૬ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં શુધ્ધ પીવાના પાણી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ પહોંચાડવા બાબત**

૫૫૪૯ **શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ અમીરગઢ અને દાંતા તાલુકાઓનાં કેટલા ગામોમાં શુધ્ધ પીવાના પાણી સરકારની જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ પહોંચાડવામાં આવે છે,<br>(૨) આ યોજના દ્વારા બન્ને તાલુકાઓના કયા કયા ગામોમાં પાણી પહોંચાડવામાં આવે છે, અને | (૧) અને (૨) સામેલ **પરિશિષ્ટ** મુજબ અમીરગઢ તાલુકાના ૫૫ તથા દાંતા તાલુકાના ૧૫૨ ગામોને જુથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે. |
| (૩) બાકી રહેલાં ગામોને કેટલા સમયમાં પાણી–પુરવઠા યોજના અંતર્ગત પાણી પહોંચાડવાનું આયોજન છે? | (૩) હાલમાં બાકી રહેતા ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજનામાંથી પાણી મેળવે છે. જરૂરિયાત ઉપસ્થિત થયે તબક્કાવાર પાણી પહોંચાડવાનું આયોજન છે. |

**પરિશિષ્ટ**

| અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **અમીરગઢ તાલુકો** | | ૪૨ | ખાપરા | ૨૮ | વજાસણા | ૭૦ | ઉમેદપુરા | ૧૧૨ | છોટા બામોદરા |
| ૧ | જુની સરોત્રી | ૪૩ | કાનપુરા | ૨૯ | આંબાઘાટા | ૭૧ | જોધસર | ૧૧૩ | ડેરીચારડા |

| અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ | અનું. | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઈકબાલગઢ | ૪૪ | કંસારા | ૩૦ | કાંસા | ૭૨ | જોરાપુરા | ૧૧૪ | પૃથ્વીરાજગઢ |
| ૩ | ડેરી | ૪૫ | ખેમરાજીયા | ૩૧ | હેડો | ૭૩ | જામરૂ | ૧૧૫ | ઘંટોડી |
| ૪ | સરોત્રા | ૪૬ | સુરેલા | ૩૨ | વાઘડાચા | ૭૪ | ખંડોરા | ૧૧૬ | દલપુરા |
| ૫ | કીડોતર | ૪૭ | ચીકણવાસ | ૩૩ | પુંજપુર | ૭૫ | કુંવારસી | ૧૧૭ | તળેટી |
| ૬ | જેથી | ૪૮ | ટાઢોડી | ૩૪ | બલવંતપુરા | ૭૬ | કુકડી | ૧૧૮ | ઘાગડીયા |
| ૭ | ઉમરકોટ | ૪૯ | વિરમપુર | ૩૫ | વેલવાડા | ૭૭ | વગદાક્યારી | ૧૧૯ | પાસીયા |
| ૮ | રાજપુરીયા | ૫૦ | ડાભેલી | ૩૬ | ગંછેરા | ૭૮ | ખટાલ | ૧૨૦ | તારંગડા |
| ૯ | બાલુન્દ્રા | ૫૧ | પેટચોલી | ૩૭ | કરણપુર | ૭૯ | કાનગર | ૧૨૧ | ઘામણવા |
| ૧૦ | વેરા | ૫૨ | ઘનપુરા (વિ) | ૩૮ | ગોરાડ | ૮૦ | વીજલાસણ | ૧૨૨ | ઘ્રાંગીવાસ |
| ૧૧ | ઘાંટા | ૫૩ | રામપુરા વડલા | ૩૯ | માનપુર | ૮૧ | વીરપુર | ૧૨૩ | તોરણીયા |
| ૧૨ | માનપુરીયા | ૫૪ | રબારણ | ૪૦ | ગાંજીપુર | ૮૨ | વીરપુર (હ) | ૧૨૪ | રાઘપુર |
| ૧૩ | અવાળા ( ) | ૫૫ | માંડલીયા | ૪૧ | ગઢ (મહુડી) | ૮૩ | વેકરી | ૧૨૫ | રાણીકા |
| ૧૪ | ખારા | **દાંતા તાલુકો** | | ૪૨ | નાની ડુંડીયા | ૮૪ | કેશરપુરા | ૧૨૬ | રાણીઉંબરી |
| ૧૫ | લક્ષ્મીપુરા | ૧ | નાનાસડા | ૪૩ | જશવંતપુરા (માન) | ૮૫ | ખેતાનીમગરી | ૧૨૭ | રાણપુર |
| ૧૬ | કાળીમાટી | ૨ | જગતપુરા | ૪૪ | મહુડી | ૮૬ | ખેરાની ઉંબરી | ૧૨૮ | નવાણીયા |
| ૧૭ | ઘનપુરા ( ) | ૩ | સેંબલીયા | ૪૫ | ચોરાસણ | ૮૭ | ખેરમાળ | ૧૨૯ | નવાનું પાદર |
| ૧૮ | જોરાપુરા | ૪ | ટોડા | ૪૬ | અંડેરણ (ત) | ૮૮ | ગનાપીંપળી | ૧૩૦ | નવોવાસ |
| ૧૯ | ઝાંઝરવા | ૫ | હરીગઢ | ૪૭ | ભચડીયા | ૮૯ | ખોખરીચાવાસ | ૧૩૧ | મંડાલી |
| ૨૦ | આંબાપાણી | ૬ | બામણીયા | ૪૮ | રાણોલ | ૯૦ | લોટોલ | ૧૩૨ | મગવાસ |
| ૨૧ | રબારીયા | ૭ | નાગેલ | ૪૯ | રંગપુર | ૯૧ | ગોઢડા | ૧૩૩ | ભદ્રમાલ |
| ૨૨ | આવલ | ૮ | સવાઈપુરા | ૫૦ | કાંટીવાસ | ૯૨ | કોદરાવી (રાણપુર) | ૧૩૪ | મચકોડા |
| ૨૩ | ગઢડા | ૯ | જશવંતપુરા | ૫૧ | ગઢ | ૯૩ | ઉંબરા | ૧૩૫ | માંકડચંપા |
| ૨૪ | ડાભેલા | ૧૦ | ભાખરી | ૫૨ | પેથાપુર | ૯૪ | કોચલાપુરા | ૧૩૬ | માંકડી |
| ૨૫ | ખારી | ૧૧ | મોટાસડા | ૫૩ | પાતાલીયા | ૯૫ | સુલતાનપુરા | ૧૩૭ | મહુડા |
| ૨૬ | ઝાબા | ૧૨ | મહોબતગઢ | ૫૪ | હરિવાવ | ૯૬ | સાંઢોસી | ૧૩૮ | ભાણપુર |
| ૨૭ | સવાણીયા | ૧૩ | ચોરી | ૫૫ | વસી | ૯૭ | સાંતપુર | ૧૩૯ | બાણોદરા |
| ૨૮ | ઈસવાણી | ૧૪ | કણબીવાસ | ૫૬ | દીવડી | ૯૮ | સામૈયા | ૧૪૦ | બારવાસ |
| ૨૯ | જુની રોહ | ૧૫ | વડવેરા | ૫૭ | ખેરોજ | ૯૯ | સેકડા | ૧૪૧ | બામણોજ |
| ૩૦ | કાકવાડા | ૧૬ | ખાઈવાડ | ૫૮ | દાંતા | ૧૦૦ | સેંબલ | ૧૪૨ | મહોબતગઢ |
| ૩૧ | નીચલોબંધ | ૧૭ | પાનુદા | ૫૯ | રતનપુર | ૧૦૧ | સરકલા | ૧૪૩ | મીરાવાસ |
| ૩૨ | ઉપલો બંધ | ૧૮ | ગંગવા | ૬૦ | ભવાનગઢ | ૧૦૨ | સનાલી | ૧૪૪ | બેગડીયાવાસ |
| ૩૩ | ખાપા | ૧૯ | નારગઢ | ૬૧ | માનપુર (પે) | ૧૦૩ | સોલસંડા | ૧૪૫ | મઘુસુદનપુરા |
| ૩૪ | ડુંગરપુરા | ૨૦ | થાના | ૬૨ | ઘારેડા | ૧૦૪ | ચોકીબોર | ૧૪૬ | બેડા |
| ૩૫ | ખૂણિયા | ૨૧ | કુંડેલ | ૬૩ | પીપળાવાળી વાવ | ૧૦૫ | જસવંતપુરા | ૧૪૭ | મોટા પીપોદરા |
| ૩૬ | ગાંગુ | ૨૨ | પાણીચારી | ૬૪ | શીચાવાડા | ૧૦૬ | જવારા | ૧૪૮ | મોટા બામોદરા |
| ૩૭ | અજાપુર વાંકા | ૨૩ | ગોદાણી | ૬૫ | આમલાઈ | ૧૦૭ | હાથી પગલા | ૧૪૯ | મોતીપુરા |
| ૩૮ | અજાપુર મોટા | ૨૪ | અડેરણ | ૬૬ | થલવાડા | ૧૦૮ | હડાદ | ૧૫૦ | મોરડુંગરા |
| ૩૯ | વગદડી | ૨૫ | અભાપુરા | ૬૭ | જીતપુર | ૧૦૯ | જેલાણા | ૧૫૧ | બોરડીચાલા |
| ૪૦ | ગવરા | ૨૬ | જસવંતગઢ | ૬૮ | ઉણોદરા | ૧૧૦ | ટેકરી | ૧૫૨ | રૂપપુરા |
| ૪૧ | ખજુરીયા | ૨૭ | નવોવાસ | ૬૯ | ઉદાવાસ | ૧૧૧ | છોટા પીપોદરા | | |

---------

## સચિવાલય ખાતે સેકશન ઓફિસર વર્ગ–૨ની કુલ મંજૂર થયેલ જગ્યાઓ

૫૬૩૦ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સચિવાલય ખાતે સેકશન ઓફિસર વર્ગ–૨ની કૂલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૫૦૯. |
| (૨) એમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, તે પૈકી જાતિવાર કેટલી ભરાયેલ છે, | (૨) અને (૩) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અલગ રીતે જગ્યાઓ મંજૂર કરવામાં આવતી નથી. પરંતુ સંવર્ગની ભરાયેલ જગ્યાઓમાં અનુ.જાતિ અને |

(૩) કેટલી ખાલી છે, અને

અનુ.જનજાતિની નિયત ટકાવારી અનુક્રમે ૭ ટકા અને ૧૫ ટકા મુજબ પ્રતિનિધિત્વ જાળવવાનું રહે છે. અને તે મુજબ સેકશન અધિકારી સંવર્ગની કુલ ભરાયેલ જગ્યા ૪૨૬ છે. તે સંદર્ભે સ્થિતિ નીચે મુજબ છે.

| | **અ.જા. (૭%)** | **અ.જ.જા. ( ૧૫%)** |
|---|---|---|
| ભરવાપાત્ર | ૨૮ | ૬૪ |
| ભરાયેલ | ૩૬ | ૫૬ |
| વધ (+) ઘટ (-) | (+)૮ | (-)૮ |

(૪) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) વહીવટી પ્રક્રિયાપૂર્ણ થયેથી.

---------

**સાબરમતી નદીમાં નર્મદાનું પાણી ભરવા માટે કરેલ ખર્ચ**

૫૩૪૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ સાબરમતી નદીમાં નર્મદાનું પાણી ભરવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા કયુસેક પાણી ક્યારે ક્યારે છોડવામાં આવ્યું હતું?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ સાબરમતી નદીમાં નર્મદાનું પાણી ભરવા માટે છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

(૨) સરદાર સરોવર બંધ ઓવરફ્લો થતાં વર્ષ ૨૦૧૧-૧૨માં ચોમાસાના ૪૯ દિવસ દરમ્યાન સરેરાશ દૈનિક ૫૨૨૨ ક્યુસેક તથા તે સિવાયના વર્ષના બાકીના સમયગાળામાં સરેરાશ ૧૨૫૫ કયુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યુ.

જ્યારે વર્ષ ૨૦૧૨-૧૩માં ચોમાસાના ૫૧ દિવસ દરમ્યાન સરેરાશ દૈનિક ૩૩૪૯ કયુસેક તથા તે સિવાયના વર્ષના બાકીના સમયગાળામાં સરેરાશ ૧૦૧૩ કયુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું.

---------

**હાંસોટ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ યોજનાઓ**

૫૦૪૪ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૧૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) રૂ।. ૩૧.૨૮ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે.

---------

**રાજકોટ કમિશ્નરેટમાં પોલીસ કર્મચારી/અધિકારીની આરોગ્ય ચકાસણી**

૫૦૧૩ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને પોલીસ ખાતામાં ફરજ બજાવતાં તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચના

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની પોલીસ કલ્યાણની નીતિના અનુસંધાને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા.ના તા. ૨૫-૦૨-

આપી હોવાની હકીકત સાચી છે, અને

૨૦૦૪ના પત્રથી પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્ય ચકાસણીની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ કમિશ્નરેટમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે?

(૨)

| **વર્ષ** | **કર્મચારી–અધિકારીની સંખ્યા.** |
|---|---|
| ૨૦૧૧ | ૧૪૯૯ |
| ૨૦૧૨ | ૪૦૦ |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળ રકમની જોગવાઈ**

૫૪૮૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત હોર્ટીકલ્ચર મિશન અંતર્ગત બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં અનુસુચિત જાતિના ખેડૂતો માટે વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલી,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ અનુસુચિત જાતિના કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવી,

(૩) કેટલા ખેડૂતોને તે રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) તે બાકી રહેવાના કારણો શા છે?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩** |
|---|---|---|
| બનાસકાંઠા | રૂ. ૬૧ લાખ | ૦.૦૦ |
| સાબરકાંઠા | રૂ. ૮૦ લાખ | ૦.૦૦ |

(૨)

| **જિલ્લો** | **૨૦૧૧–૧૨** | | **૨૦૧૨–૧૩** | |
|---|---|---|---|---|
| | **રકમ (લાખમાં)** | **લાભાર્થી** | **રકમ (લાખમાં)** | **લાભાર્થી** |
| બનાસકાંઠા | ૦.૦૦ | ૦ | ૬.૯૫ | ૪ |
| સાબરકાંઠા | ૦.૦૦ | ૦ | ૬૨.૩૦ | ૪ |

(૩) કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વેરાવળ બજાર સમિતિને આધુનિક સગવડો ઊભી કરવા આપવામાં આવેલ સહાય**

૫૦૩૧ **શ્રી રાજેશભાઈ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લાની વેરાવળ બજાર સમિતિને ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આધુનિક સગવડો ઊભી કરવા માટેની સહાય પૂરી પાડવાની યોજના હેઠળ કેટલી સહાય કરવામાં આવી?

**જવાબ**

રૂા. ૩૩.૩૩ લાખ.

---------

**ગાંધીનગર જિલ્લામાં હાથ પર લેવાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૪૯૭૬ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સન–૨૦૧૨–૧૩ના વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) કુલ ૧૦૦ કામો.

(૨) કુલ રૂા. ૮૫૯.૭૪ લાખ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ભૂમિ સંરક્ષણના કામો**

૫૦૫૭ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભૂમિ સંરક્ષણના કેટલા કામો થયા, અને

(૧) ૭,૩૧૨.૭૬ હેકટરમાં.

(૨) આ કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) રૂા. ૧,૫૬૬.૪૭ લાખ.

---------

**આણંદ જિલ્લામાં નદી કિનારે દરિયાના ખારા પાણીના લીધે ખારાશ અટકાવવા**

૫૫૧૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નદી કિનારે દરિયાના ખારા પાણીના લીધે ખારાશની સમસ્યા વધેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ખારાશ અટકાવવા સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨) દરિયા કિનારાની જમીનોમાં ખારાશની સમસ્યા જોવા મળેલ છે. તે અટકાવવા સ્થળ સ્થિતિ તેમજ તાંત્રિક બાબતોને ધ્યાને લઈ આયોજન કરવાનું વિચારેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં આત્મા પ્રોજેકટનો અમલ**

૫૧૮૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આત્મા પ્રોજેકટ ક્યારથી અમલમાં છે,

(૨) આ પ્રોજેકટમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ વહીવટી માળખું કયા પ્રકારનું છે,

(૩) આ પ્રોજેકટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૪) આ પ્રોજેકટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કામે ક્યારે ક્યારે અને કેટલી ગ્રાન્ટ મળેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬થી અમલમાં છે.

(૨) (૧) જિલ્લા કક્ષાએઃ પ્રોજેકટ ડાયરેકટર-૧.
ડેપ્યુટી પ્રોજેકટ ડાયરેકટર-૨.
એકાઉન્ટન્ટ કમ ક્લાર્ક – ૧.
કોમ્પ્યુટર પ્રોગ્રામર – ૧.
(૨) તાલુકા કક્ષાએઃ બ્લોક ટેકનોલોજી મેનેજર-૧.
સબ્જેકટ મેટર સ્પેશ્યાલીસ્ટ-૨.

(૩) અમરેલી જિલ્લાના તમામ ૧૧ તાલુકાઓમાં તાલીમ પ્રેરણા પ્રવાસ, નિદર્શન, ફાર્મ સ્કૂલ, ફીલ્ડ ડે, કેપેસીટી બીલ્ડીંગ, જિલ્લા કક્ષાએ ખેડૂત વૈજ્ઞાનિક ગોષ્ઠી અને કૃષિમેળાની કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

| વર્ષ ૨૦૧૧-૧૨ | | વર્ષ ૨૦૧૨-૧૩ (તા.૩૧-૧૨-૧૨ સુધી) | |
|---|---|---|---|
| તારીખ | રૂપિયા | તારીખ | રૂપિયા |
| ૨૨-૬-૨૦૧૧ | ૧,૦૦,૦૦૦/- | ૨૫-૪-૨૦૧૨ | ૫,૦૦,૦૦૦/- |
| ૧૨-૭-૨૦૧૧ | ૨,૦૦,૦૦૦/- | ૮-૫-૨૦૧૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| ૧૦-૮-૨૦૧૧ | ૮,૦૦,૦૦૦/- | ૧૪-૬-૨૦૧૨ | ૮,૦૦,૦૦૦/- |
| ૨૪-૧૦-૨૦૧૧ | ૫,૦૦,૦૦૦/- | ૬-૭-૨૦૧૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| ૨૧-૧૨-૨૦૧૧ | ૧૦,૦૦,૦૦૦/- | ૯-૮-૨૦૧૨ | ૧૨,૦૦,૦૦૦/- |
| ૨-૨-૨૦૧૨ | ૧૦,૦૦,૦૦૦/- | ૩-૯-૨૦૧૨ | ૫,૦૦,૦૦૦/- |
| ૨૪-૨-૨૦૧૨ | ૧૦,૦૦,૦૦૦/- | ૧૭-૧૦-૨૦૧૨ | ૫,૦૦,૦૦૦/- |
| ૧૯-૩-૨૦૧૨ | ૧૦,૦૦,૦૦૦/- | ૩૦-૧૦-૨૦૧૨ | ૨૦,૦૦,૦૦૦/- |
| ૨૯-૩-૨૦૧૨ | ૪,૦૦,૦૦૦/- | ૨૬-૧૨-૨૦૧૨ | ૭,૫૦,૦૦૦/- |
| કુલ | ૬૦,૦૦,૦૦૦/- | કુલ | ૮૨,૫૦,૦૦૦/- |

---------

**વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩માં ભાગ લીધેલ રાજ્યો**

૫૬૫૭ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧–૦૩–૧૩ની સ્થિતિએ સને–૨૦૦૯ અને ૨૦૧૧માં વાયબ્રન્ટ સમિટમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં કયા નવિન ઔદ્યોગિક ઉદ્યોગને લગતા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને | (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં (ઉદ્યોગને લગતા) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ અને ૨૦૧૧માં બાયોટેકનોલોજી, એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ, કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ, એન્જીનીયરીંગ એન્ડ ઓટો અને ફાર્માસૂટીકલ વગેરેમાં કુલ ૧૨૬ પ્રોજેકટો માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ. |
| (૨) થયેલ એમ.ઓ.યુ. માંથી કેટલાનો અમલ થયો? | (૨) તા.૦૧–૦૩–૨૦૧૩ની સ્થિતિએ ૭૩ પ્રોજેકટ કમીશન્ડ થયેલ છે તથા ૨૫ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટર સહાય**

૫૦૯૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ –૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને ટ્રેકટર સહાય આપવામાં આવી, અને | (૧) વર્ષ –૨૦૧૧ માં ૧૭૦૮ અને વર્ષ–૨૦૧૨માં ૯૬૦ મળી કુલ ૨૬૬૮ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) કુલ રૂા. ૧૨૪૧.૪૦/– લાખ. |

---------

**જામનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૫૬૦૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) સન ૨૦૧૧ માં ૮૮ અરજીઓ.<br>સન ૨૦૧૨માં ૧૧૩ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચુકવવામાં આવી અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, | (૨) સન ૨૦૧૧ માં ૫૩ અરજીઓમાં અને સન ૨૦૧૨માં ૩૩ અરજીઓમાં સહાય ચુકવવામાં આવી.<br>સન ૨૦૧૧ માં ૧૫ અરજીઓ અને સન ૨૦૧૨માં ૧૦ અરજીઓ નામંજુર કરવામાં આવી. |
| (૩) નામંજુર કરવાના શાં કારણો છે, અને | (૩) કારણો નીચે મુજબ છે.<br>– હાર્ટ એટેક હોય તેવી ૧ અરજી.<br>– આત્મહત્યા હોય તેવી ૩ અરજીઓ.<br>– ખાતેદાર ખેડૂત ન હોય તેવી ૮ અરજીઓ.<br>– સીવીલ સર્જનના અપંગતા અંગેના પ્રમાણપત્રોના આધારે એક અંગ ગુમાવેલ ન હોય તેવી ૩ અરજીઓ.<br>– કુદરતી મૃત્યુ હોય તેવી ૪ અરજીઓ.<br>– ડ્રાઈવીંગ લાયસન્સ રજુ કરેલ ન હોય તેવી ૧ અરજી.<br>– સમય મર્યાદા બહાર કરેલ હોય તેવી ૩ અરજી.<br>– પી.એમ.રીપોર્ટ, પોલીસ તપાસ અહેવાલ, એસ.ડી.એમ. રીપોર્ટ, હક્કપત્રક–૬, એફ.આઈ.આર. વગેરે દસ્તાવેજો રજુ કરેલ ન હોય તેવી ૨ અરજીઓ. |
| (૪) બાકીની અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) લાભાર્થી ખેડૂત પાસેથી માંગવામાં આવેલ સાધનિક કાગળો મળ્યેથી વીમા નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા નિકાલ કરવામાં આવશે. |

---------

**ખેડા જિલ્લામાં લાંચ રુશ્વત વિરોધી શાખા દ્વારા પકડવામાં આવેલા તહોમતદારો**

૫૫૮૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન લાંચ રુશવત વિરોધી બ્યુરો દ્વારા કેટલા ગુના પકડવામાં આવ્યા, | (૧) ૯. |
| (૨) આવા ગુના ઉપરોક્ત સ્થિતિએ કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા તહેમતદારો પકડવાના બાકી છે, અને | (૨) ૧૨ તહોમતદારો પકડાયા છે, અને કોઈ તહોમતદાર પકડવાના બાકી નથી. |
| (૩) પકડાયેલા તહોમતદારો કયા કયા વિભાગના હતા ? | (૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, મહેસૂલ વિભાગ, ગૃહ વિભાગ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ. |

---------

**જામનગર અને ભાવનગર જિલ્લામાં ડેમના દરવાજા ડેમનો અન્ય ભાગ તુટવાના બનાવ**

૫૧૦૯ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને ભાવનગર જિલ્લામાં કોઈ ડેમ, ડેમના દરવાજા કે ડેમનો અન્ય ભાગ તુટવાના બનાવ બન્યા છે, | (૧) જામનગર જિલ્લામાં સાની ડેમના દરવાજા ક્ષતિગ્રસ્ત થવા પામેલ, ભાવનગર જિલ્લામાં આવો કોઈ બનાવ બનેલ નથી. |
| (૨) જો હા, તો કયા કયા ડેમમાં કઈ કઈ બાબતના તૂટવાના બનાવ બન્યા, | (૨) જામનગર જિલ્લાના સાની ડેમના બે દરવાજા ક્ષતિગ્રસ્ત થવા પામેલ. |
| (૩) આવા ડેમો પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ હતો, અને | (૩) સાની ડેમના બધા દરવાજા બદલવા તથા આનુષંગિક કામો માટે વર્ષ ૨૦૧૧ માં રૂા.૧,૯૦,૯૫,૨૦૮.૦૦ તથા વર્ષ –૨૦૧૨ માં રૂા. ૧,૫૫,૯૦,૯૫૫.૦૦ ખર્ચ કરવામાં આવેલ |
| (૪) ડેમ કે ડેમનો કોઈ ભાગ તૂટવાના કારણો શા હતા અને જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લીધા ? | (૪) ઠેકેદારશ્રીની નબળી કામગીરીના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ છે. જવાબદાર અધિકારીઓને ફરજમોકૂફી પર ઉતારી ખાતાકીય કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |

---------

**આણંદ જિલ્લામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની મીટીંગો**

૫૬૧૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૨૮–૦૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ તારીખે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની મીટીંગો મળી, અને

(૨) તે પૈકી મીટીંગદીઠ કેટલા કેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

| ક્રમ | બેઠક મળ્યા તારીખ | રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા. ૧૯–૦૩–૨૦૧૧ | ૦૫ |
| ૨ | તા. ૨૧–૦૫–૨૦૧૧ | ૦૫ |
| ૩ | તા. ૨૦–૦૬–૨૦૧૧ | ૦૯ |
| ૪ | તા. ૨૦–૦૮–૨૦૧૧ | ૦૪ |
| ૫ | તા. ૧૭–૦૯–૨૦૧૧ | ૦૮ |
| ૬ | તા. ૧૫–૧૦–૨૦૧૧ | ૦૮ |
| ૮ | તા. ૧૮–૦૨–૨૦૧૨ | ૦૯ |
| ૯ | તા. ૧૭–૦૩–૨૦૧૨ | ૧૨ |

| | | |
|---|---|---|
| ૧૦ | તા. ૨૧-૦૪-૨૦૧૨ | ૧૧ |
| ૧૧ | તા. ૧૯-૫-૨૦૧૨ | ૨૬ |
| ૧૨ | તા. ૨૧-૦૭-૨૦૧૨ | ૧૮ |
| ૧૩ | તા. ૧૯-૦૧-૨૦૧૩ | ૨૧ |
| ૧૪ | તા. ૧૬-૦૨-૨૦૧૩ | ૨૭ |

---------

**શાકભાજી, ફળફળાદીનું ખાડીનાં દેશોમાં નિકાસ થઈ શકે તે હેતુથી માંડવી બંદરને વિકસાવવાનું આયોજન**

૫૪૭૦ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના માંડવી બંદરેથી ખેડૂતો પોતાના શાકભાજી, ફળફળાદી વિગેરેનું ખાડીનાં દેશોમાં વેચાણ કરી પગભર થઈ શકે તે માટે માંડવી બંદરને વિકસાવવાનું રાજય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ૩૧-૧-૧૩ની સ્થિતિએ તેની શી વિગતો છે ?

**જવાબ**

(૧) લાઈટરેજ બંદર હોવાને કારણે મુખ્યત્વે બેન્ટોનાઈટ, બોકસાઈટ, ચાઈનાક્લે અને સિમેન્ટ ના કાર્ગોની હેરફેર કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં ગામ તળાવ બનાવવાની મળેલ અરજીઓ**

૫૦૫૬ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ગામ તળાવ બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તેમાં કેટલો લોકફાળો આવ્યો, અને

(૩) કેટલા ગામ તળાવ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૪૭ અરજીઓ.

(૨) રૂ. ૬૪.૫૨ લાખ.

(૩) ૧૨૭ ગામ તળાવ.

---------

**ધરમપુર અને વલસાડ તાલુકામાં ખેડૂતોને ગ્રીન હાઉસ અને નેટ હાઉસ આપવા બાબત**

૫૫૭૮ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર અને વલસાડ તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને ગ્રીન હાઉસ અને કેટલા નેટ હાઉસ આપવામાં આવ્યા,

(૨) તેમાં ગ્રીન હાઉસમાં કેટલી સહાય આપવામાં આવી, અને

(૩) નેટ હાઉસમાં કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) કૂલ ૩૯ ખેડૂતોને ગ્રીન હાઉસ અને ૪૦ ખેડૂતોને નેટ હાઉસ માટે સહાય આપવામાં આવી છે.

(૨) ગ્રીન હાઉસમાં રૂા. ૩,૩૦,૬૫,૬૧૧/-ની સહાય આપવામાં આવી છે.

(૩) નેટ હાઉસમાં રૂ. ૧,૩૭,૭૨,૨૦૩/-ની સહાય આપવામાં આવી છે.

---------

**વલસાડ જિલ્લામાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ બનાવેલ ચેકડેમ**

૫૦૨૩ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) જળસંપત્તિ વિભાગ દ્વારા ૧૧૮ ચેકડેમ બનાવવામાં આવ્યા.

(૨) રૂ. ૪૭૪.૮૨ લાખ.

---------

**દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં લીફ્ટીંગ ઈરીગેશનની મંજૂર કરેલ સ્કીમો**

૫૫૫૦ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં લીફ્ટ ઈરીગેશન ની કેટલી સ્કીમો મંજૂર કરવામાં આવી હતી.

(૨) સ્કીમવાર કેટલા ખર્ચે અને આ સ્કીમોનું અમલીકરણ કઈ કઈ સંસ્થાએ કર્યું, અને

(૩) કામગીરી કયા તબક્કે છે અને કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૦૯.

(૨)

| | સ્કીમનું નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં | થયેલ ખર્ચ રૂા. લાખમાં | અમલીકરણ સંસ્થા |
|---|---|---|---|---|
| (૧) | રબારીયા | ૩૦.૫૧ | ૧૯.૧૭ | એકતા ગ્રામ વિકાસ ટ્રસ્ટ |
| (૨) | જુની ટુંડીયા | ૨૮.૫૦ | ૮.૯૩ | સાબર સેવા ટ્રસ્ટ |
| (૩) | બેડા | ૩૪.૭૦ | ૦.૦૦ | ગુજરાત રાજય ગ્રામ્ય વિકાસ સમિતિ |
| (૪) | કણબીયાવાસ | ૩૦.૪૩ | ૦.૦૦ | સાબર સેવા ટ્રસ્ટ |
| (૫) | વગદાક્યારી | ૧૮.૨૭ | ૭.૯૩ | આનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ |
| (૬) | બારવાસ | ૪૨.૭૬ | ૬.૨૫ | ગુરુકૃપા સેવા ટ્રસ્ટ |
| (૭) | ચોરી | ૩૬.૨૫ | ૩.૪૩ | માનવ કલ્યાણ એજ્યુકેશન ટ્રસ્ટ |
| (૮) | વડવેરા | ૨૬.૪૩ | ૧૯.૩૧ | બનાસ વિકાસ જાગૃતિ મંડળ |
| (૯) | પીપળાવાળી વાવ | ૩૩.૨૫ | ૦.૦૦ | નેશનલ વિલેજ ડેવલોપમેન્ટ સોસાયટી |

(૩) કામગીરી પ્રગતિ હેઠળ છે અને આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિનાં લોકો પરના અત્યાચારના બનાવો**

૫૪૮૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પરના અત્યાચારના કેટલા કેસો બનવા પામ્યા,

(૨) તે પૈકી કેટલા ઈસમો પકડાયા,

(૩) કેટલા આરોપીઓને સજા થઈ,

(૪) કેટલા આરોપીઓ નિર્દોષ છૂટી ગયા, અને

(૫) નિર્દોષ છૂટી જવા પાછળના સામાન્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૨૧૧.

(૨) ૫૨૯.

(૩) ૨.

(૪) ૪૭.

(૫) મોટા ભાગના કેસોમાં અંદરો અંદર સામાધાન કરવાથી કેસની હકીકતને સમર્થન આપતી જુબાની સાહેદો તેમજ પંચો આપતા નથી અને કોર્ટમાં હોસ્ટાઈલ થવાના કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હોય છે.

---------

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રીમતી શાંતાબેન ભોળાભાઇ પટેલના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી **(સભાગૃહના નેતાશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી,મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી શાંતાબેન ભોળાભાઇ પટેલનું તા. ૧૬મી માર્ચ, ૨૦૧૩ ના રોજ ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રીમતી શાંતાબેનનો જન્મ તા. ૧૫મી ઓક્ટોબર, ૧૯૩૩ ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રીમતી શાંતાબેને બીજી અને ત્રીજી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે મહેસાણા તેમજ વિસનગર મત વિસ્તારના સક્રિય મહિલા ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી જશવંતસિંહ મનસુખભાઇ પરમારના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી **(સભાગૃહના નેતાશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જશવંતસિંહ મનસુખભાઇ પરમારનું તા. ૧૪મી માર્ચ, ૨૦૧૩ ના રોજ ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પરમારનો જન્મ તા. બીજી નવેમ્બર, ૧૯૪૬ ના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મીઠાલી મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી, એમ.એડ, એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને શિક્ષણ તેમજ ખેતીનાં કામ સાથે સંકળાયેલ હતાં.

સ્વર્ગસ્થશ્રી પરમારે સાતમી તેમજ આઠમી ગુજરાત વિધાનસભામાં શહેરા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી ધારાસભ્ય તરીકે સમાજ સેવાનાં કામો કરી પ્રજાનાં પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી પરમારના અવસાનથી રાજ્યએ એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી રામજીભાઇ વલ્લભદાસ દેસાઇના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી **(સભાગૃહના નેતાશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રામજીભાઇ વલ્લભદાસ દેસાઇનું તા.૧૨મી જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી દેસાઇનો જન્મ ૧૨મી મે, ૧૯૩૦ ના રોજ અમરેલી જિલ્લાના સવારકુંડલા મુકામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ–૯ સુધીનો અભ્યાસ કર્યો હતો અને વણાટકામના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી દેસાઇએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં સાવરકુંડલા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કરી " શ્રમ દેવતા " નું બિરુદ મેળવ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(ભા.રા.કો.) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે આ ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એ પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવવા ઉપસ્થિત થયો છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી શાંતાબેન ભોળાભાઇ પટેલ તા. ૧૬–૩–૨૦૧૩ ના રોજ ૭૯ વર્ષની ઉંમરે અવસાન પામેલ. શાંતાબેને મહેસાણા જિલ્લાની અંદર સૌથી પહેલા મહિલા ધારાસભ્ય તરીકે એમણે શરૂઆત કરેલી અને અનેક સંસ્થાઓ સાથે જોડીને એમણે સમગ્ર સમાજમાં કહી શકાય એવી સેવાની પ્રવૃત્તિ બહુ ચાલુ રાખેલી અને શિક્ષણ હોય, સામાજિક હોય, સહકારી હોય એવા દરેક ક્ષેત્રે માત્ર મહેસાણા નહિ સમગ્ર ઉત્તર ગુજરાતમાં સારું યોગદાન રહેલ છે. અને આજે તેઓ સક્રિય એવા મહિલા ધારાસભ્યનું પ્રતિનિધિત્વ કર્યુ છે. તેમના અવસાનથી આપણે રાજ્યના ઉમદા સેવક ગુમાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા અમારા એવા જ એક કોંગ્રેસના પીઢ આગેવાન એવા જશવંતસિંહ મનસુખભાઇ પરમાર કે જેઓ તા.૧૪–૩–૨૦૧૩ના રોજ ૬૬ વર્ષની વયે અવસાન પામ્યા છે. સ્વ.પરમારનો જન્મ ૨–૧૧–૧૯૪૬ના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મીઠાલી ગામે થયો હતો. તેઓએ બી.એસસી, એમ.એડ અને એલ.એલ.બી.નો અભ્યાસ કર્યો હતો. તેમણે પણ શિક્ષણ હોય, ખેતી હોય કે સમાજ સેવા હોય તેવા અનેકક્ષેત્રે સારી કામગીરી કરેલી. તેમને આજે આપણે ગુમાવ્યા છે તે દુઃખની વાત છે. તેવા જ અમારા કોંગ્રેસના એક પીઢ આગેવાન રામજીભાઇ વલ્લભભાઇ દેસાઇ પણ ૧૨–૧–૨૦૧૩ના રોજ ૮૨ વર્ષની વયે દુઃખદ અવસાન પામ્યા છે. સ્વ.દેસાઇનો જન્મ ૧૨મી મે ૧૯૩૦ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા મુકામે થયો હતો. તેઓ ઓછું ભણેલા છતાંય બહુ સારું કામ કરીને પછી તે સામાજિક ક્ષેત્ર હોય કે બીજા ક્ષેત્રો હોય, શિક્ષણ ક્ષેત્ર હોય, સૌરાષ્ટ્રમાં તેમનું ઘણું મોટું યોગદાન રહેલું છે. તેમને પણ આપણે ગુમાવ્યા છે ત્યારે આપના માધ્યમથી આ ત્રણેય પૂર્વ સદસ્યશ્રીઓને આપણે ગુમાવ્યા છે તેમને શોકાંજલિ પાઠવીએ. તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પરેશ ધાનાણી(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય નેતા ગુજરાત વિધાનસભાના પૂર્વ સદસ્યશ્રીઓ સન્માનનીય સ્વ.શાંતાબેન પટેલ, સ્વ.જશવંતસિંહજી પરમાર અને સ્વ. રામજીભાઇ દેસાઇના અંગે જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પૈકી સ્વ.રામજીભાઇ વલ્લભભાઇ દેસાઇ ૧૨ મે ૧૯૩૦ના રોજ સાવરકુંડલામાં જન્મ થયો હતો. પ્રખર ગાંધીવાદી અને જીવનપર્યન્ત લોકસેવક તરીકે કાર્યરત એવા મુરબ્બી રામજીબાપા ધાબળાવાળાને વિતેલા થોડા વર્ષોમાં તેમનો સહવાસ કરવાની મને પણ તક મળી હતી. સ્વ.રામજીભાઇ દેસાઇ બે ટર્મ સુધી નગરપાલિકામાં પ્રમુખ તરીકે લોકલ બોડીમાં સેવા આપી હતી અને તે કામગીરીનું પરિણામ ૧૯૮૦ થી ૧૯૮૫માં સાવરકુંડલાની અંદર ધારાસભ્ય તરીકે સેવા કરવાની લોકોએ તેમને તક આપી હતી. મેં એમની બરોબરના ઉંમરના વડીલો સાથે ચર્ચા કરી તો મને જાણવા મળ્યું કે માનનીય રામજીબાપા જયારે ધારાસભ્ય હતા ત્યારે પણ તે ધાબળા વણવાનું કામ કરતા અને એમાંથી જીવનપર્યન્ત તેનું ગુજરાન ચાલ્યું. તે એક હાથે ધાબળો વણતા જાય અને કોઇ માણસ રજુઆત લઇને આવે તો ધાબળા વણવાની સાથે લોકોની સમસ્યાઓનું સમાધાન શોધવા હંમેશાં પ્રયત્નશીલ એવા લોકસેવકનું બિલકુલ સાદગીભર્યુ જીવન રહેલું. જીવનપર્યત્ન ધાબળા વણવાની કામગીરી કરતા હોવાથી આજે સાવરકુંડલામાં રામજીભાઇ ધાબળાવાળા તરીકે તેની ઓળખ પ્રસ્થાપિત થયેલી. એક નાની એવી ઝૂંપડીની અંદર જીવનપર્યન્ત પોતાનું આખું જીવન વિતાવ્યું. મને દુઃખ એ વાતનું થયું, કોઇ પ્રિન્ટ મીડીયાના મિત્રની સાથે બેઠો હતો અને એ મિત્રએ મને કહ્યું કે પરેશભાઇ આ ગુજરાતના એક પૂર્વ ધારાસભ્ય જયારે આપણી વચ્ચે ઉપસ્થિત નથી તો તેના મુખપત્રમાં સમાચાર બને, આ રામજીબાપાએ જયારે વિદાય લીધી તો તેના સમાચાર બનવાના દૂર રહ્યા. પેઇડ ન્યુઝની જાહેરાત જયારે કોઇ અખબારની અંદર આવી, તંત્રી સારા હતા તેણે જાહેરાતરૂપે નહીં પણ એક સમાચારરૂપે આ પ્રસિદ્ધિ કરાવી. આજે શાંતાબેન પટેલ, સ્વ.જશવંતસિંહજી પરમાર અને રામજીબાપા ધાબળાવાળા આપણી વચ્ચે ઉપસ્થિત નથી, તેમની હાજરી નથી, ગુજરાતના

જાહેર જીવનને જરૂર એક મોટી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમેશ્વરને આપણે સૌ સાથે મળીને પ્રાર્થના કરીએ કે હે, પ્રભુ આ આત્માઓને આપના ચરણોમાં સ્થાન આપજો. તેમના કુટુંબીજનો ઉપર જે દુઃખ આવી પડ્યું છે તે દુઃખને જીરવવાની શક્તિ પરમકૃપાળુ પરમેશ્વર આપે એજ હૃદયથી શ્રદ્ધાંજલિ સાથે માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં મારો સુર પુરાવું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના નેતાશ્રી આદરણીય મુખ્ય મંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે, અને વિપક્ષના દંડકશ્રી બલવંતસિંહજીએ જે ટેકો આપ્યો છે એમાં હું પણ મારો સૂર અને દુઃખ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રીમતી શાંતાબેન પટેલ વિસનગરમાંથી બે વખત આ સન્માનનીય ગૃહનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. ખૂબ જ નાની વયે એક મહિલા ધારાસભ્યશ્રી તરીકે આ ગૃહમાં બિરાજમાન થઇ ઉત્તર ગુજરાતના પ્રશ્નો અને ખાસ કરીને વિસનગર અને મહેસાણાના પ્રશ્નો પણ તેમણે રજૂ કરેલા છે. સ્વ. શ્રીમતી શાંતાબેન પટેલ, એ ઉત્તર ગુજરાતના સહકારી આગેવાન અને સામાજિક કાર્યકર્તા એવા સાંકળચંદ પટેલના પુત્રી હતા. સામાજિક કાર્યોમાં ખૂબ જ દિલચશ્પી લઈ અને છેવાડાના લોકો સુધી એમણે ખૂબ જ સેવાના કાર્યો કર્યાં છે. સમાજ સેવા માટે લગભગ એ ધારાસભ્યકાળ દરમિયાન અને એના પછી પણ કેટલીય સંસ્થાઓ સાથે જોડાઇને એમણે આ સેવાઓ આપેલી છે. સાથેસાથે સ્વ. શ્રી જશવંતસિંહ મનસુખભાઇ પરમાર અને સ્વ. શ્રી રામજીભાઇ વલ્લભદાસ દેસાઇના અવસાન પ્રસંગે હું તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા માટે આપશ્રીને વિનંતી કરું છું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી અને પક્ષના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રીમતી શાંતાબેન ભોળાભાઇ પટેલ, સ્વ.શ્રી જશવંતસિંહ મનસુખભાઇ પરમાર અને સ્વ. શ્રી રામજીભાઇ વલ્લભદાસ દેસાઇનો શોક પ્રસ્તાવ છે. એમાં સ્વ. શ્રી જશવંતસિંહ મનસુખભાઇ પરમાર એ શહેરા મતવિસ્તારના મીઠાલી ગામના વતની હતા. મારા વિસ્તારમાં તેઓશ્રી રહેતા હતા. તેઓશ્રીનું જે ૧૪મી તારીખે અવસાન થયું તેની ૧૩મી તારીખે તેઓશ્રી વિધાનસભાની અંદર આવેલા અને મને મળીને કામ માટેની થોડીક ચર્ચાઓ કરી. તેઓશ્રી રાતના બે વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે હાર્ટએટેકનો હુમલો આવવાથી તેઓશ્રીનું અવસાન થયું હતું. તેઓશ્રીએ શહેરા મતવિસ્તારની અંદર હાઇસ્કૂલો, છાત્રાલયો તેમજ સામાજિક સંસ્થાઓ ઉભી કરીને સમગ્ર સમાજના તમામ બાળકોને શિક્ષણના માર્ગે લઇ જવાનું કામ કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વ. ત્રણેય જણાના કુટુંબીજનોને જે દુઃખ આવી પડ્યું છે તેમના સ્વજનોને ભગવાન પરમકૃપાળુ પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ આપે અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : માનનીય ગૃહના નેતાશ્રી આ જ હાઉસના પૂર્વ ધારાસભ્યશ્રીઓ સ્વ. બેન શ્રીમતી શાંતાબેન. સ્વ. ભાઇશ્રી રામજીભાઇ અને સ્વ. શ્રી જશવંતસિંહના દુઃખદ અવસાન નિમિત્તે શોકપ્રસ્તાવ પ્રસ્તાવ લાવ્યા છે અને માનનીય દંડકશ્રી બલવંતસિંહજી, શ્રી પરેશભાઇ, શ્રી ઋષિકેશભાઇ અને શ્રી જેઠાભાઇએ આ તમામ સ્વ. સભ્યશ્રીઓ માટે જે શોકદર્શિત લાગણીઓ પ્રદર્શિત કરી, એ તમામની આ લાગણી સાથે આ સભાગૃહ પણ પોતાની શોકની લાગણી પ્રદર્શિત કરે છે અને આપણે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે આ ત્રણે ત્રણ દિવંગત આત્માઓને પ્રભુ મોક્ષગતિ પ્રદાન કરે એટલા માટે આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઉભા થઇને મૌન પાળીશું.

**( બે મિનિટ મૌન બાદ)**

ઓમ્ શાંતિ, શાંતિ, સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. આ દિલસોજીનો શોક સંદેશો સદગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

તા.૧લી એપ્રિલ, ૨૦૧૩
સરકારી વિધેયકો

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (સામાન્ય વહીવટમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

અનુમતિ મળેલ વિધેયક

**શ્રી ડી.એમ.પટેલઃ**(સચિવશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું**

**સરકારી વિધેયકો**

સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૭.
રક્ષાશક્તિ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૩.
રક્ષાશક્તિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૭, સન ૨૦૧૩ના રક્ષાશક્તિ યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક ૨૭–સન ૨૦૧૩ના રક્ષાશક્તિ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જે અગાઉ રક્ષા યુનિવર્સિટીમાં સામાન્ય કેટલાક ફેરફાર છે અને વધુ સારી રીતે ચલાવી શકાય અને આ જે યુનિવર્સિટી છે એ ફકત પોલીસ એકેડેમી ન બની જાય પણ એક સાર્વત્રિક રીતે જે યુવાનો એમાં અભ્યાસ માટે આવે છે એ તૈયાર થાય એવા વિશાળ હેતુથી એમાં થોડાક સુધારાઓ આ બિલમાં રજૂ કરવામાં આવ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એ વાત કરવી છે બોલીશ પછી, આ સભાગૃહમાં ૧૦૧ મુજબ કોઇપણ સદસ્યશ્રીની ધરપકડ થાય તો માનનીય અધ્યક્ષશ્રીને જાણ કરવા માટેની..(અંતારાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ કરી શકે છે. આ તમે કહો છો તો એની સ્પષ્ટતા કરી દઉં.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૨૬૪ મુજબ અમારા વિપક્ષના નેતા માનનીય શંકરસિંહ વાઘેલા સાહેબ, બીજા ધારાસભ્યશ્રીઓ, એ જ્યારે ખેડૂતોના હિતમાં સમગ્ર ગુજરાત રાજયમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે બધા બેસી જાવ. શેના માટે કર્યું, શું કર્યુ એ નહીં? એટલું જ છે સ્પષ્ટ, એ આપ બેસો તો હું વાત કરી દઉં. એની અટકાયત કરી હોય કે ધરપકડ કરી હોય તો એનો પોલીસનો રિપોર્ટ તુરત જ મને મોકલવો જોઇએ. ધરપકડ કરી હોય તો હું તરત જ આ હાઉસમાં જાહેર કરું. અટકાયત અને ધરપકડ વચ્ચે ફેર છે, એને ડિટેઇન કર્યા હોય અને ઍરેસ્ટ કર્યા હોય, એટલે ડિટેઇન અને ઍરેસ્ટમાં ફેર છે.

• વિધેયક તા.૨૨મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઍરેસ્ટ કર્યાનો કોઇ રિપોર્ટ નથી આવ્યો, એમને ડિટેઇન કર્યા છે એટલો જ રિપોર્ટ આવ્યો છે. ભાઇશ્રી, એકનું છે, એમને ડિટેઇન કર્યા છે, એનો રિપોર્ટ આવ્યો છે, જેવી ધરપકડ કરશે અને રિપોર્ટ આવશે એટલે એની જાહેરાત તરત કરી દઇશું બાકીના બીજા કોઇનો રિપોર્ટ નથી આવ્યો, રિપોર્ટ આવશે અને ધરપકડ થઇ હશે તો હું એટ એ ટાઇમ, હાઉસમાં જે કામ ચાલતું હશે તે મુલતવી રાખીને એની જાહેરાત કરીશ. ચાલો આગળ, (અંતરાય) તમારે કંઇ કહેવું છે? ડિટેઇન અને ઍરેસ્ટ, એ બન્ને વચ્ચેનો તફાવત આપણે સમજી લઇએ, **ડિટેઇન ઇઝ નોટ એ ઍરેસ્ટ,** ઍરેસ્ટ કરશે અને જાણ કરશે, પોલીસની ફરજ છે ફરજીયાત એણે અધ્યક્ષશ્રીને જાણ કરવી જ જોઇએ, જાણ કરે એટલે તરત જ હું હાઉસમાં જાણ કરીશ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ વાત કરવી છે, કે આજે અમારા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા,

**અધ્યક્ષશ્રી :** એ સવાલ નથી, બલવંતસિંહ એક મિનિટ,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારી વાત તો સાંભળો, મારી વાત તો સાંભળવી જોઇએને? આપ ઉભાં થાઓ છો એટલા માટે હું બેસી જાઉં છું.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, હું કહુ એમને ઍરેસ્ટ કર્યા હોય તો મને કહો. ઍરેસ્ટ કર્યાના કોઇના સમાચાર આવ્યા નથી, ડિટેઇન કર્યા છે, એકને ડિટેઇન કરેલ છે એટલા ન્યુઝ આવ્યા છે, એને ઍરેસ્ટ કર્યા છે એના સમાચાર આવશે તો તરત જ હું હાઉસમાં જાહેરાત કરીશ. છતાંય કહો તમે. એક મિનિટ સાંભળો,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ કહેવું છે,

**અધ્યક્ષશ્રી :** તમે વાંચી જૂઓ, કાયદામાં હોય એ મને કહો એ સિવાયનું નહિ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૬જમાં જોગવાઇ છે કે–

"આપણા સભાગૃહના કોઇપણ સભ્ય ફોજદારી આરોપ કે ગુનાસર પકડાયા હોય અથવા ન્યાયાલયે કેદની સજા કરી હોય અથવા અધિશાસી આદેશ અન્વયે અટકમાં રાખ્યા હોય, અટકમાં રાખ્યા એટલે મારો કહેવાનો જે ભાવાર્થ છે એ પ્રમાણે અટકમાં રાખ્યા હોય, ત્યારે પ્રસંગ પ્રમાણે સજા કરનાર ન્યાયાધીશ, ફોજદારી ન્યાયાધીશ અથવા અધિશાસી, પ્રાધિકારીએ, તાત્કાલિક આ બાબતની ખબર, બીજી અનુસૂચિમાં જણાવેલા સમુચિત નમૂનામાં, પ્રસંગ પ્રમાણે, સભ્યની ધરપકડ, દોષસિદ્ધિ અથવા અટકાયત માટેના કારણો તેમજ કેદનું અથવા અટકાયતનું સ્થળ જણાવીને અધ્યક્ષને જાણ કરવી." માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને જાણ કરવી છે પછી આપને જે નિર્ણય કરવો હોય તે,

**અધ્યક્ષશ્રી :** હું અત્યારે..

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** આ નિયમ મુજબ મારે જાણ કરવી છે,

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, હું તરત જ અત્યારે મારા ડિપાર્ટમેન્ટને કહીશ એમની અટકાયત કરી હોય, એમની ધરપકડ કરી હોય, ડિટેઇન કર્યા હોય,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** એમની અટકાયત કરી છે, મારી પાસે એના..

**અધ્યક્ષશ્રી :** તમારી પાસે કાગળ આવ્યો? તમે સાંભળો મને ચિઠ્ઠી આવી કે, અર્જુનભાઇ, તુષારભાઇ, શંકરસિંહ એ બધાય ૧૦૦ લોકોને અટક કર્યા છે એ રીતે એમની ધરપકડ નથી કરી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, આમાં અટક છે, એટલા માટે જ હું આપને કહુ છું,

**અધ્યક્ષશ્રી :** એ અટક એટલે શેની નીચે?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારી વાત સાંભળવી જોઇએ,

**અધ્યક્ષશ્રી :** સાંભળું છું ને,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારી વાત મને પૂરી કરી લેવા દો માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી :** કરી લ્યો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારે એ કહેવું છે,

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, તમે શું કરવા ઉતાવળા થાઓ છો?,

તા.૧લી એપ્રિલ,૨૦૧૩

સરકારી વિધેયકો

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારે એ વાત કરવી છે કે અમારા વિપક્ષના નેતા માનનીય શંકરસિંહ વાઘેલાજી આ *(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** એ મારે નથી સાંભળવું, કંઇ નહિ, જરા પણ નહિ. જરાય નહિ, એ તમારા શબ્દો રેકર્ડ પરથી કાઢી નાંખું છું. શેના માટે એમની અટક કરી, ધરપકડ કરી એ મારે જોવાનું નથી, વિધાનસભાના સભ્યની ધરપકડ થશે, રિપોર્ટ આવશે એટલે હું તરત જ હાઉસમાં જાણ કરીશ, શાના માટે કરી છે, કયા કારણે કરી છે, **ઇટ ઇઝ નન ઓફ માય બિઝનેસ,** એ મારો બિઝનેસ નથી,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦૦ થી પણ વધારે,

**અધ્યક્ષશ્રી :** ૨૦ લાખ હોય કે ૨૦ કરોડ હોય, ભાઇ તમે રહોને, ૨૦ લાખ હોય કે ૨૦ કરોડ હોય, કોઇ સવાલ નથી, એ હશે તો હું જાણ કરીશ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારી વાત તો સાંભળો.

**અધ્યક્ષશ્રી :** સાંભળી લીધી. તમે પોલિટીકલ સ્પીચ પર જાઓ છો. ખેડૂતોના પ્રશ્નો માટે આટલા લોકો ભેગા થયાં, ભાઇ બેસો, પરેશભાઇ, બેસો બધા.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** મારી વાત પૂરી કરી દેવા દો સાહેબ. શેના માટે કરી છે એ મારે વાત કરવી છે,

**અધ્યક્ષશ્રી :** બેસો તો ખરા તો તમારું સાંભળુંને? તમારે બધાએ ઉભા થઇ જાવું છે? એક બોલે છે, એમને તો સાંભળું છું હું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, શેના માટે થઇ, એટલા માટે હું જાણ કરું છું કે *(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** ના ના, આ તમારા તમામ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. એક પણ શબ્દ હું રેકર્ડ પર રાખતો નથી. મેં આપને સમજાવ્યું છે, ધરપકડ કરશે અને જેવા મને ન્યુઝ આવશે **ઇટ ઇઝ એ ડ્યૂટી ઓફ ધ પોલીસ,** એની સ્પીકરને જાણ કરવાની, જાણ કરશે તો હું તરત જ જાહેરાત કરી દઇશ. છતાંય તમે કહો છો એટલે હું મારા ડિપાર્ટમેન્ટ મારફતે સામેથી તપાસ કરાવું છું કે આમની ધરપકડ કરી હોય તો કાયદાની કઇ કલમ નીચે એની ધરપકડ કરી છે,તે ન્યૂઝ જો મારી પાસે હમણાં આવશે તો હું એ સેકન્ડે બધુ કામ મુલતવી રાખી અને તેની જાહેરાત કરી દઇશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવાની છે તે એટલી જ છે(અંતરાય). હું કોઇ અપશબ્દ બોલતો નથી. હું કોઇ એવુ વાકય નથી બોલ્યો, હું તો એ કહેવા જઉં છું કે, આ વિપક્ષના નેતા .(અંતરાય). ( સૂત્રોચ્ચાર )

અધ્યક્ષશ્રી : ભાઇ, મહેરબાની કરીને સૂત્રો બોલાવવાનું બંધ રાખો. કાં પછી તમારા નેતાને કહી દો કે તે નીચે બેસી જાય અને પછી બધાય ઉભાં થઇને સૂત્રો બોલાવો. શું કામ સૂત્રો બાલાવો છો ? પરેશભાઇ, તમે મર્યાદામાં રહો. તમારા નેતા બોલે છે તેને હું શાંતિથી સાંભળુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એ છે કે, મને મારી વાત પૂરી કરવા દો. હું એવા શું શબ્દો વાપરૂં છું (અંતરાય) મારે જે કહેવું છે કે સરકાર જયારે ખોટું કરતી હોય ..

અધ્યક્ષશ્રી : એ વાત આમાં નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ જ છે કે આજે ગુજરાતમાં પાણી નથી. દુકાળ પડી રહ્યો છે તેવી સ્થિતિમાં સમગ્ર ગુજરાતની અંદર ...

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આપને હું સાંભળુ એનો અર્થ એમ નહીં કે તમે કોઇ બીજી વાત કરો. મારી પાસે જે ન્યૂઝ આવશે કે હું તરતજ તેની આ હાઉસમાં જાહેરાત કરી દઇશ. જેવા ધરપકડના

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સમાચાર આવશે, કઇ કલમ નીચે ધરપકડ થઇ છે તે આવશે તો હું તેની જાહેરાત કરી દઇશ. મારી પાસે હજુ સુધી માહિતી નથી આવી અને અટકાયતમાં કોઇ કલમ ના હોય It is preventive measure માટે થઇને બધાયની અટકાયત કરતા હોય છે. (અંતરાય). (સતત સૂત્રોચ્ચાર) ભાઇ નેકસ્ટ, તમારે આ બિલ ઉપર બોલવું છે ? (અંતરાય). પૂરું થઇ ગયુ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મને પૂરું કરવા દો પછી આપને યોગ્ય ના લાગે તો કાઢી નાંખજો.

અધ્યક્ષશ્રી : બેસો ભાઇ, શું કહો છો ? બહાર શેના માટે ભેગાં થયા અને શેના માટે ધરપકડ એ મારે નથી જોવાનું. મારે એટલું જોવાનું કે તેની ધરપકડ થઇ હશે તો હું તેની જાહેરાત કરીશ. (અંતરાય). પણ એ બીજુ કહે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બીજુ નથી કહેતો માનનીય અધ્યક્ષશ્રી, જેના હેતુ માટે થઇ છે...

અધ્યક્ષશ્રી : હેતુ મારે નથી જોઇતો, મારે તો ધરપકડ જ જોઇએ. કયા હેતુસર કરી છે તેણે ક્રિમિનલમાં કરી છે, પ્રજા માટે કરી છે કે શેના માટે કર્યુ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીમાં આપની પાસે જો અમે આ ન્યાય નહીં માગી શકીએ તો અમે કોની પાસે જઇશું ? મારે વાત કરવી છે કે, અમારા *(xxxxxx)

અધ્યક્ષશ્રી : તે કોઇ સવાલ નથી. હું તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. તમારા વિપક્ષના નેતા નહીં, એક પણ ધારાસભ્યની ધરપકડ થઇ હોય અને એનો રિપોર્ટ આવે તો મારી ફરજ છે કે મારે તરતજ આ વિધાનસભા ચાલુ હોય તો તેની જાહેરાત કરવી જોઇએ. હજુ મારી પાસે નથી આવ્યું છતાંય મેં સચિવને મોકલીને સામેથી તેની તપાસ કરાવી છે કે કોઇની ધરપકડ કરી છે ? અને કરી હોય તો કયા ગુન્હા નીચે કરી છે ? જે હશે તેની તરતજ જાહેરાત કરીશ. આમાં કોઇને બોલવાનું નહીં, હવે તમે બિલ ઉપર આવી જાવ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : શેના માટે અટક કરી અને કોની કરી તે તો બોલવા દો.

અધ્યક્ષશ્રી : અરે, ધરપકડ જ નથી કરી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, ૨૬૪માં સ્પષ્ટ લખેલું છે કે, છેલ્લો શબ્દ લખ્યો છે અટકાયત. અટકાયત કરવી એટલે માનનીય અધ્યક્ષશ્રીને જાણ કરવી. આ અમારો અધિકાર છે અને અમારો અધિકાર તો અમને રજૂ કરવા દેવો જોઇએને ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, આમાં કંઇ બોલવાનું ના હોય, હાથ શેના ઉંચા કરો છો ? તમારામાંથી એકને મેં મોકો આપ્યો ત્યાં બધાય હાથ ઉંચા કરો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો ભાવાર્થ માત્ર એટલો જ છે કે, ચોપડીમાં સ્પષ્ટ લખેલું છે કે અટકાયત લખેલી હોય પાના નંબર–૧૦૧ ઉપર છે.

અધ્યક્ષશ્રી : ધરપકડ અને અટકાયત એક કહેવાય? મને લાગે છે કે આ તમારું ઇન્ટરપ્રીટેશન છે કે ધરપકડ અને અટકાયત બન્ને એક કહેવાય. ડીટેઇન કરે ઇટ ઇઝ એ પ્રીકોશનરી મેઝરમેન્ટ છે, અને જયારે કોઇ કલમ નીચે એની ધરપકડ કરે તો એ ધરપકડ કહેવાય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની ધરપકડ અથવા અટકાયત, આ સ્પષ્ટ લખ્યું છે, મારે આપને જાણ કરવી છે કે અમારા નેતાની ધરપકડ કરી છે.

અધ્યક્ષશ્રી : એ અટકાયત કઇ કલમ નીચે? ૧૪૪મી કલમ નીચે કોઇપણ માણસની અટકાયત કરે તો તેની તરત જ એમાં ધરપકડ કરે, અટકાયત કરીને કન્વર્ટ થઇ જાય ધરપકડમાં, ૧૪૪ એવી રીતે નથી, કોઇપણ માણસને પ્રીકોશનરી મેઝરમેન્ટ માટે લઇ લે અને પછી છોડી દે, દરેકે આંદોલન કર્યા છે સવારે તેને લઇ જાય અને સાંજે છોડી દે, કોઇ કલમ ન લગાડી હોય, હવે બલવંતસિંહ આમાં તમારી વાત બે મિનિટ બે મિનિટ કરીને ૧૨ વાર મેં સાંભળી.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

## તા.૧લી એપ્રિલ, ૨૦૧૩

## સરકારી વિધેયકો

(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યો તરફથી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, અત્યારે આ સામેથી મંગાવીને રિપોર્ટ આવ્યો છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાની આગેવાનીમાં આજ તારીખ ૧–૪–૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે કિસાન કૂચ રેલીનું આયોજન કરેલ, એમાં કોંગ્રેસ પક્ષના સાંસદ અને ધારાસભ્યો તેમજ કોંગ્રેસ કાર્યકરો અને ખેડૂતોએ ભાગ લીધેલ, જે કાર્યક્રમ દરમિયાન કલેકટરશ્રીના જાહેરનામા અંતર્ગત ગાંધીનગર શહેરના પ્રતિબંધિત વિસ્તારમાં માનનીય શ્રી શંકરસિંહ વાઘેલા, વિરોધપક્ષના નેતા, પ્રવેશવાની કોશિશ કરતા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ તેઓશ્રીને ૧ વાગ્યે ડીટેઇન કરવામાં આવેલ છે. આ રિપોર્ટ છે, આમાં દુનિયામાં ગમે તેને ડીટેઇન કરે, ભંગ કરે તો વજુભાઇ વાળાને પણ ડીટેઇન કરી શકે, મુખ્ય મંત્રીશ્રીને પણ કરી શકે, વિરોધપક્ષના નેતાને પણ કરી શકે અને ધારાસભ્યોને પણ કરી શકે, કાયદો તમામ માટે સમાન છે, આ રિપોર્ટ આવ્યો તે મેં હાઉસમાં વાંચી સંભળાવ્યો છે. (અંતરાય) એ સાચું છે કે ખોટું છે તે તમારે નકકી કરવાનું છે? અરે ભાઇ સાચું છે કે ખોટું છે તે મારે જોવાનું નથી. તમને મેં કહ્યું કે સામેથી મંગાવીને મેં જાહેર કર્યું તમારે જે પગલાં લેવા હોય તે તમે લઇ શકો છો. મેં જાહેરાત કરી દીધી છે. (અંતરાય) તમારે કોઇએ બોલવાનું ન હોય તો હું બિલ આગળ ચલાવું છું. તમે બધા બેસી જાઓ, માનનીય તમામ સભ્યોને વિનંતી કે આજે ૬ બિલ મંજૂર કરવાના છે, આપે સૂત્રો જ બોલાવવાના હોય અને ભાગ ન લેવાનો હોય તો પછી હું બિલ સીધે સીધું વંચાણ ઉપર મૂકું છું. (અંતરાય) જાણ તો કરી દીધી ને, મેં આ હાઉસમાં જાહેરાત કરી, એની ધરપકડ કરી એ વ્યાજબી છે કે નહીં તેના ઉપર આ હાઉસમાં ચર્ચા ન થાય, ધરપકડ થાય એટલે સેકશન પ્રમાણે મારી ફરજ છે કે મારે જાહેરાત કરી દેવી, એ જ મારું કામ છે. (અંતરાય) અરે મંજૂરી કંઇ ન લેવી પડે, કાલ સવારે ગમે તેને ભડાકે દઇ દે તો એની ધરપકડ કરવી કે નહીં તે મારી મંજૂરી લેવા આવે? એ કાયદો કાયદાનું કામ કરે, ધરપકડ માટે કોઇ સવાલ નથી, કોઇની મંજૂરીની જરૂર નથી, અધ્યક્ષને જાણ કરવી જોઇએ, તે એમણે જાણ કરી દીધી છે. હવે સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આજે અગત્યના છ બિલ બાકી છે, આપ બેસો. બલવંતસિંહ, આપ નકકી કરો બિલ ઉપર બોલવું છે કે સીધું હું બિલ મતદાન ઉપર મૂકું? તમારે જે કરવું હોય તે એક મિનિટમાં તમે નકકી કરી લો.

(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આ રક્ષા શકિત યુનિવર્સિટી બિલ ઉપર બોલવું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમને કહેવા પણ નહિ દો?

અધ્યક્ષશ્રી : મારા ડિકલૅરેશન ઉપર કોઇ ચર્ચા ન હોય. એની અટકાયત કાયદેસર કરી છે કે ગેરકાયદેસર કરી છે એ જોવાનું કામ મારું નથી, એ તો કોર્ટનું કામ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ આ હાઉસને જાણ કરવાની વાત છે.

અધ્યક્ષશ્રી : મેં આ સભાગૃહને જાણ કરી દીધી છે. આ નિયમ મુજબ કંઇ કહેવું હોય તો કહો. પોલિટિકલ કોઇ ચર્ચા નહિ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૨૬૪ મુજબ જે અધિકાર મળ્યા છે એ અધિકારની રૂએ વિનંતી કરું છું કે અમારા વિરોધપક્ષના નેતા આ ગુજરાતની પ્રજાના હિતમાં...

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, એની ચર્ચા અહીંયા ન હોય. કાલે સવારે કોઇ મંત્રીની ધરપકડ કરી હોય તો એ કયા કાયદા નીચે કરી છે એની જાણ કરવાનું કામ મારું છે. અહીંયા આપે જે વાત કરી એ અંગેનો મારી સમક્ષ મેસેજ આવ્યો તરત જ મેં આ હાઉસને જાણ કરી દીધી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે બે મિનિટમાં જાણ કરવી છે. *(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ બધા શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.આ બધા જ સભ્યશ્રીઓ વિધાનસભામાં આવી ગયા છે એમની ધરપકડ કેમ ન કરી? તમે કાયદો વાંચો એનું અટકાયતનું સ્થળ સાથે મેં આ હાઉસને જાણ કરી દીધી છે. કયા કારણોસર ધરપકડ કરી એના કારણ સાથે મારે કોઇ લેવાદેવા નથી.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, શેના માટે ધરપકડ કરી. કયા સ્થળે કરી, આ સરકાર કોઇ વાત માનતી નથી.

અધ્યક્ષશ્રી : કલેકટરશ્રીના જાહેરનામાં અંતર્ગત ગાંધીનગર શહેરના પ્રતિબંધિત વિસ્તારમાં માનનીય શ્રી શંકરસિંહ વાઘેલા વિરોધપક્ષના નેતા પ્રવેશવાની કોશિશ કરતાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારું તેઓશ્રીને ૧૩–૦૦ કલાકે ડીટેઇન કરવામાં આવેલ છે. એની જાણ મેં આ હાઉસને કરી દીધી છે. સાચુ છે કે ખોટું છે એનો નિર્ણય મારે નથી કરવાનો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વિરોધપક્ષના નેતાશ્રીએ કોઇ એવું કામ તો નથી કર્યું એમણે ખેડૂતોના હિતની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : એમણે ખેડૂતોના હિતમાં રજૂઆત કરવા જવું કે ન જવું અને કયાં જવું એ મારો વિષય નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ખેડૂતોના હિતની વાત કે પાણીની વાત વિરોધપક્ષના નેતાશ્રી ન કરી શકે?

અધ્યક્ષશ્રી : ખેડૂતોના હિતમાં રજૂઆત કરવી કે ન કરવી એ મારો બિઝનેસ નથી. એની કોર્ટ પાસે રજૂઆત કરજો. હવે માનનીય બલવંતસિંહ, તમારી વાત પૂરી થાય છે. કયા કારણોસર અટકાયત કરી એ સવાલ નથી. જે કારણસર અટકાયત કરી એ કારણ સહિત મેં આ હાઉસમાં વાચી સંભળાવ્યું છે. પ્રતિબંધિત વિસ્તારમાં વિરોધપક્ષના નેતા પ્રવેશવાની કોશિશ કરતા તેની અટકાયત કરેલી છે. તે મેં વાંચી સંભળાવ્યું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ગાંધીનગરમાં પ્રવેશવું કે વિધાનસભામાં આવવું એ કંઇ ગુનો છે?

અધ્યક્ષશ્રી : આમાં કશું બાકી રહેતું નથી. હવે તમે તમારું રક્ષાશક્તિ યુનિવર્સિટી માટેનું પ્રવચન કરવું હોય તો કરો. જે તમારે નકકી કરવું હોય તે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અમારી તો વિનંતી છે.

અધ્યક્ષશ્રી : વિનંતી છે તો હું શું કરું ત્યાં? હું જાઉં ત્યાં? મારે શું કરવાનું એ તમે મને કહો ને, કાયદામાં શું કહ્યું છે? મારે જઇને શું કરવાનું? હું ત્યાં જાઉં? (અંતરાય) હવે આવું તો બલવંતસિંહ, અમને પચ્ચીસવાર પકડીને પૂરી દીધા છે. અમે તો કોઇ દિવસ અહીં કહેવા પણ નથી આવ્યા. અમે તો એમ કહેતા કે સરકારને જે કરવું હોય એ કરી લે. ફાંસીના માચડે ચડાવી દે. આવી શું વાતો હવે કરવાની છે? કોઇ સવાલ નથી. (અંતરાય) હવે આ પૂરું કરોને, બોલવાનું છે કે શું છે? કયાં ભાગ્યા હવે? ભાગવાની કયાં વાત કરો, યુનિવર્સિટી ઉપર બોલો ને? (અંતરાય)

(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, તમારે બોલવું છે? અમિતભાઇ ચૌધરી, આપે રક્ષાશક્તિ યુનિવર્સિટી વિધેયક ઉપર બોલવું છે? બોલવું હોય તો હું નામ બોલું છું, તમે મને આપ્યા છે તે. નહીં તો જે બિલ છે એ હું આગળ ચલાવું. કામકાજ સલાહકાર સમિતિએ જ નકકી કર્યું છે. (અંતરાય) બેસો. (આ તબકકે સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી ઉભા થતાં) આના ઉપર કંઇ નહીં બોલવાનું. બેસો તમે. પોઇન્ટ ઓફ ઓર્ડર છે ને? હાઉસમાં કોઇ કાર્યવાહી જ નથી થઇ તો પોઇન્ટ ઓફ ઓર્ડર શેના ઉપર આવે? (અંતરાય) કંઇ ન હોય. જયાં કાર્યવાહી થઇ હોય, કોઇ બોલ્યું હોય, વિધાનસભાના નિયમ સાથે સુસંગત ન હોય તો પોઇન્ટ ઓફ ઓર્ડર આવે. તમે ઉભા થાવ એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર? નહીં, બેસી જાવ તમે. બલવંતસિંહ, નો પોઇન્ટ ઓફ ઓર્ડર. કોઇ સવાલ નથી. પરેશભાઇ બેસી જાવ તમે. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. કાર્યવાહી કંઇ થઇ નથી. કોઇ સવાલ જ નથી. બલવંતસિંહ આપે બોલવું છે? (અંતરાય) એમ તો બધાને બોલવાનું મન થાય. કોઇ સવાલ નહીં, ના, ના. આમાં કોને હાઉસમાં બોલવાનું મન નથી થતું? બધાને બોલવું છે. બલવંતસિંહ, આપે બોલવું છે? (અંતરાય) ના, ના. પણ શેના ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર? કોઇ કાર્યવાહી જ નથી. શેના ઉપર બોલે? બેસો. બોલ્યા પછી મારે ના પાડવી એના બદલે હું તો એડવાન્સમાં ના પાડું છું. (અંતરાય) ચાલો બોલો. બોલવા દો. માઇક ચાલુ કરો.

## તા.૧લી એપ્રિલ, ૨૦૧૩
## સરકારી વિધેયકો

શ્રી પરેશ  ધાનાણી : નિયમ–૪૭ મુજબ આપનું ધ્યાન દોરવા માગું છું. આ વિધાનસભા ક્ષેત્ર એ આપના પ્રભાવની નીચે આવે છે. આજે વિધાનસભામાં અધ્યક્ષશ્રીની દીર્ઘા સહિત તમામ દીર્ઘાઓની અંદર એક પણ પ્રેક્ષક પ્રવેશ મેળવી શકયો નથી.

અધ્યક્ષશ્રી : એ જોવાનું કામ તમારું છે? ઇટ ઇઝ નન ઓફ યોર બીઝનેસ.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કારણ કે પોલીસ વિભાગે ખેડૂતોની બીકે કોઇ પ્રેક્ષકને વિધાનસભા સુધી પહોંચવા નથી દીધા ત્યારે આવા લોકોને વિધાનસભામાં પ્રવેશ આપવા માટે આપનું રક્ષણ મળે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તમે બેસો. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર જ નથી. ગેલેરીમાં કોઇને પ્રવેશ ન આપવો એ અધ્યક્ષે પોતે આપેલી સૂચનાનું પાલન કરવાનું છે. આ પરિસ્થિતિમાં શું કરવું એ અધ્યક્ષના પાવર્સમાં છે. આમાં પોલીસનો કોઇ રોલ નથી. માનનીય બલવંતસિંહ. (અંતરાય) ભાઇ, બિલ ઉપર બધા શાંતિથી સાંભળો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે રક્ષા યુનિવર્સિટી (સુધારા) વિધેયક–૨૦૧૩ લઇને આવ્યા છે. આ બિલમાં માનનીય મંત્રીશ્રી ૧૬ સુધારા લઇને આવ્યા છે. ખાસ કરીને રક્ષા યુનિવર્સિટીની અંદર જે મહા નિયામક હતા એ મહા નિયામક ઉપર વિધેયકની કલમ–૨ મુજબ અધ્યક્ષની નિમણૂકની જોગવાઇ લઇને આવ્યા છે. મને આજેપણ એ સમજાતું નથી કે, આ યુનિવર્સિટીની અંદર જ્યારે મહા નિયામક હોય, પોલીસ ડિપાર્ટમેન્ટના હોય, લશ્કરના હોય, આટલા સારા સારા માણસો મહા નિયામક તરીકે રહી શકતા હતા. આ લોકો એજ્યુકેટેડ હતા. આ બિલ ઉપર એમ કહી શકાય કે, રક્ષા યુનિવર્સિટી ૨૦૦૯માં જેની શરૂઆત થઇ અને ભૂતકાળમાં મને ખ્યાલ છે કે, શ્રી ઓ.પી. માથુર આની અંદર નિયામક હતા. આ યુનિવર્સટીમાં ૨–૩ વર્ષની અંદર એવું શું બન્યું કે, જેના કારણે આજે ૧૬ સુધારા લઇને આ સરકાર અહીં આવી છે. કોઇપણ યુનિવર્સિટી બને એનો સૌથી મોટો હેતુ એ હોય છે કે, યુનિવર્સિટી માણસને નજીક પડે, બીજી સવલત ઉભી થાય એના માટે રાજ્ય સરકાર યુનિવર્સિટીઓ બનાવતી હોય છે. આજે આવી યુનિવર્સિટી જ્યારે બનતી હોય અને આવી વાત જ્યારે થતી હોય ત્યારે મારે કહેવું છે કે, ૨૦૦૯ની અંદર રક્ષા યુનિવર્સિટીના નામે એક નવી યુનિવર્સિટી બનાવવામાં આવી અને એના હોદ્દાની જગ્યાઓ હતી એમાં માત્ર ત્રણ જ વર્ષમાં  ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ બજેટમાં દસ કરોડ રૂપિયા આ યુનિવર્સિટી માટે ફાળવવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના બિલ્ડીંગનું નિર્માણ થયું છે. રાજ્ય સરકારનો હેતુ આમાં જુદો જ દેખાય છે. ગુજરાત ગૌરવ લઇ શકે એવી આ યુનિવર્સિટી છે.

છેલ્લા પાંચ–સાત વર્ષથી દેખાઇ રહ્યું છે કે, ઘેર ઘેર યુનિવર્સિટીઓ બનાવવામાં આવે છે. જેના કારણે પાનના ગલ્લા ખૂલવા માંડ્યા હોય એવું લાગે છે. આ સ્થિતિની અંદર જ્યારે યુનિવર્સિટીઓ ખૂલવા માંડી હોય ત્યારે સરકારે માત્ર ૩ વર્ષમાં જ જે ખરેખર હેતુ હતો એ હેતુ દૂર કરીને ૧૬ સુધારાઓ લઇને આવી છે. આમાં સરકારનો હેતુ સ્પષ્ટપણે જણાઇ આવે છે કે, જેમ બીજી યુનિવર્સિટીમાં પોતાનો માપદંડ રહે, એની સત્તા ચાલે એવું દેખાઇ આવે છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરાબર થઇ નથી અને સ્થિતિ એવી થઇ છે કે, સમગ્ર ગુજરાતની અંદર એવું રાજ્ય ચાલી રહ્યું છે કે, નાનામાં નાનો માણસ કોઇપણ સંજોગોમાં બોલી શકતો ન હોય એવા સંજોગો પેદા થયા છે, એવું જ આ યુનિવર્સિટીમાં પણ થશે. ટેકનીકલ દૃષ્ટિએ જોઇએ તો ટેકનીકલના જે કોર્સ છે એના ઉપર અધ્યક્ષ મૂકવાના છે, એ નિયામક છે, એની જે સત્તા છે. એ સત્તા એવી છે કે, એની અંદર આ જોગવાઇઓ કરવામાં આવી નથી. સરકાર જેને ધારશે, કોઇ વિદ્વાન હશે એને યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકે મૂકી દેશે. આ માત્ર સરકારના જ માણસ હશે. બીજી યુનિવર્સિટીમાં આપણે જોઇએ છીએ કે, એવા માણસની નિમણૂક કરવામાં આવે છે કે જે માત્રને માત્ર સરકારની જ વાતથી ચાલે. આ યુનિવર્સિટીઓમાં ભણતર શું થાય છે, એની અંદર બીજી શી પ્રવૃત્તિઓ થાય છે? એવું આના ઉપરથી સ્પષ્ટ આજે દેખાય છે.  કદાચ યુનિવર્સિટીમાં અધ્યક્ષની પોસ્ટ મૂકવાનું કારણ જ જો બે–અઢી વર્ષમાં સમજાતું ના હોય અને સૌથી મોટી દુઃખની વાત એ છે કે આ અધ્યક્ષને મૂકીને ૩૦ લાખ રૂપિયા આપણા ઉપર ખર્ચ થવાનો છે.  દુઃખ સાથે કહેવું પડે એમ કે આ અધ્યક્ષનો જે ખર્ચો થવાનો છે એ આજે ૩૦

લાખ રૂપિયા ખર્ચો થવાનો છે. કયા કારણે લાવી રહ્યા છે? એવું શું અંદર થઇ રહ્યું છે કે આપણે અધ્યક્ષને મૂકીને આટલા દસ કરોડના બજેટમાં બિલ્ડીંગમાં અને બીજા બધા બધા ખર્ચા કરવાના છે? આજે જે પ્રમાણેનું ચાલી રહ્યું છે એની અંદર ભણતર જે ચાલી રહ્યું છે એ પણ પૂરા પ્રમાણમાં જોઇએ તો એની પણ ગુણવત્તા આજે જળવાતી નથી. આજે ૩૦ લાખ રૂપિયા જેટલો અધ્યક્ષનો ખર્ચો માત્ર એના માટે કે સરકારના માધ્યમથી ચાલે? ૩૦ લાખ રૂપિયા એના માટે ખર્ચો થાય છે? ૩૦ લાખ રૂપિયા એના માટે ખર્ચાય છે કે જેમ સરકાર કહે એ પ્રમાણે ભરતી થાય, એ પ્રમાણેની તાલીમ અપાય, એ પ્રમાણેના સંજોગોનું આયોજન થાય? આજે ૩૦ લાખ રૂપિયા જેટલી આટલી મોટી રકમ જયારે વપરાતી હોય ત્યારે ખરેખર આપણે દુઃખ સાથે કહેવું પડે કે આવી યુનિવર્સિટીમાં તાલીમબદ્ધ અધ્યક્ષ જો મૂકવાની વાત હોત તો અમને શંકા ન જાત. આજે શંકા એ રીતની જાય છે કે આવનાર સમયમાં જે મુદ્દાઓ મેં જોયા છે કે અધ્યક્ષની નિમણૂક કેવી રીતે કરી શકાશે, એની સર્ચ કમિટિ જે નકકી કરી છે અને સર્ચ કમિટીના ભાગરૂપે એની જે સિસ્ટમ ગોઠવી છે એ ખરેખર દુઃખદ બાબત છે એટલે મારે સરકારને ખાસ કરીને કહેવું છે કે આ યુનિવર્સિટીમાં કલમ–૭ –ક, ખ, ૧ની જે વાત થઇ છે અને એની અંદર મારે એ સૂચનો કરવા છે કે સરકારે ખરેખર આ અધ્યક્ષ મૂકવાની કોઇ જરૂરત નથી. જે ચાલી રહ્યા છે નિયામકશ્રી એની બાબતની અંદર કોશિશ કરવી જોઇએ અને સંજોગોવસાત આ યુનિવર્સિટીમાં ૩૦ લાખ રૂપિયા જેટલો આટલો મોટો ખર્ચો આમાં ના પડે અને એની ગુણવત્તા જળવાય અને સરકાર વારેઘડીએ આ યુનિવર્સિટીમાં દિનપ્રતિદિન જે કાયદા બદલીને સુધારા લાવતા હોય છે. હમણા બે–ત્રણ વર્ષની અંદર આવી રીતે સુધારા આવે, મેં મંત્રીશ્રીને સ્પષ્ટ આ બાબતમાં કીધું કે બિલ બાબતમાં કંઇક મોટી વાત કરશે. મને એવું લાગ્યું કે આખા ગૃહને એવું કંઇક સમજાવશે કે જેના કારણે ૧૮૨ ધારાસભ્યોને કંઇક એવી મહત્વતા લાગશે કે આ બિલની અંદર કંઇક એવી વસ્તુ છે. મને તો ખરેખર આ બિલમાં એવું કંઇ લાગી નથી રહ્યું માત્ર અને માત્ર આ બિલની અંદર હેતુ જો લાગતો હોય તો આ સરકારનો સ્પષ્ટ હેતુ છે કે સરકાર જેને ધારશે એને યુનિવર્સિટીમાં મૂકશે અને મૂકયા પછી સરકાર અત્યારે જે રીતે ચલાવી રહી છે કે સમગ્ર ગુજરાતની છ કરોડ જનતાને એ રીતે આ યુનિવર્સિટી ચાલશે એવું લાગી રહ્યું છે માટે હું સખતપણે આનો વિરોધ કરૂ છું. અને સરકારને વિનંતી કરુ છું, સૂચન કરુ છું કે આ અધ્યક્ષને લાવવાની જરૂર નથી. આપણ ૩૦ લાખ રૂપિયા બચે અને આની ગુણવત્તા જળવાય એવી મારી આ પ્રસંગે વિનંતી છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર તરફથી મને તેમના તાઃ૦૧/૦૪/૨૦૧૩ ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે ગુજરાત વિધાનસભાના ૩૭–માણસા વિધાનસભા મત વિસ્તારના સભ્યશ્રી અમિતભાઇ ચૌધરીની આજરોજ ગાંધીનગર ખાતે યોજાયેલ કિસાન રેલીમાં કલેકટરશ્રી, ગાંધીનગરના આદેશ છતાં પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવા બદલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે સારૂ ગાંધીનગર પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવેલ છે. અને બીજો એક મેસેજ છે પોલીસ અધિક્ષક ગાંધીનગર તરફથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાની આગેવાનીમાં આજે તાઃ૦૧/૦૪/૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે કિસાન કૂચ રેલીનું આયોજન કરેલ તેમાં કોંગ્રેસ પક્ષના સંસદ અને ધારાસભ્યશ્રીઓ તેમજ કોંગ્રેસી કાર્યકરો, ખેડૂતોએ ભાગ લીધેલ જે કાર્યક્રમ દરમિયાન કલેકટરશ્રીના જાહેરનામા અંતર્ગત ગાંધીનગર શહેરના પ્રતિબંધિત વિસ્તારમાં વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ પ્રવેશ કરવાની કોશિશ કરતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે સારૂ તેઓને ૧૩–૦૦ કલાકે ડીટેઇન કરવામાં આવેલ અને ૧૩–૩૫ વાગ્યે મુકત કરવામાં આવેલ છે. તેમજ માણસાના ધારાસભ્યશ્રી અમિતભાઇ હરીભાઇ ચૌધરીને ૧૧–૪૫ વાગ્યે ડીટેઇન કરવામાં આવેલ અને તેઓને ૧૨–૧૫ વાગ્યે મુકત કરવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

## **સરકારી વિધેયકો** (ક્રમશઃ)

તા.૧લી એપ્રિલ,૨૦૧૩
સરકારી વિધેયકો

**શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રક્ષા શકિત યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે એને સમર્થન આપવા સાથે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રક્ષા શકિત યુનિવર્સિટી માટે ૨૦૦૯માં આ જ સભાગૃહમાં કાયદો બનાવ્યા પછી રક્ષા શકિત યુનિવર્સિટીની સ્થાપના એ કદાચ દેશમાં પહેલી યુનિવર્સિટી અને એ પરમ આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળની આ પહેલી યુનિવર્સિટી છે. મારે કહેવું છે કે આ રાજ્યના મુખ્યમંત્રી અને આ રાજ્ય સરકારે એક આગવું આયોજન કર્યું છે. આ આગવું આયોજન જોવા જઇએ તો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો, આજ દિન સુધી કોઇ વાત સ્વીકારવાની વાત ન આવે. પણ એક આગવું આયોજન કે જે રીતે વસતિ વધી રહી છે, જે રીતે સાઇબર ક્રાઇમ વધી રહ્યો છે, રોજબરોજના સમાચારો જોઇએ તો ચિટીંગના કેસો વધી રહ્યા છે. હમણાં બે દિવસ પહેલાં મેં એક મોબાઇલમાં વાંચ્યું કે તમારા મોબાઇલ નંબરને એક લાખ પાઉન્ડનું ઇનામ મળી રહ્યું છે. તમારે આ ઇનામની રકમ જોઇતી હોય તો આ નંબર ઉપર ઇ–મેઇલ કરવો. એમાં તપાસ કરતાં ખબર પડી કે એમાં પૈસા ભરવાના, આ અને તે કરવાનું. બિચારા ગ્રાહકો છેતરાય એ સાઇબર ક્રાઇમ. આગામી દિવસોમાં આ સાઇબર ક્રાઇમની ચિંતા દેશે કરવાની હતી પણ દેશે ન કરી, આ ચિંતા ગુજરાતે કરી છે અને ગુજરાત ૨૦૧૪માં દેશને દિશા બતાવવાનું કામ કરવાનું છે. આજે ગુજરાતે આ ચિંતાની સાથે ચિંતન કરતાં કરતાં એફ.એસ.એલ. બનાવી હોય, આજે ગુજરાતે કાયદા માટે નેશનલ લો યુનિવર્સિટી બનાવી હોય અને આજે ગુજરાતે એક રક્ષા શકિત યુનિવર્સિટીની સ્થાપના કરી હોય. માનનીય બલવંતસિંહ વિપક્ષના દંડકશ્રી કહેતા હતા કે આ રક્ષા શકિત યુનિવર્સિટીમાં ખર્ચ થશે. પણ મને તો એ કહેવાનું મન થાય કે ૨૦મી ડિસેમ્બરે જ્યારે ગુજરાતના પરિણામો આવ્યા ત્યારે બપોરે બે વાગ્યે ગુજરાતના કોંગ્રેસી નેતાઓ ટી.વી. ઉપર કહેતા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કોંગ્રેસી નહીં કહો, કોંગ્રેસના કહો. યુનિવર્સિટી વિશે બોલો.

**શ્રી ભુષણ અ. ભટ્ટ :** કોંગ્રેસના નેતા કહેતા હતા કે લોકોના જન ચુકાદાનો અમે સ્વીકાર કર્યો છે અને હવે અમે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની સૂચના પ્રમાણે હકારાત્મક રાજકારણમાં જઇશું. ૬૦–૬૦ વર્ષ સુધી નકારાત્મક રાજકારણમાં ગયેલા હવે ૬૦ વર્ષ પછી હકારાત્મકતાની વાત કરે છે. (સમયસૂચક ઘંટડી) માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

**શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રક્ષા શકિત યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯માં કેટલાક સુધારાઓ રજૂ કરવાનું આ પ્રસંગે જણાવીશ. જનતાની રક્ષાનું સ્વપ્ન અમે જોયું છે. વાવેલું બીજ ઉછરતાં અમે જોયું છે.

**અધ્યક્ષશ્રી :** લખેલું બધું વાંચવાની જરૂર નથી. બલવંતસિંહે કહ્યું હોય, મુદ્દા હોય એનો આપ જવાબ આપો.

**શ્રી રજનીકાન્ત સો. પટેલ :** સ્વપ્નાઓ સામે આવશે, પુરુષાર્થનું ફળ પાકતું અમે જોયું છે. કહેવાનો મતલબ છે કે બિલ માટે સુધારો છે અને એના થકી આ યુનિવર્સિટીમાં જે યુવાનો છે એ યુવાનો એના કેરિયરની જ્યારે શરૂઆત કરે ત્યારે શરૂઆતથી જ સુરક્ષા મળે અને (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એમણે જે આપ્યાં હોય એ જ કહો બાકી તમે તમારી પ્રસ્તાવના વિના એમાં કોઇ જવાબ દેવા જેવો છે? ના હોય તો પછી હું વાચન ઉપર મૂકું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે બલવંતસિંહજીએ જે સુધારા સંદર્ભે વાત કરી એમાં હું એમને એટલું કહીશ કે, રક્ષા શકિત યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ અધિનિયમિત કરેલ છે અને આમાં શાસન વ્યવસ્થા, પોલીસ સેવા વ્યવસ્થાપન, શિક્ષણશાસ્ત્ર, ન્યાયતંત્ર, સંરક્ષણ અભ્યાસ, આંતરિક સુરક્ષા આ બધા જ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા મેળવવા માટે આમાં ૨૦૦૯ની કલમ–૮ની પેટાકલમ (૨)ના ખંડ(૧) થી જે વ્યકિતઓના જુદા જુદા સંવર્ગમાંથી યુનિવર્સિટીના મહાનિયામકની નિમણૂક કરી શકાશે. તે વ્યકિતઓના જુદા જુદા વર્ગોના માટેની જોગવાઇ કરેલી છે અને એના થકી યુનિવર્સિટીનું કામ જે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટેનું છે, એ ફકત કોઇ પોલીસ એકેડમી ના બની રહેતા વધારે સારી રીતે

યુવાનોને બધા ક્ષેત્રનું નોલેજ મળે અને એટલા માટે એમાં શિક્ષણ સાથે જોડાયેલા લોકો એ પણ એની અંદર જોડાય અને ખૂબ સારી રીતે યુનિવર્સિટીનું કામ ચાલે એના માટેના સુધારાઓ આમાં કરવામાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકનો આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે આ બધા સુધારો સૂચવ્યાં છે એને બહાલ કરવા માટે હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સને ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૩નું રક્ષા શક્તિ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સને ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૭નું–સન ૨૦૧૩નું રક્ષા શક્તિ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સને ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૩નું રક્ષા શક્તિ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સને ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૬.**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૩

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક : ૨૬ – સન ૨૦૧૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધયેક ક્રમાંક –૨૬–સન ૨૦૧૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારનો વિકાસ, ઔદ્યોગિક વિકાસ, સર્વાંગી વિકાસ એને ધ્યાનમાં લઈને છેલ્લા વર્ષોમાં રાજય સરકારે સરકારી યુનિવર્સિટીઓ ઉપરાંત ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપીને જે સફળ પ્રયોગ કર્યો એના ખૂબ સારા પરિણામો આવ્યા છે. ગુજરાતનો વિદ્યાર્થી એ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરિફાઇ કરી શકે, મૂલ્ય વર્ધિત શિક્ષણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી સમાજમાં જે સક્ષમ ટ્રસ્ટો છે, જે સારા ટ્રસ્ટો અને સંસ્થાઓ છે એમને પણ એ દિશામાં કામ કરવું છે. એ બધી જ સંસ્થાઓ અને ટ્રસ્ટોને આ કામ કરવા માટે રાજય સરકાર પ્રોત્સાહન આપે છે. ૨૦૦૯માં પણ આ અધિનિયમ અમલમાં મૂકેલ અને દસ યુનિવર્સિટીઓને અનુમતિ આપવામાં આવેલી.

આજે હું બીજી ત્રણ યુનિવર્સિટીઓ લઈને આવ્યો છું. એમાં એક, "લકુલેશ યોગા યુનિવર્સિટી" છે, છારોડી, ગાંધીનગર. માનનીય અધ્યક્ષશ્રી, આ આધ્યાત્મિક યોગ શીખવાડવાનું કામ આ યુનિવર્સિટી દ્વારા થવાનું છે. "લાઈફ મિશન" નામનું એક ટ્રસ્ટ છેલ્લા ચાળીસ વર્ષથી આ ટ્રસ્ટ કામ કરે છે. એના સ્થાપક પૂજ્ય રાજેશ્રી મુનિ એમણે પોતે પણ ૧૯૭૧ થી ૯૩ સુધી આ સમાજને કંઈક આપવાની ઈચ્છા એ પહેલાં એમણે પોતે પણ એતાંતિક અષ્ટાંગ યોગની સાધના કરી. આજે આ ટ્રસ્ટ પાસે, આ સંસ્થા પાસે ૧૫૦ જેટલા શિક્ષકો

• વિધેયક તા.૨૨મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

છે અને સમાજની કોઈપણ વ્યક્તિને મફત યોગનું જ્ઞાન, વૈશ્વિક કક્ષાએ આપવાનું આ કામ કરે છે અને અત્યાર સુધી આ સંસ્થાએ પાંચ લાખથી વધારે વ્યક્તિઓને આ યોગનું જ્ઞાન મફત આપેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એવી જ એક સક્ષમ સંસ્થા છે "ટિમ લીઝ યુનિવર્સિટી", એ વડોદરા ખાતે છે. સ્કીલ્ડ વીથ સ્કોપનો હવે જમાનો છે. એક એવો અંદાજ છે કે, આવતા વીસ વર્ષની અંદર દર મહિને દસ લાખથી વધારે યુવાનો ડિગ્રી લઈને તબક્કાવાર સમાજમાં આવશે. એને જરૂરિયાત પ્રમાણે રોજગારી આપવાનું કામ એ સરકારે જ કરવું પડશે. એનું આયોજન જો આપણે આજે ના કરીએ તો એ વખતે એક બિહામણું ચિત્ર સમાજ સમક્ષ ઉભું રહે, એનો વિચાર માનનીય મુખ્યમંત્રીશ્રીએ આજથી જ કર્યો છે અને એટલા જ માટે કે જેમણે સમાજમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે, ખૂબ સુંદર કામગીરી કરીને જેમણે સમાજને કંઈક યોગદાન આપ્યું છે, એવા લોકોને કામ આ યુનિવર્સિટી સ્થાપીને આપવા માગે છે. આ 'ટિમ લીઝ યુનિવર્સિટી' ભારતમાં આ પ્રકારની પહેલી યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટી જ્ઞાન કૌશલ્યનો સમાવેશ કરશે. આપણે જોઈએ છીએ કે યુનિવર્સિટી જ્ઞાન આપે છે, આઇ.ટી.આઇ. એ સ્કીલ આપે છે પણ બંનેનો સમન્વય આપણને ક્યાંય જોવા મળતો નથી. એક બાજુ જ્ઞાન અને એક બાજુ સ્કીલ આ યુનિવર્સિટી બંનેનો સમન્વય કરવાની છે અને આ પ્રકારની ભારતમાં સૌ પહેલી યુનિવર્સિટી છે. આ કંપની પાસે જ એંસી હજારથી વધારે સહયોગી કર્મચારીઓ છે. અત્યાર સુધીમાં દેશમાં બારસો થી વધારે કંપનીઓને આ સંસ્થાએ એમાં રિલાયન્સ આવી જાય,ટાટા આવી જાય એવી અનેક કંપનીઓને આ જ સંસ્થાએ આઉટ સોર્સીંગથી સેવા આપેલી છે. ડિપ્લોમા, ડીગ્રી, ધોરણ-૧૦, ૧૨ પછીના કોર્સીસ પણ એમાં ચાલશે જે બે વર્ષના પણ હોય અને ચાર વર્ષના પણ હોય. ઉદ્યોગો સાથે જોડાણ કરવામાં આવશે. વિદ્યાર્થી ભણતો હોય અને જેવું એનું ભણતર પૂરું થાય તેવી તરત જ એને જોબ મળી જાય એ પ્રકારની વ્યવસ્થા આ યુનિવર્સિટીમાં કરવામાં આવેલ છે.

ત્રીજી યુનિવર્સિટી છે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગરમાં વર્ધમાન ભારતી સંચાલિત સી.યુ. શાહ યુનિવર્સિટી વઢવાણ ખાતેની છે. આ યુનિવર્સિટી પણ આ જ પ્રકારનું કોમ્યુનિકેશન, એડવર્ટાઈઝીંગ, ક્રિએટીવ કોમ્યુનિકેશન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ આ બધી જ કામગીરી આ યુનિવર્સિટી દ્વારા આપણા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કામ કરશે. ૧૫૦કરોડનું મૂડીરોકાણ પણ આ ટ્રસ્ટે કરવાનું ધારેલ છે. સૌરાષ્ટ્રના લોકોને, સુરેન્દ્રનગર જિલ્લાને આ મોટી સગવડતા મળશે. આપણે બધા જાણીએ છીએ કે છેલ્લા દસ વર્ષની અંદર સુરેન્દ્રનગર એ શિક્ષણનું હબ બની ગયું છે . જેમ દેશમાં ગુજરાત બન્યું છે એમાં મદદરૂપ થશે એટલે હું સભાગૃહને વિનંતી કરું છું કે આ બિલમાં પોતાના વિચારો રજૂ કરીને સર્વાનુમતે આ વિધેયક પસાર કરે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સરકાર ભૂતકાળમાં પણ દસ યુનિવર્સિટીને માન્યતા આપી ચૂકી છે. આજે ત્રણ યુનિવર્સિટી માટે વિધેયક લાવે છે. વાસ્તવિકતા એ છે કે ગુણવત્તા યુનિવર્સિટી કોને મળવી જોઈએ, કયા પ્રકારે મળવી જોઈએ એ બાબતનું માર્ગદર્શન સ્પષ્ટપણે હોવું જોઈએ. ભૂતકાળમાં મને ખ્યાલ છે કે મહેસાણાની અંદર અમારી ગણપત યુનિવર્સિટીમાં આપવાની વાત થતી હતી. કડીમાં પણ અમારા માણેકકાકા બહુ સરસ ચલાવતા હતા અને એમાં ભૂતકાળમાં પણ આપણે યુનિવર્સિટી આ જ વિધાનસભા ગૃહમાં આપી છે પણ અત્યારનો જે જમાનો છે, જે વિદ્યાર્થી યુનિવર્સિટીમાં જશે એનું સર્ટિફીકેટ લઈને અને એ સર્ટીફીકેટ લઈને કયાંથી આવ્યા છે. આજે આપણે એમ કહીએ કે નિરમામાંથી આવ્યા છીએ તો લોકો એમ કહે કે તમે નિરમામાંથી આવ્યા છો? એના માટેનું મહત્વ છે પણ જો દિનપ્રતિદિન આટલી બધી યુનિવર્સિટીઓ થશે, એમાં આ તો ખાનગી છે એના ટ્રસ્ટીઓ પણ મેં જોયા છે. બીજી જે વડોદરાવાળી કીધી એ ખાનગી યુનિવર્સિટીમાં એની જે શરૂઆત હતી અને ૨૦૦૨ના રોજ આ કંપની જયારે ખોલવામાં આવી હતી અને અહીં ૨૦૧૧માં એની પેટા કંપનીની શરૂઆત કરવામાં આવી છે. ગોપાલ જૈન ડાયરેકટર છે, અશોક કુમાર છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને આ ગૃહને વિનંતી છે કે કોઈપણ યુનિવર્સિટી લાવતા પહેલાં જો એના ધારાધોરણ નહીં જળવાય તો જે વિદ્યાર્થી કહેશે કે હું આ યુનિવર્સિટીમાં ભણું છું અને ત્યાંથી સર્ટિફીકેટ લઈને જશે પણ કદાચ છે જે મોટી મોટી કંપનીમાં એકવીસમી સદીમાં જયારે એવી દુનિયામાં આપણે જઈ રહ્યાં છીએ એનું નામ બોલતાની સાથે આપણને કહેશે કે આ યુનિવર્સિટી કયાં આવી? કયા પ્રકારની છે? આ યુનિવર્સિટીમાં શું છે એ જો નહીં થાય તો વિદ્યાર્થીઓને બહુ

તકલીફ પડતી હોય છે. આ પોલિટીકલ નહીં પણ વાસ્તવિકતા સાથે હું વાત કરું છું એટલે યુનિવર્સિટી દિનપ્રતિદિન આપણે બનાવતા જઇએ છીએ પણ જો એની ગુણવત્તા બાબત સ્પષ્ટપણે નહીં કરીએ તો આવનાર સમયની અંદર વિદ્યાર્થી ચાર એન્જીનીયરીંગ કર્યું હશે પણ સમય સાથે એ ચાલશે એણે આટલા પૈસા ખર્ચ્યા હશે પણ ત્યાં આગળ એનું સર્ટીફીકેટ લઇને જવાનું થશે તો તકલીફ પડશે. મારે માનનીય મંત્રીશ્રીને ખાસ કહેવું છે કે આ ત્રણેય યુનિવર્સિટી બાબતે એની ગુણવત્તા કે ભૂતકાળની અંદર ૨૦૧૧માં હમણા જ પેટા કંપની આપણે ત્યાં થઇ છે. યુનિવર્સિટી બાબતમાં જો આપણે જાગૃત રહીને નહીં કરીએ તો પાછલી પેઢી કદાચ આ સરકારને અને આપણને બધાને માફ નહીં કરે એવા સંજોગો થવાના છે. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને આ મારું સૂચન છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ૩ ખાનગી યુનિવર્સિટીના બિલ રજૂ થયા છે. જેમાંથી લાઇફ મિશન, તા.લીંબડી, વર્ધમાન ભારતી ટ્રસ્ટ વઢવાણ આ બંને તાલુકા મારા સુરેન્દ્રનગર જિલ્લામાં આવે છે. એ બંને યુનિવર્સિટીઓ મારા જિલ્લામાં આવી રહી છે, ત્યારે હું રાજ્યના પ્રજાવત્સલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો નત મસ્તકે મારા જિલ્લા વતી ખૂબ આભાર માનું છું. ૨૦૦૧ પહેલા આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે મારા જિલ્લાને પછાત માનવામાં આવતો હતો, પરંતુ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના તમામ જિલ્લાઓનો સર્વાંગી વિકાસ કર્યો છે એ પ્રમાણે સુરેન્દ્રનગરના સર્વાંગી વિકાસ માટે વિશેષ લાગણી અને ખેવના કરી છે, તેના કારણે મારો જિલ્લો એક નવા રૂપ, રંગ સાથે ઓળખાઇ રહ્યો છે, ત્યારે સુરેન્દ્રનગર સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર કહેવાય છે. સી.યુ. શાહ યુનિવર્સિટીને મંજૂરીની મહોર મળી છે, ત્યારે હવે પછીનું મારું સુરેન્દ્રનગર સૌરાષ્ટ્રના ઉચ્ચ શિક્ષણ માટેનું પ્રવેશદ્વાર ગણાશે તેમ મારું માનવું છે. ખાનગી યુનિવર્સિટીનું નામ સી.યુ. શાહ સાહેબના નામ સાથે અપાયું છે, ત્યારે મારે સી.યુ. શાહ સાહેબ વિશે પણ એક વાત કરવી છે કે..

અધ્યક્ષશ્રી : તમે યુનિવર્સિટી વિશે બોલો. સુરેન્દ્રનગર અને સી.યુ.શાહ રહેવા દો.(અંતરાય)

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : એક સાચા ભામાશા જ્યારે મળ્યા છે, ત્યારે અમારા સુરેન્દ્રનગરની અંદર લગભગ તમામ સંસ્થાઓ એમના નેતૃત્વ નીચે વર્ધમાન ભારતી ટ્રસ્ટ નીચે ચલાવવામાં આવી રહી છે. સદ્ભાવના મિશન વખતે રૂપિયા ૨૧ કરોડનું દાન આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના આ યુનિવર્સિટી બનાવવા માટે સી.યુ.શાહ સાહેબ દ્વારા મળવામાં આવેલ છે, ત્યારે આ ખાનગી યુનિવર્સિટી બનવાથી અમારા વિસ્તારમાં ખાસ કરીને કપાસ અને સિરામિક જેવા ઉદ્યોગને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમો શરૂ થવાના છે. સ્થાનિક વિકાસને પણ આનો લાભ મળવાનો છે, ત્યારે સાચા અર્થમાં આ યુનિવર્સિટી આપવાથી શ્રદ્ધાંજલિ મળી છે તેમ કહું છું અને રાજ્ય સરકારનો પુનઃ ખૂબ આભાર માનું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૩ બિલ નં. ૨૬ લઇને આવ્યા છે, તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આ અગાઉ ૨૦૦૯-૧૦ માં ખાનગી યુનિવર્સિટીને આ જ વિધાનસભા ગૃહમાં સરકારશ્રીએ મંજૂરી આપી. આ ૧૦ પૈકી ૨ કંપની એકટ હેઠળ થયા અને ૮ એ ટ્રસ્ટ એક્ટ હેઠળ થયા. આજે જે ૩ નવી ખાનગી યુનિવર્સિટીની મંજૂરી મળવાની વાત છે. એમાં ૨ ખાનગી ટ્રસ્ટ, પબ્લિક ટ્રસ્ટ હેઠળ છે અને એક છે તે કંપની એકટ નીચે છે. ધીમે ધીમે આ રાજ્યની અંદર સરકાર ગ્રાન્ટ ઇન એઇડ હેઠળ ચાલતી ખાનગી ટ્રસ્ટો સંચાલિત યુનિવર્સિટીઓ દ્વારા એમાં મોટા ભાગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન જે કોલેજો છે એ કોલેજો દિન પ્રતિદિન બંધ થાય એ દિશામાં સરકાર જઇ રહી છે. સરકાર જે ખાનગી યુનિવર્સિટીને જે રીતે મંજૂરી આપી રહી છે, એના પરિણામે અહીંયા ગુણાત્મક શિક્ષણની વાત કરવામાં આવે છે. હરીફાઇની વાત કરવામાં આવે છે, પણ બધી સંસ્થાઓને આ વાત લાગુ પડતી નથી. આ દેશની અંદર કેટલાંક રાજ્યોમાં જ્યાં આવી યુનિવર્સિટીઓ છે અને જે યુનિવર્સિટીમાંથી જે વિદ્યાર્થીઓ લાયકાતનું સર્ટિફિકેટ લઇને આવેલા છે, એમને આપણે અહીંયા શિક્ષક તરીકે પણ માન્યતા આપતા નથી અને યુનિવર્સિટીના કારણે એ સરકાર જાણે છે, ત્યારે મારે સરકારશ્રીને વિનંતી છે કે એકબાજુ સરકારી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા છે કે જેને સરકાર ગ્રાન્ટ આપે છે. બીજી

બાજું આ ખાનગી યુનિવર્સિટીઓ છે એ બંને વચ્ચે અભ્યાસક્રમ, ફીનું ધોરણ આ વચ્ચે વિસંગતતા છે એ વિસંગતતાના કારણે ઘણા પ્રશ્નો ઊભા થતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કરતાં મહત્વની વાત તો એ છે કે ખાનગી યુનિવર્સિટીઓમાં જુદા જુદા અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓએ આપવાની જે ફી નક્કી કરવામાં આવે છે તે ફીમાં જે તે સંસ્થાની અંદર જે ભૌતિક સુવિધાઓ છે તેને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. ફીના ધોરણ દરેક ખાનગી યુનિવર્સિટીઓમાં જુદા જુદા હોય છે. જે ફી નક્કી કરવામાં આવે છે તેમાં..

અધ્યક્ષશ્રી : હીરાભાઇ, આ બધું જનરલ છે. આ ત્રણ યુનિવર્સિટી માટે કંઇ કહેવું હોય તો કહો.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી જ આ પ્રશ્નો ઉભા થાય છે. ખાનગી સંસ્થાઓની ફી ભરી શકવા માટે વિદ્યાર્થીઓ સક્ષમ નથી. એટલે આમાંથી સામાજિક અસમાનતા લાંબેગાળે ઉભી થવાની છે. વિદ્યાર્થીઓ આ શિક્ષણ લઇ નથી શકવાના. સાહેબ આ પ્રશ્ન એટલા માટે ઉભો થાય છે કે સરકારની ગ્રાન્ટ ઇન એઇડ જે સંસ્થાઓ છે તેને સમયસર તેની ખાલી જગ્યાઓ પુરવામાં આવતી નથી. ૧૯૯૮ પછીની કોઇ ભરતી સરકારે કરી નથી. ૧૯૮૮-૮૯ પછી બિન શૈક્ષણિક સંસ્થાઓમાં કોઇ ભરતી કરી નથી. આજની તારીખે ગુજરાત યુનિવર્સિટીની વિવિધ કોલેજોની અંદર ૧૫૦ જેટલા લાઇબ્રેરીયનોની જગ્યા ખાલી છે.

અધ્યક્ષશ્રી : હીરાભાઇ તેને અને આને કંઇ સંબંધ નથી. આ ત્રણ યુનિવર્સિટીઓ માટે છે. નવા નામ આમાં ઉમેરે છે તેમાં કંઇ કહેવાનું હોય તો કહો. આ પ્રાઇવેટ યુનિવર્સિટી છે. ગ્રાન્ટ ઇન એઇડ અને સરકારી યુનિવર્સિટીની કમ્પેરીઝન કરો તે જનરલ છે. આ ત્રણ યુનિવર્સિટી જે ઉમેરી છે તેમાં ગ્રાન્ટ ઇન એઇડ નથી. દસમાં આ ત્રણ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે તે કરવો જોઇએ કે નહીં. ન કરવો હોય તો તેના શું કારણો છે, કરવો હોય તો શું કારણો છે. એટલું જ આ કાયદામાં છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : સાહેબ, નહીં કરવા માટેના કારણો એ છે કે, શિક્ષણ ક્ષેત્રમાં નિયમભંગ કરનારા સામે જો પગલાં લેવામાં

અધ્યક્ષશ્રી : આમાં નિયમ જ નથી. દાખલ થયા પછી નિયમની અમલવારી આવે. આ ત્રણને દાખલ કરવાની વાત છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : આમાંથી એ પ્રશ્નો ઉભા થાય છે સાહેબ. ઉચ્ચ શિક્ષણ સંશોધન, શુદ્ધ જ્ઞાન ઉપરાંત ન્યાય, સ્વતંત્રતા અને ઉચ્ચ નાગરિકના ગુણો વિકસાવે તે માટે હોય છે. ખાનગીકરણના યથેચ્છ અભ્યાસક્રમ, લાયકાત ન ધરાવતા લોકો જો ભણાવવાનું કામ કરે તો ઇતિહાસ, રાજનીતિ, સમાજશાસ્ત્ર અને તેની સાથે અર્થશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર જેવા અનેક વિષયોમાં જે રીતે વર્તમાન સરકાર સક્રિય છે તે સૌથી મોટું અજ્ઞાન ફેલાવી રહી છે અને ફેલાવશે. તે માટે ગુજરાત જગતના જ્ઞાન વિશ્વમાં હાંસીપાત્ર બનશે. એટલે આ બાબત પણ સરકારશ્રીએ ધ્યાનમાં રાખવી જોઇએ. તંદુરસ્ત હરિફાઇ તો ત્યારે થઇ શકે..

અધ્યક્ષશ્રી : આમાં હરિફાઇ નથી. આ ત્રણ યુનિવર્સિટીને દાખલ કરવી કે નહીં તે વિષય છે. તમે આખી દુનિયાની યુનિવર્સિટી લઇ લીધી. આ પ્રોફેસર અને પ્રિન્સીપાલ શરૂ કરે એટલે. તમને રોજ છ પિરીયડ લેવાની ટેવ હોય. અમને પાંચ મિનિટમાં કામ પૂરું કરવાની વાત છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : સાહેબ, લાયકાત વગરના માણસો નિર્ણય શું લેવાના હતા. જે લોકો સંપૂર્ણ લાયકાતવાળા નથી તેવા માણસોની ભરતી કરવામાં આવે છે. તેમને પૂરો પગાર પણ આપવામાં આવતો નથી. જે ફીનું ધોરણ હોય છે તે છઠ્ઠા વેતનપંચના આધારે કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : વેતનપંચ આવી ગયું. હવે તમારું આમાં કંઇ કહેવાનું નથી. માનનીય અશ્વિનભાઇ કોટવાલ.

શ્રી હીરાભાઇ હ. પટેલ : એટલા માટે હું આમાં સંમત થતો નથી.

અધ્યક્ષશ્રી : બસ હવે માનનીય અશ્વિનભાઇને કહેવા દો.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૬ લઇને આવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું બોલવા ઉભો થાઉં એના પહેલાં મારા વડીલ અને મુરબ્બી અને માજી શિક્ષણ મંત્રીશ્રી અને મારા મત વિસ્તારની બાજૂમાં જ અડીને આવેલા વોરા સાહેબ કહેતા હતા કે, તારે ખાનગી યુનિવર્સિટી સાથે શું લેવાદેવા? પણ સાહેબ, હું પણ પહેલા જયારે ભણ્યો ત્યારે યુનિવર્સિટીમાં ભણ્યો, અને આજે સરકાર ખાનગી યુનિવર્સિટીની જયારે માન્યતા આપતી જાય છે. અત્યાર સુધીમાં દસ ખાનગી યુનિવર્સિટીની માન્યતા આપી દીધી છે અને આજે ફરીથી બીજી ત્રણ યુનિવર્સિટીઓને માન્યતા આપવા માટે માનનીય મંત્રીશ્રી આજે વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું આપશ્રીને કહેવા માગું છું કે, પહેલાં જયારે ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થી ભણતો ત્યારે એને ગૌરવ થતું હતું કે, હું ગુજરાત યુનિવર્સિટીમાં ભણું છું. જયારે પહેલાં વિદ્યાર્થી એમ.એસ. યુનિવર્સિટીમાં ભણતો ત્યારે એને થતું હતું કે, હું એમ. એસ. યુનિવર્સિટીમાં ભણું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગામડાઓની અંદર પ્રાથમિક શાળાઓ માટેની મંજૂરી નથી મળતી પણ ખાનગી યુનિવર્સિટીની મંજૂરી લેવી હોય તો આ સરકારમાં મળી જાય છે. આ કેવી વાત છે? એ મારા માનવામાં નથી આવતી. અહીંયાં જણાવવામાં આવ્યું છે કે, દસ ખાનગી યુનિવર્સિટીઓને માન્યતા આપી, એમાં આઠ યુનિવર્સિટી મંજૂર થયેલી સંસ્થાઓને આપી છે.(અંતરાય) આજે જે મંજૂરી આપવા બેઠા છીએ એની જ હું વાત કરીશ. બે યુનિવર્સિટી ખાનગીને આપી છે એ કંપનીને આપી છે. કંપનીઓ તો વેપાર અને ધંધા કરતી હોય છે એમને શિક્ષણ સાથે શું લેવાદેવા? આ રાજયની અંદર શિક્ષણ આપવામાં એમ માની ગયા છે કે આ પણ એક વેપાર છે. યુનિવર્સિટી ખોલીશું એટલે આપણો ધંધો ચાલશે એવું બધા લોકો માની ગયા છે એટલે આવી યુનિવર્સિટીઓમાં બધાને રસ લાગ્યો છે. બીજા ધંધાઓમાં મંદી આવી છે એવું લાગે છે એટલે આમાં નવી યુનિવર્સિટી ખોલવા માટેના બધા પ્રયત્નો કરતા હોય એવું મને લાગે છે.

યોગા માટેની યુનિવર્સિટી, એ જાણીને મને બહુ નવાઇ લાગી. રામદેવ બાબા પણ યોગા તો શીખવાડે છે અને એ દરરોજ ટી.વી.માં આવે છે ત્યારે એવી યુનિવર્સિટીની જરૂર બહુ ઓછી પડતી હોય છે એટલે યુનિવર્સિટીનું નામ પણ કેવું આપવામાં આવતું હોય છે? એકવાર માનનીય શિક્ષણમંત્રીશ્રી શિક્ષણ ઉપર બોલતા હતા ત્યારે મેં જાણ્યું હતું. ખાનગી યુનિવર્સિટીની હું વાત કરીશ. આપણી જે નિરમા કોલેજ છે, એને આપણે યુનિવર્સિટી તરીકેનો દરજ્જો આપ્યો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, વાત સાંભળવા જેવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, ખાનગી યુનિવર્સિટી આપ્યા પછી કેટલી તકલીફો પડતી હોય છે તો તમે કેમ આ નવી યુનિવર્સિટીની માન્યતા આપો છો એની હું વાત કરવા માગું છું. નિરમા યુનિવર્સિટીમાં કોઇ વિદ્યાર્થીએ ભણવું હોય તો ૯૫ હજાર રૂપિયા ફી. ઇન્ડસ કોલેજમાં ભણવું હોય તો ૭૫ હજાર રૂપિયા ફી, એટલે ખાનગી સંસ્થાઓને ફીનું ધોરણ આ સરકારે જણાવવું જોઇએ, મારો કહેવાનો ભાવાર્થ એ છે. ૯૫ હજાર રૂપિયા ફી હશે તો આદિવાસી, દલિત સમાજનો કે બક્ષી સમાજનો વિદ્યાર્થી ભણી નહીં શકે.(અંતરાય) માનનીય શંકરજી બાપુ કોલેજ ખોલે કે નીતિનભાઇ ખોલે, પણ મારો કહેવાનો ભાવાર્થ એ છે કે, દલિતો અને આદિવાસીઓ માટે જે શિક્ષણની ફીનું ધોરણ છે એ જણાવવું જોઇએ. (અંતરાય) માનનીય નીતિનભાઇની પણ યુનિવર્સિટી પોતાની ચાલે છે. એટલે જે ખાનગી યુનિવર્સિટી ચાલે છે,આજે એક યુનિવર્સિટી માટે વિધેયક લઇને આવ્યા છે એની અંદર મેં જોયું છે કે યુનિવર્સિટી જયારે સ્થાપવા માગે છે કે, ટીમ લીઝ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડના ડાયરેકટરોના નામ જુઓ તો નામ વાંચતાં મને શરમ આવે છે કે, તમે ગુજરાતના લોકોને યુનિવર્સિટી સ્થાપવા માટે કેમ નથી કહેતા? મુંબઇના લોકો ગુજરાતમાં આવીને કેમ આ યુનિવર્સિટી સ્થાપે છે? એ બહુ મહત્ત્વનો સવાલ છે. એટલે મારો કહેવાનો ભાવાર્થ એ છે કે ધંધો શીખી ગયા છે. યુનિવર્સિટીને આ બધા ઉદ્યોગ માને છે. સાહેબ, ડાયરેકટરોના નામ જાણવા જેવાં છે. ટીમ લીઝ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ છે એની અંદર ગોપાલ જૈન, મોહિતકરન ગુપ્તા, અશોકકુમાર નેદુરુમલ્લી, કુડીગ્રમ રવિન્દ્રા અને મનીષ મહેન્દ્ર સબરવાલ છે. આમાં ગુજરાતનો એક પણ માણસ બતાવો? જેથી કરીને અહીંના સ્થાનિક લોકોના

સ્થાનિક વિદ્યાર્થીઓના પ્રશ્નો સમજી શકે? એટલે એની ફીનું ધોરણ છે એ કેવી રીતે ભરી શકે? ખાનગી યુનિવર્સિટી આપવાથી શું થાય છે કે, એમાં શિક્ષણની ગુણવત્તા જળવાઇ રહેતી નથી. એમાં ફકત પોતાની કોલેજમાં વિદ્યાર્થીઓ વધે એ માટે આકર્ષણ કરવા માટે જુદી જુદી જાહેરાતો આપે છે, પણ શિક્ષણને મહત્વ આપવામાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બે વાત કરીને હું મારું વકતવ્ય પૂરું કરીશ. બીજા પણ યુનિવર્સિટી માગતા હતા, મારા જાણવા પ્રમાણે બીજી નવી દરખાસ્તો આવી હતી, એની પણ વાત કરીશ. એક સાલ કરીને પણ કોઇ યુનિવર્સિટી..

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ટીમ લીઝ સ્કિલ્સ પ્રાઇવેટ લિમિટેડના ડાયરેકટરોની વાત કરતો હતો, આ જે કંપની છે એ કંપની દ્વારા ૩૫૦ કરોડની લોન લેવામાં આવી છે અને આ કંપનીનું શેરભંડોળ ૨૭૦ કરોડ રૂપિયા છે અને આ જે કંપની છે, તે ૨-૨-૨૦૦૨ના રોજ બનાવવામાં આવી છે, ૨૦૧૧ની અંદર નવી એક બાબતનો આ કંપનીમાં ઉમેરો કરવામાં આવ્યો કે આ કંપની શિક્ષણની પણ કામગીરી કરશે એવું નક્કી કરવામાં આવ્યું અને આનું મુખ્ય ભંડોળ છે એ કેનું? યુનિવર્સિટી ગુજરાતની અંદર સ્થાપવાની અને મુખ્ય ભંડોળ છે એ સિંગાપુરનું છે. બીજી વાત કરું તો આ જે ટીમ લીઝ સ્કિલ્સ પ્રાઇવેટ લિમિટેડ કંપની છે એને માન્યતા એટલા માટે આપવામાં આવે છે કે •(xxxxxx) એવું મને લાગે છે અને એટલે જ આટલા ટૂંકા સમયમાં એને માન્યતા આપવામાં આવતી હોય એવું મને લાગે છે. (અંતરાય) ૨૦૧૧ની અંદર..

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, તો આને યુનિવર્સિટી તાત્કાલિક આપવાની આટલી બધી જરૂરિયાત કેમ પડી એ મને સમજાતું નથી. આપને બીજી પણ એક વાત કરીશ કે, આ સરકાર પાસે બીજી પણ ઘણી અરજીઓ આવી હતી ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે. મારા પોતાના જાણવા પ્રમાણે બીજી આઠેક અરજીઓ આવી હતી અને જે આઠ દરખાસ્તો મળી હતી એમાંથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : બીજી કોઇ ચર્ચા નહીં, આ ત્રણ વિશે કહેવું હોય એ કહો માનનીય અશ્વિનભાઇ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, એ એની સાથે જ આવે છે.

અધ્યક્ષશ્રી : નહીં, આ ત્રણ વિશે કહેવું હોય તે કહો. બાકીની મેરિટમાં મારે અને તમારે જવાની જરૂર નથી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગુ છું કે જે ગુજરાતના લોકો ખાનગી યુનિવર્સિટી કરવા માગતા હોય જેની જરૂરિયાત હોય અને અહીંયા કોલેજો ચાલતી હોય તો એમને કેમ તમે યુનિવર્સિટી આપતા નથી અને બહારના લોકોને આપો છો? આ મારો મુખ્ય પ્રશ્ન છે. અને ખાનગી યુનિવર્સિટી સ્થાપવાથી ફીનું ધોરણ ઉંચું લઇ જવામાં આવશે. બીજી વાત કરું તો ખાનગી યુનિવર્સિટી તમે સ્થાપો છો ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, અશ્વિનભાઇ તમને ખબર નહીં હોય ફી માટેના જજની જે ફી કમિટી છે એ નક્કી કરે છે એ પ્રમાણે ફી લેવાય છે, પ્રાઇવેટમાં પણ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે ખાનગી યુનિવર્સિટી સ્થાપવા જઇ રહ્યા છીએ ત્યારે શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ અને બક્ષીપંચ સમાજની અંદર જે ટકાવારી છે એ રીતની અનામતના ધોરણે યુનિવર્સિટીમાં ભરતી થવી જોઇએ. આ ગુજરાતની અંદર ૧૪ ટકા આદિવાસીઓ વસે છે,

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

૭ ટકા દલિત સમાજ અને ૨૭ ટકા બક્ષીપંચ સમાજ વસે છે તો આ વિધેયક જ્યારે સરકાર લઇને આવી છે ત્યારે આ યુનિવર્સિટીની અંદર આ અનામતનું ધોરણ ખાસ કરીને જળવાવું જોઇએ એ મારે ખાસ કહેવુ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, બળવંતસિંહ, વર્ષાબેન, હીરાભાઇ અને અશ્વિનભાઇએ પોતાના વિચારો રજૂ કર્યા છે. અશ્વિનભાઇએ અને બળવંતસિંહે કહ્યું છે એમાં એમની માહિતીનો અભાવ છે. રાજય સરકારે અનેક અરજીઓ આવી હોય પણ એની પૂરી ચકાસણી કર્યા પછી, એકથી વધારે મિટીંગો કર્યા પછી રાજયને સોએ સો ટકા ફાયદો થાય આ બધી જ બાબતો માનનીય મુખ્યમંત્રીશ્રી લેવલે અનેક વખત ચર્ચા થયા પછી આવે છે અને ભૂતકાળમાં જે જે યુનિવર્સિટીઓની ગુજરાતમાં આ સરકારે સ્થાપના કરી છે તેનાથી સમાજને મળ્યું છે કોઇ નુકસાન થયું નથી અને આપે કહ્યું તેમ એની ફીનું ધોરણ તો હાઇકોર્ટના જજની કમિટી નક્કી કરે છે અને આ કંપની વિશે શ્રી અશ્વિનભાઇએ જે વધારે કહ્યું છે તેમાં મારે જણાવવાનું કે આ કંપની "નો પ્રોફીટ કંપની" છે સરકારને આમાં કંઇ રોકવાનું નથી, સાથે સાથે કંપનીએ પણ "નો પ્રોફીટ કંપની" એને કોઇ પ્રોફીટ લેવાનો નથી. રાજ્યમાં ચાલતી અનેક યુનિવર્સિટીઓના નામ સાથે કહું, બધી યુનિવર્સિટીના નામ આપવાનો સમય નથી પણ આ સંસ્કૃત યુનિવર્સિટી હોય કે રાય યુનિવર્સિટી હોય, રાજ્યની ગરીબમાં ગરીબ બાળાઓને મફત ભણાવે છે, રાખે છે, એ આ જ પ્રકારે અને રાજ્યની કેમ નહિ પણ જેમણે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય લેવલે શિક્ષણ કાર્યમાં મેરિટ, ગુણવત્તામાં પોતાનું કામ પ્રુવ કર્યું છે, સાબિત કર્યું છે એવા જ લોકોને, એવી સંસ્થાઓને, એવી કંપનીઓને જ અમે અહીંયા માન્યતા આપીએ છીએ. (xxxxxx)* આવે છે.

**અધ્યક્ષશ્રી :** (xxxxxx) આ શબ્દો રેકર્ડ પરથી કાઢી નાંખું છું.

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, યોગ વિશે મેં કહ્યું કે, આ રાજશ્રી મુનિએ પોતે, ૧૯૭૧થી ૧૯૯૩ સુધી કોઇપણ પ્રસિદ્ધિ કર્યા સિવાય વૈશ્વિક રીતે, આધ્યાત્મિક રીતે જે વધારેમાં વધારે શ્રેષ્ઠ યોગ માનવ જીવન માટે છે એની સાધના કરીને પછી પોતે પ્રાપ્ત કરેલ છે, સમાજને એનું જ્ઞાન આપવા માગે છે એનો વિરોધ કરો છો તમે? છતાંય એમણે જે પોઝીટીવ સૂચન કર્યા છે એ સૂચનોમાં જ્યારે નિયમો ઘડીશું ત્યારે એમાં ધ્યાન રાખીશું અને માટે હું સૌને અપીલ કરું છું કે આ વિધેયકને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૬, સન ૨૦૧૩ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૬, સન ૨૦૧૩ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૬, સન ૨૦૧૩ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૩૦

ગુજરાત સહકારી મંડળી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૩

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક**

---

*** આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.**

તા.૧લી એપ્રિલ,૨૦૧૩

સરકારી વિધેયકો

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ* સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૦, સન ૨૦૧૩ના ગુજરાત સહકારી મંડળી (દ્વિતિય સુધારા) વિધેયકને નીચે જણાવેલા સુધારા સહિત આપની અનુમતિથી હું દાખલ કરું છું.

In Section 2, -

(i) in clause (aa) for the figures "1984", substitute the figures "2002",

(ii) in the marginal note for the words and figures "51 of 1984" substitute the words and figures "39 of 2002",

And

in the Statement of Objects and Reasons, for the figures "1984", substitute the figures "2002".

**અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ સૂચવેલા સુધારા સાથે વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૦, સન ૨૦૧૩ના ગુજરાત સહકારી મંડળી (દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉધના સીટીજન કો-ઓપ બેન્ક લિમિટેડની કાલુપુર કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ અમદાવાદ સાથેના મર્જર સામે એડવોકેટ વિશ્વાસ કે શાહ તરફથી નામદાર હાઇકોર્ટમાં પીઆઇએલ નં.૭૭/૧૨ દાખલ કરાયેલી હતી. જેમાં રાજય રજિસ્ટ્રારશ્રીને મર્જ કરનાર બેન્ક, મલ્ટીસ્ટેટ બેન્ક હોય તેવા કિસ્સાઓમાં જ મર્જર માટેના હુકમો કરવાની સત્તા ન હોવાની રજૂઆત કરાયેલ હતી. સાથોસાથ પ્રસ્તુત પિટિશનથી અગાઉ કરાયેલ મર્જરને પણ પડકારવામાં આવેલા હતા. પ્રસ્તુત પીઆઇએલ નામદાર હાઇકોર્ટ દ્વારા તારીખઃ૨૬-૯-૨૦૧૨ના રોજ ડિસમીસ કરાયેલ. પરંતુ તેમાં કરેલ Observation પૈકી પેરા નંબરઃ૧૮ તથા ૨૪ના Observation અને પિટિશનરની રજૂઆત જોતાં જે નાગરિક સહકારી બેન્ક ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ નીચે નોંધાયેલી હોય તેવી બેન્કને અન્ય રાજયના સહકારી કાયદા હેઠળ અથવા મલ્ટીસ્ટેટ કો.ઓપરેટીવ સોસાયટી એકટ હેઠળ નોંધાયેલી હોય તેવી નાગરિક સહકારી બેન્ક સાથે મર્જ કરવાના અધિકાર ગુજરાત રાજયના સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને પહોંચતા ન હોય નામદાર હાઇકોર્ટના સરકારી વકીલશ્રીનો ઓપીનીયન મેળવવામાં આવેલો. તેમના અભિપ્રાય મુજબ જયાં સુધી કાયદામાં જરૂરી જોગવાઇ ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયા હાથ ધરી શકાય નહીં. આ માટે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૭(૧)એ માં નીચે મુજબનો સુધારો જરૂરી હોવાનું જણાવેલ છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧માં કલમ-૧૭માં પેટા કલમ-૧માં ખંડ-ક પછી નીચેનો ખંડ દાખલ કરવોઃ-

(કક) બહુ રાજય સહકારી મંડળી અધિનિયમ-૨૦૦૨ હેઠળ રજિસ્ટર થયેલી બીજી મંડળીઓ જોડાઇ જવાનો. માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો કરતાં જે નબળી બેન્કો છે તે ફડચામાં જતી બચશે અને તેને લીધે જે ડિપોઝીટરો છે તેના નાણાંનો પણ બચાવ થશે એટલા માટે આ સુધારો હું લઇને આવ્યો છું.

અધ્યક્ષશ્રી : આમાં ફકત એટલું જ છે કે, મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવની અંદર બીજી મંડળી જોડાઇ નહોતી શકતી તે હવે જોડાવાની છે. એટલે આ વિશે તમારે જે કહેવું હોય એ કહો આખા સહકારી કાયદાની વાત ના કરતા.

---

* વિધેયક તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે સહકારી અધિનિયમ–૧૯૬૧માં સુધારામાં એક જ દિવસમાં અલગ અલગ બે બિલો છે. મારે ખાસ કરીને એ કહેવું છે કે, આ બિલ જયારે લઇને આવ્યા ત્યારે ૩૦ નંબરનું જે સહકારી દ્વિતિય સુધારા જે ૨૧મી માર્ચે, માનનીય મંત્રીશ્રીએ સહી કરી છે. બીજુ બિલ છે તેનું ૨૨મી માર્ચે, આમાં સહી કરી છે. બે બિલનો હેતુ પરિસ્થિતિનું નિર્માણ બન્ને એક જ છે. છતાંય જે ૨૨મી એ કર્યુ છે તેનો ક્રમ આપે આગળ કરેલો છે. ખાસ કરીને મારી પાસે બે બિલની કોપી છે માનનીય અધ્યક્ષશ્રી, બે વસ્તુ શંકા પેદા કરે એવી છે કે આવું કેમ? જયારે બિલ લઇને આવતાં હોય ત્યારે પરિસ્થિતિના નિર્માણમાં સ્પષ્ટપણે આપણને ખ્યાલ આવે કે આ બિલ જયારે ૨૧મીએ સહી કરી છે તેનો ખરેખર ક્રમ એવો હોવો જોઇએ કે તે બિલ આગળ આવે. તેની જગ્યાએ તે બિલ કાલે આવવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જે હેતુ છે આ બિલનો કે બેન્કો અથવા મલ્ટીસ્ટેટ જોડી શકે. સહકારી ક્ષેત્રે આજની પરિસ્થિતિનું નિર્માણ એ ટાઇપનું છે કે બેન્કો ફડચામાં જે રીતે જઇ રહી છે તેનું જો મહત્વનું કોઇ કારણ હોય તો એ સરકારની નીતિ છે. આજે સરકાર જે પ્રમાણે સહકારી ક્ષેત્રને પહેલાના જમાનામાં સહકાર એટલે મારે એટલા માટે થઇને ખાસ આ બિલ માટે કહેવું છે કે, ગુજરાતની ૬ કરોડ ૪૮ લાખની વસતિની અંદર આજે પણ ૧ કરોડ ૭૫ લાખ લોકો સહકારી ક્ષેત્રે જોડાયેલા છે. અને એમાં ૫૪૨૩૯ સહકારી મંડળીઓ આમાં જોડાયેલી છે. જે આપણો સહકારનો હેતુ હતો કે દરેક માણસ સહકારી ક્ષેત્રે નાના ગામડાંમાંથી હોય કે બીજે હોય, એ ઉપસ્થિત થાય, જોડાય અને એકબીજાનું વાતાવરણ બને. નાની નાની બેન્કો બની માર્કેટ યાર્ડોમાં  અમે જોઇએ છીએ કે અમારી બેન્કોમાં હોય તો એવા અનેક વેપારીઓ કોમર્શીયલ બેન્ક હોય, નાગરિક બેન્ક હોય અનેક ક્ષેત્રે આગળ આવતી જાય. કેટલાયે વર્ષોથી સહકારી પ્રવૃતિ ચાલતી હતી, પણ આજે ફડચામાં જવાનું સૌથી મોટું જો કોઇ કારણ હોય તો તે સરકારની ડખલગીરી છે. સહકારી ક્ષેત્રના આગેવાનો હતા તેમનો હેતુ જે હતો કે કોઇપણ સંજોગોમાં નાનામાં નાનો માણસ આ મંડળીઓ થકી કેવી રીતે બેઠો થાય, અને આગળ વધે, પરંતુ આજે તો આ સહકારી ક્ષેત્રે પરિસ્થિતિ પહેલેથી છેલ્લે સુધી બગડી ગઇ છે. સરકારના અધિકારીઓ નકકી કરે અને તે મુકાય, અને આખી પેનલને જીતાડે કે હરાવે, આવી પરિસ્થિતિ નિર્માણ થવા માંડી છે. માર્કેટ યાર્ડ હોય કે બેંકો હોય કે બીજી કોઇ મંડળીઓ હોય પરંતુ અધિકારી છે તેનું પહેલેથી પ્લાનિંગ થાય ૬–૧૨ મહિના પહેલા નકકી થાય અને એક સરખી પદ્ધતિથી કામ થાય, સહકારી પ્રવૃતિનો જે હેતુ હતો તે આજે તદ્દન જુદો થઇ ગયો છે. આજે કોર્ટમાં સૌથી વધુ કેસો સહકારી પ્રવૃતિઓના ચાલે છે. તેથી સહકારી પ્રવૃતિ આગળ વધે તેવી કોશિશ સરકારે કરવી જોઇએ અને નકકી કરવું જોઇએ કે કોઇપણ જાતનો હસ્તક્ષેપ સરકાર નહીં કરે. આજે સહકારી ક્ષેત્રે પદ્ધતિ થતી જાય છે એમાં સારા સારા આગેવાનો સહકારી ક્ષેત્રથી દૂર થતા જાય છે. પહેલાના જમાનામાં સહકારી આગેવાનો કેવા હતા કે જેના નામથી આપણને ગૌરવ થાય, આજે આ પરિસ્થિતિ દિન પ્રતિદિન બગડતી જાય છે, માનનીય નીતિનભાઇ, તમે મહેસાણામાં જે પરિસ્થિતિ ઉભી કરી છે તેની મને ખબર છે, મહેસાણા ડિસ્ટ્રીકટ બેંકની પરિસ્થિતિ શું નિર્માણ થઇ છે તેનો મારે ઉલ્લેખ નથી કરવો.

અધ્યક્ષશ્રી : મંડળી મલ્ટી સ્ટેટ સાથે જોડી શકાશે એટલી જ વાત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ કાયદો લાવવાનો હેતુ શું છે કે મંડળી ફડચામાં જાય છે અને જે પરિસ્થિતિ નિર્માણ થાય છે  તેના માટે એ જોડી શકાય અને કેન્દ્રમાં લઇ શકાય તેવો હેતુ છે.  પણ એ હેતુ બર કયારે આવે કે રીયલ પરિસ્થિતિ એવી નિર્માણ થાય, અને સરકારે આમાં બિલકુલ હસ્તક્ષેપ બંધ કરી દેવો જોઇએ. ભૂતકાળમાં ૩૩ ટકા લોકો  આ પ્રવૃતિ સાથે જોડાયેલા હતા, આજે આ પ્રવૃતિ આગળ વધે અને તેને વેગ મળે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવાની જરૂર છે. સરકારને મારે કહેવું છે કે આ જે ફડચામાં જતી અટકાવવી હશે તો સારા લોકો છે તેવા લોકોને આ પ્રવૃતિ સાથે જોડવા પડશે, અને આખી જિંદગી જેમણે આ પ્રવૃતિ સાથે વિતાવી છે તેવા લોકોની સામે કોર્ટ કેસ ન થવા જોઇએ કે એમને જેલમાં ન મોકલવા જોઇએ, તો જ આ પરિસ્થિતિમાં સુધારો આવી શકશે, અને આજે આ પરિસ્થિતિ બગડી રહી છે તે સરકારની નીતિને કારણે બગડી રહી છે એટલું જ મારે કહેવું છે અને આ બાબતમાં વિચારણા કરી અને સુધારો લાવે એટલી

વિનંતી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી વિધેયક–૨૦૧૩ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે કોઇપણ બેંક અથવા કોઇપણ મંડળી જે રજિસ્ટ્રારની મંજૂરી લઇને બની હોય, ત્યારે એ મંડળીમાં બેંક અથવા મંડળી જયારે વીક પડે ત્યારે બીજી મંડળી સાથે જોડી શકાય, મર્જ કરી શકાય તેવી જોગવાઇ આ વિધેયકમાં કરવામાં આવી છે, ખાસ સામાન્ય સભામાં ૨/૩ ની મંજૂરીથી ઠરાવ પસાર થયા પછી મર્જ થઇ શકે છે. સારું છે. હું માનું છું ત્યાં સુધી કોઇ બેંક વીક પડે તો બીજી મોટી બેંકમાં આપણે મર્જ કરી શકતા હતા. પણ અહીં ગામડાંની વાત કરીએ તો દૂધ સહકારી મંડળી, સેવા સહકારી મંડળી કે ઇતર મંડળીઓ હોય તે મંડળીઓ પણ હવે જોડાઇ જવાની છે.

અધ્યક્ષશ્રી : માનનીય રામસિંહભાઇ, એક મંડળી બીજી મંડળી સાથે જોડાય છે તે મલ્ટી સ્ટેટ છે તે કેન્દ્રનો કાયદો છે. આમાં એવી જોગવાઇ નહોતી, એટલે આપણે આ જોગવાઇ કરી છે કે મલ્ટી સ્ટેટ સાથે કોઇપણ રજિસ્ટર્ડ મંડળી જોડાઇ શકે. અત્યારના કાયદામાં એક મંડળી બીજી મંડળી સાથે જોડાય છે તે તો કાયદો હતો જ, પણ મલ્ટી સ્ટેટમાં નહોતું થતું તે જોડાઇ શકે, એટલો જ આ સુધારો છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : ગામડાંની મંડળીઓ અત્યારે મર્જ નથી થતી, બેંક તો થઇ જાય છે, પણ હું જે મંડળીઓની વાત કરું છું એ દૂધ મંડળીઓ અને સેવા સહકારી મંડળીઓ એ અત્યાર સુધી મર્જ નહોતી થતી. એ મંડળીઓની વાત હું કરું છું. દા.ત. દૂધ સહકારી મંડળી કે સેવા સહકારી મંડળી એ અત્યાર સુધી મર્જ નહોતી થતી. આના કારણે આ મંડળીઓ પણ મર્જ થવાની. એક મંડળી વીક પડશે એને બીજી મંડળીમાં જોડાવું હશે ત્યારે બે તૃતિયાંશ બહુમતિથી ઠરાવ પસાર કરશે તો મંડળી મર્જ થવાની. એ મંડળીઓ મર્જ થાય એમાં મને વાંધો નથી. પરિસ્થિતિ એ થવાની કે રેવન્યુ વિલેજમાં એક મંડળી હોય, શેર હોલ્ડરોએ મંડળી બંધ કરવી હોય એને ફડચામાં લઇ જવાનું આવે ત્યારે જે મંડળી વીક પડે એને ફડચામાં લઇ જતાં હતા. એ મંડળીને ફડચામાં લઇ જતી વખતે શેર હોલ્ડરોને એવું લાગે કે અમારે મંડળીને પુનઃજીવિત કરવી છે તો એ રજિસ્ટ્રારની મંજૂરી લઇને પુનઃજીવિત કરી શકતા હતાં. અહીંયા એક મંડળી બીજી મંડળીમાં મર્જ થવાની છે ત્યારે શેર હોલ્ડરો ભવિષ્યની અંદર પાછું માગશે ત્યારે ફરી વખત પાછું મળશે કે કેમ એમાં પણ શંકાને સ્થાન છે. દરેક ગામડાંની અંદર જુદી જુદી મંડળીઓ હોય છે ત્યારે થોડી મુશ્કેલી થવાની છે. કારણ કે મંડળીઓના શેર હોલ્ડરો વહીવટ શરૂઆતની અંદર..

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ફકત મલ્ટીસ્ટેટમાં ભેળવવા અંગેનું છે. જયારે સભ્યશ્રી બીજી વાત કરી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : મલ્ટીસ્ટેટ માટેની વાત મેં કરી છે. માનનીય સભ્યશ્રીનું કહેવાનું એમ છે કે અત્યારની મંડળીઓ છે એ બીજી મંડળીઓ સાથે ભળી નથી શકતી. નબળી મંડળીને ભેળવવાને બદલે બચાવવી જોઇએ એ વાત કરે છે. કાં એનો પણ સમાવેશ કરવો જોઇએ એવી પણ વાત કરે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર: મંડળીઓ શબ્દ અંદર લખેલું છે. એમાં વિભાજનની પણ વાત કરવામાં આવી છે. એક મંડળી બીજી મંડળીની અંદર મર્જ થશે ત્યારે વહેંચણીનો પણ ઉલ્લેખ કરવામાં આવેલો છે એ કેવી રીતે વહેંચણી કરશે એ મને બરાબર ખ્યાલ નથી. આખી મંડળી બીજી મંડળીમાં મર્જ થવાની છે ત્યારે એની મિલ્કત, એનું મકાન હોય, શેર હોલ્ડર હોય એમાં પણ રજિસ્ટ્રારની મંજૂરી લઇને વિભાજન થશે એવું હું માનું છું. મંડળીઓની અંદર માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં સ્પષ્ટ રીતે લખવામાં આવે તો બહુ વાંધો ઉભો ન થાય.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૭માં મલ્ટીસ્ટેટ સહકારી મંડળી અધિનિયમ,૧૯૮૪નો સુધારો લઇને આવ્યા છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે હાઇકોર્ટના કેસમાં પરિસ્થિતિ થઇ એટલે આ લાવ્યા છીએ. હું જાણું છું કે ગુજરાત રાજયમાં ૫૪૨૩૯ મંડળીઓ ગ્રામ્ય વિસ્તારમાં ચાલે છે. બેંકો જિલ્લા વાઇઝથી માંડીને જિલ્લા સંઘોથી માંડીને સહકારી રત્નો આખા હિન્દુસ્તાનમાં સારામાં સારી વ્યવસ્થા છે. સહકારી માળખું

સારામાં સારુ છે. માનનીય રામસિંહભાઇએ વાત કરી, વૈદ્યનાથ કમિટી આવી ત્યારે એનો સ્વીકાર આખા હિન્દુસ્તાને કર્યો ત્યારે આ મલ્ટીસ્ટેટ સહકારી સોસાયટીઓ હતી, બેંકો હતી એ બાકાત હતી એટલે અત્યારે જોડવા માટેનું વિધેયક લઇને આવ્યા છે એવો સ્પષ્ટ અર્થ માનું છું.

મંડળીઓ જોડવાનો કાયદો તો નિર્દેષ્ટ થયેલી મંડળી બીજી મંડળીમાં જોડી શકાય. એ જોડવા માટે મુશ્કેલી કયાં દેખાય છે કે બેંકોની પરિસ્થિતિ જોઇએ તો માધુપુરા બેંક હોય કે બીજી મોટી મોટી બેંકો નબળી પડે છે. અમારા જિલ્લામાં વેરાવળ નાગરિક સહકારી બેંક છે, રત્નાકર બેંક નબળી પડી છે. એનો વ્યવહાર બેંકો સાથે નથી દા.ત. ૪૦ કરોડ રૂપિયા જુનાગઢ ડિસ્ટ્રિકટ બેંક માગતી હોવા છતાં સરકાર દ્વારા એનો અધિકારી મૂકીને આખો વહીવટ ચલાવે છે. બેંકની પરિસ્થિતિ કોઇ દિવસ સુધરે નહિ. પરંતુ આવી પરિસ્થિતિમાં બીજી બેંક સાથે ભેળવવામાં આવે ત્યારે એની આર્થિક પરિસ્થિતિ શેર ભંડોળ, અનામત ભંડળો અને અન્ય ભંડોળો અને મિલ્કતોને જયારે સરકારશ્રી આવા વિચારો કરાવે કે આની પાસે ૫૦ કરોડની મિલ્કત છે. આવા વિચારો ઉપર આવે કે આની પાસે ૫૦ કરોડની મિલકત છે અને પરિસ્થિતિ બેંકની ૧૦ કરોડની દેવાની છે તો તેને બીજી સોસાયટી, મલ્ટી સ્ટેટ સોસાયટીમાં ભેળવવા કરતા તેનો સંપૂર્ણ અભ્યાસ કરીને એ બેંકને છૂટછાટ આપીને તેની મિલકતો વેચીને પણ સભાસદનું અહિત ન થાય તેના માટેની જોગવાઇ પણ જરૂરી છે.

આજે વૈદ્યનાથ કમિટી પછી પણ આવતીકાલે જે બિલ આવવાનું છે એ સંપૂર્ણ સહકારને લગતું કલમવાઇઝ છે એમાં જરૂરથી આ બિલ પણ એમાં મૂકી દીધું હોત તો કોઇ તેમાં ફેરફાર થાત નહીં, રામસિંહભાઇએ કહ્યું તેમ બળવંતસિંહે વાત કરી છે એ વાજબી છે. આવતી કાલનું સહકારી બિલ છે એ ઐતિહાસિક બિલ છે. ઐતિહાસિક એટલા માટે કહું છું કે આખા હિંદુસ્તાનમાં એ બિલની જે ચર્ચા છે, આવતીકાલે આપણે કરીશું. પરંતુ મલ્ટી સ્ટેટ સહકારી બેંકો છે એ જયારે નબળી પડે એના ૨/૩ સભાસદની ખાસ સાધારણ સભા, ઘણી વખત થાય છે એવું કે ખાનગીમાં ખાસ સાધારણ સભા બોલાવી લે. ૫,૦૦૦ સભાસદ હોય, પેટા નિયમમાં જોગવાઇ હોય કે ૨૫ જણાનું કોરમ અને ૩૦ જણાની સહી કરીને એ બેંક આખી પૂરી કરી નાખે છે. આ બધા ભયસ્થાનો જોઇને બેંક અને ખેડૂત કે સામાન્ય નાગરિકના પૈસા વેડફાય નહીં એની પણ તકેદારી આ બિલમાં રાખે.

અધ્યક્ષશ્રી : એમનું સૂચન છે કે સભાસદનું હિત જળવાઇ રહે એ રીતે જોડાતા પહેલાં ખ્યાલ રાખે.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી દ્વિતિય સુધારા વિધેયક ૨૦૧૩, બિલ નં. ૩૦ આ સભાગૃહ સમક્ષ લાવ્યા છે તે અંગે હું મારા વિચારો રજૂ કરું છું.

આ વિધેયકમાં ફકત એક જ નાનો સરખો સુધારો કરવા ચાલુ સત્રમાં જ બીજું બિલ લઇને મંત્રીશ્રી આવ્યા છે. એક જ સત્રમાં એક જ બિલ બે વખત લાવવાનું કારણ મને સમજાતું નથી. મલ્ટી સ્ટેટ સહકારી મંડળી અધિનિયમ હેઠળ રજિસ્ટર્ડ થયેલી કોઇ મંડળીનું બીજી મંડળી સાથે જોડાણ કરવાની જોગવાઇ ન હતી તે દાખલ કરવામાં આવી છે. સહકારી કાયદાની પ્રથમ રચના ૧૯૦૪માં થઇ. ગાયકવાડ સ્ટેટમાં અન્ય સહકારી મંડળીઓ દ્વારા આ પ્રવૃત્તિના પગરણ મંડાયા હતા. ત્યારથી આજ સુધી આ પ્રવૃત્તિ ચાલી રહી છે અને દિવસે અને દિવસે વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિ એક નંબરની છે. ગુજરાતની વસતિ ૬ કરોડ ૪૮ લાખ, તેમાં મહિલાઓની વસતિ ૪૯ ટકા છે. સમગ્ર રાજયમાં ૫૪,૨૩૯ સહકારી મંડળીઓ ૩૧-૧-૧૨ની સ્થિતિએ છે.

અધ્યક્ષશ્રી : એ આવી ગયું, પ્રહલાદભાઇ, આ મંડળી મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સાથે જોડવી કે નહીં એટલું જ છે. બધા લોકોએ એ ચર્ચા કરી દીધી છે.

શ્રી પ્રહલાદભાઇ પટેલ : તેમાં રાજયના સભાસદોની સંખ્યા ૧ કરોડ ૭૫ લાખ ૩૧-૩-૧૨ની સ્થિતિએ થાય છે. મલ્ટી સ્ટેટ સહકારી મંડળી કાયદા હેઠળ નોંધાયેલ મંડળીઓનું ગુજરાત સરકાર હેઠળ નોંધાયેલ સહકારી મંડળીઓ સાથે જોડાણ કરી શકશે. મંડળીના જોડાણ, તેની મિલકતો અને જવાબદારીની

તબદીલી, વિભાજનની પ્રક્રિયા કોઇપણ મલ્ટી સ્ટેટ સહકારી મંડળી હેઠળ હાથ ધરી શકાશે. ગુજરાત રાજયની કોઇપણ સહકારી મંડળી દ્વારા ભરવામાં આવેલી ખાસ સામાન્ય સભામાં ૨/૩ બહુમતીથી ઠરાવ પસાર કરીને બીજી કોઇપણ મંડળી સાથે જોડાણ કરી શકાશે. કલમ-૧૭ને ઉપરોકત પ્રમાણે સુધારવા ધાર્યું છે. કોઇપણ એક જ મંડળીના દબાણથી સરકાર આ બિલ લાવી હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી..

(આ તબક્કે સભ્યશ્રી અરૂણસિંહ રાણા બોલવા ઉભા થતાં)

અધ્યક્ષશ્રી : માનનીય અરૂણસિંહ, પૂરું કરો, બીજાં ચાર બિલ છે. તમારે બધાએ બોલવું હોય તો રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી બેસવું પડશે. આ બિલમાં બોલવા જેવી કોઇ વાત જ નથી.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળીઓ(દ્વિતીય સુધારા) વિધેયક-૩૦ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે સમર્થન આપું છું કે, નબળી નાગરિક સહકારી બેંકોને મર્જ કરવા માટે આ કાયદો કરવામાં આવ્યો છે. એના કારણે હવે કોઇપણ રાજ્યની સક્ષમ આર્થિક રીતે સબળ મલ્ટી સ્ટેટ બેંકને બીજી કોઇપણ નાગરિક સહકારી બેંકને ફડચામાં જતી બેંક સાથે મર્જ કરી શકાય. એવા આ સુધારા છે. હવે કોઇ કાયદાકીય ગૂંચ નહીં રહે અને ફડચામાં જતી નાગરિક સહકારી બેંકો વિકાસ ઉપર જઇ રહેશે. વિપક્ષના નેતા દંડકશ્રી વાત કરતા હતા કે, આ મુખ્યમંત્રીશ્રીએ સહકારી ક્ષેત્ર ઉપર જો દષ્ટીકોણ રાખો, આ મંડળીઓની વાત નથી. નાગરિક સહકારી બેંકની વાત છે અને અત્યાર સુધીમાં ૩૨ જેટલી સહકારી બેંકો મર્જ કરવામાં આવી છે. એની સાથે આ ૭ નાગરિક સહકારી બેંકની સદ્ધરતા અને સારા વહીવટથી કામગીરી કરતી નાગરિક સહકારી બેંકોને મર્જ કરવા માટેની પ્રક્રિયા છે. આ ગુજરાતના લોકોના પ્રશ્નોની ચર્ચા છે. જો ૭ નાગરિક સહકારી બેંકો ફડચામાં જાય તો એક લાખથી વધુ થાપણ ધરાવતા ૫૭૦૦૦ થાપણદારો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની સહકારી પ્રવૃત્તિને ખૂબ જ વેગ આપેલ છે. સહકારી બેંકો આજે જોઇએ તો (અંતરાય)..શ્રી બાબુભાઇ..

અધ્યક્ષશ્રી : એ કોની છે અને એ મલ્ટી સ્ટેટની અંદર ભેળવવા માટેની જ વાત છે. એનો અભિપ્રાય છે. આ એક્ટ નવો આવ્યો છે, એમાં આ થયું છે છતાં અત્યારે કેમ લઇ આવ્યા? એ મુખ્ય આશય છે. એનો જવાબ આપો.

શ્રી બાબુભાઇ બોખીરીયા (સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ અને શ્રી જસાભાઇએ કહ્યું કે, આજે ૩૦ નંબરનું બિલ અને આવતી કાલે ૨૮ નંબરનું બિલ શા માટે અલગ અલગ લાવ્યા છો? આવતી કાલનું બિલ છે એમાં કેન્દ્ર સરકારે બંધારણમાં ૯૭મો સુધારો કરેલ છે એને લગતું છે. સુધારો દાખલ કરવામાં આવશે ત્યારે સેન્ટ્રલ રજિસ્ટ્રાર પાસે લઇ જવાની જરૂર પડશે નહીં. આજે સુધારો કરીશું એ સેન્ટ્રલ રજિસ્ટ્રાર પાસે મોકલવું પડશે એટલે બે બિલને અલગ અલગ કરવામાં આવ્યા છે. સરકારને આ સુધારો દાખલ કરવાની શા માટે જરૂર પડી? ઉધના સીટીઝન અને કાલુપુર કો.ઓપ.બેંકના મર્જરની જ્યારે વાત આવી ત્યારે એડવોકેટ શ્રી વિશ્વાસ શાહ જ્યારે હાઇકોર્ટમાં ગયા. એના પહેલાં ૩૨ આવી બેંકો મર્જ થઇ ગઇ હતી. એના કારણે જે રોકાણકારો હતા એમને ખૂબ જ મોટો ફાયદો થયો હતો. જે કાયદામાં જોગવાઇ છે એના લીધે જ્યારે કોઇપણ બેંક ફડચામાં જાય તો બેંકની અંદર એક લાખ રૂપિયા સુધીનો વીમો ઉતરાવેલ છે. એના કારણે થાપણદારને એક લાખ રૂપિયા સુધી મળે છે, બાકીના પૈસા છે એ મળતા નથી. મર્જ થશે એનાથી ફાયદો થાય છે. કુલ ૩૨ બેંકો મર્જ થઇ છે. એનાથી ૩,૪૭,૩૧૩ થાપણદારો હતા એમને રૂ.૪૮૮.૪૪ કરોડની થાપણો હતી અને ૮૯૦ જેટલા એના કર્મચારીઓ હતા. આ જે બેંકો મર્જ થઇ એના લીધે બેંક ફડચામાં જતી અટકી, આ થાપણદારોની મિલકતો હતી એને સિક્યોરીટી મળી. રૂ.૧૩૦/- કરોડની વસૂલાત હતી એની અંદર રૂ.૮૨.૪૬ કરોડની વસૂલાત થઇ છે અને થાપણદારોના પૈસા વધ્યા છે. આ ફેરફાર ન કરીએ તો અત્યારે સાત બેંકો મર્જર થવાની પડતર છે એ પ્રક્રિયા અટકી પડે અને એ અટકી પડે તો એના જે ૨૩હજાર કરતા પણ વધારે થાપણદારો છે અને ૨૩૦૮૦.૫૦ લાખની એની થાપણો છે અને એના ૩૦૦ જેટલા કર્મચારીઓ છે અને ૫૭૨૨ જેટલા થાપણદારો છે. જો આપણે મર્જ ના કરીએ અને આ

બેન્કો જો ફડચામાં જાય તો આની ૨૩૦૮૦.૫૦ લાખ જેવી થાપણો જોખમમાં આવે. એટલા માટે આપણે આ સુધારો લઇ આવ્યા છીએ. અને એની આખી જે મર્જરની પ્રક્રિયા છે એમાં રાજય સરકારે તો માત્ર આની અંદર એને એન.ઓ.સી. આપવાની છે કે આનું મર્જર કરવું કે ન કરવું. આના માટેની જે આખી પ્રક્રિયા છે એની અંદર બેન્કના બોર્ડમાં આ અંગેનો ઠરાવ બન્ને બેન્કોએ બહુમતિથી પસાર કરવાનો છે. મર્જ કરનાર અને મર્જ થનાર બન્નેએ, બન્ને બેન્કોના જે તે તારીખ અંતિતના હિસાબો સાથે પોતાના ડયુ ડીલીજન્સ રીપોર્ટ સી.એ. પાસે તૈયાર કરાવવાના હોય છે. એકત્રિકરણનો યોજનાકીય મુસદ્દો આ હેતુ માટે બોલાવેલી ખાસ વાર્ષિક સાધારણ સભામાં ૨/૩ બહુમતિથી પાસ કરાવી રજીસ્ટ્રાર કચેરીને આ અંગેની દરખાસ્ત મોકલવાની હોય છે. આવી દરખાસ્ત રજીસ્ટાર કચેરી દ્વારા રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાને 'ના વાંધા પ્રમાણપત્ર' માટે મોકલી આપવામાં આવે છે અને જો મર્જ કરનાર બેન્ક મલ્ટી સ્ટેટ હોય તો સેન્ટરલ રજીસ્ટાર ન્યુ દિલ્હીને પણ 'ના વાંધા પ્રમાણપત્ર' માટે મોકલવાની થાય છે. રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા તરફથી 'ના વાંધા પ્રમાણપત્ર' મળ્યેથી બન્ને બેન્કોએ વર્તમાન પત્રમાં જાહેરાત આપી તેમના તમામ સ્ટેક હોલ્ડરને, સંસ્થામાં હિત ધરાવનાર તમામ સંબંધિતોને દિન-૩૦ની મુદત આપી વાંધા મંગાવવાના હોય છે. આ સમય દરમિયાન મળેલ તમામ વાંધાઓનો નિકાલ કરી એકત્રીકરણની કટ ઓફ ડેટ નકકી કરી રજીસ્ટાર કચેરીને મોકલવાની હોય છે. દરખાસ્ત મળ્યેથી રજિસ્ટાર કચેરી દ્વારા બન્ને બેન્કોના એકત્રિકરણ ... ..

અધ્યક્ષશ્રી : બાબુભાઇ આ પ્રોસિઝર તમે કીધી, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની..

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહુ છું કે ત્યાં માનનીય સભ્યશ્રીએ એવું કીધું કે આની અંદર કોઇનું દબાણ હશે એટલે આ કરે છે. એટલે આની અંદર રાજય સરકારનો રોલ છે એ માત્ર 'ના વાંધા પ્રમાણપત્ર' આપવા જેટલો જ હોય છે. બાકી છે એ બેય બેન્કોએ નકકી કરવાનું હોય છે. અને એના સિવાય પણ આની અંદર જે રીઝર્વ બેન્ક છે એણે આ જયારે મર્જરની પ્રક્રિયા ગુજરાતમાં અટકી ગઇ હતી ત્યારે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાનું પણ અવલોકન છે કે રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તેમની કચેરીમાં પડતર મર્જરની દરખાસ્તોના નિકાલ અંગેની આગળની કાર્યવાહી કરી શકશે. અને ત્યારબાદ લાંબા ગાળાનો દૃષ્ટિકોણ રાખી ગુજરાત સહકારી મંડળીઓના કાયદામાં જે ખામી છે તેના સહકારી કાયદામાં સુધારા દ્વારા કે વટહુકમ દ્વારા દૂર કરવાની કાર્યવાહી કરી શકશે એવું વટહુકમ દ્વારા નકકી કરવામાં આવ્યું, રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ કાયદામાં વટહુકમ દ્વારા અથવા જરૂરી સુધારા કરવા માટે સરકારશ્રીને વિનંતી કરે. આ બધી બાબતો ભેગી થઇ હતી એને લીધે આ મર્જર માટેનો અમે સુધારો લાવ્યા છીએ તો સૌ સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે કોઇપણ જાતના વાંધા સિવાય સર્વ સંમતિથી આ સુધારો પાસ કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ૩૦-સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ (દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ૩૦-સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ (દ્વીતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ૩૦-સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ(દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૫.**
**ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી (સુધારા) વિધેયક, ૨૦૧૩.**
**ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી અધિનિયમ, ૨૦૦૦ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૩ના ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, થયેલ સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૩ના ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત દેશમાં ખૂબ ઝડપથી વિકાસ કરી રહ્યું છે એના કારણે અર્બન પોપ્યુલેશન દિવસે દિવસે વધતું જાય છે. ગામડામાંથી લોકો અહીંયા આવતા જાય છે અને ખૂબ મોટી સંખ્યામાં શહેરો અને નગરપાલિકાઓમાં હાઇરાઇઝ બિલ્ડીંગો વધતી જાય છે. આજની તારીખમાં દરેક હાઇરાઇઝ બિલ્ડીંગમાં લિફ્ટની જરૂરિયાત હોય છે. હાલમાં ૨૯૦૦૦ જેટલી લિફ્ટો છે. દર વર્ષે બે થી અઢી હજાર લિફ્ટો વધતી જાય છે. અત્યારે જે કાયદો છે એ કાયદો સંપૂર્ણપણે ઇલેક્ટ્રિક ઇન્સ્પેકટોરેટ દ્વારા આ લિફ્ટોના ઇન્સ્પેકશન વર્ક હોય કે અન્ય કોઇ કામગીરી હોય, એની સેફ્ટી હોય એ સંપૂર્ણપણે અહીંથી કરવામાં આવે છે. આ કાયદામાં ખૂબ મોટા સુધારા લાવ્યો છું. આપણે રિફોર્મ કરીએ છીએ. સંપૂર્ણપણે સત્તા આપણે સરકારમાંથી નીચે આપવા માગીએ છીએ. આજે જે કાયદો લાવીએ છીએ એની અંદર મુખ્ય અગત્યનું છે કે ગાંધીનગરથી સત્તા આપણે કોર્પોરેશનને આપીશું, ગાંધીનગરની સત્તા નગરપાલિકાને આપીશું અને ગાંધીનગરની સત્તા કોઇપણ ઇન્સ્ટિટ્યૂટ આ કામગીરી કરવા માગતી હોય અને આપણા નિયમોનું પાલન થતું હોય તો એને આપવામાં આવશે. અગત્યનું એ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન પણ એમના વિસ્તારમાં વધારે લોકોને આ સત્તા આપવી હોય, લિફ્ટના ઇન્સ્પેકશન દ્વારા, ચેકીંગ દ્વારા તો એમને પણ નીચે સત્તા આપવામાં આવશે. સરકાર દ્વારા માત્ર નિયમો બનાવવામાં આવશે કે આવી આવી વ્યક્તિઓ કે આવી આવી સંસ્થાઓ જ આ કામ હાથ પર લઇ શકશે. એટલા માટે સેકશન ૧૦(એ)નું એમેન્ડમેન્ટ મૂકેલ છે એ સંપૂર્ણપણે નીચે સત્તા આપવા માટેનું હાથમાં લીધેલ છે.

એવી જ રીતે બીજો એક સુધારો કર્યો છે પહેલા દર ત્રણ વર્ષે ઇન્સ્પેકશન કરવાની જોગવાઇ હતી એમાં સુધારો કરીને હવે એ પાંચ વર્ષની જોગવાઇ કરવામાં આવી છે. જે લિફ્ટ મેન્યુફેકચરર છે એની મંજૂરી સંપૂર્ણપણે આપણે રાજ્ય સરકાર પાસે રાખી છે. કયા મેન્યુફેકચરર હાલમાં છે એ આપણે હાલમાં નીચે આપવા માગતા નથી. એ રુલ્સ આપણે આપણી પાસે રાખ્યો છે. બીજું અત્યારે જે ડેફિનેશન છે એ ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેકટર જ ઇન્સ્પેકશન માટે ઓથોરિટી છે. ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેકટર એટલે સરકારી અધિકારી તરીકે આવે. હવે આપણે જોગવાઇ કરી છે કે સરકાર જે નિયમો બનાવે એમાં કઇ વ્યક્તિ ઇન્સ્પેકશન કરે એની વ્યાખ્યા કરી સરકાર નોટિફિકેશન દ્વારા જણાવશે. આથી એ વ્યક્તિ આ લિફ્ટ ઇન્સ્પેકશન કરી શકશે.

---

* વિધેયક તા. ૨૨મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

પહેલી વખત કોર્પોરેશનમાં ચીફ ઇન્સ્પેકટર અથવા ઇન્સ્પેકટર ઓફ લિફ્ટ ઇન્સ્પેકશન કરશે. એના પછી આસિસ્ટન્ટ ઇન્સ્પેકટરને પણ સત્તા આપી છે અને કાયદામાં ૧૯૧૦ નો ઇલેકિટ્રક એક્ટ હતો એમાં આપણે સુધારો કરી જોગવાઇમાં એનું નામ ૨૦૦૩ મૂકવામાં આવ્યું છે. ટૂંકમાં, મારે સભ્યશ્રીઓને કહેવું છે કે આવતા વર્ષોમાં ખૂબ મોટા પ્રમાણમાં લિફ્ટો આવવાની છે એનું પૂરેપૂરું ઇન્સ્પેકશન થાય એ પ્રમાણેની મોટી માત્રામાં નીચે એપોઇન્ટમેન્ટ આપવામાં આવશે અને એ એપોઇન્ટમેન્ટ આપવામાં આવશે એમાં એ લોકોની જવાબદારી રહેશે કે બરાબર ચકાસણી કરે, ઇન્સ્પેકશન કરે અને રાજ્ય સરકારના નિયમોનું પાલન કરી અને પ્રજાને સુવિધા આપે અને સેફ્ટી રખાય એ પ્રમાણેની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિરોધપક્ષના મુખ્યદંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે જુદા જુદા ૧૦ સુધારાઓ લઇને આવ્યાં છે એમાં ખાસ કરીને ૩ વર્ષના ૫ વર્ષ કર્યા છે. કલમ–૭ માં માલિકી ૬ મહિનાના બદલને ૧ વર્ષ કરી છે અને સેફ્ટીની માનનીય મંત્રીશ્રી જે વાત કરતા હતા. મારે ખાસ કરીને એ ધ્યાન દોરવું છે કે, લિફ્ટ બે પ્રકારની હોય છે. સરકારમાં ૧૫૦૦૦ થી વધારે લિફ્ટો નોંધાયેલી હશે અને નોંધાયા વગરની અનેક પ્રકારની મારું ધારવું છે કે આનાથી ડબલ લિફ્ટો નોંધાયા વગરની થતી હશે એના કારણે જાત જાતના અકસ્માતો થતા હોય છે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે આપણે જે કંપનીને આપીએ છીએ એ કંપની બરાબર કામ કરે, આવનારો સમય એવો આવવાનો છે કે લિફ્ટો મોટામોટા મકાનોમાં થવાની છે એ રીતે લિફ્ટોની સંખ્યા વધવાની છે. મારે ધ્યાન દોરવું છે કે ૧૫મી મે નાં રોજ પાલડીમાં ૧૧ વર્ષનો દેવન વોરા લિફ્ટના કારણે મૃત્યુ પામ્યો હતો, ૩૦મી મે ના રોજ ચાંદલોડિયામાં ૧૬ વર્ષનો જીતેન્દ્ર આ લિફ્ટના કારણે મૃત્યુ પામ્યો હતો, ૮મી જૂને સુરતમાં રૂદ્ર શેખ મૃત્યુ પામ્યો હતો, ૧૮ મી જૂને બરોડામાં દિપક પ્રજાપતિ મૃત્યુ પામ્યો હતો આવા અનેક કિસ્સાઓ લિફ્ટમાં બનતા હોય છે.

મારું ખાસ કરીને સરકારને સૂચન છે કે, હવે લિફ્ટની સંખ્યા જરૂરિયાતના કારણે દિન પ્રતિ દિન જે પ્રમાણે વધતી જાય છે એ પ્રમાણમાં મૃત્યુના આંકડા ઘણા બધા ગણાવી શકાય તેવી સ્થિતિ થવાની છે એવા સંજોગોમાં ઇન્સ્પેકટરશ્રીઓ આવતા હોય છે. મારે લિફ્ટ છે એટલે મારો જાત અનુભવ છે. લિફ્ટોના કારણે જે સિસ્ટમ છે. પહેલા એક અલગ વસ્તુ હતી હવે નગરપાલિકાથી માંડીને નીચેના સ્તર સુધી આપવાના છે ત્યારે પુરી તરહથી ચકાસાય, નહિતર ઘણી વખત એવું થાય કે લિફ્ટમાં તમે ફસાઇ જાવ તો ઘણી બધી ગૂંગળામણ અને ઘણા બધા પ્રોબ્લેમો થતા હોય છે ત્યારે આ બાબતે જે ઇન્સ્પેકશન છે અને ખાસ કરીને જે લોકો માલિકો છે એની એક ગુણવત્તા બને કે લિફ્ટ આ પ્રકારની હોવી જોઇએ અને એની અંદર અમુક પ્રકારની સિસ્ટમ હોવી જોઇએ. વચ્ચે લિફ્ટ બંધ થઇ જાય, ઘણી બધી જ્ગ્યાએ જોયું હશે કે જૂના પ્રકારની લિફ્ટો હશે તો હવે સિસ્ટમ બંધ થઇ જાય. કોઇકવાર પાવર જાય કે બીજું થાય એના કારણે સ્વીચો ના હોય તો માણસ બૂમબરાડા પાડે. એ પણ એની પ્રાયોરિટી સચવાય એવું માનનીય મંત્રીશ્રીને મારે ખાસ કરીને કહેવું છે.

ખાસ કરીને મારે એ ધ્યાન દોરવું છે કે સરકતી સીડીની જે વાત કરી, આ કાયદો ૨૦૦૩માં અને ૧૯૧૦માં ધી ભારત વીજ અધિનિયમ, ૨૦૦૩માં ભારત સરકાર નવો કાયદો લાવી હતી અને આજે ૧૦ વર્ષ પછી સરકાર જાગૃત થઇ છે. સરકાર કદાચ આ પ્રકારનો કાયદો બહુ પહેલા લાવી દીધો હોત અને એની સિસ્ટમ વ્યવસ્થિત બનાવી હોત તો એરપોર્ટથી માંડીને મોટા મોટા હોલોમાં આપણે જોઇ શકીએ છીએ કે એમાં પણ એ સિસ્ટમ છે. આપણે કાંઇક એક એરપોર્ટ ઉપર સાંભળ્યું હતું કે આખા માણસ આગળ જતા રહે અને પેલા એ થઇ જાય એવી સિસ્ટમ ના બને અને એમાં પણ કાળજી રખાય એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

શ્રીશૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી (સુધારા) વિધેયક લઇને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર શહેરોમાં વસ્તી વધતી જાય છે ત્યારે લોકો પોતાનું સ્વતંત્ર મકાન ખરીદી શકે એ પરિસ્થિતિ જ્યારે રહી નથી ત્યારે બહુમાળી મકાનોનો એક આખો દોર એ સમગ્ર રાજ્યની અંદર ખાસ કરીને જે મોટા શહેરો છે અને મોટી નગરપાલિકાઓ છે એની અંદર હાલની તારીખમાં ચાલુ છે. પહેલો એવું હતું કે ૩ માળના મકાન હતા ત્યાં સુધી લિફ્ટની જરૂર ના પડે અને આખા ગુજરાતની

અંદર એક માત્ર ૧૧માળનું બિલ્ડિંગ એ અમદાવાદ શહેરમાં અપનાબજારનું બિલ્ડિંગ હતું. આજે સમગ્ર રાજ્યના શહેરોમાં ૮ મહાનગરપાલિકા હોય કે બીજી નગરપાલિકા હોય તેમાં ૧૧માળ સુધીના મકાનો જ્યારે બની રહ્યાં છે ત્યારે અને સરકારના નિયમ મુજબ એફ.એસ.આઇ. આપીને ૪ કે ૫ માળ થાય તો પણ લિફ્ટની વ્યવસ્થા રાખવી એ રીતના નિયમો છે ત્યારે ૧૯૧૦થી ચાલતું આ ભારત વીજ અધિનિયમ ૨૦૦૩.ત્યારબાદ ૨૦૦૩માં થયો અને આજે ૨૦૧૩માં લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, આપે જે મુખ્ય ઇન્સ્પેકટરના ભાગરૂપે લિફ્ટનું લાયસન્સ આપવાની જે સત્તા નીચે નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને સોંપી છે આ કદમને હું સો ટકા આવકારું છું. આનાથી બિલ્ડરોથી માંડીને લોકોને બહુ સારો લાભ થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે એમણે કલમ– ૬(૧)માં એમ કહ્યું છે કે, ૩ વર્ષથી માંડીને ૫ વર્ષની કરવામાં આવશે. માનનીય મંત્રીશ્રીનું મારે એમાં ધ્યાન દોરવું છે અને બીજું એક માનનીય અધ્યક્ષશ્રી, પેટા કલમ–૨માં, છ મહિનાથી માંડીને એક વર્ષ માટેનું કરવાનું જે પ્રાવધાન કરવામાં આવ્યું છે, માનનીય અધ્યક્ષશ્રી, લિફ્ટ છે એ સેફ્ટી માટે ખૂબ જરૂરી છે. મેં જોયું છે કે, દસ માળના બ્લિડિંગમાં કોઇ વ્યક્તિ જયારે રહેતો હોય ત્યારે કદાચ લાઇટને લીધે અથવા લિફ્ટ બગડી હોય તો એ સીડી ના ચઢી શકતો હોય તો એને રાતવાસો કરવા માટે કે, કલાકો ગુજારવા માટે બીજી જગ્યાએ જવું પડતું હોય છે. સરકાર જયારે ગુજરાતની પ્રજા માટે જયારે સુરક્ષા માટે જયારે ચિંતિત હોય ત્યારે લિફ્ટ આમ જોવા જોઇએ માનનીય અધ્યક્ષશ્રી,એનું એક દોરડું તૂટી જાય દસમા માળેથી, અને નીચે આવે તો દશા શું થાય ? આપણે એનાથી ખૂબ પરિચિત છીએ અને ખાસ કરીને સરકારી જે જગ્યાએ લિફ્ટો હોય છે ત્યાં લિફ્ટો બંધ રહેવાના ખૂબ મોટા પ્રમાણમાં બનાવો બનતા હોય છે. માનનીય મંત્રીશ્રીનું મારે એ ધ્યાન દોરવું છે કે, આપ જે કલમ–૬માં લઇને આવ્યા છો કે, ત્રણ વર્ષના બદલે પાંચ વર્ષ. મારી આપને વિનંતી છે કે, આપ આ ત્રણ વર્ષની જે જોગવાઇ છે એ ત્રણ વર્ષની જ આમાં જોગવાઇ રાખો અને જે ઇન્સ્પેકશનની જે વાત છે જેમાં છ મહિનાની જગ્યાએ એક વર્ષની કરવાની વાત છે. કારણ કે, જયારે છ મહિનાની વાત હોય ત્યારે છ મહિનામાં પણ જો એ લિફ્ટનું ઇન્સ્પેકશન જયારે થતું ના હોય તો એક વર્ષની અંદર કરવા માટે કોઇ વ્યક્તિ જશે નહીં.

બીજું જ્યાં જે મલ્ટી નેશનલ મોલ બને છે અને ખાસ કરીને સિનેમા ગૃહો જ્યાં બનેલા છે ત્યાં પરિસ્થિતિ મુજબ લિફ્ટ મૂકે છે પણ માનો કે, આજે કોઇ માણસ સાતમા માળે થિયેટર હોય અને સિનેમા જોવા ગયો હોય, ત્રણસોની કેપસિટીવાળી હોય અને લિફ્ટનું જે પ્રમાણ હોય છે એ દસ થી પંદર જણા એટલે કે, ત્રીસ જણા માનો કે, બે લિફ્ટમાં સિનેમાગૃહની અંદરથી, સીનેમેક્સ જેવી જે મલ્ટી નેશનલ સિનેમા ગૃહો છે ત્યાં બહુ ઓછા પ્રમાણમાં લોકો એનાથી ઉતરીને લોકોને સ્ટેર દ્વારા પણ નીચે ઉતરવું પડતું હોય છે. જયારે આવી કોઇ મંજૂરી આપવામાં આવે ત્યારે એ કેપેસિટી એની કેટલી છે ? એ કેપેસીટીના આધારે આવા જે મલ્ટી સિનેમાગૃહો હોય કે જે મોલો હોય એની અંદર પણ કેપેસીટી પ્રમાણેની લિફ્ટો એની અંદર મૂકવામાં આવે એવું મારું સુચન છે

ખાસ કરીને ચકાસણીની વાત કરી માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય બલવંતસિંહભાઇએ વાત કરી કે, લિફ્ટની અંદર એમણે જે આંકડાઓ મૂક્યા કે આટલા મૃત્યું થયા. ઘણા બધા થયા હશે પણ આની અંદર એક જોગવાઇ પણ કરવી જોઇએ કે, જે જગ્યાએ લિફ્ટો છે, છ વર્ષની એમની ચકાસણીનો ભાગ છે, એક વર્ષની વાત છે પણ માનો કે, લિફ્ટોની ચકાસણી થઇ હોય અથવા ના થઇ હોય અને એવો કોઇ મોટો અકસ્માત થાય તો એ અકસ્માતના ભાગરૂપે આની અંદર પ્રાવધાન કરવું જોઇએ કે સજા કે દંડકીય કોઇપણ એની એક કલમનો એમાં ઉમેરો કરવો જોઇએ કે, ચકાસણી થઇ ના હતી એના લીધે જે દંડકીય કે સજાકીય જે કાંઇ જે પગલા લેવાના હોય એ પગલાની પણ એમાં એક જોગવાઇ કરવી જોઇએ અને જે ખાસ કરીને મુખ્ય ઇન્સ્પેકટર છે, એ મુખ્ય ઇન્સ્પેકટરને આપે જયારે નીમ્યા છે ત્યારે હું અમદાવાદ શહેરમાંથી આવું છું ત્યારે ડેપ્યુટી કમિશ્નર કક્ષાના અધિકારીની દેખરેખ હેઠળ જ આ મુખ્ય ઇન્સ્પેકટર છે એ લોકો એની કામગીરી જો કરે તો હું માનું છું કે, આપ જે કાયદો લઇને આવ્યા છે એ સો ટકા ગુજરાતની પ્રજા માટે ખૂબ જ ઉપયોગી છે,

એવા મારા બે–ત્રણ સુધારા મેં મંત્રીશ્રીને કહ્યા છે જો એ એમનામાં લઇ લેશે તો અમે સો ટકા અમારી પાર્ટી તરફથી સર્વાનુમતે આપના બિલને મંજૂરી આપી દઇશું.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૫ સન–૨૦૧૩નું ગુજરાત લિફ્ટ અને સરકતી સીડીના કાયદાને સુધારવા માટે જે વિધેયક લઇને આવ્યા તેમાં મારા વિચારો રજૂ કરું છું. રાજયમાં અત્યારે જોઇએ તો શહેરીકરણ અને દિવસે દિવસે મોટી ઇમારતોના બાંધકામો ચારેબાજુ રાફડાની જેમ ફાટી નીકળ્યા છે. આવી ઉંચી ઇમારતોમાં લિફ્ટની સંખ્યા પણ દિવસે ને દિવસે વધતી જાય છે. એક અંદાજ મુજબ રાજયમાં હાલ પચાસ હજારથી વધુ લિફ્ટો કામ કરી રહી છે અને જે નવા બાંધકામો પૂર જોશમાં ચાલી રહ્યાં છે તે જોતાં લિફ્ટોની સંખ્યામાં હજી હજારોની સંખ્યામાં વધારો થશે. રાજયના મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, ગાંધીનગરના આંકડા મુજબ નોંધાયેલી લિફ્ટોની સંખ્યા ૧૯૦૦૦થી વધુ છે અને નહીં નોંધાયેલી લિફ્ટોની સંખ્યા પણ લગભગ તેનાથી વધારે છે. ફક્ત અમદાવાદમાં જ પંદર હજારથી વધુ લિફ્ટો કાર્યરત છે. સરકારે લિફ્ટ અને એસ્કેલેટર્સ અંગેના નિયમો પણ બનાવ્યા છે પરંતુ આ કાયદા અને નિયમોનો અમલ કરાવવામાં સરકારી તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે તેના કારણે લિફ્ટ અકસ્માતના કેસો વધતા જાય છે અને લિફ્ટ અકસ્માતમાં મૃત્યુ થયાના કિસ્સા પણ વધતા જાય છે. તેના કારણોમાં ઉતરીએ તો ઘણા બધા કારણો આપણને જોવા મળે છે. આ સરકારમાં લિફ્ટોમાં વધી રહેલા અકસ્માતો જોતાં કહી શકાય, લિફ્ટોના અકસ્માતો વધતા જાય છે અને લોકો મરતા જાય છે અને ઘવાતા જાય છે પણ આ સરકારના પેટનું પાણી જરાય હલતું નથી.

અધ્યક્ષશ્રી : જનરલ ચર્ચા નહીં, એમેડમેન્ટ વિશે બોલો.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : છેલ્લા બાર મહિનામાં ફક્ત અમદાવાદમાં જ જોઇએ તો લિફ્ટોના કેટલા બધા અકસ્માતો થયા છે અને કેટલા લોકોના મૃત્યુ થયા છે અને કેટલા બધા ઘવાયા છે. પંદરમીના રોજ પાલડીમાં દેવલ વોરાનું મૃત્યુ, ચાંદલોડીયામાં સોળ વર્ષના જિતેન્દ્રનું મૃત્યુ, આઠ જુનના રોજ સુરતમાં રુદ્ર શેઠનું મૃત્યુ, વડોદરામાં દિપક પ્રજાપતિ અને પી.એસ.આઇ.ની દીકરી ખુશી ભરવાડનું મૃત્યુ, નવરાત્રી દરમિયાન ગરબા વખતે પોતાના ફ્લેટમાં પાણી પીવા જતી વખતે લિફ્ટની ખામીને કારણે દિવાલ અને લિફ્ટની વચ્ચે તે ફસાઇ ગઇ અને મૃત્યુ પામી. મૃત્યુ વખતે ભા.જ.પા.ની આ સરકાર તો બિલ્ડરોની, ઉદ્યોગપતિઓની સરકાર છે એટલે તેમનું જ હિત જુએ છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું હિત તો તેમને દેખાતું જ નથી અને એ કિસ્સામાં પણ એવું જ બન્યું. અકસ્માત બાદ જવાબદારો સામે પગલાં લેવાતા નથી, બિલ્ડર અને કોન્ટ્રાકટર લિફ્ટમાં ડુપ્લીકેટ અને હલકી કક્ષાના પાર્ટસ વાપરતા હોવાથી, લિફ્ટનું મેન્ટેનન્સ પણ નિયમ મુજબ થતું ન હોવાથી સ્ટાન્ડર્ડના કોઇ નિયમો જળવાતા નથી. લિફ્ટનું લાયસન્સ રીન્યૂ કરાવતી વખતે તેનું ઇન્સ્પેકશન થતું નથી. સરકારી તંત્રની નિષ્ક્રિયતા, મીલીભગત અને ભ્રષ્ટાચાર અકસ્માતો વધારવામાં મોટો ભાગ ભજવે છે એટલું જ નહીં પરંતુ જયારે અકસ્માત થાય છે ત્યારે ઉચ્ચ અધિકારીઓના દબાણને લીધે જવાબદારો સામે પગલાં લેવાતા નથી અને ભોગ બનનારા ઉપર જ અકસ્માતનો આરોપ મૂકવામાં આવે છે. અકસ્માતની ઘટનાઓ બન્યા બાદ કોઇની સામે પગલાં લેવાતા નથી. ખામીઓવાળા લિફ્ટ મેન્યુફેકચરર્સ સામે કે બિલ્ડર સામે કે પછી સરકારી તંત્રની ઇન્સ્પેકશન વગેરેની બેદરકારી કે નિષ્ક્રિયતા બદલ કોઇની સામે પગલાં લેવાતા નથી. સી.જી.એલ.સી.એ.આર.સી.એ. જુન, ૨૦૧૨માં વીજળી મંત્રીને રજૂઆત કરીને લિફ્ટ અકસ્માતોમાં અકસ્માત બાદ સરવે કરીને રિપોર્ટ આપે તે માટે નિષ્ણાતોની એક કમિટી બનાવવી જોઇએ તેની બીજા અકસ્માતોના સંદર્ભમાં રજૂઆત કરી છે પરંતુ તેની ગંભીરતાને સરકારે ધ્યાનમાં લીધી નથી અને કોઇ પગલાં લેવાયા નથી. સરકારની આવી નિષ્ક્રિયતા, એની બેદરકારીને કારણે લિફ્ટના જીવલેણ અકસ્માતો વધી રહ્યાં છે અને મોતનો ભય પણ વધી રહ્યો છે. લિફ્ટ અને સરકતી સીડીના લાયસન્સ આપવા, રીન્યૂ કરવા મેન્ટેનન્સ થાય છે કે કેમ તે જોવા માટેની જેને જવાબદારી સોંપવામાં આવી છે તે મુખ્ય વિદ્યુત નિરીક્ષક પાસે પૂરતો સ્ટાફ નથી. સરકાર આ હેતુ માટે સ્ટાફ ફાળવતી જ નથી અને આ વિધેયકની કલમ–૨ થી હવે સુધારો લઇને આવી છે કે મુખ્ય ઇન્સ્પેકટર અને ઇન્સ્પેકટરમાં હવે મદદનીશ ઇન્સ્પેકટરનો સમાવેશ કરવા માગે છે. મુખ્ય ઇન્સ્પેકટર અને ઇન્સ્પેકટરની

જગ્યાએ હવે નીચેના અધિકારી એટલે કે મદદનીશ ઇન્સ્પેક્ટર કામગીરી કરશે. જોઇતો સ્ટાફ આપવાના બદલે થાગડથીગડ કરીને સ્ટાફ વધારે છે એવું બતાવવાનો પ્રયાસ કરે છે. એના બદલે સરકારે નવા સ્ટાફની ભરતી કરવી જોઇએ જે આ લિફ્ટના કાયદા અને નિયમો અન્વયે જરૂરી કામગીરી કરી શકે. વિધેયકની કલમ–૩ થી લાયસન્સની મુદત કાયદામાં હાલમાં ત્રણ વર્ષની છે તેને આ સરકાર પાંચ વર્ષની કરવા માગે છે. રાજ્યમાં દિવસે દિવસે બિલ્ડીંગોની સંખ્યામાં વધારો થાય છે પરિણામે લિફ્ટોની સંખ્યા વધતી જાય છે. લિફ્ટના લગતા કામને તંત્ર પહોંચી વળતું નથી.

અધ્યક્ષશ્રી : આવી ગયું છે આ બધુ લગભગ.

અધ્યક્ષશ્રી : આ બિલની તરફેણ કરો છો કે વિરોધ કરો છો?

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : વિરોધ કરું છું.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી વિધેયક લઇને આવ્યા છે એને હું આવકારું છું. આ ખરેખર લોકાભિમુખ સુધારો છે એમ કહું તો ખોટું નથી, એટલા માટે ગુજરાતની ૧૫૯ નગરપાલિકા અને ૮ મહાનગર પાલિકામાં જે હજારો એપાર્ટમેન્ટો આવેલા છે. એ લોકોને મુશ્કેલી દૂર કરતો આ સુધારો છે. એક જે આખા ગુજરાતમાં એક જ ઓથોરિટી હોવાના કારણે આ હજારો એપાર્ટમેન્ટ વાસીઓને જ્યારે રિન્યૂ કરવાનો સમય ૩ વર્ષના અંતે આવે, ત્યારે પણ આ એક એજન્સી પાસે દોડવું પડતું હતું, જેના કારણે જે કઇ ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર જે કઇ પ્રાઇવેટ વ્યક્તિઓને લાયસન્સ ઇસ્યુ કરે છે, તેવી એજન્સીઓ પાસે આ લોકોને જવું પડતું હતું. જેના કારણે આવી એજન્સીઓ મારફત કરપ્શન થતું હતું અને લોકો હેરાન પરેશાન થતા હતા. સાથે સાથે જે ૬ મહિનાની તપાસણી કરવામાં આવતી હતી એ તપાસણી સ્ટાફ ઓછો હોવાને અને અંતર વધુ હોવાના કારણે આ તપાસણી ૬ મહિનાના અંતે થતી નહોતી, તે એક વર્ષનો ગાળો કરવામાં આવ્યો છે અને સ્થાનિક સ્તરે નગરપાલિકા અને મહાનગરપાલિકાની અંદર ઇન્સ્પેક્ટરો, ચીફ ઇન્સ્પેક્ટરો કે આસિસ્ટંટ ઇન્સ્પેક્ટરને આ સત્તા આપવાથી હવે નગરપાલિકા અને મહાનગર પાલિકામાં આવેલ આવા એપાર્ટમેન્ટોના લોકો પોતાના સ્થાનિક સત્તા મંડળમાં જઇને આવા લાયસન્સ મેળવી શકશે. લાયસન્સ રિન્યૂ કરાવી શકશે અને તપાસણી એક વર્ષના સમયગાળામાં કરી શકશે. બીજું તપાસમાં આવ્યું છે કે જે એપાર્ટમેન્ટની અંદર ગેરકાયદેસર એક માળ, બે માળ બાંધ્યા હોય તેવા કિસ્સામાં સ્થળ ચકાસણી વગર આવા લાયસન્સ ઇસ્યુ થતા હતા. હવે સ્થાનિક સત્તા મંડળ દ્વારા તપાસ થવાના કારણે આની સાથે બી.યુ.સી.નો પણ પ્રશ્ન જોડાયેલો છે. જી.ડી.સી.આર. ના નિયમ મુજબ જે બાંધકામ કરે તે બાંધકામ મુજબ જ એટલા માળ થયેલાઓને જ આમાં હવે લિફ્ટનું લાયસન્સ મળવાથી એના ઉપર પણ અંકુશ આવશે અને લોકોને જે વારંવાર ગાંધીનગર કે બરોડાના જે ધક્કા ખાવા પડતા હતા અને વચ્ચેની એજન્સીને પૈસા ખવડાવવા પડતા હતા એમાંથી એ લોકોને મુક્તિ મળશે. આ તપાસ કરતા માલૂમ પડ્યું છે કે આ એપાર્ટમેન્ટ વાસીઓ ઘણી બધી જગ્યાએ જેમ અગાઉ કહેવાયું તેમ ગેરકાયદેસર જે એપાર્ટમેન્ટ બને છે, એની અંદર લાયસન્સ લેવામાં આવતા નથી. ફરીથી ચકાસણી કરવાનો કે તપાસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આવા ગેરકાયદેસર એપાર્ટમેન્ટ ઉપર સ્થાનિક સત્તા મંડળને આ સત્તા આપવાથી એના ઉપર અંકુશ આવશે અને અકસ્માત થતા બચશે અને લોકોની સલામતી વધશે.

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓએ ચિંતા કરી છે. એક્સિડંટો થતા હોય છે. ચોક્કસપણે એના ઘણાં બધાં કારણ હોય છે. મેઇન્ટેનન્સ પુઅર હોય એ એક કારણ હોય છે. કોઇકવાર ઘણી વખત એક્સિડંટ થઇ જતા હોય છે. બે દરવાજાની વચ્ચે થઇ જતા હોય છે. આના કારણે મૃત્યુ પામતા હોય છે. આપણો હેતુ બહુ ક્લિયર છે. આજની તારીખમાં હજારો કંપનીઓ દેશમાં અને ગુજરાતમાં છે. અને એમની બેલેન્સ શીટ કેવી રીતે ઓડિટ કરાવડાવે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરાવડાવે છે ને. એમાં સરકારનો કોઇ રોલ છે? એ પ્રમાણે આવતા દિવસોની અંદર સંપૂર્ણપણે આની અંદરથી માત્ર બે–ચાર ફંક્શન રાખ્યા સિવાય સરકાર આમાંથી ધીમે ધીમે નીકળવા માગે છે. ડાઉન ધ લાઇન. રાતો રાત નથી થવાનું. સમય લાગશે. મ્યુનિસિપલ કોર્પોરેશનને વિશ્વાસમાં લેવાની

થશે. નગરપાલિકાઓ પાસે આજની તારીખમાં મેન પાવર નથી. એ લોકોને વિશ્વાસમાં લેવાના થશે. પ્રાઇવેટ ઇન્સ્ટિટ્યૂશનને આની અંદર આમંત્રણ આપવામાં આવશે. તમે કલ્પના કરો કે આટલી લિફ્ટો વધતી હોય તો સરકારમાં એટલો સ્ટાફ છે? હજારોની લિફ્ટોની અંદર આપણે ચેકિંગ કરી શકીએ. ઇન્સ્પેક્ટરો જઇ શકે. આપણે એવું કરવા માગીએ છીએ કે જે વ્યક્તિ ઇન્સ્પેક્ટ કરે એની પણ જવાબદારી બને છે. હાલની પદ્ધતિમાં ખૂબ મોટો સુધારો આવવાનો છે. ખૂબ ચર્ચા કર્યા પછી અમે ૩ વર્ષના ૫ વર્ષ નક્કી કર્યા છે. મારે સભ્યશ્રીઓને એટલું જ કહેવું છે કે આ બહુ પ્રોગ્રેસિવ કાયદો છે. રિફોર્મેશ કાયદો છે. આવતાં વર્ષોની અંદર આપણાં જે ઊંચાં મકાનોની અંદર લોકો રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમની સેફ્ટી માટે આ બિલ ખૂબ અગત્યનું છે. મારી આપ સૌને વિનંતી કે અમે રૂલ્સમાં ખૂબ કાળજી રાખીશું. સારી રીતે બધી જવાબદારીઓ ડીફાઇન કરીશું. આજે જયારે આવો સરસ મજાનો કાયદો લાવ્યો છું તે સર્વાનુમતે પસાર કરો તેવી મારી આપ સૌને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૫ નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમઃ ૨ થી ૧૧, અનુસૂચિ, કલમ.૧ દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૫ નું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૫નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૨**

**ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયક, ૨૦૧૩**

**ઠરાવેલી સમય મર્યાદામાં જાહેર સેવાઓ પૂરી પાડવાની દરેક જાહેર સત્તા મંડળની જવાબદારી નક્કી કરવા અને તેનું પાલન ન કરવામાં આવે તેવા સંજોગોમાં નાગરિકો માટે ફરિયાદ નિવારણ તંત્ર પૂરું પાડવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૩૨ સન ૨૦૧૩ના ગુજરાત(જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૩૨ સન ૨૦૧૩ના ગુજરાત(જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજોની ગુલામીમાંથી આપણો દેશ મુક્ત થયો અને આઝાદ દેશ તરીકે ભારત દુનિયામાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ બન્યો તેમાં આપણી બંધારણીય પરંપરા પ્રમાણે લોકસભા, રાજયસભા, વિધાનસભાઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ તે પ્રમાણેનું વહીવટી માળખું દેશની અને રાજયની પ્રજાની અને સ્થાનિક સ્વરાજયની સેવાઓ લેતી પ્રજા માટે, નાગરિકો માટે કાર્યરત બન્યું. આપણા દેશની અંદર વર્ષોથી પ્રજાની ઝંખના અને જેને આપણે સાચી

---

* વિધેયક તા. ૨૨મી માર્ચ ૨૦૧૩ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા.૧લી એપ્રિલ, ૨૦૧૩
## સરકારી વિધેયકો

લોકશાહી કહીએ, સાચું સુરાજય કહીએ અને ખાસ કરીને લોકતંત્ર અને નાગરિક અધિકાર જેને કહીએ, એવો અધિકાર મેળવવા માટે વર્ષોથી નાગરિકોની જે ઝંખના અને નાગરિક એટલે બાપડો, બિચારો નહીં, કોઇ સરકારી તંત્ર, કોઇ સરકારી હોદ્દેદારો, એના માલિક હોય અને દેશનો નાગરિક, રાજયનો નાગરિક એ પોતે પોતાનો અધિકાર ભોગવી ના શકે, એવા પ્રમાણેની જે વ્યવસ્થાઓ ભૂતકાળમાં દાયકાઓ સુધી ચાલી એમાંથી પ્રજાને મુક્ત કરી અને વ્યવસ્થાને સઘન બનાવવી, વ્યવસ્થાને સરળ બનાવવી, વ્યવસ્થાને પારદર્શક બનાવવી, વ્યવસ્થાને ઝડપી બનાવવી અને દરેક નાગરિકને પોતાને અધિકારની રૂએ જે વ્યવસ્થાઓ પ્રાપ્ત કરવાની થતી હોય એ મેળવવા માટે રાજય સરકાર હોય, કેન્દ્ર સરકાર હોય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ હોય એમના તરફથી જરૂરિયાત પ્રમાણેની કાર્યવાહી કરવી તે જરૂરી છે.

આપણા ગુજરાત રાજયની જો વાત કરું તો ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યા પછી સૌથી પહેલાં નાગરિક અધિકાર પત્ર એ ૧૯૯૮માં દાખલ કરવામાં આવ્યો, નાગરિકને કઇ સેવાની વ્યવસ્થા કેટલા સમયમાં કર્મચારી– અધિકારીએ સરકારી તંત્ર દ્બારા પૂર્ણ કરવી એવી વ્યવસ્થા શરૂઆતમાં કરવામાં આવી, એના પછી તબક્કાવાર જેમ જેમ જરૂરિયાત દેખાતી ગઇ અનુભવના આધારે આપણને એમ લાગ્યું કે, આ વ્યવસ્થાને હજુ વધારે સઘન કરવી જરૂરી છે, ત્યારે રાજય સરકાર તરફથી જે કાર્યક્રમોની શરૂઆત કરી અને એને સીટીઝન ચાર્ટર, નાગરિક અધિકાર પત્ર અને જુદા જુદા સ્વરૂપે આપણે અત્યારે આપણા માનનીય ધારાસભ્યશ્રીઓ સહીત જે વ્યવસ્થાઓ ધરાવીએ છીએ, જે આપણે બધા પણ પ્રજાના પ્રતિનિધિઓ છીએ. પોતાના વિસ્તારના પ્રજાના પ્રશ્નોનો સરકારી તંત્રમાં ઝડપથી ઉકેલ આવે એ માટે આપણે સતત કાર્યરત રહીએ છીએ તો આપણી વ્યવસ્થા માટે પણ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ ચાલે છે, જેમાં માનનીય સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા–તાલુકાના હોદ્દેદારો એ પણ હોદ્દાની રૂએ સભ્ય હોય છે. એવી રીતે તાલુકાની અંદર પણ તાલુકાની આ જ પ્રકારની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ ચાલે છે. ભૂતકાળમાં લોક દરબાર પણ કરવામાં આવતા હતા કે બધાને સાથે બોલાવી અને મંત્રીશ્રી કે ઉચ્ચ અધિકારીઓ જાય અને પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરે એવી પણ ભૂતકાળની વ્યવસ્થાઓ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે શરૂ કર્યો અને જે આધુનિક ટેકનોલોજી અત્યારે આપણને ઉપલબ્ધ છે, એ વીડીયો કોન્ફરન્સથી મુખ્ય મંત્રીશ્રી દર મહિનામાં એક ગુરુવારે આખા રાજયની તમામ કલેક્ટર કચેરીઓ અને મામલતદાર કચેરીઓમાં નાગરિકોના કોઇપણ પ્રશ્નો આવે તો એનું જાતે ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી એ જ વખતે વાજબી રીતે નિર્ણય કરીને પ્રજાના પ્રશ્નોનું પણ આપણે સમાધાન કરીએ છીએ અને આ સ્વાગત ઓન લાઇન કાર્યક્રમને યુનોનો પણ એવોર્ડ મળ્યો છે. એ પ્રકારની આપણી ટેકનોલોજી આખા દેશની અંદર આજે કોઇપણ રાજય આવો કાર્યક્રમ ચલાવતું નથી કે આવી સેવાઓ નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવતી નથી.

એવી જ રીતે સરકારી કર્મચારીઓ–અધિકારીઓને પ્રજાની સારી રીતે સેવા કરવા તાલીમબદ્ધ કરવાના પણ અનેક કાર્યક્રમો ચાલે છે. ચિંતન શિબિર હોય, કર્મયોગી અભિયાન હોય, કે આ બધું જ પ્રજાને મદદરૂપ થવા માટે આપણે કરીએ છીએ. એવી રીતે પ્રભારી મંત્રીશ્રીઓ રાજયની અંદર જિલ્લાદીઠ મૂકવામાં આવે છે અને પ્રભારી મંત્રીશ્રીઓ ધારાસભ્યશ્રીઓની કમિટીમાં આયોજન કમિટી હોય, સંકલન સમિતિ હોય, કોઇ અગત્યના પ્રશ્નો હોય તો એની પણ ચર્ચા વિચારણા આ બધુ કરે છે. આ બધુ જ કર્યા છતાં હજુ ઘણુ કરવાનું આપણને બાકી રહેતું હતું અને નાગરિકોને જે વ્યવસ્થા આપવી પડે એ આપવા માટે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ તરફથી જે જનસેવા કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી. મામલતદાર કચેરી, કલેક્ટર કચેરી અને રાજય સરકારની દરેક કચેરીઓની અંદર આ જન સુવિધા કેન્દ્રોની જે શરૂઆત કરી એમાં કોમ્પ્યુટરાઇઝડ સિસ્ટમ, નાગરિક આવે ત્યારે એને તમામ વ્યવસ્થા સ્વમાનભેર મળે એ પ્રમાણેનું આખું આયોજન કર્યું અને કોમ્પ્યુટરાઇઝ્ડ એને કોપી મળે, એની ફરિયાદનું ત્યાં બોર્ડ મારેલું હોય કે કેટલા દિવસમાં કઇ ફરિયાદનું નિરાકરણ કરવામાં આવશે એ પણ આપણે વ્યવસ્થા રાજયમાં બીજા રાજયોની સરખામણીમાં અનેકગણી સારી રીતે અત્યારે જનસેવા કેન્દ્રો આપણે ચલાવીએ છીએ.

આ બધું જ કરીને આપણે જે વ્યવસ્થાઓ કરી હતી એની અંદર કાયદાકીય એવી કોઇ જોગવાઇ ન હતી કે આટલા દિવસમાં આ કામ કરવું, એ સરકારની એક સ્વૈચ્છિક અનુભવના હિસાબેની વ્યવસ્થા હતી. પણ કદાચ કોઇ કર્મચારી, કોઇ અધિકારી સમયસર નાગરિકને એ સેવા ન આપે તો એ કર્મચારીઓ/અધિકારીઓ ઉપર રાજય સરકાર કે જેને સેવા લેવાની છે એ નાગરિક કોઇ કાયદેસરની કાર્યવાહી કરી શકતા ન હતા. કર્મચારીઓ/અધિકારીઓ ઉપર એના ઉપર કોઇ કાયદાકીય દબાણ રહેતું ન હતું કે હું આ નહીં કરું તો મને આ શિક્ષા થશે અને એને ઘ્યાનમાં રાખીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની આ ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા હુ રેકર્ડ ઉપર કહેવા માગુ છું કે આપણે બધા સૌ એના સાક્ષી છીએ કે આ કાયદો અમલમાં આવવાથી ધારાસભ્યો પાસે, સંસદ સભ્યો પાસે, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો પાસે કે નગરપાલિકાના સભ્યો પાસે જે લોકો નાગરિકો કામ માટે આવતા હતા કે આટલા દિવસથી અરજી કરી છે છતાં હજુ મારું કામ પતતું નથી, મને જવાબ મળતો નથી, મારો ખુલાસો મળતો નથી, મને દાખલો મળતો નથી, મને રેશન કાર્ડ મળતું નથી, મારું એન.એ. થતું નથી, મારી બાંધકામની પરવાનગી મળતી નથી. આ બધા પ્રશ્નો આપણી પાસે આવતા હતા, એમાં કોઇ પક્ષા-પક્ષીની વાત નથી. નાગરિકો ચૂંટાયેલા હોદ્દેદારો પાસે પોતાનું કામ કરાવવા માટે દરેક વિસ્તારમાં આવતા હોય છે અને દરેક પ્રતિનિધિ પોતાની આવડત અને પોતાના અનુભવના આધારે નાગરિકોને આપણે સૌ મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા હોઇએ છીએ. પણ હવે જે હું કહેવાનો છું એ સૌથી વધુ અગત્યની વાત છે.

આ ગૃહની અંદર અનેક કાયદા અત્યાર સુધીમાં આપણે સૌએ સાથે મળીને મંજૂર કર્યા છે. ભૂતકાળની સરકારોમાં પણ કાયદાઓ મંજૂર કર્યા છે. પણ આ જે કાયદો છે જેનું નામ ધ ગુજરાત રાઇટ્સ ઓફ સિટિઝન ટુ પબ્લિક સર્વિસ બિલ ૨૦૧૩ એટલે કે આ કાયદો જે પ્રજાના નાગરિક અધિકારની રીતે એ આપણે અમલમાં મૂકવાના છીએ. આ કાયદો અમલમાં આવ્યા પછી હું એમ માનીશ કે પૂજ્ય મહાત્મા ગાંધીજી, પૂજ્ય સરદાર વલ્લભભાઇ અને પૂજ્ય રવિશંકર દાદાએ જે પ્રમાણેની સાચી નાગરિકોના અધિકાર માટેની લડત ચલાવીને લોકશાહી માટે, આઝાદી માટે કામ કર્યું હતું એ પ્રમાણેનો કાયદો આપણે સૌ સાથે મળીને જે મંજૂર કરીશું એના પછી નાગરિક પોતે એક રાજા જેવો થઇ જશે, નાગરિક પોતે એક મુખ્યમંત્રી તરીકે પોતાની જાતને જોઇ શકશે કે મારું આ કામ છે. ગરીબ માણસને રેશન કાર્ડ કરાવવું હોય, ગરીબ માણસને બી.પી.એલ. કાર્ડ કરાવવું હોય, કોઇ લાભાર્થીને સરકારની કોઇ યોજનાનો લાભ લેવો હોય કે સરકારની કોઇપણ જગ્યાએ તંત્ર ચાલતું હોય એમાંથી પોતાનો અધિકાર મેળવવો હોય એમાં જ્યાં ભૂતકાળમાં નાગરિક બિચારો-બાપડો ગણાતો હતો એ નાગરિક બાપડો-બિચારો નહીં ગણાય, આ કાયદો નાગરિકને એક સ્વમાનભેર એક ભારતીય નાગરિક તરીકે, એક ગુજરાતી નાગરિક તરીકે જીવવાનો અને એનો હક મેળવવાનો જે પૂજ્ય બાબાસાહેબ આંબેડકરે જે ભાવના વ્યકત કરી હતી એ પ્રમાણેની ભાવના આપણે સૌ આજે આ કાયદો મંજૂર કરીને કરવાના છીએ. હું એમ માનું છું કે અત્યાર સુધીના બધા જ કાયદાઓએ જેટલો લાભ નાગરિકોને અપાવ્યો છે એના કરતા અનેકગણો લાભ આ એક જ કાયદો ગુજરાતના ઈતિહાસમાં આપણે સૌ મંજૂર કરવાના છીએ. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મિટીંગો ઉપર મિટીંગો કરી, ચર્ચા કરી, અનુભવી લોકો, સિનિયર અધિકારીઓ, સચિવશ્રીઓ, કર્મચારી મંડળો બધાના અભિપ્રાયો મેળવી અને અમે પૂરેપૂરી ગહન ચર્ચા કરી અને જ્યારે આ કાયદો બનાવ્યો છે ત્યારે આ કાયદાની મોટી મોટી જે જોગવાઇઓ છે એ હું આપ સૌ સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો જે યોજનાઓ છે, સરકારની સ્કીમો છે અથવા સરકારના લાભ જે પ્રજાને આપીએ છીએ એ આપવા માટેના દિવસો નક્કી થશે. આટલા દિવસમાં આ કામ કર્મચારીએ ફરજિયાત કરવાનું રહેશે. સૌ સભ્યોની જાણકારી માટે કહું, અત્યારે આપણે જે જનસેવા કેન્દ્રો ચલાવીએ છીએ, એમાં જુદા જુદા વિભાગો રેવન્યુ વિભાગ, પંચાયત વિભાગ, આરોગ્ય વિભાગ, સિંચાઇ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, શિક્ષણ વિભાગ આ તમામની પ્રજાકીય કામગીરી કરતાં આવી ગયા. અત્યારે ૧૭૩ સેવાઓ આપણે જનસેવાના બોર્ડ ઉપર મૂકેલ છે કે આટલા દિવસમાં આ સેવાઓ થશે, હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવા માગું છું કે આ કાયદો આપણે જે બનાવીશું એમાં કઇ કઇ સેવાઓ સમયાંતરે

નવી નવી લોકોની જરૂરિયાત માટે ઉમેરતા રહેવી એ રાજ્ય સરકાર નોટીફિકેશનથી નક્કી કરીને જાહેર કરતી રહેશે, સમજી લો કે આજે કોઇ વ્યવસ્થા એવી નથી કે જેનો આપણે આમાં ઉલ્લેખ કરીએ. ભવિષ્યમાં બે–પાંચ વરસ પછી કોઇ નવી સેવા, બજેટ સેવા, ભારત સરકારની સેવા એ બજેટથી અમલમાં આવે તો એનો પણ લાભ નાગરિકને કેટલા દિવસમાં મળવો જોઇએ, એ કામ કરવામાં કેટલો સમય જાય, એ બધું સુનિશ્ચિત કરીને આપણે નોટીફિકેશનથી એ સેવાની વ્યવસ્થા આપવા માટેના ફરજિયાત દિવસો નક્કી કરીશું. નાગરિકે માગણી કર્યા તારીખથી એ દિવસ ગણાવાની શરૂઆત થશે. નાગરિક જ્યારે અરજી કરે ત્યારે એને રસીદ આપવામાં આવશે કે આ દિવસે તમે આ કામ માટેની માગણી કરી. કેટલાય કામો એવા હશે કે જે ચોવીસ કલાકમાં થઇ જાય, કેટલાકમાં સાત દિવસ લાગે, કોઇકમાં ૧૦ દિવસ, પંદર દિવસ, જેવો કામનો પ્રકાર એ પ્રમાણે થશે. પણ નાગરિકને ગેરંટી મળશે કે આટલા દિવસમાં તમારું કામ કરવાપાત્ર હોય, મંજૂર કરવાપાત્ર હોય, એવું નથી કે થઇ જ જાય, કોઇકનું નામંજૂર કરવાપાત્ર હોય તો નામંજૂરીનો પણ કાયદેસર રીતે એના કારણો સહિત નાગરિકને જવાબ આપવો પડશે.

આની અંદર આપણે બધી જ સેવાઓ, રાજ્ય સરકાર સંચાલિત જે જે યોજનાઓ છે એ બધી જ આવરી લેવાનો આપણે પ્રયત્ન કરીશું. રાજ્ય સરકારના કોઇપણ કેડરના કર્મચારી કે અધિકારી જે પોતે નિર્ણય લેવા માટે જે તે કામ માટે તે અધિકૃત છે, દા.ત. કોઇને મકાન બનાવવાની પરવાનગી લેવી હોય તો એના માટે જે અધિકૃત અધિકારી હોય એનું નામ, એનો હોદ્દો, એ નગરપાલિકા હોય, જિલ્લા પંચાયત હોય, તાલુકા પંચાયત હોય કે સરકાર હોય, એ દિવસો નક્કી કરશે કે આટલા દિવસમાં આ કામ થશે. એટલે એ જોગવાઇ, એ અધિકારીનું નામ અને એના હોદ્દા સહિત એની અધિકૃતતા જાહેર કરવામાં આવશે. એ પછી દરેક નાગરિકને નિશ્ચિત સમય મર્યાદામાં સેવા મેળવવાના સમયની ગણતરી ચાલુ થઇ જશે. માનનીય અધ્યક્ષશ્રી, કદાચ હવે સમયની મર્યાદાના કારણે ટૂંકમાં કહીશ. સમજો કે ૩૦ દિવસમાં નાગરિકની કોઇ કામગીરી કરવામાં ન આવે, તો આની ફરિયાદ નિવારણ, ગ્રીવન્સીસ સમિતિ પણ આપણે નીમીશું. તાલુકા કક્ષાએ જે અધિકારીને જે કામ કરવાનું હોય, એ કામ એમણે ના કર્યું હોય તો એનાથી ઉપલી કક્ષાના અધિકારીને નાગરિક અરજી કરશે કે મારું આ કામ કરાવવા માટે મેં આ અરજી કરી હતી, મારે આ સેવા જોઇએ છીએ, મને આ લાભ મળવાપાત્ર છે, પેન્શન મળતું નથી વિગેરે જે કંઇ બાબત હોય એ ના મળેલ હોય તો ૩૦ દિવસની અંદર અરજી કરવાથી એના ઉપલી કેડરના જે અધિકારી હશે એ તરત જ નીચેના અધિકારીને બોલાવીને એનો લેખિતમાં રિપોર્ટ માગશે કે આ કામ તમે કેમ કર્યું નથી એનો તમે ખુલાસો કરો. એવી રીતે આ ફરિયાદ નિવારણ અધિકારી,

**અધ્યક્ષશ્રી :** નીતિનભાઇ આમાં જે વસ્તુ લખી છે એ સિવાયની કોઇ બાબત હોય તો તમે કહો. એનો હાર્દ તમારે કહેવાનો હોય, બાકી તો તમે કહ્યું એ બધું એક એક કલમની અંદર લખેલું જ છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** સાહેબ આ બધા વાંચે તો તો ઘણું સારું છે, મને કંઇ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી :** આ પ્રોસીજર છે, ખાસ હોય એ જ કહો, બોલવાવાળા વાંચીને આવ્યા છે, સાંભળવાવાળાને વાંચવાની કંઇ જરૂર નથી. બધા જ્ઞાની જ છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આમાં આપણે સેવાઓ અને ચીજ વસ્તુ બન્ને જોડી છે. એટલે કે નાગરિકની સેવા, સર્વિસીઝ અને ચીજવસ્તુ, સમજો કે રેશનીંગની દુકાનમાંથી કોઇ ચીજવસ્તુ લેવાની હોય. સરકારની અન્ય યોજનાઓમાંથી કોઇ વિદ્યાર્થીને ગણવેશ લેવાનો હોય આવુ બધુ જે પણ હોય સેવા અને ચીજ–વસ્તુ બન્ને આમાં આપણે આવરી લીધુ છે. એવી જ રીતે આમાં નાગરિકની વ્યાખ્યા આપણે કરી છે. પણ નાગરિક એટલે આપણે આની અંદર જે નોંધાયેલી કંપની હોય, સમજો કે કોઇ કંપની છે તો તેના અધિકૃત મેનેજર તે અરજી કરે તો પણ તેને લાભાર્થી તરીકે અધિકાર ગણાશે. એટલે નોંધાયેલી કંપની, પેઢી, ટ્રસ્ટ, નોંધાયેલી સંસ્થા,સોસાયટી આ વગેરેના અધિકૃત પ્રતિનિધિઓ પણ વ્યકિત તરીકે, નાગરિક તરીકે આનો લાભ મેળવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો અમલમાં આવવાથી સુખી માણસો, સત્તાધારી માણસો, વગવાળા માણસો એમને કદાચ બહુ મોટો ફેર ના પડે જેમ અહીંયા વર્ણન થઇ રહ્યું છે તે રીતે. પણ ગરીબ માણસ છે,

નાનો માણસ છે, ગામડાંમાં રહેતો માણસ છે એવી વ્યક્તિઓને પણ આ કાયદો લોકશાહીનો એક એવો અધિકાર આપી દેવાનો છે કે હું એમ માનું છું અને ફરી હું રિપિટ કરું છું સાહેબ કે, મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની ભાજપની આ સરકાર આ જે કાયદો લાવી રહી છે અને આપ સહુ મંજૂર કરવાના છો એ ગુજરાતના લોકશાહીના ઈતિહાસમાં એક સીમાચિન્હરૂપ અને પ્રજાની આઝાદીનો સૂર્યોદય ઉગ્યો હોય એ પ્રમાણેનો કાયદો જયારે અમે લાવી રહ્યાં છીએ ત્યારે તમામ માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આ કાયદો પ્રજાના હિતમાં, લોકશાહીના હિતમાં આપ સર્વાનુમતે મંજૂર કરો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જેટલા અવાજથી બિલ વિશેનું આખુ વર્ણન કર્યુ. એટલી સરસ વાત કરી કદાચ આનો અમલ થયો હોત તો અમે રાજી હોત. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ સરકાર ૧૫ વર્ષથી કેન્દ્ર સરકારે આ સરકારને ભારતીય જનતા પાર્ટી સરકારનું નામ કહ્યું એટલે કહું છું ૧૯૯૮માં નાગરિક અધિકાર પત્ર દાખલ કરવામાં આવ્યો. અને એનું જે લાંબુ લાંબુ મોટું લીસ્ટ બોલ્યા એ લીસ્ટમાં આજે પણ તમે કોઇ કલેકટર કચેરી કે કોઇપણ કચેરી ઉપર જાવ ત્યારે મોટા મોટા દિવસ લખ્યા હોય. મને ઘણી વખત એવું થાય કે નાના ખેડૂતને એક દાખલો લેવો હોય તો ૧૫ દિવસ થાય. પ્રેકટીકલી જોવામાં આવે તો ૪૫ થી ૬૦–૬૦ દિવસ લાગે. નાના સીમાંત ખેડૂત લખ્યા હોય એવા અનેક પ્રકારના આજે મારી પાસે તેનો કાગળ છે કેટલા દિવસ પ્રેકટીકલી થાય. મારે આ સરકારને એટલા માટે કહેવું છે કે, નીતિનભાઇ સાહેબે જે અવાજથી કહ્યું આ ૧૫ વર્ષ પહેલાં જો કર્યુ હોત તો અમને બહુ ખુશી થાત. પણ આ સરકારને કેન્દ્ર સરકાર કંઇક કહે અને કાંઇ સાંભળવું નહીં અને આજે ૧૫ વર્ષ પછી એમ કહે કે આ ઐતિહાસિક કાયદો. અરે, ઐતિહાસિક કાયદો તો એને કહેવાય કે કેન્દ્રની સરકાર રાઇટ ઓફ ઈન્ફર્મેશનનો કાયદો લાવી તેને ઐતિહાસિક કાયદો કહેવાય. પહેલું કહેવાયને કે આજે નહીં તો કાલે ધીમે ધીમે સરકારને ૧૫ વર્ષે આજે આ કાયદો લાવવાનું મન થયુ. ખરેખર હું તેમને બિરદાવુ છું કે આ ૧૫ વર્ષ પહેલાં લાવ્યા હોત તો સારું હતું અને હું આ કાયદાને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે તમે જોયુ હશે કે ૨૦૦૫ થી ૦૬માં આ નાગરિક અધિકાર કાયદો સરકારની કામગીરી વિશે ફીગર સાથે હું કહીશ કે ૧૦૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. અને તેમાંથી વાપર્યા કેટલાં ? તો કહે દસ લાખ. આ જોગવાઇથી જ એમ લાગે કે, ૧૦૦ લાખ એટલે એક કરોડ આ એક કરોડ આપે બજેટની અંદર ૨૦૦૫–૦૬માં નાગરિક અધિકાર પત્રમાં ફાળવ્યા હતા. અને તેમાંથી વાપર્યા કેટલાં ? માત્ર ૧૦ લાખ. જો ગરીબોના હિતની વાત થતી હોય, હમણાં માનનીય નીતિનભાઇ સાહેબ બોલતા હતા ત્યારે મને એમ થયું કે બટન ના ફાટી જાય, છાતી ના ફાટી જાય. કદાચ તેણે આવું કર્યુ હોત તો મને એમ થાત કે ના, ના બરાબર છે. હું તો તમને પાંચ મિનિટ આંખો બંધ કરીને સાંભળતો હતો અને લાગતું હતું કે હમણાં ગુજરાત નંદનવન થઇ જશે. કોઇ સારી વાત હોય તો આનંદ થાય, કોઇ સારું કામ થતું હોય ભૂતકાળમાં પણ અમે અનેકવાર સહયોગ આપ્યો છે અને આ કાયદો થાય. અમે આ કાયદાનો બહુ અભ્યાસ કર્યો છે. આ કાયદામાં જેટલું વર્ણન કરવામાં આવ્યું છે તેનો કદાચ જો અમલ થશે તો ગુજરાતની સાડા છ કરોડની જનતા તેમનો આભાર માનશે. પણ આ કાયદો કેવો પોલો બનાવ્યો છે તે સમજવાની જરૂર છે. સૌથી મોટી વસ્તુ એ છે કે કોઇ માણસ આ કાયદની વિરૂદ્ધ કામ કરે તો તેમને દંડ ૧ હજાર રૂપિયા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પાંચ હજાર રૂપિયા સુધી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આજના જમાનામાં ૧ હજાર રૂપિયા એટલે શું? કોઈ માણસ કાયદાનો ભંગ કરે, કોઇ વસ્તુ લેવાની છે અને ન થાય તો એક હજાર રૂપિયા કે પાંચ હજાર રૂપિયાનો દંડ એ શું કામનું? આમાં તો કડકમાં કડક જોગવાઇ હોવી જોઇએ. આપણે સંકલનની મિટીંગમાં કે બીજી મિટીંગમાં જેટલા ધારાસભ્યો છે તેમની ધારાસભ્યની ગ્રાન્ટ હોય કે એમ.પી.ની ગ્રાન્ટ હોય તો એના સો ટકા લક્ષ્યાંક પૂરા થતા નથી. પ્રભારી મંત્રીશ્રીની સૂચના હોય અને આટલા દિવસમાં પૂરા કરવાના છે તેમ કહે તો પણ એ પૂરા થતા નથી આનો મને જાત અનુભવ છે. તેથી કાયદા એવા કડક બનાવો કે જેથી કાયદાનો અમલ બરાબર થાય. હું તો માનનીય મંત્રીશ્રીને કહીશ કે પૈસા કરતા કોઇક એવી સજા પણ રાખો કે જેમાં પ્રમોશન અટકી શકે કે એવું કંઇક થાય, આટલા દિવસમાં આ ન થાય તો એવી સજા થશે એવી જોગવાઇ

કરો, માનનીય નરોતમભાઇ, તમે બોલ્યા પણ આ તો ૧૫ વર્ષ પહેલા અમે કરેલું છે. તમે આજે કરો છો. ૧૫ વર્ષ પહેલા કેન્દ્ર સરકારે સૂચના આપેલી છે અને ખરેખર આ કાયદો સારો છે, પણ એમાં ખરેખર પ્રેકટીકલી થવું જોઇએ, હમણાં લીસ્ટ બતાવ્યું કે ૧૭૩ જેટલી સેવાઓમાં આ થશે. પણ ખરેખર એમાં પારદર્શકતા આવે, લોકો એનાથી વાકેફ થાય તે માટે સરકારે તેની પ્રસિદ્ધિ પણ કરવી જોઇએ. બીજી પ્રસિદ્ધિ ઓછી વત્તી કરશો તો ચાલશે, પણ આમાં મહત્વની પ્રસિદ્ધિ થાય એ જરૂરી છે. અને લોકો સુધી આ પ્રસિદ્ધિ પહોંચે અને નાનામાં નાનો માણસ ગામડાંમાં ગ્રામ પંચાયત સુધી જાય તો બોર્ડ માર્યું હોય અને લોકોને ખબર પડવી જોઇએ કે આટલા દિવસમાં આ પ્રમાણપત્ર મળશે. અને એ કામ ન થાય તો આ કાયદા પ્રમાણે આ સજા થશે. તો જ આ કાયદાની મહત્વતા સચવાશે.

જયારે અમે પોઝીટીવ છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એક સૂચન પણ કરવું છે કે આની પ્રસિદ્ધિ સારામાં સારી થાય તો સારું થશે. અને કર્મચારી ભાઇઓને પણ તેમનું રક્ષણ મળે તે જરૂરી છે. મને આ કાયદો આવી રહ્યો છે ત્યારે ઘણાં લોકોના ફોન આવી રહ્યા છે કે અમારી પરિસ્થિતિ એવી નિર્માણ થઇ છે કે લોકોના હિતના કામો કરવા હોય તો પણ આપણે ત્યાં મેળાઓની સિસ્ટમ બહુ છે. સરકારી કર્મચારી જુદી જુદી જગ્યાએ રોકાયેલા હોય છે, એટલે એની પણ સરકારે તકેદારી રાખવી પડશે કે, સરકારી કર્મચારી સરકારનું જ કામ કરે અને કોઇના હિતનું કે કોઇ પાર્ટીનું કામ કરાવવામાં ન આવે તે પણ જોવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી મારી વિનંતી એ પણ છે કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આપણે સર્વસંમતિથી આને પસાર કરીએ, તમે કાયદો ચોકકસ બનાવો પણ કાયદામાં કર્મચારી ભાઇઓને પણ એમની તક મળે, નાના માણસને જે જોઇએ છે ધારો કે બક્ષી પંચનો દાખલો જોઇએ છે કે બીજો કોઇ દાખલો જોઇએ છે તો આજે તો ૨૧મી સદી છે. આજે યુગ એટલો ઝડપી ચાલી રહ્યો છે કે એ પ્રમાણે એમને ૧૫ દિવસમાં કે ૨૦ દિવસમાં મળે, આમાં કેટલા દિવસો કયા કામ માટે નકકી થયા છે એ તો માનનીય મંત્રીશ્રી બતાવશે ત્યારે ખબર પડશે, પણ અમે ભતૂકાળમાં જોયું છે તે પ્રમાણે લોકોના હિત માટે આમાં પારદર્શકતા દેખાય તેવો કડક કાયદો બનાવવાની જરૂર છે. આવો પહેલો કાયદો બનતો હશે.કોઇ માણસ કોર્ટમાં નહિ જઇ શકે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કોઇપણ વસ્તુ આપણે કરતાં હોઇએ ત્યારે અપીલ થતાં થતાં કોર્ટમાં જઇ શકાય. આમાં સ્પષ્ટ જોગવાઇ છે કે સચિવશ્રી સિવાય તમે આગળ નહિ જઇ શકો એટલે માનનીય મંત્રીશ્રી આ બાબતે ચિંતા કરે તેવી વિનંતી છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર વિધેયક ક્રમાંક-૨૦૧૩ લઇને આવ્યા છે એ અંગે મારા વિચારો રજૂ કરું છું.

સમય મર્યાદામાં સેવા આપવી એ તો નાગરિકનો અધિકાર છે. અને માનનીય મંત્રીશ્રીનો પ્રયાસ ખરેખર સારો છે. ભૂતકાળની વાત કરી કે ૧૯૯૮માં જે અધિકાર પત્રો આપ્યા હતા અને એ પછી જનસેવા કેન્દ્રો મામલતદાર ઓફિસમાં ચાલુ કરવામાં આવ્યા હતાં. ત્યાં થયું શું કે ધીરે ધીરે પ્રાઇવેટ એજન્સીઓ દાખલ થઇ ગઇ અને ત્યાં લેવડ દેવડનું કામ ચાલુ થયું એનાથી નાગરિકોને નુકસાન થયું છે. મારે એ કહેવું છે કે આપણે ખરેખર એટલા માટે ચૂંટાઇએ છીએ કે નાગરિકોની સેવા કરવી અને એ પણ સમયસર સેવા કરવી. પણ સાહેબ પરિસ્થિતિ એ થાય છે કે આપણે ગુજરાતની વાત કરીએ તો એમાં મોટા ભાગની જગ્યાઓ દરેક સ્ટેજે ખાલી છે. તાલુકા મથક, જિલ્લા મથક કે કોર્પોરેશનોમાં જોઇએ કે રાજય કક્ષાએ એમ દરેક જગ્યાએ જગ્યાઓ ખાલી છે. અને આપણે એવી આશા રાખીએ છીએ કે સમયસર કર્મચારી આ કામ કરી દે તો કદાચ એ શકય નહિ બને તેવું મને લાગે છે. કારણ કે એક એક કર્મચારી પાસે ૩ થી ૪ જગ્યાનો ચાર્જ છે અને આપણે એને એમ કહીએ કે તે સમય મર્યાદામાં કામ કર્યું નથી એટલે દંડ કરવામાં આવશે તો એ કદાચ માનનીય મંત્રીશ્રી આ યોગ્ય નથી. એટલે પહેલા તો આપણી ફરજ એ બને છે કે સમયસર આપણે જે જગ્યાઓ ખાલી છે એ ભરવી જોઇએ. માનનીય બલવંતસિંહે કહ્યું કે બિન ઉત્પાદકીય ખર્ચા કરવામાં આવે છે જે જાહેરાતો થાય છે એમાં અધિકારીઓ રોકાઇ રહે છે. જે મેળાઓ થાય છે એ સરકારને ઉપયોગી થાય તો બરાબર છે પરંતુ પાર્ટીની વાહવાહ કરવા માટે હોય એમાં જે કર્મચારી હોય એ બરાબર નથી. સચિવાલયના કર્મચારીઓ છે એ યોજનાઓ બનાવવા વ્યસ્ત હોય છે અને જે તાલુકા કે જિલ્લા મથકના

કર્મચારીઓ યોજનાનો અમલ કરવા માટે વ્યસ્ત હોય છે એટલે દસ-પંદર દિવસ સુધી અમને પણ મળી શકતા નથી. નાગરિકોને પણ મળી શકતા નથી એટલે એમનું કામ અટકી જાય છે. તેથી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં પણ થોડુંક જરૂર લાગે ત્યાં ફેરફાર કરવાની જરૂર છે.

બીજી બાબત એ છે કે જે મુકરર અધિકારીઓ, ફરિયાદ નિવારણ અધિકારીઓ, મુકરર સત્તામંડળો અને રાજય સત્તા અપીલ મંડળોની રચના કરવાની વાત છે એના માટે મેં થોડીક ગણતરી કરી નગરપાલિકા કે જિલ્લા લેવલ એમ બધે થઇને ૫૦૦ જેટલા બીજા નવા અધિકારીઓની નિમણૂક કરવી પડશે તો જ તંત્ર બરાબર ચાલશે. એના માટે પણ તમારે ખર્ચ જરૂર કરવો પડશે. આ પણ થોડીક ચિંતાનો વિષય છે.

સાથે બીજી બાબત કોઇપણ નાગરિક ફરિયાદ નોંધાવે છે ત્યારે એને તરત જ એની સ્લીપ મળવી જોઇએ. ત્રણ દિવસ શા માટે, કોમ્પ્યુટરનો જમાનો છે, એફ.આઇ.આર. ફાડે ત્યારે તરત એને સ્લીપ મળી જાય છે. તો આમાં પણ તરત સ્લીપ મળી જાય તો નાગરિકને ખ્યાલ આવે.

આમાં બીજી એક બાબત છે, રાજય અપીલ સત્તા મંડળ છે એમાં દીવાની કોર્ટની રીતે કાર્યવાહી કરવાની છે એમાં બૂક સાથે સોગંદ લેવડાવે છે એવી કાર્યવાહી કરવાની જોગવાઇ છે. એટલે મને એમ લાગે છે કે આમાં કોર્ટની રીતે અતિક્રમણ કરતાં હોય તેવું લાગે છે કારણ કે કોર્ટમાં જવાની જોગવાઇ નથી. દીવાની રીતે કેસો ચાલવાના એટલે એમાં થોડીક ચિંતા કરવી પડે તેવું મને દેખાય છે. મને ખ્યાલ નથી કે એમાં આપની શું પ્રતિક્રિયા હશે.

મારે બીજી વાત એ કરવી છે કે અત્યાર સુધી એવું હતું કે દર સોમવારે અને ગુરુવારે દરેક ઓફિસોમાં અધિકારીઓ મળી રહેતા હતા આજે મળતા નથી. સચિવાલય આવીએ દર મંગળવારે ધારાસભ્યોને અધિકારીઓ કે સચિવો મળવા જોઇએ એ મળતા નથી. અહીંયા પણ ઘણા સમયથી વિધાનસભામાં જોઇ રહ્યા છીએ કે અમે પ્રજાના પ્રશ્નો રજૂ કરીએ છીએ અને એના જવાબની અમે એટલા માટે અપેક્ષા રાખતા હોઇએ છીએ કે પ્રજાનો પ્રશ્ન છે એની અપેક્ષા છે એનો જવાબ યોગ્ય મળવો જોઇએ પણ મંત્રીશ્રીઓ આ ટાળવાની કોશિશ કરતાં હોય છે. ધારાસભ્યો પોતાની લાગણી, પ્રજાના પ્રશ્નો રજૂ કરતા હોય છે ત્યારે મંત્રીશ્રીઓની પણ એ ફરજ બને છે કે પોતાનો જવાબ ટૂંકમાં યોગ્ય રીતે આપવો જોઇએ. એ આપી શકતા નથી. એટલે મારો કહેવાનો મતલબ એ છે કે દિલથી એવું હોવું જોઇએ કે પ્રજા માટે આપણે ચૂંટાયા છીએ અને એ પ્રમાણે આપણે કાર્ય કરવું જોઇએ એમ મને લાગે છે, અધરવાઇઝ આ કાયદો લાવ્યા છે તેને આવકારીને વિરમું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મંત્રીશ્રી ગુજરાત જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર અંગેનું વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું.

આનંદની વાત છે કે અત્યારે જે કાયદો આવી રહ્યો છે તેનાથી મામલતદાર ઓફિસમાં, તાલુકા પંચાયતમાં, જિલ્લા પંચાયતમાં, જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ સચિવાલયમાં, કલેકટર ઓફિસમાં, પોલીસ સ્ટેશનોમાં એટલે કે સરકારી-અર્ધ સરકારી સંસ્થાઓમાં, જયાં સામાન્ય રીતે નાગરિકોની એવી ફરિયાદ હોય કે ધક્કા ખાવા પડે છે, કોઇ સાંભળતું નથી. અરજી કરીએ તો દીકરાના દીકરા જન્મે તો પણ તેનો નિકાલ થતો નથી અને કર્મચારીઓ-અધિકારીઓ જેમ આગળ વકતાઓએ વાત કરી એમ પોલીટીકલ પાર્ટીઓના પ્રોગ્રામોમાં જતા રહેતા હોય છે. ખરેખર બધા કર્મચારીઓ-અધિકારીઓને ગમતી બાબત પણ નથી હોતી તેમ છતાં પણ ઘણી વાર જવું પડતું હોય છે, એટલે આ બિલ લાવવાથી તેમણે સમય મર્યાદામાં આવશ્યક સેવાઓ પૂરી પાડવી પડશે. એટલે કાનૂની રીતે જયારે આ ફરજ પાડવામાં આવે ત્યારે ખાસ તો આ બિન અસરકારક અને મર્યાદિત કામો જે થતા હતા એમાં ઘણો સુધારો આવશે.

બીજું, એ કે સંબંધિત સેવા જયારે કોઇ સમય મર્યાદામાં પૂરી ન થાય ત્યારે નારાજ વ્યકિત એ ફરિયાદ નિવારણ અધિકારી સમક્ષ ફરિયાદ કરશે. જો તેનાથી સંતોષ ન થાય તો તેમણે કહ્યું એ પ્રમાણે સત્તા મંડળ મુકરર હોય એને કરશે અને એનાથી પણ સંતોષ નહીં થાય તો અપીલમાં સત્તા મંડળમાં જશે. મારું એ કહેવું છે કે માનનીય મંત્રીશ્રી જો આનાથી પણ આગળ એવી વાત કરે કે આ આદેશને જો લોકાયુકત સુધી પડકારી શકાય તો જ આ વિધેયકનો સાચો હાર્દ જળવાઇ રહેશે અને જો સરકાર પણ લોકાયુકતથી થયેલી

નિમણૂક સ્વીકારી અને છટકવાની જે વૃત્તિ છે એ બંધ કરીને અમલવારી કરવા દે તો. ઘણા બધા રાજ્યો એવા છે, દિલ્હી, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા, બિહાર વગેરેમાં તો આ કાયદો ઘણા વર્ષોથી છે જ. પણ માનનીય મંત્રીશ્રી જે પ્રમાણે કહે છે કે ૧૭ વર્ષે ભાજપની સરકાર હતી છતાં હવે કેમ કાયદો લાવે છે? તો કેન્દ્ર સરકાર સિટિઝન ચાર્ટરનું બિલ લાવે છે. જયારે આખા દેશમાં એવી માંગ ઉઠી છે કે નાગરિકોના અધિકારની વાત આવી છે ત્યારે આપણી સરકાર આ કાયદો લઇને આવે છે. એટલે મોડા મોડા પણ આપણું તંત્ર જાગ્યું છે માટે હું અભિનંદન આપું છું અને મારું એ કહેવું છે કે આ પોસ્ટ જે છે, મોટે ભાગે તલાટીઓ હોતા નથી. તમે જૂઓ તો સામાન્ય પ્રશ્નો, આજ સુધી એક મહિનાથી ચર્ચાતા આવ્યા હતા કે કોઇપણ મહેકમ હોય તો રાજયમાં પૂરા ભરવામાં આવતા નથી. લગભગ ૪૦ ટકા જગ્યાઓ એવી હતી, આપણે બધાએ પ્રશ્નોત્તરીના જવાબમાં સાંભળ્યું કે મહેકમ ઉપર પૂરો સ્ટાફ એ વખતે ભરેલો નથી તો હવે નવા નવા વિધેયકો લાવીશું અને નવા નવા મહેકમ ભરવાના થશે ત્યારે આ કેવી રીતે જગ્યાઓ સરકાર પૂરી કરશે એ પણ એક પ્રશ્ન છે અને બીજું કે જે પણ અધિકારીઓ કે કર્મચારીઓને જો પૂરતો પગાર આપવામાં આવે તો જ આ ભ્રષ્ટાચાર અટકે.

અધ્યક્ષશ્રી : આ બધા મુદ્દા આવી ગયા. કંઇ નવું રહ્યું હોય તો કહો. કર્મચારીઓના પગાર કે ભ્રષ્ટાચાર સિવાયની વાત કરો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આર.ટી.આઇ. એકટ આવ્યો એનાથી છ જેટલા લોકોની જાહેરમાં હત્યા થઇ છે અને ૧૫ જેટલા લોકો ઉપર હુમલા થયા છે એટલે મારું એ કહેવાનું છે કે નાગરિકો આ અધિકાર માટે જયારે અરજી કરે ત્યારે તેમની સલામતીનો પણ મોટો પ્રશ્ન ઉભો થશે. એટલે એમને પણ સુરક્ષા આપવી પડશે. બીજું, ઓરિસ્સામાં એવું છે કે જેટલા દિવસો વધારે થાય એટલા ૨૫૦ રૂપિયાની પેનલ્ટીથી એના પર પેનલ્ટી વધતી જાય. બીજું, કે ફરીયાદ નિવારણ અધિકારીની નિમણૂક કોઇ પોલિટીકલ આગેવાનની ભલામણથી કરવામાં ન આવે, પરંતુ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનથી મેરિટ પ્રમાણે થાય અને ટ્રાન્સપરન્સી જળવાઇ રહે તો વધારે સારું રહે અને છેલ્લે આ આદેશ લોકાયુક્ત સુધી પડકારી શકાય તો પણ વધારે સારી બાબત છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયક-૨૦૧૩ જે આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એને હું આવકારું છું સાથોસાથ એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને ૧૯૪૭માં આઝાદી મળી એને આજે લગભગ ૬૬ વર્ષ થયા. આઝાદી મળી ત્યારે માણસોને એમ હતું કે, હવે તો આપણું રાજ્ય આવી ગયું છે. ઘી-દૂધની નદીઓ વહેશે, ગામડા ગોકુળીયા થશે, આપણા રાજ્યમાં આપણું રાજ્ય ચલાવીશું. આ પરિસ્થિતિમાં ૬૬ વર્ષ જતા રહ્યા. સરકાર આ પક્ષની હોય કે બીજા પક્ષની હોય એનાથી કોઇ ફેર પડતો નથી. હું રાજકીય અવલોકન કરતો નથી. હું એ કહેવા માગું છું કે, સરકારે ૧૯૯૮માં નાગરિક અધિકાર પત્ર દાખલ કર્યો. ખરેખર જો આ નાગરિક અધિકાર પત્રની સાથોસાથ આ સરકાર તે દિવસે આ બિલ લઇને આવી હોત તો આપણા રાજ્યની જનતાની વધુ સારી સેવા થઇ શકી હોત. આ બિલ આવ્યું છે એનાથી ઘણા બધા ફાયદાઓ થશે. છેલ્લે હું તમારા રાજકોટનો એક દાખલો આપું છું. રાજકોટની કલેક્ટર કચેરીમાં એક બહેન એના રેશન કાર્ડ માટે ગયા અને પછી એની શું હાલત થઇ? એનું હું વર્ણન કરી શકું તેમ નથી. એટલા માટે કહું છું કે, સરકાર આ પક્ષની હોય કે બીજા પક્ષની હોય. કર્મચારીઓ અને અધિકારીઓ ઉપર જવાબદારી જેવી વસ્તુ હોય અને એના ઉપર નિયંત્રણ હોય, એના ઉપર કોઇ પગલાં લેતા હોય એવી સ્થિતિ નથી. એ સંજોગોમાં આ બિલ છે એ આ રાજ્યની જનતાને ખૂબ જ ઉપયોગી થવાનું છે. એટલા માટે સરકારને હું ફરીથી અભિનંદન આપું છું. આ બિલથી ઘણા બધા ફાયદા થશે પરંતુ આ બિલમાં થોડીક ખામીઓ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, જેવી રીતે ખુલ્લા દિલે આ બિલને સ્વીકારું છું એમ મારી વાત પણ તેઓ ખુલ્લા દિલે સ્વીકારે. આ બિલમાં દંડની જોગવાઇ છે એ બહુ ઓછી છે. કોઇપણ કામ ન થાય એ દિવસથી જ દંડ લાગુ પાડો અને દંડની રકમ પણ વધારે તો હું માનું છું કે,

કર્મચારીઓ અને અધિકારીઓ ઉપર એનો બોજો રહેશે અને દંડના ડરથી એ કામ કરતા થશે. મધ્ય પ્રદેશમાં આવું બિલ છે, મધ્ય પ્રદેશ પબ્લિક સર્વિસ ગેરંટી બિલ-૨૦૧૦ આ બિલ લઇને આવ્યા છે. પછાત ગણાતા રાજય બિહારે પણ બિહાર રાજ્ય સેવા ગેરંટી વિધેયકનો અમલ શરૂ કરી દીધો છે. એ રાજ્યોના બિલની જોગવાઇ છે એ આપણા રાજ્યના બિલ કરતાં એના દંડની રકમમાં પણ સખત વધારો છે અને જોગવાઇઓ પણ કડક છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બિલમાં દંડની રકમમાં પણ વધારો કરો. સાથોસાથ જે દંડ કરવામાં આવે છે એ જવાબદાર નાગરિક છે એ બેજવાબદાર અને બેદરકાર કર્મચારીઓ અને અધિકારીઓનો ભોગ બને છે. એને આ દંડની રકમ આપવાની જોગવાઇ કરવી જોઇએ અને તો જ એ અરજદારને ન્યાય મળ્યો ગણાય એવું મને લાગે છે.

સ્ટેટમાં અપીલ માટેની વાત છે. એ અપીલ અધિકારી સમયસર એનો નિકાલ ન કરે અથવા અપીલ અધિકારીના નિર્ણય સામે અરજદારને વાંધો હોય અને જ્યારે એ સ્ટેટમાં અપીલ કરે ત્યારે એના માટે વિશેષ જોગવાઇ કરી નથી. એમાં દંડની પણ સરખી સત્તા છે અને અપીલ અધિકારી પહેલા સ્ટેજનો જે છે એને દંડવાની કોઇ આમાં જોગવાઇ નથી. એટલે ખરેખર એને દંડ કરવાની પણ આમાં જોગવાઇ રાખવી જોઇએ. બીજું આ અપીલ જયારે સ્ટેટમાં જાય એટલે પહેલો અપીલ ઓફીસર પાસેથી અરજદારને ન્યાય ના મળ્યો હોય એની સામે સ્ટેટમાં જો અપીલ કરે અરજદાર ત્યારે એની સમયમર્યાદા કોઇ નિશ્ચીત નથી. કારણ કે એના માટે તમે રાજયમાં એક જ અપીલ ઓથોરીટી રાખી છે. આટલા બધા જિલ્લા છે, આટલી બધી અપીલ અરજીઓ આવે અને આર.ટી.આઇ.ની અપીલનો જે પ્રશ્ન છે, એ બહુ ગુંચવાડાભર્યો થઇ ગયો છે. અત્યારે ૨૫હજાર જેટલા કેસ પેન્ડિંગ છે, કારણ કે અપીલ ઓથોરીટી એક જ છે. એટલે કેસમાં બહુ ડીલે થાય છે. આના માટે રાજયમાં જે અપીલ ઓથોરીટી છે એવી ઓથોરીટી જો જિલ્લે જિલ્લે રાખવામાં આવે તો અરજદારોને આર્થિક ભારણ પણ ઓછું આવે. અને એને વહેલા ન્યાય મળે. અપીલના નિકાલ માટેની કોઇ સમયમર્યાદા પણ નથી. એમાં પણ જો સમયમર્યાદા દાખલ કરવામાં આવે તો હું માનુ છું ત્યાં સુધી અરજદારોને ઝડપથી ન્યાય મળી શકે.

આમાં એક બીજું પ્રોવિઝન રાખવાની જરૂર છે. ફાયરબ્રિગેડ હોય, પોલીસ હોય, મેડીકલ સર્વીસ એવી માનવજીવનને બચાવતી જે સેવાઓ છે આ સેવાઓ માટે એને તાત્કાલિક ચોકકસ સમયમર્યાદામાં એની સામે જવાબદાર જે કર્મચારીઓ કે અધિકારીઓ હોય એની સામે પગલા લેવાની આવા કિસ્સાઓમાં ખાસ વિશેષ જોગવાઇ કરવી જોઇએ તો જ હું માનુ છું આ ઇમરજન્સી સર્વીસ સેવાનું મૂલ્ય સમજાશે. દંડની રકમ જે સરકારી તિજોરીમાં જમા કરાવે છે એના માટે અરજદારને આપવી જોઇએ અથવા થયેલ નુકસાન બદલ અથવા તો કોઇ અલગ કલ્યાણકારી વિકાસ ફંડ ઉભું કરવું જોઇએ તો એનાથી આપણને ફાયદો થશે. જે જવાબદાર કર્મચારીઓને દંડ કરવામાં આવે છે એમાં દંડ સિવાય પણ કર્મચારીઓ તો જ જવાબદાર થશે કે જો એણે ફરજમાં બેદરકારી દાખવેલી હોય એ સાબિત થાય તો એના સી.આર.માં પણ નોંધ કરવી જોઇએ, એના ઇન્ક્રીમેન્ટ ઉપર પણ અસર થવી જોઇએ, એને બિન સંવેદનશીલ જગ્યા પર બદલી પણ નાખવા જોઇએ. આવી જો કડક જોગવાઇ થઇ તો હું માનુ છું કે અધિકારીઓ અને કર્મચારીઓ ઉપર પણ આની અસર થશે.

ફરીથી કહુ છું કે આ બિલ માનનીય મંત્રીશ્રી લઇ આવ્યા છે, ભલે મોડું લઇ આવ્યા, દેર આયે, દુરસ્ત આયે પણ તમે લઇ આવ્યા છો, સારા હેતુથી લઇ આવ્યા છો ત્યારે તમને સારા હેતુથી મેં જે સૂચનો કર્યા એ ખુલ્લા દિલે જો તમે આ સૂચન સ્વીકારશો તો તમારું આ બિલ છે એ બિલ વધુ અસરકારક બનશે. આ બિલ વધુ અસરકારક બનશે તો રાજયની જનતાને ખૂબ મોટો ફાયદો થશે. અને ખરેખર લોકશાહીમાં લોકોને જે લોકશાહીના ફળ મળવા જોઇએ એ સમયસર મળતા થશે એવું હું માનુ છું ત્યારે આ બિલને હું આવકારું છું અને આવકાર આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક નંબર-૩૨ ધી ગુજરાત રાઇટ ઓફ સીટીઝન્સ ટુ પબ્લિક સર્વિસ બિલ જે લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપુ છું. માનનીય નાણામંત્રીશ્રીના અંદાજપત્રના પહેલા પાના ઉપર માત્ર બે લાઇનો છે એ વાંચી સંભળાવું છું.

## સરકારી વિધેયકો

અગિયાર વર્ષના અદકેરા પ્રવાસની આ વાત છે. સૌની સાથે સૌના માટેના વિકાસની આ વાત છે. લોકશાહીનું પર્વ છે, સત્યની અગન કસોટી છે. છ કરોડ જનતાના વિકાસની આ વાત છે. જનસેવા અને જનહિત વિચાર જેના હૈયે હોય તેવા આયોજન, પ્રયોજન પ્રકાશની આ વાત છે. માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને આ બિલ લાવવા બદલ હું અભિનંદન આપુ છું અને સમર્થન આપુ છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે બે–ત્રણ મિનિટમાં પૂરું કરજો. પહેલા ૩૦ મિનિટ તમે બોલ્યા છો શરૂઆતમાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ જેટલી સ્પષ્ટતાઓ માગી છે..

અધ્યક્ષશ્રી : જેટલું કરવું હોય તો મને વાંધો નથી. પછી એક બિલ બાકી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સમય લંબાવીએ છીએ સાહેબ.

અધ્યક્ષશ્રી : સમય લંબાવવાથી નહીં, બિલ કેટલા કલાક સુધી ચલાવવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હવે એક જ રહ્યું છે. એના પછી એક જ છે.

અધ્યક્ષશ્રી : એના પછી એક બિલ એટલે એ કેટલી કલાક લેશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ નાનુ જ છે.

અધ્યક્ષશ્રી : તમારે જે કહેવું હોય એ ટૂંકમાં કહો નહીંતર હું સીધું મત માટે મૂકું છું. તમે ખૂબ વિસ્તૃત રીતે શરૂઆત કરી છે. જવાબ દેવાના હોય એ દઇ દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા જવાબ આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ અગત્યના ઐતિહાસિક બિલ ઉપર માનનીય બલવંતસિંહજી, માનનીય જોષીયારાજી, માનનીય તેજશ્રીબેન, માનનીય રાઘવજીભાઇ અને માનનીય દુષ્યંતભાઇ પટેલે સમર્થન આપતા વિચારો વ્યક્ત કર્યા છે. કેટલાકે સૂચનો પણ કર્યા છે, પ્રશ્નો ઉભા કર્યા છે. આ અંગે વિગતો આપું કે અહીંયા જે નાગરિકોને વળતર આપવાની વાત કરી તો કલમ ૨૩–એ છે એમાં આપણે વ્યવસ્થા કરી છે કે જે નાગરિકને નિર્ણય મોડો આવવાના કારણે કોઇ નુકસાન થયું હોય તો એને વળતર આપવું. આ વળતર જેટલો દંડ કર્યો હોય એનાથી વધારે માત્રામાં નહીં એટલું આપવાની વ્યવસ્થા આપણે કરી છે.

બીજું આપે કહ્યું કે અપીલ માટે વ્યવસ્થા તંત્ર વધારવું જોઇએ. આ માટે કલમ ૧૨–એ જોશો તો રાજ્ય સરકારે જરૂર પ્રમાણે કોઇ સિલિંગ નથી રાખી. જરૂર પડશે તો આપણે જિલ્લા દીઠ પણ અપીલ તંત્ર મૂકીશું કે જેથી જિલ્લાના પ્રશ્નો અને તકલીફોનું નિવારણ થાય. દંડ બાબતે પણ માનનીય સભ્યશ્રીઓએ સૂચનો કર્યા છે. બહુ વધારે ૨૫ હજાર કે ૫૦ હજાર રાખવા જોઇએ એવું પણ વિપક્ષના સભ્યશ્રીએ કહ્યું. સાથોસાથ એવું પણ કહ્યું કે કર્મચારીને તકલીફ ન પડે એ પણ જોજો. એટલે આપણે વાજબી અને વહેવારિક રાખીશું. બીજા રાજ્યોમાં બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં ૫૦૦ થી માંડીને ૫૦૦૦ રૂપિયા સુધીનો દંડ છે. આપણે મિનિમમ ૧૦૦૦ થી માંડીને ૧૦ હજાર સુધીના દંડની જોગવાઇ કરી છે. એક જોગવાઇ આપણે એ પણ કરી છે કે કોઇ કર્મચારી, કોઇ કામ કરવામાં વિલંબ કરે એ વહીવટી બાબત છે પણ વિલંબ કરવા માટે જો એનાથી ભ્રષ્ટાચાર માટેનું કોઇ કારણ હોય તો અપીલ અધિકારી રાજ્ય સરકારને સૂચિત કરી શકે કે આ....(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજના એજન્ડા ઉપર જે બિલો છે એ પુરા ન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય વધારવામાં આવે છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, બીજું સૂચન થયું, જોષીયારાજીએ વાત કરી કે અપીલ કરવાની જોગવાઇ, દીવાની સત્તા સત્તામંડળને છે એ ક્લોઝ કરી દીધી છે. એવું નથી. ભારતીય એક્ટમાં પણ એ પ્રમાણેની જોગવાઇ છે. છતાં બંધારણની કલમો પ્રમાણે કોઇપણ વ્યક્તિને જરૂરી લાગે તો નામદાર હાઇકોર્ટમાં આ અંગેની દાદ માગી શકે છે. એટલે હાઇકોર્ટમાં જવાનો આ કાયદાથી કોઇ પ્રતિબંધ રહેતો નથી. પણ રાજ્ય કક્ષાની દીવાની કામગીરીથી આ પ્રશ્ન પૂરતું તંત્ર પૂરું થશે. બીજી વાત કરવામાં આવી કે કર્મચારીને પણ હેરાનગતિ ન થાય. રાજ્ય સરકારની ચોક્કસ જવાબદારી છે કે કર્મચારી/ અધિકારી અને તંત્રને પણ કોઇ ખોટી રીતે, ખોટો માણસ, ખોટી રીતે અરજીઓ કરી, દબાણ કરી અને પૂર્વગ્રહથી હેરાન ન

કરે. એના માટે પણ કાયદામાં જોગવાઇ રાખી છે. અધિકારી સાચી રીતે ના પાડે અથવા સમય વધારે જાય તો અપીલ ઓથોરિટીને એ સમય વધારો મજરે આપવાથી અને માન્ય રાખીને એ એની જોગવાઇ કરી છે. એટલે કર્મચારીને સાચી રીતે પ્રજાકીય કામ કરતા હોય એમની આપણે પૂરેપૂરી કાળજી આ કાયદામાં રાખી છે. છેલ્લી વાત કરું કે અહીંયા માનનીય વિપક્ષના સભ્યશ્રીએ કહ્યું કે 'દેર આયે દુરસ્ત આયે'. ૧૯૯૮માં તમે શું કર્યું હતું? ૧૯૬૦માં ગુજરાત બન્યું. ૧૯૯૮ સુધી આપ સૌની નામદાર સરકારો હતી. ૧૯૯૮ સુધી આવો કોઇ કાયદો અમે ૩૫ વર્ષમાં જોયો નથી. તમે જો કર્યું હોત ૧૯૯૮માં તો અમારે શા માટે કરવું પડતું? તમે વહેલું કર્યું હોત તો સારો ફાયદો થાત.

બીજું કેટલાક વિપક્ષના સભ્યશ્રીઓએ ભારત સરકારની વાત કરી. ભારત સરકારના કાયદાની સ્થિતિ સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકું, કેન્દ્ર સરકારમાં આ કાયદો હજુ મંજૂર થયો નથી. કેન્દ્ર સરકારમાં આ બિલના સુધારા-વધારા અને કેન્દ્રની કેબિનેટે તા.૭/૩/૨૦૧૩ નાં રોજ મંજૂરી આપી છે. લોકસભામાં દાખલ થયું છે. લોકસભામાં હજુ આ બિલ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયું નથી, વિચારાધીન છે એટલે કેન્દ્રના કરતા પહેલું ગુજરાત સરકારે આ પ્રજાકીય બિલ મંજૂર કર્યુ છે એ આપ સૌના ધ્યાન માટે, સૌ સભ્યોએ પ્રજાના હિતમાં સર્વાનુમતે કરવાની ખાતરી આપી છે એ બદલ હું બધાનો આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૧૩નું ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૩૦, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૧૩નું ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૧૩નું ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩.

ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયક, ૨૦૧૩

**રાજ્ય સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી પ્રાથમિક શાળા સહિતની, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક અને હેડમાસ્તરની ભરતી કરવા માટે, રાજ્ય શાળા સેવા આયોગની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ બિલમાં ગૃહના બધા જ માનનીય

• વિધેયક તા.૨૧મી માર્ચ ૨૦૧૩ નાં રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા.૧લી એપ્રિલ,૨૦૧૩
## સરકારી વિધેયકો

સભ્યશ્રીઓ જ્યારે પણ ચર્ચામાં ભાગ લીધો છે ત્યારે ગુણવત્તાનો આગ્રહ રાખે છે એ વહિવટમાં હોય કે અન્ય કોઇપણ બાબતમાં મેરિટનો આગ્રહ રાખે છે. આજે હું એવું જ બિલ મારા વિભાગનું લઇને આવ્યો છું. સમાજમાં વાલીઓ આપણને ઘણીવાર ફરિયાદ કરતા હોય છે કે મારું બાળક ૧ થી ૭ ધોરણમાં ભણે છે એને આંક નથી આવડતા, એને લખતાં–વાચતાં નથી આવડતું. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષક એ બાળકને ભણાવે છે. બાળક, આવતીકાલનો નાગરિક છે. સારું શિક્ષણ મળે એ આપણા બધાનો હેતુ છે. બધા ચિંતન કરે છે, ચિંતા કરે છે અને છતાં આજની સ્થિતિ આ છે અને અનુભવના આધારે બાળકને ભણાવનાર જે શિક્ષક છે એની ભરતી જયારે થાય છે ત્યારે ક્યાંક કોઇને કોઇ પ્રકારે ક્ષતિ રહી જવાના કારણે, કોઇ શેહ–શરમ, કોઇ લાગવગ, કોઇ અન્ય કારણોસર માનનીય અધ્યક્ષશ્રી, લાયકાતવાળા ઉમેદવારોને અન્યાય થતો હોય છે અને એ અન્યાય ન થાય એટલા માટે હું આ ગૃહ સમક્ષ શાળા સેવા આયોગ વિધેયક– ૨૦૧૩ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ માનવ જીવનનો પાયો છે. સો ટકા શિક્ષણ અને સારું શિક્ષણ એ રાજય સરકારનો ધ્યેય છે. રાજય સરકારનું કર્તવ્ય પણ છે. શિક્ષણમાં કયાંય લાગવગ ના હોય, શેહ–શરમ ના હોય એ ખૂબ જરૂરી છે. માત્ર ને માત્ર ગુણવત્તા અને મેરિટના આધારે જ પ્રાધાન્ય આપવામાં આવે, અહીંયા આપણે બધા જ આ વાત સાથે સહમત પણ થઇશું. આ બધું ત્યારે જ બની શકે જયારે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને, વિદ્યાર્થીને સારું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપણે આપી શકીએ અને એ શિક્ષણ આપનાર શિક્ષક મેરિટના આધારે જ પસંદ થાય, ભરતી પ્રક્રિયા પારદર્શક હોય, ભરતી પ્રક્રિયામાં કયાંય શેહ–શરમ કે મારો–તારો ના હોય, આ હેતુ સાથે આજે હું આ બિલ લઇને આવ્યો છું.

અનુભવથી જાણવા મળ્યું છે કે, આમાં ક્યાંક ક્ષતિ રહી જતી હોય છે. એ ક્ષતિ દૂર કરવી એ આ રાજય સરકારનો ઉમદા હેતુ છે. રાજય સરકારની સો ટકા અનુદાનથી ચાલતી ધોરણ–૧ થી ધોરણ–૧૨ સુધીની શાળાઓમાં શિક્ષકોની, આચાર્યોની ભરતી એક જ કમિશન દ્વારા થાય અને સો ટકા ગુણવત્તા જાળવી શકાય એ આ બિલનો ઉમદા હેતુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પારદર્શકતાનું એક ઉદાહરણ આપવા માગુ છું. અત્યારે રાજય સરકારનું જે માધ્યમિક શિક્ષણ બોર્ડ છે એ પરીક્ષા લે છે. ધોરણ–૧૦ અને ૧૨ની જે પરીક્ષા લેવામાં આવે છે, પરિક્ષક એ કયા તાલુકા, કયા જિલ્લાનું વિદ્યાર્થીનું પેપર તપાસે એની પરિક્ષકને પોતાને ખબર નથી હોતી. કોઇપણ કક્ષાએ, કોઇપણ રીતે કે કોઇપણ વિદ્યાર્થીને મદદ કરી ન જ શકે એ પ્રકારની અત્યારની રાજય સરકારની વ્યવસ્થા છે આ. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં સુધી મારી કહેવાની તૈયારી છે કે, શિક્ષણ મંત્રી તરીકે હું ધારું તો મારા સંતાનને મદદ કરી શકું નહીં એવી પદ્ધતિ છે અત્યારે. તો એવી પદ્ધતિ આ ભરતી પ્રક્રિયામાં પણ દાખલ કરવા માટેનો આ રાજય સરકારનો હેતુ છે. આ કમિશનના કારણે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકો ઉપલબ્ધ થશે અને તેનું જ્ઞાન, કૌશલ્ય, વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો શિક્ષક મળશે અને આના દ્વારા એક આપણે ઇચ્છીએ છીએ એવી નવી પેઢી આપણે તૈયાર કરી શકીશું. ઉમેદવાર એક જ જગ્યાએ અરજી કરી શકે અને પ્રાપ્ત થયેલ ગુણવત્તાના આધારે રાજયની કોઇપણ શાળામાં એને તક મળી શકે. રાજય સરકાર જયારે સો ટકા પૂરેપૂરો પગાર આપે છે તો શિક્ષકની પસંદગીમાં પણ રાજય સરકારની પાસે જ આ પ્રક્રિયા હોય એ સ્વાભાવિક છે. આ બિલના કારણે ભરતી પ્રક્રિયા ટેકનોલોજીકલ સોફ્ટ વેરના આધારે જ થશે, સંપૂર્ણ પારદર્શક હશે, જેમાં કોઇપણ સ્તરે, કોઇપણ સત્તા, વ્યક્તિનો હસ્તક્ષેપ નહીં જ બને અને ભરતી પ્રક્રિયાના કારણે કેન્દ્રીત યોગ્ય સંકલન સાધતા, વહીવટ સરળીકરણ થશે અને નાણાકીય હિત પણ જળવાશે. જેના લીધે લાયકાત અને ગુણવત્તા ધરાવતા ઉમેદવારોની જ પસંદગી થશે. ભૂતકાળમાં કોઇપણ કારણોસર રહી જતી નાની મોટી ક્ષતિઓના કારણે યોગ્યતા ધરાવતા, લાયકાત ધરાવતા ઉમેદવારોને અન્યાય કરવાનું આવતું હતું એ નહીં થાય અને સંપૂર્ણપણે વિદ્યાર્થીનું જ હિત જળવાશે. આ બિલમાં ત્રણ સભ્યો રહેશે. એક ચેરમેન રહેશે. જે જાહેર જીવનની અંદર ન્યાયિક અથવા તો વહીવટી સેવામાં મહત્વના પદ ઉપર હોય અથવા તો રહેલ હોય એવા વ્યકિત, બાકીના બે સભ્યોમાં યુનિવર્સિટીના અધ્યાપક અથવા તો કોલેજના પ્રિન્સીપાલ તરીકેનો અથવા હેડ માસ્તર તરીકેનો ઓછામાં ઓછો પંદર વર્ષનો અનુભવ જેમને હોય એવા વ્યકિતને મૂકવામાં

આવશે. આયોગના અધ્યક્ષ અને આ સભ્યોની મુદત ચાર વર્ષની રહેશે અને આની નિમણૂક રાજય સરકાર કરશે.

અધ્યક્ષશ્રી : ભુપેન્દ્રસિંહ, આ બધું આની અંદર લખેલું છે. તમારે ટુંકું જે કહેવું હોય એ કહો. આ બિલની અંદર લખેલું હોય એનું રિપિટેશન કરવાની જરૂર નથી. એનો હાર્દ કહો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ જ હાર્દ છે. એકસૂત્રતા, પારદર્શકતા આ મુખ્ય હેતુ છે. હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું કે પોતાના સૂચનો વ્યકત કરે અને સર્વાનુમતે આ બિલને પસાર કરે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે. આ ગુજરાતમાં આવું પહેલું બિલ હશે કે ગુજરાતની એક તરાપ જે લોકોએ છેલ્લા સાઇઠ વર્ષોથી આ ગુજરાતની સેવા કરી છે. જુદાજુદા ટ્રસ્ટો બનાવીને, ગામડાંમાં રહેતા સામૂહિક લોકો એક સારું ટ્રસ્ટ બનાવે, કેટલાય લોકો ટ્રસ્ટની અંદર પારદર્શીતા રાખીને, મને આજે પણ યાદ છે કે દરેક ગામની અંદર વારાફરતી દરેક કોમનો વ્યકિત હોય એવું એક સરસ ટ્રસ્ટ બનાવીને એનું એક આયોજન ચાલતું હતું અને એના કારણે આજે ગુજરાત જે સ્થિતિમાં છે સુખી સંપન્ન, એ ટ્રસ્ટોના કારણે એમને સારું ભણાવ્યા એના કારણે આજે આપણે સુખી સંપન્ન છીએ અને આજે દુઃખ સાથે કહેવું પડે કે સમગ્ર ભારતની અંદર આવો કાયદો નહીં બન્યો હોય. માનનીય મંત્રીશ્રી આવો એક નવો કાયદો લઇને આવ્યા છે. એકવીસ કલમો સાથે લાવ્યા છે.

આ કાયદો એટલા માટે બનાવવામાં આવ્યો છે કે એક બાજુ સરકાર એમ કહે કે દિનપ્રતિદિન સરકાર લોકભાગીદારીની વાત કરે, બીજા અનેક કાયદાઓ બનાવે અને એની અંદર એમ કહે કે અમે લોકોને ભાગીદાર રાખીશું. લોકો સમક્ષ વહીવટ જાય અને જયારે એક બાજુ સરકાર બીજા મોઢે વાત કરે કે જયાં લોક ભાગીદારીથી ચાલે છે ત્યાં આગળ અસરકારક એકત્રીકરણ કરીને પોતાની તરાપ મારે છે એવું આ બિલમાં સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. એક બાજુ સરકાર એનો જે શિક્ષણનો વહીવટ છે એ આજની પરિસ્થિતિમાં ૨૫૬૧૪ શિક્ષકોની ઘટ છે. ગુજરાતમાં એક બાજુ શિક્ષકોની પરિસ્થિતિનું નિર્માણ નથી થતું અને એક બાજુ એવો કાયદો બનાવીને જયાં આ શિક્ષકોની પરિસ્થિતિનું નિર્માણ એવું થવાનું છે કે જે ગામમાંથી આજુબાજુ થઇને લોકો ઓળખતા હતા, એક ટ્રસ્ટ ઓળખતું હતું દસ પંદર જણાનું અને એની પાસેથી શિક્ષકોને ઇન્ટરવ્યૂ આપીને, બોલાવીને જે પદ્ધતિ થતી હતી એના બદલામાં સરકાર એમના ત્રણ માણસો નકકી કરશે અને જે રીતે શિક્ષકો ત્યાં આગળ મોકલશે આજે મને દુઃખ થાય છે કે શિક્ષકોની ઘટ રાજય સરકાર પૂરી શકતી નથી. ગણિતનો વિષય હોય, વિજ્ઞાનનો વિષય હોય એમાં શિક્ષણ પૂરું આપી શકાતું નથી અને એકબાજુ સરકાર લોકભાગીદારીની વાત કરીને બીજીબાજુ આખોને આખો કાયદો બનાવીને જેટલા ટ્રસ્ટો, જેની લાગણી, જે લોકોએ તનતોડ મહેનત કરીને એમાં સેવા આપી છે, રૂપિયા આપીને ડોનેશન આપ્યું છે સ્કૂલના ઓરડાથી માંડીને એની પદ્ધતિ કરી છે એ બધાને ઠેસ પહોંચાડવાનું અને બધા પાસેથી સત્તા હાંસલ કરવાનું આ સરકાર બિલ લઇને આવી છે.

મારી સરકારને વિનંતી છે કે આજે પણ સરસ રીતે આપણી પદ્ધતિ ચાલી રહી છે. આમાં કેટલાય લોકો એવા બેઠેલા હશે કે અવારનવાર ટ્રસ્ટો સાથે જોડાયેલા હશે. આજે પણ આપણે શિક્ષણ તરફ કદમ વધારી રહ્યાં છીએ. ખાસ કરીને મારે કહેવું છે કે ભારતીય બંધારણની જે કલમ છે -૧૯(૧) મુજબ એની અંદર કલમ-૧૪ હેઠળ ટ્રસ્ટોને ભરતી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. એવું આપણું આ ભારતીય બંધારણ કહે છે. એનાથી આગળ વધીને કહું છું કે જ્યારે નામદાર સુપ્રીમ કોર્ટ એમ કહેતી હોય કે ૧૧ જજોની બેંચે પણ ચુકાદો આપ્યો હોય કે આ ભરતી કરવાનો અધિકાર આ ટ્રસ્ટને અને સંચાલકને હોય ત્યારે મને સમજાતું નથી કે સરકાર શા માટે લેવા માગે છે? સરકાર શા માટે આ કરવા માગે છે? આજે પણ એ પદ્ધતિ સમજાતી નથી. માટે મારે ખાસ કરીને સરકારને વિનંતી કરવી છે કે જે સિસ્ટમથી આજે જે સંચાલન ચાલી રહ્યું છે. સરકાર જે પ્રમાણે કાયદો બનાવવા માગે છે. સરકાર જો ખરેખર બીજા બધામાં લોક ભાગીદારી રાખવાની હોય. આ

લોકભાગીદારીથી ચાલતી સંસ્થા આજે ગુજરાતમાં નમૂનારૂપ છે, તેવું ચાલુ રાખે તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત શાળા સેવા આયોગ વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

રાજ્ય સરકારનો આશય છે કે જે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, હાઇસ્કૂલો, માધ્યમિક શાળા, ઉચ્ચત્તર માધ્યમિક શાળા છે, એમાં શિક્ષકોની ભરતીની બાબત છે, તેમાં કેન્દ્રીયવર્તી ભરતી કરવાની બાબત છે. અત્યારે જે હાલની પદ્ધતિ છે, જે પરિસ્થિતિ છે. જે સરકારી શાળાની વાત કરું છું. સરકારી શાળામાં સરકાર છેલ્લા ઘણા સમયથી પોતાના શિક્ષકો ભરી શકતી નથી. એના લીધે શિક્ષકો વગર બાળકોને હેરાન થવું પડે છે. વગર શિક્ષકે વિદ્યાર્થી આગળના ધોરણમાં જાય છે, ત્યારે આ કેન્દ્રીયવર્તી ભરતી કરવાનું ટ્રસ્ટની સ્કૂલોનું સરકાર વિચારે છે, સંચાલક મંડળ જોડે સરકારને જે કઇ વાંધો હોય તે, પણ છેલ્લાં ૪-૫ વર્ષથી આ શિક્ષકોની ભરતી નથી થઇ, જેના લીધે આજે પરિસ્થિતિ એ થઇ છે કે આ ગુજરાત નંબર વનની વાતો કરવામાં આવે છે. વિકાસ, વિકાસની વાતો કરીએ છીએ. વગર શિક્ષકે બાળક કેવી રીતે ભણતો હશે એનો વિચાર કર્યો છે? આપણે આ બાબત ખાસ ખ્યાલ રાખવો જોઇએ કે શિક્ષણ મેળવવું એ બાળકનો અધિકાર છે. આપણે શિક્ષણ આપવું એ આપણી ફરજ બને છે. આ બાબત કેમ ભૂલીએ છીએ? કયા સંજોગોમાં છેલ્લાં ૪-૪ વર્ષથી શિક્ષકોની ભરતી કરતા નથી. સંચાલક મંડળો અત્યાર સુધી ભરતી કરતા હતા, એ બોર્ડની મંજૂરી લઇને બોર્ડના માણસ સાથે રાખીને ભરતી કરતા હતા. એટલે પારદર્શિકતા હતી જ. છતા પણ સરકારને એમ લાગે છે કે પારદર્શિકતા લાવવા માટે કરી રહ્યા છીએ.

બીજો સરકારનો હેતું એ છે કે શિક્ષકોની ગુણવત્તા સુધારવાની બાબત માનનીય મંત્રીશ્રીએ વાત કરી. બીજી વાત એમણે પૂર્વ ભૂમિકામાં કરી. અમે ભરતી મેરિટના આધારે કરીશું. પણ હું આખું બિલ જોઇ ગયો છું. બિલમાં ક્યાંય મેરિટના આધારે ભરતી કરવામાં આવશે, તેવું કયાંય નથી. મને આનંદ થશે મેરિટના આધારે ભરતી કરવામાં આવશે તો. જે છોકરો મેરિટમાં આગળ આવશે તેને ન્યાય મળશે. એ હું સ્વીકારું છું, પરંતુ એવી જોગવાઇ કરવામાં આવી હોત તો બહુ સારું, પણ ભરતીમાં જે મંડળ છે, આયોગ છે એ આયોગ ૩ સભ્યોનું બનેલું હશે. જેમાં એક સભ્ય જેને શિક્ષણ સાથે કોઇ લેવા દેવા નથી. આ અંગે મંત્રીશ્રીને વાત કરવાની છે કે તમે શિક્ષકોની ભરતી કરવાના છો. તો શા માટે શિક્ષકો શિક્ષણવિદ પસંદ નથી કરતા? શા માટે શિક્ષણ સાથે જેને કોઇ સંબંધ નથી, તેવા માણસને ચેરમેન મૂકવા માગો છો. ખરેખર જો આપણે પારદર્શિતા લાવવી હોય તો આ બંધ કરી દો અને ૩ શિક્ષણવિદ રાખો, જેથી સારા શિક્ષકો આપણને મળી શકે. સિલેકશન કમિટી હોય એ સ્ટાન્ડર્ડ હોવી જોઇએ.

બીજું એક બાબત અગત્યની કહી છે કે રાજ્ય સરકાર ઠરાવવામાં આવે તેવી રીતે તપાસ કર્યા પછી અધ્યક્ષ દ્વારા કોઇપણ સભ્યને તેના હોદા ઉપરથી દૂર કરવાની બાબત છે. એમાં નાદાર થયેલ હોય, અસ્થિર મગજના હોય. અસ્થિર મગજની બાબત આ બિલમાં આવે સાહેબ? શિક્ષકોની ભરતી હોય અને અસ્થિર મગજનો શબ્દ આવે, તે કોઇ રીતે મેળ પડી શકે નહીં. આ શબ્દને તમે કાઢી નાખો. આ રીતે અસ્થિર મગજનો સભ્ય હોય, અને એમાં જો તે લોકો શિક્ષકની ભરતી કરતા હોય તો મને લાગે છે કે આ બિલકુલ વ્યાજબી નથી. એક બીજી વાત કરવી છે કે આજે સંચાલક આયોગ છે, એ આયોગ સ્વતંત્ર રીતે કામ કરશે કે નહિ એ એક શંકા છે. શંકા એટલા માટે છે કે આ આયોગનું વિસર્જન સરકાર ધારે ત્યારે કરી શકે અને નવ સર્જન ધારે ત્યારે સરકાર કરી શકે. આવું સરકારના દબાણ હેઠળ આ આયોગ કામ કરવાનું હોય તો મને લાગે છે કે આમાં સ્વતંત્રતા રહેશે નહીં. આમાં પૂર્ણ રીતે સ્વતંત્રતા આપવી જોઇએ. તેમાં સરકારનું કોઇ દબાણ ન હોવું જોઇએ. સરકારના દબાણ હેઠળ આયોગ કામ કરશે તો સરકાર કહેશે તે પ્રમાણે ભરતી થશે

એમ મને લાગે છે. એટલે આમાં આટલો સુધારો કરવાની જરૂર દેખાઇ રહી છે. એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ વિધેયકમાં ફેરફાર કરી સુધારો લાવે તો સારું રહેશે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૩નું રાજય શાળા સેવા આયોગ વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં રાજયની અંદર જે સરકાર શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે તેમાં છેલ્લા ચાર–પાંચ વર્ષથી આ ભરતી બોર્ડની વાત ચાલતી હતી. ચાર–પાંચ વર્ષથી રાજયની શાળાઓની અંદર કેટલાય વિષયના શિક્ષકો ભરાતા નથી. અહીં જે સંચાલક મંડળો રાજયની અંદર છે તેમણે ગામડું હોય કે શહેર હોય દાતાઓ પાસેથી અથવા પોતાની રીતે ફાળો આપીને, સહકાર આપી આવા મોટા સરસ મજાના સરસ્વતી મંદિરો રાજયની અંદર જોવા મળે છે. આજે સંચાલક મંડળો મન મૂકીને આવી સંસ્થાઓનું જતન કરતા હોય અને ગામડામાં કેવો શિક્ષક હોય, તેની બુદ્ધિમત્તા કેવી છે અથવા તો તે બરાબર મેરીટમાં છે કે નહીં આ બધુ જિલ્લાના અધિકારી, મંડળના ટ્રસ્ટી અને એક તજજ્ઞની સાથે ઇન્ટરવ્યુ લઇ તે શિક્ષકની ભરતી કરવામાં આવે છે. અહીં શાળા આયોગની વાત કરવામાં આવી છે, કેન્દ્રીયકૃત ભરતીની વાત કરી છે. આજે આપણે વાપી થી કચ્છ સુધીનો વિસ્તાર જોઇશું તો તે શાળાની કોઇપણ ભરતી માટે આવશે, તેને બોલાવશે અને એક જ અરજી કરવાની વાત કરી છે. તો તેને વાપીથી કચ્છ સુધીની વાત આપણે કરીશું તો કેટલા બધા કિલોમીટર તેને દોડવું પડશે. જે સંચાલક મંડળો છે તે અને તે જે ભરતી કરતા હતા તે બરાબર છે. તે રીતે ચાલું હોવું જોઇએ.

અહીં માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ મેરીટની વાત કરી. પારદર્શકતા આવશે અને મેરીટના ધોરણે ભરતી કરીશું. જે બી.એડ થયેલા હોય કે પી.ટી.સી. થયેલા હોય અને તેને આપણે ટેટ અને ટાટની પરીક્ષાનું આયોજન સરકારે કરેલ છે. તેમાં મેરીટની બાબત કયાં બાકી રહેવાની છે. ૮૦ ટકાવાળો હશે તે પાસ થઇ જશે અને ૮૫ ટકાવાળા આ ટેટ અને ટાટની પરીક્ષામાં હું સમજું છું ત્યાં સુધી રહી જવાનો છે. તો આ રીતે શાળા આયોગની વ્યવસ્થા કરવામાં આવી છે તેના અધ્યક્ષ અને બે સભ્યો તે પણ યોગ્ય લાયકાત ધરાવતા હોવા જોઇએ. કદાચ સરકારને ધ્યાને આવ્યું હશે કે સંચાલક મંડળોમાં ખૂબ ભ્રષ્ટાચાર, ડોનેશનને આ બધુ ચાલતું હશે. આવી બાબત ઉપર ચાલવાની જ છે. આમાં કંઇ ફેર પડવાનો નથી. આમાં જોઇશું તો આવા ટ્રસ્ટો પોતાના અધિકાર માટે હાઇકોર્ટમાં લડયા છે, સુપ્રીમ કોર્ટ સુધી પણ ગયા છે અને સુપ્રીમને તેમને કહ્યું છે ત્યારે સરકારે આ શાળા સેવા આયોગની જે વાત કરી છે તેની જગ્યાએ યથાવત પદ્ધતિ હતી તે ચાલુ રાખે એટલી મારી વાત છે .

શ્રી પ્રભુભાઇ ના. વસાવા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શાળા સેવા આયોગ ૨૦૧૩નું જે વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીના સમયથી દેશ અને રાજયના વિકાસમાં ચેરીટીના અન્ડરમાં નોંધાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓ જે આજદિન સુધી છેવાડાના ઉંડાણના વિસ્તારમાં જયાં શિક્ષણનો બિલકુલ કોઇ સ્ત્રોત ન હતો તેવા વિસ્તારમાં શૈક્ષણિક સેવાઓ શરૂ કરી. શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે સામાજિક પ્રવૃત્તિઓ અને આર્થિક ઉન્નતિની પ્રવૃત્તિઓ શરૂ કરીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાનું કામ આવી શૈક્ષણિક સંસ્થાઓએ કરેલું જ છે. ત્યારે આ જે સરકાર બિલ લાવી છે ત્યારે આ સંસ્થાઓ વેરવિખેર થાય અને સંસ્થાઓ પડી ભાંગે એવું દેખાઇ રહ્યું છે.

અધ્યક્ષશ્રી : આમાં પ્રભુભાઇ, ગ્રાન્ટ ઇન એઇડ, જે ગ્રાન્ટ લે છે ને એવી ચેરિટીની સંસ્થા હોય એને લાગુ પડે. ગ્રાન્ટ લેવી અને નિયમ એના એ રાખવા બે કોન્ટ્રાડિક્ટરી થઇ ને?

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : (અંતરાય) ના, ના, સાહેબ, ગ્રાન્ટ ઇન એઇડની વાત કરું છું.(અંતરાય) અનુદાન લેતી હોય (અંતરાય) એ ચેરીટીની સંસ્થાઓની વાત કરું છું એટલે આવી રીતે આવી સંસ્થાઓ એ પ્રવૃત્તિ કરતા આવ્યા છે. એક દાખલો આપું તો, આવી જ રીતે મારા વિસ્તારમાં ઉકાઇ અસરગ્રસ્ત વિસ્તાર છે, સેરોલાથી ૪૫ કિલોમીટર સુધી ઉકાઇ નવનિર્માણ સમિતિ અને બારડોલી હળપતિ સેવા સંઘ ચાલતા અને ગાડામાં જઇને પણ, આજે પણ એ માણસો જીવતા છે એમણે આ શિક્ષણ ત્યાં પૂરું પાડ્યું છે. ત્યારે આવી રીતે પ્રવૃત્તિ જે સંસ્થાએ કરી છે અને આજે આ ભરતી પ્રક્રિયામાંથી સીધા એમને નાબૂદ

કરવાની જે વાત છે ત્યારે એ ખરેખર આવનાર દિવસોમાં શિક્ષણ ઉપર મોટું નુકસાન થશે એવું હું માનું છું. આવી જે સંસ્થાઓ છે, એમણે બુનિયાદી તાલીમનું શિક્ષણ હોય, જીવનના મૂલ્યોનું ઘડતર હોય કે પછી ગાંધી વિચારધારાની પ્રચાર અને પ્રસારની જે પ્રવૃત્તિ આવી સંસ્થાઓએ જે આદરી છે એને લઇને કદાચ હું માનું છું કે, આપણા ગુજરાતમાં નકસલવાદનું જે પ્રમાણ નહીંવત છે કે બિલકુલ નથી એનો પણ આનો એક મોટામાં મોટો આધાર છે એટલે આવી રીતે આ સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાને બદલે એમની જે સત્તાઓ છે અમારા દંડકશ્રીએ જે વાત કરી કે જે બંધારણીય હકક છે કર્મચારીને નિમણૂક કરવાનો એ મંડળ, સ્વૈચ્છિક સંસ્થાઓને અધિકાર છે. ગ્રાન્ટ મેળવે અને સરકારે એ આપવાની ફરજ છે. ગ્રાન્ટ સંસ્થાને મળે, કર્મચારીની નિમણૂક મંડળ કરે અને સ્વૈચ્છિક સંસ્થાઓના કન્ટ્રોલ, એના અંકુશ અને નિયમનમાં રહીને શૈક્ષણિક કર્મચારીઓ કામ કરે છે એને લઇને જ આજે હું ચોક્કસ કહી શકું કે, સરકારી શાળાઓ કરતાં..

અધ્યક્ષશ્રી : હવે, એના એ જ રીપીટેશન થાય છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : સાહેબ, સરકારી શાળાઓ કરતાં સ્વૈચ્છિક સંસ્થાઓનું, સંચાલિત શાળાઓનું પરિણામ સારું છે. (અંતરાય) આમાં મારે એ કહેવાનું છે કે, આમાં ભરતીની બાબતમાં જે આયોગ છે એ આયોગની સાથે મંડળના પ્રતિનિધિને પણ સાથે રાખવા જોઇએ કેમકે આમાંની કેટલીક શાળાઓ નિવાસી શાળાઓ પણ છે એટલે આમાં ફક્ત મેરિટનું ધોરણ ન જોતાં એનું ચારિત્ર્ય, પ્રામાણિકતા એ પણ ગુણો હોવા જોઇએ કેમકે છેવાડાના વિસ્તારમાં શાળામાં રહીને એમણે શિક્ષણની પ્રવૃત્તિ કરવાની છે, મા–બાપની ભૂમિકા એમને બજાવવાની છે. જેમના શિરે આવનાર આપણો સંસ્કારી સમાજ અને પ્રામાણિક નાગરિક એમને ભણાવવાની જવાબદારી સોંપવાના છે, ત્યારે આપણે એમાં ખૂબ જ ધ્યાન રાખવું જોઇએ અને આ સંસ્થાઓની જે જવાબદારી છે એમાં પણ ખ્યાલ રાખવો જોઇએ. ટેટ અને ટાટની પરીક્ષા પાસ કરીને અત્યારે જે બેઠા છે એમની પણ વહેલીતકે નિમણૂક થાય, એમને નિમણૂકના ઓર્ડર મળે એવું મારું સૂચન છે, આમ,આટલા મારા મંતવ્યો રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય શાળા સેવા આયોગ વિધેયક, ૨૦૧૩ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજનું મૂળભૂત પાયાનું જે મજબૂત અંગ છે એ શિક્ષણ છે. કોઇપણ સમાજની કે કોઇપણ કુટુંબની આગવી ઓળખ શિક્ષણથી થતી હોય છે અને શિક્ષણ દ્વારા જ કોઇપણ શહેર કે કોઇપણ રાજયની એક આગવી ઓળખ ઉભી કરતું હોય છે. ૧૯૬૦થી આ રાજયની અંદર સરકારી શાળાઓ દ્વારા શિક્ષણની જે શરૂઆત થઇ પણ સાથેસાથે એ વખતના ટ્રસ્ટોએ પણ સમાજને કંઇક આપવું જ જોઇએ એમ કરીને પોતાની શાળાઓ ચાલુ કરી હતી અને એ સમયગાળા દરમ્યાન સરકારની ગ્રાન્ટની કોઇ જોગવાઇ ન હોવા છતાં પણ આ ટ્રસ્ટો દ્વારા આ શાળાઓ ચલાવવામાં આવતી હતી. આજે માનનીય મંત્રીશ્રી શિક્ષણની પારદર્શકતા અને એકસૂત્રતા એ નિયમ સાથે આ બિલ લઇને જ્યારે આવ્યા છે ત્યારે આ રાજયની અંદર ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારા ૧૯૭૨ની ૩૫મી કલમ મુજબ શિક્ષકોની કે આચાર્યોની ભરતી કરવી એમ બહુ સ્પષ્ટપણે લખેલું છે. આ રાજયની અંદર જે ગ્રાન્ટેબલ શાળાઓ છે એમાં ખાસ કરીને ધોરણ ૧ થી ૧૨ ની અંદર જે શિક્ષકોની અને આચાર્યોની પસંદગી માટેના આ આયોગની જ્યારે વાત છે ત્યારે આટલા વર્ષોથી ગુજરાત રાજયની અંદર જે શાળાઓ ચાલે છે અને ખાસ કરીને જે ટ્રસ્ટોની શાળાઓ ચાલે છે એ ટ્રસ્ટોની શાળાઓમાં ગુજરાત સરકાર દ્વારા એના નિયમ અનુસાર જયારે પણ કોઇ શિક્ષકની અથવા આચાર્યની ભરતી કરવામાં આવતી હોય ત્યારે ડી.ઓ.ના સભ્ય હાજર હોય છે, એ બોર્ડનો સભ્ય એની સાથે હાજર રહે છે, એ ટ્રસ્ટી મંડળનો ટ્રસ્ટી હાજર રહે છે અને ત્યાર બાદ એ જાહેરાત આપેલી હોય એના આધારે એની યોગ્યતાના આધારે એ શિક્ષકો કે આચાર્યોની પસંદગી કરવામાં આવે છે અને ત્યાર બાદ એ શાળાનો શિક્ષક કે આચાર્ય નક્કી કર્યા હોય એના માટે સરકારશ્રીની જ્યારે મંજૂરી આપવામાં આવે છે ત્યારે એની નિમણૂક કરવામાં આવે છે.

આજે પરિસ્થિતિ એવી છે કે, આ રાજયમાં સરકારી શાળાઓ છે, જે ટ્રસ્ટો દ્વારા ગ્રાન્ટ લે છે એવી શાળાઓ છે અને ત્રીજી શાળાઓ જે ખાનગી શાળાઓ છે. સરકાર આજે એવું બિલ લાવી રહી છે કે સરકાર

દ્વારા ફકત કોઇપણ શાળા ચાલતી હોય એ શાળાની અંદર ૧૫૦૦ થી ૧૮૦૦ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવતી હોય એ ગ્રાન્ટના આધારે ટ્રસ્ટ ઉપર જે તરાપ મારવાની આજના વિધેયક દ્વારા પ્રવૃતિ થવાની છે એ હું પોતે માનું છું કે ખૂબ ખોટી રીતનું આ વિધેયક આવી રહ્યું છે. આખા રાજયની અંદર છેલ્લા દસ વરસમાં જે ખાનગી શાળાઓનો રાફડો ફાટ્યો છે, ખાનગી કોલેજોનો જે રાફડો ફાટ્યો છે પહેલા એક સમય હતો કે સરકારી શાળાની અંદર માણસ ભણવા જાય તો એને એડમિશનનું ધોરણ, એની ટકાવારીનું ધોરણ ઉંચું આવતુ હતું. આજે પરિસ્થિતિ જુદી થઇ ગઇ છે આ સભાગૃહમાં બેઠેલા મારા સહિતના તમામ ધારાસભ્યશ્રીઓ છે એમાં બહુ ઓછા એવા ધારાસભ્યો હશે કે જેમના દીકરા દીકરીઓ સરકારી કોલેજોમાં કે સરકારી શાળાઓમાં ભણતા હશે! એની પસંદગી રહેલી છે કે મારો દીકરો-દીકરી ખૂબ સારી શાળામાં કે કોલેજમાં ભણે અને એ ખૂબ સારી નામના મેળવે એવી દરેક મા-બાપની ઇચ્છા રહેલી છે. આયોગની રચના સામે ગુજરાત રાજયની અંદર ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા જે બંને મહામંડળો ચાલે છે એના દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં વિરોધ કરવામાં આવ્યો છે અને એ કોર્ટમાં પણ ગયેલા છે.

ખાનગી શાળાઓ જે ખુલ્લેઆમ ડોનેશન લેતી હોય, ખુલ્લેઆમ ટ્યુશન ફી લેતી હોય ત્યાં શિક્ષકની ભરતીની વાત આવતી હોય, ત્યાં આચાર્યોની ભરતીની વાત આવતી હોય તો ખાનગી યુનિવર્સિટીઓનું હમણા જ વિધેયક આવ્યું એ ખાનગી યુનિવર્સિટીઓના વિધેયકને આ સભાગૃહમાં બહુમતીના જોરે હમણા જ પાસ કરવામાં આવ્યું. સવાલ એટલો જ છે કે, જ્યારે સરકારના નોર્મ્સ મુજબ આ ટ્રસ્ટો દ્વારા એ શિક્ષકોની ભરતી થતી હોય, સરકારના નોર્મ્સ મુજબ જ જ્યારે આચાર્યોની ભરતી થતી હોય તો હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે આ વિધેયક સો ટકા બહુમતીના જોરે પાસ કરાવી દેશો પણ આવનારા દિવસો એવા આવશે કે સરકારની જે આ શિક્ષણની નીતિ છે એ નીતિને લીધે સરકાર દ્વારા મળતી ૧૫૦૦ કે ૧૮૦૦ની ગ્રાન્ટ આ પ્રાઈવેટ સ્કૂલો દ્વારા ખાનગીકરણ કરવામાં આવશે કારણ કે ૧૫૦૦ કે ૧૮૦૦ ની ગ્રાન્ટમાં કોઇ શાળા ચલાવવા તૈયાર નહીં થાય.

અઘ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અઘ્યક્ષશ્રી, મારી વાત ચાલુ છે.

અઘ્યક્ષશ્રી : તમારી એક જ વાત છે કે આ ટ્રસ્ટની અંદર જે રીતે એ કરે છે, એને છૂટ આપવી જોઇએ અને એ બધા પાંચ સભ્યોએ એ એક જ વાત કરી અને એ જ વાતનું રિપિટેશન છે. નવી વસ્તુ કોઇ નથી. એમણે એમ જ કહ્યું કે ગ્રાન્ટ ઇન એઇડની અંદર જે ટ્રસ્ટ છે, એમાં નિમણૂકનો નિયમ આનાથી ન થવો જોઇએ. એ જ વાત છે. (અંતરાય) એ આ બિલમાં છે નહીં. તમારો કોઇ બીજો મુદો હોય તો કહો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અઘ્યક્ષશ્રી, જે રીતે આ બિલ છે, આવનારા દિવસોની અંદર વર્ષોથી જે લોકોએ પોતાની ટ્રસ્ટની જમીનો લીધેલી હશે, સ્કૂલો ચલાવતા હશે એ લોકો સરકારની ૧૫૦૦ કે ૧૮૦૦ ની ગ્રાન્ટ માટે કોઇ શાળાઓ ચલાવવા માટે તૈયાર નહીં થાય અને એના ભાગરૂપે આ રાજયમાં ગ્રાન્ટેબલ શાળાઓ, સરકારી શાળાઓ તો ઓછી થઇ જ ગઇ છે પણ ગ્રાન્ટેબલ શાળાઓ પણ ઓછી થશે અને ખાનગી શાળાઓનું ધોરણ વધશે અને ખાનગી શાળાઓનું ધોરણ વધવાના કારણે જે મા-બાપ છે એને શિક્ષણની બાબતમાં બહુ મોટો ફટકો પડવાનો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે આ બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. પૌરાણિક સમયથી શિક્ષણની જવાબદારી રાજ્યના શીરે રહેલી છે. રાજા મહારાજાઓના સમયમાં પણ ઋષિ મુનિઓ માટે આર્થિક અને તમામ જાતની મદદ કરીને શિક્ષણ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવતી હતી. આઝાદી પહેલાંથી પણ સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ અને આઝાદી પછી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ આપણા રાજ્યમાં અનેક દાતાઓ અને શ્રેષ્ઠીઓ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાપવામાં આવી અને એના દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં આવી. શહેરી વિસ્તારમાં તો સંસ્થાઓ થાય પણ દૂર -દરાજના અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ હતું એવી જગ્યાએ પણ ગરીબ, પછાત સમાજના લોકોના શિક્ષણ અને એમના ઉત્કર્ષ માટે

આ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આઝાદીથી આજદિન સુધી એ પ્રાથમિક હોય, માધ્યમિક હોય કે ઉચ્ચ માધ્યમિક સંસ્થાઓ શરૂ કરવામાં આવી, પહેલાં સરકાર એને કોઇપણ જાતની નિભાવ ગ્રાન્ટ નહોતી આપતી ત્યારપછી એક સમય એવો આવ્યો, ૧૯૭૦નો દાયકો કે જ્યારે પચાસ-પચાસ ટકા ગ્રાન્ટનું ધોરણ નક્કી કરવામાં આવ્યું. ત્યારપછીના સમયમાં એને નિભાવ ગ્રાન્ટ તરીકે અનુદાનની ગ્રાન્ટ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંસ્થાઓ પોતાની જમીન ઉપર રમતગમતના મેદાનની સગવડ હોય કે એની શાળાનું મકાન બાંધવાનું હોય તો એના માટે સમાજમાંથી દાતાઓ અને નાના નાના લોકો પાસેથી રકમો ઉઘરાવી અને આજે મકાનો ઉભાં કર્યા છે, એ શાળા સંકુલો ઉભાં કર્યા છે, એમાં શિક્ષણની વ્યવસ્થા ઉભી કરી છે, આજે રાજ્ય સરકાર દ્વારા એમના શિક્ષકોના પગાર માટેની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમ શૈલેષભાઇએ કહ્યું તેમ વર્ગદીઠ રૂપિયા ૧,૫૦૦-૦૦ જેટલું વાર્ષિક અનુદાન આપવામાં આવે છે અને એના દ્વારા એ સંચાલકો એ સંસ્થા પોતાના બાળકોને સારામાં સારું ગુણવત્તાવાળું શિક્ષણ મળે એવી વ્યવસ્થા આજે કરતા હોય છે.

માનનીય મંત્રીશ્રીએ જે આ ઉદ્દેશ રજૂ કર્યો કે પારદર્શકતા આવે, એકસુત્રતા આવે અને શિક્ષણની ગુણવત્તા સુધરે એવી વાત કરવામાં આવી. આજે રાજ્યમાં ૧૦૦૦૦ જેટલી ખાનગી શાળાઓ ચાલે છે. લગભગ ૧૦,૦૦૦ જેટલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચાલે છે. પણ આ બિલમાં જે જોગવાઇ કરવામાં આવી છે તે ફકત અને ફકત ગ્રાન્ટ- ઇન- એઇડ સંસ્થાઓ છે તેના માટેનું જ આ બિલ લઇ આવવામાં આવ્યું છે. રાજયમાં જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે તેના દ્વારા પણ પ્રાથમિકથી માંડીને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની અનેક સ્કૂલો ચાલે છે. લઘુમતિ, ધાર્મિક અને ભાષાકીય લઘુમતિ સંસ્થાઓ છે તેના દ્વારા પણ અનેક સંસ્થાઓ ચાલે છે. ખાનગી શાળાઓ લગભગ ૧૦ હજાર જેટલી ચાલે છે. તો આપણે રાજયમાં શિક્ષણની ગુણવત્તાની વાત કરતાં હોઇએ, શિક્ષણમાં પારદર્શકતાની વાત કરતાં હોઇએ, એકસૂત્રતાની વાત કરતાં હોઇએ તો હું માનું છું કે બિલ લઇને આવીએ તો આ તમામ શાળાઓને આ બિલ હેઠળ આવરી લેવાની જોગવાઇ કરવી જોઇએ. ફકત અને ફકત ગ્રાન્ટ- ઇન- એઇડ શાળાઓની આમાં જે જોગવાઇ કરવામાં આવી છે મારી દ્રષ્ટિએ તે યોગ્ય નથી. અને આ જે નીતિ બનાવવાની માનસિકતા છે તે આવનારા સમયમાં જે રીતે ગુજરાતમાં અત્યારે ખાનગીકરણની દિશામાં શિક્ષણને આપણે લઇ જઇએ છીએ, જે રીતે શિક્ષણનું વેપારીકરણ થતુ ગયુ છે તેને આપણે આગળ વધવાની દિશામાં આ આવનારુ બિલ બની રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત થઇ કે આ બિલ દ્વારા આખા રાજયની એક ભરતી આયોગ બનાવવામાં આવશે. હું માનું છું કે અહીંયા માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર પણ લાવું કે, ૨૦૧૨માં રાજય સરકારે એક નોટીફિકેશન બહાર પાડ્યુ These rules may be called "The Teachers of Government Secondary and Higher Secondary Schools Rules, 2012" આ હેઠળ ભરતી કમિટી બનાવવામાં આવી. તે કમિટીમાં સાત સભ્યોની જોગવાઇ કરવામાં આવી. સ્કૂલ કમિશ્નરને તેના અધ્યક્ષ બનાવવામાં આવ્યા અને બાકીના અધિકારીઓને સભ્ય તરીકે રાખવામાં આવ્યા. એ માટેની જોગવાઇઓ નક્કી કરવામાં આવી. એ માટેની ભરતી પ્રક્રિયા, એના એલોટમેન્ટ ઓર્ડર લેટરથી માંડીને તેમાં અનેક જાતની જોગવાઇ નક્કી કરવામાં આવી છે. અને એની વિરૂધ્ધમાં જયારે કોર્ટ પિટિશનો થઇ અને અનેક જાતના લિટિગેશન થયા ત્યારે એ નોટીફિકેશનને પણ હયાત રાખી અને આજે આપણે એક નવુ બિલ લઇને આવીએ છીએ. આ બિલમાં જે સભ્યોની વાત થઇ છે તો ત્રણ સભ્યોનું આ આયોગ બનશે. ત્રણ સભ્યોમાંથી એક શિક્ષણવિદ ના હોય તેવી રાજ્ય સરકારના મતે જાહેર જીવનમાં અથવા ન્યાયિક અથવા વહીવટી સેવામાં ખ્યાતિ ધરાવતા હોય અથવા ધરાવેલ હોય તેવી વ્યકિત.

માનનીય અધ્યક્ષશ્રી, આનું જે અર્થઘટન કરવામાં આવશે કે બિલકુલ રાજકીય ઇરાદાથી પ્રેરિત પોતાના કહ્યામાં રહે એવા વ્યકિતઓને આ આયોગમાં મૂકવામાં આવશે. અને હું માનું છું કે, ત્રણમાંથી એક વ્યકિત આવી હશે તો એ વ્યકિતને જ આયોગના અધ્યક્ષ બનાવવામાં આવશે. કેટલીક જગ્યાએ આજે વાઇસ

ચાન્સેલર હોય કે ઘણી બધી જગ્યાએ જયારે નિમણૂક કરવામાં આવે ત્યારે એવી જગ્યાઓ માટે પોતાના રાજકીય હિતવાળી વ્યકિતઓને મૂકવામાં આવતી હોય છે. ઘણી જગ્યાએ એમ પણ કહેવામાં આવે કે પેલી *(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ, તમે બિલ ઉપર બોલો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ સભ્યોમાંથી એક સભ્યની જે લાયકાતની વાત છે તેમાં લાયકાત જો સ્પષ્ટ કરવામાં આવી હોત કે આવી શિક્ષણ જગત સાથે સંકળાયેલી કે કોઇ ગવર્નમેન્ટમાં આઇ.એ.એસ.કક્ષાની કોઇ વ્યકિત જ આમાં છે એના બદલે આ મોઘમમાં રાખીને આ જોગવાઇઓ કરવામાં આવી છે. આમાં એક જોગવાઇ એવી પણ કરવામાં આવી છે કે અધ્યક્ષ કાં તો સભ્યોની જગ્યા ખાલી હોય તો પણ આ આયોગ તેની જે જવાબદારી કે કામગીરી છે તેને યોગ્ય ગણી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં વર્ષોથી આપણે પ્રથા શરૂ કરવામાં આવી છે કે સભ્યોની જગ્યાઓ નક્કી કરવામાં આવે પણ એ સભ્યોની જગ્યાએ કોઇની નિમણૂક કરવામાં ના આવે. અને ફકત એકાદ વ્યકિતને ચાર્જમાં ગણી અને આખુ અને આખુ આયોગ એક જ વ્યકિત ચલાવતો હોય એવી આ બિલમાં જોગવાઇ કરવામાં આવી છે. આમાં જે સંસ્થાઓને બાકાત રાખવામાં આવી છે મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, બિલ ખરેખર જો આપણે ગુજરાતના વિદ્યાર્થીઓને હિતમાં રાખી અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે એકસૂત્રતા લાવવા માટે જો લાવવા માંગતા હોય તો ગુજરાતમાં જેટલી ખાનગી શાળાઓ ચાલે છે કે જેણે શિક્ષણને આજે વેપાર બનાવી દીધો છે. કોઇપણ જાતની કોઇ ફીનું ધોરણ નક્કી કરવામાં નથી આવતું અને મન ફાવે તેવી ફી લેવામાં આવે છે. પૂરતી લાયકાત ધરાવતા ના હોય એવા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે અનેક જાતની ટયુશન ફી, યુનિફોર્મ ફી, બસની ફી વગેરે ઉઘરાવવામાં આવે છે. એવી સંસ્થાઓને પણ આ બિલમાં લાવવી જોઇએ, આજે ધાર્મિક કે સામાજિક રીતે લઘુમતિ સંસ્થાઓ છે તેને પણ આમાં લાવવી જોઇએ. રાજય સરકાર દ્વારા સરકારી સંસ્થાઓ ચલાવવામાં આવે છે તેને પણ આવરી લેવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આમાં છે તે કહો, આવું કરવું જોઇએ. એવું કહેવું હોય તો ઘણું બધું કહેવાય, ગ્રાન્ટ–ઇન–એડ સંસ્થાને જે લાગુ પડે છે તે વિષે જે કહેવું હોય તે કહો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૧૫માં આ બિલમાં કોનો કોનો સમાવેશ નથી કર્યો તે કહું છું, આખા ગુજરાતના શિક્ષણની આપણે ચિંતા કરતા હોઇએ તો આ સંસ્થાઓ કે જે સરકારની ગ્રાન્ટથી ચાલે છે. નગરપાલિકા કે ગ્રામ પંચાયત કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા ચલાવે છે તેનો સમાવેશ કેમ નથી કરવામાં આવ્યો? તે પણ વિચારવાની જરૂર છે. અહીં વાત કરવામાં આવી કે આપણે શિક્ષણની ગુણવત્તા સુધારવી છે. આજે પણ ગુજરાતમાં ગ્રાન્ટ–ઇન–એડ સંસ્થાઓ ચાલે છે તેનું પરિણામ સરકારની સંસ્થાઓ કે સ્કૂલો ચાલે છે તેના કરતા અનેક ગણું સારું આવે છે તે આપણે જોઇએ છીએ. હમણાં શૈલેષભાઇએ વાત કરી તેમ સરકારી શાળાઓમાં જયાં કોઇ વિકલ્પ નથી એવા પરિવારોના બાળકો જ જાય છે. બાકી તો મોટા ભાગના પરિવારો પોતાના બાળકોને ગ્રાન્ટ–ઇન–એડ સંસ્થાઓમાં જ મોકલવાનું પસંદ કરે છે. તેનું કારણ એ છે કે એ ગ્રાન્ટ–ઇન–એડ સંસ્થાના સંચાલકો છે તે લોકો મહેનત કરીને લાખો–કરોડો રૂપિયાની એસેટ ઉભી કરે છે, દાન લાવીને સારામાં સારી સગવડો પૂરી પડે છે. કદાચ કોઇ એક પ્રિન્સિપાલ ન રાખી શકે તેવી દેખરેખ આ લાખો અને કરોડો રૂપિયા ખર્ચીને પણ એ સંસ્થાની દેખરેખ રાખનાર કોઇ ન મળી શકે તો સંચાલકો પોતાનો કિંમતી સમય આ શાળાઓ પાછળ આપે છે અને તેના કારણે નામના પણ મેળવે છે અને ગુણવત્તા વાળું શિક્ષણ પણ આપે છે. એટલે એ સંસ્થાઓમાં ભરતી બોર્ડના માધ્યમથી કોઇ શિક્ષક કે આચાર્યની નિમણૂક કરવી કેટલે અંશે યોગ્ય રહેશે?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

## તા.૧લી એપ્રિલ,૨૦૧૩

## સરકારી વિધેયકો

હમણાં થોડા વખત પહેલાની જ વાત કરું તો એક સંસ્થામાં એક વ્યકિતનો આચાર્ય તરીકે ઓર્ડર થયો, તો એ સંસ્થાના સંચાલકને એ આચાર્ય મળવા પણ ન આવ્યા, અને સંચાલકે જયારે એમને કહ્યું કે આ સંસ્થાની સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ મુજબ અને સ્થાનિક લોકોની પરિસ્થિતિ પ્રમાણે નિયમો મુજબ સૌને સાથે રાખીને વાલીઓના સંપર્કમાં રહી અને કામ કરવું પડશે. વિદ્યાર્થીઓ અનિયમિત રહેશે તો વાલીઓનો સંપર્ક કરવો પડશે. તો એ આચાર્ય દ્વારા એવું કહેવામાં આવ્યું કે અમને તમે નિમણૂક નથી આપી, તમે અમારા ઉપર દબાણ કરી શકો નહીં, જયારે સંચાલકે એમ કહ્યું કે આપણી શાળાના શિક્ષણની ગુણવત્તા સારી થાય અને રિઝલ્ટ સારું થાય એટલા માટે ઝીરો તાસની વ્યવસ્થા કરવી પડશે, ત્યારે આચાર્ય દ્વારા એવું કહેવામાં આવ્યું કે અમારા ભરતીના ઓર્ડરમાં કોઇ જગ્યાએ શાળાના સમય પછી સમય ફાળવવાની જોગવાઇ નથી, આવું જયારે સંચાલકને આચાર્ય કહે છે ત્યારે સંચાલક અને આચાર્ય અને શિક્ષકોની વચ્ચેના સંબંધો છે એમાં કોન્ટ્રાડીકશન થાય છે, અને તેની અસર આવનારા સમયમાં શાળાના સંચાલનમાં અને શિક્ષણની ગુણવત્તા ઉપર પણ પડવાની છે.

માનનીય મંત્રીશ્રીએ ભ્રષ્ટાચાર મુકત ભરતીની વાત કરી, આજે પણ સરકારની ગાઇડ લાઇન મુજબ ગ્રાન્ટ–ઇન–એડ સંસ્થાઓમાં ભરતી પ્રક્રિયા થાય છે, આજે પણ જાહેરાત ડી.ઇ.ઓ. ઓફિસ મારફત કરી અને અરજીઓ મંગાવવામાં આવે છે, તેનું વેરીફીકેશન પણ ડી.ઇ.ઓ. ઓફિસ દ્વારા જ કરવામાં આવે છે, કેમ્પ પણ ડી.ઇ.ઓ. નકકી કરે તે જગ્યાએ જ થાય છે, માધ્યમિક બોર્ડના અને ડી.ઇ.ઓ.ના પ્રતિનિધિ હાજર હોય છે. તેમની હાજરીમાં જ ભરતીની પ્રક્રિયા થાય છે અને ઇન્ટર્વ્યૂ કેમ્પસમાં એ જ જગ્યાએ તેમને ઓર્ડર પણ આપવામાં આવે છે. તે નિયમો પણ રાજય સરકારે નકકી કરેલા છે. તે નિયમ મુજબ જ નિમણૂક પત્ર આપવામાં આવે છે. તો શા માટે એવા સંજોગો ઉભા કરવામાં આવે કે જેથી આપણે તમામ સત્તા એક જગ્યાએ કેન્દ્રીકરણ કરીએ?આજે પણ પ્રાથમિક શિક્ષણમાં ભરતી પ્રક્રિયા સેન્ટ્રલાઇઝ રીતે થાય છે. તેમ છતાં આજે પણ હજારોની સંખ્યામાં જગ્યાઓ ખાલી છે, તેમાં આપણે ભરતીઓ કરી શકતા નથી. આજે પણ હાઇકોર્ટમાં કેસો દાખલ થાય છે કે કેન્દ્રિય રીતે ભરતી પ્રકિયા કરવામાં આવે છે એમાં અનામતની અને બંધારણની જોગવાઇઓ છે એ મુજબ ભરતી પ્રક્રિયા નહિ થવાને કારણે આજે પણ હાઇકોર્ટે આપણને સ્ટે આપવા પડે છે. તો એવી પ્રક્રિયા ભવિષ્યમાં આયોગમાં થવાની પૂરેપૂરી શકયતા છે. તેથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે સંસ્થાઓએ આઝાદીથી આજદિન સુધી શિક્ષણને આ સ્તરે લઇ જવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે પોતાનો ભોગ આપ્યો છે એવી સંસ્થાઓના અધિકારો ઉપર તરાપ મારવાનું કૃત્ય આપણે આ બિલથી ન કરવું જોઇએ.

આવનાર સમયમાં આ બિલ લાવવાથી સેન્ટ્રલાઇઝ ભરતી પ્રક્રિયા થશે એનાથી હું માનું છું કે જે શ્રેષ્ઠીઓ સમાજ પાછળ પોતાનો કિંમતી સમય આપે છે એમને પણ એમ થશે કે આ શાળા પાછળ અમે આટલી બધી બધી મહેનત કરીને ખર્ચ કરીને ઉભી કરી છે એમાં આવનારો શિક્ષક અને એમાં આવનાર આચાર્ય એ સંચાલકની માન મર્યાદા નહિ રાખે. એમાં નિયમોમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે એની ઉપર ડિસિપ્લીનરી એકશન લેવાની સત્તાઓ આવનારા સમયમાં સંચાલક પાસે નહિ હોય ત્યારે એવા સંજોગોમાં એ સંચાલકોએ પોતાની શાળાઓને સ્વૈચ્છિક રીતે બંધ કરવાનું પણ વિચારે. જેમ શૈલેશભાઇએ કહ્યું એમ આ સરકારની માનસિકતા એવી રહી છે કે ધીમે ધીમે સરકારી સંસ્થાઓ ઓછી જ કરી પણ હવે આવું બિલ લાવીને ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ પણ બંધ કરે જેના કારણે આજે જે રીતે શહેરી વિસ્તારમાં ખાનગી સંસ્થાઓને ખૂલ્લે આમ શિક્ષણનો વેપાર કરવાના લાયસન્સ આપવામાં આવ્યા છે એ પ્રથા આવનાર સમયમાં ગ્રામ્ય વિસ્તારમાં પણ થશે. કદાચ જે જગ્યાએ સ્વૈચ્છિક સંસ્થાઓ આવા બિલોને કારણે પોતાની કામગીરી બંધ કરીને સંસ્થા બંધ કરશે એવા વિસ્તારોમાં સરકારી શાળાઓ નહિ હોવાને કારણે કદાચ એ ગરીબ સમાજના હોય, આદિવાસી સમાજના હોય કે પછાત સમાજના હોય એવા સમાજના બાળકો શિક્ષણથી વંચિત રહેશે એવી પૂરેપૂરી શકયતા છે. તેથી મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે આપણે આનો પૂરોપૂરો અભ્યાસ કરીએ જયારે આખા ગુજરાતના સંચાલક મંડળો આની વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટ સુધી ગયા હોય અને એને પણ બોલાવીએ અને સર્વાનુમતે કોઇ સારી પોલિસી નક્કી કરીને નવેસરથી બિલ લઇ

આવીએ અને આપણે આ બિલને આજે એકદમ ઉતાવળમાં પાસ કરવાને બદલે પ્રવર સમિતિને સોંપવામાં આવે અને એની ઉપર પૂરો વિચાર કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયક, ૨૦૧૩ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

જે સ્વૈચ્છિક સંસ્થાઓ સેવાભાવી હોય એ લોકોએ આ બિલથી કોઇ ડરવાની જરૂર નથી. કારણ કે એ લોકો સેવા માટે જ આવ્યા છે એ લોકોની ફરજ છે. આરોગ્ય, શિક્ષણ, ગ્રામ વિકાસ વગેરે હેતુ માટે જ ટ્રસ્ટો રચવામાં આવેલા હોય છે. એટલે શિક્ષકોની ભરતી આયોગ કરે એનાથી એમણે ગભરાવાની જરૂર નથી. જે રીતની તમે ચિંતા વ્યકત કરી છે એ ઉપરથી લાગે છે કે આપણે ફરિયાદ સાંભળીએ છીએ કે શિક્ષકોની ભરતીની અંદર માનનીય મંત્રીશ્રીએ બહુ માઇલ્ડ ભાષામાં વાત કરી. આજે સમાજમાં જઇને પૂછો કે આ ભરતીની અંદર કેટલા લાખો રૂપિયા ઉઘરાવવામાં આવે છે. આવી ફરિયાદો મળે છે. એ ફરિયાદો કદાચ ખોટી હોય કે સાચી હોય, (અંતરાય) સાંભળવાની તૈયારી રાખો. તમારા પૈકીના ઘણા લોકો સંચાલક મંડળમાં હશે, મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને શિક્ષણ મંત્રીશ્રીએ આ હાઉસમાં એક ઐતિહાસિક કહી શકાય તેવું બિલ આજે રજૂ કર્યું છે. આ બિલના કારણે ૯૮૭૮ જેટલી સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓ છે જેની અંદર ૭૭૭૧૬ જેટલા શિક્ષકો છે અને ૨૯.૯૭ લાખ વિદ્યાર્થીઓ ભણે છે. તેને આ બિલને કારણે અસર થાય. આ બિલ મારી દૃષ્ટિએ ઐતિહાસિક છે અને ગુણવત્તાની જયારે વાત કરી છે ત્યારે માનનીય જોષીયારા સાહેબને મારી વિનંતી છે કે એના જે ઉદ્દેશો અને હેતુ છે એમાં જ લખવામાં આવ્યું છે કે શિક્ષકોની ગુણવત્તા સુધારવા માટે આ બિલ રજૂ કરવામાં આવેલું છે. ઘણા લોકોએ કહ્યું કે આ ગુજરાતમાં જ કેમ? હરિયાણા કર્ણાટક, ઘણા રાજયોની અંદર આ પ્રકારના સેવા આયોગોની રચના કરવામાં આવેલી છે. મને આનંદ છે કે ઘણા બધા ગામોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ટ્રસ્ટો અને સામાજીક સંગઠનો કામ કરે છે. એ લોકો ઘણી સારી સેવા કરે છે. આપણે તેને બિરદાવવી જોઇએ, પણ સાથે સાથે આપણે જોઇએ છીએ કે આ સરસ્વતીના મંદિરોની જે વાત કરવામાં આવી એ બધાનું વેપારીકરણ થવા માંડ્યું છે. આ એક ચિંતાજનક ટ્રેન્ડ ઉભો થયો છે. જેને કોઇ સેવા સાથે નિસ્બત નથી.

બીજું, આ બિલમાં જે લોકો ગ્રાન્ટ મેળવતા નથી જે સંસ્થાઓ સરકાર અથવા તો લોકલ બોડી ચલાવે છે એના માટે આ લાગુ પડતું નથી. અમિતભાઇએ કહ્યું કે લઘુમતીને દાખલ કરો, તમે પોતે બંધારણ જોઇ લો. બંધારણ જો પરમિટ કરતું હોય તો જરૂર આની અંદર તેનો પણ સમાવેશ કરી શકાય, પણ એ પહેલાં બંધારણીય જોગવાઇઓ જોઇ લેવાની વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રજૂઆતો કરવામાં આવી એ જોતાં લાગે છે કે રાજય સરકારે બહુ સારું પગલું લીધું છે. એક સ્વતંત્ર આયોગ બનાવવામાં આવશે. આજે જે ત્રણ મેમ્બર છે એમાં જાહેર સેવાની અંદર અથવા તો જયુડીશિયલ સેવાની અંદર અથવા વહીવટી સેવાની અંદર જેની ખ્યાતિ હોય, રાજય સરકારના મતે, એવા ત્રણ સભ્યો પૈકી એક સભ્ય નીમવાની વાત આવી છે. બાકીના બે જે સભ્યો છે એ શિક્ષણ જગતમાંથી જ આવવાના છે. તેમાં જેને યુનિવર્સિટીના અધ્યાપકનો ૧૦ વર્ષનો અનુભવ હોય અને અન્યથા ૧૫ વર્ષનો અનુભવ હોય એવા લોકોને આમાં સભ્ય તરીકે દાખલ કરવાની વાત આવી છે. આ બિલ રજૂ કરવામાં આવ્યું છે એમાં જે જોગવાઇઓ કરવામાં આવી છે તેનાથી જે રીતે એક સિરિયલ આવે છે, ડેવિલ્સ એડવોકેટ. એ પ્રકારની રજૂઆતો મેં સાંભળી, મને ઘણું દુઃખ થયું કે આપણે કોના માટે કામ કરીએ છીએ? આપણે સંચાલક મંડળો વતી અથવા તો જે લોકો પોતે આજે કોમર્શીયલાઇઝ થઇ ગયા છે એવા લોકો વતી આપણે અહીં *(xxxxxx) કરવા માટે બેઠાં છીએ?

અધ્યક્ષશ્રી: (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી રજનીકાંત મો. પટેલ: આ બિલ રજૂ કરવામાં આવ્યું છે તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અને શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

## તા.૧લી એપ્રિલ,૨૦૧૩

## સરકારી વિધેયકો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અમારા બધા સભ્યોની લાગણી છે અને ખાસ કરીને એ કહેવાનું છે કે જયારે આ બંધારણ વિરુદ્ધ હોય તો અમે બધા એવું ઇચ્છીએ છીએ કે આ પ્રવર સમિતિને મૂકે. નિષ્ણાતોને મૂકે.

અધ્યક્ષશ્રી: એ તો આવી ગયું, માગણી આવી. મંત્રીશ્રી શું જવાબ આપે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અમારે પછી બેસીને એક તરફી..

અધ્યક્ષશ્રી: નહીં નહીં, એમાં તમારી માગણી આવી ગઇ. બે સભ્યોએ કહ્યું છે, પ્રવર સમિતિને મૂકો. એમાં બોલીને ભાગી જવું એ વાત વાજબી નહીં, એમને સાંભળો તો ખરા? સાંભળ્યા વગર ભાગી જવું છે? (અંતરાય) જતા હોય એને હું રોકી શકવાનો નથી. કાલે તો આવવાના છો ને કે કાલ નહીં આવો. તમારી ઇચ્છા.

(આ તબકકે કોંગ્રેસ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ બંધારણ વિરુદ્ધનું નથી. માનનીય બલવંતસિંહ અને સૌ મિત્રો સાંભળી લે કે આ બિલ બંધારણ વિરુદ્ધ નથી. એવું બહાનુ કાઢીને જતા હોય તો ન જાય.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રસ્ટોએ જો પોતાનો ટ્રસ્ટ જાળવી રાખ્યો હોત તો રાજય સરકારે આ કરવાની જરૂરત જ ન પડત. ૧૧-૨-૧૧ના રોજ રાજય સરકારે આવી ગંભીર ફરિયાદો સંચાલકોના સગા, શેહશરમ, લાગવગ, પૈસા એના કારણે જે રીતે ભરતી પ્રક્રિયા કરવામાં આવતી હતી અને એટલા માટે શિક્ષણને સુધારવા માટે, શિક્ષકની ગુણવત્તામાં સુધારો થાય એ માટે અને લાયકાતના ધોરણે જ ભરતી થાય એટલા માટે તા.૧૧-૨-૨૦૧૧ના રોજના ઠરાવથી આનો અમલ શરૂ કરી દીધો છે. જતાં જતાં કહેતા ગયા કે, સુપ્રીમ કોર્ટમાં, હાઇકોર્ટમાં ગયા છે. મારે કહેવું છે કે, તા.૧૧-૨-૨૦૧૧થી ભરતી પ્રક્રિયાનો અમલ થયો છે. બે વર્ષ પહેલાં ૨૫૦થી ૩૦૦ જેટલા આચાર્યની ભરતી કરી, જે નારાજ હતા એ લોકો કોર્ટમાં ગયા છે, હાઇકોર્ટે રાજય સરકારની વાત જ માની છે અને અમે કરેલી કાર્યવાહી છે એને યોગ્ય ઠેરવી છે. સુપ્રીમ કોર્ટમાં ગયા ખરા પણ સુપ્રીમ કોર્ટે કોઇ મનાઇ હુકમ આપ્યો નથી, એ પેન્ડીંગ છે, વિચારાધીન છે. અમારે કોઇની સામે વાંધો નથી. એ કહેતા ગયા કે, તમારે સંચાલકો સામે વાંધો હોય, પરંતુ અમારે કોઇની સામે વાંધો નથી. અમારે માત્ર પ્રામાણિકતાનો છે, પારદર્શકતાનો છે, મેરીટનો છે, ગુણવત્તાનો આગ્રહ છે અને એ બંધારણની વાત કરીને ગયા. કલમ-૧૫ની અંદર લઘુમતિઓની જોગવાઇ છે, એ અમે જાળવી રાખી છે. આ વિધેયકમાં પણ જણાવ્યું છે. રાજ્ય સરકાર જેને સો ટકા અનુદાન આપે છે એની પાસેથી અપેક્ષા રાખવી પડે. એનો પણ વિરોધ કરવામાં આવતો હોય તો પછી રાજ્ય સરકાર પગાર નથી આપતી, અનુદાન નથી આપતી એના માટે આગ્રહ રાખીએ તો શું કરે આ લોકો? મિત્રો જ્યારે રાજ્ય સરકાર સો ટકા અનુદાન આપતી હોય ત્યારે એની પાસેથી ગુણવત્તાનો આગ્રહ રાખવો એ ફરજના ભાગરૂપે છે. સારું શિક્ષણ આપવું એ રાજ્ય સરકારની ફરજનો ભાગ છે. અનેક ફરિયાદો રાજ્ય સરકારને મળી છે. મને રજા આપો તો હું ફરિયાદો વાંચી સંભળાવું. સગાં વાદની છે, લાંચની છે, પૈસાની છે...

અધ્યક્ષશ્રી : એ ટેબલ ઉપર મૂકજો, હાઉસને વિશ્વાસ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એના આધારે આ વિધેયક લાવ્યા છીએ. આ વિધેયક લાવવા પાછળનો હેતુ માત્રને માત્ર શિક્ષણની ગુણવત્તા, મેરીટ, લાયકાતવાળા ઉમેદવારને ટપાલ ન મળે, વધારે પ્રસિદ્ધ થતું હોય એને જાહેરાત આપવામાં ન આવે. તાલુકા કક્ષાના પત્ર હોય એને જાહેરાત આપવામાં આવે, પત્ર મોડો મોકલવામાં આવે, જો એ ઇન્ટરવ્યૂમાં આવે તો એની પસંદગી કરવામાં આવે. આવી અનેક ફરિયાદો મળી છે. પોતાના સગા-વહાલાં શેહ શરમથી આવેલા, નિમણૂક પામેલા શાળામાં કામ જ ન કરતા હોય. આવી ઘણી બધી ફરિયાદો રાજ્ય સરકારને મળી છે. એટલા માટે આ બિલ લાવવાની ફરજ પડી છે. હું સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ વિધેયકને સર્વાનુમતે મંજૂર રાખે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૩ સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨થી ૨૧, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમાઃ ( શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૨૩–સન ૨૦૧૩નું ગુજરાત રાજય શાળા સેવા આયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૨૩–સન ૨૦૧૩નું ગુજરાત રાજય શાળા સેવા આયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬–૨૦ કલાકે પૂરૂ થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૨જી એપ્રિલ, ૨૦૧૩ના રોજ સવારે ૮–૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩

સરકારી વિધેયકો

**ગુજરાત વિધાનસભા**

**પહેલી બેઠક**

**મંગળવાર, તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩**

**ચૈત્ર ૧૨, ૧૯૩૫ શાકે**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**

**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# સરકારી વિધેયકો

સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૧

ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૩

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૧, સન ૨૦૧૩નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૩૧, સન ૨૦૧૩નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં અમલી સ્ટેમ્પ અધિનિયમની જોગવાઇઓ હેઠળ જુદા જુદા પ્રકારના લેખો ઉપર લેવામાં આવતી સ્ટેમ્પ ડ્યૂટીના દર સંદર્ભે રાજ્યમાં વૈશ્વિક પ્રવાહો સાથે મિલકતના વધતા જતા ભાવો, રાજ્યનો વેપાર ઉદ્યોગ રાજ્ય બહારની હરિફાઇમાં ટકી શકે તે બાબતો ધ્યાને લઇ બજારમાં થતાં ફેરફારોની સાપેક્ષમાં સ્ટેમ્પ અધિનિયમની જોગવાઇઓમાં પણ ફેરફારો કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં અલગ અલગ દરોને કારણે વહીવટી ગુંચવણો, અર્થઘટનને લગતા પ્રશ્નો, ઓડિટ પેરા, લિટિગેશન અને વિવાદોના મુદ્દાઓના નિરાકરણ માટે તારીખ ૧-૪-૨૦૦૬થી સમાન પ્રકારના લેખો ઉપર સ્ટેમ્પ ડ્યૂટીના દરોના સરળીકરણની સાથોસાથ તાર્કિકીકરણ કરીને અલગ અલગ પ્રકારના ૨૭ દરોમાં ફેરફાર કરીને માત્ર ૯ દરો નક્કી કરવામાં આવ્યા હતા. સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો ઉપર સ્ટેમ્પ ડ્યૂટીનું ભારણ ઘટે તે માટે અર્થઘટનના મુદ્દાઓ, લિટિગેશન, વહીવટી ગુંચવણો ઘટે, સામાન્ય પ્રજા પણ આ જોગવાઇઓ સરળતાથી સમજી શકે, સાથોસાથ આમ આદમીના હિતોનું રક્ષણ થાય તે બાબતો ધ્યાને લઇ રાજ્યમાં વૈશ્વિક પ્રવાહો સાથે મિલકતના ભાવ વધારાના સાપેક્ષમાં તાર્કિકીકરણ સાથે મારી સરકારમાં સુધારાની દરખાસ્ત હું લાવી છું.

બેન્કો, વગેરે નાણાકીય સંસ્થાઓ દ્વારા ધીરવામાં આવતા નાણાને લગતા દસ્તાવેજો, બીજું આર્ટિકલ -૬ હક્કપત્રો અનામત મૂકીને ગીરો, જંગમ મિલકતનું હાઇપોથીકેશન, આર્ટિકલ-૧૪ બોન્ડ માટે, આર્ટિકલ -૨૭, વધારાનો બોજો, અને આર્ટિકલ-૩૬ ગીરોખત, બેન્કો વિગેરે નાણાકીય સંસ્થાઓ દ્વારા ધીરવામાં આવતા નાણાં પરત ચૂકવણી સંદર્ભે મિલકતના દસ્તાવેજો ગીરો મૂકવા તથા લોનની સલામતી અર્થે કરવામાં આવતા સંલગ્ન દસ્તાવેજો ઉપર હાલમાં સ્ટેમ્પ ડ્યૂટીનો દર ૧૦ કરોડ રૂપિયાની રકમ સુધી મહત્તમ રૂપિયા ૧,૦૦,૦૦૦ ની મર્યાદાને આધિન રૂપિયા ૧૦૦ કે તેના ભાગ માટે ૨૫ પૈસાનો છે, જ્યારે ૧૦ કરોડ રૂપિયાથી વધુ લોનની રકમ માટે મહત્તમ ૩ લાખ રૂપિયાની મર્યાદાને આધિન રૂપિયા ૧૦૦ કે તેના ભાગ માટે ૫૦ પૈસા, અર્ધો ટકો છે, આ દરો તારીખ ૧-૪-૨૦૦૬થી અમલમાં છે. રાજ્યમાં ઔદ્યોગિક

---

* વિધેયક તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિકાસે હરણફાળ ભરેલ છે. જેથી આવા લોનને લગત દસ્તાવેજોના પ્રમાણમાં વધારો થવા પામેલ છે. આ સંજોગોમાં ૧૦ કરોડની રકમ માટે મહત્તમ મર્યાદા રૂપિયા ૧ લાખની રદ કરવા અને રૂપિયા ૧૦ કરોડથી વધુ લોનની રકમ માટે હાલની રૂપિયા ૩ લાખની મહત્તમ મર્યાદાને બદલે ૮ લાખની કરવાની દરખાસ્ત ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં વાજબી બનશે.

બીજું આર્ટિકલ–૧૮ પ્રમાણપત્ર અથવા બીજા દસ્તાવેજ. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમના આર્ટિકલ–૧૮ હેઠળ કંપની દ્વારા બહાર પડાતા શેર, સ્ક્રીપ તથા સ્ટોકનો હક્ક ધરાવતા પ્રમાણપત્રો ઉપર, તેમાં દર્શાવેલી કિંમત ઉપર ૦.૧ ટકા ડ્યૂટી લેવાની જોગવાઇ છે. જેમાં આવા નવા શેર બહાર પડતા શેરની કિંમતમાં પ્રિમિયમની રકમ પણ સ્ટેમ્પ ડ્યૂટીમાં ગણતરી માટે ધ્યાને લેવામાં આવશે, જે બાબતે સ્પષ્ટીકરણ દાખલ કરી કિંમત બાબતે જોગવાઇ સ્પષ્ટ કરવા દરખાસ્ત છે. આ સુધારાના કારણે કાયદાકીય જોગવાઇ સરળ બનશે અને અર્થઘટનના વિવાદો ઘટશે. આર્ટિકલ–૨૦(ઘ) કંપનીઓની પુનઃ રચના અથવા જોડાણને લગતા દસ્તાવેજો ઉપર ડ્યૂટી, કોઇપણ બે અથવા વધુ કંપનીઓના જોડાણથી પુનઃરચના અથવા આવા જોડાણને લગતા હુકમોના કિસ્સામાં આર્ટિકલ ૨૦(ઘ) મુજબ મહત્તમ રૂપિયા ૧૦ કરોડને આધિન ૧ ટકાનો દર અમલમાં છે, રાજ્યના થતાં વિકાસ સાથે કંપનીઓની શેરમૂડી તથા મિલકતોની કિંમતમાં થયેલ વધારાને કારણે પુનઃ રચના અથવા જોડાણને લગતા હુકમો અન્વયે વસૂલ લેવાની થતી ડ્યૂટીની મહત્તમ મર્યાદામાં વધારો કરવો જરૂરી બન્યો છે. જેથી આવા કિસ્સામાં ડયૂટીની મહત્તમ મર્યાદા હાલમાં રૂપિયા ૧૦ કરોડથી વધારીને ૨૫ કરોડની રાખવા જોગવાઇ સૂચવવામાં આવે છે.

આર્ટિકલ–૪૫(ક) પાવર ઓફ એટર્ની રાજયમાં સ્થાવર મિલકતના અવેજ સાથે મિલકત વેંચવાનો અધિકાર આપવામાં આવેલ હોય અથવા કબજો સોંપવાનો ઉલ્લેખ હોય તેવા રદ ના થઇ શકે તેવા પાવર ઓફ એટર્ની ઉપર હાલમાં ૪.૯૦ ટકાનો સ્ટેમ્પ ડયૂટીનો દર અમલમાં છે. રાજયમાં કુટુંબના સભ્યોને પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ઘણી વખત આવા પાવર ઓફ એટર્ની વેચાણ મુજબ ૪.૯૦ ટકા ડયૂટીને પાત્ર બને છે જેથી પાવર ધારકને મુશ્કેલીમાં મૂકાવું પડે છે. રાજયમાં અભણ અને સામાન્ય વ્યકિતઓની મિલકતો માટે બોગસ પાવર ઓફ એટર્ની ઉભા થવાના કિસ્સા રાજય સરકારશ્રીના ધ્યાને આવતાં રાજય સરકાર દ્વારા ૨૧–૭–૦૮થી પાવર ઓફ એટર્ની આધારે મિલકતનો કબજો પાવર ધારકને સોંપવામાં આવતો હોય તેવા પાવર ઓફ એટર્ની ફરજિયાત નોંધણીને પાત્ર ઠરાવવામાં આવતા આવા બોગસ પાવર ઓફ એટર્ની થતાં અટકયા છે. રાજયમાં બોગસ પાવર ઓફ એટર્ની આધારે સામાન્ય અને અભણ વ્યકિતઓની મિલકતોના વેચાણ થવાના કિસ્સા ના બને સાથોસાથ કંપનીની જ વ્યકિતને પાવર આપવાના કિસ્સામાં પ્રજાને નાહકનો બોજ ના પડે તે જરૂરી છે. હાલમાં કાયદાથી અજાણ વ્યકિત દ્વારા કુટુંબની જ વ્યકિતને રદ ના થઇ શકે તેવા તથા મિલકતનો કબજો સોંપવાના પાવર ઓફ એટર્ની મિલકતની બજાર કિંમત મુજબ ૪.૯૦ ટકાની ડયૂટીને પાત્ર બને છે. જેથી માતા, પિતા, ભાઇ, બહેન, પતિ–પત્ની, પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રીને મિલકત વેંચવાનો અધિકાર આપવામાં આવે તેવા પાવર ઓફ એટર્ની માત્ર ૧૦૦ રૂપિયાની ડયૂટીને પાત્ર ઠરાવવા જોગવાઇ કરવાથી સાચા અને કુટુંબની વ્યકિતને જ પાવર આપવાના કિસ્સામાં ડયૂટી ભરવાની હાડમારી ભોગવવી નહીં પડે. આ જોગવાઇથી કુટુંબ સિવાયની વ્યકિત અથવા મિલકત વેચાણ કરવાના અધિકારો મેળવવા ઉભાં કરાતા ખોટા પાવર ઓફ એટર્નીનો અંત આવશે. સાથોસાથ કુટુંબની જ વ્યકિતને પાવર આપવામાં બજાર કિંમત મુજબ..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક એક કલમનું તમે ડિટેઇલમાં કહો છો તેના બદલે એમેન્ડમેન્ટ જેવું હોય તેનો હાર્દ તમે કહો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એ જ છે, બધા સુધારાઓ જ છે. તેનાથી પ્રજાને શું ફાયદો થવાનો છે એ વિશે તો મારે સમજાવવું પડે.

અધ્યક્ષશ્રી : તમે ડિટેઇલના બદલે ટૂંકુ કરો, પછી જવાબ તમે ડિટેઇલમાં આપજો.

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩

સરકારી વિધેયકો

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી. બજાર કિંમત મુજબ ૪.૯૦ ટકા ડ્યૂટી ભરપાઇ કરવાને કારણે પડતી હાડમારીનો અંત આવશે. આ જોગવાઇથી રાજયમાં સામાન્ય અને અભણ વ્યકિતની મિલકતોના હક્કોનું રક્ષણ થશે.

**ફારગતીના દસ્તાવેજઃ** કોઇ મિલકતના સહ માલિક પોતાનું હિત અન્ય માલિકની તરફેણમાં જતું કરે તેવા કિસ્સા વેચાણ મુજબ ૪.૯૦ ટકા ડ્યૂટીને પાત્ર બને છે. હાલમાં પિતાના મૃત્યુ બાદ વારસાઇના કિસ્સામાં તથા વારસાઇ થયે પૈસાની લેવડ–દેવડ સિવાયના અને બહેનો દ્વારા મિલકતમાંથી હક્ક જતો કરવાના કિસ્સામાં રજિસ્ટર દસ્તાવેજ સિવાય મિલકતની નામફેરની નોંધો પાડવામાં આવે છે. પરિણામે આવા કિસ્સામાં પ્રજાને નાહકની ડ્યૂટી ભરવાની હાડમારી પડે છે. કુટુંબની વ્યકિત માતા–પિતા, ભાઇ–બહેન, પત્ની–પતિ, પુત્ર–પુત્રી, પૌત્ર એટલે કે કુટુંબની સભ્યની તરફેણમાં મિલકત ઉપરનો દાવો છોડી દે તેવા કિસ્સામાં માત્ર ૧૦૦/–રૂપિયાની ડ્યૂટી રાખવા જોગવાઇ કરવાથી કાયદાકીય જોગવાઇ સરળ બનશે. માતા–પિતા, ભાઇ–બહેન, પત્ની–પતિ, પુત્ર–પુત્રી, પૌત્ર એટલે કે કુટુંબના સભ્યની તરફેણમાં મિલકત ઉપરનો દાવો છોડી દેવાના કિસ્સામાં પ્રજા રજિસ્ટર દસ્તાવેજ કરવા પ્રેરાશે પરિણામે મિલકતના ટાઇટલ માટે સરળતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આટલા સુધારા લઇને આવી છું. અને આ સુધારા બહુ જ અગત્યના છે, સમાજના હિતમાં છે અને એટલા માટે આ સુધારાઓને મંજૂર કરવા મારી વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે અને ખાસ કરીને તેમણે જે બિલની છણાવટ કરી છે, તેમનો જે હેતુ થાય છે તે બતાવે છે સમગ્ર ગુજરાતની જનતાને આ બિલમાં મોટો ફાયદો થવાનો છે. વાસ્તવિકતા આ બિલ, આ ગુજરાત સરકાર જે કલમો લઇને આવી છે કલમ–૨, કાયદા આર્ટિકલ ૬,૧૪, ૧૮,૨૦, ૨૭, ૪૫ અને ૪૯માં જે સુધારા લાવ્યા છે એ સરકાર પાછલા બારણે ૪૦૦ કરોડ રૂપિયાનો આ ગુજરાતની જનતા ઉપર બોજો પડવાનો છે. એક ફીકસ એક લાખ રૂપિયા આપણે ત્યાં ચાલતા હતા હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આનાથી લોકોને ફાયદો થાય. કદાચ ૫૦ હજાર રૂપિયા કર્યા હોય તો સીધેસીધો ફાયદો દેખાતો હોય, પણ એક લાખ રૂપિયાના સીધેસીધા ત્રણ લાખ રૂપિયા કરવામાં આવ્યા છે એ સ્પષ્ટપણે બતાવે છે કે આ બિલમાં ગુજરાતની સાડા છ કરોડની જનતા ઉપર મોટામાં મોટો બોજો પડવાનો છે. આજે કોઇ પણ બિલનું હાર્દ હોય તો એ હોય કે બિલની સ્પષ્ટતા થાય, બિલ માટેના ફાયદા થાય અને બિલ માટેની પદ્ધતિ હોય. આજે વધુમાં વધુ ૧૦ કરોડ રૂપિયાની લિમિટ હતી. સમગ્ર ગુજરાતમાં આપણે વાયબ્રન્ટના નામે, બીજાના નામે ગુજરાતમાં ઉદ્યોગો આગળ આવે. ઉદ્યોગો માટેની પરંપરા ચાલે છે. એમ કરીને સમગ્ર ભારતમાં આપણે બતાવતા હોઇએ છીએ. ત્યારે ઉદ્યોગો માટેના હિતના કોઇ કાયદા ઘડ્યા હોય તો એમ લાગે કે ઉદ્યોગો માટેની પરિસ્થિતિનું નિર્માણ સારું થવાનું છે. પણ આમાં ઉદ્યોગોને ફાયદો નહીં, નુકસાન થવાનું છે. જે ૧૦ કરોડ રૂપિયાની મર્યાદા હતી, ૧૦ કરોડથી ૨૫ કરોડ વચ્ચેનો જે ગાળો છે, ૧૫ કરોડ રૂપિયા એ ૧૦ કરોડ રૂપિયામાં ભલે એના ઉપર એક રૂપિયો પણ વધે તો તેની પાસે ૨૫ કરોડ રૂપિયાનો આ બિલમાં ચાર્જ લેવાશે એ સ્પષ્ટપણે એની જોગવાઇ છે. આ બિલ જે બીજા રાજયોમાં કે બીજે બધે જે નાની બેંક હોય કે બીજાં ક્ષેત્રમાં હોય, મોર્ગેજ હોય કે બીજી પરિસ્થિતિ હોય તેમાં બીજાં રાજયોની પરિસ્થિતિ ફીકસ છે. આપણે ત્યાં જે સિસ્ટમ છે તેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. દર વર્ષે દરેક વેપારીને બેંકની લોન હોય, નાની હોય કે મોટી હોય એ દરેક લોકોને મોર્ગેજ કરવું પડતું હોય છે અને દર વર્ષે તેને ડ્યૂટી ભરવાની થશે. આજે પણ ભરવાની થાય છે પણ આના કારણે એમાં જબરજસ્ત મોટો વધારો થવાનો છે. તેના કારણે ગુજરાતના વેપારી ઉપર અને અંતે ગુજરાતની જનતા ઉપર આ એક મોટો બોજો પડવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં બીજી વાત એ કહેવાની છે કે જે લોકો ૧૦૦ રૂપિયાની સ્ટેમ્પ ઉપર આપણે નકકી કરીને પાવર ઓફ એટર્ની આપી શકતા હતા, લોકો અભણ હોય, એના ઉપર હવે જે કાયદાકીય જ્ઞાન ન હોય તો જેના લોહીના સંબંધ નહીં હોય અને બીજાંને આપવાના. નો ડાઉટ, બહેને ચિંતા વ્યક્ત કરી કે કદાચ બોગસ પાવર ઓફ એટર્ની થાય. માનો કે આવું થતું હશે, પણ એવા બહુ ઓછા કિસ્સાઓ હોય છે,

પણ મોટા ભાગે એવા પણ કિસ્સા હોય છે કે આની જગ્યાએ ઘણા સારા લોકો પાવર ઓફ એટર્ની પોતાની જાતે આપતા હોય છે અને એના ઉપર જે ડ્યૂટી વેચાણ ઉપર લાગવાની છે એટલે ડ્યૂટી પાવર ઓફ એટર્ની ઉપર લાગવાની છે. એના કારણે ખરેખર ગુજરાતમાં જે ગામડાંમાં રહેલો માણસ, આજે ગુજરાતમાં કેટલા લોકો અશિક્ષિત છે એ આપણે જાણીએ છીએ. એમાં એવી સિસ્ટમ હોય એમાં આખેઆખી ડ્યૂટી લગાવી દેવામાં આવે. ૨–૫–૨૫ ટકા એવા માણસો હોય તેના કારણે સમગ્ર ગુજરાત તેની તકલીફ ભોગવે આ વ્યવહારિક બાબત નથી. એટલા માટે નથી કે આવા લોકો ગુજરાતમાં હશે તો તેની એક વ્યાખ્યા ગણી શકાય તો કેટલા હશે અને આજની તારીખમાં સમગ્ર લોકો ઉપર લાગવાની છે ત્યારે સિસ્ટમ થઇ રહી છે. ગુજરાત સરકાર ૩૦૦–૪૦૦ કરોડ રૂપિયા ડ્યૂટી લાવી છે તો અમે કહીએ છીએ કે તમે બિલ મારફત લાવો તેના કરતા બેટર એ છે કે તમે બજેટમાં લાવો. તો લોકોને ખ્યાલ આવે. આ પરિસ્થિતિમાં તમે જૂઓ કે કયા સંજોગોમાં પાછલા બારણે આવતી હોય છે એ લાગતું હોય છે. મહારાષ્ટ્રનો હું દાખલો આપવા માગું છું કે ત્યાં આજે પણ જંત્રીના ફીકસ પાંચ ટકા, નગરપાલિકામાં ચાર ટકા અને ગામનો જે વિસ્તાર છે ત્યાં ત્રણ ટકાનો સ્લેબ છે. આપણે ત્યાં દરેક ક્ષેત્રે એક સ્લેબ છે. આજે મહારાષ્ટ્રમાં સાચી વસ્તુ એટલા માટે થઇ રહી છે કે ત્યાં નાનામાં નાના ગામડાંના માણસની ચિંતા હોય છે. એમને ખબર હોય છે કે મોટા શહેરોની જમીનોની કિંમત, દિનપ્રતિદિન તેની મિલકતનો વધારો, ત્યારે અહીં બધા જ એક સ્ટેજે આંકવામાં આવતા હોય છે. બધા જ સુખી સંપન્ન માણસો હોય છે તેમ સમજીને આપણો ધારો એક રાખવામાં આવતો હોય છે. ત્યાં આગળ પણ આ જ પ્રકારનું જે અંતર છે એમાં ડ્યૂટી લગાવવાની છે. આજે પણ મહારાષ્ટ્રમાં રૂ.૫૦૦/– ફિક્સ કરેલા છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આમાં ગરીબોના જમીનના અને મિલકતના અનેક પ્રશ્નો હોય છે. ખરેખર આપણે મહારાષ્ટ્રની માફક રૂ.૫૦૦/– ફિક્સ કરીએ તો વધારે સારું રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું બીજું સૂચન એ છે કે, રૂ.૧૦/– કરોડથી રૂ.૨૫/– કરોડ વચ્ચે રૂ.૧૫/– કરોડ જેટલો ગાળો છે એ મેક્સીમમ ગણાય એ ઓછો કરવો જોઇએ અને એના માટે એક પદ્ધતિ કરવી જોઇએ. દસ અને પંદર વચ્ચે ટકાવારી ફિક્સ કરેલ હોય તો એ પ્રમાણેનો સ્લેબ પણ કરી શકાય. એટલે આ અંતર મોટું દેખાય છે એને ઘટાડીને ફિક્સ કરવું જોઇએ. બીજા રાજ્યોની પરિસ્થિતિ જોઇ છે, હરિયાણા, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ફિક્સ કરેલ છે. બેંકોના મોર્ગેજમાં દિન–પ્રતિદિન વધારો થતો જાય છે, એ કોઇ જગ્યાએ થતું નથી. ગુજરાત તો પ્રથમથી જ સુખી હતું. વેપાર ક્ષેત્રે રાજ્ય આગળ જઇ રહ્યું છે ત્યારે ડ્યૂટીનું ભારણ પાછલા બારણે આવે છે એના માટે માનનીય મંત્રીશ્રી આમાં કાંઇક વિચારે એવી મારી વિનંતી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૩ ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. આ નાણાકીય બિલનો એક પ્રકાર છે અને રાજ્યની આવક વધારવાની છે. આ પત્રમાં નાણાકીય વિવરણ કરવામાં આવ્યું નથી. રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર આ બાબતનું વિધેયક લઇ આવવાનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આપણા અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરને બદલે બિલ ઉપર જ આવોને, એ નક્કી થયેલી વાત છે. રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ન હોય છતાં પણ બિલ આવે છે. આવી ગયું. તમારું માનીએ છીએ બસ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં કોઇ વિધેયકનો ઉલ્લેખ ન હોય તો આ ગૃહમાં રજૂ કરવા માટે હવે પાગે સમિતિએ કરેલ ભલામણોને લક્ષ્યમાં લેવી જોઇએ. આપણે બજેટ રજૂ કર્યું એના ભાગ–ખમાં રૂ.૨૮૯/– કરોડનો કર બોજ આપણે નાંખ્યો. આ બિલ એક નાણાકીય સ્ત્રોત વધારવાનું છે. નાણાકીય સ્ત્રોત વધારવાનો છે ત્યારે આ બજેટમાં વિનિયોગ વિધેયક, આપણું નાણાકીય બજેટ, તમામ બજેટ રજૂ થઇ ગયા પછી રાજ્યના લોકો ઉપર નાણાકીય બોજ વધારીને રાજ્યની તિજોરીમાં આવક વધવાની છે. ત્યારે માનનીય મંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરું છું કે, આમાં કેટલી આવક થવાની છે? સ્ટેમ્પ ડ્યૂટીના કારણે વધારાનો કેટલો બોજ આવવાનો છે એનો આમાં ઉલ્લેખ કર્યો નથી. એટલે આપનું ધ્યાન દોરું છું કે, આ બજેટના જે ભાગ–ખમાં વાત કરી એ પ્રમાણે અને રાજ્યપાલશ્રીના પ્રવચનના મુદ્દા ઉપર પણ સંસદીય ઔચિત્યનો ભંગ ગણાય, એટલે વિનિયોગ વિધેયક અને નાણાકીય વિધેયકમાં

ઉલ્લેખ થયેલ નથી. એટલે આવા મહત્વના બિલ અગાઉ થવા જોઇએ છતાં બજેટમાં અથવા રાજ્યપાલશ્રીના પ્રવચનમાં થવું જોઇએ એ થયું નથી.

માનનીય મંત્રીશ્રીએ આર્ટિકલ-૬માં જે સુધારો સૂચવ્યો છે અને એમાં સીધા એક લાખ રૂપિયાની વિગત છે. કમ્પ્લેટ કાઢી નાંખવાની છે અને રૂ.૩ લાખની જગ્યાએ રૂ.૮ લાખ રહે. આર્ટિકલ-૬ અને આર્ટિકલ- ૧૪માં મૂક્યું છે. આ સિવાય આ રાજ્યની અંદર આપણે પેટ્રોલ હોય, ડિઝલ હોય કે ખાતર હોય કોઇપણ રાજ્ય કરતાં આપણા રાજ્યમાં વેટ વધારેમાં વધારે છે અને ત્યારે ખેડૂતો ઉપર, નાના માણસો ઉપર, મધ્યમ વર્ગ ઉપર વધારેમાં વધારે બોજ પડે એ રીતની આમાં જોગવાઇ છે. જે આર્ટીકલ-૧૮ની કોલમ-૧માં માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે કે શેરના પ્રિમિયમ ઉપર પણ તેનો ટેકસ લેવામાં આવશે. કોઇ કંપનીએ ૧૦ રૂપિયાનો શેર જાહેર કર્યો હોય અને એના ઉપર ૫૦ રૂપિયા પ્રિમિયમ હોય એટલે ૬૦ રૂપિયા ઉપર ટેકસ લેવાનો. આ શેર હોલ્ડરો સામાન્ય રીતે નાના અને મધ્યમ વર્ગના લોકો હોય છે. એની ઉપર તો આપણે બીજા આડકતરા તો અનેક જાતના ટેકસ લેતા હોઇએ છીએ. પણ આ નાના મધ્યમ વર્ગના લોકોને આમાંથી પણ આપણે છોડવા માગતા નથી એટલે અત્યારની જે સિસ્ટમ છે જે મૂળ શેર ઉપર એટલો જ રાખવો જોઇએ, પ્રિમિયમનો આમાં જે મુદ્દો ઉમેર્યો છે એ રાખવો ના જોઇએ.

હમણા બલવંતસિંહભાઇએ જે વાત કરી કે ૧૦ કરોડના સીધા ૨૫ કરોડ આજે આર્ટીકલ ૨૦માં ધ્યાન દોર્યુ છે આ સિવાય આર્ટીકલ ૪૫માં વિધ્યમાન-૬(ખ) અને એમાં માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે કે વેચાણ માટે અને જે બ્લડ રીલેશન છે આ બ્લડ રીલેશન માટે ૧૦૦ રૂપિયા સ્ટેમ્પ ડયુટી નકકી કરી છે. આજની તારીખે સૌરાષ્ટ્રની અંદર જે વારસા એન્ટ્રીઓ પડે છે ૨૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર સોગંદનામુ આપે અને એના જે હકક ઉઠાવી લેવામાં આવે છે અને વારસા એન્ટ્રીઓ પડે છે હવે આ ખેડૂતો ઉપર નવો બોજ આવવાનો કે અત્યાર સુધી ૨૦ રૂપિયામાં જે વારસા એન્ટ્રીઓ પડતી હતી, એના હકક ઉઠાવી લેવામાં આવતા હતા એમાં હવે આ ૧૦૦ રૂપિયા વધારાના એટલે બહુ મોટો ખેડૂતો ઉપર બોજ આવવાનો છે અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે અત્યારે એમણે જે વાત કરી કે આજે મિલકતના વેચાણ અથવા તેની તબદીલીને અધિકૃત કરતી વખતે જે બ્લડ રીલેશન પૂરતું છે અને એમાં પાછું વેચાણ માટેના મુખત્યારનામામાં પૂરેપૂરી સ્ટેમ્પ ડયુટી વાપરવાની. ઘણા બનાવો એવા હોય છે કે મોટા ભાઇના નામે જમીન ખરીદી હોય, સંયુકત કુટુંબ હોય અને પાછા જુદા થાય ત્યારે મોટા ભાઇના નામેથી નાના ભાઇના નામે જમીન લેવાની હોય તો એ જમીન પણ આમાં વારસાઇમાં ગણાતી નથી એટલે સંયુકત કુટુંબ હોય, સાથે જ જમીન લીધી હોય છતાં એને વધારાની સ્ટેમ્પ ડયુટી અથવા મુખત્યારનામું કરે તો પણ એને પૂરેપૂરી સોએ સો ટકા સ્ટેમ્પ ડયૂટી ભરવાની થાય છે, એટલે ખેડૂતો ઉપર બહુ મોટો બોજ આવવાનો છે.

આર્ટીકલ-૪૯માં જે માનનીય મંત્રીશ્રીએ એવી જ વાત કરી છે કે ૪.૯૦ ટકા જે અત્યારે સ્ટેમ્પ લાવવામાં આવે છે એમાં જે બ્લડ રીલેશનમાં જે વારસાઇ હોય તો ૧૦૦ રૂપિયા, તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે ખેડૂતો ઉપરનો આ બોજ વધારાનો વધવાનો છે કારણ કે અત્યારે આજની તારીખે આ જે વારસાઇ એન્ટ્રીઓ છે અને એમાં જે ખેડૂતોને અત્યારે મેં જે અગાઉ હમણા જ વાત કરી એ પ્રમાણે ૨૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર વારસાઇ થાય છે અને એમાં કોઇ ટેકસ ભરવાનો હોતો નથી એટલે આ જે ૧૦૦ રૂપિયાની જે વાત છે સ્ટેમ્પની એ ફકત શહેર પૂરતું જ રાખવું જોઇએ, ખેડૂતોને મુકિત આપવી જોઇએ. આવી જ રીતે આર્ટીકલ-૪૯-ખમાં કોઇ કિસ્સામાં આર્ટીકલ-૨૦ હેઠળ માલિકીફેર ખત ઉપર આજની રકમ માટે પાત્ર થાય છે તેટલી ડયુટી અથવા સ્થાવર મિલકતમાં છોડી દીધેલ હિસ્સા, હિત, ભાગ અથવા દાવાની બજાર કિંમતે એટલે એમાં પણ સ્ટેમ્પ જે ૧૦૦ રૂપિયાનું છે એમાં પણ એ પ્રમાણે જ રાખવું જોઇએ કારણ કે એમાં મિલકતમાં જે કોઇ બે વ્યકિતએ જમીન ખરીદી હોય અને એમાં એક વ્યકિત છૂટી થાય તો એને પૂરેપૂરી સ્ટેમ્પ ડયુટી ભરીને છૂટી થવાની એવું હું આમાં માનુ છું. આ રાજયમાં અગાઉ જે માનનીય મંત્રીશ્રીએ કીધું કે ૨૦૦૬માં નવી જંત્રી આવી અને ત્યારે જે ફેરફારો કર્યા ત્યારે ૪૦૦ ટકા જેવી ડયુટી તો વધારી હતી પછી પાછી તાઃ૧-૪-૨૦૦૯એ એમાં લગભગ ૨ હજાર ટકા, અઢી હજાર ટકા, ૩ હજાર ટકા ડયુટી વધારી એમાં પાછો ઘટાડો કર્યો અને ત્યારે આટલી મોટી આવક અને આ આવકમાં બજેટની અંદર કયાંથી આવક થાય છે અને

ક્યાં વપરાવાનો છે એનો ઉલ્લેખ કરવાનો હોય છે. એટલે આ બિલ એક તો નિયમ પ્રમાણે અધ્યક્ષશ્રીના નિર્ણયો પ્રમાણે મોડું આવ્યું છે અને છતાં આ જે બિલ છે એમાં રાજ્યના લોકો ઉપર બહુ મોટો બોજ પડવાનો છે. એટલે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે આ દુષ્કાળનું વર્ષ છે અને બજેટમાં તેમજ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કરવો જોઇએ એ ન હોવા છતાં અત્યારે આવ્યું છે તો આ બિલ હાલની તકે આ વર્ષે મુલતવી રાખે એવું આપના દ્વારા ધ્યાન દોરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ અને માનનીય બાવકુભાઇએ આ બિલ ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. બલવંતસિંહભાઇએ કહ્યું કે મહારાષ્ટ્ર રાજ્યમાં આવું કશું નથી. પણ આર્ટિકલ– ૬, ૧૪, ૨૭ અને ૩૬ના કિસ્સામાં મહારાષ્ટ્રમાં રેટ સરખા છે અને એમાં મહત્તમ મર્યાદા રાખી નથી, જ્યારે ગુજરાતમાં મર્યાદા છે અને એમાં થોડો વધારો કર્યો છે. ૨૦–ઘ હેઠળ કંપનીની પુનઃરચના એમાં મહારાષ્ટ્રમાં સરખા રેટ છે અને કોઇ મહત્તમ મર્યાદા નથી જ્યારે ગુજરાતમાં મહત્તમ મર્યાદા આપણે રાખી છે અને એમાં થોડો સુધારો કરીએ છીએ. લોહીની સગાઇ સિવાયના લોકોને પાવર ઓફ એટર્ની જેમાં કબજો અને અવેજ સાથે આપવામાં આવેલ હોય તો તા. ૨૧–૭–૨૦૦૮થી ૪.૯૦ ટકાની ડ્યુટી લાગે છે. આ સુધારાથી કૌટુંબિક વ્યક્તિને આપવામાં આવે એમાં રાહત આપીને માત્ર ૧૦૦ રૂપિયા કર્યા છે. પહેલાં ૪.૯૦ ટકાનો ચાર્જ કરતા હતા. આવા સુધારાથી આવક વધારવાનો મુખ્ય આશય નથી. નાણાકીય સ્ત્રોતો વધારવાનો રાજ્ય સરકારનો કોઇ હેતુ નથી. માત્ર અને માત્ર સરળીકરણ થાય, પારદર્શિતા આવે અને હેરાનગતિ અટકે એના માટેનું આ વિધેયક છે. કોઇપણ ખેડૂત ઉપર આનો કોઇ બોજ લાગવાનો નથી. ઉપરથી ખેડૂતોને વધારે ફાયદો આ સુધારાથી થવાનો છે. એટલા માટે મારા આ સુધારાઓને સંમતિ આપવામાં આવે એવી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૩ના ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૩ના ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૩ના ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૮
## ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૩
## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં * અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૩ના ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી બાબુભાઇ બોખીરીયા (સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સને ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) વિધેયકનું પહેલું

* વિધેયક તા. ૨૨મી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા (સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પાર્લામેન્ટ દ્વારા બંધારણ (૯૭મો સુધારો) કાયદો, ૨૦૧૧માં પસાર કરીને તા.૧૫–૨–૨૦૧૨થી ભારત રાજપત્રમાં જાહેર કરવામાં આવ્યો હતો. બંધારણમાં આ સુધારો કરી ''સહકારી મંડળીઓ'' બાબત પ્રત્યે પ્રકરણ I X –B નો સમાવેશ કરવામાં આવેલ છે. બંધારણમાં સહકારી સંસ્થાઓ બાબતે નવા દાખલ કરેલ પ્રકરણ I X –B મુજબ તમામ રાજ્યોની વિધાનસભાએ પોતાના રાજયમાં પ્રવર્તમાન સહકારી કાયદામાં તે મુજબ સુધારા કરવાના થાય છે અને બંધારણીય સુધારાથી દાખલ કરવામાં આવેલી જોગવાઇઓને રાજ્યના સહકારી કાયદામાં ફરજિયાત આમેજ કરવાના રહે છે. હાલના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧માં જે મહત્વની બાબતો આમેજ કરવાની થાય છે, તે અંગે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ (સુધારા)– ૨૦૧૩નું વિધેયક ગુજરાત વિધાનસભામાં રજૂ કરવા માટે આપની સમક્ષ રજૂ કરું છું.

અત્રે ઉલ્લેખનીય છે કે સહકારી પ્રવૃત્તિ ક્ષેત્રે ગુજરાત રાજ્ય અગ્રેસર છે. આપણે ત્યાં અમૂલ બ્રાન્ડ સહકારી ક્ષેત્રમાં છે અને ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જેવી વિશ્વ સ્તરે નામના મેળવનારી સંસ્થા પણ સહકારી ક્ષેત્રમાં છે. ગુજરાત રાજ્યમાં કુલ ૬૭,૧૩૫ સહકારી મંડળીઓ અસ્તિત્વમાં છે જેમાં ૧૮ મધ્યસ્થ બેંકો ૮,૬૬૪ પ્રાથમિક ખેતી મંડળીઓ, ૫,૨૭૬ શરાફી મંડળીઓ, ૧૩,૭૨૬ દૂધ મંડળીઓ અને ૧૭૦૦૦ ગૃહ મંડળીઓનો સમાવેશ થાય છે. ખાંડ સહકારી ઉદ્યોગ ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્રમાં જ છે. આ તમામ મંડળીઓ સમાજના મધ્યમવર્ગ અને નિમ્ન વર્ગના લોકોની જરૂરિયાતો પૂર્ણ કરે છે. આ સંસ્થાઓ પોતાના પેટાકાયદા પ્રમાણે આંતરિક વહીવટ કરે છે અને તેના રોજબરોજના સંચાલનમાં, ભરતી પ્રક્રિયામાં કે આંતરિક વહીવટમાં સરકારની કોઇ દખલગીરી નથી. આ તમામ સંસ્થાઓમાં ચૂંટણી અને વ્યવસ્થાપક કમિટીના હોદેદારોની ચૂંટણી પણ પોતાના પેટાકાયદા અનુસાર કરવામાં આવે છે. આમ આપણે ત્યાં સહકારી પ્રવૃત્તિ લોકશાહીપૂર્ણ સ્વાયત્ત અને તંદુરસ્ત છે.

સહકારી સંસ્થાઓના સુચારૂ સંચાલન અને વહીવટી સુધારણા ક્ષેત્રે પણ ગુજરાત રાજ્ય અગ્રેસર છે. રાજ્ય સરકારે અગાઉ અનેક વખત સહકારી કાયદામાં સુધારા માટે વિધાનસભા સમક્ષ બિલો રજૂ કર્યા છે. આવા સુધારાઓથી રાજ્યની તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાની તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓમાં ચૂંટણી અને હોદેદારોની ચૂંટણી માટે અલગ નિયમો બનાવવામાં આવેલા છે અને કલેકટર હસ્તક ચૂંટણી થાય તેવી મહત્વની જોગવાઇ ઉમેરવામાં આવેલ છે. ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનચમ–૧૯૬૧માં સને ૨૦૦૨માં તે સમયની નાગરિક સહકારી બેંકોની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને નિયંત્રણ અને અંકુશની વ્યવસ્થા સુદૃઢ બનાવવા અને બેંકના હોદેદારોની સમયાવધિ, જવાબદારી સુનિશ્ચિત કરી સભાસદ અને થાપણદારોના વિશાળ હિતને ધ્યાને લઇ આવા પ્રકરણ ૧૦(બી)નો ઉમરો કરવામાં આવ્યો. ગુજરાત રાજ્યે રિઝર્વ બેંક સાથે એમ.ઓ.યુ. સાઇન કરનાર પ્રથમ રાજ્ય બન્યું. નાગરિક સહકારી બેંકોના ઓડિટ માટે પણ વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. પ્રોફેસર વૈદ્યનાથન કમિટીની ભલામણોને અનુરૂપ રાજ્યના સહકારી કાયદામાં જરૂરી સુધારાઓ સને ૨૦૦૮માં કરવામાં આવ્યાં. જેના પરિણામે ગુજરાતના ત્રિસ્તરીય ધિરાણ માળખાની સહકારી સંસ્થાઓને વિશિષ્ટ જોગવાઇઓ પણ લાગુ કરવામાં આવી. ગુજરાત સહકારી મંડળીઓ અધિનચમ–૧૯૬૧ની કલમ ૭૪(સી) અન્વચે ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને તમામ જિલ્લા સહકારી સંઘોને પણ નિર્દિષ્ટ પ્રકારની સહકારી મંડળીઓ તરીકે તા.૨૮/૪/૨૦૦૮ના જાહેરનામામાં જાહેર કરવામાં આવ્યાં છે. આટલી પૂર્વભૂમિકા સાથે હવે પ્રસ્તૃત બિલના સંદર્ભે ચર્ચા કરીએ તો ૯૭માં બંધારણી સુધારાના આધારે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ– ૧૯૬૧માં નીચેની વિગતોએ સુધારા કરવાના થાય છે.

**(૧) ૫૦(૨):–સુધારો.**

સહકારી મંડળીઓની કપાત વેતનમાંથી કરાવી મંડળીને રકમ જમા ના કરાવે તો ગુનો બને છે. પરંતુ હાલના કાયદામાં કોઇ સમય મર્યાદા નથી. હાલની પેટાકલમ–૨ની જોગવાઇમાં સુધારો કરીને જે દિવસે કપાત

કરવામાં આવે ત્યારથી ૧૪ દિવસમાં સંસ્થાને કપાતની રકમ મંડળીમાં પરત ભરવાની રહેશે, એવો સુધારો સૂચવાયો છે.

**(૨) કલમ–૭૪(બી):– ઉમેરો.**

(૧) મંડળીના કમિટી સભ્યોની મહત્તમ સંખ્યા નક્કી કરીને વધુમાં વધુ ૨૧ની રાખવી.

(૨) સહકારી મંડળીની કમિટીમાં જે તે વર્ગના સભ્યો માટે બે સીટ મહિલાઓની અને એક સીટ અનુસૂચિત જાતિ અથવા જનજાતિ માટે અનામત રાખવી.

**(૩) ૭૪(સી) સુધારો.**

(અ) હાલની જોગવાઇઓ વ્યવસ્થાપક સમિતિની મુદત તેની પ્રથમ બેઠકથી ૩ વર્ષના બદલે સોસાયટીના ચૂંટાયેલા કમિટી સભ્યો અને હોદેદારોની સમય મર્યાદા ૫ વર્ષની નિયત કરવી.

**ઉમેરો :–**

(બ) સહકારી મંડળીઓની ચૂંટણીઓ માટે અલગ ઓથોરિટી ઉભી કરવી.

**(૪) કલમ–૭૪ (ડી ):– તે રદ કરેલી છે.**

કસ્ટોડીયનની નિમણૂકને લગતી હાલની જોગવાઇ રદ કરવાની થાય છે.

**(૫) કલમ–૮૧:– (સુધારો)**

કમિટીને ગેરવહીવટ અંગેના વારંવારની કસુરના કારણસર છ મહિના સુધી સમય પૂરતી સુપરસીડ કરી શકાય કે વહીવટમાં ગેપ સર્જાય તો સસ્પેન્ડ કરી શકાય તેવી જોગવાઇ કરવી તેમજ વહીવટદારની સેવાની શરતો નક્કી કરવી. અગાઉ મંડળીના વહીવટમાં કોઇ ગેપ ઉભો થાય તો કસ્ટોડીયનની નિમણૂક કરવાની જોગવાઇ હતી. હવે કલમ– ૮૧ માં આને લગતી જોગવાઇઓ કરવામાં આવે છે અને જૂની કલમ – ૭૪ (ડી) રદ કરવાની રહેશે.

**(૬) કલમ–૮૧:–ઉમેરો**

સરકારની લોન, સહાય, શેરફાળો કે ગેરંટીના રૂપમાં નાણાકીય હિત હોય તેવી સંસ્થાઓ સુપરસીડ કરી તેના સ્થાને વહીવટદારની નિમણૂક કરવી. એટલે કે, સરકારનું કોઇ નાણાકીય હિત ના હોય તેવી મંડળીઓ, વ્યવસ્થાપક સમિતિને સુપરસીડ કરી શકાશે નહીં

**(૭) કલમ– ૮૪:–સુધારો**

રાજયસરકારની પેનલ હોય તેવા સ્વતંત્ર વ્યવસ્થિત ઓડિટ માટેની વ્યવસ્થા કરવી અને આ માટે ઓડિટરની લાયકાતના ધોરણો નક્કી કરવા. રાજય સરકારની પેનલમાંથી ઓડિટરની નિમણૂક કરવાના અધિકાર મંડળીની સાધારણ સભાને રહેશે.

**(૮) કલમ–૮૪:–ઉમેરો**

રાજ્ય કક્ષાના ફેડરેશનના ઓડિટ રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવાના રહેશે.

**(૯) કલમ– ૨૮:–ઉમેરો**

સભાસદે મંડળી ઠરાવે તેવી લઘુત્તમ સેવાઓ પ્રાપ્ત કરવાની રહેશે અને સાધારણ સભામાં હાજરી આપવાની રહેશે.

**કલમ– ૨૮:–ઉમેરો**

ઓછામાં ઓછી બે વખત સાધારણ સભામાં હાજરી ના આપી હોય તેવા અને મંડળી ઠરાવે તેવી લઘુત્તમ સેવાઓ ન બજાવી હોય તેવા સભાસદને દૂર કરી શકાશે.

**(૧૦) કલમ– ૪૧ એ:–ઉમેરો**

રાજ્ય સરકારને સોસાયટી પાસેથી તેના કામકાજને લગતી અને હિસાબોને લગતી વિગતો સામાયિક પત્રકોના સ્વરૂપમાં મેળવવાનો અધિકાર આપવો.

**(૧૧) કલમ–૧૪૭–ગુનાઓ અને કલમ–૧૪૮–સજા:– ઉમેરો**

ગુનાઓ અને સજાઓને લગતી વધારાની જોગવાઇઓ કરવી.

## સરકારી વિધેયકો

(૧) વ્યવસ્થાપક સમિતિના સભ્યો અથવા પદાધિકારીની ચૂંટણી પહેલાં કે પછી ભ્રષ્ટકારી રીતિ આચરતા હોય તો છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તો બંને.

(૨) કોઇ પણ વ્યક્તિ જાણી બુઝીને અથવા યોગ્ય કારણો સિવાય આ કાયદા હેઠળ કરવામાં આવેલ કાયદાકીય લેખિત હુકમ અથવા કોઇ પણ સમન્સ લેખિત માગણીનો અનાદર કરે તો છ મહિના સુધીની કેદની સજા અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તો બંને.

(૩) કોઇ પણ અધિકારી અથવા કસ્ટોડીયન તેના કબજામાં રહેલા ચોપડા, હિસાબો, દફતરો, રોકડ, જામીનગીરી અને સંસ્થાની અન્ય મિલકતો કે જેનો તે અધિકારી અથવા કસ્ટોડીયન હોય તે અધિકૃત વ્યક્તિને સોંપવામાં જાણીબુઝીને નિષ્ફળ જાય, છ મહિના સુધીની કેદની સજા અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તો બંને.

આમ, ઉપર ઉલ્લેખ કર્યા મુજબના સુધારાઓ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમમાં આમેજ કરવા માટેનું બિલ વિધાનસભા સમક્ષ મૂકું છું.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આ જે માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક: ૨૮ લઇને જે આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક સમગ્ર હિન્દુસ્તાનની અંદર, દરેક સ્ટેટમાં ભારત સરકારે જે બંધારણની કલમ : ૧૬૮(ક), (૯૭)માં અધિનિયમ–૨૦૧૧માં સુધારો કરીને દરેક સ્ટેટને સ્વીકારવા માટેનું આ બિલ માનનીય મંત્રીશ્રીએ જયારે રજૂ કર્યું છે, ત્યારે આ બિલની અંદર જે કાંઇ મારે કહેવું છે, મંત્રીશ્રી ઘણી બધી ઐતિહાસિક વિસંગતતાઓ ઉભી કરવાના છે કે, એકે એક બાબત જે આપના દ્વારા કહું છું એ મંત્રીશ્રી નોંધ કરે અને એનું સ્પષ્ટીકરણ કરે. સહકારી ક્ષેત્રના ઘણા બધા મિત્રો અહીંયા આ ગૃહની અંદર છે ત્યારે મારે કહેવું છે કે, આ જે ગુજરાત સહકારી મંડળી વિધેયક – ૨૦૧૩, ૧૯૬૧ના જે સુધારા કલમ : ૬(૩)માં પેટા કલમ : ૧ (ગ) થી પાંચ વર્ષની ચૂંટણીનો ત્રણ વર્ષના બદલે એક વર્ષે થતી, ત્રણ વર્ષે થતી, પેટા નિયમની જોગવાઇ પ્રમાણે પણ હવેથી પાંચ વર્ષે થશે તો મારે મંત્રીશ્રીને પહેલી વાત એ કરવી છે કે, અત્યારે આ રાજયની અંદર ગઇ કાલે અને આજે પણ ચૂંટણીનો ટાઇમ પૂરો થઇ ગયો છે.ચૂંટણી જાહેર થઇ ગઇ છે તો આ ચૂંટણી કયા નિયમ પ્રમાણે અને કઇ રીતે કરવાનું આયોજન કર્યું છે? બીજી વાત મારે એ કરવી છે કે માની લો કે બે વર્ષ પછી ચૂંટણી આવે છે તો દેશ આખામાં આ કાયદો બંધારણીય હકક પ્રમાણે પ્રસ્થાપિત થઇ ગયો હોય ત્યારે આ કાયદો દરેકને લાગુ પડે. હવે દરેકને લાગુ પડે તો ચૂંટણી બે વર્ષ પછી આવવાની છે. આજે પાંચ વર્ષનો કાયદો આવે તો ઓટોમેટીક પાંચ વર્ષ પછી ચૂંટણી આવશે કે નિયત સમયે જયારે આવે ત્યારે કાયદાથી રક્ષણ કરવાની કે કાયદાથી મુકરર કરવાની વાતનું સ્પષ્ટીકરણ ખાસ જરૂરી છે. આખા દેશની અંદર વૈજનાથ કમિટીએ ૧૪૦૦ કરોડ રૂપિયા ભારત સરકારે જયારે આપ્યા છે અને એમાં એમેડમેન્ટમાં વિધેયકોમાં સુધારાવધારા પણ થયા છે અને અમુક એના નિયમો પણ એકસેપ્ટ જયારે કર્યા છે અને આ દેશમાં સહકારી મંડળીઓને ભારત સરકારે તોંતેર હજાર કરોડ રૂપિયાની સહાય પણ કરી છે ત્યારે આ સુધારા અતિ આવશ્યક છે. મારે આપના દ્વારા કહેવું છે કલમ–૨૮, ૨૮(ક), ૨૮(ખ) કોઇપણ જિલ્લા સહકારી સંસ્થાનું બોર્ડ ૨૧નું છે. માનનીય બાબુભાઇ, આપને હું કહેવા માગું છું કે બોર્ડ ૨૧ થી વધારે કરવાનું જ નથી. આ કાયદો ફાઇનલ કર્યો છે. બંધારણીય હકક છે. હવે મારે આપને એક વાત કરવી છે કે હું જુનાગઢમાં ચેરમેન છું એમાં ૨૭ નું બોર્ડ છે. હવે તમે ૨૧ નું કઇ રીતે કરશો એની સ્પષ્ટતા એટલા માટે કરવાની કે ૧૬ તાલુકા છે.

અધ્યક્ષશ્રી : ૨૭માંથી ૨૧ કરશો કે નવી ચૂંટણી આવે ત્યારે ૨૧ થાય.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા વાત કરવા માગું છું કે ૧૬ તાલુકા, અમારી પેટા નિયમની જોગવાઇ છે કે તાલુકાવાઇઝ એક ડાયરેકટર એટલે ૧૬ ડાયરેકટર, શરાફી અને ઔદ્યોગિક મંડળીની એક સીટ એટલે સત્તર, જિલ્લા તાલુકા સહકારી ખરીદ વેચાણની એક સીટ એટલે અઢાર, વિભાગ–અ, બ, ક અને ઇ સિવાયનો એક સીટ એટલે ઓગણીસ અને જિલ્લાની ફેડરલ સંસ્થાની

એક સીટ એટલે વીસ અને વિભાગની વ્યકિત સભ્યની એક સીટ એટલે એકવીસ, મહિલા મંડળની એક સીટ એટલે બાવીસ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા એ માગું છું અને બાબુભાઇ અતિશય બંધારણીય ચેલેન્જવાળો છે એ આપણને ઉપયોગી થાય એટલા માટે એકેએક વાત ધ્યાને રાખવા માટે આપશ્રીને કહું છું કે રાજય સરકારના પ્રતિનિધિ એક આવશે, (અંતરાય) અમારે તો હજી બે વર્ષ બાકી છે.

અધ્યક્ષશ્રી : આપણે પાંચ વર્ષ હજી બાકી છે. ઘણું સુધારીશું તમે કહોને.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં પંચાવન હજાર સભાસદ ખેડૂતો છે. પોણા બે કરોડ લોકો આ મંડળીઓ, બેંકો અને સહકારી સંસ્થા સાથે જોડાયેલા છે ત્યારે બહુ અતિ મહત્વની વાત છે. રાજય સરકારનો એક સભ્ય, રજીસ્ટ્રાર એક, રાજય સહકારી બેંકનો એક અને પ્રોફેશનલ ડીરેકટર બે, સત્યાવીસનું બોર્ડ થયું. સહકારીના શંકરભાઇ ચૌધરી અહીંયા બેઠા છે. આ પ્રશ્ન મજબુતાઇથી આવવાનો છે. સત્યાવીસનું બોર્ડમાં એકવીસ કરો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે જે વાત કરો છો એ રૂલ્સ છે. અત્યારે આ એકટની જોગવાઇ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : બનાવવા પડશે એટલા માટે કહું છું. આ તો સ્પષ્ટીકરણ છે, તમારે ગોઠવણ કઇ રીતે કરવી, સરકારના પ્રતિનિધિ નીકળી જશે, બેંકના પ્રતિનિધિ નીકળી જશે. કેમ કરવું એ બંધારણીય રીતે કારણ કે જે બંધારણમાં ૯૭નો જે ભારત સરકારે બંધારણીય અધિકાર સૂચવ્યો છે એને અનુરૂપ જ કરવું પડશે. કલમ-૮(૧) માં લખ્યું છે કે એસ.ટી.નો એક સભ્ય તમે નક્કી કઇ રીતે કરશો. એસ.ટી. અનુસૂચિત જાતિ ફરજિયાત બનાવ્યા છે. અને મહિલાના બે સભ્યો ફરજિયાત. એમાં સભ્ય જ ન હોય. માની લો કે એક સભ્ય હોય અને એને આપણે ડાયરેક્ટર બનાવી દે. જયાં સભ્ય જ નથી. એનું શું? એમેન્ડમેન્ટ કરવું પડશે.

મારે બીજી વાત કરવી છે કે નાના અને સીમાંત ખેડૂત. સીમાંત ખેડૂતની એક સીટ પાછી કલમ-૧૬(૨) માં રાખવામાં આવી છે. મારે કલમ-૧૬(ક)(ખ) માં વ્યક્તિ સભ્યની સીટ બહેનો માટે રાખવામાં આવી છે, પણ વ્યક્તિ સીટમાં બહેનો ન હોય તો કેવી રીતે એમેન્ડમેન્ટ કરી શકશો? મારે ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ-૩૫(૧) ઘ, ક. પેટા કલમ-૪ ને આપણી કલમ-૬ ૨૧ ના બોર્ડ પછી બે સભ્યો કોપ્શન કરી શકાશે. એમાં ક્વોલિફિકેશન નથી લખ્યું. એમાં મારી દ્રષ્ટિએ ઉમેરો કરો કે સી.એ. હોય જે માસ્ટર સી.એ. આખા એકાઉન્ટનો માસ્ટર હોય અથવા ખેતીવાડી સાથે ગ્રેજ્યુએશન કર્યુ હોય તેનું ક્વોલિફિકેશન આમાં ઉંમેરવું જોઇએ. કલમ-૬ પેટા કલમ-૩ માં એમાં કુલ બોર્ડની સંખ્યામાં કોઇ આકસ્મિક અકસ્માતે માણસ ગુજરી જાય અને જગ્યા ખાલી પડે તો આમાં અત્યાર સુધીના પેટા નિયમોમાં જોગવાઇ એવી છે કે આમાં અડધા સમયમાં અડધાના બદલે અઢી વર્ષ રાખવા એવું સૂચન છે. કિલયર થઇ જાય. કોઇ કોર્ટમાં જશે. આપના દ્ધારા ૫ વર્ષ મેં કહ્યું તેમ ૫ વર્ષે ચૂંટણી આવે, તે પહેલા કાયદાની અમલવારી થઇ જાય. બોર્ડ ૨૧ નું બંધારણીય રીતે કરી નાખવું પડશે. એને ઘટાડવાનો પરિપત્ર જનરલ કરવાનો રહેશે.

મારે બીજી કલમ-૧૨ માં કોઇ પણ સહકારી સંસ્થા ૬ માસથી વધારે સુપરસેશન નહિ કરવામાં આવે. જે સારી વાત છે. કલમ-૧૨ માં એ કહેવું છે કે સુપરસીડ થયા પછી હવે માની લો કે એમાં એવી જોગવાઇ છે કે સુપરસીડ કર્યા પછી કોઇ કારણોસર એમને ડિફોલ્ટર બનાવે અને જવાબદારી બરાબર બજાવે નહિ અને કલમ-૧૨ માં જોગવાઇ છે કે બંધારણનો ભંગ કરે આવી વ્યકિતનો પ્રશ્ન થાય એની વાત સાંભળવાની યોગ્ય કામગીરી રાજયના રજિસ્ટ્રાર કે અન્યને સોંપવી પડશે. સ્પષ્ટીકરણ છે નહિ, એટલા માટે હું ધ્યાન દોરું છું. કલમ-૧૪ માં એમાં કેન્દ્રે મોકલ્યા છે. વાત સાચી છે, પણ અમલવારી રાજયે કરવાની છે. રાજયના એકેએક મુદ્દાની ચેલેન્જવાળી કામગીરી છે. કોઇ હસવાની વાત નથી. ગંભીરતાથી કહેવા માગું છું. કલમ-૧૪ માં સહકારી કલમ પેટા કલમ-૨ માં કોઇનું સરકારી લેણું નથી. ત્યાં વહીવટદાર મૂકવાના નથી. તો વહીવટદાર નહિ મૂકો તો વહીવટ કોણ કરશે? જે જૂનું ડિસ-ક્વોલિફાઇ થયું હશે તે કરશે. આમાં સ્પષ્ટતા કરવાની છે. વહીવટદાર ન મૂકવાના હોય તો વહીવટ તો કરશેને. એનું એ બોર્ડ કામ કરશે તો તે કયાંથી વ્યવસ્થિત થશે? ૧૪(૨) માં મારી વાત અને કલમ-૧૩ માં ૬ માસમાં ઓડિટ પૂરું કરવાનું રહેશે અને જે રાજયના રજિસ્ટ્રાર એ કરે, પણ જે ફેડરલ સંસ્થા બેન્કો છે એને સી.એ. મારફત નવા નિયમ પ્રમાણે ઓડિટ

થવાનું. માનનીય અધ્યક્ષશ્રી, તો એની એક યાદી બહાર પાડવી પડશે. આમાં કલમ.૨૮(૨)માં આપના દ્વારા વાત કરવી છે કે સાધારણ સભા જયારે મળે ત્યારે બે સાધારણ સભામાં ન હોય તો ડીસ–ક્વોલિફાઇ. આ એક કલમ બહુ વિચિત્ર કલમ છે. કારણકે બે સાધારણ સભામાં તેની ઇચ્છા પડે તો આવે. ન આવે તો ડીસ–ક્વોલિફાઇ કરવો તે વાત મને બરાબર લાગતી નથી.

અધ્યક્ષશ્રી : બંધારણમાં છે. સુધારા એકટમાં છે. તે વાત આપણે દિલ્હી કરવી પડે. અહીં ન ચાલે. પાંચ વર્ષ સાધારણ સભા ભરે તેમાંથી બે વાર હાજર રહેવું જોઇએ.

શ્રી જસાભાઇ ભા. બારડ : કલમ.૧૪માં મંડળીને આટોપીને બીજી મંડળીમાં લઇ જવાનો આપણે ગઇકાલે નિર્ણય કર્યો. તેમાં વાંધો નથી. જે સોસાયટી અત્યાર સુધી ન હતી. સેવા સહકારી મંડળીને આટોપવાનો કોઇ રૂલ્સ અત્યાર સુધી ન હતો. કાલે રામસિંહભાઇએ બહુ સ્પષ્ટીકરણથી વાત કરી હતી. તેનો પણ આમાં સમાવેશ થયો છે. ત્યારે મારે બીજી અતિ મહત્વની વાત એ કરવી છે કે આ ગુજરાતની અંદર ઘણા નવા જિલ્લા થયા છે, નવા તાલુકા થયા છે. તેમાં તાલુકા સંસ્થાઓ, જિલ્લા બેંકો, જિલ્લા ખરીદ વેચાણ સંઘ, સહકારી સંઘ, દૂધ સંઘ આ તમામની રચનાની કામગીરી સહકારી વિભાગને કરવી પડશે. આ તમામ મુદ્દાઓના સ્પષ્ટીકરણ સાથે સહકાર મંત્રી સ્વીકારે અને ગુજરાતના હિતમાં,પોણા બે કરોડ સભાસદોના હિતમાં કરે તો અમારો કોંગ્રેસનો સંપૂર્ણપણે સાથ સહકાર તમારી સાથે છે. ગઇકાલે અમે બલવંતસિંહ બધાને કહી સર્વાનુમતે સહકારી કાયદામાં વાત કરી છે. આ બધા જે સુધારા છે તે એક વ્યક્તિ તરીકે, એક સભ્ય તરીકે, એક સહકારના પ્રતિનિધિ તરીકે જે વાત કરી છે તે એકેએક વાત સ્વીકારાય તો આ આવતા દિવસોમાં ગુજરાત નંબર.૧ છે જ. સહકારમાં.

અધ્યક્ષશ્રી : સહકારી ક્ષેત્રે એટલું એમેન્ડમેન્ટ કરો.

શ્રી જસાભાઇ ભા. બારડ : સહકારી ક્ષેત્રે. તેમાં તમને ઓટોમેટિક લાભ મળી જશે. બધામાં, દરેકમાં છે નહીં. સહકારની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં. તમારું મૂળ લોહી છે તે બોલી ઉઠયું.

શ્રી જસાભાઇ ભા. બારડ : ગુજરાતનું સહકારી ક્ષેત્ર આખા હિન્દુસ્તાનમાં નંબર વન છે, તેમાં વાંધો નથી. ડો.કુરિયન અને બીજા ઘણા લોકોએ પોતાના આખા જીવન સમર્પિત કર્યા છે. ત્યારે આ સહકારી કાયદો છે તે કાયદામાં હવે ગુજરાત સરકારની ગરબડ નીકળી જવાની છે. ત્યારે મારા આ બધા સૂચનો છે તેનો સ્વીકાર કરે તો સર્વાનુમતે થશે. સૂચનો સ્વીકારે તે વાત સાથે મારી ટૂંકી વાત કરું. કારણકે *(xxxxxx)અને બેસાડી દેશો.

અધ્યક્ષશ્રી : માનનીય જોઇતાભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ. આપનું ધ્યાન નહોતું. માનનીય જસાભાઇએ એવું કહ્યું કે હું વધુ કહીશ તો (xxxxxx) તે રેકર્ડ ઉપર ન રહે તો સારું.

અધ્યક્ષશ્રી : કોઇ વાંધો નહીં. મગજમાં (xxxxxx) સેલ જ નથી નાંખ્યા. તે શબ્દો કાઢી નાંખીએ છીએ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે તેના ઉપર કેટલાક સૂચનો કરવા માગું છું.

અધ્યક્ષશ્રી :જરાક સ્પીડ વધારો. આ ધીમી ગતિના સમાચાર જેવું લાગે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, એકદમ ઝડપથી બોલતાં ઓછું ફાવે છે. સેવા સહકારી મંડળી હોય, દૂધ મંડળી હોય, ફળ શાકભાજી મંડળી હોય, તમાકુ મંડળી હોય, રૂ મંડળી હોય, કોઇપણ મંડળી હોય તેની નોંધણી કરવા માટેના કાયદામાં કોઇ સ્પષ્ટ ધોરણો નથી. દાખલા સાથે હું કહેવા માગું છું.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી :માનનીય જોઇતાભાઇ આમાં શું નથી તેના બદલે આમાં જે છે તેના માટે આપને કહું બધાને ખ્યાલ રહે. આ બંધારણે આપેલો સુધારો છે, આખા હિન્દુસ્તાનમાં લાગુ પડે છે. એ પ્રમાણે આપણે કરીએ છીએ, છતાંય આમાં કોઇ સૂચન હોય તો તમે ચોકકસ કહી શકો છો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, સૂચન જ હું કરું છું.

અધ્યક્ષશ્રી : આ સુધારામાં સૂચન.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : હા, સુધારામાં સૂચન કરવા માગું છું. એક ૫૦૦૦ની વસતિનું ગામ હોય તો એક જ સેવા સહકારી મંડળી હોવી જોઇએ. માર્કેટ યાર્ડની ચૂંટણી આવે દસ સેવા સહકારી મંડળી એક ગામમાં નોંધાઇ જાય, એક નામનું ધિરાણ કરવામાં આવે, એક જ મંડળીને મધ્યમ મુદતનો કે ટૂંકી મુદતનો એક કે બે સભાસદને ધિરાણ કરવામાં આવે, મંડળીનું દફતર પડ્યું રહે, મંડળી પાંચ વર્ષ સુધી કોઇ એકટીવીટી કરે નહીં, ખાલી મતાધિકારનો ઉપયોગ કરવા અને સત્તા પ્રાપ્ત કરવા માટે જે મંડળીઓની નોંધણી કરવામાં આવે છે જેના કારણે ગામમાં એક સેવા સહકારી મંડળી ચાલતી હોય તો બીજી સેવા સહકારી મંડળી નોંધવી ન જોઇએ અને એ નોંધણી કરવાથી ગામની અંદર ઝઘડા વધે છે, લોકો રાજય સરકારમાં, હાઇકોર્ટમાં અને સુપ્રીમ સુધી આવા કેસો લઇ જઇને પોતાનાં નાણાંનો દુર્વ્યય કરે છે જેના હિસાબે સહકારી ક્ષેત્રમાં સંપને બદલે કુસંપ વધે છે. તો આ સ્પષ્ટ નોંધણીનો કાયદો અહીંયાં છે, તમે કરી શકો છો.

અધ્યક્ષશ્રી : આ બિલ ઉપર તમે આવો. સેવા સહકારી મંડળી એક ગામમાં એક જ હોવી જોઇએ એવું આમાં કયાંય નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, જયારે સુધારો લઇને સરકાર આવી છે.

અધ્યક્ષશ્રી : બંધારણને લગતા આ બધા સુધારા છે, એના વિશે તમે ધ્યાન દોરો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, એના ઉપર બોલવાનું તો એનો જયારે પાયો જ નહીં રહે તો...(અંતરાય) એક ગામની અંદર દસ સેવા સહકારી મંડળીઓ હોય તો..

અધ્યક્ષશ્રી : પાયો રહે કે ના રહે એ બીજો સવાલ છે. આ જે બિલ આવ્યું છે એના ઉપર તમે બોલો. આખા સહકારી ક્ષેત્ર ઉપર ન બોલાય.આ બિલ ઉપર તમે બોલો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, જયારે બિલ સુધારા લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યું છે ત્યારે..

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, આપણે ના કહી શકીએ કે આના બદલે આવો, હમેંશા વિધાનસભાની પ્રણાલિકા રહી છે કે જે બિલ હોય એની અંદર આપ સૂચન આપી શકો છો. આ બિલ કમ્પલસરી છે, બંધારણમાં સુધારો છે. એ બંધારણીય સુધારા પ્રમાણે આખું હિન્દુસ્તાન સ્વીકાર કરે છે તો તમે પણ આના ઉપર બોલો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, આ સુધારો કેન્દ્ર સરકારે મોકલ્યો છે, અને આપણે ત્યાં તો સહકારી ક્ષેત્ર શરૂઆતથી મજબૂત જ છે. આજથી વીસ વર્ષ પહેલાં ગામની અંદર એક જ સેવા સહકારી મંડળી હતી કે દૂધ મંડળી એક જ હતી. હવે એક સાથે ગામમાં દસ– દસ મંડળીઓ નોંધણી કરીએ છીએ અને જેના કારણે સહકારનો જે મૂળ ઉદ્દેશ છે એ ઉદ્દેશ મરી જાય છે, અને લોકો અંદરોઅંદર ઝઘડે છે, અને સત્તા પ્રાપ્ત કરવા માટે નવા નવા નુસખાઓ અપનાવે છે.

અધ્યક્ષશ્રી : હવે તમે બિલ ઉપર આવી જાઓ. બિલની કલમો છે એના ઉપર આવી જાઓ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, બાકીની બિલની કલમોની અંદર વહીવટદાર નીમવાની વાત કરી છે, કલમ ૧૨ ઉપર, વહીવટદાર નીમવાની અંદર કોઇ કસ્ટોડીયન મૂકવો હોય તો એ સામાજિક કાર્યકરમાંથી મૂકવો જોઇએ. સરકારી અધિકારીઓને મૂકે તો એ લોકો તો સરકારીકરણ જ કરે. જેથી ખેડૂતોને જે લાભ મળવો જોઇએ એ મળે નહીં તો એની અંદર સ્પષ્ટ જોગવાઇ હોવી જોઇએ કે, જેને સહકારી ક્ષેત્રનો અનુભવ હોય એવા કાર્યકરો, ભલે ગમે તે જે સરકાર હોય એમાંથી આવતા હોય પણ કસ્ટોડીયન તરીકે સરકારી અધિકારીને ન મૂકવો જોઇએ એવો મારો સ્પષ્ટ સુધારો સૂચવું છું. બાકીની મારે ઘણી વાત કરવી હતી, પણ આ વાત રજૂ કરવાની મને તક ન મળી કારણ કે..

અધ્યક્ષશ્રી : આના ઉપર બોલો તમે એમાં હું ના નહીં પાડું.

## તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩

## સરકારી વિધેયકો

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, એના ઉપર તો બાકીનું બધું બોલવું હોય પણ એ તો બધા બોલી ગયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય રામસિંહભાઇ..

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના એકટમાં સુધારા વધારા મારફતે આખા રાજ્યને એકટની અંદર સુધારા વધારા કરીને એનો અમલ કરવા માટેનું માનનીય મંત્રીશ્રી જ્યારે બિલ લઇને આવ્યા છે ત્યારે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ભારત સરકારનો આભાર માનીશ કે ગુજરાતની અંદર અત્યાર સુધી સહકારી માળખું બહુ વખણાતું હતું, વર્ષોથી સહકારી માળખામાં ગુજરાતની અંદર સારા વહીવટને કારણે ગુજરાતને રોજી રોટી આપવાનું કામ અને ખેડૂતોને સરળ રીતે ધિરાણ મળે એ બધી જ સગવડો ગુજરાતની અંદર બહુ સારી રીતે ચાલતી હતી એના અનુસંધાને કેન્દ્ર સરકારની નીતિ પ્રમાણે જ્યારે સુધારા વધારા કરીને અહીંયા આ બિલ લાવ્યા છે ત્યારે એની અંદર મારે કહેવું પડે છે કે અત્યાર સુધી કોઇ પણ મંડળી કોઇ પણ સંઘ એની અંદર ફકત ત્રણ વર્ષે ચૂંટણી થતી હતી એને કારણે ઘણાં પ્રશ્નો ઉભા થતા હતા એટલે એના પાંચ વર્ષ કર્યા આ બાબત આવકારદાયક છે. એની બોડી અત્યાર સુધી ગમે તે સંખ્યાની અંદર નક્કી કરી છે એ ૨૧થી વધારે નહીં, એસ.ટી. એસ.સી.એક, બે મહિલા, એક નાના સીમાંત ખેડૂત એમ કરીને ચાર રીઝર્વ સીટો નક્કી કરી છે એની અંદર સભ્યશ્રી જસાભાઇએ વાત કરી એ પ્રમાણે થોડાંક પ્રશ્નો ઉભા થવાના કારણ કે મંડળીની અંદર એ સભાસદ નહીં હોય, મંડળીની અંદર એ કમિટી સભ્ય નહીં હોય, એનો ઠરાવ નહીં થાય અને ઠરાવ નહીં થાય તો ઇલેક્શનની અંદર એ ચૂંટાવાને લાયક નહીં ગણાય એ કેવી રીતે થઇ શકે એ પણ જોવું પડશે. અમારું મિલ્ક માર્કેટિંગ ફેડરેશન ૧૫૦૦૦ કરોડની જ્યારે સંસ્થા છે એ મિલ્ક માર્કેટિંગમાં તેના કમિટી સભ્ય જ ચેરમેન હોય છે. કોઇ મહિલા નથી, કોઇ એસ.ટી.એસ.સી. નથી, કોઇ નાનો સીમાંત ખેડૂત નથી એના માટે પણ માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે જેથી કરીને થોડીક સ્પષ્ટતા થઇ જાય તો ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧ની બોડીની બાબતમાં વાત થઇ છે ત્યારે ભાઇશ્રી જસાભાઇએ પણ વાત કરી કે હમણા તાલુકાવાઇસ ચૂંટણીઓ થાય છે. બનાસકાંઠામાં કોર્ટ મેટર થઇ અને એને કારણે કોર્ટે હુકમ કર્યો કે, તાલુકાની અંદર અસમાનતા છે. એક તાલુકાની અંદર બે સીટો હોય, એક તાલુકાની અંદર ત્રણ સીટો હોય, એક તાલુકામાં એક સીટ છે એ અસમાનતાને કારણે હાઇકોર્ટે હુકમ કર્યો કે દરેક તાલુકાને પ્રતિનિધિ મળવો જોઇએ. હું માનું છું કે એ વાત સાચી છે કે દરેક તાલુકાને પ્રતિનિધિ મળવો જ જોઇએ. દાખલા તરીકે મારા વિસ્તારની અંદર દસ તાલુકા હતા અને દરેક તાલુકાની અંદર પ્રતિનિધિ મળતો હતો પણ જ્યારે તાલુકાની વાત આવી છે ત્યારે નવા તાલુકા થયા એ પ્રમાણે ખેડાની અંદર ૧૮ તાલુકા થઇ ગયા પછી મુખ્યમંત્રીશ્રીએ બીજા બે તાલુકા જાહેર કર્યા એટલે ૨૦ તાલુકા થયા અને હજુ મને લાગે છે કે વસતિની સંખ્યા વધશે એટલે બીજા તાલુકા વધશે ત્યારે અમારે શું કરવું? એ પણ માનનીય મંત્રીશ્રી એનો ખુલાસો કરે. બાકીના જે રજિસ્ટ્રાર હોય, બીજી સંસ્થાના હોય એને આમાં ગણતા નથી અને મતનો અધિકાર પણ આપણે આપ્યો નથી. ફકત ૨૧ને જ મત આપવાનો અધિકાર છે અને ૨૧માંથી જ એ ચેરમેન બનશે એવું બહુ સ્પષ્ટ લખેલ છે એટલે એમાં બહુ મુશ્કેલી નથી પણ જે તાલુકાની વાત કરી છે એમાં માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કેમ કે હજુ નિયમો બનાવવાના બાકી છે જ્યારે નિયમો બનાવો ત્યારે બહુ સ્પષ્ટ નિયમો બનાવો જેથી કરીને કોઇ મંડળીની અંદર, કોઇ સંસ્થાની અંદર પ્રશ્ન ઉભો ન થાય અને પ્રશ્ન ઉભો થાય ત્યારે કોર્ટ મેટરમાં ન જવું પડે અને ખોટા પૈસા ખેડૂતના ન બગડે એ રીતે સ્પષ્ટ નિયમો બનાવે. અત્યાર સુધી ઓડીટ સરકારી ઓડીટ કરતા હતા જ્યારે મોટી સંસ્થા હોય અને ૩૦૦૦ કે ૨૫૦૦ કરોડનો જ્યારે એનો વહીવટ થયો હોય ત્યારે સરકારી ઓડીટને કારણે અમને સંતોષ ન હતો. મારી વારંવાર માગણી હતી સરકાર પાસે કે, સી.એ.નું અમને ઓડીટ આપો કે જેથી કરીને આટલા મોટા વહીવટની અંદર કોઇ ભૂલ કરીએ તો અમને ખબર પડે અને એમાં સુધારો કરી શકીએ એટલે સી.એ.નું ઓડીટ આપવાની વાત હતી ત્યારે અહીંયા ચોખવટ કરી છે માનનીય મંત્રીશ્રીએ કે સામાન્ય સભા સરકારની પેનલમાંથી ઓડીટ કરવાનું નક્કી કરશે એ બહુ સારી વાત છે આનાથી મારા મનનો ગુચવાડો દૂર થઇ ગયો.

એક બીજો પ્રશ્ન છે એ એવો છે કે કોઇ અરજી કરે રજિસ્ટ્રારને અને રજિસ્ટ્રારને એવું લાગે કે ઓડીટ વર્ગ માટે બીજી વખત ઓડીટ કરવું છે તો ઓડીટ બીજી વખત કેવી રીતે થાય? એક વખત સી.એ.નું ઓડીટ થઇ ગયા પછી કોઇ અસંતોષ રાખીને માણસ અરજી કરે ત્યારે રજિસ્ટ્રાર ફરીવાર ઓડીટ કરે? એના વર્ગ માટે ફરીવાર ઓડીટ કરે? હું માનુ છું ત્યાં સુધી આ બાબત અસ્થાને છે કેમ કે આનાથી ખોટા ગુચવાડા ઉભા થશે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પણ વિનંતી કરૂં છું કે એ બાબતમાં થોડુંક વિચાર કરે. રજિસ્ટ્રારને જ્યારે આ પાવર આપેલા છે, અધિકાર આપેલા છે, ચૂંટણીની બાબતમાં સરકાર જે નીતિ નિયમ બનાવશે એ નિયમ પ્રમાણે, પ્રસિદ્ધિ પ્રમાણે જાહેરાત કરીને ચૂંટણી કરવાની છે એમાં અમને કોઇ વાંધો નથી, એમાં એ પણ લખ્યું છે કે, ચૂંટણી પંચ પણ ચૂંટણી કરી શકે છે. ચૂંટણી પંચ જ ચૂંટણી કરશે તો વધારે સરળતા રહેશે એમ હું માનું છું. એમાં બીજું કશું નહિ થાય.

અત્યારસુધી મેં કહ્યું એ પ્રમાણે સહકારી માળખા બહુ ચાલે છે, મેં બીજા રાજ્યોની પણ મુલાકાત લીધી છે, સહકારી માળખા તરીકે, કોઇ રાજ્યની અંદર સહકારી માળખું બરાબર નથી. એનો વહીવટ પણ બરાબર નથી. કારણ કે બીજા રાજ્યની અંદર સહકારી માળખાનો સરકાર જ્યારે વહીવટ કરતી હોય, એનો એમ.ડી. સરકારનો અધિકારી હોય, એને કારણે સહકારી માળખું બરાબર જામ્યું નથી. મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, સહકારી માળખાનો રાજ્યની અંદર, માનનીય ડો. કુરિયન સાહેબ, ત્રિભોવનકાકાએ જે પાયો નાંખ્યો એના કારણે અમારા ખેડા જિલ્લાની વાત કરૂં તો ચાર લાખ સભાસદો છે, દરરોજ એને પેમેન્ટ મળે છે, પૈસા મળે છે એને કારણે એનો ચુલો સળગે છે. બહુ સારો, હું માનું છું ત્યાંસુધી શિક્ષિત બેરોજગાર હોય એને રોજીરોટી ના મળતી હોય, એને નોકરી ના મળતી હોય, પણ એને પાંચ ગાય આપીને, લોન આપીને, સબસીડી આપીએ તો સારી રીતે પોતાના જીવનની અંદર મહિને ૫,૦૦૦ રૂપિયા કમાઇ શકે એવો ધંધો છે, એ ધંધાની અંદર માનનીય મંત્રી, જી.ઇ.બી.ને મારી એક વિનંતી છે, આમાં નથી આવતું છતાં પણ મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, ગામડાની અંદર પાંચ ગાય રાખે, ખેતરની અંદર નાની ઓરડી બનાવી હોય, નાનો શેડ બનાવ્યો હોય, એની અંદર સિંગલ ફેઇઝની લાઇટ આપી છે, પણ હમણાં એક પરિપત્ર એવો આવ્યો છે કે, આ કોમર્શિયલ ગણાશે, પણ કોમર્શિયલ તરીકે પણ લેવા માટે ખેડૂતો તૈયાર છે, પણ બીજું એક વધારાનું ઉમેર્યું છે કે આ જમીન તમે જે વાપરો છો એને એન.એ. કરો અને એન.એ. નહિ કરો તો અમે પેનલ્ટી કરીશું. માનનીય મંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે કે આ ખેડૂતો જ્યારે પોતાની જાતે રોજીરોટી ઉભી કરતા હોય ત્યારે એની સરળતા માટે થોડુક કરી આપો એવી મારી લાગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, રજિસ્ટ્રારને ઘણાય એવા અધિકારો આપેલા છે, અધિકારો આપેલા હોય એ પ્રમાણે એ કરે એમાં અમને કોઇ વાંધો નથી. પેનલની પણ વાત થઇ છે, બોડીની અંદર જે અધિકારીઓને નિમણૂક કરવા માટેની વાત કરી છે એ એક્સપર્ટ તરીકે લેવાની વાત કરી છે કે જે એ વિષયના નિષ્ણાતો હોય એના બે સભ્યો તરીકે તમે એની નિમણૂક કરી શકો છો. એ થઇ શકે છે એમાં કંઇ ખોટું નથી. બીજી સંસ્થાના પણ આવે એમાં પણ અમને કંઇ વાંધો નથી પણ ૨૧ની બહાર અમારે નથી જવાનું એ સારું છે મેં કહ્યું એ પ્રમાણે મેં જે સૂચનો કર્યા છે એનો માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે તો સારું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આ બિલ લઇને આવ્યા છે અને એમાંય ખાસ કરીને આ કાયદો કેન્દ્ર સરકારે સુધારવાનું કહ્યું છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે સત્તાણું અધિનિયમ, ૨૦૧૧ સહકારીનો ભાગ-૯૫ તમે દાખલ કરો છો એ આપે અમને કોપી જ નથી આપી કે કેન્દ્ર સરકારે આપને શું સુધારા કરવાના કહ્યા છે. ખરેખર આ બાબતમાં સરકારે સ્પષ્ટતા કરવી જોઇએ કે કેન્દ્ર સરકાર શું સુધારા કરવા માગે છે. આમાં ક્યાંય આખા બિલની અંદર આ વાત રજૂ કરી નથી. જો અમને એ કહેવામાં આવ્યું હોત, અમે એને જાણ્યું હોત તો અમે નક્કી કરી શક્યા હોત કે સત્તાણુંનો સુધારો, અધિનિયમ શું છે, તો અમને સ્પષ્ટપણે ખ્યાલ આવત કે આ બિલનું હાર્દ શું છે? આજની તારીખે માનનીય મંત્રીશ્રી આ બિલમાં જોઇ શકે છે કે, આવું કંઇ આજે પણ નથી.

બીજી ખાસ કરીને જે વાત છે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કહેતા પહેલાં કદાચ આ બાબતમાં કંઇકનું કંઇક કરે , તો વાસ્તવિકતાનો ખ્યાલ આવે કે શું શું સુધારા કેન્દ્ર સરકારે સૂચવ્યા છે. જે

સ્પષ્ટપણે ખ્યાલ આવે એવી સ્થિતિમાં નથી. બીજી મારે એ વાત કરવી છે કે સરકારે જે દંડની જોગવાઇ કરી છે અને જે સજાની જોગવાઇ કરી છે. સહકારી ક્ષેત્રમાં જે ઘટાડીને આજની સિસ્ટમમાં સરકાર જે ઉપયોગ કરી રહી છે આ બિલ આવવાનું છે. આ બિલને લીધે આખા ગુજરાત રાજ્યમાં એક પરિપત્ર બહાર પડ્યો, આ બિલને કારણે કે સહકારી ચૂંટણીઓ હમણાં બંધ કરી દેવામાં આવશે, પણ એ પરિપત્રમાં કયાંય એવી જોગવાઇ કરવામાં આવી નથી કે જેની મુદ્દત પૂરી થશે એટલે સરકાર તેના રજિસ્ટ્રારને મૂકીને મનફાવે તે રીતે મંડળીઓ રાખશે અને તેનું કેન્સલ કરશે. આ પરિપત્ર એ સૂચવે છે અને એમાં સ્પષ્ટતા કરવી જોઇએ કે જે ચૂંટણીઓ આવશે એમાં રજિસ્ટ્રાર નહીં મૂકાય. આજે પણ તમે નવી ચૂંટણીઓના આધાર પર કરવા માગો છો? અમને વાંધો નથી. પણ જેની મુદ્દત પૂરી થઇ છે, જેની ચૂંટણીઓ હમણાં આવવાની છે એની અંદર તો સ્પષ્ટપણે તેની મુદ્દત થશે. સરકારની જો સુધારાની સાચી ભાવના હોય અને સહકારની સાચી ભાવના હોય તો સ્પષ્ટપણે આપે જે પરિપત્ર બહાર પાડયો છે એ પરિપત્રમાં જે બોડી છે, હાલ જે ચાલુ બોડી છે તેને સત્તા ચાલુ રાખવી જોઇએ. નવી ચૂંટણીઓ ના આવે ત્યાં સુધી, નહીંતર ગુજરાત રાજયની અંદર જેટલી સહકારી ચૂંટણીઓ આવશે એક પરિપત્રના આધાર ઉપર સમગ્ર ચૂંટણી ગુજરાત રાજયની સરકારમાં થઇ જવાની છે આ વાસ્તવિકતા દેખાય છે. આ બે મહત્વની વાત છે એક સત્તાણુના સંદર્ભમાં અને એક જે પરિપત્ર બહાર પાડયો છે તે પરિપત્રની કોપી પણ મારી પાસે છે. મેં પરિપત્ર બહુ ધ્યાનથી વાંચ્યો છે તેમાં આ બધી જેમ જેમ લેઇટ થશે તેમ તમામ સહકારી ક્ષેત્રે એની અંદર થવાની છે.

ઘણા બધા મુદ્દાઓ કહેલા છે પણ ખાસ કરીને એક મુદ્દા તરફ મારે ત્રીજુ ધ્યાન દોરવું છે કે, સરકારે જે ૩૬ દૂર કરવાની વાત કરી છે તેની અંદર હાજર રહેલા મતના તમામ સભ્યો ત્રણથી ચારની બહુમતીએ ઠરાવ પસાર કરી મંડળીને યોગ્ય કામકાજ માટે અહિતકારીક શબ્દ વાપર્યો છે. તે શબ્દનું અર્થઘટન રજિસ્ટ્રાર ગમે તે કરી શકે. માણસે શું કર્યુ અને તરત એ શબ્દના અર્થઘટનની અંદર તેને બે વર્ષ માટે કે તેને સસ્પેન્ડ કરી શકે, તેની પાસેથી સત્તા લઇ શકે એટલે સહકારીમાં તો આટલો કાયદો ઘણો બધો થઇ જાય. માણસ સારુ કામ કરતા હોય અત્યારે ગુજરાતની અંદર પરિસ્થિતિનું નિર્માણ અમે સહકારી ક્ષેત્રે જોઇ રહ્યાં છીએ. ગુજરાતમાં સુપ્રીમ કોર્ટ સુધી સહકારી ક્ષેત્રે જવું પડે છે અને આવી પરિસ્થિતિનું નિર્માણ આજે ગુજરાતમાં ચાલી રહ્યું છે. એવી સીસ્ટમ ઉભી થઇ છે આ એક શબ્દથી ગમે ત્યારે ગમે તે માણસ તેનો ઉપયોગ કરી શકશે એની સ્પષ્ટતા આમાં કોઇ કરવામાં આવી નથી. અને આ સ્પષ્ટતા ના થાય એનો મિનિંગ એવો થશે કે ફરીથી સહકારી ક્ષેત્રમાં જે નાનુ મોટું બચ્યુ છે તે પણ પૂર્ણ થઇ જશે, રિયાલીટી છે. અને ત્રીજી વાત કે જે સત્તા આપી છે કે જે લોકો આમાંથી બે-પાંચ વર્ષમાં બે વખત ગેરહાજર રહેશે એવા લોકોને રજિસ્ટ્રાર સાહેબ નિમણૂક કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર પરિસ્થિતિનું નિર્માણ એવુ હોવુ જોઇએ કે ગામના લોકો હોય, બે વખત હાજર ના રહ્યા હોય તો કદાચ તેની યોગ્યતાની દ્રષ્ટિએ નહીંતર બે વખત ગેરહાજર રહે અને તેમાં પરિસ્થિતિનું નિર્માણ થાય એ પણ યોગ્ય નથી. માનનીય મંત્રીશ્રીને મારે ખાસ પરિપત્ર બાબતમાં આપને મારી ખાસ વિનંતી છે કે, સરકાર જો આ ખુલાસો નહીં કરે તો આ બિલનો જે હેતુ છે તે હેતુ આપણો પરિપૂર્ણ નહીં થાય એવું મને સ્પષ્ટપણે લાગે છે. તો માનનીય મંત્રીશ્રીને આટલા ખુલાસા કરવા વિનંતી કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૨૦૧૩ આ ગૃહ સમક્ષ લઇ આવ્યા છે તેમાં હું મારા મંતવ્યો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિમાં ગુજરાતનું મોખરાનું સ્થાન છે. અને તેમાં ગુજરાતનો દાખલો લઇ અને સમગ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિ વિકસે છે તેનું આપણને બધાયને ગૌરવ છે. સહકારી પ્રવૃત્તિમાં એકસૂત્રતા જળવાય અને આ પ્રવૃત્તિ વધુ વિકસે તેના માટે કેન્દ્ર સરકારે જે કાયદો સુધારવા માટેનો જે નિર્ણય લીધો અને તેના અનુસંધાને જયારે આજે મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે ત્યારે હું આ બાબતમાં થોડાંક સૂચનો કરવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ જે થાય છે તેમાં ઘણી વખત પક્ષપાત બહુ થાય. જેમ ગ્રામ પંચાયત, નગર પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને કોર્પોરેશન તેની ચૂંટણીઓ માટે રાજય ચૂંટણી પંચ છે. એવી રીતે ગુજરાતમાં એવડી મોટી સહકારી પ્રવૃત્તિનો વ્યાપ છે. જેથી આ પ્રવૃત્તિની સારી રીતે તટસ્થતાથી ચૂંટણી થઇ શકે. તેના માટે સરકાર કોઇ એવું તટસ્થ ચૂંટણી પંચ નીમે અને તેના મારફત જો ચૂંટણીઓ થાય તો હું માનું છું કે આમાં સરકારી હસ્તક્ષેપ ઓછો થાય. ચૂંટણીઓ તટસ્થ રીતે થાય અને તેના માટે સરકારશ્રીએ, માનનીય મંત્રીશ્રીએ વિચાર કરવો જોઇએ, જોગવાઇ કરવી જોઇએ એવી મારી વિનંતી છે. મંડળીની નોંધણી કરવામાં આવે છે તેમાં પણ ઘણી વખત નિયમોને ઉવેખીને કરવામાં આવે છે. ઘણી વખત પક્ષપાત રાખવામાં આવે છે. દા.ત. કોઇ ગામમાંથી મંડળીની નોંધણી માટે અરજી ગઇ તો એ જિલ્લા પંચાયત સિંચાઇ અને ઉત્પાદન સહકાર સમિતિ જો એની ભલામણ કરે તો જ રજિસ્ટ્રાર તેને નોંધે છે. આપ તો જાણો છો કે જિલ્લા પંચાયતોમાં પક્ષીય રાજકારણ હોય છે. સામા પક્ષની કોઇ મંડળીની નોંધણીની દરખાસ્ત આવી હોય તો જિલ્લા પંચાયતની આ સમિતિ..

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, બિલ ઉપર આવી જાવ. જોઇતાભાઇએ એ જ વાત કરી કે એક ગામમાં એક સહકારી મંડળી એક ધિરાણ આપવા માટે એક ગામમાં આઠ–આઠ મંડળી હોય, ન થવી જોઇએ. એ વાત એમણે કરી દીધી છે. આપ આ બિલ ઉપર અને બિલની કલમો ઉપર આવો. (આ તબકકે જોઇતાભાઇ ઉભા થતાં) તમારું પતી ગયું આ તો હું એમને કહું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ સહકારી પ્રવૃત્તિ વધારે સારી રીતે વિકસે એના માટે અમે બિલ ઉપર બોલીએ..

અધ્યક્ષશ્રી : આખેઆખું બિલ નવું આવે ત્યારે સહકાર વિષે બોલજો. અત્યારે તો એમેન્ડમેન્ટ જ છે એ કોન્સ્ટીટ્યૂશનલ એમેન્ડમેન્ટ થયા એના આધારે આ એમેન્ડમેન્ટ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે મેં જે વાત કરી એ રાઘવજીભાઇ પણ વાત કરે છે. આપના મારફત મારી પ્રાર્થના છે કે કોઇ કાયદો કરો તો કાયદો સ્પષ્ટ હોવો જોઇએ. તો કાયદો સ્પષ્ટ નથી, મંડળીની નોંધણી બાબતમાં સ્પષ્ટ ગાઇડલાઇન હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : બરાબર, જોઇતાભાઇ, આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે નથી રહેતો કે આ કાયદામાં સુધારો છે. આખેઆખો કાયદો નવો હોત તો તમે તેમાં બોલી શકત. આ જે સુધારા છે તેના ઉપર. આપ બેસો. પોઇન્ટ ઓફ ઓર્ડર નથી રહેતો. રાઘવજીભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ બધા સહકારી આગેવાનો છે. તેમની વિનંતી એવી છે કે સરકાર કોઇક આવો સુધારો લાવતા હોય ત્યારે સ્વાભાવિક દ્રષ્ટિએ આ સુધારા ઉપર તો બોલે જ. પણ તેમના દિલના અંદરના એક–બે નાનકડા સૂચનો છે એ કરતા હોય..

અધ્યક્ષશ્રી : પણ એટલે જ મેં એમને બોલવા દીધા હતા. પછી મેં એમને કહ્યું કે હવે તમે બિલ ઉપર આવો. એ જ વાત રાઘવજીભાઇએ કરી એટલે હું એમ કહું છું કે હવે તમે બિલ ઉપર આવો. (અંતરાય) પતી ગયું, એ હવે પૂરું થઇ ગયું. આપ બિલ ઉપર આવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : આ બિલમાં એક એવી જોગવાઇ છે કે કોઇ પણ સભ્ય ઓછામાં ઓછી બે બેઠકોમાં હાજર ન રહે તો તેનું સભ્યપદ રદ થાય.

અધ્યક્ષશ્રી : સામાન્ય સભા. એટલે વર્ષે એકવાર બોલાવે એ સભામાં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, બેના બદલે ત્રણ રાખે તો હું માનું છું કે એમાં કોઇને અન્યાય ન થાય. ખેડૂતો જયારે સહકારી મંડળીમાં સભ્ય થવા માટે અરજી કરે છે ત્યારે પક્ષાપક્ષીના ધોરણે ઘણી વખત આ ખેડૂતોની અરજીનો નિકાલ થતો નથી. તેને સભ્ય બનાવવામાં આવતો નથી. આના માટે પણ ચોક્કસ સમય મર્યાદા, ચોક્કસ નિર્ણય કરવા અને તેની અમલવારી માટેના ચોક્કસ નિયમો હોવા જોઇએ અને જો મંડળી ચોક્કસ સમય મર્યાદામાં તેના સભ્યપદ અંગે નિર્ણય ન કરે તો જિલ્લા રજિસ્ટ્રાર આનો તાત્કાલિક નિર્ણય કરે, કારણ કે સહકારી મંડળીમાં સભ્ય થવા માટે ખેડૂતોની બહુ મોટી સંખ્યામાં અરજીઓ પડતર રહે છે, મંડળીઓ તેના માટે કોઇ નિર્ણય લેતી નથી અને જયારે સહકારી રજિસ્ટ્રારને ખેડૂત અરજી કરે ત્યારે તેના

તરફથી પણ કોઇ કાર્યવાહી થતી નથી. એવી જ રીતે કોઇ ખેડૂતને સહકારી મંડળીમાં સભ્ય તરીકે ન રહેવું હોય અને એના શેર પરત માટેની માગણી કરે એનો પણ નિકાલ કરવામાં ઘણો બધો સમય જાય છે. તેના માટે કોઇ ચોકકસ નિયમો પણ નથી. ચૂંટણીમાં ઘણી સહકારી સંસ્થાઓએ એવા નિયમો કર્યા છે કે ૧૦,૦૦૦થી ૫૦,૦૦૦ સુધીના શેરધારક જ વ્યવસ્થાપક સમિતિમાં ઉમેદવારી કરી શકે. જયારે આપણે સહકારી પ્રવૃત્તિમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, નાના અને સીમાન્ત ખેડૂતો આવા લોકોને આપણે ખાસ પ્રાધાન્ય આપીએ છીએ. આવા લોકો સહકારી પ્રવૃત્તિમાં જોઇન્ટ થાય એના માટે જ્યારે આપણે વિચારીએ છીએ ત્યારે આવા નિયમો કરીને ઘણી સહકારી સંસ્થાઓ બેસી રહે એના કારણે આવા લોકો વ્યવસ્થાપક સમિતિના સભ્ય થઇ શકતા નથી. એટલે ચૂંટણી કરવા માટેના ધોરણો છે, ઉમેદવારી કરવા માટેના ધોરણો છે એમાં એકસૂત્રતા થાય, તમામ ધોરણો સમાન હોય, કોઇપણ સભાસદ ચૂંટણી લડી શકે એવું હોવું જોઇએ. આ ઉપરાંત મારા સાથી સભ્યશ્રીઓએ ઘણા બધા રચનાત્મક સૂચનો કર્યો છે. કેન્દ્ર સરકાર જ્યારે સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રમાં વધુ પ્રગતિ થાય, ખેડૂતોને આ ક્ષેત્ર દ્વારા વધુ લાભ મળે એના માટે કેન્દ્ર સરકાર મક્કમ છે અને રાજયમાં સહકારી પ્રવૃત્તિ ખૂબ સારી રીતે ચાલે છે ત્યારે માનનીય સહકારી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મેં જે બે–ચાર સૂચનો કર્યા છે એને ધ્યાને લઇને યોગ્ય કાર્યવાહી કરે એવી મારી વિનંતી છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પિજિયન હોલમાં જ્યારે આ બિલની કોપી જોઇ અને જ્યારે એનો ઉદ્દેશ વાંચવા બેઠો ત્યારે autonomy and democratic functioning. આ બે શબ્દો વાંચીને મને નવાઇ લાગી. છેલ્લા દસ વર્ષની અંદર કોઇ બિલ એવું નથી આવ્યું કે જેમાં સ્વાયત્તતા આપી હોય. આપણે દસ વર્ષથી તમામ બિલમાં લેતા આવ્યા છીએ. આ પહેલું બિલ આવ્યું છે કે, એમાં આપવાની વાત કરી, એટલે વિચાર એવો આવ્યો કે, આવું કેમ હશે? કોન્સ્ટીટયુશનમાં જ્યારે ફેરફાર કરવામાં આવ્યો અને જેને કારણે cooperation શબ્દ ઉમેરવામાં આવ્યો તેના કારણે સુધારાનું બિલ લાવવામાં આવ્યું છે. એટલે ઘણો ખુશ થયો કે અમારા હિતનું રક્ષણ કરવાવાળા માણસો પણ ભારતમાં ક્યાંક બેઠા છે. જેના કારણે આ બિલ ગુજરાતમાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : અમારા હિતનું નહીં આખા દેશના તમામ નાગરિકોના હિતનું રક્ષણ થાય છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : આખા દેશના નાગરિકોના હિતનું રક્ષણ થશે. આ બિલ હકીકતમાં એક વર્ષ પહેલાં પાસ કરવાનું હતું. આની અમલવારી ૧૩ જાન્યુઆરી પહેલાં પૂર્ણ કરવાની હતી. આ બિલ લઇ આવવામાં ગુજરાત એક વર્ષ મોડું છે. આ બિલ જ્યારે આપણને ભારત સરકારમાંથી આપવામાં આવ્યું હતું એના પછી બે વિધાનસભા મળી ગઇ છે પણ બેમાંથી એકેય વાર આ બિલ મૂકવામાં આવ્યું નહોતું.

સુધારા આપણે જોવા બેસીએ તો ત્રીજો ૨૮ એ છે. ઘણા વખતથી બધા કહે છે કે, બે સુધારા આપેલા છે. પાંચ વર્ષમાં બે વાર હાજર રહેવું, આ સિવાયનો સુધારો આપેલો છે કે કોઇક જગ્યાએ સભ્ય કામગીરી કરતો હોય તો, આ સુધારો શું કામ મૂક્યો છે? મુળભૂત બોગસ મતદારો હતા, બોગસ સભાસદો અંદર જે આવી ગયા છે તે કાઢવા માટેની આ એક પદ્ધતિ બનાવી છે. ખરેખર આ બહુ સરસ બિલ બનાવ્યું છે. હું માનું છું કે, આ કલમ ઉમેરવાની તેને મારે ટેકો આપવો પડે એ સ્થિતિમાં છું. બોગસ સભાસદો જે છે, આપણે જ્યારે એમને બહાર કાઢવાની વાત કરીએ, હવે જો એની ફરિયાદ જ નહીં થાય કે મંડળીમાં કે સંઘમાંથી આ માણસ બે વાર હાજર રહ્યો નથી અથવા પાંચ વર્ષ દરમિયાન એણે કોઇ કામગીરી કરી નથી. તો આ કલમનો અર્થ રહેવાનો નથી. જેને કારણે આ કલમની અમલવારી કરાવવી હોય તો ક્યાંક મોનીટરીંગની પદ્ધતિ ગોઠવવી પડશે. દર વર્ષે એનું મોનીટરીંગ થાય, મંડળી, બેંક કે સંઘનો સભાસદ છે એણે સભાસદ તરીકેનો ઉપયોગ કર્યો છે કે નહીં એનું પાંચ વર્ષનું સરવે કરાવવામાં આવે તો જ આ બોગસ સભાસદ બહાર નીકળી શકે, નહીંતર આ કલમનો કોઇ અર્થ રહેશે નહીં.

૪૧(૧)નો જે બીજો સુધારો આપ્યો છે. છ વર્ષમાં ફાઇનાન્સિયલ વર્ષ ગણી આપણે હિસાબો રજૂ કરવાના હતા. ટૂંકમાં અમને ૩૦ જૂન મળતી હતી એ હવે ૩૦ સપ્ટેમ્બર થઇ ગઇ. અમારા હિસાબો રજૂ કરવા

માટે એમાં માણસની નિમણૂક કરવામાં આવે છે. હવે જ્યારે જાહેર સાધારણ સભામાં મંજૂર કરવાનું હોય તો હિસાબ રજૂ કરવો અને માણસ પસંદ કરવો એ પહેલા વર્ષમાં અઘરું પડવાનું છે. કારણ કે, સાધારણ સભા એકવાર બોલાવવી પડશે. અમારા એકાઉન્ટ લખવા માટે આ માણસને નોમીનેટ કરીએ છીએ, અમારા હિસાબો રજૂ કરવા માટે તથા ચેક કરવા માટે માણસને નોમીનેટ કરીએ એ મંજૂર થાય પછી બીજું થઇ શકે એમ છે. એટલે પહેલા વર્ષે હું માનું છું કે ૪૧ –એની અમલવારી અમારી સોસાયટી પૂરતું અઘરું રહેવાનું છે.

પાંચમો સુધારો જે આપેલો છે Within 14 days from the date of such deduction has been made shall be inserted. આ શબ્દ જે મૂકવામાં આવેલ છે.એના કારણમાં એવું હતું કે ઘણી જગ્યાએ પગાર થતા અને સભાસદોના પૈસા કાપવામાં આવતા, ધારોકે જૂનાગઢની અંદર એસ.ટી. ડેપોની પોતાની એક મંડળી છે. અને તે બેન્કમાંથી પૈસા લીધેલા હોય, અને બંધાયેલા હોય છે એ મંડળીને પૈસા પાછા બેન્કને ભરવામાં, ત્યારે મેં ડેપો મેનેજરને કીધેલું કે આના જયારે તમે પગાર કરો છો આટલું ડીડકશન કરીને આપી દેજો તમે અમને. એમણે બેન્કને ભરવાના છે. ડેપો મેનેજરને ખબર હતી કે પગાર નથી દેવાનો તો કપાતના એકસ્ટ્રા પૈસા દેવાના છે એટલે ડેપો મેનેજરે પેમેન્ટ કર્યુ જ નહીં, અને બાકીના પગાર કર્યે રાખ્યો, બન્યું એવું કે અમુક સમયે ખબર પડી સભાસદોને કે અમારા પૈસા કપાઇ ગયા પણ બેન્કમાં જમા નથી થયા, તો આ વ્યાજનું શું? અને આ બાબતનો અમને કેસ થયો હતો. અને છેલ્લે હાઇકોર્ટે એવો ચૂકાદો આપ્યો હતો કે આ નવ ટકાનું વ્યાજ જે છે એ એસ.ટી. ડેપોએ પોતાને ચૂકવવાનું આવશે. આ ૧૪ દિવસ લખેલા છે આમાં પણ નુકસાન છે. નુકસાન એટલા માટે છે કે પહેલા દિવસે પગાર કપાતમાંથી પગાર કપાઇ જશે, અને ચૌદમા દિવસે બેન્કમાં જયારે મંડળી ભરવા જશે, તો ચૌદ દિવસનું જે વ્યાજ આવવાનું છે એ દરેક સભાસદ ઉપર આવવાનું છે. જેને કારણે નિયમ સુધારી ચૌદ દિવસને બદલે એક કે બે દિવસ રાખીએ તો જ સભાસદનું હિત રહેવાનું છે. જયારે કોઇક જગ્યાએ આપણે સુધારો કરી દઇએ અને આ ગોઠવી આપીએ તો જ ફાયદો રહેશે.

એ સિવાય ત્રીજો ૧–સી નો સુધારો, ફોર ધ ટર્મ ઓફ ફાઇવ ઇયર્સ, સારું છે સાહેબ, પણ જે જગ્યાએ બેન્કોમાં કે મંડળીઓમાં રોટેશન પદ્ધતિ છે, ત્યાં દાખલ કેવી રીતે કરીશું? એટલે તમે જયારે રદ કરશો ત્યારે એ કોર્ટમાં જશે કે મારી ટર્મ જે હતી એ ૫ વર્ષની હતી, મને ૨ વર્ષ થયા છે, ૩ વર્ષની ટર્મ મારી બાકી છે, આના કારણે વિવાદ એક થાય એમ છે. જેના કારણે એક પદ્ધતિ આપણે ગોઠવવી પડશે, કે રોટેશન પદ્ધતિ જયાં જયાં છે તે રદ કરાવીને આ જ કલમ પરફેકટલી એની અંદર ગોઠવાય બાકી કેસ કબાડાને કારણે આ કલમનો અમલ કરવો ઘણો અઘરો પડવાનો છે. કોઇક સભ્ય ઉપર જે મતદાનનો અધિકાર કાઢી લીધો એ ખરેખર ખૂબ સારું થયું એમ હું માનુ છું. હું માનુ છું કે કોર્પોરેટ સેકટરને ઘણો બધો ફાયદો થશે એટલે સરકારની દખલગીરી જે હતી સભ્યો મૂકીને મતદાનની એ ઘણે અંશે વાજબી ગોઠવાઇ જાય છે. ૭૪–સીસી ૧, એમાં લખેલું છે, ''Election of the Committee and the office bearers of the society other than the specific society.'' આ સ્પેસીફીક સોસાયટીસ કઇ? ફેડરલ બોડી, તાલુકા સંઘ, જિલ્લા સંઘ, અલગ અલગ સંઘો, બેન્કો, ફેડરલ સંસ્થાઓ જે છે ત્યાંના ઇલેકશન જે છે એ અત્યારે રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા ચાલે છે. આમાં એકસપેન્સની એક પદ્ધતિ છે. એક તાલુકા સંઘની ચૂટણી હતી તે તાલુકા સંઘની આખા વર્ષની આવક ૧૫હજાર રૂપિયાની હતી. ૩ વર્ષની ટર્મ હોય, ૪૫ હજારની આવક થાય, ડેપ્યુટી કલેકટરે તે સંઘની અંદર બિલ ૩ લાખ રૂપિયાનું મૂક્યું ખર્ચનું. હવે ૩ વર્ષની આવક ૪૫ હજારની, ચૂંટણીનો ખર્ચ ૩ લાખનો, આના કારણે સંઘ નુકસાનીમાં આવ્યો. એટલે હું કલેકટરને રજૂઆત કરવા ગયો આમાં બિલ કંઇક ખોટું છે. તમે તમારા પગાર પણ અમારામાં મૂકવા મંડ્યા છો. અને આ તમામ ખર્ચ ૩૦ હજારથી માંડીને સાડા ચાર લાખ સુધીનું સૌથી મોટું બિલ મારા હાથમાં આવેલું છે.

અધ્યક્ષશ્રી : તમે સાંભળવા ગયા એના દોઢ લાખ વધ્યા.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : આમ તો સાહેબ અહીંયા આવવાના ઘણાય દીધા જ છે. જયારે આપણે ઓફીસીયલ ગેઝેટમાં નોટીફીકેશન પબ્લીશ કરીશું કે એક પંચ બનાવવામાં આવશે, અને આ પંચ

ચૂંટણી કરવાનું છે, તો પંચ પોતાની કામગીરી ચૂંટણીની કરશે, પંચ તમને બનાવવા મૂકવાનું છે એમાં અમને કોઇ વાંધો નથી, પણ તેની સામે પેરેલલ એક જગ્યાએ ચૂંટણી થવાની છે, ફેડરલ બોડીઝની તમે એને અલગ રાખેલી છે. તેને કારણે ચૂંટણી પંચ જેવા બે પંચ આવી જવાના છે. હવે અમારો મતદાર એક જ છે. તે મંડળીમાં પણ મત આપે છે. એટલે એણે આની સાથે વહેવાર કરવો, પછી સંઘમાં મત આપવા જાય ત્યારે આ બોડી સાથે વહેવાર કરવો, એના કારણે ચૂંટણી પંચ અમને એકની જગ્યાએ બે થઇ જવાના છે. એટલે જો આપને કરવું હોય તો સ્પેસીફીક સોસાયટી લખેલું છે તે શબ્દ કાઢી નાખવો તેમાં જ આપણું હિત છે. હિત એટલા માટે છે કે એમાં સરકારનો કે તમામનો એક જ જગ્યાએ વ્યવહાર રહે. જેમ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ચૂંટણી પંચ દ્વારા થાય છે. આખું સહકાર ખાતું ઇન્કલુડીંગ સ્પેસિફિક સોસાયટીઝ એમાં આવી જાય એમાં જ આપણા સહકાર ખાતાનું હિત છે.

બીજો સુધારો ૧૧(૧)નો આપેલ છે કે, every society shall convey the general meeting of his members within a period of six months of the closure of financial year to transact the business. આમાં એક જગ્યાએ વિવાદ છે. વિવાદ એ છે કે સુગરની મંડળીઓ અને સુગર મિલો છે તેમાં પણ અલગ બિલ દ્વારા ૯ મહિનાની છૂટ આપેલી છે. આમાં આને છ મહિનામાં બાંધીએ છીએ. પેલામાં ૯ મહિનાની વાત કરી છે. એનો સુધારો ભેગો મૂક્યો હોત તો આ બિલની વેલિડ અમલવારી રહેવાની હતી. ૮૧ માં જે વાત કરેલ છે એડમિનિસ્ટ્રેટર મૂકવાની. ૭૪ ડી.ડી.થી કલમ કાઢી નાખી અને કસ્ટોડિયન કાઢી નાખ્યો. એડમિનિસ્ટ્રેટર અને કસ્ટોડિયન વચ્ચેનો ફરક શું? કસ્ટોડિયન એને સોંપેલો વહીવટ જેમ છે એમ સાચવી રાખીને ટર્મ પૂરી કરે. એડમિનિસ્ટ્રેટર એના મૂળભૂત બાયલોઝ સુધારી શકે છે અને સુધારવા માટે એણે સાધારણ સભામાં જવું પડે. પણ તે અધિકાર એડમિનિસ્ટ્રેટરને અપાતો નથી. કારણ કે આપણે લખીને એને વાઇડ પાવર આપી દીધા છે. The society had taken all the suggestions as may be required in the interest of the society. રજિસ્ટ્રાર નક્કી કરે કે એડમિનિસ્ટ્રેટરને પૂરી સત્તા આપી દેવી છે તો કાલે ઉઠીને બાયલોઝ સુધારવાના આવશે. આવું હમણાં જુનાગઢમાં જ બનેલું છે. જુનાગઢ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક કસ્ટોડિયનના હસ્તકની હતી. કસ્ટોડિયનને બાયલોઝ સુધારવાનો અધિકાર ન હતો. એણે બાયલોઝ સુધાર્યો. એને સરકારે મંજૂરી આપી દીધી. એ પછી એક ઇલેક્શન પણ થઇ ગયું. કસ્ટોડિયનને વાઇડ સત્તા આપી દઇએ છીએ. એડમિનિસ્ટ્રેટરને પણ વાઇડ સત્તા આપી દઇએ છીએ જેથી લોકશાહીનું ખુન થાય છે. જેના કારણે એડમિનિસ્ટ્રેટર પાસે એટલી સત્તા હોઇ શકે છે કે જે વહીવટ ચાલે છે એ એમને એમ ચલાવો. એના કોઇ મૂળ લોઝમાં ફેરફાર કરવાની સત્તા એડમિનિસ્ટ્રેટર પાસે હોઇ જ ન શકે. કોઇ મંડળી, સંઘ કે બેંક હોય જે તે બોડી આવે એ પોતાના નિયમો સુધારવા જાય એમાં જ આપણી લોકશાહીનો ફાયદો છે. આ અલગ અલગ વાતો મેં કરી તેની અંદર થોડા સુધારા કરવાની જરૂર પણ છે. બિલ જે આવ્યું છે તે અમારા સહકાર ખાતાના જેટલા આગેવાનો છે એને એક યા બીજી રીતે લાભ થવાનો જ છે. લાભની વાત એટલા માટે કરું છું કે એમને સ્વાયત્તતા પોતાની મળે છે. એમને સ્વાયત્તતા એટલા માટે આપવામાં આવી છે કે જે જે જગ્યાએ રાજ્ય સરકાર સહકાર ખાતામાં ડખલગીરી કરતી હતી એની ફરિયાદો હતી એના કારણે અમને સ્વતંત્રતા આપવામાં આવી છે. હું માનું છું કે આ બિલ બનાવવામાં જે મૂળ હેતુ સ્વાયત્તતા આપવાનો છે, સરકારી ડખલગીરી ન થાય અને જો તે પ્રમાણે આપણે ચાલીએ તો જ આ બિલનો અર્થ રહેવાનો છે. આટલું કહી બેસી જાઉ છું.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી મંડળી સુધારા બિલ ઉપર મારા બે વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૮૧(ખ) વહીવટદાર બાબતે જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મંડળીના સભ્ય અથવા રાજ્ય સરકારના સહકાર વિભાગના અધિકારીઓમાંથી હોવાની જરૂર ન હોય તેવા એક અથવા

વધુ વહીવટદારોને. એમાં મારે સુધારો મૂકવાનો છે અને મારું સૂચન છે કે જ્યાં જે સંસ્થામાં લોન કે ધિરાણ બાકી હોય તેવી સંસ્થામાં જે સંસ્થાએ ધિરાણ કરેલ હોય તેવી સંસ્થાના અધિકારીઓને પણ વહીવટદાર તરીકે એમાં મૂકવા જોઇએ. આ એક અગત્યનો સુધારો છે. કેમ કે આ ત્રિસ્તરીય માળખામાં જિલ્લા સહકારી બેંક એ નાની બેંકોને ધિરાણ કરતી હોય છે. સહકારી મંડળી નબળી પડે ત્યારે ધિરાણ કરનાર મંડળી કે બેંક એકશન લઇ શકે એટલા માટે આ એક અગત્યનો સુધારો અત્રે રજૂ કરવા માગું છું. બીજી એક મોટી વિસંગતતા સહકારી સંસ્થાઓમાં જોવા મળે છે કે સરકારે ૨૦૦૮માં કરેલ સહકારી કાયદાના સુધારામાં કલમ ૬૭–ક(૪), કદાચ આ બિલમાં નથી.

અધ્યક્ષશ્રી **:** બિલમાં હોય એટલું જ કહો.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા **:** મારું સૂચન છે.

અધ્યક્ષશ્રી **:** સહકારી કાયદા માટે આપનું સૂચન અગત્યનું હશે પણ આ બંધારણના આધારે સૂચવાયેલા સુધારા છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : સાહેબ એમાં આવી જાય છે. કોઇપણ સંસ્થાના શકમંદ લેણા જે માંડવાળ કરવા માટે આમાં જે કાયદો બનાવ્યો છે એમાં સોસાયટીના કુલ સભ્યો પૈકી બહુમતીથી તેમજ વાર્ષિક સાધારણ સભામાં ૨/૩ સભ્યોની સંમતિથી માંડવાળ કરી શકાય, પણ આમાં સાહેબ, ખૂબ મોટી જિલ્લા સ્તરની સહકારી બેંકો બધી ઘણી મોટી સભાસદોની સંખ્યા ધરાવે છે ત્યારે વાર્ષિક સાધારણ સભામાં આપણે બધા જ સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા જાણે છે કે આમાં સાધારણ સભામાં સભ્યોની પૂરતી સંખ્યા થતી નથી ત્યારે મારો સુધારો એ મૂકવા માગુ છું કે આમાં સોસાયટીના કુલ સભ્યો પૈકી બહુમતીથી તેમજ તેની જગ્યાએ અથવા વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલ સભ્યોના ૨/૩ સભ્યોથી આ શકમંદ લેણું માંડવાળ થઇ શકવું જોઇએ. જો આવું થાય તો આ જે વિસંગતતા ઘણી હોય કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રભુભાઇ આમાં માંડવાળનું કાંઇ છે જ નહિ. આમાં સુધારા છે એ માંડવાળનું છે?(અંતરાય) આ સિવાયના કાયદાની બધી જોગવાઇ ચાલુ રહે છે. આ ઉપરાંત આ સુધારો છે અને કોન્ટ્રાડિકશન હશે એ બધું નીકળી જશે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના દિવસોમાં જો માનનીય મંત્રીશ્રી આના માટે વિચારશે તો એવું મારું સૂચન છે.

અધ્યક્ષશ્રી : એ જુદું સૂચન છે. માનનીય છનાભાઇ.

શ્રી છનાભાઇ કો. ચૌધરી**(**વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સહકારી મંડળીઓનું જે સુધારા વિધેયક બિલ લઇને આવ્યાં છે એમાં મારાં વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે ૨૦૧૧માં આ કાયદામાં સુધારો કરીને જે દરેક રાજ્યોની સહકારી અધિનિયમમાં સુધારો કરવા માટે જે આપ્યું છે. ખાસ કરીને જે સહકારી મંડળીના વ્યવસ્થાપક સમિતિની મુદત, એના હોદેદારોની મુદત, એની સાથે ચૂંટણીઓ અને એની પેટાચૂંટણી કે બરખાસ્ત અને સહકારી મંડળીનું ઓડિટ આવા જે સુધારાઓ જે લઇને આવ્યાં છે એમાં મારું ખાસ સૂચન એ છે કે ૨૮(ક)માં જણાવ્યું છે કે, પાંચ વર્ષમાં જે સભ્ય ઓછામાં ઓછી બે સભામાં હાજરી નહિ આપે તો આપણે એને બરતરફ કરવો. સહકારી મંડળીઓ જે ગામડામાં ચાલે છે. મોટાભાગે જે સભ્યો છે એ સામાન્ય સભામાં કોઇવાર હાજરી આપે છે કોઇવાર નહિ આપે, પણ સહકારી મડળીઓ સાથે એનું જે હિત જોડાયેલું છે. ખાસ કરીને સહકારી મંડળીઓમાંથી ધિરાણો લે છે એની જે કાંઇ સેવાઓ હોય એનો લાભ લે છે. જો ફક્ત હાજરીના કારણે આપણે એને બરતરફ કરીશું તો કોઇ નાનો ખેડૂત હોય કે ગરીબ આદિવાસી હોય તો એને ખબર પણ નથી કે એને (અંતરાય)

અધ્યક્ષશ્રી : છનાભાઇ આપણા માટે કંમ્પલસરી છે. આ કોન્સ્ટિટ્યૂશનમાં સુધારો થયો છે એટલે આપણે એમાં કાંઇ ફેરફાર નહિ કરીએ. પાંચ વર્ષ સાધારણ સભા હોય દર વર્ષે એકવાર મળે, એમ પાંચવાર મળે એમાં બેવાર ગેરહાજર રહે એ જ ડિસકવોલિફાઇ થાય છે. ત્રણવાર હાજર રહ્યો હોય તો વાંધો નહિ.

## તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
## સરકારી વિધેયકો

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ફરજિયાત છે પણ આમાં કાંઇક સુધારો થાય એવું મારું પોતાનું સૂચન છે, એની સાથેસાથે ખાસ કરીને જે ઓડિટ છે એ દર વર્ષે ઓડિટ કરાવવાનું અને ઓડિટની પેનલ કે સહકારી ઓડિટર મારફતેજ ઓડિટ કરાવવાનું છે અને એ સાધારણ સભાએ નક્કી કરવાનું છે. સાધારણ સભા કોને નક્કી કરે પણ આ બે સાથે આવે છે. અને જ્યારે આપણે સાધારણ સભામાં નક્કી કરીને ૩ મહિનાની અંદર એના પત્રકો જ્યારે આપણે ફાઇલ કરવાના છે ત્યારે ખરેખર તો એના આપણે સહકારી ઓડિટ કે પછી પેનલમાંથી ઓડિટ કરાવવું એ કાયદામાં સ્પષ્ટ હોવું જોઇએ અને સ્પષ્ટ હોય તો ઓડિટ કરેલા એના જે પત્રકો છે એ પત્રકો આપણે મૂકી શકીએ. જે સુધારા લાવ્યાં છે એમાં હું સંમત છું. સાહેબ, મારા એક–બે સૂચનો છે એ માનનીય મંત્રીશ્રી ધ્યાને લે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇશ્વરભાઇ, પાંચેક મિનિટમાં પૂરું કરો. (અંતરાય) મને વાંધો નથી, તમારા બિલ પૂરા નહિ થાય. અત્યારે નહિ, હજુ આના પછી બે બિલ બાકી છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૮– સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) વિધેયક માનનીય મંત્રશ્રી લઇને આવ્યાં છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

અધ્યક્ષશ્રી : જે આવી ગયું છે એનું રિપિટેશન ના થાય, બાબુભાઇએ જે કીધું છે અને અહીંથી જે સૂચન સ્વીકાર્યા છે એ સિવાયનું કાંઇ હોય તો કહેજો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશમાં સૌથી સારી અને તંદુરસ્ત સહકારી પ્રવૃત્તિ કયાં ? તો એ ગુજરાતમાં, મારા સાથી મિત્રો બધાએ જ વાત કરી. ત્યારે મિત્રો આ કેન્દ્ર સરકારે જે બંધારણીય સુધારો કરીને રાજ્યના સહકારી કાયદામાં તે મુજબના સુધારા કરવાની જે જોગવાઇ કરી છે તે સહકારી પ્રવૃત્તિઓને ખરેખર કેટલી મદદરૂપ થશે તે કહી શકાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સહકારી પ્રવૃત્તિઓનો મુખ્ય, એનો જે જન્મ થયો એનું મૂળ કારણ એ કે, છેવાડાની વ્યકિત સુધી એના લાભો મળે ત્યારે જે આ ગુજરાત સરકારની વાતમાં ત્યારે ૨૦૦૭ની અંદર આ સહકારી કાયદામાં અનેક સુધારાઓ કર્યા છે ત્યારે ફરીથી આ ટૂંકા સમયગાળાની અંદર આ કેન્દ્ર સરકાર તરફથી જે સુધારો આવ્યો છે તે ખરેખર સાહેબ એ અનિવાર્ય નથી. ત્યારે આ મંડળીઓએ પણ પોતાના જે પેટા કાયદાઓ છે એ પેટા કાયદાઓમાં પણ ફરીથી આ સુધારાઓ કરવા પડશે. આને કરણે આ સહકારી પ્રવૃત્તિ ડહોળાઇ જવાની પૂરેપૂરી સંભાવનાઓ છે. આ સહકારી જે મંડળીઓ છે એની જે ચૂંટણી થવાની છે એમાં એક અલગ ઓથોરિટીની રચના પણ કરવામાં આવી રહી છે ત્યારે પહેલાં જે મોટી મંડળીઓ હતી એનું કલેકટર દ્વારા ઇલેકશન કરવામાં આવતું હતું ત્યારે આ ચૂંટણી પંચ બનાવીને જયારે આ કામગીરી થશે ત્યારે પણ એવી ૬૦,૦૦૦ જેટલી મંડળીઓની જે રચના થઇ છે અને એમાં જે આ ઇલેકશન જયારે કરવામાં આવશે ત્યારે આ થઇ શકવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રિસ્તરીય ધિરાણ માળખાની જો વાત કરું તો આ કાયદાની અમલવારીના કારણે આ જે ડિસ્ટ્રીક્ટ બેન્ક તરફથી જે પ્રાથમિક ધિરાણ મંડળીને જે ધિરાણ મળે છે અને આમાં પણ એની અસર થવાની છે. આજે આ સહકારી સુગર ફેકટરીની વાત કરું તો ગુજરાત રાજ્ય એક એવું છે કે જેમાં સોએ સો ટકા આ ઉદ્યોગ સહકારી ધોરણે ચાલે છે. આ દક્ષિણ ગુજરાત એ આ સુગર બાઉલ તરીકે જયારે પ્રસ્થાપિત થયું ત્યારે આજે કાયદાના કારણે જે દૂધ સંઘો અને સુગર ફેકટરીની વાત કરું ત્યારે દૂધ સંઘોની અંદર દરેક તાલુકામાંથી એક એક પ્રતિનિધિ આવે છે. આ સુગર ફેકટરીની વાત કરું ત્યારે એક તાલુકામાંથી એના ઝોન પ્રમાણે ત્રણ ઝોન હોય, ચાર ઝોન હોય, પાંચ ઝોન હોય એ પ્રમાણે એના પ્રતિનિધિ આવતા હોય છે. આમાં એકથી અનેક જિલ્લાઓ પણ આવે છે. એક એક સુગર ફેકટરીમાં બે જિલ્લા, ત્રણ જિલ્લા, એક જિલ્લો ત્યારે આમાં સુચન પણ કરવું છે કે, એમાં જયારે એ થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે વહીવટદારની જે મુદત છે એમાં પણ છ માસ સુધીની એની જે મુદત કરવામાં આવી છે ત્યારે જે આ કામગીરી કરવાના છે, કોઇ મંડળીએ ઉચાપત કરી હોય, કોઇ સભ્યોએ ઉચાપત કરી હોય ત્યારે આના માટેની જે કામગીરી કરવાની છે એમાં પણ છ મહિનાથી વધારે સમય

જતો હોય છે અને એમાં છ મહિના સુધીની જે મુદત છે એમાં વધારો થાય અને આ કાયદામાં જે છ મહિનાની મુદત કરી છે એમાં આ ગૃહની અંદર, ગૃહ મારફતે આપણે છ મહિનાની સમયમર્યાદા કરતાં વધારેની મર્યાદા માટેની ભલામણ કરીએ, આટલું કહીને હું વિરમું છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા **(સહકાર મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું જે કોંગ્રેસના મિત્રોના મનમાં જે વાત હતી અને એ લોકો ખાનગીમાં સ્વીકારતા પણ જાહેરમાં ન સ્વીકારતા એવી વાત કે, ગુજરાત નંબર એક છે એ શ્રી જસાભાઇએ આજે અહીંયા ગૃહમાં સ્વીકાર્યું તે બદલ તેમનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : પણ એમાં એમણે એમેન્ડમેન્ટ કર્યું પાછળથી કે સહકારી ક્ષેત્રમાં એમ (અંતરાય) ચાલો તમારું એમેન્ડમેન્ટ મંજૂર. હવે બાબુભાઇનું એમેન્ડમેન્ટ મંજૂર રાખજો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી વસ્તુ અમારા સૌરભભાઇ અવારનવાર કહેતા કે, કેન્દ્ર સરકાર છે એ ગુજરાત સરકારને અન્યાય કરે છે. આજે એ ખ્યાલ આવ્યો કે, સહકારી કાયદામાં જે આ બંધારણની અંદર જે સુધારો કર્યો ત્યારે ગુજરાતના જે સહકારી આગેવાનો છે એને વિશ્વાસમાં લીધા સિવાય કર્યો એટલે આ સહકારી મિત્રોને એટલા બધાને આ કાયદાની વિરુદ્ધમાં બોલવું પડ્યું. એટલે જે આજે એમને ખ્યાલ આવ્યો કે, જેમ ગુજરાત સરકારને અન્યાય કરે છે એમાંય આ કોંગ્રેસના મિત્રો જે બેઠેલા છે એને આ કેન્દ્ર સરકાર અન્યાય કરતી રહે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બાબુભાઇ બિલ ઉપર આવો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭માં બંધારણીય સુધારાના કારણે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમમાં કરવા પડતા સુધારાઓ વ્યાપક અને દૂરોગામી અસરો ઉપજાવનારા છે. ગુજરાતમાં સહકારી મંડળીઓને પોતાના આંતરિક વહીવટમાં એકદમ સ્વતંત્ર, તેમના પોતાના પેટા કાયદાઓ પ્રમાણે ચૂંટણી કરવા, ભરતી કરવા, વહીવટ ચલાવવા સંપૂર્ણ સ્વતંત્ર છે. આગળ જણાવ્યું તેમ આપણા રાજયના કાયદામાં આવી જોગવાઇઓ છે જ અને જરૂર લાગે ત્યારે રાજય સરકારે વખતોવખત સામે ચાલીને સુધારાઓ કર્યા છે. કેન્દ્ર સરકારે બંધારણમાં સુધારો કરીને સહકારી મંડળીઓ માટે ઉલટાની મુશ્કેલીઓ વધારી છે અને સહકારી પ્રવૃત્તિને નુકસાન થાય તેવા સંજોગોનું નિર્માણ કર્યું છે એવું વિપક્ષી મિત્રોએ પણ આજે સ્વીકાર્યું છે. આ બંધારણીય સુધારાથી સહકારી મંડળીઓના કાયદાની કલમ–૮૧માં નવો પરંતુક ઉમેરીને જયાં સરકારની નાણાકીય સહાય, લોન કે ગેરંટી ન હોય તેવી સહકારી મંડળીઓમાં (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે અમે વિરોધ કર્યો છે, અમે તો સૂચનો કર્યા છે. અમે વિરોધ નથી કર્યો. અમે તો કેન્દ્ર સરકારના શું સુધારા હતા તે પૂછ્યુ, તો બધાને ખ્યાલ આવત પણ છતાંય અમારા લગતા હતા એ અમે સુધારા મૂકયા છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : એટલા માટે કે આ જે એમેડમેન્ટ છે એની અંદર ગુજરાત સરકારનો એક પણ અક્ષર નથી. કેન્દ્ર સરકારે જે બંધારણીય સુધારા કર્યા છે એને એમનો એમ અમે ઉમેરેલો છે. આમાં એક પણ શબ્દ રાજય સરકારનો નથી કે સહકાર વિભાગનો નથી એટલા માટે અમે કીધું છે. જે સહકારી સંસ્થાઓ છે જેની અંદર સહાય, લોન કે ગેરંટી ન હોય તેવી સહકારી મંડળીઓમાં વ્યવસ્થાપક કમિટીને સુપરસીડ કરી શકાય નહીં કે વહીવટદાર નીમી શકાય નહીં તેવી જોગવાઇ કરવામાં આવી છે. મોટાભાગની સહકારી મંડળીઓમાં સરકારનું કોઇ નાણાકીય હિત હોતું નથી. તેમછતાં સહકારી મંડળીઓ એ જાહેર નાણાનો વહીવટ કરતી સંસ્થા હોવાથી એની ઉપર અસરકારક દેખરેખ અને નિયંત્રણ માટે વહીવટદાર મૂકવા જરૂરી હોય છે. પ્રવર્તમાન સુધારાને લીધે આવી રીતે કમિટીને સુપરસીડ કરીને વહીવટદારની નિમણૂક કરી શકશે નહીં. આ બાબત મંડળીના સભાસદોના હિતમાં નથી. મંડળીના હોદ્દેદારોને મનમાની કરવાનો છુટો દોર મળશે અને તંત્રની કે કાયદાની કોઇ ધાક રહેશે નહીં. કમિટીની બની બેઠેલા હોદ્દેદારોને કોઇ બીક રહેશે નહીં. આવી એની દુરોગામી નેગેટીવ અસર ઉભી થશે.

આ ઉપરાંત કલમ–૮૧માં જે સુધારો કરીને વહીવટદારની મુદત માત્ર છ માસની નિયત કરવામાં આવી છે. છ માસની મુદત ઘણી જ ઓછી અને બિનવ્યવહારુ છે. આટલા સમયમાં મંડળીનું ખોરંભે પડેલું કામ પાછું પાટા ઉપર લાવવું, મંડળીને પુનઃ અર્થક્ષમ બનાવવી આ બધી કામગીરી માટે સમય જતો હોય છે. આ ઉપરાંત જૂના કાર્યવાહકો સામે કાનુની કાર્યવાહી પણ કરવાની હોય છે. આ બધા માટે છ માસનો સમય અપૂરતો છે. હાલની જોગવાઇ મુજબ બે વર્ષનો સમયગાળો પુખ્ત વિચારણાને આધારે ઘડવામાં આવ્યો છે. આટલા ટૂંકાગાળામાં જૂના કાર્યવાહકો સામે અસરકારક કાર્યવાહી થઇ શકવાની નથી અને નવી કમિટી જુના હોદ્દેદારો સામેની કાર્યવાહીમાં ઢીલાશ વર્તશે જેને લીધે સભાસદોને નુકસાન થશે. કલમ–૮૪ માં સુધારો કરીને તેવી જ રીતે ઓડિટરની નિમણૂક કરવાની સત્તા હાલ જે રજીસ્ટ્રારની છે એને બદલે સોસાયટીની સાધારણ સભાને ઓડિટરની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી છે. સરકારે માત્ર ઓડિટરની યાદી બનાવવાની છે. આને લીધે નિષ્પક્ષ ઓડિટરની નિમણુક થવાની કોઇ સંભાવના નથી. બંધારણમાં સહકારી મંડળીઓની રચના કરવી મૂળભૂત અધિકાર ગણવામાં આવ્યો છે. આને લીધે સહકારી મંડળીઓની રચના અને સંખ્યામાં અમર્યાદિત વધારો થવાની સંભાવના છે. આ ઉપરાંત આવી મંડળીઓ નાની બાબતોમાં પણ કોર્ટનો આશરો લઇ કાનૂની પ્રક્રિયા કરશે એને લીધે પણ સહકારી માળખા ઉપર અસર થશે.

કલમ ૭૪ (સી)માં નવો ઉમેરો કરીને સહકારી મંડળીઓની ચૂંટણી માટે અલગ ઓથોરીટીની જે રચના કરવાની છે અને તેના મારફત જ મતદાર યાદી તૈયાર કરવાની છે અને ચૂંટણી કરાવવાની છે. હાલ તમામ નાની મંડળીઓ પોતાની રીતે ઓછો ખર્ચ થાય તે રીતે ચૂંટણી કરતી હોય છે અને તે રીતે સભાસદોના પૈસાની બચત કરતી હોય છે. હવે આવી તમામ મંડળીઓને આ ચૂંટણીના કામમાં જોતરાવું પડશે. આ રીતે આપણો જે ગુજરાતનો કાયદો હતો એના લીધે મંડળીઓનું કામ જે સારું ચાલતું હતું એમાં આને લીધે વિક્ષેપ ઉભો થશે. માનનીય સભ્યશ્રી જસાભાઇએ જે વાત કરી કે એકવીસ કરતા વધારે સભ્ય હોય તો શું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : જસાભાઇનો જવાબ આપે છે. જસાભાઇ, આપ જે બોલ્યા એનો જવાબ આપે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું બધી વાતનો જવાબ આપીશ. એકવીસ સભ્યોનું જે છે એ બધી મંડળીઓએ પોતાના પેટા કાયદા સુધારવા જ પડશે. ૨૧ થી વધારે સભ્ય સંખ્યા આપણે રાખી નહિ શકીએ. પછી જે અનામતની વાત હતી. બે બહેનો અને એક એસ.ટી. અથવા એસ.સી. માંથી એક. એ જે આપણી મંડળીની અંદર જે સભ્ય હશે, એની અંદર પોતે સભ્ય હશે, તો જ આપણે એને કારોબારીમાં લેવા પડશે. સભ્ય નહિ હોય તો લેવા નહિ પડે. આ બધી બંધારણીય જોગવાઇઓ છે, એટલે એમાં બીજા કોઇ ફેરફાર કરી શકીશું નહિ.

જોઇતાભાઇએ જે વાત કરી હતી કે મંડળીઓ વધુ થશે અને એના લીધે મુશ્કેલીઓ ઊભી થશે. આની અંદર આપણે કરેલ નથી. કેન્દ્ર સરકારનો કાયદો છે અને મંડળીઓની રચના એ બંધારણની જોગવાઇ, બંધારણીય સુધારાનો મૂળભૂત અધિકાર માન્યો છે. એટલે મંડળીઓની સંખ્યા વધતી જ રહેશે. માનનીય શ્રી રામસિંહભાઇએ જે વાત કરી આની અંદર ઓડિટર એક કર્યા પછી બીજી વખત જો કોઇ ફરિયાદ આવે કે આની અંદર ગેરરીતિ કરેલ છે. પહેલા ઓડિટરે બરાબર ઓડિટ કરેલ નથી, તો એટલા માટે રી–ઓડિટ કરવા માટેની પણ આની અંદર જોગવાઇ કરેલ છે,એટલે રી–ઓડિટ કરવું પડશે. તાલુકાવાર સીટોમાં જવાબ મેં આપ્યો છે. તાલુકાવાર સીટો આપી જ નહિ શકીએ. મેક્સિમમ ૨૧ જ રાખી શકીશું. ઓછી રાખી શકીશું, પણ વધારે નહિ રાખી શકીએ. બલવંતસિંહભાઇએ વાત કરી હું હમણા જ કહું છું (અંતરાય) ટોટલી ૨૧. જસાભાઇએ હમણા વાત કરી કે મંત્રીશ્રી આવું બોલે કે આની અંદર આની દૂરોગામી અસર થશે. તો આ કાયદો છે એ જે ૧૫–૨–૨૦૧૨ થી કેન્દ્ર સરકારે ભારતના રાજ્યપત્રમાં જાહેર થઇ ગયેલો છે. એટલે ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ થી આ કાયદાની અમલવારી થઇ ગયેલી છે. અને આપણે આ એમેન્ડમેન્ટ ન કરીએ તો પણ એ કાયદો સહકારી કાયદો આખા દેશની અંદર લાગુ પડી ગયો છે. એ આપણે એમેન્ડમેન્ટ કરવું જરૂરી હતું.

બીજું નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશિયલ સી.એ. નં.૧૭૩૩૩/૨૦૧૨/વીથ સ્પે.સી.એ.નં. ૨૩૪/૨૦૧૩ ના કેસમાં માનનીય જસ્ટીસ શ્રી જયંત પટેલ અને મોહિન્દર પાલનું તા. ૧૩–૧–૨૦૧૩ નું

ઓરલ જજમેન્ટ છે તે એવું કહે છે કે ૧૯૯૭ ના બંધારણીય સુધારા મુજબ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાયેલ ન હોય ત્યાં સુધી કલમ–૭૪(ડી) અને કલમ–૮૧ અન્વયે વહીવટદાર કસ્ટોડિયનની નિમણૂક કરવી નહિ, પરંતુ પ્રવર્તમાન સમિતિ ચાલુ રહેશે અને તે કોઇ મેજર પોલિસી ડિસીસન જિલ્લા રજિસ્ટ્રાશ્રીની પૂર્વ પરવાનગી સિવાય લઇ નહિ શકે. બીજું ૧૯૯૭ ના બંધારણીય સુધારાને સુસંગત ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ માં જરૂરી સુધારા થયા બાદ તે જોગવાઇઓને અનુરૂપ સહકારી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. ત્યાં સુધી કોઇપણ સહકારી સંસ્થાની ચૂંટણીઓ પણ નહિ થાય. એટલે આજે આપણે આ એમેન્ડમેન્ટ ન કરત તો આજ પછી અત્યારે આપણી જે કોઇ ચૂંટણીઓ પણ આપણે થઇ શકત નહિ. હવે આજની તારીખ પછી હવે ચૂંટણીઓ થશે તેની મુદત ૫ વર્ષની રહેશે. એની પહેલાની જે ચૂંટણીઓ થઇ ગઇ છે તેની મુદત ૩ વર્ષની રહેશે. એની મુદત એમને એમ ૩ ને બદલે ૫ થશે નહિ. આમાં આપણે અહીયા ગૃહમાં બીજું કઇ કરવાનું નથી. કેન્દ્ર સરકારે જે સુધારો કરેલો છે, તે આપણે સ્વીકારવાનો છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : મંત્રીશ્રીએ કહ્યું કે ૨૧ ની જે બોડી રહેવાની, એની અંદર તાલુકાવાઇઝ ચૂંટણીઓ નહિ થાય તે વાત સાચી છે? તાલુકાવાઇઝ ચૂંટણીઓ નહિ થાય ને?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ચૂંટણીઓ છે એ મંડળી દરેક તાલુકાવાઇઝ મંડળીની થશે, પણ જશાભાઇએ કહ્યું કે દરેક તાલુકાની અંદરથી એક એક સભ્ય આપણે જિલ્લા કક્ષાની મંડળીની અંદર લઇએ છીએ. એની અંદર દરેક મંડળી, તાલુકાની મંડળી હોય, જિલ્લાની મંડળી હોય એ દરેક જગ્યાએ સભ્ય સંખ્યા ૨૧ ની રહેશે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટતા તમે કરી છે. માની લો કે ૧૬ મેં કહ્યું તેમ. ૧૬ તાલુકા ૧૬ સભ્ય થઇ ગયા. ૫ છે. તો તમે પેટા નિયમ એવો સુધારવાનો આદેશ આપશો કે આનો પેટા નિયમ તમે તાલુકાની જેમ અત્યારની પ્રથા છે તે રદ કરી અને આ સંયુકત ચૂંટણી કરવી એવું કરવા માગો છો?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : બંધારણીય સુધારો છે, એને પેટા નિયમની અંદર બદલી શકતા નથી. ૨૧ ની અંદરથી આપણે પેટા નિયમ કરીને ૨૨, ૨૩ કે ૨૫ સભ્ય રહે એ બંધારણીય સુધારો આપણે કરી શકતા નથી. આપ સૌએ સુધારા સૂચવ્યા છે, એના માટે આપણે કેન્દ્ર સરકારમાં જવું પડે અને ત્યાંથી જો ફરીથી બંધારણીય સુધારો કરે તો આ બધુ શક્ય બને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આપે જે પરિપત્ર વિશે કહ્યું અને કહ્યું કે હમણા હાઇકોર્ટની બેંચમાં એટલે જે બોડી હશે જેની મુદત પૂરી થઇ ગઇ છે અને મુદત પૂરી થઇ ગયા પછી તે ચાલુ રહેશે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને કહ્યું તે રીતે અત્યારે ધારો કે ચૂંટણી જેની ડયુ થઇ ગઇ છે, જે ચૂંટણી આજની તારીખ સુધી કરવાની નથી. હાઇકોર્ટે જે કહેલું છે. તેની અંદર બોડી તેની તે જ રહેવાની હતી. તેની અંદર મેજર ડીસીસન લેવાનું હોય તે જિલ્લા રજીસ્ટ્રારની મંજૂરી લઇને મેજર ડીસીસન લઇ શકે તેવી પરિસ્થિતિ હતી. આજે આ કાયદો આપણે દાખલ કર્યો છે તેના પછી હવે તે ચૂંટણીઓ કરી શકશે. આપણે જોયું છે કે અત્યાર સુધીની ચૂંટણીઓની જે પ્રક્રિયા હતી કે જિલ્લા કલેકટર દ્વારા જે ચૂંટણીઓ થતી તેને બદલે હવે દરેક મંડળીએ પોત પોતાની રીતે ચૂંટણી કરવાની રહેશે. એટલે ફરીથી દરેક મંડળીએ આખું માળખું નવેસરથી ચૂંટણી પ્રક્રિયા માટેનું ઉભું કરવું પડશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૮નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ– ૨ થી ૧૭, કલમ.૧ દીર્ઘ સંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩

સરકારી વિધેયકો

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ૨૮નું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૮નું સર્વાનુમતે ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

**સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૨**

**ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા(સુધારા) વિધેયક, ૨૦૧૩**

**રાજયમાં અમુક યુનિવર્સિટીઓને લગતા અધિનિયમો વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી વસુબેન ન. ત્રિવેદી ( ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૨ સન ૨૦૧૩ના ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૨ સન ૨૦૧૩ના ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધારા વિધેયક ૨૦૧૩ વિધાનસભા ગૃહ સમક્ષ રજૂ કરતાં હું માનનીય ગૃહને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી એવા આ સુધારા વિધેયકથી અવગત કરવા માગું છું. હાલમાં રાજયની તમામ યુનિવર્સિટીઓમાં વાઇસ ચાન્સેલર અને પ્રો વાઇસ ચાન્સેલરની નિમણૂકમાં, વાઇસ ચાન્સેલરની ગેરહાજરીમાં કામગીરીની સુપ્રતી તથા યુનિવર્સિટીઓના સેનેટ અને સિન્ડીકેટ જેવા સત્તા મંડળોમાં શિક્ષણવિદોની નિમણૂકમાં એકસૂત્રતા ન હોવાનું જણાયેલ છે. રાજયની સૌથી જૂની યુનિવર્સિટીઓ પૈકીની એક એટલે કે ગુજરાત યુનિવર્સિટીમાં હાલ જે પ્રમાણે વાઇસ ચાન્સેલર અને પ્રો વાઇસ ચાન્સેલરની નિમણૂક કરવામાં આવે છે તે પ્રમાણેની કાર્યપ્રણાલિ અન્ય તમામ યુનિવર્સિટીઓ માટે પણ રાખવાનું વહીવટી દ્દષ્ટિએ અનૂકુળ જણાય છે. તે હેતુથી જરૂરી સુધારા કરવા આ વિધેયક ગૃહ સમક્ષ રજૂ કરું છું. રાજયની તમામ યુનિવર્સિટીઓમાં વાઇસ ચાન્સેલર...

**(વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦ )**

**<u>અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને</u>**

પ્રો. વસુબેન ન. ત્રિવેદી(ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની તમામ યુનિવર્સિટીઓમાં વાઇસ ચાન્સેલરની નિમણૂક માટે ચાન્સેલરશ્રી દ્વારા એક પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે. ઉપરાંત, આવી પસંદગી સમિતિના અધ્યક્ષની નિમણૂક કરવાની સત્તા પણ ચાન્સેલરશ્રીની હોય છે. આમ, વાઇસ ચાન્સેલરની નિમણૂક માટે આ મુદ્દા પરત્વે રાજયની તમામ યુનિવર્સિટીઓના કાયદામાં એકસૂત્રતા પ્રવર્તે છે, પરંતુ આવી પસંદગી સમિતિ દ્વારા વાઇસ ચાન્સેલર તરીકેની નિમણૂકને પાત્ર વ્યક્તિઓની ભલામણ કરવાની હોય આ બાબતે અને ભલામણ થયેલી વ્યક્તિઓમાંથી વાઇસ ચાન્સેલર તરીકે નિમણૂક કરવા માટે હાલ રાજયની જુદી જુદી યુનિવર્સિટીના કાયદામાં એકસૂત્રતા જણાતી નથી. જેના કારણે હાલ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ હેઠળ જે પ્રમાણેની જોગવાઇ છે તે પ્રમાણે રાજયની અન્ય તમામ યુનિવર્સિટીમાં પણ આ મુદ્દે એકસૂત્રતા રહે તે લાવવાના હેતુથી સૂચિત વિધેયકમાં જોગવાઇ કરેલી છે. વાઇસ ચાન્સેલરની અવેજીમાં ફરજ બજાવવા માટે પ્રો–વાઇસ ચાન્સેલરની જગ્યા ખૂબ અગત્યની જગ્યા હોય છે. પ્રો– વાઇસ ચાન્સેલરની નિમણૂકમાં પણ એકસૂત્રતા રહે એ અતિ જરૂરી છે પરંતુ રાજયની જુદી જુદી

* વિધેયક તા.૨૧મી માર્ચ ૨૦૧૩ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

યુનિવર્સિટીના કાયદામાં આ અંગે પણ એકસૂત્રતા નથી. એના કારણે વિસંગતતા ઉભી થાય છે. એ વિસંગતતાને દૂર કરવા માટે સૂચિત વિધેયકમાં જોગવાઈ કરવામાં આવી છે. વાઇસ ચાન્સેલર કોઈ કારણોસર રજા ઉપર હોય, માંદગીના બિછાને હોય કે અન્ય કારણોસર ગેરહાજર હોય ત્યારે કામચલાઉ ધોરણે તેની અવેજીમાં ફરજ બજાવવા માટે અધિકારીઓના નામની પસંદગી કરવા બાબતની હાલની જુદા જુદા યુનિવર્સિટીની અધિનિયમની જોગવાઇમાં પણ એકરૂપતા જળવાતી નથી અને જેથી કરીને દરેક યુનિવર્સિટીમાં અલગ અલગ રીતે નિમણૂકો કરવામાં આવતી હોય છે.

તદ્ ઉપરાંત, વાઇસ ચાન્સેલર જેવા મહત્ત્વના હોદ્દા ઉપર ફરજ બજાવતી વ્યક્તિને હોદ્દા ઉપરથી દૂર કરવા માટે પણ હાલ અલગ અલગ જોગવાઇઓ યુનિવર્સિટીના કાયદામાં જણાય છે. જેથી આ બંન્ને મુદ્દે પણ સામ્યતા લાવવાની ખૂબ જ આવશ્યકતા છે અને જે અંગે પણ સૂચિત વિધેયકમાં જોગવાઇ કરેલી છે. યુનિવર્સિટીઓની તમામ વહીવટી અને નાણાકીય જવાબદારીઓ મુખ્યત્વે સેનેટ અને સિન્ડીકેટ દ્વારા વહન થતી હોય છે. રાજયની યુનિવર્સિટીઓના આ સત્તા મંડળમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષણવિદો, મહિલા પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો વગેરેની નિમણૂક માટેની હાલની જોગવાઇઓ પણ એકસમાન નથી જેથી આ બાબતે પોતાના જ્ઞાનનો લાભ આપી યુનિવર્સિટીના વહીવટી અને શૈક્ષિણિક વિકાસમાં યોગ્ય પ્રદાન કરી શકે તેવી વ્યક્તિઓ પસંદ કરવા સારુ ચૂંટાયેલી સરકારને તક મળે તે હેતુથી જરૂરી જોગવાઇઓ પણ સૂચિત વિધેયકમાં દાખલ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટાયેલી સરકાર એ રાજયના શિક્ષણનો વહીવટ પણ સુપેરે કરી શકે એના માટેના ફેરફારો આ વિધેયકમાં કરવામાં આવેલા છે, માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, એ પોતાના વિચારો રજૂ કરે અને આ પાસ કરે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આ સુધારો લઇને આવ્યા છે, તેઓશ્રી સાત સુધારા લઇને આવ્યા છે અને સાતેય સુધારામાં પ્રત્યક્ષ રીતે આ દેખાય છે કે, આપણા જે રાજયપાલશ્રી છે, કે જે આ સરકારના એક વ્યક્તિ એવી છે કે, જેના દ્વારા આખી સરકાર ચાલે છે. એમની પાસે જે પાવર્સ છે એ પાવર્સ સરકાર એના હસ્તક કરવા જઇ રહી છે. આવું બિલ કદાચ મારી સમજમાં છે ત્યાં સુધી આખા ભારતમાં કદાચ આવું પહેલું બિલ હશે કે જેને રાજયપાલશ્રીની સત્તા ઉપર તરાપ મારતું આ બિલ છે. ગુજરાતમાં આપણી જુદી જુદી ૧૪ યુનિવર્સિટીઓ છે અને આ ૧૪ યુનિવર્સિટીમાં જુદા જુદા પ્રકારે જુદી જુદી રીતે સુધારા લાવ્યા છે. ખાસ કરીને પહેલી જે ચાર યુનિવર્સિટી છે. જે ભૂતકાળમાં ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૯૪૯, સરદાર પટેલ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૫૫, વીર નર્મદ દક્ષિણ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૪ યુનિવર્સિટી માટેની જે ૧૦-૬(ક)માં કુલપતિ ગેરહાજર રહે, કુલપતિ યા ઉપ કુલપતિની નિમણૂક ન આવી હોય ત્યાં સુધી, ઉપ કુલપતિ અને કુલપતિની ગેરહાજરીના હેતુ માટે રાજ્યપાલે નિયુક્ત કરેલા ડીન પૈકી એક ડીન કુલપતિનો હોદ્દો બજાવે છે. એટલે હવે આ જે સુધારો સરકાર લાવી છે એ સરકાર સ્પષ્ટપણે જે રાજયપાલશ્રી પાસે સત્તા હતી એ રાજય સરકારના હાથમાં આવી જશે. મને એ સમજાતું નથી કે જ્યારે રાજય સરકાર એટલે રાજયપાલશ્રી જ સરકાર ચલાવતા હોય છે અને તેઓ આપણા બંધારણીય વડા છે અને બંધારણીય વડા પાસે સત્તા હોવા છતાં શા માટે આ યુનિવર્સિટીની સત્તા છે એ રાજયપાલશ્રી પાસેથી લઇને સરકાર પોતાના હસ્તક લેવા માગે છે એ મને સમજાતું નથી. માત્રને માત્ર જો કોઇ હેતુ હોય તો એ રાજકીય છે. કોઇ પણ બિલ લાવવાનો હેતુ હોય તો સામૂહિક લોકોના ફાયદા માટે આપણે બિલ લાવતા હોઇએ છીએ. સરકાર બિલ એટલા માટે વિધાનસભામાં લાવતી હોય છે કે સામૂહિક હિતોને ફાયદો થાય એના માટે લાવતી હોય છે, નહીં કે રાજકીય ફાયદા માટે. આ બિલ એ સ્પષ્ટપણે રાજકીય બિલ છે. રાજયપાલશ્રી જે નિમણૂક કરે છે એમાં માત્ર હેતુ એટલો જ છે કે હવે પછી સરકાર કરશે. સરકાર ક્યા પ્રકારે કરશે? એ ભૂતકાળમાં અમે ૧૫-૧૬ વરસથી જોઇ રહ્યા છે કે આજે જે નિમણૂકો સરકાર કરી રહી છે એ માત્રને માત્ર રાજકીય નિમણૂકો જ થાય છે અને હવે યુનિવર્સિટીમાં પણ સરકાર કરશે.

## તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
## સરકારી વિધેયકો

શિક્ષણ જગતમાં એમ કહેવાય છે કે બધા જ ક્ષેત્રે ભલે રાજકારણ ચાલે પણ શિક્ષણ ક્ષેત્રમાં જરા પણ રાજકારણ ન હોવું જોઇએ એવું આપણે બધા સારી રીતે જાણીએ છીએ અને આપણા ગુજરાતની એક પરંપરાના આધાર પર આપણે શિક્ષણને રાજકારણથી બાકાત રાખતા હોઇએ છીએ. આજે આપણે ધીમે ધીમે સરકાર જે રીતે એનું કામ કરી રહી છે અને આજે શિક્ષણ ઉપર પણ એક તરાપ આવી રહી છે ત્યારે સ્પષ્ટપણે દેખાય છે કે સરકારની જે મુરાદ છે એ સારી લાગતી નથી કેમ કે, જ્યારે રાજયપાલશ્રી આ નિમણૂક કરતા હોય ત્યારે એ સરકારનું એક અંગ છે, સરકારનો એક ભાગ છે, બંધારણીય વડા છે એ આ નિમણૂકો કરે છે ત્યારે શા માટે સરકાર આ કરવા જઇ રહી છે? અને કદાચ છેને હવે જો આ કાયદો બની જશે તો યુનિવર્સિટીઓમાં પણ રાજકારણ સ્પષ્ટપણે પેસી જશે.

બીજી બધી યુનિવર્સિટીઓમાં આજે અમે જોઇએ છીએ કે એવા કુલપતિ અને એવી બધી નિમણૂકો થાય છે કે, માત્રને માત્ર કોઇના ઇશારે ચાલે, કોઇની વાતથી ચાલે અને સરકાર કહે અથવા કોઇ વ્યક્તિ કહે એ મુજબ આખીને આખી યુનિવર્સિટી ચાલતી હોય ત્યારે આવનાર ભાવિ પેઢીની ૨૧મી સદી સાથે તાલ મિલાવવાની વાત થતી હોય ત્યારે પાયામાં જ એનું શિક્ષણ એવું પેદા થાય, એની પરિસ્થિતિનું નિર્માણ એવું પેદા થાય કે જેના કારણે ત્યાંથી જ એને રાજકીય રીતનો એવો રંગ લાગે, એવી સરમુખત્યારશાહીનો રંગ લાગે કે જેને કારણે આવનાર પેઢીને મોટું નુકસાન થશે.

એ જ રીતે બીજી કલમ ૧૬, એની અંદર પણ જે રાજયપાલશ્રી કુલ ૧૨ સભ્યોની નિમણૂક કરે છે એમાં કેવા વિદ્વાન માણસોની ભૂતકાળમાં છેલ્લા કેટલાય વર્ષોથી નિમણૂક થાય છે એ પરંપરા ચાલી આવતી હતી અને રાજયપાલશ્રી એવા લોકોની નિમણૂક કરે કે જે યુનિવર્સિટીને મદદરૂપ થાય. કોઇને કોઇ અંશે એવી રીતે મદદરૂપ થાય કે શિક્ષણ જગતના હોય, સામાજિક આગેવાનો હોય બીજા વિદ્વાન હોય એના કારણે આજે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પારદર્શકતા દેખાતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આમાં પણ એવી પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે કે આમાં પણ રાજયપાલશ્રી પાસેથી આ સત્તા લઇને હવે સરકાર પાસે આ સત્તા આવવાની છે. મને એ ખબર નથી પડતી કે રાજયપાલશ્રી એ આપણા બંધારણીય વડા છે અને એ સરકાર જ છે એમની પાસેથી સત્તા શા માટે લઇ લેવામાં આવે છે? આ રાજયપાલશ્રીની નિમણૂક આપણા રાષ્ટ્રપતિ કરતા હોય છે અને રાષ્ટ્રપતિ જ્યારે આ નિમણૂક કરતા હોય ત્યારે આપણા દેશના પ્રથમ નંબરના નાગરિક રાજયપાલશ્રીની નિમણૂક કરતા હોય, એમણે મૂકેલી વ્યક્તિ હોય જે આજે બંધારણીય કલમના આધાર પર મેં જોયું છે કે, એમનો દરજ્જો કેટલો મહત્વનો છે અને એ દરજ્જામાં પણ ગુજરાતમાં પહેલીવાર થઇ રહ્યું છે કે એમની સત્તા પર કાપ લાવીને ધીમે ધીમે આજે એ પણ સત્તા જે એમના હાથમાં હતી જે શિક્ષણ જગતની હતી. શિક્ષણ એક એવી વસ્તુ છે કે એમાં પોલિટીકલ ના આવે, રાજ્યપાલશ્રીને વરસોથી જે સત્તા આપવામાં આવી છે એ સત્તા ફરીથી હવે રાજ્ય સરકારના હાથમાં આવવાની છે.

એ જ રીતે આપણી ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, ૧૯૬૫ એમાં પણ આ જ પરિસ્થિતિનું નિર્માણ, નિમાયેલી સમિતિ જે બંધારણીય ઠરાવ કરવાની, કુલપતિ નીમવાની, ઘણીવાર ૩ વ્યક્તિઓની પસંદગી કરવાની હોય છે, આપણા રાજયપાલશ્રી જે કરતા હતા એમાં પણ આ જ પ્રકારનો સુધારો લાવ્યા છે. એ જ રીતે આપણી મહારાજા કૃષ્ણપાલસિંહજી યુનિવર્સિટી, ભાવનગર, એમાં પણ કુલપતિની નિમણૂક પેટા કલમ-૨ હેઠળ નિમાયેલી સમિતિ, પેટા કલમ-૩ હેઠળ ભલામણ કરેલ ૩ વ્યક્તિઓ રાજ્ય સરકાર સાથે વિચાર વિમર્શ કરીને રાજ્યપાલ કુલપતિની નિમણૂક કરતા હતા, એના બદલે હવે સરકારશ્રી આ નિમણૂક કરવાની છે, રાજ્યમાં જ્યારે આટલી નવી નવી યુનિવર્સિટીઓ દિનપ્રતિદિન આવે અને એમાં પણ એકસાથે સુધારામાં દરેકમાં સ્ટેપ બાય સ્ટેપ ચૌદેય યુનિવર્સિટીમાં આ રીતે નિર્માણ થવાનું છે. મારે માનનીય મંત્રીશ્રીની પાસેથી એ સમજવું છે કે, આ કરવા પાછળનો હેતુ કદાચ વિસ્તૃતમાં બતાવ્યો હોત, ભૂતકાળમાં જે બિલો આવ્યા છે એ બિલોમાં આપણે જોઇ શકીએ કયા પ્રકારની એની મહત્વતા હોય છે, એનો કોઇ ઉલ્લેખ આમાં કરવામાં આવ્યો નથી. એમણે જે બિલનો ઉદ્દેશ બતાવ્યો છે એમાં સરળતા કે આ બિલની અંદર મહત્વતા સરળતા રહે તે છે. આજે સરળતાના બદલાની અંદર કદાચ ગુજરાતનું જોઇને બીજા રાજ્યો પણ

કદાચ આવું ને આવું કરશે, તો આપણા બંધારણીય જે હક્ક છે, જે બંધારણમાં હક્ક આપવામાં આવ્યા છે એના ઉપર મોટામાં મોટી એક તરાપ લાગશે એવી સિસ્ટમ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આ જે સત્તા આપે છે એ બંધારણની વિરુદ્ધ છે **?**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત **:** માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલું જ કહેવું છે કે,

અધ્યક્ષશ્રી **:** અત્યારની પ્રોસીજર પ્રમાણે રાજ્ય સરકારે ગવર્નરને સત્તા આપી, ભૂતકાળમાં પણ હવે રાજ્ય સરકાર એ સત્તા પાછી ખેંચીને પોતાની પાસે રાખે છે એટલું જ છેને**?**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત **:** હા એટલું જ છે પણ માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગું છું કે,

અધ્યક્ષશ્રી **:** આપનું કહેવાનું એ છે કે તટસ્થતાનો ભાવ ન રહે એટલા માટે ન કરવું જોઇએ એ જ છેને?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત **:** આજે રાજ્યપાલશ્રી,..

અધ્યક્ષશ્રી **:** પણ એ બંધારણની વિરુદ્ધ નથી, બંધારણની વિરુદ્ધમાં હોય કે રાષ્ટ્રપતિએ નિમણૂક..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત **:** મારી પાસે ભારતીય સંવિધાન-બંધારણ છે. એ બંધારણ મેં વાંચ્યું છે. બંધારણની અંદર આપણી જે કલમ છે, બંધારણની કલમ-૧૫૩ મુજબ આ રાષ્ટ્રપતિ નીમે છે. સર હું આ બિલનો અભ્યાસ કરતો હતો. ત્યારે મને એમ થયું કે, ..

અધ્યક્ષશ્રી : એ તો ગવર્નરની નિમણૂક કરે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત **:** કહેવાનો ભાવાર્થ એ છે કે રાજ્યપાલશ્રીને કેટલી સત્તાઓ છે, રાજ્યપાલશ્રીની જે સત્તા છે એ કારોબારી સત્તા, કલમ-૧૫૪ હેઠળ આ રાજ્યની તમામ સત્તા એના વડા આ રાજ્યપાલશ્રી છે અને એની પાસેથી લેવામાં જ્યારે સરકાર પોતે હોય અને આ સરકાર પોતે કરે. એ સૌથી મોટી વસ્તુ કહેવાય. આજે આપ પણ બેઠા છો આપને પણ એમ થાય કે આ કયા પ્રકારે થઇ શકે? આ જે કલમ બતાવી છે મેં એનો બહુ અભ્યાસ કર્યો છે પણ એ આવનારા મુદ્દાઓમાં અમે રજૂઆત કરવાના છીએ કે કયા પ્રકારે છે. આજે જે સિસ્ટમ થઇ રહી છે એ કોઇ સામાન્ય નથી. આમાંથી આમ કરીને આમ એમ નથી આ. આપણે સરકારના વડા ઉપર અંધવિશ્વાસ કરીએ છીએ એનું આ સરકારમાંથી નિર્માણ થઇ રહેલ છે. આ વાસ્તવિકતા છે. એટલા માટે હું જે કહેતો હતો કે જે આ યુનિવર્સિટીની સત્તા છે એ પણ રાજ્યપાલશ્રીને આપવાના છે. એ જ રીતે કલમ-૧૮માં જે સુધારો છે અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી. આ યુનિવર્સિટી હમણાં જ થઇ છે. એમાં પણ જે સત્તાઓ હતી. તે બધી જ સત્તાઓ આ જ રીતે વિચાર-વિમર્શ કરીને સરકાર સાથે રાજયપાલશ્રી કરતા હતા અને ભૂતકાળમાં છેલ્લા ૬૦ વર્ષનો આ ઈતિહાસ રહ્યો છે કે ૬૦ વર્ષમાં સરકાર સાથે વિચાર-વિમર્શ કરીને આજે પણ રાજયપાલશ્રી કરતા હતા એની અંદર પણ સરકાર આ લેવા માગી રહી છે . એ જ રીતે કાઉન્સિલમાં પણ જે સભ્યશ્રીઓ મૂકાવાના છે, હેમચંદ્રાચાર્યમાં પણ જે સુધારો લાવ્યા છે તે પણ આ પ્રકૃત્તિનો લઇને આવ્યા છે. એ જ રીતે કૃષિ યુનિવર્સિટી ૨૦૦૪માં તેની પણ જે સત્તાઓ હતી તે જ રીતે આમાં પણ લઈ લેવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે આપનું ધ્યાન દોરવુ છે કે, યુજીસીના નિયમો જે કાયદાની જોગવાઇ છે તેના વિરૂધ્ધનું યુનિવર્સિટીનું આ બિલ છે કોલેજ હોય, શિક્ષણ હોય, સ્ટાફ હોય, ભરતી હોય કે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ હોય ૨૦૧૦માં ધોરણો જળવાય, માપદંડ કરે એવી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના આ નિયમો છે. આ કમિશને ૨૦૧૦ની અંદર આ નિયમો બનાવેલા છે કે એની અંદર કઇ પ્રકારનું હોય અને એના સચિવશ્રી કાઝી સાહેબે સદર પાના નંબર ૧ અને ૨ મુજબ જણાવ્યું છે કે, આ નિયમો સેન્ટ્રલ સરકારના કાયદા, રાજય સરકારના કાયદા તેમજ પરદેશી કાયદા હેઠળ સ્થાપવામાં આવેલા છે. આ દરેક યુનિવર્સિટી કોલેજ ઉપર ૧૯૫૬ના યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એકટ-૨નો કલોઝ નંબર-એફકે, નોટિસ તરીકે માન્ય કરેલી સંસ્થા એ આ લગાવેલું છે. ખાસ કરીને છઠ્ઠાની જે જોગવાઇ યુનિવર્સિટી, કોલેજોમાં વાઇસ ચાન્સેલર, પ્રો.વાઇસ ચાન્સેલર લગતો ધ્યાનમાં લેવા વિનંતી કે ૭.૩.૦ કે.જી.વાઇસ ચાન્સેલર માટેનો જે પેટા કલમ ૭.૩ જે આઇ.આઇ.નો આ પ્રમાણે આ કાયદા પ્રમાણેનો છે. અને આ કાયદા મુજબ વાઇસ ચાન્સેલરની નિમણૂક માટે ૩-૫ મેમ્બરની કમિટી આવશે. કમિટીના સભ્યોના નામ જાહેર અને બહોળી પ્રસિધ્ધિ કરવામાં

આવશે. આ બધી પરિસ્થિતિમાં સરકારનું મારે જે ધ્યાન દોરવું છે કે, રાજયપાલશ્રીની સત્તા આ સરકાર શાના માટે છીનવે છે એ આજે પણ ખ્યાલ આવે એવી સ્થિતિમાં નથી. હું આ બિલનો સખ્તપણે રાજયપાલ ઉપર જે એમની તરાપ લાગી છે તેનો સખત વિરોધ કરું છું.

શ્રી છબિલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત યુનિવર્સિટીના કાયદા સુધારાનું વિધેયક–૨૦૧૩ જે લાવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે યુનિવર્સિટીનો જે વહીવટ ચાલતો હોય તે યુજીસી તેનો વહીવટ કરતી હોય છે. યુજીસી તેને જે ડાયરેકશન આપ્યું છે તે પ્રમાણે વહીવટ થતો હોય છે, પારદર્શકતા હોય છે. પણ તેની અંદર તેમના વડા તરીકે તેમણે રાજય સરકારે જે તે વખતે સત્તા આપી કે ભાઇ, તમે આનો વહીવટ, આની નિમણૂકો એ કુલપતિશ્રીના જે નિમણૂકો છે તે રાજયપાલશ્રી કરતા હોય છે. પણ મને એમ લાગે છે કે તે રાજયપાલ કરે તેના કરતાં હવે સરકારના હાથમાં સત્તા આવે છે. આના કારણે શું થાય કે વિદ્યાર્થીઓને જે ભણવામાં સરકારનો હસ્તક્ષેપ થયો ડાયરેકટ આમેય શિક્ષણ જગતના બધાજ અહીંયા જે સ્કૂલોની અંદર છે તેની અંદર મેળાઓ કરવા માટે શિક્ષકો રોકાય છે. તો આની અંદર પણ શિક્ષણ જગતની અંદર પાછું સીધું ઇન્વોલમેન્ટના કારણે ચૂંટણીઓમાં તો કયાંક અને કયાંક એનો ઉપયોગ થાય જ છે. પણ આના હસ્તક્ષેપના કારણે આ વધુ પડતો વળી પાછો આ ભણાવવાની બાબત કરતા બીજા એકમાં આનું ધ્યાન જશે. એટલે મારું માનવું છે કે જો એવું ના થાય અને કુલપતિશ્રીની જે નિમણૂકો છે તે સેનેટના નિમણૂકના છે તે રાજયપાલ થ્રૂ જ થાય તે બરાબર છે. બીજું મારે એ કહેવું છે કે જનરલી એક પરંપરા હોય છે. ભલે સરકારના હાથમાં સત્તા હતી અને પાછી લઇ શકે છે, પણ એક પરંપરા હોય છે તેને તોડીને માત્ર સત્તા માટે કયારેક આપણે પણ વિરોધપક્ષમાં બેસીશું. એવું કંઇ જરૂરી નથી કે આ કાયમ માટે લખાવી લીધું છે, પણ એ વખતે વિરોધપક્ષમાં હોય અને કેન્દ્રમાં સરકાર કદાચ કયાંક બીજી સામેની સરકારની હોય તો એ વખતે નિમણૂક કરવાનો વારો આવશે, આ એમ કેમ માની લીધું છે કે અમે હંમેશા રહી જવાના છીએ?

અધ્યક્ષશ્રી : આ તમારા માટે એડવાન્સમાં કર્યું છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : મારી વિનંતી છે કે આમાં જે પરિસ્થિતિ હતી તે પ્રમાણે રહેવા દે તો રાજયપાલશ્રીની સત્તાઓ, કારણ કે આ એક વાત છે. પહેલાં રાજયપાલશ્રી હતા, તો એ વખતે ચાલતું હતું. એ વખતે જો બદલવું હોય તો આજે એ ૧૭ વર્ષથી છે. પણ હમણાં જ •(xxxxxx) તેના કારણે જ આ થયું છે કે શું?

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી છબિલભાઇ ના. પટેલ : મારી વિનંતી એ છે કે અગર યુનિવર્સિટી માટેનું, યુનિવર્સિટીના શિક્ષકોની ચિંતા હોય તો છઠ્ઠા પગારપંચનું અધ્યાપકોને એરિયર્સ ચૂકવાયું નથી.

અધ્યક્ષશ્રી : એ રહેવા દો, આ બિલમાં. એ બીજામાં વાત કરજો.

શ્રી છબિલભાઇ ના. પટેલ : મારી વિનંતી છે કે રાજયપાલશ્રીની સત્તાઓ છે એ સત્તાઓ ચાલુ રાખવી જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત યુનિવર્સિટી કાયદા સુધારા વિધેયક જયારે શિક્ષણ મંત્રીશ્રી લાવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં કુલ ૪૨ યુનિવર્સિટીઓ છે અને આ ૪૨ યુનિવર્સિટીઓ પૈકી કુલ ૧૪ યુનિવર્સિટીઓ એ આ ગુજરાત રાજયની ગુજરાત સરકારના હસ્તકની યુનિવર્સિટીઓ છે. આ ૪૨માં ૪ પ્રકારની યુનિવર્સિટીઓ છે. આ યુનિવર્સિટીઓ પહેલાં પ્રકારની સંપૂર્ણ રીતે સરકારના વિભાગ દ્વારા અને સરકારના નિયંત્રણ હેઠળ હોય, જેમાં કૃષિ યુનિવર્સિટી હોય, રક્ષા યુનિવર્સિટી હોય કે આયુર્વેદ યુનિવર્સિટી હોય, આ ત્રણ–ચાર યુનિવર્સિટીઓ ડાયરેકટ સરકારના નિયંત્રણ હેઠળ એની દેખરેખ થતી હોય છે. ત્યાર બાદ સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓ. આ સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓના પણ બે ભાગ છે. એક પ્રથમ કક્ષાની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

યુનિવર્સિટીઓમાં ગુજરાત યુનિવર્સિટી હોય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોય કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી હોય, આ યુનિવર્સિટીઓ દ્વારા એ ચેમ્બર, એ વિદ્યાર્થી શાખા, એ શિક્ષણ મંડળ વગેરે દ્વારા એના પ્રતિનિધિઓ ઉપર અને યુનિવર્સિટીઓ ઉપર સરકારનો પ્રભાવ ઘટે એ રીતની એના અંદર જોગવાઇ છે. ખાનગી યુનિવર્સિટીઓ ત્રીજા પ્રકારની અને સ્કીલ યુનિવર્સિટીઓ. સરકાર આજે જે સુધારા બિલ લઇને આવી છે. જેમાં ગુજરાત રાજયની ૧૪ યુનિવર્સિટીઓ કે જે યુનિવર્સિટીઓમાં કુલપતિઓની નિમણૂક જે રાજયપાલશ્રી દ્વારા થતી હતી એ નિમણૂંકો રાજય સરકાર દ્વારા થશે. રાજયપાલ એ આ રાજયના બંધારણીય વડા છે અને ફકત આ યુનિવર્સિટી પૂરતું જ એ પોતાના કુલપતિ હોય, ઉપકુલપતિ હોય, સેનેટ મેમ્બર હોય કે સિન્ડીકેટ મેમ્બર હોય એ એની નિમણૂંકો કરતા હોય છે. જયારે ગુજરાતની ૧૪ યુનિવર્સિટીઓમાં ગવર્નરશ્રીના જે અધિકાર હતા એ અધિકાર ઉપર તરાપ મારવાનું કામ આ ગુજરાત સરકાર આજની તારીખમાં આ •(xxxxxx) દ્વારા કરવા..

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આવેલ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી નામ આપવામાં આવેલ છે. એની અંદર કુલપતિની જ્યારે નિમણૂક કરવામાં આવી ત્યારે આપણા રાજ્યના મહામહિમ ગવર્નરશ્રીએ એક દલિત સમાજની, વાલ્મિકી સમાજની બહેનને કુલપતિ બનાવી તો આ કાયદો ખરાબ લાગવા માંડ્યો. ૧૯૪૯માં બનેલી યુનિવર્સિટી અમદાવાદ શહેરમાં આવેલ છે, જેનું નામ પણ ગુજરાત યુનિવર્સિટી છે અને ૬૨ વર્ષના ઈતિહાસમાં આ ગુજરાત યુનિવર્સિટીમાં કોઇ નોન ગુજરાતી કુલપતિ તરીકે બેસશે. આટલો સરકારશ્રીમાં અને ગવર્નર દ્વારા નિમણૂક આપવામાં આટલો ફેરફાર છે.

અધ્યક્ષશ્રી: કોની નિમણૂક કરવી એ ગવર્નરે જોવાનું છે. એ ગુજરાતી હોય કે બિન ગુજરાતી એ જોવાનું નથી, એ ભારતનો નાગરિક હોય એટલું બસ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ રાજ્યની અંદર આર્ટસ, કોમર્સ અને સાયન્સની ૫૫૭ કોલેજો છે, એજયુકેશન અને ટેકનીકલ અને આર્કિટેકટની ૨૯ કોલેજો , મેડિકલની કોલેજો છે, ટીચર્સની ૨૪૪ કોલેજો છે. એમ કરીને ૧૨૬૮ કોલેજો આવેલ છે. કોલેજોની નિગરાની હંમેશાં યુ.જી.સી. અને એના એક્ટ દ્વારા થતી હોય છે. યુ.જી.સી.ના એક્ટ મુજબ યુ.જી.સી.ના મળેલ આંકડા જોઇએ તો આ રાજ્યની અંદર ૧૪ યુનિવર્સિટી છે. એમાંથી ગુજરાતે ફક્ત બે યુનિવર્સિટીનું યુ.જી.સી.ના ધોરણો દાખલ કરેલ છે. આંધ્ર પ્રદેશમાં ૭૧ છે.

અધ્યક્ષશ્રી : આ બિલ સાથે રિલેવન્ટ નથી. યુ.જી.સી.ના કાયદાની વાત નથી. માનનીય રાજ્યપાલશ્રી કુલપતિની નિમણૂક કરે છે એના બદલે રાજ્ય સરકાર કરશે એટલો સુધારો કર્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ સુધારો લાવવાનું કારણ શું? ખાસ કરીને સિન્ડીકેટ અને સેનેટના મેમ્બરની પસંદગી રાજ્ય સરકાર કરે છે. એવા લોકોને પસંદ કરવામાં આવે છે કે, જે કોઇ રાજ્યનું નેતૃત્વ કરતું હોય કે યુવા નેતા તરીકે, વિદ્યાર્થી નેતા તરીકે મોકો મળતો હોય તો એ કોલેજ કાળથી જ રાજકીય રીતે ચૂંટણીની અંદર ઝંપલાવશે. એ સેનેટ મેમ્બર બને, સિન્ડીકેટ મેમ્બર બને. આ વર્ષોથી ચાલતી આવતી પ્રક્રિયા છે. આજે પરિસ્થિતિ એવી છે કે, આ યુનિવર્સિટીમાં સરકાર જેને નિયુક્ત કરશે એની જ નિમણૂક કરવામાં આવશે. આ રાજ્યની કોલેજોની અંદર છેલ્લા ૧૦ વર્ષમાં ૮૦૦ કરતાં પણ વધારે અધ્યાપકોની જગ્યાઓ ખાલી છે. એ ભરવાનો આ સરકાર પાસે સમય નથી.

અધ્યક્ષશ્રી : આ બિલમાં ન આવે, આ બિલ બહુ લિમિટેડ છે. કુલાધિપતિની નિમણૂક રાજ્ય સરકાર કરશે.

શ્રી શૈલેષ મ. પરમાર : જે યુનિવર્સિટીની અંદર કુલપતિની નિમણૂક રાજ્યપાલશ્રી કરતા હતા ત્યાં હવે રાજ્ય સરકાર કરશે અને એવી જ રીતે જે રાજ્યના ચાર લોકોની સિન્ડીકેટ મેમ્બર તરીકે રાજ્ય સરકાર

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

નિમણૂક કરતી હતી અને બે જગ્યાએ ગવર્નરશ્રી કરતા હતા એ હવે સરકારશ્રી કરશે. •(xxxxxx)આ બિલ દ્વારા એમને જે હક્ક મળેલા છે, બંધારણ દ્વારા જે હક્ક મળેલા છે એના ઉપર (xxxxxx) એવું બિલ આ સભાગૃહે પસાર કરવું જોઇએ નહીં.

અધ્યક્ષશ્રી : (xxxxxx) મેં પહેલાં જ કહ્યું છે, શ્રી બળવંતસિંહ વખત પણ મેં કહ્યું હતું. બંધારણ વિરુદ્ધનું આ બિલ હોય તો કહો. જે રાજય સરકારે ગવર્નરને પાવર્સ આપ્યા હતા, હવે ગર્વનરને બદલે રાજય સરકાર પોતાની પાસે પાવર રાખે છે એટલો જ ફેર છે એટલે કોઇનો હક છીનવી લેવાની વાત નથી, (xxxxxx) એટલે આ શબ્દો પણ આપણે રેકોર્ડ ઉપરથી દૂર કરીએ છીએ. (xxxxxx) કોઇ ઈરાદો હોઈ શકે નહીં અને એ હાઉસમાં ચલાવી પણ ના લેવાય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બાપુ જયારે પહેલા સરકાર પાસે હતા અને ત્યારબાદ ગવર્નરશ્રીને જયારે સોંપવામાં આવ્યા તો પાછા ગવર્નરશ્રી પાસેથી પાછા લેવાનું કેમ બાપુસાહેબ આ ઉત્પન્ન થયું? (અંતરાય) એ ચર્ચા જ છે.

અધ્યક્ષશ્રી : એ તમને બધાને નથી પૂછતા એ મંત્રી જવાબ આપશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આ જે દરખાસ્ત લઇને આવ્યા છે એમાં કોઇ ફેરફાર ના કરવા જોઇએ અને એઝ ઇટ ઇઝ રાખવું જોઇએ. અને આ રાજયની અંદર યુ.જી.સી.નો અમલ પણ વહેલી તકે થાય એવી હું આ સભાગૃહને વિનંતી કરુ છું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૩ અને બિલ નં. ૨૨ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરુ છું. આ બિલનો જે મુખ્ય હેતુ છે એ જે ૧૪ યુનિવર્સિટીઓ છે એ દરેક જગ્યાએ એક સરખી વ્યવસ્થા થઇ શકે એના માટેનો આ મુખ્ય હેતુ અને મુખ્ય જોગવાઇ છે એ જ પ્રમાણે વાઇસ ચાન્સેલરના રાજીનામા જે છે એ રાજીનામુ જયારે આપી દે અને તે વખતે જે કંઇ કરવાનું છે એના માટેની એક બાબત છે. ગુજરાતની અંદર જે મેઇન ૧૪ યુનિવર્સિટી છે એ અત્યાર સુધી કુલપતિની જે નિમણૂક થતી હતી એમાં રાજયપાલ ૩ નિષ્ણાત જે સભ્યો હતા એની સર્ચ કમિટી હતી અને સર્ચ કમિટીની અંદર દરેક વિષયના અલગ અલગ જે નિષ્ણાત વ્યકિતઓ હતા એ નિષ્ણાત વ્યકિતઓ દ્વારા કુલપતિશ્રીની જે નિમણૂક થતી હતી, પણ હવે રાજય સરકાર સીધા જ કુલપતિની નિમણૂક કરવા માટેનું જે વિચારે છે તે બરાબર નથી. આપણા દેશભરની અંદર વાઇસ ચાન્સેલરની જે નિમણૂક કરવાની હતી તે અંગે યુ.જી.સી. દ્વારા ૨૦૧૦ની અંદર આની એક નીતિ બનાવવામાં આવી હતી અને જેનો ૨૫ થી ૩૦ વર્ષનો બહોળો અનુભવ હોય અને એ અનુભવ પ્રમાણેના જે નિષ્ણાત હોય એમને મૂકીને અને કુલપતિને નિમવા માટેની આ વાત હતી. કલમ-૧૦(૬) કુલપતિ રજા ઉપર કે ગેરહાજર રહે તો કુલપતિના હોદ્દાની કાયમી ખાલી જગ્યા પડે તે હોદ્દા ઉપર નિમણૂક ન કરવામાં આવે ત્યાં સુધી ઉપકુલપતિએ કુલપતિની ગેરહાજરીમાં તેનો વહીવટ કરે એ રીતની હતી. તો આનાથી રાજયપાલ જે યોગ્ય લાયકાતવાળા ડીનને કુલપતિ કે ઉપકુલપતિ તરીકે નિમણૂક કરતા હતા તે સત્તા હવે સીધે સીધી સરકારના હાથમાં જશે. આના કારણે શિક્ષણનું જે સ્તર છે એ ખૂબ નીચું જતું રહેશે અને કર્મચારીની અંદર વિભાજન થશે અને દરેક જગ્યાએ પક્ષીય ધોરણે જે થાય એની જોગવાઇ જે થઇ છે એનો હું વિરોધ કરુ છું. એવી જ રીતે કલમ-૧૬ પ્રમાણે દરેક યુનિવર્સિટી..

અધ્યક્ષશ્રી : બધી જગ્યાએ એક સરખુ જ છે. કુલાધિપતિની સત્તા રાજય સરકારના હાથમાં આવે છે. બધી જગ્યાએ એવું જ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : કલમ-૧૬ પ્રમાણે જે ૧૨ સભ્યો નીમવાના હતા એમાં અલગ અલગ જે વિદ્યાશાખાના ૪ ડીન હતા, યુનિવર્સિટી વિભાગના ૩ પ્રોફેસર હતા, યુનિવર્સિટી વિભાગના પ્રોફેસરો સિવાયના ૩ યુનિવર્સિટીના અધ્યાપકો, આ જે બધા રાજયપાલ મૂકી શકતા હતા એની જગ્યાએ સરકાર પોતાના હસ્તકના પોતાના જ કાર્યકરો ૩૦ થી ૩૫ કાર્યકરો આમાં મૂકી અને આખું સરકારીકરણ જે કરવા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માગે છે એ ખરેખર નિંદનીય બાબત છે. ૩૦–૬–૨૦૧૦ના રોજ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ એક રેગ્યુલેશન બહાર પાડ્યું હતું અને એમાં યુનિવર્સિટીઓ અને કોલેજોમાં શિક્ષકો અને બીન શૈક્ષણિક ભરતી અંગે જે લઘુતમ લાયકાત કરવા માટેના જે નિયમો બનાવેલા હતા એ નિયમો યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ની કલમ ૨૬ ની પેટા કલમ–૧ જે કમિશનને મળેલ સત્તાની રૂએ યુ.જી.સી.ના સંચાલન...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કુલાધિપતિના પાવર્સમાં ન આવે.

**શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ :** આ પૈકીનો સુધારા ક્રમાંક–૭ હતો એમાં વાઇસ ચાન્સેલર અને પ્રો–વાઇસ ચાન્સેલરને ધ્યાનમાં લેવાના હતા.

**અધ્યક્ષશ્રી :** કુલાધિપતિને સંબંધી નથી. યુ.જી.સી.માં કોઇ સત્તા નથી.

**શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ :** વાઇસ ચાન્સેલરની નિમણૂક માટે ૩ કે ૫ મેમ્બરોની એક સર્ચ કમિટી બનાવવાની હતી અને આ કમિટીના સભ્યોની નિમણૂક જાહેરાતથી બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવતી હતી અને કમિટીના સભ્યો જે તે વિષયને અનુરૂપ લાયક સભ્યો હશે એ આ કમિટીના વાઇસ ચાન્સેલરની જગ્યાએ અનુકૂળ અને લાયક વ્યક્તિની નિમણૂક કરવા માટે ગુજરાત સરકારે આ બધી જગ્યાઓ પોતાની મરજી મુજબ રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા વ્યક્તિની વાઇસ ચાન્સેલર અને પ્રો–વાઇસ ચાન્સેલર, સેનેટના મેમ્બરો, સિન્ડીકેટના સભ્યોની નિમણૂક રાજ્ય સરકાર પોતાની મરજી મુજબ રાજકીય ધોરણે કરશે તે મુજબનું આ જે બિલ લાવ્યા છે એ યોગ્ય ન હોઇ તેનો હું સખ્ત રીતે વિરોધ કરું છું.

**શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધારા વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ અંગે ભારતના બંધારણની વાત કરવામાં આવી અને ગવર્નરશ્રીને સત્તાઓ છે એનો માનનીય વિપક્ષના સભ્યશ્રીઓએ ઉલ્લેખ કર્યો. આર્ટિકલ ૧૫૪ નીચે The executive power of State માં લખ્યું છે કે The executive power of state shall be vested in the Governor and shall be exercised by him either directly or through officers subordinate to him in accordance with this Constitution. પછી આર્ટિકલ ૧૫૪માં જોગવાઇ કરી છે, કલમ–૨ માં Nothing in this Article shall be deemed to transfer to the Governor any function conferred by any other existing law on any other authority or prevent parliament or the Legislature of the State from conferring by law function on any authority subordinate to the Governor. એટલે આ વિધેયકથી રાજ્ય સરકારને જે પાવર આપવામાં આવી રહ્યા છે એના કારણે આર્ટિકલ ૧૫૪નો ભંગ થતો નથી એ હું સ્પષ્ટ કરવા માગું છું. મારી વિપક્ષના મિત્રોને વિનંતી છે કે આપણે એક બાજુની વાત ન કરીએ. બીજી બાજુની પણ વાત કરીએ. આજે આર્ટિકલ ૧૬૩ની અંદર council of Ministers ના અધિકારો આપવામાં આવ્યા છે. ૧૬૩ છે એમાં લખ્યું છે કે Council of Ministers to aid and advice governor. There shall be council of Minister with the Chief Minister at the head to aid and advice the governor in the exercise of his function except in so far as he is by or under this Constitution required to exercise his functions or any of them in his discretion.

વિવેકાધીન પાવર ગવર્નરશ્રીને છે એમાં વાઇસ ચાન્સેલર અને પ્રો–વાઇસ ચાન્સેલરની નિમણૂક આવતી નથી. એટલે આમાં ગવર્નરશ્રીએ પોતે વહીવટી વડા તરીકે Council of Ministers જે સલાહ એમને આપે એ પ્રમાણે એમણે કાર્યવાહી કરવાની હોય છે. આ બિલના કારણે કોઇ બંધારણની જોગવાઇનો ભંગ થતો નથી એ વાત હું ફરીથી રિપીટ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી મે, ૧૯૬૦ નાં રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઇ એ પહેલા આપણે ગુજરાત યુનિવર્સિટીનો જે એક્ટ છે એ ૧૯૪૯માં બન્યો, સયાજીરાવ યુનિવર્સિટી એક્ટ ૧૯૪૯માં બન્યો અને સરદાર પટેલ યુનિવર્સિટી એક્ટ ૧૯૫૫ એટલે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ એ પહેલા ૩ યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં હતી. ૧૯૬૦ પછી ૪૨ વર્ષના શાસનની અંદર ૫ યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી એની સામે ૨૦૦૨ પછી ૧૨ વર્ષના શાસનમાં ગુજરાતમાં ૭ જેટલી નવી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી છે. કચ્છની અંદર યુનિવર્સિટી બનાવી, ખેતીવાડી માટેની યુનિવર્સિટી બનાવી, સોમનાથ સંસ્કૃત્ત યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટિચર્સ એજ્યુકેશન માટે યુનિવર્સિટી પણ આ ચાલુ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ બનાવેલ છે. ૪૨ વર્ષમાં ૫ અને ૧૨ વર્ષમાં ૭ યુનિવર્સિટીઓની સ્થાપના કરી. રાજ્યે પોતે ભવિષ્યમાં આપણા જે બાળકોનું ભવિષ્ય છે એને આંતરરાષ્ટ્રીય કક્ષાએ.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પટેલભાઇ, આ જે કાંઇ બિલ છે ને એના ઉપર જ વાત કરો. જે સત્તાની આપે વાત કરી કે કોન્સ્ટિટ્યૂશનની અગેઇન્સ્ટ નથી અને કુલાધિપતિને જે સત્તાઓ છે એ રાજ્ય સરકારે લીધી છે એવું યોગ્ય છે, એના ઉપર આપ આપની વાત કરો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની અંદર વડોદરા યુનિવર્સિટી (અંતરાય)

અધ્યક્ષશ્રી : કેટલી યુનિવર્સિટી થઇ એનો કોઇ સવાલ નથી. આમાં ૧૪ યુનિવર્સિટી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : જે સુધારો રજૂ કરવામાં આવ્યો છે. એમાં ચાન્સેલરના બદલે વાઇસ ચાન્સેલર અને પ્રોવાઇસ ચાન્સેલરની નિમણૂક બાબતમાં અથવા જ્યારે કોઇ પણ રજા ઉપર હોય ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે અથવા રાજીનામા મંજૂર કરવાની જે સત્તા છે એ હવે ચાન્સેલરના બદલે રાજ્ય સરકાર પોતે લેવા માગે છે મને લાગે છે કે એમાં કાયદાકીય રીતે કશું ખોટું નથી. બંધારણે કોઇપણ જગ્યાએ ગવર્નરશ્રીને નીમ્યાં હોય એવો કોઇ ઉલ્લેખ બંધારણની અંદર શિક્ષણના વડા તરીકે ઉલ્લેખ જોવા મળતો નથી. કાયદાથી રાજ્ય સરકારે પોતે ચાન્સેલરને વાઇસ ચાન્સેલર અને પ્રોવાઇસ ચાન્સેલર નીમવાની સત્તા આપી હતી. આ જે ૧૪ યુનિવર્સિટીઓ છે એની અંદર હવે રાજ્ય સરકાર ચાન્સેલરના બદલે વાઇસ ચાન્સેલર અને પ્રોવાઇસ ચાન્સેલરની નિમણૂક રાજ્ય સરકાર કરે એમાં કાંઇ ખોટું નથી. કારણ કે આ સરકાર છે એ લોકોના મતોથી ચૂંટાયેલી સરકાર છે. લોકો પાસે જઇને ચૂંટણીની અંદર બહુમતી મેળવેલી આ સરકાર છે. સરકાર બંધારણીય છે એનું પણ જેમ ગવર્નરનું અસ્તિત્વ બંધારણીય છે એમ રાજ્ય સરકારનું અસ્તિત્વ પણ બંધારણીય પ્રક્રિયાના ભાગરૂપે જ્યારે થયેલું હોય ત્યારે રાજ્ય સરકારના જે અધિકારો છે એ અધિકારો એ રાજ્ય સરકાર ભોગવે એમાં કોઇ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત મહત્વની એ છે કે, જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને કોર્ટે જેને આપણે સીન્ડીકેટના નામે ઓળખીએ છીએ. એની અંદર શિક્ષણશાસ્ત્રીઓ સિવાય મહિલાઓ, પછાતવર્ગ, અન્ય દલિત લોકો એ તમામ લોકોની નિમણૂક પણ રાજ્ય સરકાર કરી શકે એ જોગવાઇઓ યથાવત રાખવામાં આવી છે. ફક્ત એક જ છે રાજ્ય સરકાર આ પાવર્સ યુનિવર્સિટી ચાન્સેલરના બદલે પોતે લઇ રહી છે. મને લાગે છે કે આ બિલ જે છે એ ખૂબજ મહત્વનું બિલ છે. આજે રાજ્યની અંદર ૧,૬૨૬ જેટલી કોલેજો આવેલી છે, ૭ લાખ ૮૨ હજાર કોલેજના વિદ્યાર્થીઓ છે એનું ભાવિ આ બિલ સાથે સંકળાયેલું છે અને મને લાગે છે કે રાજ્ય સરકારે યોગ્ય પગલું લીધું છે. આજે આપણા દેશમાં શું થવા માંડ્યું છે કે •(xxxxxx)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી : એ હવે રહેવા દો. એને કોઇ આની સાથે નિસ્બત નથી. એ શબ્દો આપણે દૂર કરીએ છીએ. ગવર્નરશ્રીની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : સવાલ એ છે કે રાષ્ટ્રપતિ કરે છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ભલે કોના કહેવાથી કરે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : જે લોકો ભારત સરકારને એડવાઇઝ આપે છે એ પ્રમાણે નિમણૂક થતી હોય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખ્યાં છે. (xxxxxx) એ શબ્દો કાઢીએ છીએ. તમે બાકીનું બોલો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : ગવર્નરશ્રીની પોતે, એક બંધારણીય હોદ્દો છે. આપણા તમામ લોકોની ફરજ છે કે એની જે ગરિમા છે એ ગરિમા જળવાવી જોઇએ, પણ આપણા ધ્યાન ઉપર એવા પણ બનાવો આવતા હોય છે કે, •(xxxxxx)

અધ્યક્ષશ્રી : બસ. એક મિનિટ, ગવર્નર કે તમે આ બિલ ઉપર આવો રજનીકાન્તભાઇ. મને લાગે છે કે, આપનું કહેવાનું પૂરું થયું. જે કાંઇ બોલવું હોય એ હજુ લોકસભાની ચૂંટણી આવે એના માટે રિઝર્વ રાખો તમે. માનનીય શ્રી હીરાભાઇ. એ શબ્દો કાઢી નાખ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૩નું જે એમણે જે વર્ણન કર્યુંને એ વર્ણનને પણ આખી જુદી ટાઇપથી કર્યું છે. એમણે ૧૬૩નું વર્ણન કરીને જે બતાવ્યું, ૧૬૩માં તો સ્પષ્ટ જોગવાઇ છે કે, રાજ્ય સરકાર રાજ્યપાલને જયારે સલાહ જોઇતી હોય ત્યારે એમનું મંત્રીમંડળ અને મુખ્યમંત્રીશ્રી એમના સહયોગી રહેશે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ સલાહ માટેની વાત છે. એમાં પણ એની એપોઇન્ટમેન્ટ માટેની વાતને સત્તા નથી એમ. આ પદને હોદ્દાની એપોઇન્ટમેન્ટની છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ, ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધારા વિધેયક-૨૦૧૩-બિલ નંબર-૨૨ લઇને જે આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્ય સરકાર જયારે સ્વાયત્ત શિક્ષણને વધુ ને વધુ ઉત્તેજન આપતી જાય છે ત્યારે આ જે બિલ લઇને જે આવ્યા છે એમાં રાજ્ય સરકારનો આશય શિક્ષણને ચોક્કસ દિશામાં લઇ જવાનો હોય એ પ્રકારનો આ સુધારો છે. અત્યારે પ્રવર્તમાન સ્થિતિમાં જે વ્યવસ્થા છે એમાં કુલપતિ અને ત્યાર પછી વાઇસ ચાન્સેલર, અને પ્રો.વાઇસ ચાન્સેલર, સિન્ડીકેટ મેમ્બર અને સેનેટ મેમ્બર આ બધાની જે નિમણૂકો થાય છે એ નિમણૂકો તદન લોકશાહી પદ્ધતિએ થાય છે. એમાં રાજ્ય સરકારના પણ પ્રતિનિધિઓ હોય છે. આ હાઉસમાંથી પણ આપણે ભલામણો કરી અને પ્રતિનિધિઓ મોકલીએ છીએ. હમણાં પણ એની એક વાત અહીંયા આવી હતી અને એ અંગે આ હાઉસ નક્કી કરીને એ સેનેટ મેમ્બર તરીકે મોકલે. એજ પ્રમાણે જુદા જુદા શૈક્ષણિક વિભાગોમાંથી જે પ્રોફેસર મિત્રો છે એ લોકો પોતાના પ્રતિનિધિઓને સેનેટ મેમ્બર તરીકે મોકલે છે, વિદ્યાર્થીઓ પણ પોતાના પ્રતિનિધિઓને ચૂંટીને મોકલે છે અને આખું જે માળખું બને છે એ સમગ્ર સમાજનું પ્રતિબિંબ પાડતું હોય છે અને આખા ગુજરાતની જે અત્યારે જે વસ્તી છે અને જે તે સમયે જે વસ્તી હોય અને એ દરમ્યાન એનું પ્રતિબિંબ આ યુનિવર્સિટીઓમાં પડતું હોય છે. આ ચૌદે ચૌદ યુનિવર્સિટીઓ એ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત છે, ગ્રાન્ટેડ છે, યુ.જી.સી.ના નિયમો પ્રમાણે છે. ગુજરાત રાજ્ય સરકારે પણ યુ.જી.સી.ના નિયમોને સ્વીકારેલા છે. યુ.જી.સી.ના નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ છે કે, કયા માણસોની નિમણૂક શિક્ષકો તરીકે કરવી, કર્મચારીઓ તરીકે નોન-ટિચિંગ સ્ટાફ, શિક્ષણ સિવાય બિનશૈક્ષણિક સ્ટાફની જે નિમણૂકો છે તેના માટેના પણ ધારાધોરણો હોય છે.

અધ્યક્ષશ્રી : તમે મૂળ બિલ ઉપર આવી જાવ. જે સત્તા હતી, કુલાધિપતિની સત્તા રાજ્ય સરકાર લે છે, આટલું જ બિલમાં છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી હીરાભાઇ હ. પટેલ : ત્યારે હતી જ સત્તા, કુલાધિપતિને બીજી કોઇ વિશેષ સત્તા તો હતી નહીં સાહેબ. કુલાધિપતિને સત્તા એ હતી કે, એક સર્ચ કમિટી નીમે, સર્ચ કમિટીના સભ્યો એ ત્રણ નામો સૂચવે અને એ ત્રણ નામો પૈકી કોને વાઇસ ચાન્સેલર બનાવવા એ નક્કી થતું હતું અને આ જે માળખું છે એ માળખું ગુજરાતના તંદુરસ્ત શિક્ષણની વ્યવસ્થા માટે અત્યંત સારું અને સુંદર હતું, એમાં કોઇ બેમત છે નહીં અને એના કારણે આજે ગુજરાત યુનિવર્સિટીમાં ડો. ઉમાશંકર જોષી, ડો. પી.સી. વૈદ્ય અને ડો. દેસાઇ આવા અનેક તજજ્ઞો માણસોએ યુનિવર્સિટીનું સંચાલન કર્યું અને એ જ પ્રમાણે ભૂતકાળમાં આ દરેક યુનિવર્સિટીઓની અંદર આવા ગુજરાતના વિદ્વાન અને લોકપ્રિય માણસોએ આ યુનિવર્સિટીઓનું સંચાલન કર્યું. મૂળ વાત એ છે કે ગુજરાતના શિક્ષણવિદો અને શિક્ષણના જે હિતેચ્છુઓ છે એમના સૂચનોનો સ્વીકાર થતો હતો એની જગ્યાએ માત્ર ને માત્ર સરકારની ઇચ્છા પ્રમાણેની નિમણૂક થશે. સરકાર જેને ઇચ્છે તેને નિમણૂક આપશે. જેને ઇચ્છે એને સિન્ડીકેટ મેમ્બર બનાવશે અને ઇચ્છે એ પ્રકારની શિક્ષણની વ્યવસ્થા કરવા માટેનું આ માળખું છે. સરકારનો છુપો એજન્ડા છે એટલા માટે હું એનો વિરોધ કરું છું.

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી ( શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપર આદરણીય બલવંતસિંહજી, છબિલભાઇ, શૈલેષભાઇ વગેરે બોલ્યા. આ ગૃહની અંદર પ્રથમ વખત જયારે આ બિલ લાવવામાં આવ્યું. રાજય સરકાર પાસેથી રાજયપાલને સત્તા આપવા માટેનું બિલ લાવવામાં આવ્યું. મને ખબર નથી કે કેટલાક લોકો આમાં હશે કે નહીં હોય પરંતુ ત્યારે એમણે જે અવલોકનો કર્યા હતા એ અવલોકનોને ધ્યાને લઇને આ બિલની અંદર ઉમેરો કરવામાં આવ્યો છે. રાજય સરકારે સત્તા રાજયપાલને આપી અને પાછી લઇ લીધી આ પ્રશ્ન બલવંતસિંહજીએ ઉઠાવ્યો. ગવર્નરને શિક્ષણમાં મળેલ અધિકારો અને સત્તા એ બંધારણીય નથી એટલે બંધારણની જે વાત કરીએ છીએ, મને લાગે છે કે આ વિષય આપણે જરા સમજી લેવો જોઇએ. રાજયની વિધાનસભાએ રાજયપાલને સત્તા આપી હતી અને રાજય સરકાર તેમાં ફેરફાર કરવા માટે સક્ષમ છે એટલે આ સુધારા વિધેયક દ્વારા આ વાત અહીંયા મૂકવામાં આવી છે.

ભારત સરકારે Inter-state Relations Commission કુંચી કમિશન બેસાડયું હતું. ભારત સરકારે બેસાડેલું આ કમિશન હતું અને એનો અહેવાલ પણ એ આવ્યો છે કે શિક્ષણ ક્ષેત્રમાંથી રાજયપાલનો રોલ દૂર કરવો જોઇએ. આ ભારત સરકારે નિમેલું કમિશન હતું. ગૌતમભાઇએ પણ જે વિષય ઉઠાવ્યો, ગુજરાત હાઇકોર્ટનો ૨૦૧૨નો તાજેતરનો જે ચુકાદો આવ્યો છે એમાં યુ.જી.સી.ના નિયમો delegated legislation એમાં છે. જયારે વિધાનસભાએ પસાર કરેલો કાયદો એ કાયદો છે. યુ.જી.સી.ના નિયમો ઉપર આ કાયદો એ સર્વોપરી કાયદો ગણાય છે અને રાજયપાલની સત્તા લઇ લેવાની વાત છે એવું નથી. આ રાજયમાં કે તમામ રાજયોની અંદર મહામહિમ રાજયપાલ એ સૌના માટે આદરણીય અને સન્માનનીય હોય છે પરંતુ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર અને પ્રોવાઇસ ચાન્સેલરની ગેરહાજરીના સમયગાળામાં યુનિવર્સિટીના હેડ તરીકે ચાન્સેલરશ્રીએ તાત્કાલીક વ્યવસ્થા ઉભી કરવી પડે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ અનિવાર્યતા ઉપસ્થિત થાય ત્યારે યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે મહામહિમ નામદાર રાજયપાલ હોવાથી એમના શિરે યુનિવર્સિટીનો રોજબરોજનો વહીવટ અને શૈક્ષણિક કામોનું ભારણ વધતું હોય છે અને એટલા માટે આ નિયમની અંદર આપણે ફેરફાર કરીએ છીએ.

ગુજરાતનો વિકાસ નંબર-૧ અને ગુજરાત દેશ અને દુનિયાના નકશામાં આવ્યું છે. અમે માનીએ છીએ અને સમગ્ર દેશ માને છે કે આ રાજયનો વિકાસ, એ વિકાસના પાયામાં શિક્ષણ રહેલું છે અને શૈક્ષણિક વિકાસ સમગ્ર દેશ અને દુનિયાનું શિક્ષણ એ ગુજરાત રાજયની અંદર સૌને મળે અને એના માટેના પ્રયત્નો રાજય સરકાર જયારે કરી રહી છે, માનનીય મુખ્યમંત્રીશ્રીનું પણ આ લક્ષ્ય રહ્યું છે ત્યારે રાજયના ઉચ્ચ શિક્ષણને વેગવંતુ બનાવવા માટે તથા રાજયના ઉત્કૃષ્ટ શિક્ષણવિદોમાંથી યોગ્ય અને સક્ષમ શિક્ષણવિદ દ્વારા ચાન્સેલરના વડપણ હેઠળ જ તમામ યુનિવર્સિટીઓ પ્રગતિ કરે, આંતર રાજય તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટીઓની સમકક્ષ રાજયની સરકારી યુનિવર્સિટીઓમાં નિયંત્રણમુકત વાતાવરણ ઉભું થાય તે માટે સૂચિત કાયદામાં ચાન્સેલરશ્રી તરીકે યુનિવર્સિટીના મુખ્ય વડા તરીકે તેમને

યથોચિત ભૂમિકા સુચારુ રીતે કરી શકે અને યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી પ્રકારના પ્રશ્નોમાંથી પૂરતો અવકાશ મળે તેમજ યુનિવર્સિટીના નિર્ણયમાં જયારે જરૂર જણાય ત્યારે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, સત્તા મંડળો, ચાન્સેલરશ્રીનો પરામર્શ કરે ત્યારે તેઓનો સમાજિક, આર્થિક અને સમુચિત વિકાસને પ્રેરકરૂપ જ્ઞાન મહામહિમ રાજયપાલનું મળે. એ માટે ઉમદા હેતુસર આ સૂચિત વિધેયક રજૂ કરવામાં આવ્યું છે.

મને દુઃખ થતું હતું કે વિપક્ષના સભ્યો વિધેયકની ચર્ચા કરે, એમાં પોલિટિકલ એનાલીસીસ થાય. આ પોલિટિકલ અવલોકનનો પ્રશ્ન નથી. જ્ઞાતિવાદ, બિન ગુજરાતી આવી માનસિકતાને ધ્યાનમાં રાખીને આ બિલમાં કોઇ સુધારા કરવામાં આવ્યા નથી. મરજી મુજબની રાજનીતિ એટલે શું? ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. વિચારધારા આધારિત આ રાજ્યનો વહીવટ થઇ રહ્યો છે. અને આ રાજ્યના વહીવટના પાયામાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, શિક્ષણ અને સંસ્કાર સૌને મળે તે દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ, ત્યારે આ મરજી મુજબની રાજનીતિ નથી. મરજી મુજબની રાજનીતિ હતી, જ્યારે યુનિવર્સિટીઓના વહીવટની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે. મને કહેતા આનંદ થાય છે કે પ્રથમ યુનિવર્સિટીઓ જ્યારે બની.

અધ્યક્ષશ્રી : પોલિટિકલ નથી એમ કહે છે. વાત કરી હતી ને તે સંદર્ભમાં.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : ગુજરાત યુનિવર્સિટીની વાત કરીએ છીએ. ગુજરાત યુનિવર્સિટીમાં સારા શિક્ષણ વિદોની વાત થઇ.

અધ્યક્ષશ્રી : હવે બિલ ઉપર આવો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : ગુજરાત યુનિવર્સિટીની વાત થઇ. સારા શિક્ષણવિદોની વાત થઇ. એ જ યુનિવર્સિટીનો કાયદો છે. એ કાયદાની જ અમલવારી આપણે કરીએ એ પ્રકારના સુધારા સાથેનું આ વિધેયક છે. હું સૌ સભ્યોને વિનંતી કરું છું કે આ વિધેયકને જે રીતે અમે રાખ્યું છે, એ જ રીતે મૂલવે અને સૌ સામૂહિક રીતે પાસ કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૩નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૩નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૩નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૪

ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક, ૨૦૧૩

**ગુજરાત રાજ્યમાં જાહેર હોદ્દેદારો વિરુદ્ધના આક્ષેપોની તપાસ અને અન્વેષણ કરવા લોકાયુક્ત આયોગની સંસ્થાની સ્થાપના કરવા અને ખોટા અને ક્ષુલ્લક આક્ષેપો સામે જાહેર હોદ્દેદારોની પ્રતિષ્ઠા અને ગૌરવનું રક્ષણ કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત

* વિધેયક તા.૨૧મી માર્ચ, ૨૦૧૩ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩

સરકારી વિધેયકો

આયોગ વિધેયક, ૨૦૧૩ આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક, ૨૦૧૩ નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

બિલનો વિષય સબજયુડીસ હોવા અંગે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં નિયમ–૪૭(૨) અને નિયમ–૩૪ મુજબ હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને કહું છું કે કોઇપણ વસ્તુ, કોઇપણ બિલ જયારે કોર્ટમાં ચાલતું હોય ત્યારે તેની વિધાનસભામાં કાયદો કે ચર્ચા થઇ શકે નહીં. તે બાબતે આપણા કૉલ અને શકધરના પુસ્તકના પાના નં.૧૦૬૬ પ્રમાણે તેમાં કહેલ છે. એટલે મારે ખાસ કહેવું છે કે જે બિલ અત્યારે કોર્ટની અંદર પેન્ડીંગ છે તો ગુજરાત સરકારે લોકાયુકત બાબતમાં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ બોલો તમે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આજે સુપ્રીમ કોર્ટમાં દાખલ થઇ ગયું છે એટલે આ બિલની ચર્ચા અહીં આગળ ન થઇ શકે.

શ્રી અમિત શાહ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટમાં લોકાયુકતની નિમણૂક બાબતનો કેસ ચાલે છે. જે લોકાયુકતની નિમણૂક બાબતનો કેસ ચાલે છે તેને આ બિલમાં તે નિમણૂકને બાકાત રાખવામાં આવેલ છે. એટલે સુપ્રીમ કોર્ટમાં જે મુદ્દો વિવાદીત છે અથવા તો ચર્ચામાં છે, નિર્ણાયાધીન છે તે મુદ્દાને બાકાત રાખી બાકીનો કાયદો રીપીલ કરી અને આ બિલ લાવવામાં આવેલ છે એટલે પોઇન્ટ ઓફ ઓર્ડરનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂક આ કાયદાની છેલ્લી કલમની અંદર સ્પેશ્યલ જોગવાઇ કરી ચાલુ રાખવામાં આવી છે. એ તો સુપ્રીમ કોર્ટનો જે તે નિર્ણય આવશે તે રાજય સરકારને બંધનકર્તા રહેશે. અત્યારે સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાને આપણે ડીસ્ટર્બ કરતા નથી. જસ્ટીસ મહેતાની નિમણૂકને આપણે ચાલુ જ રાખીએ છીએ. આ બિલની અંદર... એક મિનિટ ભાઇ. તમે બોલજો પછી. તેની આ બિલની અંદર જોગવાઇ કરેલી છે. એટલે એ નિમણૂક અને જે વિવાદીત પ્રશ્ન સુપ્રીમ કોર્ટ પાસે છે તેને આ બિલ અસર કરતું નથી. એટલે આ બિલ લાવવાનો કોઇ બાધ નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ બિલકુલ અસર કરે છે. આખું બિલ અમે વાંચ્યું છે. તેની જેટલી કલમો છે તેના આધાર ઉપર આ સ્પષ્ટ થાય છે. આજે બિલની જે વસ્તુ છે તે એટલા માટે મેં પાન નં.૧૦૬૬ કહ્યું તેના આધારથી સ્પષ્ટ દેખાય છે કે આ બિલની અસર તેને થાય છે. એટલે આ બિલ અહીં આગળ આવી જ ન શકે. સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકાર ગયેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહભાઇએ જે મુદ્દો ઉઠાવ્યો છે કે સુપ્રીમ કોર્ટમાં આ પેન્ડીંગ છે. સુપ્રીમ કોર્ટમાં આખા બિલને ચેલેન્જ કર્યુ હોય એવું નથી. પાર્ટ પેરો તેની પાસે છે. નહીંતર તો કાલ સવારે એવું થશે કે કોઇપણ બિલ હાઉસમાં મૂકે અને એક વ્યક્તિ કોર્ટમાં જઇ તેના માટે વિવાદ ઉભો કરે તો શું તેના કારણે આપણે બંધ રાખવું? આ બિલ છે તે ટોટલી નવું જ બિલ છે. તેના કારણે જુનાને અસર થાય કે ન થાય તે ડીસીસન લેવાનું કામ સુપ્રીમ કોર્ટનું છે. અહીંથી આ બિલ ગયા પછી તે માનનીય રાજયપાલશ્રી પાસે જવાનું છે. રાજયપાલશ્રીએ બંધારણીય રીતે તેના માટેનું જે સૂચન આપવાનું છે તેટલા માટે થઇને આ આખું બિલ રજુ થતું હોવાથી તેનો પાર્ટ પેરો કોર્ટમાં ગયો હોય તો અહીં વિધાનસભામાં કાર્યવાહી રોકી શકાય નહીં. એટલા માટે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં સરકારી વહીવટ, સરકારી કામગીરી પ્રજાલક્ષી ચાલે, પારદર્શક રીતે ચાલે, સરકારને મળવાપાત્ર અધિકારો પ્રજાને મળે અને પ્રજા તેનો લાભ લઇ શકે તે પ્રમાણેની વ્યવસ્થા....

અધ્યક્ષશ્રી : સાંભળો તમે, નહીંતર પછી એવું થશે કે અહીંથી બોલશે ત્યારે આ લોકો બોલશે. એ બોલે ત્યારે એ આપણને ગમે કે ન ગમે તે સાંભળવું પડે. દરેક વ્યક્તિ બોલે છે તે બધાને ગમે છે તેવું નથી હોતું. થોડીક સહનશક્તિ રાખો. તમારો વારો આવે ત્યારે તમે બોલજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગુજરાતમાં ૧૯૮૬થી લોકાયુકતનો કાયદો અમલમાં છે. આ નવું બિલ શા માટે લાવવું પડ્યું, આ કાયદામાં શા માટે સુધારા કરવા પડયા? એની વિગતો હું માનનીય સભ્યશ્રીઓને આપું અને આમાં મુખ્ય જે ફેરફારો કરી રહ્યા છીએ એની વિગતો આપું તો આપના ધ્યાન ઉપર આવશે કે આપણે જે નવો કાયદો પસાર કરવાના છીએ એ કાયદો સમગ્રતઃ નાગરિકોને પારદર્શક વહીવટથી સરકારી યોજનાઓ, સરકારી કામગીરી, પોતાના અધિકાર સમયસર મળે અને એનો લાભ નાગરિકો મેળવી શકે એ માટેની વ્યવસ્થા આ કાયદામાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશની અંદર સૌથી વધારે જે ચર્ચાસ્પદ જે મુદ્દાઓ હોય એમાં મોંઘવારીનો મુદ્દો હોય, ભ્રષ્ટાચારનો મુદ્દો હોય, બેરોજગારીનો મુદ્દો હોય, આતંકવાદનો મુદ્દો હોય, દેશ વિરોધી તત્વોની પ્રવૃત્તિઓનો મુદ્દો હોય, એવા જે મુખ્ય મુખ્ય  રાષ્ટ્રીય ચર્ચાના વિષયો છે એમાં દેશની અંદરથી સરકારી કામકાજમાંથી જાહેરજીવનના કામકાજમાંથી ભ્રષ્ટાચાર નાબૂદીનું કામ એ પણ પ્રજા સૌથી વધુ પ્રાયોરિટીમાં જયારે ઇચ્છી રહી હોય ત્યારે સ્વાભાવિક રીતે ભારત સરકાર અને અન્ય રાજય સરકારો પણ પોત પોતાના કાર્યક્ષેત્રમાં પોતાના અધિકાર ક્ષેત્રમાં  આ અંગેના કાયદાઓ બનાવે એ માટે દેશની અંદર પણ એક પ્રજાકીય માહોલ આજે ઉભો થયેલો છે. ભારત સરકારની અંદર પણ કેન્દ્રમાં પણ લોકપાલ બિલ લાવવા માટેની કાર્યવાહી જુદી જુદી રીતે જુદા જુદા તબકકે સંસદમાં, રાજયસભામાં અને સંસદની સ્ટેન્ડીંગ કમિટીમાં અનેક રીતે અત્યારે આજે ચાલી રહી છે એટલે આ વિષય જયારે આટલો બધો અગત્યનો હોય, ગઇ કાલે જ આપણી વિધાનસભાએ આપ સૌના સહકારથી જે આપણે સર્વાનુમતે કાયદો પસાર કર્યો, નાગરિકોને પોતાની સેવાઓ સમયસર મળે એ માટે, એવી જ રીતનો  આ પ્રજાકીય કાયદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જોવા જઇએ તો માનનીય મોરારજીભાઇ દેસાઇના અધ્યક્ષપદે, આ જૂની વાત એટલા માટે યાદ કરાવવા માગું છું કે, અત્યારે જે એનજીઓ મારફતે કોઇ વ્યવસ્થાઓ,  આંદોલન થતાં હોય તો નવી પેઢીને એમ લાગે કે આ બધુ નવું નવું અત્યારે ઉભું થયું છે, પણ માનનીય મોરારજીભાઇ દેસાઇના અધ્યક્ષપણામાં ભારત સરકારે આજથી વર્ષો પહેલાં વહીવટી સુધારણા કમિશનની સ્થાપના કરી હતી. મોરારજીભાઇ દેસાઇ જે  સૌથી વધુ સ્વચ્છ પ્રતિભા ધરાવતા આપણા  એ ગુજરાતી નેતા અને વડાપ્રધાનપદે પહોંચેલા તે આપણા સૌના ગૌરવવંતા નેતા,  એમણે જે ભલામણ એમની કમિટીમાં કરેલી એ એમની વહીવટી સુધારણા કમિશનની જે ભલામણ હતી એમાં લોકપાલ અને લોકાયુકત નિમણૂક કરવા એની રચના કરવી એવી ભલામણ પણ ભારત સરકારને મોરારજીભાઇ દેસાઇના અધ્યક્ષપણાવાળા વહીવટી સુધારણા કમિશને કરી હતી. એના માટે જે કાયદેસરની કાર્યવાહી પણ કરવી પડે, જે કાયદા બનાવવા પડે, જે નોર્મ્સ બનાવવા પડે એ કરવા માટે છેક ૧૯૭૭માં, હું ભૂતકાળમાં એટલા માટે લઇ જઉં છું કે કોઇને એમ ન લાગે કે આ બે પાંચ વર્ષમાં ઉભો થયેલો મુદ્દો છે. દેશની અંદર ભ્રષ્ટાચાર નાબૂદી માટેની વ્યવસ્થા કરવાનું આયોજન સ્વ. મોરારજીભાઇ દેસાઇ જયારે કમિશનના ચેરમેન હતા ત્યારે એમણે સૂચન કરેલું અને ૧૯૭૭માં લોકસભામાં કેન્દ્ર સરકારે આ અંગે જે લેવા ધારેલાં પગલાં એનો રિપોર્ટ કેન્દ્ર સરકારમાં ૧૯૭૭માં જયારે રજૂ થયો ત્યાર પછી આજે એને ૩૬ વર્ષ જેટલો લાંબો સમય થઇ ગયો કેન્દ્રની સરકારોએ ૩૬ વર્ષ દરમિયાન લોકપાલ અંગે કે લોકાયુકત અંગેના એ વખતે કોઇ કાયદા બનાવ્યા ન હતા. આટલો બધો લાંબો સમય ગાળો ગયો એના માટે જવાબદાર કોણ છે? એ મારે નથી કહેવું, આખા દેશની જનતા એ સમજી શકે છે. એટલે સાહેબ, આ કોઇ નવો પ્રશ્ન નથી. એમ મારું કહેવું છે, આ કોઇ બે પાંચ વર્ષમાં ઉભો થયેલો પ્રશ્ન નથી. ૩૬ વર્ષથી શ્રી મોરારજીભાઇ દેસાઇએ ભલામણ કરેલો કાયદો કેન્દ્રની સરકારો બનાવી શકી નથી અને આજે પણ

કેન્દ્ર સરકાર આવો કાયદો બનાવવા હજુ સક્ષમ બની શકી નથી ત્યારે આપણે ગુજરાતમાં ૧૯૮૬માં આ કાયદો બનેલો. હવે આમાં શા માટે સુધારા લાવવા પડે છે એ સભ્યશ્રીઓને જણાવવાની મારી ફરજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ-ચાર જે મુખ્ય કારણો છે એમાં એક કારણ એ છે કે, અગાઉ જે લોકાયુક્તની સંસ્થાની આપણે કાયદેસર રચના કરી હતી એમાં એક વ્યક્તિનું, એક લોકાયુક્તનું કમિશન હતું અને એ લોકાયુક્તશ્રી કાર્યવાહી કરતા હતા. ભારત સરકારના ૧૩મા નાણા પંચે જે ગ્રાન્ટો રાજય સરકારોને આપે છે એમાં એક શરત એવી ઉમેરી આખા દેશ માટે એકલા ગુજરાત માટે નથી કે ૧૩મા નાણા પંચે પોતાનો રિપોર્ટ જે ડિસેમ્બર ૨૦૦૯માં ભારત સરકારને રજૂ કર્યો એમાં નાણાં પંચે પોતાના રિપોર્ટના ફકરા નંબર ૬-૪-૫માં રાજય સરકારો માટે ફરજિયાત જોગવાઇ કરેલ છે કે, આ જોગવાઇ શા માટે કરી એ પણ હું આપને કહીશ કે નાણાં પંચ એ સરકારને ગ્રાન્ટ આપતું હતું પણ તે વખતથી પછી સુધારો જે કર્યો કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો આ સંસ્થાઓને પણ ૧૩મા નાણા પંચની ભલામણ પ્રમાણે ભારત સરકારની અને રાજય સરકારની ગ્રાન્ટો ફળવાય છે અને એ ગ્રાન્ટો ફાળવવાની જ્યારે શરૂઆત થઇ તો એ રકમ સારી રીતે-વાજબી રીતે વપરાય એ સંસ્થાઓનો વહીવટ, કામગીરી પારદર્શક રીતે ચાલે એ માટે ભારત સરકારના ૧૩મા નાણા પંચે ફરજિયાત જોગવાઈઓ દરેક રાજય સરકારને કરવી પડે એવું જે સૂચન કર્યું અને એમાં આ બાબત આવી જાય છે કે, અત્યાર સુધી આપણા લોકાયુક્તમાં ૧૯૮૬નો જે આપણો ગુજરાતનો કાયદો છે એમાં ફકત રાજય સરકારની કામગીરીની જ તપાસ આ લોકાયુક્ત કરી શકતા હતા એની સાથે સાથે એમાં એવી પણ જોગવાઇ હતી કે એ જુના લોકાયુક્ત કાયદામાં કે જે અત્યારે ૧૯૮૬નો કાયદો પ્રવર્તમાન છે એમાં ફકત જાહેર જીવનના હોદ્દેદારો એટલે કે ચૂંટાયેલી પાંખના ગમે તે પક્ષના હોદ્દેદાર હોય રાજયમાં એમના ઉપર તપાસ કરવાનો એ લોકાયુક્તનો અધિકાર હતો. હવે આપણે જે આ કાયદામાં ફેરફાર કરવા જઇ રહ્યા છીએ એ ૧૩મા નાણા પંચની ભલામણ પ્રમાણે પહેલાના કાયદામાં ફકત રાજય સરકારની કામગીરી તપાસવાનો જ લોકાયુક્તને અધિકાર હતો એના બદલે હવે નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને સાથે સાથે સરપંચો તમામને આ કાયદા હેઠળ ભારત સરકારના ૧૩મા નાણા પંચના સૂચન પ્રમાણે ફરજિયાત સુધારો કરવો પડે એ પ્રમાણે આવરી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩મા નાણા પંચે એક શરત પણ રાખી હતી કે જે રાજય સરકાર આનો અમલ નહીં કરે તો ૧૩મા નાણા પંચની કામગીરીની બાબતમાં જે રાજયોને પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવે છે ભારત સરકાર તરફથી સારી કામગીરી કરવા બદલ એવી રકમો જો રાજય આ કાયદો લોકાયુક્તનો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નહીં કરો તો તમને આ ગ્રાન્ટ નહીં મળે. ગુજરાતની આપણી સરકારને, આપણા રાજયને ઓછામાં ઓછી દર વરસે ૩૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આ કાયદો નહીં કરવાના કારણે ભારત સરકારે અટકાવી રાખી હતી અને એટલા માટે વર્ષ ૨૦૧૧ની અંદર આપણી સરકારે અમારી મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારે વિધાનસભામાં કાયદો પસાર કર્યો. આપણે કાયદો એવો પસાર કર્યો કે, નગરપલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને સરપંચોને પણ હવે આની હેઠળ આવરી લેવામાં આવશે. પરંતુ એ કાયદો રાજય સરકારે વિધાનસભામાં મંજૂર કર્યા પછી નામદાર રાજયપાલશ્રીને જ્યારે મંજૂરી માટે મોકલ્યો ત્યારે માનનીય રાજયપાલશ્રીએ વિધાનસભાને અને રાજય સરકારને એક પત્ર પાઠવ્યો અને એ પત્રમાં પણ મુખ્ય મુખ્ય એના કન્ટેન્ટ છે, મુદ્દાઓ છે માનનીય રાજયપાલશ્રીએ જે આપણને સંદેશો મોકલ્યો વિધાનસભાને, એ હું વાંચું, માનનીય ગવર્નરશ્રીનો સંદેશો હું વાંચું છું.-

"મેં ગુજરાત લોકાયુક્ત (સુધારા) વિધેયક ૨૦૧૧નું, ૨૯મું ગુજરાત વિધેયક અંગે વિચારણા કરી છે. આ સૂચિત વિધેયક ૧૩મા નાણાપંચની ભલામણોથી પસાર કરવામાં આવ્યું છે અને તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જેવા કે મહાનગરોના મેયર, ડે. મેયર, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, ગ્રામપંચાયતોના સરપંચો અને ઉપસરપંચો, તાલુકા પંચાયતના પ્રમુખો અને ઉપપ્રમુખો, જિલ્લા પંચાયતના પ્રમુખો અને ઉપપ્રમુખો, બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન એકટ, ૧૯૪૯ અથવા

ગુજરાત મ્યુનિસિપલ એક્ટ, ૧૯૬૩ અથવા ગુજરાત પંચાયત એક્ટ ૧૯૯૩ હેઠળ રચાયેલી જુદી જુદી સમિતિઓના અધ્યક્ષો, એટલે પ્રમુખ, ઉપપ્રમુખ, મેયર, ડે. મેયર એ બધુ તો આવી જાય છે પણ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતની જે જુદી જુદી કમિટીઓ હોય, બાંધકામ સમિતિ હોય, વોટર વર્કસ સમિતિ હોય, એ જે સમિતિ હોય એના ચેરમેનોને પણ આ કાયદા હેઠળ આવરી લેવાની વાત છે. જુદી જુદી સમિતિના અધ્યક્ષો, બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન એકટના અને ગુજરાત મ્યુનિસિપલ એક્ટના સભ્યો હોય એવા કાઉન્સિલર અને ગુજરાત પંચાયત એક્ટ ૧૯૯૩ અન્વયે રચવામાં આવેલી જુદી જુદી સમિતિઓના ચૂંટાયેલા સભ્યોને ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ની હાલની જોગવાઇઓના ક્ષેત્રાધિકાર હેઠળ લાવવાની નેમ છે.

બીજા ફકરામાં માનનીય રાજ્યપાલશ્રીએ આપણને એમ કહ્યું છે કે – ગુજરાતમાં લોકાયુક્તનું પદ જે ખાલી છે તે ઉપરાંત હાલમાં ગુજરાતમાં મોટી સંખ્યામાં સ્થાનિક સંસ્થાઓ દા.ત. ૧૪,૦૦૦ ગ્રામ પંચાયતો, ૨૨૫ તાલુકા પંચાયતો, ૨૬ જિલ્લા પંચાયતો, ૧૫૯ નગરપાલિકાઓ, ૮ મહાનગરપાલિકાઓ છે, આ ગવર્નર સાહેબે લખ્યું છે, પ્રથમ દ્દષ્ટિએ જોતાં મને એવું લાગે છે કે– કે રાજ્યમાં આટલી મોટી સંખ્યા ધરાવતા બિન સરકારી પદાધિકારીઓ દ્વારા આચરવામાં આવેલી કે આચરવામાં આવેલી હોવાની સંભાવના હોય તેવી અનિયમિતતાઓ અંગેની ફરિયાદો એક લોકાયુક્ત– આ ગવર્નર સાહેબના શબ્દો છે, એક લોકાયુક્ત, પછી તે ગમે તેટલા સક્ષમ અને કાર્યક્ષમ હોય તે તપાસી શકશે નહિ. આ ઉપરાંત તેઓએ મોટી સંખ્યા ધરાવતા સરકારી પદાધિકારીઓ સામે થયેલા આક્ષેપો પણ તપાસવાના છે, સંદર્ભ હેઠળના વિધેયકમાં એ સ્પષ્ટ જણાવવામાં આવ્યું નથી કે, જરૂર પડે તો વધુ સંખ્યામાં લોકાયુક્તોની નિમણૂક કરી શકાશે. મારા મતે સૂચિત વિધેયકની આ એક ગંભીર મર્યાદા છે. ઉપરોક્ત બાબતને લક્ષમાં લેતાં મને લાગે છે કે, ગૃહમાં મારા આ તર્ક વિશે વધુ વિચારણા કરવામાં આવે તે વધુ ઉચિત અને ન્યાયસંગત રહેશે. જેથી રાજ્યમાં આપણે જે સંસ્થાગત માળખું ઉભું કરવા માગીએ છીએ તેના કાર્યબોજ સાથે ન્યાય કરી શકીએ. સમગ્ર પરિસ્થિતિની કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ મારું મંતવ્ય છે કે આ સૂચિત વિધેયક ઉપર જણાવેલી બાબતે પુનઃ વિચારણા કરવી જરૂરી છે. તદઅનુસાર હું આથી ગુજરાત લોકાયુક્ત (સુધારા) વિધેયક, ૨૦૧૧ પાછું મોકલતા ભલામણ કરું છું કે – "ઉપર દર્શાવેલ વાંધા અંગે યોગ્ય વિચારણા કરવામાં આવે અને ઉચિત સુધારા કરવામાં આવે." એટલે ભારત સરકારના તેરમા નાણાં પંચની પણ ફરજિયાત જોગવાઇ છે કે લોકાયુક્ત એક કરતાં વધુ હોવા જોઇએ અને માનનીય ગવર્નર સાહેબે પણ લોકાયુક્તનો જેટલો મોટો વ્યાપ આપણે વધાર્યો, આટલી બધી નગરપાલિકાઓ, ચેરમેનો, તાલુકા–જિલ્લા પંચાયતની કમિટીઓ, આ બધાના કારણે એક લોકાયુક્ત આ કામગીરીને પહોંચી શકે નહિ. માટે લોકાયુક્ત સંસ્થાના બદલે લોકાયુક્ત આયોગ બનાવવું અને એક કરતાં વધુ બેચ બનાવવી જેથી જુદી જુદી સંસ્થાઓના લોકપ્રતિનિધિઓ સામે એ આક્ષેપને એ તપાસી શકે. બીજું જુની જોગવાઇમાં હજી પણ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકું અમે જ્યારે સુધારો કર્યો ત્યારે પણ રાજ્ય સરકારના જે કર્મચારીઓ છે, રાજ્ય સરકારના બોર્ડ નિગમ, કોર્પોરેશનના કર્મચારીઓ અને રાજ્યના બોર્ડ નિગમની ગુજરાત બહાર પણ જે કચેરીઓ આવેલી હોય એના પણ કર્મચારીઓ, અધિકારીઓને ભૂતકાળમાં, આ જુનો કાયદો જે અત્યારે ચાલુ છે એમાં તપાસવાની, એમની સામે આક્ષેપો કરવાની કે સરકારી કર્મચારીઓ કોઇ ગેરરીતિ કરે તો એમની સામે કોઇ પગલાં લેવાની જુના કાયદામાં જોગવાઇ નહોતી. જૂના કાયદામાં ફકત ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગેરરીતિ કરે તો જ તેમની સામે આક્ષેપ થાય તો તપાસવાનું હતુ કર્મચારીઓ–અધિકારીઓ સામે નહોતું. આ વખતે અમે રાજય સરકારમાં વધુ વ્યાપ વધારવા માટે નગરપાલિકા, બોર્ડ નિગમ, કોર્પોરેશન બધુ લઇ લીધુ. સાથે સાથે રાજય સરકારના તમામ કર્મચારીઓને આ લોકાયુકત આયોગના અન્ડરમાં લીધા છે એટલે ચૂંટાયેલા પ્રતિનિધિ ખોટું કરે કે સરકારી કર્મચારી ખોટું કરે દરેકની સામે હવે આ નવા કાયદા પ્રમાણે જોગવાઇ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારે જે બન્ને બાબતો ધ્યાન ઉપર મૂકી કે આ કેમ સુધારા કરવા પડયા. એક તો લોકાયુકત કરતા વધારે લોકાયુકત બેચ આપણે બનાવીએ છીએ, વધારે સભ્યોનું બનાવીએ છીએ માટે સુધારો કરવો પડે. બીજુ, નગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજયની બધી સંસ્થાઓને આવરી લઇએ

છીએ માટે સુધારો કરવો પડે. અને રાજય સરકારના તમામ સંવર્ગના કર્મચારીઓની સામે પણ હવે તપાસ અને કાર્યવાહી થઇ શકશે એ નવી જોગવાઇ આખે આખી ઉમેરી છે એ પણ આપણે આમાં લીધુ છે અને તેના માટે પણ સુધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક માનનીય મહાનુભાવો એમ કહે છે કે, આ સૂચિત કાયદો જે કરવામાં આવ્યો છે તેમાં એ સિલેકશન કમિટી વગેરે બનાવવામાં આવી છે તેમાં મુખ્યમંત્રીનો પોતાનો અધિકાર રાખવામાં આવ્યો છે. આ વાત બિલકુલ હકીકતથી વિપરીત છે. ભારત સરકારે પણ પાર્લામેન્ટની અંદર લોકપાલ માટેની જે કમિટી બનાવી છે તેની અંદર પણ જે વ્યવસ્થા કરી છે એમાં જેમ આપણે ત્યાં મુખ્યમંત્રીશ્રી સિલેકશન કમિટીના અધ્યક્ષ છે તેમ ભારત સરકારની સૂચિત લોકપાલ સમિતિના અધ્યક્ષ તરીકે પણ માનનીય વડાપ્રધાનશ્રી તેના ચેરમેન છે. વિરોધ પક્ષના નેતા આપણે અહીંયા સભ્ય તરીકે રાખ્યા છે ભારત સરકારમાં પણ વિરોધ પક્ષના નેતા એ કમિટીના સભ્ય છે. નામદાર સુપ્રીમ કોર્ટ જે જજ મૂકે તે જજશ્રી ભારત સરકારના લોકપાલ સિલેકશન કમિટીના સભ્ય છે. આપણે ત્યાં પણ પાંચ જજો સાથે પરામર્શ કરી હાઇકોર્ટના ચીફ જજ જે જજની અહીંયા નિયુકિત કરે તેઓશ્રી પણ આમાં સભ્ય છે. ભારત સરકારમાં વિજિલન્સ કમિશ્નર સભ્ય છે તો આપણે ત્યાં પણ વિજિલન્સ કમિશ્નરને આપણે સભ્ય રાખ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે લગભગ લોકપાલ બિલ જે ભારત સરકારે સૂચિત કર્યુ છે પાર્લામેન્ટમાં જેના ઉપર ગહન ચર્ચા–વિચારણા આખા દેશની અંદર ચાલી રહી છે એ જ પ્રમાણેનું ડિટો ટુ ડિટો આપણાં તંત્રે અહીંયા રાખ્યુ છે. એક ખાસ વાત મારે કરવી છે કે, જે લોકો એમ કહે છે કે તમે તમારા અમુક હોદ્દેદારો માટે તમે આમાંથી બાકાત રાખવાનું આયોજન કર્યુ છે. ભારત સરકારના સૂચિત લોકપાલ બિલમાં વડાપ્રધાનની સામે આક્ષેપ થાય તો તપાસ કરવાનુ નથી રાખ્યું અહીંયા અમારા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ પોતાને જ સામેલ કરી અને તેમની સામે આક્ષેપ થાય તો પણ તેની તપાસ કરવાનું...અંતરાય...

અધ્યક્ષશ્રી : એક મિનિટ. શાંતિ રાખો. આ બિલમાં જે છે તે કહે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી પોતે પણ આ બિલના દાયરામાં (અંતરાય) વડાપ્રધાનને નહીં લાવવા એવી વાત છે. દિલ્હીની અંદર પણ જે સૂચિત બિલ છે તેમાં ત્યાંના મુખ્યમંત્રીને નથી રાખ્યા જયારે અમારા મુખ્યમંત્રીએ સામેથી એમ કહ્યું કે મુખ્યમંત્રીને પણ આની અંદર તમે આમેજ કરો આ પ્રમાણેની આપણે જોગવાઇ રાખી છે. બીજુ, સભ્યશ્રીઓને મારે ખાસ કહેવું છે કે, કોઇ પણ પક્ષની સરકાર હોય ખોટાં આક્ષેપો થાય, કોઇને બદનામ કરવાની પ્રવૃત્તિ થાય, કોઇને રાજકીય રીતે નુકસાન કરવાની પ્રવૃત્તિ થાય, કોઇનું ચારિત્ર્ય હનન કરવાની પ્રવૃત્તિ થાય. જૂના કાયદામાં પણ જોગવાઇ હતી જૂના કાયદાનું ટાઇટલ પણ આ જ પ્રમાણે હતુ. આપણે બધા જ જાહેર જીવનમાં છીએ સાચા ખોટાં આક્ષેપો કોઇ ફાલતુ વ્યકિત કરી દે, કોઇના ઉપર છાંટા ઉડાડે, કોઇ માણસનું જાહેર જીવન ખરાબ થાય પછી પાંચ વર્ષે કોર્ટ કહે કે આ નિર્દોષ છે. પણ પાંચ વર્ષ દરમિયાન તે વ્યકિતને નુકસાન થઇ ચૂકયુ હોય. ત્યારે જૂના કાયદામાં પણ જે જોગવાઇ હતી તેમાં કોઇ પણ વ્યક્તિ સામે, જાહેર હોદ્દેદાર હોય કે સરકારી કર્મચારી–અધિકારી હોય, કોઇ વિઘ્નસંતોષી, કોઇ ઇર્ષાળુ, કોઇ બદઇરાદાથી ખોટો આક્ષેપ કરશે અને લોકાયુકતશ્રીને એમ લાગશે કે આ આક્ષેપ ખોટો છે. આ વ્યક્તિને બદનામ કરવા માટેનો આક્ષેપ છે. તો જૂના કાયદામાં ૧૯૮૬માં કોંગ્રેસ પક્ષની સરકારે મંજૂર કરેલો કાયદો છે. એ જ કાયદા પ્રમાણે ડીટો ટુ ડીટો અમે વ્યવસ્થા રાખી છે કે જાહેર જીવનની કોઇ પણ વ્યક્તિને કોઇ ખોટી રીતે છાંટા ઉડાડી શકે નહીં અને તેની પ્રતિષ્ઠાનું હનન કરે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત કહી મારી વાત પૂરી કરું. એમ પણ કહેવામાં આવે છે કે આ કાયદાને ગુપ્ત રાખવા માટે, કાર્યવાહીને ગુપ્ત રાખવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૯૮૬ના ગુજરાતમાં કોંગ્રેસ સરકાર વખતે બનેલા કાયદાની પણ આ જ જોગવાઇ હતી કે લોકાયુકત કચેરી સમક્ષ જે રેકર્ડ, જે પુરાવા, જે સાહિત્ય રજૂ કરવામાં આવશે એ ખાનગી સાહિત્ય રહેશે, એને જાહેર કરી શકાશે નહીં. એને જાહેર કરનાર સામે કાયદેસરની કાર્યવાહી દંડ અને જેલની સજાની જોગવાઇ હતી, અમે કોઇ નવી જોગવાઇ કરી નથી. જૂના ૧૯૮૬માં કોંગ્રેસ પક્ષના બનાવેલા કાયદાની આ વ્યવસ્થા અમે ચાલુ રાખી છે. નવા કાયદામાં

૨૮ કલમો છે. આ ૨૮ કલમોમાં હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન માટે કહું કે જૂના કાયદાની ૧૪ કલમો જે ૧૯૮૬ની કોંગ્રેસની કલમો હતી એ અમે ચાલુ રાખી છે. નવા કાયદામાં ૯ કલમ ઉમેરી છે. એ શેના માટે ઉમેરી એ પણ કહી દઉં કે નગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જે આવી તેના માટે કલમ ઉમેરી. સરકારી કર્મચારીઓ સામે આક્ષેપ થાય તો તેની તપાસ કરવાની સત્તા લોકાયુકતશ્રીની આયોગને મળે છે. એ કલમો વગેરે ઉમેરી. એટલે ૯ કલમો નવી ઉમેરાઇ છે. ૧૪ કલમો જૂના કાયદાની હતી તે એમની એમ રાખી છે અને ૭ કલમો જૂના કાયદા કરતા નવા કાયદામાં સ્થાનિક જરૂરિયાત અને બદલાયેલા સંજોગોના કારણે અમે જુદી પાડી છે ત્યારે પ્રજાને પારદર્શક વહીવટ આપવો એ આ સરકારની, ભારતીય જનતા પક્ષની, અમારા મુખ્યમંત્રીશ્રીની નેમ છે. આપણાં સૌની નેમ છે. સાથે સાથે આપણે સૌ રાજકારણમાં છીએ, જાહેર જીવનમાં છીએ. ગમે તે પક્ષના હોઇએ, એના ઉપર કોઇ ખોટા આક્ષેપો પણ ન કરે. કોઇ બદનામ પણ ન થાય એ માટેની જોગવાઇઓ પણ આ કાયદામાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ખાસ એક વ્યવસ્થા કરી છે કે કોઇને કંઇ કહેવાનું ન રહે. જૂના લોકાયુકતશ્રીની નિમણૂક આ કાયદાથી કોઇ પણ જાતની અસર થતી નથી. એમની નિમણૂક, એમની નિમણૂકની શરતો જે રીતે થયેલી છે એ જ પ્રમાણે રહેશે. એટલે કોઇ એમ માને કે જૂના લોકાયુકતશ્રીને બદલવા માટે આ કાયદો કરવામાં આવ્યો છે તો તેનો છેદ ઉડી જાય છે. અમે એમને ચાલુ રાખ્યા છે. આટલી સ્પષ્ટતા સાથે આ કાયદાનું બિલ હું રજૂ કરૂં છું. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ સૌ આને સર્વાનુમતે મંજૂર કરો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, લોકપાલ બિલ હજી તો દેશની સંસદમાં ચર્ચામાં છે. માનનીય મંત્રીશ્રીએ એનો ઉલ્લેખ ન કર્યો હોત તો સારું હતું. લોકપાલ અને લોકાયુક્ત રાજયો માટે એની વિધિમાં લગભગ ૧૯૬૦થી આ પ્રોસેસ ચાલુ છે અને જે વાત હમણાં કરી તેમાં થોડા વખત પહેલાં જે બિલ હતા તેમાં સરકારે સુધારા સૂચવેલા, જૂના બિલમાં, જૂના એકટમાં, બધામાં રાજય સરકાર, રાજય સરકાર, રાજય સરકાર. સ્વાભાવિક છે કયાંકને કયાંક કોઇક તકલીફ હોય તો સરકાર કોમ્પ્લેકસથી પીડાય છે અને એટલા માટે કયાંય વિરોધ નહીં હોવો જોઇએ તેના ભાગ રૂપે આ બિલમાં આખું ને આખું ૧૯૮૬ બિલ એ બંધ કરીને એ બિલ નહીં જોઇએ હવે, અને આ નવું બિલ મૂક્યું છે. જો સરકાર થોડીક પણ પ્રામાણિક હોય, ભ્રષ્ટાચારથી ભાગતી ન હોય તો આ બિલમાં સુધારા મૂકવાની જરૂર હતી, સુધારા મૂકવાની જગ્યા હતી, તમે સુધારા મૂક્યા નથી, તમારે સુધારા જોઇતા નથી. તમારે તો સી.એ.જી.એ છેલ્લા દસ વર્ષમાં રૂ.૪૨,૦૦૦/- કરોડના જે આક્ષેપો કર્યા છે એમાંથી છટકવાની માનસિક વૃત્તિ આમાં કામ કરી રહી છે. ૧૯૮૬માં એક્ટ બન્યો. ધારાસભાને કાયદો બનાવવાનો અધિકાર છે અને એના માટે તો આ ધારાસભા છે. ધારાસભા બહુમતીએ કાયદો પસાર કરી શકે છે. મેજોરીટીએ બિલને કાયદો બનાવી શકે છે. કાયમ બહુમતી સાચી હોય છે એવું હું નથી માનતો. હું નથી માનતો એવું નહીં, ટ્રેઝરી બેન્ચ પણ નથી માનતી. જો બહુમતી સાચી હોય તો લોકાયુક્તનો ૧૯૮૬માં જે કાયદો બન્યો એ બહુમતીએ પસાર કરેલ હતો. આ કાયદો તમે બહુમતીએ પસાર કરી શકો છો. એ વખતે બી.જે.પી.એ લગભગ ૨૫ જેટલા સુધારા રજૂ કરેલા અને હું માનું છું ત્યાં સુધી કાયદો નં.૩૧, ૧૯૮૬ એ સાતમી વિધાનસભા હતી, એના ચોથા સત્રમાં તા.૨-૯-૧૯૮૬ના રોજ આ રજૂ કર્યો હતો અને બી.જે.પી.એ એ વખતે ઢીલો કાયદો કહેલો. એમનો જૂનો ભૂતકાળ જુઓ. એ જોઇ લે. એનો પણ અભ્યાસ કર્યો હોત કે એ વખતે એમના ભાષણો ક્યા હતા. એમણે ૧૯૮૬ના કાયદાને ઢીલો કાયદો છે એવું કહેલું. તો કઇ ઢીલાશ છે? જેથી એ ઢીલાશને બાજુ ઉપર મૂકીને કડક કાયદો લાવવાની માનસિકતા, કઇ કડકાઇ આમાં આવે છે એ હું સમજી શકતો નથી.

આ કાયદો હમણાં કહ્યું એમ જસ્ટીસ મહેતાને રોકવા માટે નથી. જો પ્રમાણિક સરકાર હોય તો તમે કયુરેટીવ વીથડ્રો કરી લો. મહેતા માટે નોટિફિકેશન બહાર પાડીને મહેતાને બોલાવો કે ચાર્જ લઇ લો. ખાલી અફવા ઉડેલી કે જસ્ટીસ મહેતા એ લોકાયુક્તનો ચાર્જ લેવા જઇ રહ્યા છે. લોકાયુક્તના કાર્યાલયને સરકારી તંત્રએ તાળા મારી દીધા. જસ્ટીસ મહેતાએ ચાર્જ લીધો હોત તો કયું આસમાન તૂટી પડવાનું હતું. તમે ખાતા નથી અને ખાવા દેતા નથી તો આ ભય શાનો હતો? કોણે તાળા માર્યા? એની આજ દિન સુધી કોઇને ખબર

નથી કે આ લોક કોણે માર્યું. એટલા માટે સરકારની જે ભીરું માનસિકતા ભ્રષ્ટાચારથી ભાગવા માટેની એ આમાંથી દેખાઇ આવે છે. જસ્ટીસ મહેતા ચાર્જ ન લઇ લે માટે લોકાયુક્તના કાર્યાલયને તાળા મારવામાં આવ્યા. એની પણ ઇન્કવાયરી હું અહીંથી માગું છું. સરકાર પ્રમાણિક હોય તો એનો રિપોર્ટ જાહેર કરે અને અત્યાર સુધીમાં લોકાયુક્તની છેલ્લા ૨૦૦૩થી ખાલી જગ્યા છે. હું લોકાયુકત કચેરીમાં દવે સાહેબ અને જસ્ટીસ સોની સાહેબ પાસે ગયેલો, આક્ષેપ હોય તો જવું પડે. મારી જે કોઇ રજૂઆત હતી એ કરેલી. એનાથી ભાગવું જોઇએ નહીં. પરંતું કાયદામાં આપણે લોકપાલનો ઉલ્લેખ કર્યો. હું માનું છું ત્યાં સુધી સરકાર પારદર્શક હોવી જોઇએ. પી.એમ.એ લોકસભામાં ઉભા થઇને માનનીય સુષ્મા સ્વરાજને કહેલું કે, તમને ઠીક લાગે તેવા ત્રણ સભ્યોને મારી પ્રોપર્ટીમાં મારા માટે જે કાંઇ કરવું હોય એના માટે હું તમને ઓથોરાઇઝ કરું છું. વિપક્ષના નેતા તરીકે અને બી.જે.પી.ના સુરેશ મહેતા વિપક્ષમાં હતા ત્યારે મારી સરકાર વખતે કેટલાક પાવર પ્લાન્ટ માટે એલીગેશન થયેલા. સુરેશ મહેતાએ અપેક્ષા રાખેલી કે, હું ત્યાં જઇને પેલા બધા જ પેપર્સ તપાસુ. હું રેકર્ડ ઉપર કહું છું કે, સુરેશ મહેતાને જેટલા પેપર્સ જોઇએ એ બધા પેપર્સ આપેલા અને કહેલું કે જ્યાં કરપ્શન દેખાય એ મને દેખાડો. પરંતુ એમને કાંઇ મળેલું નહીં. એટલે ૨૦૦૩થી જે ખાલી આવતું આ પદ એમાં સરકારે સુધારા કરીને કર્યું હોત તો પૂરો સહકાર તેમને મળત. એમાંનું અત્યાર સુધી જોવા મળતું નથી.

આ પ્રોસેસ આજની નથી. લોકપાલ, લોકાયુક્ત હું માનું છું ત્યાં સુધી ૧૭૧૨માં સ્વીડીશ ગવર્નમેન્ટ, સ્વીડન ગવર્નમેન્ટ ચાર્લ્સ બારમો એનો રાજા હતો. એ વખતે એરીસ્ટોટલની ડેફીનેશન પ્રમાણે Ombudsman – એક પ્રકારના વોચડોગ એવું તંત્રના ઉપર કંટ્રોલ કરવાવાળું કોઇ સાધન શસ્ત્ર હોવું જોઇએ. વર્ષો પહેલા ૧૭૧૨ સ્વીડન, ચાલ્સ ૧૨મો મારા ખ્યાલથી ત્યાં રાજા હતો એ વખતે આ સંસ્કૃતિ, ગ્રીસ, ઈજિપ્ત, હિન્દુસ્તાન એના સંસ્કારમાં છે આ બધું કે સત્તા હોય પણ સત્તાના ઉપર કોઇ કંટ્રોલ કરવાવાળું હોવું જોઇએ. રાજાના ઉપર જૂની રાજાશાહીમાં પણ ધર્મદંડ હતો. યાદ કરો મિત્રો, છત્રપતિ શિવાજીનો જયારે રાજ્યાભિષેક કર્યો ત્યારે સ્વામી રામદાસે એમને ગાદી પાછળ ફરીને એક દંડ હોય કહેવા માત્રનો, રાજાની પીઠ પાછળ એને, ધર્મ દંડો અસ્મી, ધર્મ દંડો અસ્મી, ધર્મ દંડો અસ્મી. ત્રણ વખત કહે, કે હે રાજા તું સત્તાના નશામાં ચૂર થાય, તો તારા ઉપર ધર્મ નામનો દંડ, ધર્મ ઇઝ નોટ રીલીજીયન, એ ધર્મ હિન્દુ, મુસલમાન, ક્રિશ્ચીયન એવો ધર્મ નહીં કે ડયુટી, જે એ ધર્મ નામનો દંડ આ તારા ઉપર છે માટે તું ઘ્યાન રાખજે, આ આપણું કલ્ચર હતું, એ કંન્ટ્રી જે સ્વીડન વગેરે હતા એમાં એરીસ્ટોટલને બધાએ એમાં Ombudsman જે આ લોકપાલનો મેઇન પાયો કહી શકાય, વર્ષો પહેલા જે એવું માનતા કે આ વહીવટીતંત્ર યા ન્યાયિક પ્રક્રિયા યા સંસદીય પ્રણાલિકા એના ઉપર કંઇક હોવું જોઇએ. એ વખતે ન્યાયતંત્રને પણ એ લોકોએ લીધેલું અને સુપ્રીમ ચાન્સેલર આવો શબ્દપ્રયોગ કરેલો કે ન્યાયતંત્ર પણ, આજે ન્યાયતંત્ર આમાં નથી, એમાં ન્યાયતંત્ર પણ હતું, આવો કડક Ombudsman Act એ વખતે વર્ષો પહેલા એ ત્યાં હતો. આપણા ત્યાં પણ લગભગ ૧૯૬૦થી લગભગ ચાલ્યા કરે છે.

૧૯૮૬નો કાયદો હું માનુ છું ત્યાં સુધી અમરસિંહ ચૌધરી સી.એમ. હતા એ વખતે એ લાવ્યા હતા. બી.જે.પી. વિપક્ષમાં હતા. આ જે માનસિકતા, એકટ નીચે રાજયપાલને અધિકાર આપ્યા, ગુજરાત વિધાનસભાનો એકટ ૧૯૮૬, આ નવા કાયદામાં એમણે જે નવો કાયદો આજે ૨૦૧૩નો છે એમાં રાજયપાલની વ્યાખ્યા કરી છે. Who they are to define Governor ? ગુજરાત સરકાર કોણ છે કે રાજયપાલ કેવા હોવા જોઇએ, કોણ હોવા જોઇએ અને એમણે શું કરવાનું અને શું નહીં કરવાનું એની ડેફીનેશન ભારત સરકારે કરેલી છે. તો રાષ્ટ્રપતિ ઓફ ઇન્ડિયા છે એમણે રાજયપાલની ડેફીનેશન આપેલી છે. સરકારની માનસિકતા આ રાજયપાલે જે કંઇ કર્યુ એ પસંદ નથી માટે એમને નાના ચીતરવાની માનસિકતા આમાંથી છતી થાય છે આ કે રાજયપાલ એટલે શું? એની વ્યાખ્યા એમણે કરવાની નથી. એમના purview માં પણ નહીં આવવું જોઇએ. અને એટલે એ રાજયપાલ, વિરોધ પક્ષના નેતા અને હાઇકોર્ટના ચીફ જસ્ટીસ, આ ત્રણ મિત્રો એમાં સરકારે પોતે સમજીને પોતાની બાદબાકી કરેલી. સરકારે કીધેલું કે કંઇ વાંધો નહીં અમે નહીં હોઇએ. તો વિપક્ષના નેતા, હાઇકોર્ટ ચીફ જસ્ટીસ અને રાજયપાલ જે પરામર્શ કરીને કરે એ પ્રમાણે લોકાયુકત હોવા જોઇએ. એના આધારે જે પ્રોસેસ થયો, આટલા વર્ષોમાં એ

થોડી હું આપને બ્રીફ કરીશ. કારણ કે આ ફેક્ટ છે આખી બધી એ આજની નથી. આપણને એમાં શંકા આવે, શંકાથી પર સીઝરની પત્ની હોવી જોઇએ. એમ સરકાર, સત્તાએ દરેક શંકાના દાયરામાંથી પર હોવી જોઇએ. પણ આમાં શંકાની બૂ આવે, કે જાણી જોઇને અહીં લોકાયુકત ન મુકાય તો સારું. અને એ લોકાયુકત ન મૂકાય એટલું નહીં, ડેમોક્રેટીક પ્રક્રિયામાં દેશની સંસદને નીચી પાડવા માટેની કોશિશ કરવી, દેશના પ્રાઇમ મિનિસ્ટરની મજાક કરવી, ગવર્નરની મશ્કરી કરવી, અને હું માનુ છું ત્યાં સુધી ડેમોક્રેટીક પ્રક્રિયામાં જે રીતે ગુજરાતમાં છેલ્લા વર્ષોથી ચાલે છે એમાં ડેપ્યુટી સ્પીકરની પ્રણાલિકા પ્રમાણે જે જગ્યા ભરાવી જોઇએ વિપક્ષમાંથી એ પણ બાકી છે. સી.એ.જી.નો રિપોર્ટ મહિના પહેલા મૂકાયો હોત તો શું ફેર પડેત? વિપક્ષ હિસાબ ન માગે માટે સી.એ.જી.ના રિપોર્ટમાં ભાગવાની માનસિકતા છેલ્લા દિવસે આજે મૂકાશે સી.એ.જી.નો રિપોર્ટ. ખોટું શું વહેલા મૂક્યો હોત તો? એટલે જે હકીકત સરકાર ડેમોક્રેટીક પ્રક્રિયાથી ભાગે છે અને જસ્ટીસ મહેતા માટેના એમણે કારણો જે આપ્યા છે, એ વ્યક્તિ પસંદ નથી. તો જસ્ટિસ મહેતા કોઇ વિપક્ષના કે ગવર્નર કે...(અંતરાય)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વ્યક્તિ સામે સરકારની નાપસંદગી હોવાના ઉલ્લેખ અંગે**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી)** : માનનીય વિપક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે જસ્ટિસ મહેતા સરકારને પસંદ નથી. આ વાત પાયા વગરની અને બેબુનિયાદ છે. આવી કોઇ વાત હોઇ શકે નહીં અને છે નહીં. માનનીય વિપક્ષના નેતાશ્રીના આવા શબ્દો બરાબર ન હોઇ રદ કરવા જોઇએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન જેવું છે. બીજું કાંઇ નથી.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ આક્ષેપ કર્યો કે આ સરકારને જસ્ટિસ મહેતા પસંદ નથી એટલે એમના આક્ષેપો બિલકુલ ખોટા છે. એમણે આક્ષેપ કર્યો છે, રેકર્ડ જુઓ, હાલ જ મગાવીને જુઓ.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** દસ વખત આક્ષેપ કરું છું. I am on record. દસ વખત કહું છું કે મહેતા પસંદ નથી એમને.

**અધ્યક્ષશ્રી :** રેકર્ડ કે શેના ઉપર હશે એ વાત જુદી હશે. પણ અહીં વિધાનસભાના રેકર્ડ ઉપર આવી કોઇ વાત નથી.

**શ્રી અમિત શાહ :** માનનીય વિપક્ષના નેતાશ્રીએ ડોક્યુમેન્ટની વાત કરી કે જે નિમણૂકની ચર્ચા કરે છે એ નિમણૂક સુપ્રીમ કોર્ટમાં વિવાદમાં છે. કેસમાં નિર્ણય થવાનો બાકી છે એટલે એ જે ડોક્યુમેન્ટનો ઉલ્લેખ કરવા માગે છે અથવા તો કરે છે એ ડોક્યુમેન્ટ અને એ નિમણૂક બન્ને અત્યારે સુપ્રીમ કોર્ટમાં કાયદાની પ્રક્રિયામાં પેન્ડીંગ છે, એટલા માટે એનો ઉલ્લેખ ન થઇ શકે. જ્યાં સુધી તમારા બધાનો પ્રશ્ન છે તો બિલ નિમણૂકને કોઇ અસરકરતા નથી. માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી છે કે જસ્ટિસ આર.એ. મહેતાની નિમણૂકને આ બિલ ક્યાંય ટચ કરતું નથી.

**અધ્યક્ષશ્રી :** માનનીય નીતિનભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એ બાબતે રેકર્ડ ઉપર શબ્દો જોઇ લઇશ અને આનુષંગિક જે કાંઇ હશે એનો નિર્ણય પછી આપીશ.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહેતા સાહેબનો થોડો ભૂતકાળ, બહુ લાંબો ભૂતકાળ નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એક વાત છે. બિલ ઉપર આવે. એમાં કોઇ વ્યક્તિની એપોઇન્ટમેન્ટ પ્રોપર છે કે નહીં, નામ લીધા વગર વાત કરો.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** ડ્યુ કોર્સમાં વિગતોમાં જસ્ટિસ મહેતા સરકારને કેમ પસંદ નથી, એ એન.જી.ઓ. સાથે સંકળાયેલા છે.

**અધ્યક્ષશ્રી :** એમાં આ બિલને કોઇ નિસ્બત નથી.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** આ પ્રોસેસ આજની નથી. ૨૦૦૩થી આ પોસ્ટ ખાલી છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય શંકરસિંહ, જસ્ટિસ મહેતાની કે કોઇની કાંઇ વાત નથી. આ બિલ અંગે તમામ સભ્યો માટે થઇને કહું છું કે કોઇ વ્યક્તિગત નામ લઇને આમાં ઉદાહરણ આપવાની જરૂર નથી. આ કાયદાના જે મુદ્દાઓ છે એના ઉપર તમે જનરલ વાત કરી શકો. નામ લીધા વગર વાત કરવાની હું ના પાડતો નથી. (અંતરાય) એણે સ્પષ્ટતા કરી અને કોઇની રીતે પોઝિટિવલી વાત કરી છે કે એના માટે એપોઇન્ટમેન્ટ માટે કોઇ વાંધો નથી એવું કહ્યું છે. વ્યક્તિગત નામ લીધા સિવાય બોલો.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ છે એ ગવર્નમેન્ટ ટુ ગવર્નમેન્ટ, ગવર્નમેન્ટ ટુ હાઇકોર્ટ, ગવર્નમેન્ટ ટુ ગવર્નર, ગવર્નર ટુ ગવર્નમેન્ટ, એમાંથી ફેક્ટસમાં એમણે The appointment and functions the State of Gujarat are governed by the provision of the Act. Three Lokayukta Justice D.H.Shukla, 26th July 1988 to 1993, Justice J.C.Bhatt 1993 to 1998, Justice S.M.Soni 1998 to 2003. The last Lokaukta was Justice S.M. Soni (Retired) who relinquished the office of the Lokayukta on 24-11-2003 on this last working day. The office of the Lokayukta had been lying vacant since November, 2003. In that regard, જે પ્રોસેસ સરકારે કર્યો છે એ પ્રોસેસમાં હું આપનું થોડું ધ્યાન દોરું છું. The process of appointment of Lokayukta was initiated by the Chief Minister. બહુ સારું કહેવાય. On 7th August, 2006, he wrote to the Chief Justice as under :-

Justice Mr.S.M.Soni retired who relinquished the office of Hon'ble Lokayukta on 24-11-2003 Afternoon. The question of finding a successor of Shri Soni as Lokayukta of Gujarat State is engaging attention of the Government. I propose to send name of Hon'ble Justice (Retired) Mr.Kshitij R.Vyas. આ જસ્ટિસ મહેતા તો સાહેબ ચોથા ક્રમના છે. કોઇ વિરોધ પક્ષે રોક્યું નથી કઇ માનસિકતાએ આ બધા પ્રોસેસ કયા કારણથી લોકાયુક્તની નિયુક્તિ ના થઇ? એમાં આ સરકારના ફેવરનું કારણ છે તો પણ હું કહું છું કે જસ્ટિસ ક્ષિતિજ આર. વ્યાસની જે appointment માટે પ્રોસેસ ચાલી. એમના માટે ગુજરાત સરકારે પ્રોસેસ કરી. આ જસ્ટિસ ક્ષિતિજ આર. વ્યાસ એ લોકાયુક્ત તરીકે એપોઇન્ટમેન્ટ થાય. I would like to draw attention to the fact that as per the provision of the section 3 of Act, consultation with Chief Justice of High Court and not High Court of Gujarat. આ મીના સાહેબ ગુજરાત માં acting Chief Justice હતા. એ વખતે ક્ષિતિજ આર. વ્યાસ former Chief Justice of Bombay High Court. એટલા માટેનો પ્રોસેસ ચાલ્યો. In due course, જે જજ સાહેબ ત્યાં હતા એમને મહારાષ્ટ્ર સરકારે ત્યાંના માનવ અધિકાર આયોગના ચેરમેન બનાવ્યાં. એમાં ના વિપક્ષના નેતાનો વાંક છે, ના સરકારનો વાંક છે, ના કોર્ટનો વાંક છે, ના ગવર્નરનો વાંક છે. એ જે વ્યાસ સાહેબનું હતું એમાં Governor of Gujarat, however, had certain

reservations about appointment of Justice Vyas who was former Chief Justice of Bombay High Court and he was appointed as Chairman of Human Rights Commission of State of Maharashtra. The Governor therefore, on 6th February, 2009, conveyed to the State as under :-

A proposal for appointment of Lokayukta under sub-section (1) of section 3 of the Lokayukta Act has been under my consideration wherein proposal to appoint Hon'ble Chief Justice (Retd.) Mr. Kshitij R.Vyas - former Chief Justice of Bombay High Court as Lokayukta. In this connection, objection with regard to modality adopted by the Government in soliciting consultation with the Opposition Leader and has been raised by the Opposition Leader and the consideration. સાહેબ વ્યાસ સાહેબ માટે કોઇને વાંધો નહતો. વ્યાસ સાહેબ માટે એમને ત્યાં માનવ અધિકાર પંચના ચેરમેન બન્યાં એટલે નામ કન્સિડર ના થયું. આ consultation માં કોઇ ઠેકાણે ગુજરાત Lokayukta Act, 1986 જે બન્યો એમાં સરકારની ભૂમિકા નથી. Council of Ministers ની ભૂમિકા નથી. ખાલી ભૂમિકાને પરાણે ઊભી કરવા માટે, તો પણ આ બધા consultation માં જે કાંઇ ભૂમિકા ગવર્નમેન્ટની હતી એક પણ role consider કરીને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું છે પોઇન્ટ ઓફ ઓર્ડર? પણ દરેક વખતે એ કાંઇ થાય. કોઇ મેટર જ એવી પેદા નથી થઇ, તમારે આમ ને આમ સમય કાઢવો છે? બોલો. ઝડપ કરો. બોલો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્રમંત્રીશ્રી ) : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય) સાહેબ, હું આનો પિટિશ્નર છું. મે હાઇકોર્ટની અંદર આની પિટિશન કરી હતી. આ આખે આખી જે વાત કરવામાં આવે છે એના સંદર્ભમાં સત્ય કરતા કાંઇક અલગ પ્રકારની વાત કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એના સંદર્ભમાં આજની આ લોકાયુક્ત આયોગની ચર્ચા અગત્યની ચર્ચા છે. આ સન્માનનીય સભાગૃહનું રેકર્ડ જે રીતે અહીંયા વાત થઇ રહી છે એ વાજબી નથી થઇ રહી. એટલા માટે આની મેં હાઇકોર્ટમાં પિટિશન કરી હતી. હાઇકોર્ટે આનો જે ચુકાદો આપ્યો છે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં જવું પડ્યું. ત્યારબાદ રિવ્યુ પિટિશન અને અત્યારે કયુરેટિવ પિટિશનના જે આખેઆખા મુદ્દા છે. માનનીય અધ્યક્ષશ્રી, એના કરતાં કાંઇક વિપરિત વાત ચાલી રહી છે. એટલે આ રેકર્ડ હાઉસનો બગડી રહ્યો છે. એટલા માટે મારે કેટલીક સ્પષ્ટતા કરવી આવશ્યક છે. એટલા માટે મારે વાત કરવી છે અને હું (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમને બોલવાનું કીધું છે. શાંતિ રાખોને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યશ્રી હું ભૂતકાળમાં જઇશ. મારે વિસ્તૃતપણે હાઉસના રેકર્ડ માટે મારા આ મુદ્દા અહીંયા મૂકવા જ પડશે. માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર મારો એ છે કે, ૧૯૮૬ના સમગ્ર કાયદાની અંદર જે લોકાયુક્તની પસંદગીના સંદર્ભનું અર્થઘટન કરવામાં આવ્યું છે એ અર્થઘટનની વાતને અલગ રીતે અહીંયા મૂકવામાં આવી છે. એમાં સ્પષ્ટ મૂકવામાં આવ્યું છે. The government means any headed by the Chief Minister માનનીય અધ્યક્ષશ્રી, અને એની જગ્યાએ માનનીય અધ્યક્ષશ્રી, અને સુપ્રીમ કોર્ટે પોતે પોતાના ચૂકાદામાં કહ્યું છે અને એ ચુકાદાની અંદર એમણે સ્પષ્ટ કહ્યું છે સાહેબ (અંતરાય) માનનીય

અધ્યક્ષશ્રી, ચૂકાદામાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું, સન્માનનીય સભાગૃહ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ મારે કહેવું પડશે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારી આટલી વાત સાંભળી લો.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહ, આ જે તમારું હોય એ તમે રિપ્લાયની અંદર કહેજો અને બીજું, માનનીય શંકરસિંહને પણ કહું, કે આ વ્યક્તિગત જસ્ટીસ વ્યાસ હોય કે, મહેતા હોય એની અંદર બધા જાણે છે કે, મહેતા સામે વાંધો નથી પણ મહેતાની એપોઇન્ટમેન્ટ માટે પ્રોસીજર છે, એ પ્રોસીજર સામે વાંધો હતો એટલી જ એમની વાત હતી. વ્યક્તિ સામે વાત નથી પછી ચાહે, વ્યાસ હોય, મહેતા હોય કે ગમે તે હોય. સરકારને જે વાંધો હતો એ એની પ્રોસિજર સામે વાંધો હતો, પ્રોસિજર પ્રોપર નથી થઇ એટલી જ વાત હતી. એટલી જ વાત છે ને તમારી ? (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપ મને અનુમતિ આપો, બે મિનિટમાં મારી વાત પૂરી કરું.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં તમારે બોલવાનું હોય તો એ જવાબમાં આવશે. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો મને કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું મારા પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં કહેવા માગુ છું.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરમાં પંદર પાના વાંચવાના ના હોય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના, પંદર પાના નહીં, હું બે જ લીટી કહેવા માગુ છું.

અધ્યક્ષશ્રી : બેજ લીટી કહો તમે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પોઇન્ટ ઓફ ઓર્ડરમાં એ કહેવા માગુ છું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાના પેરા નંબર–૪૨માં લખ્યું છે કે, ગવર્નર હંમેશા રાજ્યના મંત્રીમંડળની સલાહથી કામ કરવા બંધાયેલા છે. ગવર્નરને સ્વતંત્ર નિર્ણય લેવાનો કોઇ અધિકાર નથી માનનીય અધ્યક્ષશ્રી, એવા સંજોગોમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમારી જે વાત છે એનાથી કોન્ટ્રાડિકશન જેટલી વાત હશે, એટલી જે વાત હશે એ હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : બસ, માનનીય અધ્યક્ષશ્રી. એટલું કહેવાનો મારો આશય.(અંતરાય) ( આ તકે વિપક્ષના દંડક શ્રી બલવંતસિંહ તેમના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : બસ, ચલાવો. અરે, કોઇ સવાલ નથી. (અંતરાય) પણ હવે વાત થઇ ગઇ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, રેકર્ડ ઉપર, એટલા માટે કે આવું કોઇ બોલ્યું નથી.

અધ્યક્ષશ્રી : નહીં બોલ્યું હોય તો ક્યાં દૂર કરવાની વાત છે (અંતરાય) અરે, પણ બલવંતસિંહ, નહીં બોલ્યા હોય તો એ દૂર કરવાની ક્યાં વાત છે ? તમે આ લોકાયુકત ઉપર જ આવો શંકરસિંહ. બાકીની જે વાત છે એ બહુ..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૯૮૬ના કાયદાના આધારે સરકારને ન ગમ્યું. કેમ જસ્ટીસ X ,Y ,Z ને લોકાયુક્ત બનાવ્યા ? તો ગવર્નરે પોતે with consultation of the Chief Justice of Gujarat High Court and Leader of Opposition. એને મળીને જે નિર્ણય કર્યા જસ્ટીસ મહેતાને લોકાયુક્તની નિયુક્તિ કરી, સરકારને એ ન ગમ્યું. ન ગમ્યું તો સરકાર કોર્ટમાં ગઇ. કોર્ટમાં ગયા સાહેબ.

અધ્યક્ષશ્રી : એ કોર્ટમાં મેટર ગઇ છે એ પ્રોસીજર સામે ગઇ છે, વ્યક્તિ માટેની વાત નથી શંકરસિંહ

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : નહીં, નહીં, એના ઉપર હું આવું છું.

અધ્યક્ષશ્રી : અને વ્યક્તિને તો આજે પણ એક્સેપ્ટ કરવાની વાત છે, વ્યક્તિ સામે વાંધો નથી, પ્રોસીજર સામે વાંધો છે. ( આ તકે શ્રી પ્રદિપસિંહ ઉભા થતાં ) તમે જવાબમાં કહેજો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અચ્છા, એટલે આ કાયદો જે છે, ૧૯૮૬નો કાયદો જે સાહેબ છે એ ૧૯૮૬ના કાયદામાં ગવર્નર ખોટા નથી, આ ન્યાયિક પ્રક્રિયામાં બે હાઇકોર્ટના જજીસનો ચુકાદો આવ્યો, નહીં ગમ્યો, બીજાને જવાબદારી આપી.

અધ્યક્ષશ્રી : એ બધી પ્રોસિજર બધા લોકો જાણે છે એટલે અત્યારે..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એનો અર્થ જ્યુડીશીયરીએ આના ઉપર સિક્કો માર્યો છે, એમને નથી ગમતું તો પણ સુપ્રીમ કોર્ટે કહ્યું. સુપ્રીમ કોર્ટના રિવ્યૂ પિટિશનમાં સરકાર હારી ગઇ છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું છે સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સુપ્રીમ કોર્ટમાં રિવ્યૂમાં સરકાર હારી ગઇ અને કરોડો રૂપિયાનું આંધણ થઇ ગયું, બંને બાજુનું અને હજુ પણ ક્યુરેટીવ પિટિશન ? આ કઇ માનસિકતા ? આ ન્યાયિક પ્રક્રિયાને ચેલેન્જ કરી શકાય પણ ચેલેન્જ કરવાની પણ એક હદ હોય. પ્રજાના પૈસાની બરબાદી અને બચવા માટે અને શેના માટે બચવાનું એના ઉપર હું આપને કહું છું સાહેબ,(અંતરાય) ઓન સેવન્થ જુન..

અધ્યક્ષશ્રી : ભાઇ, હવે બધાને ખબર છે, સુપ્રીમ કોર્ટમાં ગયા છે. એ એમ કહે છે, પૈસાનો ખર્ચો થયો છે એ પૈસાની બરબાદી છે. તમે એમ કહો કે, તમારો હક્ક અને અધિકાર છે એમાં કોઇ સવાલ નથી. તમે ખોટું કર્યું છે એમ પણ નથી, એને એમ લાગે છે કે, પૈસા ખર્ચ્યા વગર, જવાની જરૂર ન હતી, એ કહે વિરોધપક્ષના લોકો.(અંતરાય) હવે એમાં શાંતિ રાખોને.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ ન્યાયિક પ્રક્રિયામાં જૂનો કાયદો ...

અધ્યક્ષશ્રી : પણ એ તો, શંકરસિંહ એટલી વાત તો સાચી ને કે, ન્યાયિક પ્રક્રિયામાં છેક સુધી માણસ જઇ શકે. એના ખર્ચ ઇમટિરિયલ છે, પોતાનો હક્ક અને અધિકાર મેળવવા, ગમે તે જઇ શકે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જવાય, બરોબર છે. એનો અર્થ કે, આ કાયદો રિવ્યૂ પિટિશન સુધી સાચો ઠર્યો છે ગવર્નરનો નિર્ણય. સુપ્રીમ કોર્ટે પિટિશને પણ કાઢી નાખ્યું કે, ના ગવર્નર સાચા છે. હવે ક્યુરેટીવમાં જે થાય. ઓન ૭ જુન ૨૦૧૧.

અધ્યક્ષશ્રી : હવે બીજા મુદ્દા ઉપર આવી જાઓ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ના, ના. હું મહેતા ઉપર આવું સાહેબ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, તમારે તો આ બિલ જ નહીં ચાલે, (અંતરાય) એક મિનિટ, તો આ બિલ જ નહીં ચાલે.(અંતરાય) એક મિનિટ, તમે બેસી જાવ. એને અધિકાર છે. તમે આવું વારંવાર કરશો તો હાઉસ જ નહીં ચાલે. તમારે જે કહેવું હોય એ તમે રિપ્લાયમાં કહેજો. એ એકપણ શબ્દ કાયદા વિરુદ્ધ નથી બોલ્યા. પ્રદિપસિંહ, બેસી જાવ બધા. (અંતરાય) પ્રદિપસિંહ, બેસી જાવ. તમારે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હોય એ પછી કહેજો. અત્યારે એ સબ્જેકટ જ નથી. મેં ના પાડી કે હવે બીજા પોઇન્ટ ઉપર આવો. માનનીય પ્રદિપસિંહ, આપ બેસી જાવ. પછી કોઇ સવાલ નથી. રેકર્ડ ઉપર જે હશે એ કહેજો તમે. (અંતરાય) ભાઇ, ભલે રહ્યું રેકર્ડ ઉપર તમે શું કરવા કહો છો? નહીં, પ્રદિપસિંહ, બેસો આપ. દર વખતે પોઇન્ટ ઓફ ઓર્ડર? (અંતરાય) એક મિનિટ, તમે બોલશો નહીં, બાકીના બેસી જાવ. અડધી મિનિટમાં બે વાકયોમાં કહો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે? હું હમણા ડિસીસન આપું. (અંતરાય) એમને બોલવા દો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે કોર્ટે ગવર્નરની નિમણૂકને યોગ્ય ઠેરવી છે.

અધ્યક્ષશ્રી : પણ એ તમે જવાબમાં કહેજો. એ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. બેસી જાવ તમે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જજમેન્ટમાં લખ્યું છે સાહેબ.

અધ્યક્ષશ્રી : તમારે એ ફેકટ કહે એ ફેકટ સાચી ન હોય. ઇટ ઇઝ નોટ પોઇન્ટ ઓફ ઓર્ડર એ તમે જવાબમાં કહેજો કે આ ફેકટ ખોટી છે. (અંતરાય) એવું ન ચાલે. તમે જરાક ધીરજ રાખો. તમે શાંતિ રાખો. આ બિલ મારે પૂરું કરવાનું છે. એક એક જણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે, તમે બોલો છો એ સાચું છે કે ખોટું છે

એના માટે પોઇન્ટ ઓફ ઓર્ડર હોય? નહીં, એવું નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સાતમી જુન, ૨૦૧૧ના દિવસે ગવર્નરે મુખ્યમંત્રીશ્રીને એવું કીધું કે મેં હાઇકોર્ટના ચીફ જસ્ટીસ (અંતરાય)

અધ્યક્ષશ્રી : શંકરસિંહ, આ કોઇ ડીસ્ક્રીપ્શન ન હોય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ આ મહેતા ઉપર હું આવું સાહેબ.

અધ્યક્ષશ્રી : નહીં, મહેતા માટેની તો સ્પષ્ટ વાત છે, એક મિનિટ, મહેતા માટેની સ્પષ્ટ વાત કરી કે અમને એની પ્રોસીઝર સામે વાંધો છે, વ્યકિત સામે વાંધો નથી. એ પ્રોસીઝર સામે હોય તો તમે કાંઇક કહો. વ્યકિતની આમાં કોઇ વાત જ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : વાંધો છે એની ઉપર આવું સાહેબ. ના, એના ઉપર છે. "Kindly refer to your confidential d.o.letter dated 7th June, 2011 on the subject of appointment of Lokayukta, Gujarat State. You have recommended name of Hon'ble Justice Mr.. Mehta (Retired) – Rameshchandra Amrutlal Mehta, High Court of Gujarat State. I have perused the biodata of Hon'ble Justice Retidured Mr.R.A.Mehta, He was borne on so and so date and retired on so and so date. Thus, as on date, he has crossed age of 75 years. આવી કોઇ એઇજ લિમીટ આ કાયદામાં ૮૬માં નથી આ એક નથી ગમતા એનો પુરાવો અને બીજું "Looking to the arduous nature and duty and responsibilities attached with the post of Lokayukta, Gujarat State, he may perhaps not a suitable candidate for this job as such an......

અધ્યક્ષશ્રી : શંકરસિંહ, આ જે વાત કરી સરકારે ઓપનલી કીધું છે કે આ મહેતા ચાર્જ સંભાળી લે એની સામે અમને વાંધો નથી. આ બધું પ્રકરણ પૂરું થઇ ગયું હવે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ એમને વાંધો છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એને વારંવાર ઉખાળવાની જરૂર નહીં. આપ જો ૭૫ વર્ષે સક્રિય હોવ તો જસ્ટીસ મહેતા ૭૫ વર્ષે સક્રિય હોય.(અંતરાય) થાયને, એમને ૭૯ થયા અત્યારે તો. આ ચાર વર્ષ પહેલાનું ડિસીસન છે અને ૭૯ શું, પણ ૯૯ વર્ષના હોય તો પણ સરકારને વાંધો નથી. એ સરકારનું કમિટમેન્ટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એમણે કીધું કે અમને વાંધો છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એ તે દિવસે કીધું હતું , આજે નથી. તે દિવસે જે કીધું હતું પણ આજે નથી એમ સ્પષ્ટ કહે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : The other important aspect, Hon'ble Justice Mr.R.A.Mehta is associated with a few NGOs. આ સરકારને નથી ગમતું એનો પુરાવો. Social Activists Group.

અધ્યક્ષશ્રી : એ પતી ગયું હવે શંકરસિંહ,

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ના, નથી પત્યું. મહેતા નથી ગમતા એનો પુરાવો આપું. મહેતા નથી ગમતા એના પુરાવા છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એ નહોતા ગમતા, હવે ગમે છે. ડીકલેર કર્યું છે કે મહેતા સામે અમને વાંધો નથી પછી કયાં પ્રશ્ન છે?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ક્યુરેટીવ પિટિશન વીથડ્રો કરી લે સુપ્રીમ કોર્ટમાંથી.

અધ્યક્ષશ્રી : અત્યારે પહેલી બેઠકનું કામ પૂરું થાય છે. બીજી બેઠક બપોરના ૨–૩૦ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## બીજી બેઠક
## મંગળવાર, તા. ૨જી એપ્રિલ, ૨૦૧૩
## ચૈત્ર ૧૨, ૧૯૩૫ શાકે
## સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળ્યું
## અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

### ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટની જાગૃતિ માટે લીધેલ પગલાં

* ૫૨૪૩ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ જાહેર જનતાની જાગૃતિ અંગે સરકારે શાં પગલાં લીધા, અને | (૧) (૧) ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અંગે જાહેર જનતાની જાગૃતિ માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપવામાં આવેલ છે. (૨) સ્વજાગૃતિથી આરોગ્યની રક્ષા નામે પ્રાથમિક પરીક્ષણ કીટ તૈયાર કરી વિતરણ શરૂ કરવામાં આવ્યું. (૩) રીટેલ કાઉન્ટરો ઉપર બેનરો મૂકી આ કીટનો મહત્તમ ઉપયોગ કરવામાં આવેલ છે. (૪) સ્થળ પર ટેસ્ટીંગ કરી શકાય તે માટે મોબાઈલવાન શરૂ કરેલ છે. (૫) સુરક્ષિત અને આરોગ્યપ્રદ આહાર અને ખાનપાનની રીત પ્રદર્શિત કરવા એક એક્ઝીબીશન વાન રાખેલ છે. જેના દ્વારા રાજ્યમાં જુદા જુદા ૫૭ સ્થળોએ સેમીનાર યોજવામાં આવ્યા. |
| (૨) આ હેતુ માટે કેટલી ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી ? | (૨) રૂ. ૮૧.૪૦ લાખ. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ક્યારે અમલમાં આવેલ છે અને કાયદાનો હેતુ શું છે? લોકોને કાયદાની જાણકારી મળી રહે, તે માટે સરકારે શાં પગલાં લીધાં છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોને ખાવા પીવાની ચીજવસ્તુઓ શુદ્ધ મળે અને કોઇપણ જાતની ભેળસેળ થાય નહિ અને કયાંય ભેળસેળ થતી હોય તો એને અટકાવવા માટે અને એના ઉપર કડક કાર્યવાહી કરવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશની અંદર ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ વર્ષ-૨૦૦૬ થી અમલમાં લાવવામાં આવ્યો. ત્યાર પછી તેના રૂલ્સ, રેગ્યુલેશન વર્ષ- ૨૦૧૧ માં બનાવવામાં આવ્યા અને એ રૂલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે સમગ્ર દેશનાં તમામ રાજ્યની અંદર હવે આરોગ્ય વિભાગ દ્વારા આ કાયદાને અંતર્ગત જ્યાં ખાવા પીવાની ચીજવસ્તુનું ઉત્પાદન થતું હોય, ચીજવસ્તુનું વેચાણ થતું હોય કે સંગ્રહ થતો હોય, તેવી તમામ જગ્યા ઉપર ચકાસણી કરવાની, એના સેમ્પલ લેવાના, લેબોરેટરી દ્વારા ચકાસણી કરવાની અને ચકાસણીમાં કોઇ ભેળસેળ માલુમ પડે તો એના ઉપર કાયદાની રૂએ, નિયમોની રૂએ પોલીસ કેસ અને કોર્ટ કેસ કરવાની સત્તા આ કાયદામાં છે. અને એનો અમલ ગુજરાતમાં અત્યારે ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનર દ્વારા કરવામાં આવે છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ જવાબમાં જણાવ્યા પ્રમાણે સ્વજાગૃતિથી આરોગ્યની રક્ષા નામે પ્રાથમિક પરીક્ષણ કીટ તૈયાર કરી વિતરણ કરવામાં આવ્યું. મારે જાણવું છે કે આ પ્રાથમિક પરીક્ષણ કીટમાં શેનો સમાવેશ થાય છે નંબર-૧ અને આવી કેટલી કીટોનું વિતરણ થયું નંબર-૨ અને નંબર-૩ આવી કીટો પાછળનો ખર્ચ કેટલો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કાયદાનો અમલ કરવામાં આવે છે, એ બે પ્રકારે કરવામાં આવે છે. જે ભારત સરકારની સૂચના છે અને ભારત સરકાર અને રાજ્ય સરકારો પણ એના

માટે કાર્યવાહી કરે છે. એમાં પ્રથમ જે બાબત છે, એમાં પ્રજાકીય જનજાગૃતિ અને પ્રજાકીય ઝુંબેશ દ્વારા નાગરિકો જે ચીજવસ્તુઓ ખરીદે એના ઉપરનું પેકિંગ, એને વાપરવાની સમય મર્યાદા આ બધુ એમાંથી જોવાનું અને એ પ્રમાણે નિશ્ચિત સમય મર્યાદા, માલનું ઉત્પાદન થયું હોય તે સમય મર્યાદા, આઉટ ઓફ ડેટ ન થઈ જાય તે પ્રમાણેની કાળજી રાખીને ખરીદવાનું. આ પ્રકારની પ્રજાકીય, ગ્રાહકલક્ષી ઝુંબેશ ચલાવવામાં આવે છે. તેવી રીતે જે ઉત્પાદક હોય તે ઉત્પાદકને પણ સેમિનાર કરી સ્વચ્છતા રાખવા માટે એની કાળજી રાખવા માટે અને ઉત્પાદનને કોઇપણ જાતની ભેળસેળથી મુકત રીતે બનાવવા માટેની વ્યવસ્થા કરવાનું જણાવવામાં આવે છે. નાગરિકોને પણ આ અંગેના કીટની વહેંચણી કરવામાં આવે છે. કીટના ઉપયોગથી નાગરિકો પોત પોતાની રીતે ઉપયોગ કરી અને અમુક પ્રકારના માલસામાન, ખાવા પીવાની ચીજવસ્તુમાં ભેળસેળ થઇ છે કે કેમ તે પોતે સેલ્ફ કન્ટેઇનર કરીને જાણી શકશે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા પૂછવા માગું છું કે જવાબમાં કહ્યું સુરક્ષિત અને આરોગ્યપ્રદ આહાર અને ખાનપાનની રીત તો આપણા ગુજરાતની અંદર રોડનો વિકાસ થયો છે, વાહનનો વિકાસ થયો છે. તેવા સંજોગોમાં રોડની બે બાજુએ ઢાબા આવેલા હોય છે. હોટલ છે. ત્યાં આગળ એના રસોડાનું ચેકિંગ કેટલી વખત કરાયું? એની અંદર કેટલી ભેળસેળ મળી? શું એક્શન લીધા અને લારીની અંદર

અધ્યક્ષશ્રી : જનરલ સવાલ છે.

શ્રી નિરંજન પટેલ : આરોગ્ય વિષે છે. આરોગ્યપ્રદ આહાર અને ખાનપાનની વસ્તુ આમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાનપાનની અંદર બહુ ચેડાં થાય છે. હોટલોની અંદર વાસી આપે છે. ઓછું આપે છે. ફીકસ ડીસોની કિંમત ૧૦૦ ગ્રામની હોય અને ૫૦ ગ્રામ આપે છે. મારો બીજો પ્રશ્ન બાકી છે. ખુલ્લી લારીઓની અંદર જે કુરકુરે અને વેફર્સ ખુલ્લા લબડાવેલા હોય છે તે તાપમાં તપે છે અને રાત્રે ઠંડા થાય છે એટલે તેની અંદર ઓઇલ ગરમ અને ઠંડુ થાય ત્યારે નાના બાળકો ખાય છે તેથી આરોગ્યને બહુ નુકસાન થાય છે તે બંધ કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા, મહાનગરપાલિકામાં પણ ફુડ સેફટી ઇન્સ્પેકટર, સેનેટરી ઇન્સ્પેકટરની વ્યવસ્થા હોય છે. જયાં જયાં માણસ છે ત્યાં ખાવાપીવાની ચીજવસ્તુઓ બને છે, તે હાઇવે હોય કે નાનામાં નાનું ખૂણામાં આવેલ ગામડું હોય કે અમદાવાદ જેવું મહાનગર હોય. બધી જ જગ્યાએ આપણે પ્રયત્ન કરીએ છીએ. મુખ્યત્વે જે સંસ્થાઓ કે કંપનીઓ મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે, જેનું હજારો કિવન્ટલનું ઉત્પાદન હોય અને ફુડ પેકેજીંગ કરીને વેચવામાં આવતું હોય. હોટલ, રેકડી નગરપાલિકા, મહાનગરપાલિકામાં આવતું હોય તે કરે છે. નિરંજનભાઇને કોઇ ફરિયાદ હોય તો તેની તપાસ કરાવીશું.

અધ્યક્ષશ્રી : આ બધા મોટા પેકીંગ અને ફુડ પેકીંગની વાત છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખાદ્ય ચીજોનું વેચાણ, ઉત્પાદન કરવા વેપારીઓએ લેવા પડતા પરવાના અને રજીસ્ટ્રેશન માટે જાણકારી આપવા માટે જનજાગૃત્તિ કેળવવા શું શું પ્રયત્નો હાથ ધરાયા અને વેપારીઓએ આ માટે શું કાર્યવાહી કરવાની હોય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો જયારે અમલમાં આવ્યો ત્યારે સરકારે જે કોઇપણ પ્રકારની ખાદ્ય ચીજવસ્તુનું વેચાણ કરતા અને વર્ષે ૧૨ લાખથી ઓછું ટર્નઓવર હોય તેવા વેપારીઓને રજીસ્ટ્રેશન કરાવવાનું છે. ૧૨ લાખથી ઉપરની કિંમત ધરાવતા વેપારીઓ હોય તેમણે લાયસન્સ લેવાનું છે. મોટા જથ્થામાં ઉત્પાદનકર્તા કે વેચાણકર્તા હોય તે લોકોને લાઇસન્સ ભારત સરકારની એજન્સી મારફતે એટલે કે ભારત સરકારના વિભાગ મારફતે લેવાનું છે. દા.ત. કોઇ મોટી ઓઇલ મીલ હોય...

અધ્યક્ષશ્રી : દાખલો નથી દેવો. સિદ્ધાંત જ કહી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટી કોઇ પીણાંની ફેકટરી હોય..

અધ્યક્ષશ્રી : દાખલા તરીકેમાં અડધા ઉભા થઇ જશે. માનનીય જસાભાઇ.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષી, ફુડ સેફટી અંગે સ્થળ ઉપર ચેકીંગ કરી શકાય તે અંગે મોબાઇલ વાન શરૂ કરેલ છે. તો હું પૂછવા માગું છું કે  આ મોબાઇલ વાન દ્વારા કુલ કેટલા ખાદ્ય પદાર્થોનું ચેકીંગ કરવામાં આવ્યું અને ફુડ સેમ્પલોના ચેકીંગમાં કેટલો ખર્ચ અત્યાર સુધીમાં કર્યો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે પોતાના ફંડમાંથી રાજયના નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી વધારે સારી રીતે થાય તે માટે અન્ય કોઇ રાજયએ ન કરી હોય તે પ્રમાણેની વ્યવસ્થાઓ કરી છે. તેમાં મોબાઇલ ટેસ્ટીંગ વાન રાજય સરકારે વસાવી છે. રાજયની અંદર જયાં જયાં જરૂરિયાત લાગે અથવા તો લોગ પ્રમાણે ફરવાનું રૂટીન હોય તે પ્રમાણે આ મોબાઇલ ટેસ્ટીંગ વાન દ્વારા જે તે વિસ્તારોમાં જઇ તેમાં હોટલ આવી જાય, દુકાન આવી જાય, સ્ટોર પણ આવી જાય ત્યાં જઇ ચકાસણી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં પ૪૭૧ નમુનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. તેમાં ૯૭ નમુના વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. માવો કે દૂધ વગેરેની બનાવટો છે તે જો બગડી જઇ હોય તો સ્થળ ઉપર જ મોબાઇલ વાનના અધિકારીઓ દ્વારા તેનો નિકાલ કરવામાં આવે છે, તેનો નાશ કરવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૫૨૪૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૯,૫૭૮. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૯,૫૭૮ |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ના અંતીતે કેટલા પેન્શનરો મેડિકલ એલાઉન્સ મેળવે છે અને કેટલા પેન્શનરો મેડિકલ રીએમ્બર્સમેન્ટ મેળવે છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, બનાસકાંઠા જિલ્લામાં  તા. ૩૧–૧૨–૨૦૧૨ના અંતિત પેન્શનરોનો કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેન્શનરોના પ્રશ્નોનો માનનીય સભ્યશ્રીઓને રસ પડી ગયો હોય એમ લાગે છે,  પેન્શનરોના બહુ પ્રશ્નો આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં ૯૧૫૪ પેન્શનરો મેડીકલ એલાઉન્સ મેળવે છે. ૪૦૩ પેન્શનરો રિએમ્બર્સમેન્ટ મેળવે છે અને  મેડીકલ એલાઉન્સ માટે ૨૧ પેન્શનરોએ કોઇ દાવો રજૂ કર્યો નથી. બીજો એમણે જે પ્રશ્ન પૂછ્યો કે બનાસકાંઠા જિલ્લાના પેન્શનરોને કુલ કેટલું પેન્શન આપવામાં આવે છે તો બનાસકાંઠા જિલ્લાના પેન્શનરોને ૧૩૯ કરોડ ૯૪ લાખ રૂપિયાનું પેન્શન દર વર્ષે ચૂકવવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં પાંચમા પગારપંચ મુજબ કોઇ પેન્શન ચૂકવાતું હોય એવા કેસો ધ્યાન ઉપર આવેલા છે કે કેમ, અને જો ધ્યાન ઉપર આવેલા હોય આવા કેસોમાં જલદીમાં જલદી કેટલા સમયમાં પેન્શન ચૂકવવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધ્યાન ઉપર આવા કોઇ કેસ આવ્યા નથી.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં ૮૦ વર્ષથી વધારે ઉંમરના અને ૧૦૦ વર્ષથી વધારે ઉંમરના કેટલા પેન્શનરો છે અને કુટુંબ પેન્શન કોને કોને મળવાપાત્ર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૮૦ વર્ષથી ઉપરના કુલ ૩૧૦ પેન્શનર છે, અને ૧૦૦ વર્ષથી ઉપરના એક પેન્શનર છે. આમને તબકકાવાર જેમ ઉંમર વધતી જાય પેન્શનરની એમ વધારે પેન્શન ચૂકવાય છે, જે અગાઉ પણ મેં કહ્યું છે કે, ૧૦૦ વર્ષથી ઉપરના જે હોય એમને જે મળવાપાત્ર પેન્શન છે એનાથી ડબલ પેન્શન ચૂકવવામાં આવે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પેન્શનરોને જે પેન્શન ચૂકવવામાં આવે છે એમાં કોઇ અધિકારી મારફત સમયસર પેન્શન ન ચૂકવાય તો એ અધિકારી ઉપર સરકાર શું પગલાં લે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવા કોઇ પ્રશ્ન ધ્યાન ઉપર આવશે, આ સતત ચાલતી પ્રક્રિયા છે, દર વર્ષે હજારો કર્મચારીઓ સરકારના અને હજારો કર્મચારીઓ જિલ્લા–તાલુકા પંચાયતના નિવૃત્ત થતા હોય, મોટા ભાગનાને સમયસર પેન્શન કેસો મંજૂર થયેથી ચૂકવણુ શરૂ થાય છે, જે અધિકારી–કર્મચારીની કોઇ ખાતાકીય તપાસ ચાલતી હોય તો ખાતાકીય તપાસને આધીન એમનું ચૂકવણુ વિલંબમાં મૂકી શકાય છે.

શ્રી તારાચંદ  જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પેન્શનરોના પગારમાં વધારો કેટલા સમય પહેલાં કરવામાં આવ્યો, અને પહેલાં જે પેન્શન આપવામાં આવતું હતું એના કરતાં વર્તમાન સમયમાં કેટલો વધારો પેન્શનમાં કરવામાં આવ્યો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેન્શનની આખી ફોર્મ્યુલા છે, જે પ્રમાણે રાજય સરકાર કર્મચારીઓના પગારો મંજૂર કરે એમાં જે કર્મચારીને છેલ્લો નિવૃત્તિના  વખતે છેલ્લા મહિને જે પગાર હોય એનું ૫૦ ટકા પેન્શન ચૂકવવામાં આવે છે. એટલે જેવો પગાર એ પ્રમાણેનું પેન્શન કર્મચારીનું હોય  છે.

**ભરૂચ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૩૦૧ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂ।. ૬૪.૦૩ કરોડની આવક થઇ. |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂ।. ૯.૫૨ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભરૂચ આર.ટી.ઓ. કચેરીને સિલેક્ટેડ નંબર માટેની આવક છેલ્લા બે વર્ષમાં કેટલી છે અને સમગ્ર રાજયને સિલેક્ટેડ નંબરની આવક અગાઉના વર્ષની સરખામણીએ ઘટેલ છે કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે, ભરૂચ જિલ્લામાં નવા રજીસ્ટર્ડ થતા વાહનોની આર.સી. બુક વાહન માલિકોને કઇ રીતે આપવામાં આવે છે અને આર.સી. બુક કેવા પ્રકારની હોય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના વાહન વ્યવહાર વિભાગે એક સુંદર વ્યવસ્થા કરી છે કે જે નાગરિકોને પોતાની પસંદગીનો નંબર જોઇતો હોય તો એ રૂટિન પ્રમાણે ન લેતાં એ નંબર મેળવવા માટે અરજી કરે એની એ નંબરની હરાજી બોલાય અને જે વાહન માલિક વધારે રકમ ચૂકવે એમને એ નંબર ફાળવવામાં આવે છે. દાખલા તરીકે ૯૯૯૯, ૧૧૧૧, ૫૫૫૫, ૭૮૬ આવા નંબરો માટે લોકો માગણી કરે છે. આ તો કોઇને રસ હોય તો માગે એટલે કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦–૧૧માં ૪૮ લાખની આવી રીતે આવક થઇ હતી, ૨૦૧૧–૧૨માં ૮૨ લાખ રૂપિયા આવક થઇ. હમણા મેં પેપરમાં વાચ્યું હતું કે અમદાવાદમાં એક નંબર લેવા કોઇએ ૩.૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા અને રાજકોટમાં તો એનાથી પણ વધુ રકમ કોઇ વાહન માલિકે પસંદગીનો નંબર લેવા આપી હતી, તો આમાં પારદર્શકતા છે.

મારું કહેવું એ છે કે પહેલા ખોટી રીતે આ નંબર મેળવી લેવાતા હતા કોઇને ખુશ કરીને, પણ હવે એ રકમ સરકારની તિજોરીમાં આવે છે એ કામ આ સરકારે કરેલ છે એ મારે આપ સૌના ઘ્યાન ઉપર મૂકવું છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, ભરૂચ જિલ્લામાં દૂરથી આવનાર ગ્રામ્ય વિસ્તારના અરજદારો માટે લાયસન્સ મેળવવા માટે કઇ રીતે સગવડ કરવામાં આવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ.ની કચેરીમાં ઓન લાઇન લાયસન્સની પદ્ધતિ છે જેમને લર્નિંગ લાયસન્સ લેવું હોય એમને ત્યાંને ત્યાં જ પરીક્ષા કોમ્પ્યુટર ઉપર આપવાની હોય છે અને એ પાસ થાય તો તુરત જ એમને લર્નિંગ લાયસન્સ ઇસ્યૂ કરવામાં આવે છે. જેમને કાયમી લાયસન્સ છે અને રીન્યૂ કરવાનું છે એ સમય આવ્યે ફી ભરાય જાય એટલે આંગડિયા મારફતે વાહન માલિક એટલે કે લાયસન્સ ધરાવનારને ઘરે બેઠાં રજિસ્ટર એ.ડી.થી અથવા આંગડિયાથી આપણે એમને કવર મોકલી એમનું લાયસન્સ પહોંચાડીએ છીએ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ભરૂચ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ એક વર્ષમાં કેટલા ટુ વ્હીલર અને કેટલા ફોર વ્હીલર વાહનો નોંધાયા અને એની કેટલી આવક થઇ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક દાયકાની માહિતી છે. ૧૯૯૧ થી ૨૦૦૧ સુધીમાં ૧,૫૮,૮૫૧ વાહનો નોંધાયા હતા અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં ૨,૨૯,૫૭૩ વાહનો નોંધાયા જે રાજયના નાગરિકોની વધતી જતી સમૃદ્ધિ આમાં દેખાઇ આવે છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગુ છું કે ભરૂચ ખાતેની આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ લેવા આવતા નાગરિકોની સુવિધા માટે સરકાર દ્વારા કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ? બીજુ ભરૂચ ખાતેની આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ લેવા આવતા નાગરિકોને તૈયાર થયેલ ડ્રાઇવીંગ લાયસન્સનું વિતરણ કેવી રીતે કરવામાં આવે છે? અને ૪૨૦ નંબર કોઇએ માગેલ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાયસન્સ મેળવવા માટે પહેલા લાઇનોમાં ઉભા રહેવું પડતું હતું, ટેસ્ટીંગ કરાવવું પડતું હતું અને પછી ઇન્ટવ્યુ આપ્યા પછી એમને ૧૫-૨૦ દિવસે કે ૩૦ દિવસે લાયસન્સ લેવા ફરી આવવું પડતું હતું આ બધી જ પદ્ધતિઓ આપણે ટેકનોલોજી નવી અપનાવવાના કારણે રાજય સરકારે નિર્મૂળ કરી છે. હવે ઓન લાઇન રજિસ્ટ્રેશન થાય, એની ફી ભરાઇ જાય અને નાગરિકને મેં કહ્યું એ પ્રમાણે એમને ઘર બેઠાં આપણે લાયસન્સ મોકલી આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : ૪૨૦ નંબરની એમણે વાત કરી એનો જવાબ શું છે? પૈસા લ્યો છે કે સામેથી આપો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ સુધી કોઇએ ૪૨૦ નંબર માગ્યો નથી, કોઇ માગશે તો આપીશું, ફી અમે ભરી દઇશું.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આવક વધે એ સારી છે. પણ આવકની સાથે સાથે મારા અંદાજ મુજબ આ ભરૂચ આર.ટી.ઓ. કચેરીમાં કર્મચારીનું મહેકમ છે આવક વધે એની સાથે રાજય સરકારને ફાયદો થાય એ વાત સાચી છે. પણ મહેકમના અભાવે જે લોકો વાહન ધરાવતા હોય, પાસીંગ માટે જવું પડતું હોય, નંબર માટે જવું પડતું હોય તો મહેકમના અભાવે જે લોકોને તકલીફ પડે છે તો મહેકમ જે ઓછું છે એ મહેકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ખાલી જગ્યાઓ અમારા વાહન વ્યવહાર વિભાગમાં છે એની ભરતી કરવા માટે ગૌણ સેવા પસંદગીને ઇન્ડેન્ટ રાજય સરકારના અમારા વિભાગ તરફથી મોકલવામાં આવેલ છે અને ગયા વર્ષે ૧૫૦ એ.આર.ટી.ઓ.ની ભરતી પણ થઇ ગઇ છે અને વધારાના કર્મચારીઓની ભરતી માટેની પ્રક્રિયા અત્યારે ચાલુ જ છે અને એનાથી સિનિયર અધિકારીઓની ભરતી માટે જી.પી.એસ.સી.માં કાર્યવાહી ચાલી રહી છે.

**ભરૂચ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૩૦૦ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૬૪.૦૩ કરોડની આવક થઈ. |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા. ૯.૫૨ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયેલ છે.

**નર્મદા આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૩૧૬ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨માં નર્મદા જિલ્લા ખાતે આવેલ આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૬.૫૨ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) સમાન વર્ષ ૨૦૧૨ની માહિતી હોઈ આવકમાં વધારા કે ઘટાડાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) ઉપર મુજબ. |

શ્રી મોતીલાલ વસાવાઃ માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન એ છે કે માર્ચ, ૨૦૦૧ સુધીમાં કેટલા વાહનો નર્મદા જિલ્લા ખાતે નોંધાયા હતા અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં કેટલા નવા વાહનોની નોંધણી થઇ અને પ્રશ્ન ત્રીજો એ છે કે અમારા નર્મદા જિલ્લામાં સાગબારા ખાતે આર.ટી.ઓ. ચેક પોસ્ટ આવેલી છે, એની આવક અમારા જિલ્લામાં જમા થતી નથી એ સુરત જિલ્લાની સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટના ખાતામાં થઇને જમા થાય છે તો અમારા જિલ્લાની રેવન્યુ વધે એટલા માટે એ આવક અમારા જિલ્લામાં ક્યારથી જમા લેવામાં આવશે**?**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના કોઇપણ વિભાગની કોઇપણ પ્રકારની કરની આવક, ટેક્સની આવક, લાયસન્સની આવક એ છેવટે તો રાજ્યની તિજોરીમાં જ જમા થાય છે, એટલે કઇ રીતે કયા હેડમાં જમા થઇ એ જોવાનું રહેતું નથી.

**અધ્યક્ષશ્રી :** આવકના પ્રમાણે ધારાસભ્યોના પગાર મળે એમ કહે છે એ..

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** સાહેબ આપ કહો તો વિચારીએ. બીજો પ્રશ્ન માનનીય મોતીભાઇએ પુછ્યો, એક આશ્ચર્યજનક માહિતી છે કે નર્મદા જિલ્લો જે ૧૦૦ ટકા આદિવાસી જિલ્લો છે એમાં ઓફિસ નહિ હોવાના કારણે અને ખરીદીની શકિત આદિવાસી ભાઇઓની ઓછી હોવાના કારણે ૧૯૬૧ થી ૨૦૦૦ સુધી ચાળીસ વર્ષમાં કોઇ નવા વાહન નોંધાયા નહોતા અને ૨૦૦૧ થી ૨૦૧૧ના ૧૦ વર્ષમાં સો ટકા આદિવાસી વિસ્તારમાં ૨૫૬૧૯ નવા વાહનોની આદિવાસી ભાઇઓએ ખરીદી કરી છે.

**શ્રી જવાહરભાઇ પે. ચાવડા :** છેલ્લાં ૧૦ વર્ષમાં વાહનો વધ્યા એના કારણે આવક વધી, પણ એવું તો નથી ને કે પબ્લિક ટ્રાન્સપોર્ટની સેવા બગડી હોય એના કારણે માણસો પ્રાઇવેટ વાહન તરફ વળ્યા છે. એટલે મારે એ જાણવું હતું કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો યુસેઝ ઓછો થવાના કારણે લોકો પ્રાઈવેટ તરફ વળ્યા છે**?** તેના કારણે આપણી આવક વધી છે અથવા બસો આપણી બંધ થવાના કારણે**?**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરુભાઇ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ નર્મદા જિલ્લાનો પ્રશ્ન છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે અગાઉ કોઇ વાહનો નોંધાયા નહોતા, પણ તે દિવસે નર્મદા જિલ્લો અસ્તિત્વમાં જ નહોતો અને એને લીધે આ વાહનોની નોંધણી થઇ નથી. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ નર્મદા જિલ્લો ચાર તાલુકાઓમાં આવેલો છે તો તિલકવાડા તાલુકામાં આપણે આવું કોઇ સબ સેન્ટર આર.ટી.ઓ.ના પોસ્ટીંગ માટે કોઇ ખોલવા માગો છો કે કેમ**?**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે.

**શ્રી શબ્દશરણ ભા. તડવી :** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નર્મદા જિલ્લાની રાજપીપળા ખાતેની આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ લેવા આવતા નાગરિકોને તૈયાર કરેલ લાયસન્સ કેવી રીતે વિતરણ કરવામાં આવે છે**?** અને આર.ટી.ઓ. કચેરીની મુલાકાતે આવતા નાગરિકોની સુવિધા માટે સરકારશ્રી દ્વારા કોઇ પગલાં લેવામાં આવ્યા છે ખરા**?**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** હવે આપણે લાયસન્સ સ્માર્ટ કાર્ડ સાઇઝનું અને એ ટાઇપનું બનાવેલ છે, અગાઉ કાગળ ઉપર છાપેલું લાયસન્સ આપવામાં આવતું હતું. જે ખિસ્સામાં વળી જાય, પરસેવાથી પલળી જાય, પાણીથી પલળી જાય એવા ઘણા પ્રશ્નો થતાં હતા હવે આપણે જે વ્યવસ્થા કરી છે એમાં સ્માર્ટકાર્ડ ટાઇપમાં આપણે વધારે વિગતો પણ આપીએ છીએ. એમાં એમનો ફોટો પણ આવી જાય છે જેથી ગમે ત્યાં ઓળખાણ તરીકે, પરિચય માટે પણ આઇડેન્ટીટી કાર્ડ તરીકે પણ રજૂ કરવું હોય તો એ રજૂ કરી શકાય છે અને આ જે આપણે આપીએ છીએ તે કમ્પ્યુટરમાં તૈયાર કરીને હાથોહાથ આપીએ છીએ અગર તો જરૂર પડે સ્પીડ પોસ્ટથી લાયસન્સ અને આર.સી. બુક મોકલી આપવામાં આવે છે.

**શ્રી જોઇતાભાઇ ક. પટેલ :** મારા તાલુકામાં રાજસ્થાનની સરહદને અડીને બે ચેકપોસ્ટ..

**અધ્યક્ષશ્રી :** આ નર્મદાનો પ્રશ્ન છે

**શ્રી જોઇતાભાઇ ક. પટેલ :** પણ સાહેબ આખા રાજ્યની વ્યાપક આવકનો પ્રશ્ન છે

**અધ્યક્ષશ્રી :** ના, **ના**, આ નર્મદા જિલ્લાનો જ પ્રશ્ન છે

**શ્રી જોઇતાભાઇ ક. પટેલ :** અને એ ચેકપોસ્ટ ઉપર આડાઅવળા માર્ગે ટેક્સની ચોરી થાય છે એ સરકાર રોકવા માગે છે કે કેમ**?**

**અધ્યક્ષશ્રી :** નહિ, નહિ, નર્મદા જિલ્લાનો જ કોઇ પ્રશ્ન હોય તો તમે કહો, નહિ તો બાકી કંઇ નહિ પૂછી શકાય.

### વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઇન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ આવરી લેવા બાબત

* ૫૨૫૩ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨ માં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઇન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા છે, | (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨ માં તમામ ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઇન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. |
| (૨) કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાકી છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શાં પગલાં લેવાનું વિચાર્યુ છે ? | |

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન છે કે, વડોદરા જિલ્લામાં મંજૂર થયેલા આરોગ્ય સામૂહિક કેન્દ્રો કયા કયા છે ? મારો બીજો પ્રશ્ન છે કે, વડોદરા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો સામે અપૂરતી સુવિધા, સાધનો, ડોકટરોની નિયુક્તિ અંગે ફરિયાદો મળેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે, વડોદરા જિલ્લામાં ૨૦૧૧–૧૨માં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રને પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા. વડોદરા જિલ્લાના કુલ જે ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે આ તમામને આપણે ઇન્ડીયન પબ્લીક

હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષાના બનાવવા માટેની શરૂ કરી છે. જે સામૂહિક આરોગ્ય કેન્દ્રો આપણે અગાઉ બનાવતા હતા તેમાં હવે તબક્કાવાર જરૂરિયાત વધવાથી વ્યવસ્થાઓ વધારવા માટે આપણે આયોજન શરૂ કર્યુ છે. જૂના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં જે વ્યવસ્થાઓ અપાતી હતી તેના કરતાં વધુ વ્યવસ્થાઓ આપવાનું તબક્કાવાર આપણે આયોજન કર્યુ છે. જેમાં નવુ ફર્નિચર આવે, નવા સાધનો આવે, નવી દવાઓની અને સ્ટાફની વ્યવસ્થા આવે એ રીતે ધીમે ધીમે અપગ્રેડેશન આપણે ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા કક્ષાએ સામૂહિક આરોગ્ય કેન્દ્રની સેવાઓનું કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકટરોની ખાલી જગ્યા ભરવા માટે સતત પ્રક્રિયા ચાલુ છે. નવા ડોકટરો મળ્યેથી બધી જ જગ્યાઓ ભરવાનો સરકાર રાજયમાં તમામ જગ્યાએ પ્રયત્ન કરે છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું જાણવા માંગુ છું કે, વડોદરા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલા આરોગ્ય કેન્દ્રો મરામત નીચે છે ? મરામત અંગે શું જોગવાઇ છે ? અને આ કામગીરી કયારે પૂર્ણ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં કુલ જે ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. એને પોતાના મકાનો જયાં છે ત્યાં જરૂર પ્રમાણેનું મેઇન્ટેનન્સ આપણે કરીએ છીએ. બે સામૂહિક આરોગ્ય કેન્દ્રો જેમાં એક છાણીમાં હતુ. છાણી વિસ્તાર વડોદરા મહાનગરપાલિકામાં આવવાથી હવે તેને ત્યાંથી શીફ્ટ કરી અન્ય તાલુકામાં આપણે એ સામૂહિક આરોગ્ય કેન્દ્ર લઇ ગયા છીએ. તેના અગાઉના પીએચસીમાં તે સામૂહિક આરોગ્ય કેન્દ્ર અત્યારે ચાલે છે. એવી જ રીતે બાજવામાં પણ આપણે નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર પીએચસીમાં શરૂ કર્યુ છે. આ બન્ને જગ્યાએ નવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાનું કામ હાથ ઉપર લેવાનું આયોજન કર્યુ છે. બાકીના બે સામૂહિક આરોગ્ય કેન્દ્રો જે છે એક મોટા ફોફલીયાનું એ એન.જી.ઓ ચલાવે છે અને તે એમના મકાનમાં ચલાવે છે અને રાજય સરકાર તેને સો ટકા ગ્રાન્ટ આપે છે. એવુ જ બીજુ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે જે એન.જી.ઓ. ચલાવે છે તેને પણ રાજય સરકાર સો ટકા ગ્રાન્ટ આપે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલાં છે. આ ૧૭ આરોગ્ય કેન્દ્રમાં એનું મહેકમ કેટલું છે ? મારે બીજુ એ જાણવું છે કે, કલાસ–વન અને કલાસ–ટુની કેટલા વખતથી જગ્યાઓ ખાલી છે ? આ જગ્યાઓ ભરવા માટે કોઇ આયોજન કે નક્કર કામગીરી હાથ ઉપર લેવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રયત્ન છે કે રાજયના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર જિલ્લા તાલુકા કક્ષાની અને પ્રાથમિક આરોગ્ય કક્ષાની હોસ્પિટલોમાં શકય એટલો વધુ સ્ટાફ ભરવાનું અમે આયોજન કરીએ. પેરા મેડિકલ સ્ટાફ અને ડોકટર્સ તે બધાના માટે અમે ગૌણ સેવા પસંદગીમાં અને જિલ્લા પંચાયતોમાંથી ઇન્ડેન્ટ મૂકી અને કાર્યવાહી કરીએ છીએ. જેમાં વડોદરા જિલ્લાની કે અન્ય જિલ્લાની ખાલી જગ્યાઓ ભરવાનું અમે મોટા પ્રમાણમાં શરૂઆત કરીશું.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન વાંચશો તો આની અંદર જગ્યાનો સવાલ જ નથી સ્ટાન્ડર્ડ કક્ષાના કેટલા તે વાત છે. પછી મહેકમ કેટલું અને ખર્ચો કેટલો એ આની અંદર ના આવે. છતાં, તેની પાસે હોત તો એ જવાબ આપત પણ ખાલી જગ્યા ભરવા માટેની તેની જનરલ પોલિસીની વાત કરી.

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વડોદરા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રની ઓ.પી.ડી. વિભાગની વિગતો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજયની અંદર મેં મારા આરોગ્યના બજેટ પ્રવચન વખતે પણ કહ્યું હતું કે કરોડો દર્દીઓ દર વર્ષે રાજય સરકારની પી.એચ.સી. થી માંડીને અમદાવાદ સિવિલની સેવાઓનો જરૂરિયાત પ્રમાણે લાભ મેળવે છે. એવી રીતે વડોદરા જિલ્લાના જે ૧૭ સી.એચ.સી. છે એમાં માનનીય દીનુભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એની માહિતીમાં ૧૭ સી.એચ.સી.માં કુલ સરવાળો કરીએ તો ઓ.પી.ડી. ૫,૩૪,૪૩૯ થઇ છે. એવી રીતે ઇન ડોર ૧,૨૨,૦૦૦ થયા છે. ૧૦,૧૬૭ પ્રસૂતિ થઇ છે. ૪૪૩ પી.એમ. કરવામાં આવ્યા છે. લેબોરેટરીના ૨,૭૯,૮૯૪ સેમ્પલ લેવામાં આવ્યા છે. ૪,૮૭૨ એકસરે લેવામાં આવ્યા છે. એમ વડોદરા

જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાત પ્રમાણે દર્દીઓને આ સેવા આપવામાં આવે છે. બીજો તમારા પ્રશ્નનો જવાબ પણ આપી દઉં કે ડોકટર ન હોય તો બાજૂના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી અમે ઇન્ચાર્જમાં અથવા અઠવાડિયે ત્રણ દિવસ કે એવી વ્યવસ્થા કરી અને દર્દીઓને સેવા આપીએ છીએ. સેવાઓમાં કયાંય કચાશ રહેતી નથી.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં દરેક સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હાલ કેટલી પથારીની વ્યવસ્થા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમ તો રેશિયો જે છે એ દરેકમાં ૩૦ પથારીની સી.એચ.સી.ની આપણી વ્યાખ્યા છે. પણ જરૂરિયાતના અનુસંધાનમાં સાવલીમાં આપણે ૫૦ પથારીની હોસ્પિટલ છે, ડભોઇમાં ૫૦ છે. છોટા ઉદેપુરમાં ૧૦૦ છે. આ સી.એચ.સી. જ છે પણ જરૂરિયાતના અનુસંધાનમાં પથારીઓની વ્યવસ્થા વધારે રાખી છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : મારો સવાલ છે કે જે રોગ માટે ડોકટરોની જરૂર છે એ બરોડા નહીં પણ આખા ગુજરાતમાં નથી. તો કયારે જગ્યા ભરવાના છે? બીજા રાજયમાંથી લાવે. પણ લોકો બિચારા ખાનગી હોસ્પિટલમાં પૈસાથી ચીરાઇ જાય છે તો એનું તો જરા જૂઓ. આ ગરીબ લોકોનું પાપ લાગશે. સાત સાત વર્ષથી ડોકટરો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમનો પ્રશ્ન હું સમજયો નથી. ફરીથી પૂછવા વિનંતી કરું છું.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : અમારા નડિયાદ સિવિલમાં સાત વર્ષથી ફિઝિશીયન નથી,સિવિલ સર્જન નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ પ્રશ્ન વડોદરા જિલ્લાનો છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : વડોદરા જિલ્લામાં પણ નથી. ખેડા જિલ્લામાં ન હોય તો વડોદરા જિલ્લામાં કયાંથી હોય?

અધ્યક્ષશ્રી : તમારી વાત કરો છો ને? જગ્યા ભરાશે કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : વડોદરા જિલ્લાનો પ્રશ્ન છે અને સભ્યશ્રી નડિયાદની વાત કરે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૭

**નર્મદા જિલ્લામાં નવજાત બાળકો માટેના સારવાર કેન્દ્રોની સંખ્યા**

* ૫૨૩૪ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં નવજાત બાળકો માટેના કેટલા સારવાર કેન્દ્રો આવેલા છે, | (૧) ૧૦. |
| (૨) આ યોજના હેઠળ શા લાભ આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ નવજાત બાળકોને જરૂરિયાત મુજબની વિવિધ ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિમાં છેલ્લા ૧ વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપ્યો ? | (૩) ૧૭૯૨. |

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં તાલુકાવાર આશાની એક વર્ષની કામગીરીની વિગતો શું? કેટલા બાળકો આશાએ તપાસ્યા?અને તેનો ખર્ચ શું? બાળસખા તથા મમતા અભિયાનની કામગીરી બાબત અને તેનો ખર્ચ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાળમૃત્યુદર અને માતા મૃત્ય દર ઘટાડવો એ આ રાજય સરકારનું એક ઉચ્ચ કક્ષાનું ધ્યેય છે. ૧૯૯૧માં રાજયની અંદર બાળકોનો મૃત્યુદર ૬૯ હતો તેની સામે બધા વર્ષોનો નહીં કહું પણ મુખ્યમંત્રીશ્રીએ પોતે અંગત રસ લઇને ચિરંજીવી યોજના, બાલસખા યોજના આ બધી યોજનાઓ જે અમલમાં મૂકી.અને ગરીબ સગર્ભા માતાને અને ગરીબ બાળકોને પોષક આહાર આપવાની, એમની કાળજી રાખવાની જે વ્યવસ્થા ઉભી કરી એ ૧૯૯૧માં ૬૯ હતો એ આજે ઘટીને ૨૦૧૧માં ૪૧ થયો છે. હજુ પણ એને નીચે લઇ જવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. ફક્ત યોજનાઓથી

કામ નથી કરતા, અમે વ્યવસ્થાઓ પણ ઉભી કરીએ છીએ. ગુજરાતમાં દર વર્ષે લગભગ ૧૩.૩૦ લાખ નવા જન્મ થાય છે. એટલે દર વર્ષે ગુજરાતની વસ્તીમાં ૧૩.૫૦ લાખનો અંદાજે વધારો થાય છે. ૯૫ ટકા બાળકો ઇન્સ્ટીટયૂશનલ એટલે કે હોસ્પિટલમાં જન્મ મેળવે છે. એ પૈકી ૧૦ ટકા બાળકોને જન્મ વખતે કોઇને શ્વાસની તકલીફ હોય છે, કોઇ બાળક ઠંડું પડી જાય છે, કોઇને ચેપ લાગે છે, કોઇ બહેનને અધૂરા માસે ડિલીવરી થાય તો માતા અને બાળકનું આરોગ્ય જોખમમાં મૂકાય છે. એવું ન થાય એટલા માટે અમે જે intensive care unit શીશુ ઘનિષ્ઠ સારવાર કેન્દ્રની વ્યવસ્થા કરી છે. એમાં પ્રાથમિક આરોગ્ય કક્ષાએ ન્યૂ બોર્ન કેર કોર્નર બનાવ્યો છે. જેમાં બાળક જન્મે ત્યારે એને ગરમ અને હૂંફ આપવાના મશીનો વસાવ્યા છે અને એ મશીનથી બાળકને જન્મ સમયે તરત જ સારવાર મળે એ માટે ૪૭૦ ન્યૂ બોર્ન કેર કોર્નર અત્યારે રાજ્યમાં છે. તે સિવાય રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે એમાં સ્ટેબિલાઇઝેશન યુનિટ બાળકના જન્મ સમયે સારવાર આપે છે. એને ગંભીર રોગ હોય તો જિલ્લા કક્ષાએ સારામાં સારી વ્યવસ્થા આપણે કરી છે અને ૧૦૮ એમ્બ્યુલન્સથી એ બાળકને અને માતાને આપણે શીફ્ટ કરીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં નવજાત બાળકોની વાત થઇ. મારે મંત્રીશ્રીને એટલું પૂછવું છે કે, નર્મદા જિલ્લામાં જે પી.એચ.સી. અને સી.એચ.સી. છે એમાં ગાયનેકની અને પિડિયાટ્રીકની કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે અને કેટલી ભરેલી છે?

અધ્યક્ષશ્રી : આ નવજાત બાળકની સારવાર કેન્દ્રો માટેની વાત છે. બાળકો માટેનું હોય તો કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે રાજપીપળા જનરલ હોસ્પિટલની માહિતી છે. રાજપીપળામાં તજજ્ઞ ડોક્ટરોની છ જગ્યાઓ ભરેલી છે, એમ.બી.બી.એસ. ડોક્ટરની પાંચ જગ્યાઓ ભરેલી છે, ડેન્ટલ સર્જનની એક છે અને જોષીયારા તમે તો ડોક્ટર છો. આમાં બાળક જન્મે ત્યારે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે ત્યાં સુધી એમ.બી.બી.એસ. સારવાર કરી શકે છે અને સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો પણ છે એ પણ સારવાર કરી શકે છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોને ઘનિષ્ઠ સારવાર આપવામાં આવી છે અને છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકો સારવાર હેઠળ છે અને કેટલા બાળકોના જન્મ થયા હતા અને કેટલા બાળકોના મૃત્યુ થયા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મૃત્યુની માહિતી મારી પાસે નથી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, બાળકોની સારવાર માટે ભલે ડોક્ટર ન હોય, બાળ સખા યોજના અને ચિરંજીવ યોજના, માનનીય મંત્રીશ્રીને નવી વાત એટલા માટે કહેવી છે કે, ખિલખિલાટ યોજના શરૂ કરી છે એના માટે બજેટમાં અલગથી કોઇ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ? અને કેન્સર અને ગંભીર પ્રકારની બિમારીમાં આ હોસ્પિટલમાં કેટલા બાળકોએ સારવાર લીધી? એ માનનીય મંત્રીશ્રી કહે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જશાભાઇનો આભાર માનું છું કે, એમણે આ પ્રશ્ન પૂછ્યો. મુખ્યમંત્રીશ્રીની એક પ્રજાલક્ષી યોજના છે.ખિલખિલાટ માટે છે.

અધ્યક્ષશ્રી : ગંભીર પ્રકારની હોય તો કહો. પહેલાં ખિલખિલાટનું કહો. બધા જુવાનીયાઓ માટે ખિલખિલાટ છે તમે ક્યાં પૂછો છો? જુઓ આખું હાઉસ ખિલખિલાટ થઇ ગયું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપણે યોજના અમલમાં મૂકી છે. અત્યાર સુધીમાં કોઇ બિમાર હોય, અકસ્માત થયો હોય, કોઇ તકલીફ હોય તો ઇમરજન્સી સેવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં પહોંચાડતા હતા.હોસ્પિટલમાં દર્દી પહોંચે, સાજા થઇ જાય, સારા થઇ જાય, પછી એમને રજા આપવાની હોય, કોઇ બહેન ડીલીવરી માટે દાખલ થયા હોય, બાળક આવે, દીકરી આવે, આખા પરિવારમાં આનંદ હોય, પણ પછી હોસ્પિટલમાંથી ઘરે જતા બસમાં જવું પડે, જીપમાં જવું પડે, કે કોઇ ખાનગી ગાડી બોલાવીને જવું પડે, તો નાનું બાળક હોય, તાજી સગર્ભા બહેન હોય, કોઇ વૃદ્ધ હોય અને બિમાર થયા હોય અને સારા થયા હોય, તો એમને તકલીફ પડતી હતી. તો મુખ્યમંત્રીશ્રીએ એવો સુંદર વિચાર આપ્યો એ અમારા આરોગ્ય વિભાગે અમલમાં મૂકયો છે. કે એવા સાજા થયેલા દર્દીઓ અને નવીન જે બાળકો જન્મ્યા હોય એ

બાળક અને એની માતાને સરકારના ખર્ચે, પેલી ગાડી સાઈરનવાળી છે, તો આ ગાડી હસતા હસતા બાળકને એના ઘરે પહોંચાડે છે. ૧૦૮ની સાઈરન વાગે તો બીક લાગે કે કોણ બિમાર પડ્યું હશે પણ આ ખિલખિલાટ ગાડી, સારી સાઈરન, સારા–મીઠા અવાજની સાઈરન લઈને જાય તો બાળક હસતુ હોય એવી સાઈરન એમાં રાખી છે. આખા ગામમાં, મહોલ્લામાં, સોસાયટીમાં બધાને ખબર પડે કે આપણા મહોલ્લામાં આ બાળક આવ્યું.

**નર્મદા જિલ્લામાં નવજાત બાળકો માટેના સારવાર કેન્દ્રોની સંખ્યા**

* પ૨પ૬ **શ્રી બચુભાઈ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં નવજાત બાળકો માટેના કેટલા સારવાર કેન્દ્રો આવેલા છે, | (૧) ૧૦. |
| (૨) આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ નવજાત બાળકોને જરૂરિયાત મુજબની વિવિધ ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિમાં છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપ્યો ? | (૩) ૧૭૯૨. |

શ્રી બચુભાઈ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ**

* પ૨૭૮ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૧) ૨૦૦૧ની વસ્તીના ધોરણે મળવાપાત્ર સા.આ.કેન્દ્રો કાર્યરત છે તેથી કોઈ રકમ મંજૂર કરવામાં આવી નથી. |
| (૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે પ્રશ્ન નંબર–છ ના જવાબમાં એમણે આપ્યું છે કે ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. તો મારે એ જાણવું છે કે જે પ્રકારે દર્દીઓની સંખ્યા વધી છે તેના અનુલક્ષીને ખાલી ૧૭ જ છે અમારા જિલ્લામાં એની જગ્યાએ વડોદરા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાન બનાવવાની કોઈ યોજના છે કે કેમ? જો હા તો તેની વિગતો આપો.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે નિર્ધારિત કરેલા ધોરણો પ્રમાણે દર એક લાખની વસ્તીએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાનું નકકી થયેલું છે. આપણા વડોદરા જિલ્લા પૂરતી વાત કરીએ તો ૨૦૦૧ની જે વસ્તી ગણતરી છે એ અગાઉ જાહેર થઈ ચૂકેલી છે એના આધારે જે ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો જોઈએ એ પ્રમાણેની વ્યવસ્થા છે પણ અમે સરકારમાં એ પણ જાણીએ છીએ કે ૨૦૧૧ની વસ્તી ગણતરી થઈ ચૂકી છે. ભારત સરકાર તરફથી હજુ એના ઓફીસીયલ આકડા જાહેર કરવાના બાકી છે. પણ અમારા વિભાગે અને આ સરકારે દીર્ઘદ્રષ્ટિ વાપરી, દૂરંદેશી વાપરી ૨૦૧૧માં રાજયમાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવાના થશે એનો સર્વે કરી દીધો છે અને એ પ્રમાણે વડોદરા જિલ્લામાં આવનારા સમયમાં બે નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવામાં આવશે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે વડોદરા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ, ભરાયેલ, ખાલી રહેલ સંવર્ગની વિગતો શી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં કુલ ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે એમાં જે જગ્યાઓ ભરેલી છે એમાં વર્ગ–૧ની ૬ જગ્યા ભરેલી છે. વર્ગ–રની ૪૧ જગ્યા ભરેલી છે. વર્ગ–૩ની ૧૩૭ જગ્યા ભરેલી છે. અને વર્ગ–૪ની ૧૧૬ જગ્યા ભરેલી છે જે ખાલી જગ્યાઓ છે એને મેં આગળના જવાબમાં કીધું એમ એ તબકકાવાર જગ્યા ભરવા માટે ગૌણ સેવા પસંદગી અને જી.પી.એસ.સી. મારફતે કાર્યવાહી ચાલુ છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને ખિલખિલાટ આ બે સેવા ખૂબ સારી સેવા છે અને અત્યારના યુગમાં જરૂરી સેવા છે પણ ઘણા દવાખાના એવા છે કે ત્યાં શબને લઇ જવા માટે શબવાહિનીની વ્યવસ્થા નથી તો રાજય સરકાર દવાખાનાની અંદર શબવાહિની મૂકવા માગે છે કે કેમ? અથવા તો ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી શબવાહિની મૂકવા માટે આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકાઓ અને જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં મારી જાણકારી પ્રમાણે લગભગ મોટા ભાગની જગ્યાએ શબવાહિની છે. ઘણી નગરપાલિકાઓમાં દાતાઓના સહયોગથી અથવા અન્ય દાનથી બનાવેલી શબવાહિનીઓ પણ છે. છતાં આપના બન્ને સૂચનો ઉપર ગંભીરતાપૂર્વક વાજબી રીતે સરકાર વિચારણા કરશે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, એમણે કહ્યું કે આ ૨૦૦૧ની વસતિના ધોરણે ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. પણ ૨૦૧૧ની વસતિના ધોરણે બે નવા આરોગ્ય કેન્દ્રો ખોલાશે તો આ બે નવા આરોગ્ય કેન્દ્રો કઇ જગ્યાએ હશે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** હજુ એનો સરવે પ્રથમ અલગથી કર્યો છે. મેં કહ્યું એ પ્રમાણે ભારત સરકારે હજુ આંકડા જાહેર કર્યા પછી એ આવ્યા પછી આખા રાજ્યમાં નવા જે સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવાના છે એના માટેની બજેટમાં પણ આપે જોયું હશે કે રાજ્યમાં નવા ૨૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૫૦ પી.એચ.સી. અને ૪૦૦ પેટા કેન્દ્રો ખોલવા માટે આ વર્ષે બજેટમાં જોગવાઇ કરી છે. દૂર દૂરના વિસ્તારો હોય, દર્દી પહોંચી શકે એવી સ્થિતિ ન હોય ત્યારે જરૂર પડયે માનનીય સભ્યશ્રીઓના સૂચનો હશે તો નવી વ્યવસ્થા ઉભી કરવાની વિચારણા કરીશું.

**શ્રી સતિષભાઇ મો. પટેલ :** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પી.એચ.સી.માં નિમણૂક આપેલ વર્ગ–૧ અને વર્ગ–રના તબીબી અધિકારીઓની વિગતો શું છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** ડોકટરોની અવર–જવર તે પ્રકારની હોય છે. આજે કોઇ એમ.બી.બી.એસ.ની ડીગ્રી લીધી હોય પછી બોન્ડની શરતો પ્રમાણે ત્રણ વર્ષ સરકારી નોકરી કરવાની હોય છે. એટલે એ લોકો આપણી પાસે આવે. હમણાં જ લગભગ ૩૦૦ નવા ડોકટરોને આ સત્ર ચાલતું હતું તે દરમિયાન આપણે ઓર્ડર આપ્યા. હવે એવું થવાનું કે પી.જી.ના એડમિશન ચાલું થશે એટલે પી.જી.માં એડમિશન મળશે એ ડોકટરો એમ.બી.બી.એસ.માંથી પી.જી. કરવા માટે કોલેજોમાં પાછા જવાના. સરકારના નિયમો પ્રમાણે એમને મંજૂરી આપવી પડતી હોય છે. માનનીય સતિષભાઇએ પ્રશ્ન પૂછયો એ પ્રમાણે આરોગ્ય વિભાગે જી.પી.એસ.સી. મારફતે વડોદરા જિલ્લામાં ૧૩ ડોકટરોની નિમણૂક આપી છે. ૧૩ બોન્ડેડ ડોકટરોને નિમણૂક આપી છે. એડહોક ૫ ડોકટરોને નિમણૂક આપી છે. એવી જ રીતે જિલ્લા પંચાયતના જે પી.એચ.સી. ચાલે છે એમાં જી.પી.એસ.સી.ના ૨૬ ડોકટરોને નિમણૂક આપી છે. બોન્ડેડ ૨૯ ડોકટરોને નિમણૂક આપી છે અને એડહોક ૧૨ ડોકટરોને નિમણૂક આપી છે.

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**આણંદ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૩૧૦ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨માં આણંદ આર.ટી.ઓ. કચેરીની તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૪૭.૩૨ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૧ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા. ૩.૯૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**શ્રી સંજયકુમાર ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં માર્ચ–૨૦૦૧ સુધી કેટલા વાહનો નોંધાયેલા હતા અને માર્ચ–૨૦૦૧ થી ૨૦૧૧ સુધીના કેટલા વાહનો નોંધાયા? બીજો પ્રશ્ન છે કે ૨૦૦૧ની સ્થિતિની સરખામણીએ ૨૦૧૧ સુધી કયા કયા પ્રકારના કેટલા વાહનોની નોંધણીમાં ફેરફાર થયો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** આણંદ જિલ્લાની રચના પાછળથી થઇ છે એટલે અગાઉના આંકડા મારી પાસે નથી. પણ ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો પછી ૧,૯૯,૫૧૫ વાહનો નોંધવામાં આવ્યા છે. એમણે બીજો પ્રશ્ન પૂછ્યો એમાં ટુ વ્હીલર ૧,૩૬,૫૮૪ વાહનો, ફોર વ્હીલર ૨૩,૭૬૩, ટ્રેકટર અને ટ્રેલર ૧૪,૦૫૩, ટ્રકો અને લોડીંગ વાહનો ૯૦૨૬, ઓટોરિક્ષા ૧૫,૦૯૨ અને અન્ય વાહનો ૨૮૧ તથા પેસેન્જર વાહનો ટેક્સી તરીકે ફરે એવા ૭૧૬ એમ કુલ ૧,૯૯,૫૧૫ વાહનો ૧૦ વર્ષમાં નોંધાયા છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** આર.ટી.ઓ. કચેરીમાં આવકમાં વધારો થયો છે. અગાઉ કહ્યું એ પ્રમાણે જ્યારે વાહનોની નોંધણી થાય છે ત્યારે નંબરો માટેની પણ હરાજી કરાવવામાં આવે છે. આ પસંદગીના નંબરની યોજના કયા વર્ષથી દાખલ થઇ અને છેલ્લા એક વર્ષમાં પસંદગીના નંબરોના વાહનોની સંખ્યા કેટલી અને આવક કેટલી?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** આ માહિતી મારી પાસે નથી.

**અધ્યક્ષશ્રી :** ટેબલ ઉપર મૂકજો.

શ્રી જયંતભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લો એક સમૃદ્ધ જિલ્લો છે. દર વર્ષે આવક વધે છે એની સામે ઇન્ફ્રાસ્ટ્રકચર લેવલે ત્યાં ઝીરો છે. અરજદારોને બેસવાની જગ્યા નથી હોતી, પાણી પીવાની જગ્યા નથી હોતી, ઉંમરલાયક અરજદારો બિચારા ઊભા રહે છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આણંદ જિલ્લામાંથી આટલી આવક મેળવો છો ત્યારે ઇન્ફ્રાસ્ટ્રકચર માટે જે પ્રાથમિક સુવિધા પાણી, લાઇટ, બેસવા માટે જગ્યા મૂકવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાની હાલની કચેરી ૨૦૦૩થી નવા સરકારી મકાનમાં કાર્યરત છે, છતાં માનનીય સભ્યશ્રીની લાગણી છે કે ત્યાં કદાચ કોઇ સુવિધાનો અભાવ હશે તો એને પૂર્ણ કરવા પ્રયત્ન કરીશું.

અધ્યક્ષશ્રી : એમની જાત માહિતી છે. તપાસ કરાવીને સગવડતા કરાવી દેજો.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : હા, ચોક્કસ.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વધારાની સવલતરૂપે રજિસ્ટર થતાં વાહનોની આર.સી.બૂક અને ડ્રાઈવિંગ લાયસન્સ આપણે સ્પીડ પોસ્ટથી મોકલાવીએ છીએ તો તેનો કેટલો વધારાનો ચાર્જ લેવામાં આવે છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપણે રજિસ્ટર કરીએ કે સ્પીડ પોસ્ટ કરીએ તો ઘણો ખર્ચો થાય પણ રાજ્ય સરકારના વાહનવ્યવહાર વિભાગ તરફથી કોઈપણ જાતનો ચાર્જ લીધા સિવાય આ સ્પીડ પોસ્ટથી એના ઘરે બેઠાં આર.સી.બૂક અને ડ્રાઈવિંગ લાયસન્સ મોકલવામાં આવે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ઓવરલોડ ટ્રકો કેટલી પકડાઇ? એમાં કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો? આર.ટી.ઓ. કચેરીએથી થયેલી આવક સરકારના કયા હેડ નીચે જમા લેવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય રામસિંહભાઇએ જે પ્રશ્ન પૂછ્યો હતો, ૨૦૧૧માં ૧ કરોડ ૫૬ લાખ રૂપિયા આણંદ જિલ્લાએ પસંદગીના નંબરના આપ્યાં અને ૨૦૧૨માં ૧ કરોડ ૫૨ લાખ આપ્યાં આણંદ જિલ્લાના વાહન માલિકોને અભિનંદન. હરિફાઇ હજુ વધારે કરો. આણંદ જિલ્લાની જે આર.ટી.ઓ. કચેરીની આવક છે એ કયા કયા પ્રકારની આવક છે એની વિગત, જે ઉચ્ચક વેરા તરીકે આવક છે એ ૩૨ કરોડ રૂપિયા, પી.એમ.બી. કર જે છે ૨ કરોડ ૩૦ લાખ છે. અન્ય કર ૫ કરોડ ૬૦ લાખ છે, પી.એ.ની ફી ૭૩ લાખ છે અને આઇ અંગેની ફી ૬ કરોડ ૩૬ લાખ છે, આ પ્રમાણેની આવક છે.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આણંદ ખાતે આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ લેવા આવતા નાગરિકો માટે સરકારશ્રી દ્વારા સુવિધા માટે કોઇ પગલા લેવામાં આવ્યાં છે? બીજો પ્રશ્ન, આણંદ ખાતે આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ તૈયાર થયેલા ડ્રાઇવિંગ લાયસન્સનું વિતરણ કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્પીડ પોસ્ટથી વિતરણ કરવામાં આવે છે. રાજ્યની દરેક કચેરીમાં એમાં આણંદ પણ આવી જાય, જેટલી કામગીરી વધારે હશે એટલી વધારે સુવિધા આપવાનો સંપૂર્ણ પ્રયત્ન કરવામાં આવશે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન અને ભારત સરકારની ગાઇડલાઇન મુજબ હવે દરેક હાઇસિક્યોરિટી નંબર પ્લેટ ફરજિયાત કરવાની છે. આણંદ જિલ્લામાં કુલ કેટલા વાહનો છે? અને આજની તારીખે કેટલા વાહનોને હાઇસિક્યોરિટી નંબર પ્લેટ આપવામાં આવી છે? અને એની શું કિમંત લેવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લા પુરતી નહિ પણ જનરલ વાત કરું. આખા રાજ્યની અંદર હાઇસિક્યોરિટી નંબર પ્લેટ એ સુપ્રીમ કોર્ટે આપેલા નિર્દેશ પ્રમાણે બનાવવાનું, એને લગાડવાની કામગીરી ગાંધીનગર જિલ્લા આર.ટી.ઓ.કચેરીએથી તબક્કાવાર ચાલુ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં એનો અમલ કરવામાં આવશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછ્યો કે, ઓવરલોડ ટ્રકો કેટલી પકડાઇ? એમાં કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો? આર.ટી.ઓ. કચેરીએથી થયેલી આવક સરકારના ક્યા હેડ નીચે જમા લેવામાં આવે છે? મારા પ્રશ્નનો જવાબ મંત્રીશ્રીએ નથી આપ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તમારું સૂચન છે. અભ્યાસ કરી લઇશું.

**બારડોલી એ. આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૩૦૬ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી એ.આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કટેલી આવક થઇ, | (૧) રૂા. ૨૮.૩૯ કરોડની આવક થઇ. |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કટેલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા. ૪.૬૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, બારડોલી જિલ્લામાં માર્ચ, ૨૦૦૧ની સ્થિતિએ કેટલા વાહનો નોંધાયા હતા અને ૨૦૦૧ થી ૨૦૧૧ના સમયગાળામાં કેટલા નવા વાહનો નોંધાયા હતા અને મારો બીજો પ્રશ્ન છે કે, બારડોલી જિલ્લામાં માર્ચ,

૨૦૦૧થી સ્થિતિની સરખામણીમાં દસ વર્ષમાં કયા કયા પ્રકારના વાહનોની નોંધણીની સંખ્યામાં કેટલો વધારો થયો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વાહનોની ખરીદી નાગરિકો દ્વારા સતત દરેક જિલ્લામાં વધતી જાય છે. એ પ્રમાણે બારડોલીમાં પણ ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીના ૪૦ વર્ષમાં ૪૮,૭૨૮ વાહનો નોંધાયા હતા. ૨૦૦૧ થી ૨૦૧૧માં ૧,૧૯,૭૬૯ વાહનો નોંધાયા છે જેમાં, ટુ વ્હીલર ૯૦,૯૮૭ છે, ફોર વ્હીલર ૧૨,૯૮૫ છે, ટ્રેકટર-ટ્રેલર ૬,૭૭૧ છે, ભારે ટ્રકો ૫,૯૮૩ છે, ઓટોરિક્ષા ૧,૯૭૪ છે, અન્ય વાહનો ૪૧૬ છે અને પેસેન્જર વાહનો ૬૫૩ છે. કુલ ૧,૧૯,૭૬૯ વાહનો નોંધાયા છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે, જે આ આર.ટી.ઓ.માં કે જે આ પોલીસ આને પકડતો, પણ નંબર પ્લેટ ઉપર પોલીસના વાહનો ઉપર જે મોટર સાયકલ લઇને જતા હોય અને ખાલી P લખેલું હોય છે, એને નંબર પ્લેટમાં કોઇ નંબર પણ નથી હોતો, ખાલી P , તો એવા કોઇને કોઇ સજા કરી છે કે તમે દંડ લીધો છે ખરો ? ખાલી P લખેલું હોય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી છબિલભાઇ, હું આ ગૃહ મારફતે આખા રાજ્યને કહું છું કે, કોઇપણ વાહન ઉપર નંબર પ્લેટ સિવાય અને ભગવાન, દેવી-દેવતાને માનતા હોય તો પણ ગાડીની અંદર, બહાર કોઇપણ પ્રકારનું લખાણ હશે, સિવાય કે, વંદે માતરમ્ અથવા ભારત માતા કી જય કારણ કે, એ રાષ્ટ્રીય નારો છે. એ સિવાયના કોઇપણ લખાણો ઉપર ટૂંક સમયમાં અમે કડકાઇથી કાર્યવાહી કરવાના છીએ, દંડ કરવાના છીએ. જેને બદલવું હોય એ બદલી નાખજો, કાઢવું હોય એ કાઢી નાખજો, કોઇપણ જાતનું લખાણ નહીં ચાલે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, વધારાની સવલત રૂપે આર.સી.બૂક અને ડ્રાયવીંગ લાયસન્સનું સ્પીડ પોસ્ટથી વિતરણ કરવામાં આવે છે તે માટે કેટલો વધારાનો ચાર્જ લેવામાં આવે છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, કોઇ ચાર્જ લેવામાં આવતો નથી. સરકાર વિનામૂલ્યે આ સેવા આપે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ડ્રાઇવીંગ લાયસન્સ મેળવવા માટે ધોરણ-૮નો અભ્યાસ હોવો જરૂરી છે. જે લોકો ખરેખર ભણ્યા નથી અને ખરેખર ખેત મજૂરી કરે છે તો એમને લાયસન્સ આપવા માટે કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાયસન્સના નિયમો અને આખો ટ્રાન્સપોર્ટ એક્ટ એ ભારત સરકારનો છે અને હવે ખરેખર તો ઉપરથી નલીનભાઇ આપણે બધાએ એવા સૂચનો કરવા જોઇએ, શિક્ષણને વધારો આપવા માટે કે, ધોરણ-૧૨ ભણેલા હોય એને જ ડ્રાયવીંગ લાયસન્સ આપવું. તો તમે તો તેનાથી નીચેનાની વાત કરો છો. ખરેખર શિક્ષણને ઉત્તેજન આપવું હોય તો એવા પ્રકારની વ્યવસ્થા કરવી જોઇએ કે, લોકોને ભણવાનું મન થાય.

**રાજ્ય સરકારની સેસ અને વધારાના વેટની આવક**

* ૫૬૩૧ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડીસે-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને સેસ દ્વારા અને વધારાના વેટ દ્વારા કુલ કેટલી આવક થઇ ?

**જવાબ**

(રૂ. કરોડમાં)

| વર્ષ | સેસની આવક | વધારાના વેટની આવક |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૮૦૭.૧૮ | ૩૮૦૬.૬૯ |
| ૨૦૧૨-૧૩ (ડીસે-૨૦૧૨ સુધી) | ૬૭૮.૯૬ | ૩૩૮૮.૭૫ |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ટેક્સ લેવાય છે ત્યારે અને જે એડીશનલ ટેક્સ અને સેસ જે લેવાય છે એ પણ ઘણો વધારે, છેલ્લા બે વર્ષમાં ૮૬૮૧ કરોડ રૂપિયા

જેટલો થાય છે ત્યારે મારે એમ કહેવું છે કે, જે ગેસ સિલિન્ડર પર આપણે ટેક્સ ફ્રી છે એ પ્રમાણે ઘર વપરાશ માટે જે પાઇપ લાઇનથી આપણે ગેસ આપીએ છીએ એ ગેસમાં જે ટેક્સ લઇએ છીએ તે અને એના ઉપર જે એડીશનલ ટેક્સ લઇએ છીએ તે નાબૂદ કરવા માગો છે કે કેમ ?

અધ્યક્ષશ્રી : તમે આ સેસ માંથી ગેસમાં ક્યાંથી આવ્યા ? પછી એક એક આઇટમ ઉપર થશે. સેસ વસ્તુ જુદી અને ગેસ વસ્તુ જુદી ભાઇ. પછી પેટ્રોલની વાત આવશે પછી બધાયની આવશે.

ડો. અનિલ જોષીયારા : સાહેબ, આ ગુજરાતની બહેનોનો સવાલ છે. સિલિન્ડરમાં આપણે નથી લેતા એ ગેસ આપણે ટેક્સ ફ્રી આપીએ છીએ તો પછી આપણે જે પાઇપ લાઇનથી ગેસ આપીએ છીએ એ ગેસ ટેક્સ ફ્રી મળે એવી માનનીય મંત્રીશ્રીને..

અધ્યક્ષશ્રી : આમાંથી ઉપસ્થિત નથી થતો. જવાબ હોય તો આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલું તો માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં સૌથી વધુ ટેક્સ છે એ સદંતર સાચું નથી. કારણ કે, ખોટા તમને મારે કહેવાય નહીં એટલે આપની વાત સાચી નથી. મેં બજેટ પ્રવચન વખતે પણ આંકડા આપ્યા હતા, બધા જ રાજ્યોની વેબ સાઇટ છે, તમે જોઇ લેજો..

અધ્યક્ષશ્રી : **પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે**.

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### અમદાવાદ શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં કરેલ ખર્ચની જોગવાઇ

* ૫૩૪૫ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલ માટે કેટલી રકમોની જોગવાઇ અને ખર્ચ કરવામાં આવ્યું, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલ માટે રેવન્યુ અને બાંધકામ સદરે કુલ રૂ. ૩૯૨.૧૨ કરોડની જોગવાઇ કરેલ હતી જેની સામે કુલ રૂ. ૩૭૩.૮૭ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ક્યા ક્યા મંજૂર થયેલ કામો પેન્ડીંગ છે ? | (૨) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માસ્ટર પ્લાન હેઠળ મંજૂર થયેલ કામો પૈકી ન્યુ મેન્ટલ કેમ્પસમાં રહેણાંક મકાનનાં કામો પેન્ડીંગ છે. |

---------

### રાજ્યના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના એરીયર્સનો છેલ્લો હપ્તો રોકડમાં ચૂકવવા બાબત

* ૫૪૮૯ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યના કર્મચારીઓ અને પેન્શનરોને છઠ્ઠા પગારપંચનો છેલ્લા તફાવત એરીયર્સનો હપ્તો ક્યારે રોકડમાં ચૂકવવામાં આવનાર છે? | છઠ્ઠા પગારપંચનો છેલ્લા તફાવતના એરીયર્સનો (પાંચમો) હપ્તો રાજ્યના કર્મચારીઓ અને પેન્શનરોને નાણાકીય વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માં ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલી છે. |

---------

### પી.સી.એન્ડ પી.એન્ડ ડી.ટી. એક્ટ હેઠળ ખાનગી ક્ષેત્રના તબીબોને ઓન લાઇન ફોર્મ ભરવા અંગે સુવિધા

* ૫૨૭૬ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પી.સી. એન્ડ પી. એન્ડ ડી.ટી. એક્ટ હેઠળ ખાનગી ક્ષેત્રના તબીબો ઓન લાઇન ફોર્મ F ભરી શકે તે માટે રાજ્ય સરકાર કોઇ સુવિધા ઊભી કરવા વિચારેલ છે, | (૧) હા, જી. |

અને

(૨) જો હા, તો કઇ કઇ ?

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નેશનલ ઇન્ફર્મેટીક સેન્ટર (એન.આઇ.સી.)ના સંયુક્ત ઉપક્રમે http://betivadhao.guj.nic.in નું વેબ પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે. તેમાં ઓનલાઇન ફોર્મ–એફ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ સ્માર્ટ કાર્ડ આપવા બાબત**

* ૫૬૩૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર અને શહેરવાર કેટલા બી.પી.એલ. કુટુંબો પૈકી કેટલાને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ સ્માર્ટ કાર્ડ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને નવા કાર્ડ આપવામાં આવ્યા અને કેટલાના કાર્ડ રીન્યુ કરવામાં આવ્યા, અને

(૩) બાકી કુટુંબોને કેટલા સમયમાં સ્માર્ટ કાર્ડ આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) **પત્રક – અ** મુજબ

(૨)

| વિગત | વર્ષ તા. ૧–૨–૧૧ થી તા. ૩૧–૧–૧૨ | વર્ષ તા. ૧–૨–૧૨ થી તા. ૩૧–૧–૧૩ |
|---|---|---|
| નોંધણી કરાવેલ નવા કાર્ડની સંખ્યા | ૯૦,૮૪૯ | ૬૪,૫૫૮ |
| રીન્યુ કરેલ કાર્ડની સંખ્યા | આ યોજનાની જોગવાઇ મુજબ દર વર્ષે નોંધણી કરાવ્યેથી નવા કાર્ડ જ આપવામાં આવે છે. | |

(૩) આર.એસ.બી.વાય. અંતર્ગત સ્માર્ટ કાર્ડ મેળવવા માટે બી.પી.એલ. કુટુંબોએ દર વર્ષે નોંધણી કરાવવી ફરજીયાત છે. આ વર્ષે નોંધણી કામગીરી દરમ્યાન બાકી કુટંબો નોંધણી કરાવશે ત્યારે તેઓને સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે.

એચબી–૮૪૫–૨

**પત્રક – અ**

**તા. ૧–૨–૧૨ થી ૩૧–૧–૧૩ સુધી**

| તાલુકો / શહેરનું નામ | | કુલ બી.પી.એલ. કુટુંબો | સ્માર્ટ કાર્ડ અપાયેલ કુટુંબો |
|---|---|---|---|
| આણંદ | ગ્રામ્ય | ૨૫,૧૫૬ | ૯,૯૩૨ |
| | આણંદ શહેર | ૩,૨૩૧ | ૧,૪૫૯ |
| | બોરીયાવી શહેર | ૨,૯૦૮ | ૧,૭૯૫ |
| | કરમસદ શહેર | ૨,૯૩૩ | ૧,૦૨૬ |
| | ઓડ શહેર | ૧,૫૬૨ | ૧,૨૮૩ |
| | વલ્લભવિદ્યાનગર શહેર | ૧,૩૦૮ | ૬૮૦ |
| | કુલ તાલુકા | ૩૭,૦૯૮ | ૧૬,૧૭૫ |
| આંકલાવ | ગ્રામ્ય | ૧૬,૫૭૪ | ૪,૬૮૮ |
| | શહેર | ૨,૦૮૪ | ૦ |

| | | | |
|---|---|---|---|
| | કુલ તાલુકા | ૧૮,૬૫૮ | ૪,૬૮૮ |
| બોરસદ | ગ્રામ્ય | ૩૭,૫૩૯ | ૧૯,૬૬૧ |
| | શહેર | ૨,૭૯૭ | ૦ |
| | કુલ તાલુકા | ૪૦,૩૩૬ | ૧૯,૬૬૧ |
| સોજીત્રા | ગ્રામ્ય | ૯,૫૧૭ | ૩,૬૧૧ |
| | શહેર | ૦ | ૦ |
| | કુલ તાલુકા | ૯,૫૧૭ | ૩,૬૧૧ |
| ખંભાત | ગ્રામ્ય | ૧૮,૧૩૩ | ૬,૨૮૮ |
| | શહેર | ૪,૪૨૦ | ૦ |
| | કુલ તાલુકા | ૨૨,૫૫૩ | ૬,૨૮૮ |
| પેટલાદ | ગ્રામ્ય | ૨૨,૪૭૯ | ૯,૦૬૨ |
| | શહેર | ૪,૯૬૬ | ૨,૩૮૦ |
| | કુલ તાલુકા | ૨૭,૪૪૫ | ૧૧,૪૪૨ |
| ઉમરેઠ | ગ્રામ્ય | ૧૬,૦૭૯ | ૨૮૧ |
| | શહેર | ૧,૮૦૫ | ૫૦૫ |
| | કુલ તાલુકા | ૧૭,૮૮૪ | ૭૮૬ |
| તારાપુર | ગ્રામ્ય | ૮,૧૯૫ | ૧,૯૦૭ |
| | શહેર | ૦ | ૦ |
| | કુલ તાલુકા | ૮,૧૯૫ | ૧,૯૦૭ |
| કુલ સરવાળો | | ૧,૮૧,૬૮૬ | ૬૪,૫૫૮ |

--------

**વલસાડ જિલ્લામાં આયુર્વેદિક હોસ્પિટલોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

* ૫૫૭૫ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ આયુર્વેદિક હોસ્પિટલો કેટલી છે, અને

(૨) એમાં ડોકટરો અને અન્ય સ્ટાફની સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) એક (૧)

(૨) ડોકટરો અને અન્ય સ્ટાફની સંવર્ગવાર ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી |
|---|---|---|
| ૧ | વૈદ્ય પંચકર્મ વર્ગ-૧ | ૧ |
| ૨ | જુનીયર કલાર્ક વર્ગ-૩ | ૧ |
| ૩ | સ્ટાફનર્સ વર્ગ-૩ | ૨ |
| ૪ | કમ્પાઉન્ડર વર્ગ-૩ | ૧ |
| | **કુલ** | **૫** |

---------

**કચ્છ જિલ્લામાં સિમેન્ટ કંપનીઓમાંથી ટ્રકોમાં ઓવરલોડ માલ ભરવા અંગેની મળેલ ફરિયાદો**

* ૫૪૫૭ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લખપત અને અબડાસા તાલુકામાં આવેલ સિમેન્ટ કંપનીઓમાંથી ટ્રકો ઓવરલોડ ભરીને જાય છે તેવી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં કેટલી મળી, | (૧) કુલ ૩ ફરીયાદો મળી. |
| (૨) ઓવરલોડ બંધ કરાવવા શાં પગલાં ભરવામાં આવ્યા, અને | (૨) ઓવરલોડ વાહનો ઉપર મોટા વાહન કાયદાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) આ સ્થળો ઉપર કાયમી વજન કાંટા સહિત ચેકપોસ્ટ ઊભી કરવા શી કાર્યવાહી થઇ છે? | (૩) કચ્છ જિલ્લામાં સામખીયાળી ખાતે ચેકપોસ્ટ કાર્યરત છે, જ્યાં વજન કાંટાઓ પણ બેસાડવામાં આવેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૫૨૫૧ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રના સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના સંવર્ગવાર મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો સંલગ્ન ***પત્રક–૧ ના (ભાગ–૧) અને (ભાગ–૨)**માં દર્શાવ્યા મુજબની છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) સા. આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.<br>આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૨૯૬ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂા. ૨૧.૬૧ કરોડની આવક થઇ. |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા. ૧.૭૮ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૫૩૦૯ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨ માં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂા.૪૯.૬૨ કરોડની આવક થઇ. |
| (૨) ગત વર્ષની આવકની સરખામણીમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા.૧.૫૭ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં સિમેન્ટ કંપનીઓમાંથી ટ્રકોમાં ઓવરલોડ માલ ભરવા મળેલ ફરિયાદો**

* ૫૪૪૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લખપત અને અબડાસા તાલુકામાં આવેલ સિમેન્ટ કંપનીઓમાંથી ટ્રકો ઓવરલોડ ભરીને જાય છે તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી, | (૧) કુલ–૩ ફરિયાદો મળી. |
| (૨) ઓવરલોડ બંધ કરાવવા શાં પગલાં ભરવામાં આવ્યા, અને | (૨) ઓવરલોડ વાહનો ઉપર મોટર વાહન કાયદાની જોગવાઇઓ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) આ સ્થળો ઉપર કાયમી વજન કાંટા સહિત ચેકપોસ્ટ ઊભી કરવા શી કાર્યવાહી થઇ છે ? | (૩) કચ્છ જિલ્લામાં સામખીયાળી ખાતે ચેકપોસ્ટ કાર્યરત છે, જ્યાં વજન કાંટાઓ પણ બેસાડવામાં આવેલ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૫૨૪૯ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૬,૮૯૬. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૬,૮૯૬. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે | (૪) શૂન્ય. |

?

---------

**ગોધરા જનરલ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૫૧૫૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા જનરલ હોસ્પિટલમાં ક્યા ક્યા રોગના કેટલા ડોક્ટરોની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | રોગના ડોક્ટરનું નામ | જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| (૧) | હાડકાના | ૧ | નવેમ્બર–૨૦૧૦ થી |
| (૨) | આંખના | ૧ | ઓગસ્ટ–૨૦૧૨ થી |
| (૩) | સ્ત્રી રોગના | ૧ | માર્ચ–૨૦૧૨ થી |
| (૪) | માનસિક રોગના | ૧ | એપ્રિલ–૨૦૧૦ થી |

(૨) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

**વલસાડ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૫૩૨૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ વલસાડ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ વલસાડ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ મહેકમ–૫૫ નું છે.

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ૨૩ જગ્યાઓ ખાલી છે, જેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યાઓ ખાલી પડ્યા તારીખ |
|---|---|---|
| સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | તા.૨૭–૮–૦૧ |
| મોટર વાહન નિરીક્ષક | ૦૩ | તા.૨–૨–૧૦, તા.૧૦–૫–૧૦, તા.૪–૧૧–૧૦ |
| સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ | તા.૧૮–૧–૧૦, તા.૧૦–૫–૧૦, તા.૧૦–૧૧–૧૦ |
| જુનીયર ક્લાર્ક | ૦૩ | તા.૧૧–૭–૧૧, તા.૨૦–૭–૧૧, તા.૩૧–૭–૧૨ |
| ક્લાર્ક–કમ ટાઇપીસ્ટ | ૦૩ | તા.૨૫–૬–૦૯, તા.૧૯–૬–૧૦, તા.૧૧–૧૧–૧૦ |
| હિસાબનીશ | ૦૧ | તા.૩૧–૫–૧૨ |
| સર્કલ ઓફીસર | ૦૧ | તા.૬–૭–૧૧ |
| નાયક | ૦૧ | તા.૩૦–૪–૧૨ |
| પટાવાળા | ૦૬ | તા.૨૮–૨–૦૯, તા.૩૦–૬–૦૯, તા.૩૦–૧૧–૧૦, તા.૩૧–3–૧૨, તા.૩૦–૪–૧૨, તા.૩૦–૬–૧૨ |
| ચોકીદાર | ૦૧ | તા.૩૧–૭–૧૨ |
| **કુલઃ** | **૨૩** | |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે.

---------

## મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ

૫૨૬૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો છે, અને | (૧) ૭૮,૨૮૩ લાભાર્થીઓ. |
| (૨) આ યોજના હેઠળ આ લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવવામાં આવી છે ? | (૨) આ યોજનાનો લાભ આ લાભાર્થીઓને મળી રહે તે માટે, યોજનાની જોગવાઇ મુજબ વીમા કંપનીને પ્રીમીયમ પેટે રૂા.૪,૦૫,૧૧,૪૫૩/– ની રકમ ચૂકવવામાં આવેલ છે. |

---------

## વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ

૫૨૩૬ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૧) ૨૦૦૧ ની વસ્તીના ધોરણે મળવાપાત્ર સા.આ.કેન્દ્રો કાર્યરત છે તેથી કોઇ રકમ મંજૂર કરવામાં આવી નથી. |
| (૨) તે પૈકી ક્યા ક્યા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યમાં ઘર વપરાશ માટે પાઇપલાઇનથી અપાતા ગેસ પર વેટનો દર દૂર કરવા બાબત

૫૩૨૪ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં ઘર વપરાશ માટે પાઇપલાઇનથી અપાતા ગેસ ઉપર વેટ લેવામાં આવે છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો કેટલા ટકા વેટ લેવામાં આવે છે, | (૨) ૧૨.૫૦% + ૨.૫૦% વધારાનો વેરો. |
| (૩) રાજ્ય સરકાર ઘર વપરાશના સીલીન્ડરો ઉપર કોઇ વેરો/વેટ લેતી નથી તો પાઇપલાઇન દ્વારા અપાતા ગેસ પરથી વેટ દૂર કરવા માંગે છે કે કેમ, અને | (૩) અને (૪) હાલ આવી કોઇ બાબત વિચારણા હેઠળ નથી. |
| (૪) જો હા, તો ક્યારથી ? | |

---------

## અમરેલી જિલ્લા મથકે મેડિકલ કોલેજો સ્થાપવા બાબત

૫૬૫૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં જિલ્લા મથકે સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**પી.સી. એન્ડ પી.એન્ડ ડી.ટી. એક્ટ હેઠળ ખાનગી ક્ષેત્રના તબીબોને ઓન લાઇન ફોર્મ ભરવાની સુવિધા**

૫૨૪૧ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પી.સી. એન્ડ પી. એન્ડ ડી.ટી. એક્ટ હેઠળ ખાનગી ક્ષેત્રના તબીબો ઓન લાઇન ફોર્મ F ભરી શકે તે માટે રાજ્ય સરકાર કોઇ સુવિધા ઊભી કરવા વિચારેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઇ કઇ ? | (૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.) ના સંયુક્ત ઉપક્રમે http://betivadhao.guj.nic.in નું વેબ પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે. તેમાં ઓનલાઇન ફોર્મ–એફ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. |

---------

**ગારીયાધાર તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૫૫૮૭ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ગારીયાધાર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ પ્રમાણે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ગારીયાધાર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ, ખાલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગત સંલગન ***પત્રક–અ** અને ***પત્રક–બ** માં દર્શાવ્ય મુજબની છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.<br>આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને લોકભાગીદારીથી સોંપવા બાબત**

૫૪૮૨ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ/ટ્રસ્ટોને લોકભાગીદારીથી સોંપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં આવા કેટલા પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્રો તા.૩૧−૧૨−૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોકભાગીદારીથી સોંપવામાં આવ્યાં, | (૨) એક પણ નહી. |
| (૩) ઉક્ત જિલ્લાઓમાં જિલ્લાવાર કયાં કયાં પ્રાથમિક/ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કઈ કઈ સંસ્થાઓને લોકભાગીદારીથી સોંપવામાં આવ્યા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) માત્ર નફો કમાવા જ ઉભી કરવામાં આવતી સંસ્થાઓ/ટ્રસ્ટોને સરકારી દવાખાનાઓનું સંચાલન સોંપવા પાછળ શા કારણો છે ? | (૪) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોનો વહીવટ સંસ્થાઓ/ટ્રસ્ટોને સરકારે નક્કી કરેલ શરતોએ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ સંસ્થાઓને વહીવટ સોંપવાની સરકારની નીતિ અન્વયે સોંપવામાં આવે છે. |

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

૫૨૨૯ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો છે, અને | (૧) ૫૪,૬૮૧ લાભાર્થીઓ. |
| (૨) આ યોજના હેઠળ આ લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) આ યોજના નો લાભ, આ લાભાર્થીઓને મળી રહે તે માટે, યોજનાની જોગવાઈ મુજબ વીમા કંપનીને પ્રીમીયમ પેટે રૂા.૩,૦૫,૬૬,૬૭૯/- ની રકમ ચૂકવવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૫૨૪૮ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧−૧૨−૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૬,૫૪૪ |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૬,૫૪૪ |
| (૪) કેટલા પેન્શનરો મની ઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય |

---------

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૫૨૮૩ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના સંવર્ગવાર મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગત સંલગ્ન *પત્રક-૧ના (ભાગ-૧) અને (ભાગ-૨)માં દર્શાવ્યા મુજબની છે.

(૨) સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ આવરી લેવા બાબત**

૫૨૫૪ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ આવરી લેવામાં આવ્યા છે,

(૨) કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાકી છે, અને

(૩) બાકી રહેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શાં પગલાં લેવાનું વિચાર્યુ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબ (૧) ભૌતિક સુવિધા (૨) સાધન સામગ્રી (૩)માનવ સંસાધન અને તાલીમનું તબક્કાવાર આયોજન કરવામાં આવેલ છે.

- અમદાવાદ જીલ્લાના ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી આ પહેલા ૮ સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ભૌતિક સુવિધા પુરી પાડવામાં આવેલ છે.
- ૪ સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ ભૌતિક સુવિધા માટે આવરી લેવામાં આવેલ છે.
- ૭ સામુહિક આરોગ્ય કેન્દ્રોને સાધન સામગ્રી પુરી પાડવામાં આવેલ છે. બાકી રહેતા ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોને સાધન સામગ્રી પુરી પાડવાનું આયોજન છે.
- માનવ સંસાધન અને તાલીમ વગેરેની કાર્યવાહી તબકકાવાર હાથ ધરવાનું આયોજન કરેલ છે.

---------

**પાટણ એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

પ૨૯૯ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ એ.આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા.૨૧.૧૨ કરોડ, |
| (૨) ગતવર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા.૨.૪૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વ્યારા એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

પ૩૦૪ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યારા એ.આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા.૧૧.૭૦ કરોડની આવક થઈ, |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા.૨.૯૪ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાવલી તાલુકાના જન્મોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવા બાબત**

પ૬પ૮ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧–૦૩–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા સમયે વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં જન્મોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાંતના ડોકટરોની જગ્યા ભરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ દવાખાનામાં ડોકટર હોવા છતાં જરૂરી સાધન–સામગ્રી ન હોવાના કારણે ગરીબ દર્દીઓને સેવાનો લાભ મળતો નથી તે વહેલી તકે પૂરો પાડવા શું આયોજન છે ? | (૨) સાધન–સામગ્રી પૂરી પાડવા ખરીદીની પ્રક્રિયા પ્રગતિમાં છે. |

---------

**નર્મદા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

પ૨૮૦ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનું સંવર્ગવાર મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મંજૂર મહેકમની માહિતી સંલગન **પત્રક–૧**માં દર્શાવ્યા મુજબની છે. |

**પત્રક–૧**

**નર્મદા જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર**

**મહેકમની વિગત**

| ક્રમ | હોદ્દો | મંજૂર |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૪ |
| ૨ | તજજ્ઞ વર્ગ–૧ | ૧૬ |
| ૩ | તબીબ અધિકારી વર્ગ–૨ | ૧૬ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૧ |
| ૫ | એક્ષરે ટેકનીશ્યન વર્ગ–૩ | ૪ |
| ૬ | લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ–૩ | ૪ |
| ૭ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ–૩ | ૬ |
| ૮ | હેડ નર્સ વર્ગ–૩ | ૨ |
| ૯ | સ્ટાફનર્સ વર્ગ–૩ | ૩૪ |
| ૧૦ | હેડકલાર્ક વર્ગ–૩ | ૪ |
| ૧૧ | સીની કલાર્ક વર્ગ–૩ | ૪ |
| ૧૨ | જુનીયર કલાર્ક વર્ગ–૩ | ૨ |
| ૧૩ | ઓપ્થોલ્મીક આસી વર્ગ–૩ | ૨ |
| ૧૪ | ડ્રાઈવર વર્ગ–૩ | ૪ |
| ૧૫ | વોર્ડબોય વર્ગ–૪ | ૮ |
| ૧૬ | પટાવાળા વર્ગ–૪ | ૪ |
| ૧૭ | આયા વર્ગ–૪ | ૪ |
| ૧૮ | ડ્રેસર વર્ગ–૪ | ૪ |
| ૧૯ | સ્વીપર વર્ગ–૪ | ૪ |
| ૨૦ | સ્વીપર પાર્ટટાઇમ વર્ગ–૪ | ૮ |
| ૨૧ | વોચમેન પાર્ટટાઇમ વર્ગ–૪ | ૮ |
| | **કુલ** | **૧૪૩** |

(૨) જેમાં તબીબો અને નર્સીંગ સ્ટાફની ઘટ કેટલી છે, અને

(૨) તબીબો અને નર્સીંગ સ્ટાફની ઘટ નીચે મુજબ ની છે.

| કેડર | નર્મદા જિલ્લાની ઘટ |
|---|---|
| ડોકટર વર્ગ–૧ | ૨૦ |
| ડોકટર વર્ગ–૨ | ૯ |
| નર્સીંગ વર્ગ–૩ | ૧૩* |

*સ્ટાફ નર્સની તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૧૩ જગ્યાઓ ખાલી હતી, જે પૈકી પાંચ(૫) સ્ટાફનર્સ ઉપલબ્ધ થતાં નિમણૂંક આદેશ કરવામાં આવેલ છે.

(૩) આ ઘટ કયારે પૂરી કરવામાં આવશે ?

(૩) પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–

૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

---------

**મહેસાણા આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૨૯૫ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂા. ૫૪.૯૯ કરોડ. |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા. ૧.૪૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોવાથી પ્રશ્ન રહેતો નથી. |

---------

**વડોદરા જિલ્લાના આદિવાસી તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા મળેલ મંજૂરી**

૫૬૫૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧૫/૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના આદિવાસી તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા માટે તાલુકાના કયા સ્થળોએ કયારે મંજૂરી મળેલ છે,

**જવાબ**

(૧) તા. ૧૫/૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના આદિવાસી તાલુકામાં નીચે મુજબના સ્થળોએ પ્રા.આ.કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂરી મળેલ છે.

| પ્રા.આ.કેન્દ્રનું નામ | તાલુકો |
|---|---|
| ખરેડા | નસવાડી |
| તેજગઢ | છોટાઉદેપુર |
| ડોલરીયા | |
| નવાલજા | કવાંટ |
| મંદવાડા | |
| મુવાડા | પાવી |
| બાર | જેતપુર |

**પ્રશ્ન** (૨) પ્રત્યેક દવાખાના કેટલા ખર્ચે તૈયાર થશે,

**જવાબ** (૨) પ્રત્યેક દવાખાના રૂા. ૯૦.૦૦ લાખના અંદાજિત ખર્ચે તૈયાર થશે.

**પ્રશ્ન** (૩) પ્રત્યેક દવાખાનાનું બાંધકામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કામાં છે, અને

**જવાબ** (૩) પ્રત્યેક દવાખાનાનું બાંધકામની વિગત સંલગ્ન **પત્રક–અ**માં દર્શાવ્યા મુજબની છે.

**પ્રશ્ન** (૪) આ દવાખાના કયારે સંપૂર્ણ તૈયાર થઇ ઉપયોગમાં લેવાશે?

**જવાબ** (૪) વર્કઓર્ડરમાં નિયત કરેલ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરીને ઉપયોગમાં લઈ શકાશે.

**પત્રક–અ**

| અનુ.નં. | કામનું નામ | ભૌતિક સ્થિતિ |
|---|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખરેડા | લીન્ટલલેવલે કામગીરી પ્રગતિમાં છે. |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેજગઢ | વર્ક ઓર્ડર આપેલ છે. ટુંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડોલરીયા | પ્લીન્થ લેવલે કામગીરી પ્રગતિમાં છે. |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવાલજા | વર્ક ઓર્ડર આપેલ છે. ટુંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |
| ૫ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંદવાડા | વર્ક ઓર્ડર આપેલ છે. ટુંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૬ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુવાડા | વર્ક ઓર્ડર આપેલ છે. ટુંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |
| ૭ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાર | પ્લીન્થ લેવલે કામગીરી પ્રગતિમાં છે. |

---------

**અમરેલી જિલ્લામાં નોંધાયેલ થ્રી વ્હીલર ભારવાહક રીક્ષાઓ**

૫૬૬૩ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી-બગસરા, ખાંભા અને કુંકાવાવ તાલુકામાં કેટલા થ્રી વ્હીલર ભારવાહક રીક્ષાઓ નોંધાયેલ છે, અને

(૨) આ ભારવાહક રીક્ષાઓમાં પેસેન્જરની ગેરકાયદે હેરફેર થાય છે કે કેમ ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **નોંધાયેલ થ્રી વ્હીલર ભારવાહક રીક્ષાઓ** |
|---|---|
| ધારી | ૨૦૬ |
| બગસરા | ૧૩૪ |
| ખાંભા | ૧૦૭ |
| કુંકાવાવ | ૯૬ |

(૨) પેસેન્જરની ગેરકાયદે હેરફેર કરતી ભારવાહક રીક્ષાઓ પકડાય તો તેમની સામે મોટર વાહન કાયદાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

---------

**મહેસાણા આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૨૯૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૫૪.૯૯ કરોડ.

(૨) રૂા. ૧.૪૫ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોવાથી પ્રશ્ન રહેતો નથી.

---------

**જામનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૧૩ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨-૧૩ના ડિસેમ્બર-૨૦૧૨ના અંતે કેટલી આવક થઈ,

(૨) વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૫૩.૮૫ કરોડની આવક થઈ.

(૨) રૂા. ૪.૭૨ કરોડનો ઘટાડો થયો.

(૩) નવા નોંધાયેલ વાહનોની સંખ્યામાં ઘટાડો થવાથી.

એચબી-૪૫-૫

---------

**જામનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા બાબત**

૫૬૬૭ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જામનગર, જોડિયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં ડિસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ડિસ્પેન્સરી આવેલા છે,

**જવાબ**

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ડીસ્પેન્સરીની વિગત નીચે મુજબની છે.

| **તાલુકો** | **સામૂહિક આરોગ્ય કેન્દ્રો** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો** | **ડીસ્પેન્સરી** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| જામનગર | ૦૧ | ૦૭ | ૦૨ |
| જોડિયા | ૦૧ | ૦૩ | ૦૧ |
| ધ્રોલ | ૦૧ | ૦૨ | ૦૧ |
| કાલાવડ | ૦૧ | ૦૪ | ૦૦ |

(૨) જરૂરીયાતની દ્રષ્ટીએ કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ડીસ્પેન્સરી ઊભા કરવાની જરુરિયાત છે, અને

(૨) ૨૦૦૧ની વસ્તી મુજબ જરૂરિયાત મુજબના સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, નવી ડીસ્પેન્સરીઓ ઊભી કરવાના બદલે અગાઉના વર્ષોથી કાર્યરત એવી ડિસ્પેન્સરીઓને તબક્કાવાર પ્રા.આ.કેન્દ્રોમાં તબદીલ કરવામાં આવે છે.

(૩) તે કયાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૧૭ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨માં નર્મદા જિલ્લા ખાતે આવેલ આર.ટી.ઓ. કચેરીને તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) વર્ષ ૨૦૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૬.૫૨ કરોડની આવક થઈ.

(૨) સમાન વર્ષ ૨૦૧૨ની માહિતી હોઈ આવકમાં વધારા કે ઘટાડાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપર મુજબ.

---------

**રાજ્યમાં વેટના અમલ બાદ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સ્થાપિત ઉદ્યોગો માટે કરેલ કાર્યવાહી**

૫૩૬૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે વેટનો અમલ શરૂ કર્યા પછી તા. ૧૫/૨/૨૦૧૩ની સ્થિતિએ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સ્થાપિત ઉદ્યોગો માટે કોઈ જ કાર્યવાહી કરી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કયા કારણોસર?

**જવાબ**

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૨૯૭ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૨૧.૬૧ કરોડની આવક થઈ.

(૨) રૂા. ૧.૭૮ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ અને કચ્છ જિલ્લામાંથી ઓવરલોડ સંબંધી મળેલ ફરિયાદો**

પ૪૩૩ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાંથી ઓવર લોડ સંબંધી કેટલી ફરીયાદો છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) રાજકોટ જિલ્લામાંથી કુલઃ–૯ તથા કચ્છ જિલ્લામાંથી કુલઃ–પ ફરીયાદો મળી. |
| (૨) જિલ્લાવાર કેટલા વાહનોને ઓવરલોડ સંબંધી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) રાજકોટ જિલ્લામાં પ૭૭ વાહનોને ઓવરલોડ સંબંધી કુલ રૂ।. ૬,૬૦,૬૭૦/– દંડ જયારે કચ્છ જિલ્લામાં પ૬૯ વાહનોને ઓવરલોડ સંબંધી કુલ રૂ।. ૪,૦૨,૪૦૦/– દંડ કરવામાં આવ્યો. |

---------

**જામનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા આપેલ સારવાર**

પ૨૩૨ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા કેટલા ઇમરજન્સી કેસોની સારવાર કરવામાં આવી, અને | (૧) ૪૮,૪૭૩. |
| (૨) કેટલી પ્રસૂતા, માતાઓની જીંદગી બચાવવામાં આવી? | (૨) ૧,૨૧૦. |

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

પ૨૬૮ **શ્રી કિશોરભાઇ ર. વાંકાવાલા (સુરત પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો છે, અને | (૧) પ૪,૬૮૧ લાભાર્થીઓ. |
| (૨) આ યોજના હેઠળ આ લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) આ યોજનાનો લાભ, આ લાભાર્થીઓને મળી રહે તે માટે, યોજનાની જોગવાઈ મુજબ વીમા કંપનીને પ્રીમીયમ પેટે રૂ।.૩,૦પ,૬૬,૬૭૯–૦૦ ની રકમ ચૂકવવામાં આવેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં જનરલ હોસ્પિટલ અને રેફરલ હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

પપ૦૮ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દીયોદર અને ભાભર તાલુકાની જનરલ હોસ્પિટલ તથા રેફરલ હોસ્પિટલોમાં ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ કઈ કઈ જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨) સામેલ પત્રક મુજબ |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | |
| (૩) આ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

**પત્રક**

**તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ગ–૧ થી વર્ગ–૩ ખાલી જગ્યાની મહેકમની માહિતી દર્શાવતું પત્રક**

**જનરલ હોસ્પિટલ પાલનપુર**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી | ખાલી તો ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | મુ.જી.ત.અધિ.સહ સીવીલ સર્જન | ૧ | તા.૦૮–૦૭–૨૦૧૧ |

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી | ખાલી તો ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૨ | એનેસ્થેટીક | ૧ | તા.૦૭-૦૩-૨૦૧૧ |
| ૩ | આંખના સર્જન | ૧ | તા.૨૩-૧૦-૨૦૧૨ |
| ૪ | રેડિયોલોજીસ્ટ | ૧ | તા.૩૦-૦૩-૨૦૦૯ |
| ૫ | માનદ કાર્ડિયોલોજીસ્ટ | ૧ | તા.૧૪-૧૨-૨૦૧૦ |
| ૬ | માનદ નેફ્રોલોજીસ્ટ | ૧ | તા.૧૪-૧૨-૨૦૧૦ |
| ૭ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | તા.૦૧-૦૫-૨૦૧૦ |
| ૮ | સાયકયાટ્રીક | ૧ | તા.૧૪-૦૩-૨૦૧૧ |
| | **વર્ગ-૧ નો કુલ સરવાળો** | **૮** | |
| ૯ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | તા.૨૩-૧૦-૨૦૧૧ |
| ૧૦ | કલીનીકલ સાયકોલોજીસ્ટ | ૧ | તા.૧૧-૦૫-૨૦૧૦ |
| | **વર્ગ-૨ નો કુલ સરવાળો** | **૨** | |
| ૧૧ | સીની.કલાર્ક | ૨ | તા.૩૦-૦૬-૨૦૧૦<br>તા.૩૦-૦૬-૨૦૧૨ |
| ૧૨ | જુનીયર કલાર્ક | ૧ | તા.૩૧-૧૦-૨૦૧૨ |
| ૧૩ | ચિફ.ફાર્માસીસ્ટ કમ સ્ટોર ઓફીસર | ૧ | તા.૨૩-૦૮-૨૦૧૧ |
| ૧૪ | જુની.ફાર્માસીસ્ટ | ૧ | તા.૩૦-૦૪-૨૦૧૨ |
| ૧૫ | લેબ ટેક. | ૧ | તા.૧૩-૦૬-૨૦૧૨ |
| ૧૬ | એકસ રે ટેક. | ૧ | તા.૨૩-૦૪-૨૦૦૮ |
| ૧૭ | એકસ રે આસીસ્ટન્ટ | ૧ | તા.૨૬-૦૩-૨૦૦૭ |
| ૧૮ | મેશ્યોર | ૧ | તા.૩૦-૦૫-૨૦૦૯ |
| ૧૯ | લીનન કીપર | ૧ | તા.૩૦-૦૪-૨૦૦૯ |
| ૨૦ | મેન્ટલ હેલ્થ વર્કર | ૧ | તા.૩૦-૧૧-૨૦૦૯ |
| ૨૧ | મેટ્રન વર્ગ-૩ | ૨ | તા.૧૧-૦૮-૨૦૦૯<br>તા.૩૧-૦૧-૨૦૧૧ |
| ૨૨ | હેડ નર્સ | ૯ | તા.૩૦-૦૬-૨૦૦૫<br>તા.૩૦-૦૬-૨૦૦૬<br>તા.૩૧-૦૩-૨૦૦૮<br>તા.૧૦-૦૩-૨૦૦૯<br>તા.૨૬-૦૮-૨૦૧૦<br>તા.૩૦-૦૬-૨૦૧૧<br>તા.૨૩-૦૯-૨૦૧૧<br>તા.૩૦-૦૬-૨૦૧૨<br>તા.૩૦-૦૬-૨૦૧૧ |
| ૨૩ | સ્ટાફનર્સ | ૧ | તા.૦૧-૦૭-૨૦૦૯ |
| ૨૪ | સાયકીયાટ્રીક નર્સ | ૧ | તા.૧૯-૦૩-૨૦૧૨ |
| ૨૫ | સાયકીયાટ્રીક સોસિયલ વર્કર | ૧ | તા.૧૯-૦૩-૨૦૧૨ |
| ૨૬ | રેકર્ડ કીપર / કલાર્ક | ૧ | તા.૧૯-૦૩-૨૦૧૨ |
| | **વર્ગ-૩ નો કુલ સરવાળો** | **૨૬** | |

**જનરલ હોસ્પિટલ ડીસા**

| | | | |
|---|---|---|---|
| ૧ | ફીઝીશ્યન | ૨ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨ | પૂર્ણકાલીન સર્જન | ૨ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૩ | સ્ત્રીરોગના નિષ્ણાત | ૩ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૪ | મનોરોગચિકિત્સક | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૫ | ચામડી રોગના નિષ્ણાત | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૬ | બાળરોગના નિષ્ણાત | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી | ખાલી તો ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૭ | એનેસ્થેટીક | ૨ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૮ | ઈ.એન.ટી. સર્જન | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૯ | ઓર્થોપેડીક સર્જન | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૧૦ | રેડીયોલોજીસ્ટ | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૧૧ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| | **વર્ગ-૧ નો કુલ સરવાળો** | **૧૬** | |
| ૧૫ | તબીબી અધિકારી | ૧ | તા.૩૧-૧૨-૨૦૧૦ |
| ૧૬ | ફોરેન્સીક એક્ષપર્ટ | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| | **વર્ગ-૨ નો કુલ સરવાળો** | **૨** | |
| ૧૭ | સીની.કલાર્ક | ૩ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૧૮ | સિ.ફાર્માસીસ્ટ | ૧ | તા.૦૧-૦૭-૨૦૧૦ |
| ૧૯ | લેબ ટેક. | ૧ | તા.૦૭-૧૧-૨૦૧૧ |
| ૨૦ | એકસ રે આસીસ્ટન્ટ | ૧ | તા. ૦૨-૦૫-૨૦૧૧ |
| ૨૧ | ઈ.સી.જી.ટેકની | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૨ | સાયટો ટેકનીશીયન | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૩ | ડાયેટેશીયન | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૪ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૫ | આંકડા મદદનીશ | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૬ | ઈલેક્ટ્રીશ્યન | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૭ | પ્લમ્બર | ૧ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૮ | આસી.મેટ્રન | ૨ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૨૯ | હેડનર્સ | ૫ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| ૩૦ | સ્ટાફનર્સ | ૬૮ | તા.૨૦-૦૭-૨૦૧૦ |
| | **વર્ગ-૩ નો કુલ સરવાળો** | **૮૮** | |
| | **કુલઃ** | **૧૦૬** | |

**સા.આ.કેન્દ્ર દીયોદર જી.બનાસકાંઠા**

એચબી-૮૪૫-૬

| | | | |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | તા.૨૨-૦૯-૨૦૦૯ |
| ૨ | પીડીયાટ્રીશીયન | ૧ | તા.૨૨-૧૨-૧૯૯૯ |
| ૩ | ગાયનેક | ૧ | તા.૨૨-૧૨-૧૯૯૯ |
| | **વર્ગ-૧** | **૩** | |
| ૪ | દંતસર્જન | ૧ | તા.૧૧-૦૫-૨૦૧૦ |
| | **વર્ગ-૨** | **૧** | |
| ૫ | હેડ નર્સ | ૧ | તા.૧૫-૦૪-૨૦૦૨ |
| ૬ | સ્ટાફનર્સ | ૩ | તા.૨૧-૦૭-૨૦૧૦ |
| | **વર્ગ-૩** | **૪** | |
| | **કુલઃ** | **૮** | |

**જ.હો. અને સા.આ.કેન્દ્ર ભાભર જી.બનાસકાંઠા**

| | | | |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | તા.૦૧-૦૪-૨૦૦૧ |
| | **વર્ગ-૧** | **૧** | |
| ૨ | તબીબી અધિકારી | ૧ | તા.૦૧-૦૪-૨૦૦૧ |
| | **વર્ગ-૨** | **૧** | |
| ૩ | સિનિ.આસી. | ૧ | તા.૦૧-૦૪-૨૦૦૧ |
| ૪ | એકસ રે ટેક. | ૧ | તા.૦૧-૦૪-૨૦૦૧ |
| ૫ | સ્ટાફનર્સ | ૪ | તા.૧૨-૦૭-૨૦૧૦<br>૪ જગ્યા ખાલી |

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી | ખાલી તો ક્યારથી ખાલી |
|---|---|---|---|
| | વર્ગ–૩ | ૬ | |
| | કુલઃ | ૮ | |

---------

**લુણાવાડા તાલુકાના આવડીબાઈના મુવાડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા આપવા બાબત**

૫૧૮૦ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના આવડીબાઈના મુવાડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા આપવા સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો કયાં સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના આવડીબાઈના મુવાડા ગામને મલેકપુર પ્રા.આ.કેન્દ્ર મારફતે આરોગ્ય સેવાઓથી સાંકળી લેવામાં આવેલ છે તેમજ ચાવડીબાઈના મુવાડા ગામે પેટા કેન્દ્ર આવેલ છે તેના દ્વારા આરોગ્યની સેવાઓ મળી રહે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વ્યારા એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૦૫ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વ્યારા એ.આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવક ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૧૧.૭૦ કરોડની આવક થઈ.

(૨) રૂા. ૨.૯૪ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૧૫ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં હિંમતનગર આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૨ના અંતે કેટલી આવક થઈ,

(૨) વર્ષ ૨૦૧૧–૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૪૧.૮૯ કરોડની આવક થઈ.

(૨) રૂા. ૬.૨૧ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને આપેલ સારવાર**

૫૫૮૪ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, શ્વસનતંત્રના રોગો, ચેતાતંત્રના રોગો, અસ્થિતંત્રના રોગો, વિકલાંગતા તેમજ હૃદય, કીડની અને

કેન્સર જેવા વિવિધ રોગો માટે કુલ – ૧,૧૩,૩૨૧ બાળકોને સારવાર આપવામાં આવી.

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી?

(૨) કુલ–૪૭૯૯ બાળકોને રેફરલ અને ૪૦૭ બાળકોને તજજ્ઞ સારવાર આપવામાં આવી.

---------

**વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ આવરી લેવા બાબત**

૫૨૩૫ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા છે,

(૨) કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાકી છે, અને

(૩) બાકી રહેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેલ્થ લાવવા માટે સરકારે શા પગલાં લેવાનું વિચાર્યું છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં તમામ ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં માનસિક રોગ માટેની કાર્યરત સરકારી હોસ્પિટલો**

૫૨૪૪ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) માનસિક આરોગ્યના દર્દીઓ માટે તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી હોસ્પિટલો કાર્યરત છે, અને

(૨) તેમાં કેટલી પથારીની સગવડ ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) ૬૯૨ (છસ્સો બાણું).

---------

**હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૧૪ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં હિંમતનગર આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૨ના અંતે કેટલી આવક થઈ,

(૨) વર્ષ ૨૦૧૧–૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા. ૪૧.૮૯ કરોડની આવક થઈ.

(૨) રૂા. ૬.૨૧ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બારડોલી એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૫૩૦૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બારડોલી એ.આર.ટી.ઓ કચેરીને વર્ષ ૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ,

(૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) રૂા.૨૮.૩૯ કરોડની આવક થઇ.

(૨) રૂા.૪.૬૫ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીની આવક

૫૩૦૮ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂા.૪૯.૬૨ કરોડ. |
| (૨) ગત વર્ષની આવકની સરખામણીમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા.૧.૫૭ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમોમાં બસોની ફાળવણી

૫૬૭૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર રાજ્ય સરકાર દ્વારા આયોજિત ક્યા ક્યા કાર્યક્રમોમાં કેટલી એસ.ટી. બસોની ફાળવણી કરવામાં આવી, | (૧) મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ફાળવેલ એસ.ટી. બસોની સંખ્યાની વિગત આ સાથે ***પત્રક–૧** માં સામેલ છે.<br>ગાંધીનગર જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ફાળવેલ એસ.ટી. બસોની સંખ્યાની વિગત આ સાથે ***પત્રક–૨** માં સામેલ છે. |
| (૨) તે પૈકી ક્યા ક્યા તાલુકાના ક્યા ક્યા કાર્યક્રમવાર કેટલું ભાડું વસૂલવામાં આવ્યું, અને | (૨) મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ફાળવેલ એસ.ટી. બસોના વસુલેલ ભાડાની વિગત આ સાથે ***પત્રક–૩** માં સામેલ છે.<br>ગાંધીનગર જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ફાળવેલ એસ.ટી. બસોના વસુલેલ ભાડાની વિગત આ સાથે ***પત્રક–૪** માં સામેલ છે. |
| (૩) કેટલું ભાડું બાકી છે અને તે ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે ? | (૩) મહેસાણા જિલ્લામાં રૂા.૪૪,૪૦,૧૮૧/– તથા ગાંધીનગર જિલ્લામાં રૂા.૩૬,૩૯,૧૨૮/– બાકી છે. જેની વસુલાતની કાર્યવાહી પ્રગતિમાં છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### રાજ્યમાં માનસિક રોગ માટેની કાર્યરત સરકારી હોસ્પિટલો

૫૨૬૯ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માનસિક આરોગ્યના દર્દીઓ માટે તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી હોસ્પિટલો કાર્યરત છે, અને | (૧) ૪ (ચાર). |
| (૨) તેમાં કેટલી પથારીની સગવડ ઉપલબ્ધ છે ? | (૨) ૧. માનસિક આરોગ્યની હોસ્પિટલ, અમદાવાદ– ૩૧૭ પથારી.<br>૨. માનસિક આરોગ્યની હોસ્પિટલ, વડોદરા– |

૩૦૦ પથારી.
૩. માનસિક આરોગ્યની હોસ્પિટલ, જામનગર– ૫૦ પથારી.
૪. માનસિક આરોગ્યની હોસ્પિટલ, ભૂજ–૨૫ પથારી.

---------

**જૂનાગઢ જિલ્લામાં ટીન નંબર વગર ચાલતા મેડીકલ સ્ટોર્સ અંગેની મળેલ ફરિયાદો**

૫૪૦૬ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટીન નંબર વગર ચાલતા મેડીકલ સ્ટોર્સ દ્વારા થતી વેટ ચોરી અંગેની કેટલી ફરિયાદો મળેલ છે,

(૨) મળેલ ફરિયાદો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કેટલો વેટ અને દંડ વસુલ કરવામાં આવેલ ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **વર્ષવાર મળેલ ફરિયાદો** | |
|---|---|---|
| | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩ (તા.૩૧–૧૨–૧૨ સુધી)** |
| કોડીનાર | ૧ | ૦ |
| **કુલઃ** | **૧** | **૦** |

(૨) અને (૩)

વેપારી પાછલા સમયથી નોંધણી નંબર મેળવવા જવાબદાર હોવા છતાં, નોંધાયેલ ન હોવાથી વેરાકીય જવાબદારી નક્કી કરવા અને રજીસ્ટર્ડ ડીલર (URD) આકારણી માટેની ધારાકીય નોટીસો આપેલ છે અને આકારણી કર્યા બાદ ઉપસ્થિત થનાર વેરો તથા દંડ વસુલવામાં આવશે.

---------

**નર્મદા અને તાપી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ**

૫૨૫૫ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ નર્મદા અને તાપી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) જેમાં તબીબો અને નર્સીંગ સ્ટાફની ઘટ કેટલી છે, અને

(૩) આ ઘટ ક્યારે પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ નર્મદા અને તાપી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મંજૂર મહેકમની માહિતી સંલગ્ન **પત્રક–૧** અને **પત્રક–૨** માં દર્શાવ્યા મુજબની છે.

(૨) તબીબો અને નર્સીંગ સ્ટાફની ઘટ નીચે દર્શાવ્યા મુજબની છે.

| **કેડર** | **નર્મદા જિલ્લાની ઘટ** | **તાપી જિલ્લાની ઘટ** |
|---|---|---|
| ડોક્ટર વર્ગ–૧ | ૨૦ | ૨૪ |
| ડોક્ટર વર્ગ–૨ | ૯ | ૯ |
| નર્સીંગ વર્ગ–૩ | ૧૩* | ૧૨* |

*તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં સ્ટાફ નર્સની કૂલ–૧૩ જગ્યા ખાલી છે. જે પૈકી પાંચ (૫) સ્ટાફ નર્સ અને તાપી જિલ્લામાં સ્ટાફ નર્સની કૂલ–૧૨ જગ્યા ખાલી હતી. જે પૈકી નવ (૯) સ્ટાફ નર્સ ઉપલબ્ધ થતાં નિમણૂક આદેશ કરવામાં આવેલ છે.

(૩) પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રોની મેડીકલ

સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાઈવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–૧**

**નર્મદા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર મહેકમની વિગત**

| ક્રમ | હોદ્દો | મંજૂર |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૪ |
| ૨ | તજજ્ઞ વર્ગ–૧ | ૧૬ |
| ૩ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૧૬ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૧ |
| ૫ | એક્ષરે ટેકનીશ્યન વર્ગ–૩ | ૪ |
| ૬ | લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ–૩ | ૪ |
| ૭ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ–૩ | ૬ |
| ૮ | હેડ નર્સ વર્ગ–૩ | ૨ |
| ૯ | સ્ટાફનર્સ વર્ગ–૩ | ૩૪ |
| ૧૦ | હેડકલાર્ક વર્ગ–૩ | ૪ |
| ૧૧ | સીની કલાર્ક વર્ગ–૩ | ૪ |
| ૧૨ | જુનીયર કલાર્ક વર્ગ–૩ | ૨ |
| ૧૩ | ઓપ્થોલ્મીક આસી વર્ગ–૩ | ૨ |
| ૧૪ | ડ્રાઈવર વર્ગ–૩ | ૪ |
| ૧૫ | વોર્ડબોય વર્ગ–૪ | ૮ |
| ૧૬ | પટાવાળા વર્ગ–૪ | ૪ |
| ૧૭ | આયા વર્ગ–૪ | ૪ |
| ૧૮ | ડ્રેસર વર્ગ–૪ | ૪ |
| ૧૯ | સ્વીપર વર્ગ–૪ | ૪ |
| ૨૦ | સ્વીપર પાર્ટટાઇમ વર્ગ–૪ | ૮ |
| ૨૧ | વોચમેન પાર્ટટાઇમ વર્ગ–૪ | ૮ |
| | **કુલઃ** | **૧૪૩** |

**પત્રક–૨**

**તાપી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર મહેકમની વિગત**

| ક્રમ | સંવર્ગ | મંજૂર |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૫ |
| ૨ | તજજ્ઞ વર્ગ–૧ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૩ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૨૦ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૩ |
| ૫ | સીની. આસી | ૪ |
| ૬ | સી. ક્લાર્ક | ૫ |
| ૭ | જુ. ક્લાર્ક | ૧ |
| ૮ | એક્ષરે ટેકનીશ્યન | ૫ |
| ૯ | લેબટેકનીશ્યન | ૫ |
| ૧૦ | જુ. ફાર્માસીસ્ટ | ૬ |
| ૧૧ | હેડ નર્સ | ૧ |
| ૧૨ | સ્ટાફ નર્સ | ૩૮ |
| ૧૩ | ડ્રાઈવર | ૫ |
| ૧૪ | ઓપ્થ. આસી | ૫ |
| ૧૫ | પટાવાળા | ૫ |
| ૧૬ | વોર્ડબોય | ૧૦ |
| ૧૭ | વોર્ડઆયા | ૫ |
| ૧૮ | ડ્રેસર | ૫ |
| ૧૯ | સ્વીપર | ૫ |
| ૨૦ | વર્ગ–૪ | ૫ |
| ૨૧ | પાર્ટટાઈમ વોચમેન | ૧૦ |
| ૨૨ | પાર્ટટાઈમ સ્વીપર | ૧૦ |
| | **કુલઃ** | **૧૭૮** |

---------

**અમરેલી જિલ્લામાં સ્વાઈન ફ્લુ અને ડેન્ગ્યુના નોંધાયેલ કેસો**

૫૬૩૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સ્વાઈન ફ્લુ અને ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) સરકાર દ્વારા આ રોગને કાબુમાં લેવામાં ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસ | ડેન્ગ્યુના નોંધાયેલ કેસ |
|---|---|---|
| ૨૦૧૧ | ૦ | ૭ |
| ૨૦૧૨ | ૨ | ૬૧ |

(૨)

| વર્ષ | સ્વાઈન ફ્લુથી થયેલ મૃત્યુ | ડેન્ગ્યુથી થયેલ મૃત્યુ |
|---|---|---|
| ૨૦૧૧ | ૦ | ૦ |
| ૨૦૧૨ | ૨ | ૦ |

(૩) સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેનાં ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

- રોગના ત્વરીત અને વિનામુલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબૉરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસો તેમજ ચિન્હો ધરાવતા દર્દીનાં સંપર્કમાં આવનારી વ્યક્તિઓને પણ એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- રોગચાળાના અટકાયત અને નિયંત્રણ માટે રાજ્યકક્ષાએ તથા જિલ્લા કક્ષાએ શ્રેણીબદ્ધ મીટીંગો યોજી તેમાં સંબંધિતોને જરૂરી પગલાં લેવા માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવેલ છે.

**ડેન્ગ્યુના રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.**

- તાવ સર્વેલન્સ અને સારવાર,
- અઠવાડીક પોરાનાશક કામગીરી, તથા

કન્ફર્મ અને શંકાસ્પદ કેસના વિસ્તારોમાં પુખ્ત મચ્છરના નાશ માટે ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

---------

**જામનગર આર.ટી.ઓ કચેરીની આવક**

૫૩૧૨ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૨–૧૩ ના ડિસેમ્બર–૨૦૧૨ ના અંતે કેટલી આવક થઈ, | (૧) રૂા.૫૩.૮૫ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ–૨૦૧૧–૧૨ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા.૪.૭૨ કરોડનો ઘટાડો થયો. |
| (૩) જો આવક ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) નવા નોંધાયેલ વાહનોની સંખ્યામાં ઘટાડો થવાથી. |

---------

**આણંદ આર.ટી.ઓ. કચેરીની આવક**

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

૫૩૧૧ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨ માં, આણંદ જિલ્લા ખાતે આવેલ આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂા.૪૭.૩૨ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૧ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂા.૩.૯૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટની જાગૃતિ માટે લીધેલ પગલાં**

૫૨૭૧ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ જાહેર જનતાની જાગૃતિ અંગે સરકારે શાં પગલાં લીધા, અને | (૧) (૧) ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અંગે જાહેર જનતાની જાગૃતિ માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપવામાં આવેલ છે. (૨) સ્વજાગૃતિથી આરોગ્યની રક્ષા નામે પ્રાથમિક પરીક્ષણ કીટ તૈયાર કરી વિતરણ શરૂ કરવામાં આવ્યુ, (૩) રીટેલ કાઉન્ટરો ઉપર બેનરો મૂકી આ કીટનો મહત્તમ ઉપયોગ કરવામાં આવેલ છે. (૪) સ્થળ પર ટેસ્ટીંગ કરી શકાય તે માટે મોબાઇલવાન શરૂ કરેલ છે. (૫) સુરક્ષિત અને આરોગ્યપ્રદ આહાર અને ખાનપાનની રીત પ્રદર્શિત કરવા એક એક્ઝીબીશન વાન રાખેલ છે. જેના દ્વારા રાજ્યમાં જુદા જુદા ૫૭ સ્થળોએ સેમીનાર યોજવામાં આવ્યા. |
| (૨) આ હેતુ માટે કેટલી ખર્ચની જોગવાઇ કરવામાં આવી હતી ? | (૨) રૂ.૮૧.૪૦ લાખ. |

---------

**રાજ્યમાં આવેલ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં અનામત કેટેગરીની સીટો**

૫૬૩૨ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી અને સરકારી મેડિકલ કોલેજો કેટલી અને કઈ કઈ આવેલી છે. | (૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં નીચે દર્શાવ્યા મુજબની ૫ ખાનગી અને ૬ સરકારી મેડિકલ કોલેજો છે, અને ૫ સરકારી સ્વનિર્ભર મેડિકલ કોલેજો અને ૩ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મેડિકલ કોલેજો છે, જેનું **પત્રક** આ સાથે સામેલ છે. |
| (૨) તેમા સરકારી અને ખાનગી સીટો કેટલી મંજૂર થયેલી છે, | (૨) તેમા સરકારી મેડિકલ કોલેજોની ૧૦૮૦ સીટો અને ખાનગી મેડિકલ કોલેજોની ૬૫૦ સીટો તથા સરકારી સ્વનિર્ભર મેડિકલ કોલેજોની ૭૫૦ અને મ્યુનિસિપલ મેડિકલ કોલેજોની ૪૫૦ સીટો મંજૂર થયેલ છે. |
| (૩) આ મંજૂર સીટોમાં અનામત કેટેગરી માટે કેટલી સીટો મંજૂર થયેલ છે, અને | (૩) આ મંજૂર સીટોમાં અનામત કેટેગરી માટે કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા ભરવાપાત્ર રાજ્યની સીટો પૈકી ૭ ટકા અનુસૂચિત જાતિ, ૧૫ ટકા અનુસૂચિત જનજાતિ, ૨૭ ટકા સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ અને ૩ ટકા શારીરિક ખોડ–ખાંપણ(જે–તે કેટેગરીમાં) સીટો મંજૂર થયેલ છે. |
| (૪) છેલ્લા બે વર્ષમાં કેટલી સીટો ભરાયેલ છે ? | (૪) છેલ્લા બે વર્ષમાં અનામત કેટેગરીની નીચે પ્રમાણે સીટો ભરાયેલ છે. |

| **કેટેગરી** | **૨૦૧૧** | **૨૦૧૨** |
|---|---|---|

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | ૧૨૯ | ૧૬૨ |
| અનુસૂચિત જનજાતિ | ૨૦૦ | ૨૪૧ |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ | ૪૯૪ | ૬૨૯ |
| શારીરિક ખોડ–ખાંપણ | ૩ (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ–૧, સામાન્ય–૨) | ૭ (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ–૨, સામાન્ય–૫) |

**પત્રક**

**શૈક્ષણિક વર્ષ–૨૦૧૨–૧૩ માં રાજ્યમાં મેડિકલ કોલેજોની ઉપલબ્ધ પ્રવેશ સંખ્યાની માહિતી**

| ક્રમ | સંસ્થાનું નામ | પ્રવેશ સંખ્યા | |
|---|---|---|---|
| | **સરકારી મેડિકલ કોલેજોઃ** | | |
| ૧ | બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ | ૨૫૦ | |
| ૨ | સરકારી મેડિકલ કોલેજ, વડોદરા | ૧૮૦ | |
| ૩ | સરકારી મેડિકલ કોલેજ, સુરત | ૧૫૦ | |
| ૪ | એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગર | ૨૦૦ | |
| ૫ | પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટ | ૧૫૦ | |
| ૬ | સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર | ૧૫૦ | |
| | **કુલ** | **૧૦૮૦** | ૧૦૮૦ |
| | **જી.એમ.ઇ.આર.એસ. સંચાલિત મેડિકલ કોલેજ** | | |
| ૧ | મેડિકલ કોલેજ, સોલા, અમદાવાદ | ૧૫૦ | |
| ૨ | મેડિકલ કોલેજ, ગોત્રી, વડોદરા | ૧૫૦ | |
| ૩ | મેડિકલ કોલેજ,, ગાંધીનગર | ૧૫૦ | |
| ૪ | મેડિકલ કોલેજ, ધારપુર, પાટણ | ૧૫૦ | |
| ૫ | મેડિકલ કોલેજ, વલસાડ | **૧૫૦** | **૭૫૦** |
| | **કોર્પોરેશન સંચાલિત મેડીકલ કોલેજોઃ** | | |
| ૬ | સુરત મ્યુનિ. ઇન્સ્ટી. ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત | ૧૫૦ | |
| ૭ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિ. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ | |
| ૮ | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ, મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ | |
| | **કુલ** | **૪૫૦** | **૪૫૦** |
| | **બિન સરકારી મેડીકલ કોલેજોઃ** | | |
| ૯ | સી.યુ. શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૧૦૦ | |
| ૧૦ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૧૦૦ | |
| ૧૧ | ગુજરાત અદાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ (કચ્છ) | ૧૫૦ | |
| ૧૨ | ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ | |
| | **કુલ** | **૫૦૦** | **૫૦૦** |
| | **ડીમ્ડ યુનિવર્સિટી મેડીકલ કોલેજ** | | |
| ૧૩ | શ્રીમતી બી. કે. શાહ મેડીકલ કોલેજ અને રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, પીપરીયા, વાઘોડીયા | ૧૫૦ | ૧૫૦ |
| | **કુલ સરવાળો** | | **૨૯૩૦** |

---------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સીંગથી જગ્યાઓ ભરવા બાબત**

૫૬૩૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દીઠ કઇ કઇ જગ્યાઓ આઉટસોર્સીંગ અથવા કરાર આધારિત ધોરણે ક્યારથી અને કેટલા સમય માટે ભરવામાં આવેલ છે,

(૨) કઇ કઇ એજન્સી મારફતે આ સેવાઓ પૂરી પાડવામાં આવે છે,

(૩) સદર એજન્સીઓ દ્વારા કોન્ટ્રાક્ટની શરતો / નિયમોનો ભંગ થતો હોવાથી કોઇ હકીકતો ધ્યાનમાં આવેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દીઠ આઉટસોર્સીંગ અથવા કરાર આધારિત ધોરણે ભરવામાં આવેલ વિવિધ સંવર્ગની જગ્યાઓ ક્યારથી કેટલા સમય માટે ભરવામાં આવેલ છે તેમજ કઇ એજન્સી મારફત સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેની વિગતો સંલગ્ન ***પત્રક-અ** અને ***પત્રક-બ**માં દર્શાવ્યા મુજબની છે.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ભીલાડ ચેકપોસ્ટ પર પકડાયેલ ઓવર લોડેડ ગાડીઓ

પ૩૨૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાની ભીલાડ ચેકપોસ્ટ ઉપર કુલ કેટલી ગાડીઓ લોડેડ અને અનલોડેડ પસાર થઈ,

(૨) તે અન્વયે કેટલી ઓવરલોડ ગાડીઓ પકડાઈ, અને

(૩) તેમની પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૦,૯૭,૪૩૬ લોડેડ અને અનલોડેડ ગાડીઓ પસાર થઈ,

(૨) તે અન્વયે ૪૨,૯૯૬ ઓવરલોડ ગાડીઓ પકડાઈ,

(૩) તેમની પાસેથી કુલ રૂા. ૩,૩૫,૬૯,૧૬૦/- દંડ વસુલ કરવામાં આવ્યો.

---------

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં મેલેરીયા નિયંત્રણ અંતર્ગત લોહીના ચકાસેલ નમૂના

પ૪૮૩ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સ કામગીરી અંતર્ગત તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોહીના જિલ્લાવાર કેટલા નમૂના એકત્ર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કેટલા કેસમાં મેલેરિયા અને કેટલા કેસમાં ફાલસીપેરમ જણાઇ આવ્યું, અને

(૩) કેટલા મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સ કામગીરી અંતર્ગત નીચે મુજબના લોહીના નમૂના એકત્ર કરવામાં આવેલ છે.

| વર્ષ | બનાસકાંઠા જિલ્લો | સાબરકાંઠા જિલ્લો |
|---|---|---|
| ૨૦૧૧ | ૬૫૧૯૮૫ | ૪૧૧૪૫૪ |
| ૨૦૧૨ | ૫૯૧૭૨૩ | ૪૩૭૩૧૪ |

(૨) તે પૈકી મેલેરીયાના અને ફાલ્સીપેરમના કેસો નીચે મુજબ જણાવેલ છે.

| વર્ષ | બનાસકાંઠા જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|---|
| | મેલેરિયા | ફાલસીપેરમ | મેલેરિયા | ફાલસીપેરમ |
| ૨૦૧૧ | ૩૩૦૯ | ૭૯ | ૧૧૬૫ | ૧૬૮ |

(૩)

| વર્ષ | બનાસકાંઠા જિલ્લો | સાબરકાંઠા જિલ્લો |
|---|---|---|
| ૨૦૧૧ | ૧ | એક પણ નહી. |
| ૨૦૧૨ | ૧ | ૧ |

---------

## સાવલી તાલુકાના જન્મોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આંખ અને હાડકાના ડૉક્ટરોની નિમણૂક કરવા બાબત

પ૬પ૯ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૩-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકાની જન્મોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આંખ અને હાડકાના વિભાગની મંજૂરી આપવામાં આવી છે, | (૧) હા, જી. |
| (૨) જો મંજૂરી આપવામાં આવી હોય તો આંખ અને હાડકાના દાક્તરની નિમણૂક કરેલ છે કે કેમ, | (૨) આંખના ડોક્ટરોની નિમણૂક કરવામાં આવેલ પરંતુ હાજર થયેલ નથી, જ્યારે ઓર્થોપેડીક ડૉક્ટર ઉપલબ્ધ થયેલ નથી. |
| (૩) જો ના કરેલ હોય તો ક્યારે કરવા માંગે છો, અને | (૩) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |
| (૪) સદર વિભાગના ડૉક્ટરો માટે તેમજ દર્દીઓને સારી સુવિધા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૪) * ડૉક્ટરોના રહેઠાણના મકાન બાંધકામની કવાર્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે અને દર્દીઓની સુવિધા માટે આનુષાંગિક સગવડો ઊભી કરવામાં આવી છે.<br>* દર્દીઓની સુવિધા માટે જરૂરી તબીબી અધિકારીઓ, ફીઝીયોથેરાપીસ્ટ, સ્ટાફ નર્સ અને અન્ય સ્ટાફની વધારાની એક એક જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.<br>* કાર્ડિએક મોનીટર, ઓપરેશન ટેબલ, હોરીજોન્ટલ હાઇ સ્પીટ સ્ટરીલાઇ, બોયલ એપ્રેટર્સ તેમજ સોનોગ્રાફી જેવા ઇક્વીપમેન્ટ પૂરા પાડવામાં આવેલ છે. |

---------

## જામનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં યુઝર્સ ચાર્જ લેવા બાબત

૫૬૬૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કઇ કઇ સરકારી હોસ્પિટલમાં દર્દીઓ પાસેથી ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ યુઝર્સ ચાર્જ લેવામાં આવે છે. | (૧) જામનગર જિલ્લામાં તબીબી શિક્ષણ પ્રભાગની સરકારી હોસ્પિટલ ગુરૂ ગોવિંદસીંહ હોસ્પિટલ અને તબીબી સેવાઓ હસ્તકની જનરલ હોસ્પિટલ, જામખંભાળીયા ખાતે દર્દીઓ પાસેથી યુઝર્સ ચાર્જ લેવામાં આવે છે. |
| (૨) દર્દીઓ સહન ન કરી શકે તેવા યુઝર્સ ચાર્જ લેવાથી ગરીબ દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) આ પ્રકારની કોઇ ફરીયાદ મળેલ નથી. |
| (૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યમાં નવી મેડિકલ કોલેજોને મંજૂરી આપવા બાબત

૫૪૩૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળે નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, પાટણ અને વલસાડ ખાતે નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી. |
| (૨) આ મેડિકલ કોલેજો પૈકી કઈ કઈ કોલેજ કઈ સંસ્થા દ્વારા સંચાલિત છે, અને | (૨) આ મેડિકલ કોલેજો પૈકી,<br>(૧) ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીચર્સ સોસાયટી સંચાલિત પાંચ મેડિકલ કોલેજો નીચે પ્રમાણે છે.<br>૧. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, |

સોલા, અમદાવાદ.

૨. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ગોત્રી, વડોદરા.

૩. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ગાંધીનગર.

૪. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ધારપુર, પાટણ.

૫. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, વલસાડ.

(૨) ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત એક મેડિકલ કોલેજ નીચે પ્રમાણે છે.

૧. જી.સી.એસ. મેડિકલ કોલેજ, અમદાવાદ.

(૩) કઈ કઈ કોલેજોને ગ્રાન્ટેડ અને સ્વ–નિર્ભર તરીકે મંજૂરી આપવામાં આવી છે?

(૩) આ તમામ મેડિકલ કોલેજોને સ્વ–નિર્ભર તરીકે મંજૂરી આપવામાં આવી છે.

---------

એચબી–૮૪૫–૯

**પાલનપુર સિવિલ હોસ્પિટલમાં હાર્ટ, કીડની અને કેન્સરના સુપરસ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની સુવિધાનો અભાવ**

૫૫૦૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલ ખાતે હાર્ટ, કીડની અને કેન્સરને લગતા રોગોની સારવાર માટે સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની સુવિધા ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ નથી તે સમસ્યાથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સમસ્યાના નિરાકરણ માટે સરકારે શી પાકી વ્યવસ્થા કરી છે?

**જવાબ**

(૧) અને (૨) પાલનપુર ખાતે હાર્ટ, કીડની અને કેન્સરની પ્રાથમિક કક્ષાની સારવારની સુવિધા ઉપલબ્ધ છે. વધુ સારવારની જરૂર પડે ત્યારે ઉચ્ચકક્ષાની સારવાર આપતી નજીકની હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.

---------

**પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા બાબત**

૫૧૮૧ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કેટલા મકાનો કયાં કયાં બાંધવાના બાકી છે, અને

(૨) જો હા, તો આવા આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવાનું કામ સરકાર ક્યારે હાથ ધરવા માગે છે?

**જવાબ**

(૧) અને (૨) **પત્રક–અ** મુજબ.

**પત્રક–અ**

| અનુ. નં. | કામનું નામ | ભૌતિક સ્થિતિ |
|---|---|---|
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઘોઘંબા | સાઈટ ઉપરના જૂના મકાનો તોડવાની મંજૂરી તાજેતરમાં જ મળેલ હોઈ સ્ટ્રકચર ડીઝાઈન, સોઈલ ટેસ્ટીંગની કામગીરી પૂર્ણ થયેલ છે. જે મુજબ બાંધકામ શરૂ કરવામાં આવશે. |
| ૨ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કડાણા | વહીવટી મંજુરી મેળવવાની પ્રક્રિયા ચાલુ છે. |
| ૩ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, બાકોર | વર્ક ઓર્ડર આપેલ છે. ટુંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉખરેલી | પ્લીન્થ લેવલે કામગીરી પ્રગતિમાં છે. |
| ૫ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચિતવા | સ્લેબ લેવલે કામગીરી પ્રગતિમાં છે. |
| ૬ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સંઘરી | વર્ક ઓર્ડર આપેલ છે. ટુંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે. |
| ૭ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મિરપ | સ્લેબ લેવલે કામગીરી પ્રગતિમાં છે. |
| ૮ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગાડીયા | ફાઉન્ડેશન લેવલે. |

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં દેશી ઘીમાં મિલાવટ કરી વેચાણ કરતા વેપારીઓ સામે લીધેલ પગલા**

પ૬૭૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર દેશી ઘીમાં મીલાવટ અને દેશી ઘીના નામે બનાવટ કરી વેચાણ કરી પ્રજાજનોના સ્વાસ્થ્યને નુકસાન કરતા કેટલા વેપારીઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા અને કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

**જવાબ**

(૧) મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં નીચે જણાવ્યા મુજબ વેપારીઓ ઉપર દરોડા પાડી, જથ્થો પકડવામાં આવ્યો.

**૧. મહેસાણા જિલ્લો :–**

| **ક્રમ** | **તાલુકો** | **દરોડા પાડવામાં આવેલ વેપારીઓની સંખ્યા** | **જથ્થો પકડવામાં આવ્યો** |
|---|---|---|---|
| ૧. | મહેસાણા | ૨૦ | – |
| ૨. | કડી | પ | ૧૩૨૫ લીટર |
| ૩. | ઉંઝા | ૪ | – |
| ૪. | વિસનગર | ૬ | – |
| પ. | વિજાપુર | ૧ | – |
| ૬. | વડનગર | ૨ | – |
| ૭. | ખેરાલુ | ૧ | – |
| ૮. | બેચરાજી | ૧ | – |
| ૯. | સતલાસણા | – | – |
| | **કુલ :–** | **૪૦** | **૧૩૨૫ લીટર** |

**૨. અમદાવાદ જિલ્લો :–**

| **ક્રમ** | **તાલુકો** | **દરોડા પાડવામાં આવેલ વેપારીઓની સંખ્યા** | **જથ્થો પકડવામાં આવ્યો કિ.ગ્રા.** |
|---|---|---|---|
| ૧. | દસક્રોઈ | ૧૯ | ૧૨૦૦ |
| ૨. | દેત્રોજ | પ | – |
| ૩. | ધોળકા | ૮ | – |
| ૪. | ધંધુકા | ૧ | – |
| પ. | બરવાળા | ૨ | – |
| ૬. | રાણપુર | ૨ | – |
| ૭. | સાણંદ | ૮ | – |
| ૮. | વિરમગામ | ૧૧ | – |
| ૯. | માંડલ | – | – |
| ૧૦. | બાવળા | ૧ | – |
| ૧૧. | અમદાવાદ | પ૧૯ | – |
| | **કુલ :–** | **પ૭૬** | **૧૨૦૦ કિ.ગ્રા.** |

(૨) આ પકડાયેલા આરોપીઓ સામે શાં પગલાં લીધા, અને

(૨) **મહેસાણા જિલ્લામાં**

- કુલ–૧૦ કિસ્સાઓ જેમાં પીએફએ એક્ટ હેઠળ કોર્ટમાં એક કેસ દાખલ કરવામાં આવ્યો.
- ૮–કિસ્સામાં એડજ્યુકેટીંગમાં દંડપાત્ર ગુના માટે અરજી દાખલ કરેલ છે.
- ૧–અનસેઈફ કિસ્સામાં ફુડ સેફ્ટી એક્ટ–૨૦૦૬ અન્વયે કોર્ટમાં કેસ દાખલ કરેલ છે.

**અમદાવાદ જિલ્લામાં**

- કુલ–૮૪ કિસ્સાઓ, જે પૈકી પીએફએ એક્ટ હેઠળ કોર્ટમાં ૧૯ કેસ દાખલ કરવામાં આવ્યા.

- ૫૯–કિસ્સામાં એડજ્યુકેટીંગમાં દંડપાત્ર ગુના માટે અરજી દાખલ કરેલ છે.
- ૪–અનસેઈફ કિસ્સામાં ફુડ સેફ્ટી એક્ટ–૨૦૦૬ અન્વયે કોર્ટમાં કેસ દાખલ કરેલ છે.
- ૧–મીસબ્રાન્ડેડ અને ૧–સબ સ્ટાન્ડર્ડ એમ કુલ–૨ કિસ્સામાં એડજ્યુકેટીંગમાં અરજી દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) જો પગલાં ન લીધા હોય તો તેના શા કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સૂત્રાપાડા અને વેરાવળ હોસ્પિટલના નવીનીકરણ માટે તૈયાર કરેલ માસ્ટર પ્લાન**

૫૪૦૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના સૂત્રાપાડા અને વેરાવળ હોસ્પિટલના નવીનીકરણ કે સુધારણા માટે સરકાર દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ પ્લાન અંતર્ગત શી કામગીરી કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) અને (૨)

સુત્રાપાડા હોસ્પિટલ માટે હાલની સુવિધા પૂરતી હોઈ કોઈ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ નથી. અને વેરાવળ ખાતેની હોસ્પિટલના અપગ્રેડેશનની કામગીરી પ્રગતિમાં છે.

---------

**રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની શરૂઆત અને કેન્દ્ર સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ**

૫૬૩૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા કયારથી શરૂ કરવામાં આવી,

(૨) તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારે કેટલી રકમ એન.આર.એચ.એમ. ફંડમાંથી ફાળવી અને રાજ્ય સરકારે કેટલો ફાળો આપેલ છે, અને

(૩) તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેવાઓ પાછળ અમરેલી જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૭.

(૨) તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારે એન.આર.એચ.એમ. ફંડમાંથી અને રાજ્ય સરકારે ફાળવેલ ફંડની વિગત નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | એન.આર.એચ.એમ. | રાજ્ય સરકાર |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૭૪.૩૯ | ૬૭૮૬.૦૦ |
| ૨૦૧૨–૧૩ | ૧૦૦.૦૦ | ૪૨૫૮.૮૯ |

(૩) રૂ. ૩૪૫.૦૪ લાખ

---------

**આદિવાસી વિસ્તાર માટે ખરીદવામાં આવેલ બસો**

૫૬૩૩ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૩ની સ્થિતિએ વાહન વ્યવહાર વિભાગ દ્વારા આદિવાસી વિસ્તાર માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી બસો ખરીદવામાં આવી, અને

(૨) એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિવાસી વિસ્તાર માટે વર્ષવાર નીચે મુજબ બસો ખરીદવામાં આવી.

| | |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૬૧ બસ |
| ૨૦૧૨–૧૩ (૩૧–૧–૧૩ સુધી) | ૪૬૦ બસ |

(૨) વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો

| | |
|---|---|
| ૨૦૧૧-૧૨ | રૂ. ૩૭.૦૦ કરોડ |
| ૨૦૧૨-૧૩ (૩૧-૧-૧૩ સુધી) | રૂ. ૭૫.૦૦ કરોડ |

---------

## આણંદ જિલ્લામાં નોંધાયેલ વાહનો

૫૬૪૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૮/૨/૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વાહનો નોંધાયેલ તે પૈકી કેટલા વાહનોને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હાઈ સીક્યુરીટી નંબર પ્લેટ લગાવવામાં આવી, | (૧) ૪૦૪૧ વાહનોને |
| (૨) કઈ કઈ એજન્સી મારફતે સદર નંબર પ્લેટ પૂરી પાડવામાં આવે છે, | (૨) મેસર્સ એફટીએ એચએસઆરપી સોલ્યુસન્સ પ્રા.લી., અમદાવાદ |
| (૩) ઉક્ત સ્થિતિએ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૩) સરકારશ્રી તરફથી એજન્સીને કોઈ રકમ ચુકવવામાં આવતી નથી, પરંતુ સરકારશ્રીએ નક્કી કરેલ કિંમત વાહન માલિક દ્વારા એજન્સીને ચૂકવવાની થાય છે. |
| (૪) બાકી વાહનોને કેટલા સમયમાં નંબર પ્લેટ લગાવવામાં આવશે? | (૪) આ માટે તબક્કાવાર આયોજન હાથ ધરવામાં આવનાર છે. |

---------

## વલસાડ જિલ્લામાં થયેલ વાણિજિયક વેરાની આવક

૫૬૦૪ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાણિજિયક વેરાની આવક કેટલી થયેલ છે, | (૧) (રકમ રૂ. કરોડમાં) |

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૧૧-૧૨ | રૂ. ૬૦૦.૫૧ |
| ૨૦૧૨-૧૩ તારીખ ૩૧.૧.૨૦૧૩ સુધી) | રૂ. ૬૦૧.૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉપરોક્ત સ્થિતિએ વલસાડ જિલ્લામાં વાણિજિયક વેરા ન ભર્યા હોય તેવા કેટલા એકમો છે, | (૨) ૪૭૬ |
| (૩) વાણિજિયક વેરા ન ભરવાના કારણો કયા છે, અને | (૩) માંગણાની નોટીસ બજયાને ૩૦ દિવસ પૂર્ણ થયેલ ન હોય તે કારણોસર અથવા વિવાદ અધિકારી/નામદાર પંચ દ્વારા મનાઈ હુકમ આપવામાં આવેલ હોય તે કારણોસર અથવા કેસ બાયફ્ર, લીકવીડેટર કક્ષાએ પડતર હોય તે કારણોસર વેપારી દ્વારા વાણિજિયક વેરો ભરવામાં આવતો નથી. |
| (૪) વેરો ન ભરનારાઓ સામે શાં પગલાં લીધાં? | (૪) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## સાવલી તાલુકાના પાન્ડુ મેવાસ તથા ભાદરવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાનો બાંધવા બાબત

૫૬૬૦ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૩-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પાન્ડુ મેવાસ તથા ભાદરવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો જર્જરિત હાલતમાં છે જેના નવીન બાંધકામની કોઈ માગણી વડોદરા જિલ્લામાંથી આવેલ છે કે કેમ અને ક્યારે, | (૧) ના જી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાન્ડુ મેવાસ તથા ભાદરવામાં નાનું-મોટું મરામતનું કામ જરૂરી હોય તે પી.આઈ.યુ. દ્વારા પ્રગતિમાં છે. |

(૨) ડીલેવરી રૂમ માટે કયારે માગણી આવી,

(૩) ઉપરોક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો નવીન બનાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૪) નવીન બાંધકામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ વાહનોને એમ્બોસ કરેલી (હાઈ સીક્યોરીટી) નંબર પ્લેટ આપવા બાબત**

૫૬૭૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ ખાસ પ્રકારની એમ્બોસ કરેલી નંબર પ્લેટ (હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ) વાહનને આપવાની થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જામનગર જિલ્લામાં તા. ૨૮/૨/૨૦૧૩ની સ્થિતિએ આ અંગે શું આયોજન છે, | (૨) જામનગર જિલ્લામાં નવા નોંધાતા વાહનો ઉપર હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ લગાડવાની કામગીરી ચાલુ કરેલ છે, |
| (૩) આ કામગીરી કયાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે, અને | (૩) આ કામગીરી હાલમાં ચાલુ છે, |
| (૪) આ કામ માટે કોને એજન્સી આપવામાં આવી છે. | (૪) આ કામગીરી માટે મેસર્સ એફટીએ એચએસઆરપી સોલ્યુસન્સ પ્રા.લી., અમદાવાદને એજન્સી આપવામાં આવેલ છે. |

---------

**પાલનપુર આર.ટી.ઓ. કચેરી પાસે હાઈવે પર પાર્કીંગ કરવા બાબત**

૫૪૭૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાની પાલનપુર ખાતેની નવી બનાવેલ આર.ટી.ઓ. કચેરી પાસે અંબાજી હાઈવે પર વાહનો રસ્તા પર પાર્કીંગ થાય છે તે સમસ્યાથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) કચેરી કામ માટે આવતા વાહન માલિકોને નવનિર્મિત આર.ટી.ઓ. કચેરીના સંકુલમાં જ વાહનો પાર્ક કરવા સુચના અપાયેલ છે, |
| (૩) આ જવાબદારી કયા ચોકકસ અધિકારીને સોંપેલ છે? | (૩) આર.ટી.ઓ. પાલનપુર કચેરીના મોટર વાહન નિરીક્ષકને ટ્રાફીક પોલીસના સંકલનમાં રહીને આ કાર્યવાહી કરવા જણાવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં ખાદ્ય અને અખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કિસ્સામાં લીધેલ પગલાં**

૫૧૮૩ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખાદ્ય અને અખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કુલ કેટલા કિસ્સાઓ નોંધાયા છે, | (૧) ખાદ્ય પદાર્થોના ૧૦ કિસ્સા ભેળસેળવાળા નોંધાયા, અખાદ્ય પદાર્થના કોઈ નમૂના લેવામાં આવતા નથી. |
| (૨) આવા કિસ્સાઓમાં તહોમતદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા છે, અને | (૨) ૪ કિસ્સામાં કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા, ૪ કિસ્સામાં એડજયુડીકેટીગ ઓફીસર સમક્ષ શિક્ષા માટે અરજી દાખલ કરવામાં આવી, અને ૨ કિસ્સામાં કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૩) પગલાં લીધા હોય તેવા કિસ્સાઓમાં કયા | (૩) ઉપર ખંડ–૨ મુજબ નિર્ણય થયેથી શિક્ષાત્મક |

પ્રકારના શિક્ષાત્મક પગલાં લીધા છે? પગલાં લેવાનાં થશે.

---------

## સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં રેફરલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

૫૪૦૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં આવેલ રેફરલ હોસ્પિટલમાં વર્ગ-૨, ૩ અને જની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કયાં સુધી ભરી દેવાનું રાજ્ય સરકારે વિચારેલ છે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં આવેલ સુત્રપાડા અને પ્રભાસપાટણ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨, ૩ અને ૪ ની તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબની છે.

| રેફરલ હોસ્પિટલ/ સી.એચ.સી.નું નામ | ખાલી જગ્યા વર્ગ-૨ | ખાલી જગ્યા વર્ગ-૩ | ખાલી જગ્યા વર્ગ-૪ | સેન્ટરની કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| સુત્રાપાડા | ૧ | ૮ | ૦ | ૯ |
| પ્રભાસપાટણ | ૧ | ૧ | ૦ | ૨ |

(૨) સા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ-૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ-૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાંય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ-૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ-૩ અને વર્ગ-જની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

---------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોનું મંજૂર થયેલ મહેકમ

૫૬૩૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોનું મંજૂર મહેકમ કેટલું છે અને હાજર મહેકમ સંવર્ગવાર કેટલું છે,

(૨) તે પૈકી કીડનીના ડોકટરો કેન્સરના ઓપરેશનો કરી શકે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોનું મંજૂર મહેકમ ૧૮ છે અને હાજર ૧૦ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો છે.

(૨) તે પૈકી કીડનીના સર્જીકલ ડોકટરોનું મહેકમ મંજૂર ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---------

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારે ગૃહ મંત્રીશ્રીને પૂછવું છે કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઝીરો અવર્સ હોય જ નહીં.

શ્રી રામસિંહ પ્ર. પરમારઃ પ્રશ્નોત્તરી પછી ઝીરો અવર્સ હોય છે જ.

અધ્યક્ષશ્રીઃ આપણે ત્યાં પદ્ધતિ જ નથી ઝીરો અવર્સની.

શ્રી રામસિંહ પ્ર. પરમારઃ ડાકોરના યાત્રાધામનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, ઝીરો અવર્સની પદ્ધતિ જ નથી. નેક્સ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું,

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૨) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો ઓડિટ અહેવાલ ( જાહેર સાહસો ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૩) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ પ્રાપ્તિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૪) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૫) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો ઓડિટ અહેવાલ, નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨ )(અંગ્રેજી તથા ગુજરાતી)

(૬) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસના સન ૨૦૦૬-૨૦૦૭ થી ૨૦૦૯- ૨૦૧૦ના વાર્ષિક અહેવાલો, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી** નીતિનભાઇ ર. પટેલ (નર્મદા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજ્ય મૂડી રોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી**):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

શ્રી રમણલાલ વોરા **(** સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિમગનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પ્રવાસ વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ **(** પ્રવાસનમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસ વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા **(** જળસંપત્તિમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી રજનીકાન્ત સો. પટેલ **(** રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૦૭–૦૮નો ગુજરાત સ્લમ ક્લિયરન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૧–૨૦૧૨નો ગુજરાત મેરી ટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૧–૨૦૧૨ના વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના વાર્ષિક હિસાબો**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ**

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૧નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગૃહ વિભાગની સન ૧૯૪૯ના ગુજરાત નશાબંધી અધિનિયમ અન્વયેની અધિસૂચના

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના ગુજરાત નશાબંધી અધિનિયમ અન્વયેની તા. ૮/૮/૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક નં. જીજી/૨૦/૨૦૧૨/વીડીઆર/૧૦૨૦૦૯/૨૦૬૧/ઈ.૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૪૨ અન્વયે વધારાની માહિતી

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૮–૨–૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી અશોકકુમાર પટેલના ગાંધીનગર જિલ્લામાં વાણિજયક વેરાની આવક વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૪૨ (અગ્રતા ક્રમ–૭) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૭૪૨ અન્વયે વધારાની માહિતી

શ્રી નીતિનભાઇ ૨. પટેલ ( આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૪–૩––૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી જસુભાઇ બારડના તાલાલા ખાતે આવેલ કોમ્યુનીટી હેલ્થ સેન્ટરનું મંજૂર થયેલ મહેકમ વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૭૪૨ (અગ્રતા ક્રમ–૫) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૨૫ અન્વયે વધારાની માહિતી

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૧–૩––૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાના ધારી, બગસરા અને ખાંભા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૨૫ (અગ્રતા ક્રમ–૧૩) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩ અન્વયે વધારાની માહિતી

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૦–૨–૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ) ના ગૌશાળા પાંજરાપોળની આંતરમાળખાકીય સુવિધા માટે સહાય વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૩ (અગ્રતા ક્રમ–૩) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૨૭૮ અન્વયે વધારાની માહિતી

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૨–૩–૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી બાબુભાઇ પટેલના “અમદાવાદ જિલ્લામાં હરિયાળી પ્રોજેકટો” વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૨૭૮ (અગ્રતા ક્રમ–૩) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૩ ના રોજ ચર્ચા દરમિયાનની વધારાની માહિતી

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની માગણીઓ પરની તા.૨૧મી માર્ચ, ૨૦૧૩ના રોજ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે કરેલ ઉલ્લેખો સંબંધે વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

સભાગૃહના મેજ ઉપર મુકાયેલા અનુમતિ મળેલા વિધેયકો

સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૩૩

સચિવશ્રી : હું વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૩૩ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સરકારી વિધેયકો

### સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક(પહેલી બેઠકમાં બાકી રહેલ વિધેયક) (ક્રમશઃ)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. શેના માટે છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કેગના રિપોર્ટ બાબતમાં.

અધ્યક્ષશ્રી : એ તો પૂરું થઇ ગયું. મેજ ઉપર મૂકાઇ ગયું. હવે..

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓફ ઓર્ડર તો સાંભળો.

અધ્યક્ષશ્રી : જયારે મેજ ઉપર મૂકવાની વાત આવે ત્યારે તે પહેલાં પોઇન્ટ ઓફ ઓર્ડર હોય. મૂકાઇ ગયા પછી પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. હવે કંઇ રહેતું નથી. જયારે મૂકવાની વાત હોય, નહીં, નહીં. જે પૂરું થઇ ગયું તેના ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. માનનીય શંકરસિંહ. અત્યારે બીજુ કામ ચલાવો. નથી રહેતો તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર. આ રૂલીંગ છે. રૂલીંગ ઉપર ચર્ચા ન હોય. માનનીય શંકરસિંહ. તમે શાંતિ રાખો. બધા શાંતિથી સાંભળો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત આપે સાંભળી હોત તો સારું હતું. આપને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : હું પ્રોસીજરમાં હોત તો ચોકકસ કહેત. ઘણીવાર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠયા છે.

શ્રી શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેતા સાહેબ ઉપર અટકયો હતો. સરકાર પણ ત્યાં જ અટકી છે. ખબર નહીં. તે પહેલાં સાહેબ એક ચાર ઓનરેબલ જસ્ટીસની પેનલ બની. તેમાં જસ્ટીસ પ્રવિણસિંહ મોતીસિંહ ચૌહાણની ઉંમર વધારે હોવાના હિસાબે તેમનું નામ કન્સીડર નહીં થયું. બીજા જસ્ટીસ બી.સી. પટેલ દિલ્હીના એક કમિશનના માનનીય મેમ્બર હોવાથી તેમનું નામ પણ કન્સીડર ન થયું. ત્રીજા જસ્ટીસ આર.પી.ધોળકીયા અને ચોથા જસ્ટીસ જે.આર.વોરા અને પાંચમા એક એસ.ડી.દવે સાહેબનું નામ આવ્યું હતું પણ તેમણે રીકોલ કરીને પોતાનું નામ વિડ્રો કરાવેલ. એનો અર્થ કે પ્રોસેસ કરવામાં વ્હાલા દવાલાની નીતિ આ ચાલે કે ન ચાલે તે એક અને ચાલવામાં કયાંક ગવર્નમેન્ટમાં પોતે કોઇક ઠેકાણે નિયુક્તિ થઇ હોય તેના લીધે પોતે આ હોદ્દા ઉપર પોતાની ઇચ્છા વ્યક્ત કરી હોય કે મારે નથી રહેવું અથવા ગવર્નમેન્ટે પોતે ના પાડી હોય કે હવે આ ઠેકાણે તેમને સ્થાન આપેલ છે માટે તેમનું કન્સીડરેશન નહીં થાય. સાહેબ હું અટકયો હતો જસ્ટીસ મહેતા ઉપર. જે માનનીય મંત્રીશ્રીનું કહેવું હતું કે મહેતા સાહેબનો વ્યક્તિગત વાંધો નથી. થોડું ડીટેઇલમાં આપને તકલીફ આપીશ. તા.૨-૮-૧૧ના દિવસે Chief Justice wrote to the Chief Minister mention therein that he had gathered details of activities of Justice Mr.R.A.Mehta and found nothing objectionable. તે સરકારને વાંધો હતો કે આ એકટીવીટી તેની બરાબર નથી. ચીફ જસ્ટીસે કહ્યું કે આવું કંઇ જ ન હતું. There was nothing on record which would make him ineligible for the post of Lokayukta. He was neither member of any NGO nor he was social activist on the contrary he show his ability to work for the society even at the age of 75. સરકારને વાંધો હતો ૭૫ વર્ષની ઉંમરનો. સરકારને વાંધો હતો એન.જી.ઓ.માં એકટીવીસ્ટ છે. ઓનરેબલ ચીફ જસ્ટીસ ઓફ ગુજરાત હાઇકોર્ટે કહ્યું છે કે આવું કંઇ જ ન હતું. કોઇપણ એન.જી.ઓ.માં તે સક્રિય મેમ્બર પણ ન હતા. તેના લીધે ઉંમરનો પણ બાધ ન હતો. કારણકે સક્રિય હતા. In this background, a request was made by the Chief Justice by his letter to take up the matter with the Council of Ministers and to forward name of Justice Mehta to the Governor for his appointment as Lokayukta of Gujarat State. Letter dated August 2, 2011 reads as under :-

Therefore, during last one and half month I tried to gather details about activities of Justice R.A.Mehta and find that there is no such activity which makes him ineligible for appointment to the post of Lokayukta. According to me he is a man of high repute and integrity and always maintain high reputation while he was in judiciary and still he has maintained high standard in the society. એવું ન હોત તો સાહેબ જરૂર એ ચાર્જ લઇ લીધો હોત. સરકારે લોક કરવું પડ્યું તે લોક ન કરી શક્યા હોત. તકવાદી હોત

તો આ તક તેમણે ઝડપી લીધી હોત. હાઇકોર્ટે અને સુપ્રીમ કોર્ટે કહ્યું કે જસ્ટીસ મહેતાનો ઓર્ડર બરાબર છે. તેવા વખતે જે રેપ્યુટેશન જસ્ટીસ મહેતાનું reputation which has never made any public statement which is detrimental to the society nor has shown any association to any Government whether State or Central, it cannot be said that he is associated with one of the other NGO as there is nothing to suggest that being a member of NGO or he is a society activist treated as disqualification for appointment of post of Lokayukta. સાહેબ, જે મહેતા સાહેબની નિયુક્તિ પછી સરકારે જે વાંધા લીધા કે આ મહેતા એકટીવિસ્ટ છે. એ એન.જી.ઓ.ની સુરતમાં પુર આવ્યું એની કમિટીમાં એ મેમ્બર હતા. એમાં સરકારની સામે જે ગરબડ હશે એ એમણે બહાર પાડી.

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહ, આપ બિલ ઉપર આવો. Appointment ને એ કર્યું કોર્ટમાં કેસ ગયો એ it was part of that, એ બીજુ જ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા :સાહેબ, મહેતાની માટે સરકારને વાંધો નથી તો આ રેકર્ડ પર વાંધા સરકારે મૂકેલા છે.

અધ્યક્ષશ્રી : જે રેકર્ડ ઉપર છે, હાઇકોર્ટના જજે કહ્યું છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : બરોબર છે. તમને જો એવું હોય કે હા, અમે..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચાનો વિષય આજના વિધેયક અને એના કન્ટેન્ટ અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે ચર્ચા કરે છે એમાં સાહેબ, કોઇ લાગેવળગે નહીં. કોઇ નિસ્બત નથી.

અધ્યક્ષશ્રી : આપણે એ જ કહ્યું, માનનીય ભૂપેન્દ્રસિંહજી, મારે એની હવે ચર્ચા નથી કરવી. આપ બેસો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મહેતા સાહેબ માટે કોઇ વાંધો છે જ નહીં. અમારે મહેતા સાહેબ માટે કોઇ વાંધો નથી. એવું અનેકવાર કહ્યું છે. મહેતા સાહેબના ઘરે જઇને..

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રસિંહજી, એ વાત કરી કે વાંધો નથી. એનો જવાબ કહે છે, ભૂતકાળમાં તમે આટલા આટલા, (અંતરાય) સાંભળો, આટલા આટલા વાંધા તમે..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચામાં મહેતા સાહેબ છે જ નહીં. વિધેયકમાં મહેતા સાહેબ છે જ નહીં.

અધ્યક્ષશ્રી : આજે કોઇ વાંધો નથી, એની એપોઇન્ટમેન્ટ થાય, કાલે એ ચાર્જ લઇ લે તોય વાંધો નથી, એમ માનનીય નીતિનભાઇએ કહ્યું, પણ ભૂતકાળમાં વાંધો નથી એ તમારે (અંતરાય) હવે પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન આવી ગઇ, આમાં આવી ગયું. ભૂતકાળમાં વાંધા હતા એ આ રેકર્ડ ઉપર છે એ જ એ બતાવે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : બિલકુલ સાહેબ,

અધ્યક્ષશ્રી : હવે મૂળ બિલ ઉપર આપ આવી જાઓ. બીજા ઘણા માનનીય સભ્યશ્રીઓએ બોલવાનું છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સાહેબ, મહેતા સાહેબ ન હોત અને એમની ઇચ્છા પ્રમાણેના ઓનરેબલ જસ્ટીસ જો લોકાયુકત બન્યા હોત તો કદાચ આ બિલ આ હાઉસમાં લાવવાની જરૂર ન પડત.

અધ્યક્ષશ્રી : એ તો કોઇ સવાલ નથી. એ હોય કે ન હોય બિલ લાવવાની તો સરકારને સત્તા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ મહેતા સાહેબને લીધે આ બિલ...

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, મહેતાના લીધે બિલ આવ્યું છે એવું થોડું છે? લોકાયુકત તો હોય એક નહીં તો બીજા નહીં ને ત્રીજા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સાહેબ, આટલું પૂરતું નથી. સરકારે લોકાયુકતની બાબતમાં આ હાઉસમાં લોકાયુકત એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૧, ગુજરાત બિલ નંબર ૨૯ ઓફ ૨૦૧૧, એ એસેમ્બલીમાં એમણે અહીં તા. ૩૦–૩–૨૦૧૧ના રોજ મૂકેલું અને પાસ કરેલું. એનો અર્થ એ કે એમને જે પ્રોસેસમાં જસ્ટીસ મહેતાની નિયુક્તિ હાઇકોર્ટથી માંડીને સુપ્રીમ કોર્ટ Curative Petition આ બધાયના મૂળમાં જે એમણે એમેન્ડમેન્ટ મૂક્યું ૨૦૧૧માં, લગભગ ૩૦મી માર્ચ, ૨૦૧૧ એ એટલું પૂરતું નથી. ગવર્નરની ઓબ્ઝર્વેશન સાથે બિલ જયારે પાછું આવ્યું ત્યારે આ સરકારે વટહુકમ બહાર પાડ્યો. After considering message of the Governor, an Ordinance was prepared by the General Administrative Department on 17th August, 2011 as the legislative assembly was not in session. The State Government sent ordinance on 17th August, 2011 for amending Gujarat Lokayukta Act, 1986 which ousted the Chief Justice from consultation process. ચીફ જસ્ટીસને consultation ના પ્રોસેસમાં બહાર કાઢવા માટે...

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી, આપ હાઇકોર્ટના બધા જે ઓબ્ઝર્વેશન છે એ કહ્યાં છે, એ બધા માન્ય છે. સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ માન્ય છે. એમ માનનીય નીતિનભાઇએ કહ્યું છે. આજે મહેતાની એપોઇન્ટમેન્ટ માન્ય છે એ બધી વાત કરી છે, હવે આપ બિલ ઉપર આવોને.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું બિલ ઉપર છું. આ કેવા પ્રયત્નો કર્યા છે, આ બિલમાં એમને શું છૂપાવવાનું છે,..

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર છે. હાઇકોર્ટના, એ બધા પબ્લીક ડોકયુમેન્ટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : 1986 ના બિલને એ વખતના (અંતરાય)અને એવા સુધારા લઇને જે જો આવ્યા હોત તો એ સુધારાને સમર્થન આપત પણ એમની આ • (xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx)શબ્દ આપણે કાઢી નાખીએ છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સાહેબ, ઇન્ટેન્શન, એમણે જે કલમ ૨૮ ગુજરાત લોકાયુકત અધિનિયમ ૧૯૮૬ આથી રદ કરવામાં આવે છે. એમાં બેમાં લખેલું છે કે, રદ કરવામાં આવેલા અધિનિયમની કલમ ૧૦ (૧) હેઠળ શરૂ કરાયેલા અને રદ કરેલ અધિનિયમ હેઠળ અને લોકાયુકત સમક્ષ અનિર્ણિત હોય એવી તમામ કાર્યવાહીઓની તપાસ અથવા અન્વેષણ આ અધિનિયમમાં સમાવિષ્ટ જોગવાઇઓ અનુસાર લોકાયુકત આયોગ દ્વારા ચાલુ રાખવામાં આવશે. લોકાયુક્ત સમક્ષ અનિર્ણિત હોય તેવી તમામ કાર્યવાહીઓની તપાસ અથવા અન્વેષણ આ અધિનિયમમાં સમાવિષ્ઠ જોગવાઇઓ અનુસાર લોકાયુક્ત આયોગ દ્વારા ચાલુ રાખવામાં આવશે. આટલા વર્ષોનો રેકોર્ડ ક્યાં જશે? દસ વર્ષ સુધી સરકારે જે લોકાયુકતની નિમણૂક કરવી જોઇએ એવી નિમણૂક ન કરીને હવે લોકાયુક્ત આયોગ પાસે આની તપાસ કરવાની હોય તો આની પાસે કોઇ રેકોર્ડ અત્યારે છેલ્લા દસ વરસના, પાંચ વર્ષ પહેલાનું આ બિલમાં એ પણ ઘટાડ્યું છે કે હવે છેલ્લા બે વર્ષનો જ રેકર્ડ લેવાશે. એનો અર્થ એ કે ભૂતકાળમાં કરેલા એલિગેશન, ગેરરીતિઓ જે સી.એ.જી.એ કહેલી છે, ૪૨ હજાર કરોડ કરતા વધારે અને આજે જે હમણા બહાર પડશે એ તો ભગવાન જાણે શું હશે અંદર એ વાંચવું પડશે. પણ આટલા બધા કરોડ રૂપિયાની ગેરરીતિઓ સી.એ.જી.એ કહ્યું છે એ જો વર્ષે વર્ષે બહાર કાઢી

• આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

કાઢીને જવાનું હોય તો છેલ્લા બે વર્ષનો રેકોર્ડ કેટલો હશે એની આપ કલ્પના કરી શકો છો. આઠ વર્ષના રેકોર્ડનો જવાબ કોણ આપશે?

અધ્યક્ષશ્રી : સી.એ.જી.ના રિપોર્ટને અને લોકાયુક્તને કાંઇ લાગે–વળગે નહીં. લોકાયુક્ત કોઇ દિવસ સી.એ.જી.ના રિપોર્ટ ઉપર કેસ કરતા નથી. એ તો આપણી પબ્લિક એકાઉન્ટ કમિટી છે એ એની ચકાસણી કરે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સી.એ.જી.નો રિપોર્ટ એલાઉ નહોતો થતો કરપ્શનનો મેઇન આધાર આ સી.એ.જી. શોધી કાઢે છે એ ઓથેન્ટિક હોય છે. હું અને બીજુ કોઇ કહેશે તો સમજી શકાય કે આ વાહીયાત અરજી છે પણ ઓન રેકોર્ડ જે કરપ્શન અને એલિગેશન સુજલામ–સુફલામના હોય કે બાકીના બીજા હોય એ રેકોર્ડ પર છે. પી.એ.સી.નો રિપોર્ટ પણ આજે હમણા મૂકાયો, એમાં શૈલેષભાઇનું કહેવું હતું કે આ વહેલા મૂકાયું હોત તો અભ્યાસ કરીને કહી શકત એમાં.

હું છેલ્લે બે ચાર મુદ્દામાં રાજ્યપાલની પસંદગી એક તો કલમ ૨(૧૦)માં જાહેર હોદ્દેદારોમાં મુખ્યમંત્રીશ્રીનો સમાવેશ કર્યો નથી. એમને હક છે આ કરવાનો, કમલ ૩માં રાજ્યપાલ પસંદગી સમિતિની ભલામણ ઉપરથી લોકાયુક્ત અને ચાર ઉપ લોકાયુક્ત નીમશે. સાહેબ, ડેપ્યુટી સરપંચથી માંડીને ચીફ મિનિસ્ટર સુધી અને નગરપાલિકાઓ અને લોકલ સરકાર માટે આ ચારને બદલે ચાલીસ નીમશો તો પણ ઓછા પડશે. એટલું બધું વિશાળ ફલક લીધેલ છે એમણે કે લોકાયુક્ત ચારને બદલે એની સંખ્યા વધારવી જ જોઇએ, જો આયોગ જ કરવું હોય તો હજુ સંખ્યા વધારવી જ જોઇએ. પણ ફેઇસ સેવિંગ માટે કરેલ છે માટે હજારો કાગળો અને લોકોની અરજીઓ જશે એને પૂરો ન્યાય નહીં મળે. પસંદગી સમિતિમાં કોઇ સભ્યની ગેરહાજરી હોય તો પણ બાકી રહે તે લોકોની નિમણૂક કરશે અને તેવી નિમણૂક કાયદેસર ગણાશે. આ પણ રાજકીય ગણતરીથી કહ્યું છે કેમ કે જેને વાંધો હોય કે વિરોધ હોય તો એનો વિરોધ કે વાંધો કન્સીડર કરવામાં નહીં આવે, તમે તમારા ઘરે રહો અમે કરતા હોય એ કરીશું. એટલું જ નહીં પણ લોકાયુક્ત અસમર્થ હોય તો ઉપ લોકાયુક્ત જે ન્યાયિક ન હોય અને વહીવટી હોય તો તેને પણ લોકાયુક્તનો ચાર્જ મળશે. સાહેબ, આ જ્યુડિશિયલી સિસ્ટમ છે એમાં વહીવટી અધિકારીઓને આ ચાર્જ ન હોઇ શકે. બે ઉપ લોકાયુક્ત જ્યુડિશિયલી હોય તો એને જ ચાર્જ આપવો જોઇએ વહીવટી અધિકારીને આ ચાર્જ ન અપાય જો આ લોકાયુક્તને આપણે જ્યુડિશિયલી માનતા હોય તો.

એટલું જ નહીં કલમ ૧૦(૪)માં ફરિયાદીને ફરિયાદના કારણની જાણ થયાના એક વર્ષ પછી તપાસ કરી શકાશે નહીં. એક વર્ષ જૂની ફરિયાદો હોવાનું કાઢીને આ તપાસ ફેંકી દેવામાં આવશે. એટલું જ નહીં, ૧૨(૬)માં લોકાયુક્ત ફરિયાદ ન સ્વીકારે તો કારણોની નોંધ કરીને ફરિયાદીને જાણ કરશે. તમારામાં તારીખ લખી નથી, તમે ક્યા ઠેંકાણેથી અરજી કરો છો એ જણાવ્યું નથી આમ કહીને ફાઇલ કરી દેવામાં આવશે, ટાઇમ પાસ. એટલું જ નહીં, જે લોકાયુક્ત દ્વારા સમન્સની અથવા વોરંટની પુરાવા માટે દસ્તાવેજ રજૂ કરવાનું જણાવવામાં આવે તો વોરંટને ફોજદારી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૯૩ હેઠળ કોર્ટે બહાર પાડેલું વોરંટ ગણવામાં આવશે. આવા કેટલાય કારણ વગરના મુદ્દાઓ નવા ઉભા કરીને સરકાર કોણ જાણે શું છૂપાવવા માગતી હશે એ હું સમજી શકતો નથી પણ મંત્રીના કિસ્સામાં લોકાયુક્તનો રિપોર્ટ મુખ્યમંત્રીશ્રીને મોકલવાનો આમાં સુધારો છે. મંત્રીઓનો રિપોર્ટ મુખ્ય મંત્રીને મોકલવાનો હોય તો પછી બધું જ મુખ્ય મંત્રી પાસે રહેવું જોઇએ. આ લોકાયુક્તના કાયદામાં પણ સુધારો કરો. હું સુધારો સૂચવું છું કે, લોકાયુક્ત – મુખ્યમંત્રી લોકાયુક્ત રહેશે. કોઇ જરૂર નહીં બીજાની, મજા કરો. જો તમને ખરેખર આમાં વિશ્વાસ હોય કે આવી તપાસ થવી જોઇએ, સી.એ.જી.ના રિપોર્ટને માન આપવું જોઇએ, લોકાયુક્તનું કંઇક મહત્વ છે, સુપ્રીમ કોર્ટ/હાઇકોર્ટનું કંઇક મહત્વ છે, વિધાનસભાનું કંઇક મહત્વ છે, દેશની પાર્લામેન્ટનું કંઇક મહત્વ છે. ઇટ મીન સમથીંગ તો આ બધાને એમણે માન આપવું જોઇએ એના બદલે મંત્રીઓનો રિપોર્ટ જો મુખ્યમંત્રીએ જોવાનો હોય તો હું નથી માનતો કે એમાં કોઇને ન્યાય મળે. એટલું જ નહીં પણ લોકાયુક્તનો રિપોર્ટ સરકાર ઠરાવે તેવા નમૂનામાં એટલે કે ફક્ત નાણાકીય સાધનોના ઉપયોગવાળો રિપોર્ટ રાજ્યપાલને રજૂ કરવાની જોગવાઇ છે અને વિધાનસભામાં ચર્ચા ન થાય તેવી સ્પષ્ટ સૂચના સાથે નાણાકીય રિપોર્ટ રજૂ કરવાની

જોગવાઇ કરવામાં આવી છે. આ જો રિપોર્ટ જ રજૂ કરવાનો ન હોય વિધાનસભામાં તો રિપોર્ટ શું કામ બનાવો છો? શેના માટે રિપોર્ટ બનાવવો જોઇએ જો રિપોર્ટ રજૂ જ ન કરવાનો હોય? અને હું સમજું છું કે એમને શું છૂપાવવાનું છે? આનાથી ભાગવાની જરૂર નહોતી. લોકાયુક્તના જૂના એક્ટમાં સુધારા મૂકવા જોઇએ, હિંમતથી મૂકવા જોઇએ, પણ પ્રજાને ખબર પડી ગઇ કે ભા.જ.પ. ની સરકાર કંઇ છૂપાવવા માગે છે, સુપ્રીમ કોર્ટ સુધીની લડાઇ કર્યા પછી પણ જો સરકાર આવો કાયદો બનાવવા માગતી હોય તો એમના મનમાં કંઇક *(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** (xxxxxx) એ શબ્દો રેકર્ડ પરથી આપણે કાઢી નાંખીએ છીએ.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** કાં તો કંઇક ગેરરીતિ છે, જેથી કરીને આ બહાર ન આવે, પ્રજા માનસમાં તો કમસેકમ લોકોને તો ખબર પડી ગઇ કે આ સરકાર કંઇક છૂપાવવા માગે છે, અને દિલ્હી બી.જે.પી.ના લોકપાલની અલગ પ્રકારની ચર્ચા હશે? અહીં લોકાયુક્ત માટે અલગ પ્રકારનો વ્યવહાર હશે એમનો. દસ વર્ષથી આ જગ્યા ખાલી છે, બીજા પાંચ વરસ વધારે ખાલી રહે તો શું ફેર પડવાનો છે? અલ્ટીમેટલી આમાં પ્રજાને તકલીફ થવાની છે અને પ્રજા સમજી ગઇ છે કે આમાં કોણ શું છે? અને છેલ્લે આયુક્તના વડા લોકાયુક્ત કમિશન એના વડા સી.એમ. પોતે બને એવો સુધારો સ્વીકારે, હું પોતે સમર્થન કરીશ જો એ આ કરે તો અને ક્યુરેટિવ પાછી ખેંચી લે તો પણ અમે આ બિલને સમર્થન કરીશું, જસ્ટિસ મહેતાને બોલાવીને ચાર્જ આપશે તો પણ અમે સમર્થન કરીશું અને આવું કંઇ નહિ થાય તો આ બિલનો સપોર્ટ અમારાથી થાય નહિ અને આ કોમનમેન માટે બિલ નથી કોમન કરપ્શન માટે બિલ છે એટલું કહીને મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી :** માનનીય અમિતભાઇ, (અંતરાય) બોલવા દો હવે, નહિ તો એક મિનિટ પાટલી થપ થપાવવામાં જ જશે. બોલી લે પછી કરજોને.

**શ્રી અમિત શાહ(નારણપુરા) :** માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય વિરોધ પક્ષના નેતાએ આ બિલ ઉપર એમના વિચારો વ્યક્ત કર્યા, હું પહેલાં તો એમણે જે વિચારો વ્યક્ત કર્યા છે એમાં ક્યાંક, ક્યાંક અર્ધસત્ય, ક્યાંક વાતને તોડી–મરોડીને મૂકી છે, કયાંક. (અંતરાય) તમે ના આપો મારી વાતનો જવાબ. (અંતરાય) તો ઉભાં થજોને પછી. એની ઉપર હું વાત કરવા માગું છું. એમણે કહ્યું કે કેગ ઉપર અમને વિશ્વાસ છે. હું સ્વાગત કરું છું માનનીય વિરોધપક્ષના નેતાના આ વાક્યનો. એમણે કહ્યું કે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની કેગની કંઇક ટિપ્પણીઓ છે એ છૂપાવવા માટે રાજ્ય સરકાર છેલ્લાં દિવસે કેગનો રિપોર્ટ લઇને આવી છે અને જો લોકાયુક્ત હોત તો આ ટિપ્પણીઓ પર કંઇકનું કંઇક થયું હોત. આ મોટાભાગની ટિપ્પણીઓનો મારો અભ્યાસ છે, જે ગુજરાતની રાજ્ય સરકાર સામે છે એમાં ક્યાંકને ક્યાંક વિલંબ થવાના લીધે કિંમત વધી છે, ક્યાંક રિટેન્ડરીંગ થયાં એટલે ટેન્ડરની કોસ્ટ વધી છે. ક્યાંક પ્રોસીજરલ લેપ્સના લીધે વધુ કોસ્ટ આપવી પડી છે. આ પ્રકારની મોટી મોટી ટિપ્પણીઓ છે. એની વધુ ડિટેઇલમાં હું નથી જતો. પરંતુ જે સંસ્થામાં માનનીય વિરોધપક્ષના નેતાએ શ્રદ્ધા વ્યક્ત કરી એ જ સંસ્થાએ ટુ–જી, એરબસની ખરીદી, એરપોર્ટનું ખાનગીકરણ, કોલસાનું આવાંતરણ, હેલીકોપ્ટરની ખરીદી (અંતરાય) બેસો ભાઇ બેસો, બેસો બેસો આ તો શરૂઆત છે.

અધ્યક્ષશ્રી **:** એક મિનિટ એ જે કહે છે એ શાંતિથી સાંભળો ને. એ કહે છે કે કેગ રિપોર્ટની અંદર, કેગનો રિપોર્ટ માનવો કે નહિ એના માટે છે. માનનીય અમિતભાઇ,

શ્રી અમિત શાહ **:** માનનીય અધ્યક્ષશ્રી, હેલીકોપ્ટરની ખરીદી, ટેન્ક ખરીદી કૌભાંડ, કોમન વેલ્થ ગેઇમ્સ, આદર્શ સોસાયટી કૌભાંડ, આ બધાનો સરવાળો કરીએ તો ૧૨ લાખ ૪૦ હજાર કરોડ રૂપિયાનો ગપલો આ યુ.પી.એ.ની સરકારે કર્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે કેમ ઉભા થાવ છો ? બેસી જાવ પ્લીઝ. તમે હવે બિલ ઉપર આવી જાવ.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૨ લાખ ૪૦ હજાર કરોડ એટલે શું ? આ ૧૨ લાખ ૪૦ હજાર કરોડ એટલે આખુ ગુજરાત રાજય ૧૨ વર્ષ સુધી ચાલે.

અધ્યક્ષશ્રી : હવે બિલ ઉપર આવી જાવ અમિતભાઇ. બિલ ઉપર આવી જ જાય છે. પ્લીઝ નટવરસિંહ.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ આવું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) બેસો કહું. માનનીય નીતિનભાઇએ એમ કહ્યું કે આ મહેતાની નિમણૂક અમે બરાબર રીતે કરી છે, વાંધો નથી લીધો. તેની સામે માનનીય શંકરસિંહે લગભગ ૩૫ થી ૪૦ મિનિટ મહેતાના જ રિપોર્ટ ઉપર વાત કરી. આ નીતિનભાઇ બોલ્યા એટલે શંકરસિંહભાઇ બોલ્યા નહીંતર તો આ બિલ સાથે કોઇ નિસ્બત નથી. તમે કેગના રિપોર્ટ માટેનું કહ્યું એ કેગના રિપોર્ટનું કહે છે એટલે તેનો જવાબ આવી ગયો. હવે હું કહું છું કે બિલ ઉપર આવી જાય. બોલવાનો તો બન્નેને અધિકાર છે. આપ પણ બોલો, તે પણ બોલે. જે બોલ્યા હશે તેનો જવાબ મળશે એ સિવાય હું નવું નહીં બોલવા દઉં. કેન્દ્રની ટીકા થાય એવુ પણ નવું નહીં બોલવા દઉં કે રાજયની ટીકા થાય એવુ પણ નહીં બોલવા દઉં. આપ ચાલુ રાખો. આની અંદર કેગના રિપોર્ટની જ વાત છે કે કેગનો રિપોર્ટ હોય તે સો ટકા સાચો નથી હોતો. તે કમિટી તેની પાસે સ્ક્રૂટીની કરે પછી મનાય છે. તેના જવાબમાં એ એમ કહે છે કે કેન્દ્ર ઉપર પણ આટલા આક્ષેપો છે. એમ કયાં કહે છે કે કેન્દ્રએ આટલો ભ્રષ્ટાચાર કર્યો છે. એ કેગના રિપોર્ટની જ વાત કરે છે મેં બરાબર શબ્દો સાંભળ્યા છે હવે તેમને બોલવા દો.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ કહ્યું કે ૨૦૦૩ થી અત્યાર સુધી લોકાયુકતની નિમણૂક આ રાજય સરકારે ના કરી. તેમણે સ્પષ્ટ શબ્દપ્રયોગ કર્યો કે નિમણૂક કરી નહીં. તેમણે ક્રોનોલોજી પણ બતાવી. એ ક્રોનોલોજીને હું જરા જુદી રીતે બતાવવા માંગુ છું. ૨૦૦૬માં મુખ્યમંત્રીશ્રીએ સામેથી પત્ર લખીને લોકાયુકતની નિમણૂકની પ્રક્રિયાની શરૂઆત કરી હતી. ૨૦૦૬માં જસ્ટીસ કે.આર.વ્યાસનું નામ હાઇકોર્ટના ચીફ જસ્ટીસની સંમતિથી આવ્યુ હતુ અને તેમાં વિપક્ષના નેતાએ પણ સંમતિ આપી હતી. તે નામ મોકલ્યા પછી તેમણે બહુ સરળતાથી કહી દીધું કે મહારાષ્ટ્રના હ્યૂમન રાઇટ કમિશનના અધ્યક્ષ બન્યા એટલે તેમની નિમણૂક ના થઇ. સાહેબ, મહારાષ્ટ્રના હ્યૂમન રાઇટ કમિશનના અધ્યક્ષ ઓકટોબર–૨૦૦૭માં બન્યા. હું બરાબર રેકોર્ડ કિલયર કરવા માંગુ છું. ત્યાં સુધી આ ફાઇલ રાજયપાલશ્રી પાસે પડી રહી હતી અને ઓકટોબર–૨૦૦૭માં પડયા પછી પણ તરત તેને પાછી ના મોકલાવી. પાછી મોકલાવી ૨૦૦૯માં આ ૨૦૦૬ થી ૨૦૦૯ સુધી તે નિમણૂકના ત્રણ દિવસ બાદ કરતા આમાં રાજય સરકારનો કયાંય દોષ નથી. પહેલા અમે નામ મોકલ્યુ ત્યારે એ હ્યૂમન રાઇટ કમિશનના અધ્યક્ષ નહોતા. હ્યૂમન રાઇટ કમિશનના અધ્યક્ષ બન્યા ત્યાં સુધી તેમની નિમણૂક સ્વીકારી નહીં. બન્યા પછી જો એલીજીબલ નહોતા તો ફાઇલ તરત પાછી મોકલવી જોઇતી હતી નિમણૂક થઇ ગઇ હોત. પરંતુ ફાઇલ પાછી ના મોકલી. ગવર્નમેન્ટ રાજયપાલ પાસેથી ફાઇલ પાછી ન મેળવી શકે. રાજયપાલ સાહેબે મોકલવી પડે. ૨૦૦૯ની સાલમાં આ ફાઇલ પાછી આવી. ૨૦૦૯માં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી પાસે પત્ર લખવામાં આવ્યો. તેના જવાબમાં ડિસેમ્બર–૨૦૦૯માં પત્ર લખ્યો. કોઇ મોડું રાજય સરકારે નથી કર્યું. હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી ૨૪–૨–૨૦૧૦ના દિવસે, સાહેબ તારીખ યાદ રાખજો. ફરીવાર ત્રણ મહિના ગયા. એમાં રાજય સરકારનો કોઇ રોલ નથી. ૨૪–૨–૨૦૧૦ના દિવસે ચાર જજ સાહેબોના નામો મોકલ્યા અને ચાર જજ સાહેબોના નામોમાં એમણે નીચે એક લીટી લખી હતી, એ લીટી માનનીય વિરોધપક્ષના નેતાએ ન બતાવી કે આ ચારેય જજ સાહેબના નામો ઇકવેલન્ટ છે એમના માટે. એટલે ક્રમ પ્રમાણે નથી અને આ ચાર નામોમાંથી જસ્ટીસ જે.આર.વોરા સાહેબનું નામ રાજય સરકારે નકકી કરી રાજયપાલશ્રીને ફાઇલ મૂકી. એ પહેલાં ત્રણવાર વિપક્ષના નેતાને રાજય સરકારે પત્ર લખ્યો કે ભાઇ, તમે આવો. આ ચાર નામો આવ્યા છે તેના પર ચર્ચા કરવાની છે. ચર્ચા કરવા માટે વિપક્ષના નેતા આવ્યા નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આ બિલ ઉપર જ છે. બધી વાત તમે જૂઓ. આ નિમણૂક કરવામાં તમે વિલંબ કર્યો છે એ વિલંબનો જવાબ આપે છે. માનનીય અમિતભાઇ ચાલુ રાખો.. આપણે એમ કહીએ કે ૯–

૯ વર્ષ સુધી નિમણૂક નથી કરી એમ કહીએ તો તેના એ ૯ વર્ષનો હિસાબ આપે છે. પ્લીઝ. શાંતિ રાખો. તમે પણ બોલજો. અહીં કોઇપણ બોલે, પણ શાંતિથી બોલો બધા.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧–૩–૨૦૧૦ના દિવસે જયારે વિપક્ષના નેતા ચર્ચા માટે ન આવ્યા ત્યારે કેબિનેટે જે.આર. વોરાના નામને પસંદ કરીને તરત જ મોકલી આપ્યું, ૧–૪–૨૦૧૦ના દિવસે. ૩૧–૩એ મંજૂરી થઇ અને ૧–૪ એ મોકલી આપ્યું. એક જ દિવસનો વિલંબ. રાજયપાલશ્રીએ ૨૨–૪–૨૦૧૦ના રોજ કેન્દ્ર સરકારના એટર્ની જનરલનો અભિપ્રાય માગ્યો. રાજયપાલશ્રી રાજયના એડવોકેટ જનરલની નિમણૂક કરે છે. રાજયના રાજયપાલશ્રીને કોઇપણ કાનૂની સલાહ જોઇતી હોય તો તેમને રાજયના એડવોકેટ જનરલનો વિચાર–વિમર્શ કરવાનો હોય છે પરંતુ અહીંયા રાજયના એડવોકેટ જનરલ સાથે વિચાર–વિમર્શ ન કર્યો અને કેન્દ્રના એટર્ની જનરલ સાથે વિચાર–વિમર્શ કર્યો અને સુપ્રીમ કોર્ટે પોતાના તારણમાં નોંધ્યું છે કે રાજયપાલને એટર્ની જનરલ દ્વારા યોગ્ય સલાહ નહોતી આપી એટલે રાજયપાલથી આ ભૂલ થઇ છે અને આ રાજકીય સલાહ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શેના માટે થઇને ઉભા થયા છો? જે પ્રમાણે શંકરસિંહભાઇએ હાઇકોર્ટના બધા રૂલીંગ બતાવ્યા એ તમારે જોઇતું હશે તો માનનીય અમિતભાઇ, એ વાત તમે રેકર્ડ ઉપર મૂકજો. છે ને? તો પછી આપી દેજો. રેકર્ડ ઉપર. જેને જોવું હોય..(અંતરાય) બલવંતસિંહ, એમાં રેકર્ડ ઉપરની વાત છે. આમાં કોઇએ રાજી થવાની પણ જરૂર નથી અને વ્યગ્ર થવાની પણ જરૂર નથી. શાંતિથી આ બિલ પસાર થાય કે આ બિલનું જે કંઇ થવાનું હોય એ નિર્ણય આપ પછી છેલ્લે લેજો. બન્નેને બોલવા દો. (અંતરાય) છે. રેકર્ડ ઉપર મૂકશે. તમે જોજો. આ ઓન રેકર્ડ જે વસ્તુ હોય, જે પ્રમાણે હાઇકોર્ટના રૂલિંગ અને એના કવોટેશન રેકર્ડ ઉપર છે. આ પણ રેકર્ડ ઉપર છે કે રાજયપાલે એની સલાહ માગી, સલાહ માગી એમાં એટર્ની જનરલે શું કહ્યું અને એની માટે શું રેકર્ડ છે એ બધું એના રેકર્ડ ઉપર છે એટલે મેં કહ્યું કે એ તમે હાઉસમાં અહીં મારા ટેબલ ઉપર મૂકજો, જેને જોવું હોય એ ગમે ત્યારે જોઇ શકશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં કીધેલું કે સરકારે ૨૦૦૬માં સારી શરૂઆત કરેલી, આઇ મેન્શન કે તમે સારી શરૂઆત કરેલી, ૨૦૦૬માં. એ જરા યાદ કરજો અને બીજુ જે આ ગવર્નરવાળું છે એ ગવર્નરમાં સુપ્રીમ કોર્ટનું સ્ટીકચર કે એ જો કોટ કરે તો વધારે સારું રહેશે. પોતાના શબ્દો ઉમેરવાની જરૂર નહીં રહે.

અધ્યક્ષશ્રી : એની પાસે જે રેકર્ડ હશે એ તમે કહેજો.

શ્રી અમિત શાહ : માનનીય વિપક્ષના નેતાશ્રીને વધુ ચોખ્ખું કરવું હોય તો વધુ ચોખ્ખું કરી દઉં. સુપ્રીમ કોર્ટના ચુકાદાના ફકરા નં.૭૪(૧)ની અંદર એમણે સ્પષ્ટ રીતે કહ્યું છે કે, એ ચુકાદામાં નોંધ્યું છે કે, બંધારણની જોગવાઇઓનું અર્થઘટન એ રાજ્ય સરકાર એટલે કે રાજ્યપાલ, રાજ્યપાલ ત્યારે જ પોતે સ્વતંત્ર નિર્ણય લઇ શકે જ્યારે એમને વૈધાનિક હોદ્દો આપ્યો હોય અને એ હોદ્દા હેઠળ એ કાર્યવાહી કરતા હોય. આ સંજોગોમાં રાજ્યપાલ લોકાયુક્તની નિમણૂક રાજ્યના મંત્રી મંડળની સલાહ અનુસાર જ કરી શકે, નહીં કે સ્વતંત્ર રીતે. રાજયપાલ માત્ર આ કેસમાં મંત્રી મંડળના સલાહ અને સૂચન અનુસાર કામ કરવા બંધાયેલા હતા, નહીં કે સ્વતંત્ર ઓથોરીટી તરીકે. આ કેસમાં રાજ્યપાલે ભારતના એટર્ની જનરલનું જે કાનૂની માર્ગદર્શન મેળવ્યું એ ભૂલ ભરેલ હતું.

અધ્યક્ષશ્રી : જે હોય એ રેકર્ડ ઉપર મૂકજો. એક મિનિટ, તમે બેસો. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. જેને જોવું હોય એ મારી પાસેથી જોઇ લે. શંકરસિંહ બોલતા હતા ત્યારે બધા શાંત હતા. કોઇ નિયમ વિરુદ્ધ ન બોલે એટલું મારે ઘ્યાન રાખવાનું છે. બોલવા દો બધાને, નહીં, તમે શાંતિ રાખો.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, એડવોકેટ જનરલનો અભિપ્રાય આવ્યા પછી માનનીય રાજ્યપાલશ્રીએ ફાઇલ પરત મોકલી અને એમાં કહ્યું કે, લોકાયુક્તની નિમણૂક બાબતમાં એક જ માણસની ભલામણ થવી જોઇએ. અગાઉ મેં કહ્યું કે, ગુજરાત હાઇકોર્ટના ન્યાયધીશે જે ચાર નામ મોકલ્યા હતા એની નીચે એમણે લખ્યું હતું કે, ચારેય નામો મારા માટે સરખા છે. એક છે એટલે ભલામણ કોઇપણ એક નામની હોય, એક જ નામની થાય. એમ છતાંય આવી નોંધ કરીને એમણે પાછું મોકલ્યું. ત્યારબાદ મુખ્ય ન્યાયમૂર્તિ

એચ.ડી. દવે સાહેબની ભલામણ કરી. એ તા.૨૩–૩–૨૦૧૧ના રોજ કરી અને એ તારીખથી એમની નિમણૂક માટેની ફાઇલ ચાલતી હતી પરંતુ વચ્ચે જ દવે સાહેબે લોકાયુક્ત બનવાની ના પાડી, એમણે કહ્યું કે મારે લોકાયુક્ત બનવાની ઇચ્છા નથી. એ પછી તા.૭–૬–૨૦૧૧ના રોજ જસ્ટીસ આર.એ.મહેતાના નામની ભલામણ મુખ્યમંત્રીશ્રી સાથે કોઇપણ પ્રકારની ચર્ચા કર્યા વગર મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ મોકલી આપી. મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ રાજ્ય સરકારને મોકલી અને નકલ મોકલી રાજ્યપાલશ્રીને. એ નકલનો ઉપયોગ કરી રાજ્યપાલશ્રીએ એમની નિમણૂક કરી. લેટર એડ્રેસ મુખ્યમંત્રીશ્રીને કરેલ છે અને એની નકલ રાજ્યપાલશ્રીને આપી છે. એકટ લેવાનું હતું સરકારે. આનું કોગ્નીઝન્સ લઇને અમને મંજૂર છે? મંજૂર નથી? એની નોંધ કરી, કેબિનેટમાં ચર્ચા કરી રાજયપાલશ્રીને મોકલવાની હતી. પરંતુ રાજયપાલશ્રીએ સીધે સીધી એમની નિમણૂક કરી દીધી અને ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર ગેઝેટ રાજ્યપાલના ઘરેથી પ્રસિદ્ધ થયું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, એ હકીકત કહે છે, એમાં કોઇ શેઇમ શેઇમ કહેવાની જરૂર નથી. એનો અર્થ એવો થાય કે, રાજ્યપાલની ટીકા થાય છે. એટલે બધા શાંતિ રાખો. જે કહે છે એ શાંતિથી સાંભળો.

શ્રી અમિત શાહ : પછી તા.૨૫–૮–૨૦૧૧ના રોજ એમના સચિવને આદેશ આપી, માનનીય રાજ્યપાલશ્રીએ જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂક કરી. રાજ્ય સરકાર એ પછી હાઇકોર્ટમાં ગઇ, હાઇકોર્ટમાં ડિવિઝન બેંચમાં બે ન્યાયમૂર્તિઓ વચ્ચે અલગ અલગ મત પડ્યા. ત્રીજા ન્યાયમૂર્તિની નિમણૂક થઇ. ત્રીજા ન્યાયમૂર્તિએ એક ન્યાયમૂર્તિ સાથે સંમતિ કરી, એની સામે રાજય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ.

અહીં થોડીક સ્પષ્ટતા કરવા માગું છું કે, રાજય સરકારની પીટીશનની અંદર ક્યાંય જસ્ટીસ આર.એ.મહેતાનો વિરોધ નથી. વિરોધ અથવા તેમના બાબતના જે કારણો હતા એ કારણો ચર્ચાના એક ભાગ સ્વરૂપે છે. માનનીય વિરોધપક્ષના નેતાએ જે પત્ર બતાવ્યો એ આર.એ.મહેતાનો વિરોધ નથી. કોઇ એક વ્યક્તિની નિમણૂક કરતા હોય ત્યારે એના સારા–નરસા પાસાઓની ચર્ચા થાય એ સ્વાભાવિક જ છે, આ ચર્ચાનો સ્વાભાવિક ભાગ છે. એને સ્પિરિટથી લેવી જોઇએ. પરંતુ જ્યારે રાજ્ય સરકાર માનતી હતી કે, ખોટી રીતે તો ખોટી રીતે, તો રાજય સરકાર નિમણૂકની પ્રક્રિયાની સામે હાઇકોર્ટમાં ગઇ છે. જસ્ટીસ આર.એ. મહેતાની સામે હાઇકોર્ટમાં નથી ગઇ. મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી છતાં વારંવાર એ મુદ્દો જ ઉછાળવામાં આવ્યો. એ જે કાગળો મૂકવામાં આવ્યા હતા અહીં વાંચવામાં આવ્યા ગૃહમાં એ કન્સલ્ટેશનની પ્રક્રિયાનો એક ભાગ છે. રાજય સરકારનું સ્ટેન્ડ નથી. રાજય સરકારે મહેતા સાહેબની નિમણૂક પછી હાઇકોર્ટમાં ગયા, હાઇકોર્ટ પછી સુપ્રીમ કોર્ટમાં ગયા, રીવ્યુ પીટીશન કરી અને આજે આખી આ નિમણૂક curative petition માં મુખ્ય ન્યાયાધિશ જોડે પેન્ડીંગ છે. આ આખી ક્રોનોલોજી છે. હવે આની અંદર રાજય સરકારે કયાં ટાઇમ બગાડયો? રાજય સરકારની કયાં ઇચ્છા નહોતી? રાજય સરકાર શું કામ મૂકવા ના માગે ભાઇ? રાજય સરકારે કશું જ એવું નથી કર્યું જેને છુપાવવું પડે. કશું એવું નથી કર્યું. અને સાહેબ હમણા ઉલ્લેખ કર્યો કે ગુજરાતની જનતા હવે જાણી ચૂકી છે. હું ગૌરવથી કહેવા માગુ છું કે હમણા જ લોકચુકાદો આવીને આ નવી સરકાર બની છે. અને એ લોકશાહીની પ્રક્રિયામાં આ લોકપાલની નિમણૂકના મુદ્દાને ચૌરે અને ચૌટે ચર્ચવામાં આવ્યો છે. એની ઉપર લોકમત માગવામાં આવ્યો છે. એની પર મત માગવામાં આવ્યા છે. આ રાજય સરકારને ઉખાડીને ફેંકી દેવી જોઇએ એવા ભાષણો થયા છે. પ્રેસ કોન્ફરન્સો થઇ છે પણ રાજયની જનતાએ સત્યને ઓળખ્યું છે અને સરકારને ઉખાડીને ફેંકી દેવાની માગણી કરવાવાળાને ઉખાડીને ફેંકી દીધા છે.

માનનીય વિરોધ પક્ષના નેતા રાજયપાલ શબ્દ ઉપર ખાસ્સો ભાર મૂકતા હતા. મેં સ્પષ્ટતા કરી છે કે સુપ્રીમ કોર્ટે શું ઇન્ટરપ્રિટેશન કર્યુ છે. એ સિવાય કોંગ્રેસ શાસિત રાજયોમાં પણ રાજયપાલ શબ્દ વપરાયો હોય અને નિમણૂકની જે પ્રક્રિયા થઇ છે એમાં મંત્રીમંડળની સલાહથી જ નિમણૂકો થઇ છે એ રેકર્ડ સરખો કરવા માટે આ ગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગુ છું. એમણે કહ્યું કે ૧૯૮૬નો કાયદો બદલીને આખો કાયદો રીપીલ કરી નાખવાનો, રીપીલ કરીને નવો એકટ લાવ્યા અને નવો એકટ લાવવા માટે માનનીય મંત્રીશ્રીએ પ્રસ્તાવનામાં કહ્યું કે પેલો કાયદો ઢીલો હતો, ઢીલો તો અમે કાયદો કડક કરવા માટે લાવ્યા છીએ.

અનેક મુદ્દાઓ એવા છે. પહેલા એમણે કહ્યું કે આમાં મુખ્યમંત્રીશ્રીને નથી આવરી લીધા. હું ચોખવટ કરવા માગુ છું કે આમાં મુખ્યમંત્રીશ્રીને આવરી લીધા છે. મુખ્યમંત્રીશ્રી, બધા મંત્રીઓ અને રાજયના બધા પદાધિકારીઓ સરપંચ સુધીના બધાને આની અંદર આવરી લેવામાં આવ્યા છે. કોઇ આ કાયદાની નેટની બહાર નથી. બધા જ આ કાયદા અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. આ કાયદાની અંદર એક નવી જોગવાઇ કરી છે કે લોકાયુકતનો રિપોર્ટ આવે એટલે છ મહિનાની અંદર જ એનો નિર્ણય કરવો પડશે. અગાઉના ૧૯૮૬ના કાયદામાં આવી કોઇ જોગવાઇ નહોતી. અધ્યાહાર રાખ્યું હતું. વર્ષોના વર્ષો સુધી સરકાર એની પર બેસી રહે તો કાયદાકીય બાધ નહોતો, અહીયા છ મહીનાની જોગવાઇ આપી ભ્રષ્ટાચારીને છ મહિનાની અંદર દંડ થાય એની વ્યવસ્થા કરવામાં આવી છે. પહેલા આ કાયદાની અંદર સરકારી નોકરોનો સમાવેશ નહોતો થતો. આજે પંચાયતથી માંડીને રાજયના મુખ્યસચિવ સુધીના બધા જ સરકારી નોકરોનો સમાવેશ કરી રાજયની જનતાને ખાલી ચૂંટાયેલા પદાધિકારીઓ નહીં સમગ્ર સરકારનું આખે આખું મહેકમ ભ્રષ્ટાચારથી મુકત થાય એ પ્રમાણેનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો અભિગમ આની અંદર દેખાય છે. આની અંદર ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા એ બધાના પદાધિકારીઓને લઇ લીધા છે.

હમણા વિપક્ષના નેતાશ્રીએ એક કલમ વાંચી કે કોઇ ગેરહાજર હોય તો સીનીયર હશે એ સંભાળશે પણ એની જોગવાઇ એની અંદર કરેલી છે કે લોકાયુકત આયોગના એક લોકાયુકત અને ચાર લોકાયુકત, ઉપલોકાયુકતની બહુસભ્ય સંસ્થા બનાવી છે. અને એ બહુમતી જાળવી રાખવામાં આવી છે ન્યાયિક અધિકારીઓની અને એ ઉપરાંત જયારે બેન્ચ બેસે ત્યારે ન્યાયિક અધિકારીની સુપ્રીમસી રહેશે એની જોગવાઇ આ એકટની અંદર કરેલી જ છે. એટલે આની જે બેન્ચ બને એની અધ્યક્ષતા ઈરીસ્પેકટીવ ઓફ સીનીયોરીટી ન્યાયિક અધિકારી લેવાના છે.

હમણાં નિમણૂક માટે થોડા પ્રશ્નો કર્યા કે નિમણૂકની પ્રક્રિયા બદલી નાખી. મને લાગે છે કે અભ્યાસ બરાબર નથી કર્યો. કોંગ્રેસ પાર્ટી દ્વારા જે બિલ લોકસભામાં મંજૂર કર્યું અને લોકસભાની સિલેક્ટ કમિટીમાં કોંગ્રેસના ચેરમેન શ્રીમાન સંઘવીએ જે ક્રાઈટેરિયા આપ્યો છે એ ક્રાઈટેરિયા બેઠો રાજ્ય સરકારે સ્વીકાર્યો છે. રાજ્યમાં વડાપ્રધાન ન હોય એટલે અહીંયા મુખ્યમંત્રી લખ્યું. કેન્દ્રના બદલે રાજ્યના મંત્રી, સુપ્રીમ કોર્ટના બદલે હાઇકોર્ટના જજ લખેલ છે. નવું કશું નથી કર્યું. જે લોકપાલ બિલમાં કોંગ્રેસ લેડ ગવર્નમેન્ટ નિમણૂકની પ્રક્રિયા લઇને આવી છે એ જ નિમણૂકની પ્રક્રિયા રાજ્ય સરકારે સ્વીકારી છે. આની અંદર કોઇને બાકાત કર્યા નથી, કોઇને ઉમેર્યા નથી, ન કોઇનું શ્રેય વધે એવી પ્રક્રિયા કરી છે. મારું કહેવાનું છે કે આરોપ કરતા પહેલાં એમની પાર્ટીનો એજન્ડા વાંચી ગયા હોત તો આરોપ ન થયો હોત.

એમણે કહ્યું કે, ભા.જ.પ.નું કેન્દ્રમાં સ્ટેન્ડ જુદું છે અને અહીંયા જુદું છે. મેં અભ્યાસ કર્યો છે. ભા.જ.પે. લોકપાલ માટે જે સૂચનો કર્યા છે એમાંથી એક પણ સૂચન આ લોકપાલ બિલમાં આડું અવળું નથી થયું, બધા સૂચનોનો સમાવેશ થયો છે. ૧૯૮૬નો કાયદો હતો એમાં કોઇ અરજી કરે અને ખોટી માહિતીના આધારે અરજી થઇ જાય તો બે વર્ષની જેલ હતી એ ઘટાડીને ૬ મહિનાની કરી છે. કોઇ અરજી કરતાં ડરવો ન જોઇએ. આ રાજ્ય સરકાર ખુલ્લી રહેવા માગે છે. બે વર્ષની જેલના ભયથી કોઇ અરજી કરતા ન હોય તો ઘટાડીને છ મહિનાની કરી છે. અરજીને આમંત્રણ આપે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. આની અંદર એક શોધ સમિતિની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

અહીંયા ઉમરની ટિપ્પણી કરવામાં આવી. ૭૨ વર્ષની ઉંમરે અને બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધારણ કરી શકશે. ઉમરની જોગવાઇ જસ્ટિસ આર.એ. મહેતાને ધ્યાનમાં રાખીને નથી કરી. આ બિલમાં જસ્ટિસ આર.એ. મહેતાની નિમણૂકને તો પ્રોટેક્ટ કરી દેવામાં આવી છે એટલે જસ્ટિસ આર.એ. મહેતાની ઉમર ૭૨ વર્ષથી મોટી હોય કે ન હોય એનાથી કોઇ લેવાદેવા નથી. આ ૭૨ વર્ષ હવે પછીની જે નિમણૂક છે એમને એપ્લાય થવાની છે. જસ્ટિસ આર.એ. મહેતા માટે નથી થવાની. ૭૨ વર્ષની ઉંમરનો એક તર્ક છે. કારણ કે પહેલા લોકાયુક્તની નિમણૂક માટેની એલિજિબિલિટી માટે ૧૯૮૬ના કાયદામાં હાઇકોર્ટના જજનું હતું. હવે આપણે સુપ્રીમ કોર્ટના જજ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની કરી છે. ત્યાં નિવૃત્તિ વય ૬૫ વર્ષની

હોય છે. બે વર્ષ નિમણૂક કરતાં થાય અને ૫ વર્ષ કામ કરવા માટે મળે એવું વિચારીને આ ૭૨ની ઉંમર મૂકવામાં આવી છે.

માનનીય વિપક્ષના નેતાએ કહ્યું કે આટલા વર્ષોમાં બધી અરજીઓ થઇ ગઇ, આમ થઇ ગયું, તેમ થઇ ગયું. હું એવું નથી માનતો કે આ દેશનો કાયદો એટલો પંગુ છે કે લોકાયુક્તનો કાયદો કદાચ ન હોય તો ભ્રષ્ટાચાર ન રોકી શકાય. રાજ્ય સરકારે જો ભ્રષ્ટાચાર કર્યો હોય અને સક્ષમ પુરાવા હોય તો હાઇકોર્ટના દરવાજા ખુલ્લા છે. ગયા પણ છે અને દર વખતે ઉંધા મોઢે પછડાયા છે. એક પણ વાર હાઇકોર્ટમાં સફળતા નથી મળી. દરેક પી.આઇ.એલ. રિજેક્ટ થઇ છે. એક પણ ભ્રષ્ટાચારની અરજી ઉપર હાઇકોર્ટે કોગ્નીજન્સ નથી લીધું કે ન કોઇ તપાસના હુકમો કર્યા છે. તેમ છતાં આ બિલમાં તો જોગવાઇ કરી છે કે જૂની અરજી લોકાયુક્ત ભલે ન હોય, લોકાયુક્તનું કાર્યાલય ચાલે છે. સચિવ પાસે જેટલી અરજીઓ પેન્ડીંગ હશે એને સમયમર્યાદાનો બાધ નહીં લાગે. આ અરજીઓ નવા લોકાયુક્ત અને એની પેનલ સુનાવણી માટે હાથ પર લઇ શકે છે. એટલે કશું છૂપાવવાનું નથી. પણ છૂપાવવાનું છે, છૂપાવવાનું છે, ડરે છે ડરે છે એવો ભ્રમ ઉભો કરી બકરાનું કૂતરું કરવું હોય તો નહીં થાય. જનતા બધાને ઓળખે છે. ૧૯૮૬ના કાયદામાં કોઇપણ ફરિયાદને કેટલા સમયમાં પૂરી કરવાની એની કોઇ જોગવાઇ ન હતી. આ કાયદામાં કોઇપણ ફરિયાદને ૬ મહિનામાં પૂરી કરવાની જોગવાઇ રાખેલી છે.

માનનીય વિપક્ષના નેતાએ કહ્યું કે ચાર લોકાયુક્ત, પાંચ લોકાયુક્તથી, આ તો કેટલી બધી ફરિયાદો આવશે એને સાંભળી નહીં શકાય. તમે એકની અત્યારે માગણી કરો છો. એકના અમે ચાર કર્યા એનુંય સ્વાગત નથી કરતા અને જરૂર પડશે તો આ કાયદો પણ એમેન્ડ થઇ શકે છે. કોઇ કાયદો અંતિમ નથી હોતો. કામનું ભારણ વધશે તો સરકાર નવું બિલ લઇને આવશે. કારણ કે સરકાર માને છે કે ભ્રષ્ટાચારીઓને કડકમાં કડક સજા થવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એક લોકાયુક્ત છે તો આ બિલનું સમર્થન નથી કરવું, ૪ વધારવાનું અને ૪ પણ ઓછા પડશે એની માગણી કરવી છે. એવો વિરોધ મેં ક્યારેય નથી જોયો અને એમ છતાંય ઓછા પડશે તો કયાં અટકી જવાની છે? આપણી વિધાનસભા યાવત્ચન્દ્રદ દિવાકરૌ ચાલવાની છે. આપણી વિધાનસભા એમેન્ડમેન્ટ લઇને આવશે અને ૪ ની જ્ગ્યાએ ૮ ની નિમણૂક થશે.

ટૂંકમાં મારે એટલું જ કહેવું છે કે પ્રેસ મિડિયામાં નિવેદનો કરવા, જવાબદારી વગરના નિવેદનો કરવા, અર્ધી માહિતીવાળા કરવા, અર્ધ સત્યવાળા કરવા અને ભ્રમ ઊભા કરવાનો પ્રયત્ન કરવો. આ લોકાયુક્તના મુદ્દા માટે ઘણું થઇ ગયું. બસ કરો જનતા તમને ઓળખી ગઇ છે અને અમને ઓળખે છે. આ રાજ્યના મુખ્યમંત્રી જો કોઇ એમ કહેવા માગતું હોય કે લોકાયુક્ત એટલે મોડું લાવ્યાં છે કે સરકાર ભ્રષ્ટાચારથી ડરે છે તો મને લાગે છે કે, જે લોકો આવું બોલે છે એને દેશની પરિસ્થિતિની ખબર નથી કે આ રાજ્યના મુખ્યમંત્રીને આ સેતુ હિમાલયથી કન્યાકુમારી સુધી આખો દેશ પ્રામાણિકમાં પ્રામાણિક મુખ્યમંત્રી માને છે અને એટલા માટે જ દરેક સરવે હોય, સરવે વહીવટી બાબતનો હોય, સરવે કુશળતાનો હોય, સરવે પ્રામાણિકતાનો હોય, સરવે સમયસર વહીવટ કરવાનો હોય, સરવે વિઝનનો હોય, સરવે પરિણામની ડિલિવરી કરવાનો હોય દરેક સરવેની અંદર તમને ગમે કે ના ગમે નંબર–૧ નરેન્દ્ર મોદીનો છે, નંબર–૧ નરેન્દ્ર મોદીનો છે. એટલે આ ગૃહને, એમના સાથી સભ્યોને હું વિનંતી પણ કરવા માગુ છું અને મારા નાનકડા અનુભવના આધારે ભલે મારાથી ઘણા સિનિયર સભ્ય સામે બેઠા છે પણ એક સલાહ પણ આપવા માગુ છું કે સત્ય સાથે રમત ના કરાય, સત્યને સ્વીકારી લો અને આ બિલનું સમર્થન કરો અને ભ્રષ્ટાચાર અટકાવવામાં ભાજપ સરકારની મદદ કરો એવી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિરોધપક્ષના મુખ્યદંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે લોકાયુક્ત બિલ લઇને આવ્યાં છે. કદાચ આ બિલ માટે માનનીય મંત્રીશ્રીએ ઘણી બધી છણાવટ કરી. આની અંદર ૧૩મા નાણાપંચની વાત કરી અને બિલ લાવવાનો મોટો હેતુ કોઇ હોય તો એ હતો કે ૧૩મા નાણાપંચે ગુજરાત સરકારને આ પ્રકારની ભલામણ કરી છે અને રાજ્યપાલશ્રીનો જે કાગળ હતો એ કાગળ વાંચીને, બતાવીને એમ કીધું કે, એ જૂનું બિલ ૧૯૮૬નું છે એ રદ કરીને આ નવું બિલ લાવવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ માનનીય મંત્રીશ્રીએ બતાવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવાનું થાય છે કે,

આખા ભારતમાં કયાંય પણ જો ચર્ચા થતી હોય અને કોઇ એવું રાજ્ય હોય કે ૧૦ વર્ષ સુધી જો લોકાયુક્તમાં કોઇ ના મૂકાણું હોય તો આ ગુજરાત રાજ્યમાં છે. સમગ્ર ભારતની અંદર નંબર–વનની આપણે વાત કરતા હોઇએ અને એમ કહેતા હોઇએ કે ગુજરાત પ્રામાણિક છે, ગુજરાતમાં ભ્રષ્ટાચાર નથી થતો.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ : સાંજના ૪–૩૦ થી ૫–૦૦ )**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : શ્રી બલવંતસિંહ. બને ત્યાં સુધી રિપિટ ન થાય એ જોજો. બીજા બોલવા વાળા છે ને, જે લોકો બોલી ગયા છે ધારો કે, તમારા તરફથી શંકરસિંહભાઇ જે બોલ્યા ને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં થવા દઉં સાહેબ. હું હંમેશા..

અધ્યક્ષશ્રી : ના, ના. બધા લોકો માટે. આ તરફથી પણ જે બોલવાવાળા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કોઇ બિલ ઉપર બોલ્યું જ નહીં સાહેબ સામા પક્ષે, મેં જોયું પણ હું બહુ પદ્ધતિસર બોલીશ બિલ ઉપર.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં. સારું અમે ઇચ્છીએ કે, એવું બીજાને પણ શીખવાડો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ હતી કે, કોઇપણ જગ્યાએ, કોઇપણ વસ્તુ એ પારદર્શકતા હોય તો કોઇપણ માણસનો હોદ્દો હોઇ શકે નહીં. લોકાયુક્તની જે પરિસ્થિતિનું નિર્માણ છે એ વિશ્વમાં ૧૪૦ દેશની અંદર લોકાયુક્ત નિમાય છે અને ભારતની અંદર ૧૮ રાજ્યોની અંદર આજે લોકાયુક્ત છે. આજે પરંપરા રહી છે, માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સંજોગોની અંદર કોઇપણ જગ્યાએ ન્યાયાધિશ નહીં હોય, કોઇપણ વસ્તુ નક્કી નહીં થતી હોય તો કોઇપણ કાર્ય થવાનું નથી. અને ખાસ કરીને હું બિલ ઉપર એટલા માટે આવવા માગુ છું માનનીય અધ્યક્ષશ્રી કે, કલમ–૨(૩) ઉપર જે આપણું જે જૂનું બિલ હતું એની અંદર એક જ લોકપાલ નિમવાના હતા અને અત્યારે જે કલમ–૨ ઉપર નવો જે આપણો આખો કાયદો આવ્યો છે એની અંદર લોકાયુક્ત ઉપરાંત ચાર ઉપલોકપાલ નિમવા બેચ રચવા જોગવાઇ કરવામાં આવી છે. આ ચાર કેવા ? એક જો કોઇના દિલની અંદર સાચું હોય તો આ ચાર માણસો કેવા નિમાશે ? તો એના માટે નક્કી કરવામાં આવ્યું કે, પચાસ ટકા જ માત્ર ન્યાયી માણસો રહેશે, પચાસ ટકા. અને આ પચાસ ટકા માણસ કેવા ? તો વહીવટકર્તા લોકોને આમાં મૂકી શકશે. અહીં જોગવાઇથી સ્પષ્ટ વસ્તુ નક્કી થાય છે કે, હવે પછી જે લોકો મૂકાવાના છે એ સરકારી અધિકારી અથવા સરકાર જે કહેશે એ પ્રમાણેના લોકો મૂકાવાના છે એ આ કલમથી સ્પષ્ટપણે નક્કી થાય છે.

ખાસ કરીને બીજી વસ્તુ હતી કે, કલમ –૨(૪) ઉપર કહ્યું હતું કે, હમણાં જે અમિતભાઇ શાહ જયારે વાત કરતા હતા ત્યારે ખાસ કરીને એ કહેતા હતા કે, માનનીય મુખ્યમંત્રીશ્રી આ દાયરાની અંદર છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી એટલું જ કહેવું છે કે, ૨(૪)ની જે કલમ છે એ પહેલાં જૂના કાયદાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી હતા પણ તપાસ માટે સક્ષમ અધિકારી શબ્દ વાપર્યો છે. સક્ષમ અધિકારીની વ્યાખ્યા કરી છે પરંતુ માનનીય મુખ્યમંત્રી માટે સક્ષમ અધિકારીની વ્યાખ્યાની જોગવાઇ પણ આ કાયદામાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, એ સ્પષ્ટ બતાવે છે કે, માનનીય મુખ્યમંત્રી સામે તપાસ માટે સક્ષમ અધિકારી જાહેર ના થાય તો તપાસ શકય બની શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૨(૫) ઉપર મારે ખાસ કરીને એ કહેવું છે કે, રાજ્યપાલ માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યાખ્યા આપી રાજ્યપાલશ્રીની નવી વ્યાખ્યા કરી છે એ રાજ્યપાલ એટલે મંત્રી મંડળની સલાહ પ્રમાણે કામ કરતા રાજ્યપાલ. પહેલાં એવું હતું માનનીય અધ્યક્ષશ્રી, કે આપણા બંધારણની જે કલમ છે ૧૫૩ એની અંદર સ્પષ્ટપણે જોગવાઇ છે કે, રાજ્યપાલ માટે નિમવામાં રાજ્યપાલ ૬૩(૧)નીચે રાજ્યપાલશ્રીને મદદ કરવા અથવા સલાહ આપવા મંત્રી મંડળની જોગવાઇ છે. જૂના કાયદામાં આ સ્પષ્ટપણે હતું પણ હવે સરકારે આખું એનું ઉંધું કરી દીધું અને એ બતાવે છે કે, રાજ્યપાલશ્રી હવે મંત્રી મંડળ રાજ્યપાલને જે સલાહ આપે, જે નક્કી કરીને આપે એમાં રાજ્યપાલશ્રીએ કરવાનું. આ બંધારણની અંદર, આખા ભારતનું માનનીય અધ્યક્ષશ્રી, આ બંધારણ છે અને એ બંધારણની અંદર સ્પષ્ટ જોગવાઇ છે. ૧૬૩

મુજબની પણ છે, ૧૫૩ મુજબની પણ છે કે રાજયપાલ છે એ આપણી સત્તાના અધિકારી છે અને એની અંદર પણ હવે રાજયપાલ પાસે આ સત્તા નહીં રહે અને મંત્રીમંડળ અને મુખ્યમંત્રીશ્રી જે જોગવાઇ કરીને આપશે એ રાજયપાલશ્રીએ કરવાનું રહેશે.

ખાસ કરીને ૨(૬) નીચે જે કલમ છે એની અંદર પસંદગી સમિતિ હતી. પસંદગી સમિતિ હતી પણ માત્ર એટલી જ વસ્તુ નકકી હતી કે રાજયપાલ હોય, હાઇકોર્ટના મુખ્ય જસ્ટિસ હોય એ વિચાર વિમર્શ કરીને લોકપાલને નિયુકત કરતા હતા. આજે ૨(૬) મુજબ હવે જે વ્યાખ્યા કરવામાં આવી છે એ વ્યાખ્યામાં લોકપાલ વ્યાખ્યા વિધેયક કલમ–૩ કરીને તેમાં લોકપાલ નિમવાની પસંદગી સમિતિ નિમવામાં આવી છે અને આ સમિતિમાં પાંચ સભ્યો રહેશે અને આ પાંચેય સભ્યો કેવા?, પસંદગીના સભ્યોમાં અધ્યક્ષશ્રી આયોજન પંચના એનો જે ઉમેરો કર્યો છે, માત્ર આખા ભારતમાં એવું કોઇ એક રાજય હોય તો એ કર્ણાટક છે અને કર્ણાટકના મુખ્યમંત્રીશ્રીની શું પરિસ્થિતિ થઇ એ સમગ્ર ભારતે આ પરિસ્થિતિનું નિર્માણ જોયું છે. જો અંકુશ ન હોય, કાયદો ન હોય તો આ પરિસ્થિતિનું નિર્માણ થાય એ આપણે સારી રીતે જોઇ શકીએ છીએ.

કલમ–૨(૧૦)માં લખ્યું છે કે આપણે જૂના કાયદામાં હરિયાણાના કાયદા પ્રમાણે જાહેર હોદ્દેદારોની પ્રથમ વ્યાખ્યા મુખ્યમંત્રીને ગણવામાં આવતા હતા. હવે કલમ–૨(૧૦)માં જાહેર હોદ્દેદારોમાં મુખ્યમંત્રીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ સ્પષ્ટ છે કે હવે મુખ્યમંત્રી જાહેર હોદ્દેદારોમાં નહીં ગણી શકાય. એ તપાસમાં બાકાત રહેશે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. (અંતરાય) હું કલમ–૨(૧૦) ઉપર બોલું છું એટલે તમને ખ્યાલ આવી જશે. તમે બનાવેલું આ બિલ છે એના ઉપરની વાત કરું છું. હું સીધી બિલ ઉપર એટલા માટે વાત કરું છું કે રીયાલીટીની અંદર આમાં જે સ્પષ્ટ કર્યું છે માનનીય નિતિનભાઇ સરસ વાત કરતા હતા. હવે મને એમ લાગ્યું કે મારે પોલિટીકલી જ બોલવું જોઇએ. તેરમા નાણાપંચમાં સરપંચ અને ડેપ્યુટી સરપંચ સુધી જો આપણે ગણી શકતા હોઇએ તો આ કાયદાની અંદર હરિયાણામાં જેમ જૂના કાયદામાં પ્રથમ મુખ્યમંત્રી હતા અને આ કલમના આધાર પર હોદ્દેદાર નહીં ગણવાથી આજની પરિસ્થિતિનું નિર્માણ એવું થવાનું છે કે આમાં મુખ્યમંત્રી બાકાત રહેવાના છે

મારે ખાસ કરીને એ કહેવું છે કે કલમ–૩માં રાજયપાલની પસંદગી સમિતિની ભલામણ ઉપર લોકપાલ નિમાશે અને પહેલા આખી પરિસ્થિતિનું નિર્માણ જુદું હતું અને હવે જે નિર્માણ થવાનું છે એ રાજયપાલ નીકળીને પહેલા જે હતુ એ રાજયપાલ, હાઇકોર્ટના જસ્ટિસ સાથે વિમર્શ કરીને નિમતા હતા. હવે ઉપલોકાયુકતની આમાં સિસ્ટમ જ ન હતી પણ હવે આ સિસ્ટમ આવવાની છે. ખાસ કરીને જે પરિસ્થિતિનું નિર્માણ છે એ બધી પરિસ્થિતિના નિર્માણમાં મારે માત્ર એટલું જ કહેવું છે કે આજે જે કાયદો લઇને જે સિસ્ટમમાં લોકપાલ માટેનો કાયદો લઇને આવ્યા છે પસંદગી સમિતિ લોકાયુકત નિમવા માટે સરકારની શોધ કમિટીની વાત કરી છે. આ શોધ કમિટી એટલે શું? કોણ શોધ કરશે? ભૂતકાળમાં આવી કોઇ શોધ કમિટી નહોતી. માત્ર ને માત્ર સ્પષ્ટ વાત હતી. હમણા અમિતભાઇ સાહેબ વાત કરતા હતા કે અમે શોધ કમિટી કરવાના છીએ. ભૂતકાળમાં બધાએ કઇ પ્રકારની શોધ કમિટીએ કરી છે અને શું પરિણામ ગુજરાતનું આવ્યું છે એ આપણે બહુ સારી રીતે સમજી શકીએ છીએ. હવે સરકાર જે ધારશે એ જ આ કમિટીમાં નકકી થશે. એ મુજબ જ આ પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે. હમણા નિતિનભાઇ કહેતા હતા કલમ–૩(૮)

અધ્યક્ષશ્રી : જરા સ્પીડ રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમના આધાર પર બોલું છું. અમિતભાઇ પોણો કલાક બોલ્યા.

અધ્યક્ષશ્રી : મને કોઇ વાંધો નથી. આમ તો શંકરસિંહ ૪૫ મિનિટ બોલ્યા. આ ૩૧ મિનિટ બોલ્યા. બિલ હજુ પૂરું કરવાનું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હા, બિલ પૂરું કરવા માટે આપણે ભૂતકાળમાં નક્કી થઇ ગયું છે કે આપણે એનો સમય વધારીશું.

અધ્યક્ષશ્રી : કેટલો વધારવો એ નક્કી કરો. ૨ કલાક, ૩ કલાક, ૪ કલાક. રિપિટેશન ન આવે તે રીતે બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એક પણ વસ્તુમાં રિપિટેશન આવ્યું છે? હું સ્ટેપ બાય સ્ટેપ એક પણ કલમમાં બીજી વખત રિપિટેશન કર્યુ નથી. અને ખાસ કરીને જે મીડિયાની વાત કરતા હતા. ભૂતકાળમાં ૬ મહિના જે સજા હતી, જે વધારે હતી તે ૬ મહિનાની કરી છે. કલમ-૧૨(૮) માં અત્યારે એ પ્રમાણે જાણ કરી છે કે નવા બિલની અંદર અરજદાર માહિતી મીડિયા સમક્ષ જશે તો બે વર્ષની કેદ થશે. આ શું બતાવે છે? ભૂતકાળની અંદર આપણે જોઇ શકીએ છીએ કે જે પારદર્શકતા કાયદો હોય. લોકો કોઇકની પાસે કહેવા જાય અને ડરની પરિસ્થિતિનું નિર્માણ થશે અને એને ૨ લાખ રૂપિયા દંડ અને બે વર્ષની દંડની જોગવાઇ કરવામાં આવી છે. આ પારદર્શકતાની આ બિલની અંદર જરાય વાત થતી નથી. માત્રને માત્ર આ બિલ કોઇપણ સંજોગોમાં કલમ-૧૪(૧) માં લખેલ છે કે મંત્રીના કિસ્સામાં લોકપાલનો રિપોર્ટ મુખ્યમંત્રીને મોકલવાનો અને સુધારો કરી શકશે. આ મંત્રી મંડળનો કિસ્સો બીજા કોઇનો કિસ્સો એ કેબિનેટમાં જાય. જે પરિસ્થિતિનું નિર્માણ હોય એ કયા સંજોગોની અંદર પારદર્શિકતા બહાર લાવી શકે એ ખબર પડે તેવી સ્થિતિમાં નથી. મારે કહેવું છે કે કોઇ ગમે તે વાત કરતું હોય મારે તો ગુજરાતની અંદર જે સિસ્ટમ છે. સમગ્ર ભારતમાં એક વાત થઇ રહી છે. ગુજરાત શેમાં નંબર-૧ છે તો જે બધા આંકડા સાંભળે છે.

હમણા કેગના રિપોર્ટની વાત થતી હતી. જે ખોટું હોય તો ખોટું અને સાચું હોય તો સાચું. સરકાર કદાચ સાચી હોય તો ડરવાની કોઇ જરૂરત ન રહે. કેગનો રિપોર્ટ ખોટો હોય એના આંકડા ખોટા હોય તો પારદર્શકતાની માફક તપાસ સમિતિમાં આવી જાય. પારદર્શકતા થવી જોઇએ. આજે ૧૦-૧૦ વર્ષ સુધી ગુજરાતની અંદર આપણી જે બહાર છાપ જઇ રહી છે કે લોકપાલ આખા ભારતમાં ગુજરાત એક રાજ્ય છે કે આપણે મૂકી શકતા નથી. માટે કઇને કઇક ગુજરાતમાં ભ્રષ્ટાચાર છે. એવું લોકોના મનમાં છે. જે કાઢવું હોય તો વહેલામાં વહેલી તકે આ લોકપાલ મૂકાઇ ગયા હોત. કદાચ સિસ્ટમની વાત કરી. સિસ્ટમમાં નહિ પડું. કોઇપણ સિસ્ટમ હોય પણ લોકપાલ મૂકાય. પારદર્શકતા બહાર આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી એ પારદર્શકતા થઇ ગઇ હોત. તો આ વાત કરવાની ન રહી હોત. સરકારને આજે કહું છું કે જરાય ડરવાની જરૂર ન હોય તો આજે પણ જે સિસ્ટમથી ઊભું કરીને ૫ જણા ભેગા થઇને નક્કી કરીને લોકપાલ નીમવા જોઇએ. એવી મારી આ સરકારને ખાસ કરીને પ્રાર્થના છે. આ બધી પરિસ્થિતિનું નિર્માણ છે. હું સખ્તપણે વિરોધ કરું છું.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત સહિત સમગ્ર દેશની અંદર ભ્રષ્ટાચારથી સબડતી પ્રજા અને એમાંથી મુક્તિ અપાવવા માટે સરકારી નાણાનો થતો દુર્વ્યય અટકાવી એ સરકારી નાણા પ્રજાની સુખાકારી માટે વપરાય, એટલે આ ભ્રષ્ટાચારની રીતરસમોને બંધ કરવા અને ભ્રષ્ટાચાર લોકોને...

અધ્યક્ષશ્રી : આની પૂર્વ ભૂમિકા બાંધવાની જરૂર નથી. મારી પાસે ૯ વ્યક્તિઓ છે. આ એકની પૂર્વ ભૂમિકા બાંધવાની જરૂર નથી. તમે એકના સેક્શન ઉપર બોલો. શંકરસિંહ હતા અને જે પહેલા બોલે એને છૂટ હોય. હવે આ બધાને ૫-૭ મિનિટ રહી છે.

પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, ચાણકયએ કહ્યું છે કે લોકોની લાગણીઓનો પડઘો તે રાજયના શાસનની નીતિઓમાં પડવો જોઇએ. મારે અભિનંન આપવા છે નીતિનભાઇને કે છેલ્લા દસ-દસ વર્ષથી જે લોકાયુકત નામથી ડરતી સરકાર આજે લોકાયુકતનું બિલ લઇને ગુજરાત વિધાનસભામાં આવી છે.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ મેં કહ્યું અને જે બાબતની સ્પષ્ટતા થઇ ગઇ છે તેનું તમારે રીપીટિશન કરવાની જરૂર નથી. અમિતભાઇએ બધી વાત કરી કે દસ વર્ષ શેમાં વીત્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અભિનંદન આપ્યા છે. લોકાયુકત શબ્દથી ડરતા હતા. તે સરકાર આજે લોકાયુકત આયોગ બનાવવાનું બિલ લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સરળ, ઝડપી અને પારદર્શી વહીવટ એ જ સુશાસનનો પાયો છે. આ દેશમાં વિતેલા થોડા મહિનાઓ પહેલાં એક ગાંધી વિચારને વરેલા બાબા, એક યોગગુરૂ બાબા અને એક બ્યુરોક્રેટસ બાબાએ આ દેશમાં દરેક રાજયોની અંદર લોકાયુકત આવે, ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટે અને ભ્રષ્ટાચારીઓને આકરામાં આકરી સજા થાય....

અધ્યક્ષશ્રી : ભાઇ, હજું હું તમને કહું છું કે પૂર્વભૂમિકા બાંધવાની જરૂર નથી. લોકાયુકત અને લોકપાલ શું છે તે બધાને ખબર છે. શેના માટે નિમણૂક છે? ભ્રષ્ટાચારની તપાસ કરવા માટે છે. જે કાયદો છે તે કાયદાની કલમો ઉપર તમારે બોલવાની જરૂર છે. પ્રસ્તાવના ઉપર બોલવાની કોઇ જરૂર નથી. આનું તમામ સભ્યશ્રીઓ ધ્યાન રાખે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલકુલ કલમ ઉપર આવું છું. મારે આ દેશના સન્માનનીય વડાપ્રધાનને અભિનંદન આપવા છે. આ દેશની લોકસભામાં વિપક્ષના મિત્રોએ, ભારતીય જનતા પાર્ટીના મિત્રોએ જયારે ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા તો માનનીય વડાપ્રધાનશ્રીએ ગૃહની અંદર તેમને આમંત્રણ આપ્યું કે વિપક્ષના નેતાના નેતૃત્વમાં....

અધ્યક્ષશ્રી : તે આવી ગયું. હમણાં વાત થઇ. રીપીટેશન કરો નહીં. શંકરસિંહે વાત કરી છે. મેં હમણાં જ કહ્યું છે કે કોઇ રીપીટેશન કરતા નહીં. શંકરસિંહભાઇએ કહ્યું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું રીપીટેશન નથી કરતો.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ તમે બિલ ઉપર આવો. મનમોહનસિંહે શું કહ્યું તે આપણા બિલમાં છે? છતાંય આપના નેતાએ કહ્યું હતું. તેનું રીપીટેશન કરો નહીં.

શ્રી પરેશ ધાનાણી : ગુજરાત લોકાયુકત આયોગ વિધેયક ૨૦૧૩ આ ગૃહની સમક્ષ સરકાર લઇને આવી છે. આ બિલ જયારે ગૃહ સમક્ષ આવ્યું છે અને કદાચ બહુમતિના જોરે પસાર થઇ જશે તો ૧૯૮૬નો લોકાયુકત અધિનિયમ રદ થવાનો છે. સરકારે આ બિલની કલમ.૧ થી એવી જોગવાઇ કરી છે કે રાજય સરકાર નક્કી કરે એવી તારીખે આ બિલનો અમલ કરશે. આ બિલ જયારે ફલોર સમક્ષ આવ્યું છે ત્યારે તે પૂર્વવર્તી અસરથી લાગુ થશે કે આગામી તારીખો નકકી કરી તેને લાગુ કરવામાં આવશે તેનો ખુલાસો કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : કોઇપણ બિલ છે તે પશ્ચાદવર્તી અસરથી ન થાય. આને રાજયપાલશ્રી મંજૂરી આપે અને નિયમ બને પછી અમલ થાય. આટલા વર્ષથી આપણે સૌ ધારાસભ્યો છીએ. રીટ્રોસ્પેકટીવ અરસથી કોઇ બિલ ન મંજૂર થાય. બોલવાનું નકામું છે. આટલું તો ધારાસભ્યશ્રીને ખબર હોય કે પશ્ચાદવર્તી અસરથી ન થાય. તમે સમયનો વ્યય ન કરો. તમે બિલ ઉપર બોલો. આમાં લખ્યું છે કે રીટ્રોસ્પેકટીવ અસરથી આ બિલનો અમલ થશે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ.૨(૪) મુજબ મુખ્યમંત્રીશ્રી ઉપર પગલાં લેવા મંત્રીમંડળને સક્ષમ અધિકારી બનાવવાની વ્યાખ્યા કરવામાં આવી છે. આ બિલની કલમ.૨(૪) મુજબ મંત્રીશ્રીની વ્યાખ્યામાં મુખ્યમંત્રી સહિતના બધાને સમાવવામાં આવ્યા. કલમ.૨(૪) મુજબ મુખ્યમંત્રીશ્રીની ઉપર કોઇ તપાસ કરવાની થાય ત્યારે મંત્રીમંડળ તેની ઉપર કાર્યવાહી કરશે તેવી જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, કોઇ કચેરીની અંદર પ્યુનને એ કચેરીના સુપ્રિન્ટેન્ડેન્ટની તપાસ સોંપવામાં આવે તો સત્યને કેવી રીતે બહાર લાવી શકાય? કલમ ૨ (૫) મુજબ રાજયના બંધારણીય વડા જેને બંધારણીય રીતે રાજયના વડા માનવામાં આવ્યા છે. એવા રાજયપાલશ્રીને મંત્રીમંડળની સહાય અને સલાહ ઉપર કામ કરવું પડશે.

અધ્યક્ષશ્રી : તમે સેકશન બે વાંચો છો, એમાં વ્યાખ્યા છે, કાં તો સેકશન તમે બીજી બોલો. તમે ૨(૪) અને ૨ (૫)માં તો રાજયપાલ કોને કહેવાય એ છે આપ જુઓ.તમે બોલો છો કંઇક અને આમાં કાંઇક છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં લખ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૨(૫)માં સરકારે વ્યાખ્યા કરી છે કે રાજયપાલ એટલે મંત્રીમંડળની સહાય અને સલાહ પર કામ કરતા ગુજરાત રાજયના રાજયપાલ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું પદ એ બંધારણીય રાજયના વડા છે. આ ગૃહના પણ એ વડા છે. આ રાજયના પણ એ વડા છે. રાજયપાલશ્રીના જે બંધારણીય અધિકારો છે એની ઉપર આ જોગવાઇથી તરાપ મારવામાં આવી છે. રાજયના બંધારણીય વડા રાજયની સલાહ લઇ શકશે. રાજયની મદદ લઇ શકશે અને મંત્રીમંડળ સાથે પરામર્શ કરી અને નિર્ણયો કરી શકશે એવી મૂળભૂત જોગવાઇ છે પણ

પરામર્શ નામના શબ્દનો અહીંયા છેદ ઉડાડી અને રાજયપાલશ્રીની જે ગરિમા છેને એને કયાંક ઝાંખપ લગાડવાનો પ્રયાસ અહીંયાં થયો છે. કલમ બેની ૧૦(ક)માં કોણ કોણ લોકોની તપાસ કરવામાં આવશે એની સૂચિ આપી છે.

અધ્યક્ષશ્રી : એમાં તમારે શું કહેવાનું છે એ કહો, કલમ વાંચશો નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન કહું છું. આ કલમમાં રાજય સરકારે સરકાર અનુદાનિત એન.જી.ઓ.ને સમાવવામાં આવ્યા નથી.

અધ્યક્ષશ્રી : આપ બહુ સ્પષ્ટ સમજી જાઓ, એકેએક સભ્ય આખો કાયદો વાંચે તો (અંતરાય) તમારે ઉભા થવાની કોઇએ જરૂર નથી. કોઇ સવાલ નથી. આખી કલમ વાંચવાની જરૂર નથી. તમારે આ કલમ ઉપર જે કહેવાનું છે એ કહો. આખી કલમ વાંચવાની જરૂર નથી. એકેએક સભ્યશ્રી આ કલમો વાંચે તો પંદર દિવસે પણ આ બિલ પૂરું ન થાય. આવી કોઇ પદ્ધતિ નથી. આટલા વખતમાં કોઇ ધારાસભ્યશ્રીએ આવી રજૂઆત નથી કરી.(અંતરાય) એમણે એકેય કલમ નથી વાંચી. અમિતભાઇએ એકેય આખી કલમ નથી વાંચી, આ પદ્ધતિ આ હાઉસમાં ચાલે નહીં. તમે બધા બેસો અને તમારે જે કાંઇ કહેવું હોય એ તમે ટૂંકમાં કહો. માનનીય બલવંતસિંહજી, કોઇ સવાલ નથી. આવી રીતે તરફદારી કરવી પડે એની રીતે હું સભ્યશ્રીને સૂચના આપું છું કે આવી રીતે ન થાય. તમે કલમ વિશે બોલો કે આમાં આ છે એ સાચું છે કે ખોટું છે. તમને અધિકાર છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના આદેશનું સંપૂર્ણ રીતે પાલન કર્યું છે. કલમ આપ્યા વગર મેં વાત ચાલુ કરી તો આપે કહ્યું કે, કલમ ઉપર વાત કરો.

અધ્યક્ષશ્રી : હા, કલમ ઉપર જ કહું છું પણ આખી કલમ વાંચવાની જરૂર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,આપના આદેશનું સંપૂર્ણરીતે પાલન કરું છું. આ ગૃહનો હું શિસ્તબદ્ધ સૈનિક છું.

અધ્યક્ષશ્રી : બરાબર છે, વાંધો નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના આદેશનું પાલન કરીશ.

અધ્યક્ષશ્રી : વાંધો નહીં, તમે શિસ્તબદ્ધ છોને, હવે નિયમબદ્ધ થાઓ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું સરકારશ્રીનું ધ્યાન દોરવા માગતો હતો. કલમ ૧૦(ક)ની અંદર સરકાર અનુદાનિત એન.જી.ઓ. જે છે, એનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આજે સ્કૂલ મેનેજમેન્ટ કમિટી મારફત સર્વ શિક્ષા અભિયાનનું કરોડો રૂપિયાનું ફંડ વપરાય છે, રોગી કલ્યાણ સમિતિ મારફત એન.આર.એચ.એમ.નું કરોડો રૂપિયાનું ફંડ આપણે સીધું વાપરીએ છીએ,કેટલાય એન.જી.ઓ. છે આપણી ગ્રામ વિકાસ એજન્સી એ પબ્લીક ટ્રસ્ટ નીચે નોંધાયેલી સંસ્થા છે, અને ભારત સરકાર અને રાજય સરકારના કરોડો રૂપિયાનું ખર્ચ ગ્રામ વિકાસ એજન્સી મારફત થાય છે. તો મારી આપશ્રી મારફતે સરકારને વિનંતી છે કે, આ સંસ્થાઓને પણ જો સરકાર અનુદાનિત સંસ્થાઓ છે, એને પણ કલમ ૧૦ (ક)ની નીચે સમાવેશ કરવાની જરૂર હતી.

કલમ ૩(૨)માં લોકપાલની પસંદગીના અધિકારો માટે પસંદગી સમિતિની નિમણૂક કરવામાં આવી છે. ૬ જેટલા કુલ હોદ્દેદારોની બનેલી કમિટી એ ૬માંથી ૪ જેટલા હોદ્દેદારો તો સરકારના ડાયરેકટ કે ઇનડાયરેકટ પ્રભાવ ક્ષેત્રમાંથી આવનારા પદાધિકારીઓ છે. કમિટીના અધ્યક્ષ તરીકે માનનીય મુખ્ય મંત્રીશ્રી, વિધાનસભાના અધ્યક્ષશ્રી અને મંત્રી મંડળ નક્કી કરે એવા કોઇ પ્રતિનિધિ આ કમિટીમાં હશે. પહેલા રાજયપાલશ્રી, મુખ્ય મંત્રીશ્રી અને વિરોધ પક્ષના નેતાના પરામર્શમાં નામદાર હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સાથે કન્સલ્ટેશન કરી અને લોકાયુકતની નિમણૂક કરવામાં આવતી હતી અને એજ નિયમો અનુસાર હમણા જ માનનીય મહેતા સાહેબની જ્યારે નિમણૂક કરવામાં આવી તો રાજય સરકારે હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ, રિવ્યૂ બેચ, કયુરેટિવ પિટિશન કરી. ચૂંટણી પહેલા થપ્પડો મારીને કેન્દ્રનો ગુજરાતને અન્યાય એવી વાત થતી હતી. નામદાર ન્યાયપાલિકાએ વારંવાર સરકારને લપડાક મારી છતાં સરકાર ન્યાયનું પાલન કરવા સંમત થતી નથી. ૨૦૦૩થી ૨૦૧૩..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ બધી વાત માનનીય શંકરસિંહ ૪૫ મિનિટ બોલ્યા એમાં કરી છે. હવે તમે એક એક સભ્ય રિપિટેશન કરો તો પછી મારે ક્લોઝર મૂકવું પડશે. હું બધી ચર્ચા બંધ કરાવીને મત ઉપર મૂકી દઇશ. હું તમને બોલવા દઉં છું અને તમારા હક્ક અને અધિકારનું રક્ષણ કરું છું એનો અર્થ એ નથી કે તમે રિપિટેશન કરો. રિપિટેશન કરો નહીં તમે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો આપનું ધ્યાન દોરવું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મારું ધ્યાન દોરી દીધું છે તમારા નેતાએ, હવે બધાએ દોરવાની જરૂર નથી. તમે રિપિટેશન કર્યા વગર બોલો તમને બધું બોલવાની છૂટ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પસંદગી સમિતિ જે લોકાયુક્તની નિમણૂક કરશે એ લોકાયુક્ત સરકારના પ્રભાવ નીચે નિષ્પક્ષ રીતે કામ નહીં કરી શકે. લોકાયુક્તનું પદ અને એની ગરિમા મુખ્ય મંત્રીની •(xxxxxx) સમાન બની જવાનું છે. (અંતરાય) કલમ ૫(૧)માં સરકારશ્રીએ (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૫ (૧)માં અમિતભાઇ સાહેબ કહેતા હતા કે આ બિલની જોગવાઇઓમાં કલમ ૨૬ નીચે નામદાર સુપ્રીમ કોર્ટમાં જે કાંઇ પિટિશન ચાલે એ પિટિશનથી એનો નિર્ણય છે આ બિલને એની અસર થવાની નથી. આર.એ.મહેતા સાહેબની નિમણૂકને કોઇ અસર થવાની નથી એવું માનનીય અમિતભાઇ શાહ કહેતા હતા. આ બિલની કલમ ૫ (૧)માં જે જોગવાઇ કરી છે કે ૭૨ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિની લોકાયુક્ત તરીકેની સેવા આપો આપ સમાપ્ત થશે. માનનીય અધ્યક્ષશ્રી, ૭૨ વર્ષથી વધુ વયના વ્યક્તિની સેવા આપો આપ રદ થશે. હવે નામદાર સુપ્રીમ કોર્ટમાં જે કાંઇ લિગલ પોઝિશન છે એમાં વિશ્વાસ છે અમને આ દેશની ન્યાયપાલિકા ઉપર કે હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ, રિવ્યૂ બેચ એની અંદર સરકારે લપડાક ખાધી છે અને ક્યુરેટિવ પિટિશનમાં પણ સરકાર લપડાક ખાશે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એ શું કરશે એ તમારે જજમેન્ટ આપવાનું છે? તમે આ લોકાયુક્તના બિલ ઉપર બોલો. પરેશભાઇ, આપને વારંવાર વિનંતી કરી છે માટે આપ આ બિલ ઉપર તમે બોલો. આટલા વખત લપડાક આપી છે અને બીજી આપવાના છે એ તમારો વિષય છે આમાં? કોઇ સવાલ નથી.(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકારને વિનંતી છે કે, ૬૫ વર્ષે આપણે આ બિલમાં જોગવાઇ કરી છે કે, સુપ્રીમ કોર્ટના જજ અથવા તો આપણી હાઇકોર્ટના ચીફ જસ્ટીસની નિમણૂક કરવાની થશે, ૬૫ વર્ષે એની નિયુક્તિ થવાની ત્યારે આપણા સુપ્રીમ કોર્ટના જજ અથવા હાઇકોર્ટના ચીફ જસ્ટીસની જ્યારે નિયુક્તિ કરવાની હોય ત્યારે એની વય મર્યાદા શા માટે લાગુ કરવી જોઇએ? સરકારે આ વય મર્યાદા દૂર કરવી જોઇએ. કલમ–૭(૨)માં દર્શાવ્યા મુજબ લોકાયુક્ત આયોગ અમલમાં હોવા છતાં, લોકાયુક્તનું ફોરમ ઉપલબ્ધ હોવા છતાં તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ મુજબ રાજ્ય સરકાર તપાસનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. •(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** માનનીય પરેશભાઇ, આ બિલની અંદર આ બાબત ક્યાં આવે છે, તમે મન ફાવે તે રીતે નહિ બોલી શકો. આ બિલ ઉપર તમે બોલો. નહિ નહિ બલવંતસિંહ એવું કંઇ ચાલે નહિ. તમે બધા બેસો પ્લીઝ, તમે વચ્ચે કોઇ કોમેન્ટ કરતા નહિ, તમારે આ બિલ ઉપર જે કંઇ બોલવું હોય તે બોલો. પરેશભાઇ, બિલ ઉપર બોલો નહિ તો મારે મત પર આ બિલ મૂકવું પડશે બલવંતસિંહ હું આપને કહું છું. તમારા એક એક સભ્ય બોલે આ ક્યારથી બોલે છે, પંદર મિનિટ તો બોલ્યા, એક એક સભ્ય બોલે તો મારે આ બિલ ક્યાં સુધી ચલાવવું? નહિ કોઇ સવાલ નથી. કાં તો તમારા સભ્યોને કટ કરી નાંખો અને એમને પૂરેપૂરો સમય આપી દો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મને કોઇ વાંધો નથી. ભલે બોલે. બોલવું છે બધાયને, પૂરેપૂરો સમય બોલવું છે એ કોઇ દિવસ ચાલે જ નહિ. તમે બાકીના બેસો, બોલવા દો એમને. પરેશભાઇ..

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, કમિશન વિશેની જે કંઇ વાત હશે ઇટ ઇઝ એ સબ જ્યુડીશ. એ તમામ શબ્દો દૂર કરવામાં આવે છે.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ ટીકા ટિપ્પણીમાં પડવા નથી માગતો. માનનીય અમિતભાઇ બોલતા હતા, હું સાંભળતો હતો.

**અધ્યક્ષશ્રી :** આ કંઇ તમે વખાણ કરો છો ટીકા ટીપ્પણી નથી કરતાં તો, પરેશભાઇ? અહીં બધાયને ખબર પડે છે કે આ ટીકા કહેવાય કે વખાણ કહેવાય. તમારું ચાલુ રાખો.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૭(૨)માં રાજ્ય સરકારે જોગવાઇ કરી છે, પરંતુ રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે કોઇ બાબત અસાધારણ રીતે નિશ્ચિત જાહેર અગત્યની બાબત હોય, તો આ પેટા કલમમાંના કોઇપણ મજકૂરથી, રાજ્ય સરકારને, તે બાબત તપાસ માટે આવા કમિશનને લખી મોકલવામાં બાધ આવશે નહિ.

**અધ્યક્ષશ્રી :** આ લોકાયુક્તનું બિલ છે, પેલું કમિશન એના જુદા રૂલ્સ પ્રમાણે થાય છે. લોકાયુક્ત નીચે એ કમિશન નથી નીમાતું. એટલે તમે એ કમિશનની ટીકા ન કરી શકો. એ હું આપને કહુ છું.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીવાર સ્પષ્ટતા કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી :** મારે કોઇ સ્પષ્ટતા કરવાની જરૂર નથી. લોકાયુક્ત વિશે તમે બોલો. એ કમિશન જે છે એ જુદા એક્ટ નીચે થાય છે.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુક્ત અમલમાં હોવા છતાં રાજ્ય સરકાર કમિશનની નિયુક્તિ કરી શકશે.

**અધ્યક્ષશ્રી :** મારે તમારી સાથે ચર્ચા કરવી પડે? તમે બિલ ઉપર આવો, નહિ તો મારે આપને કંઇક કહેવું પડશે.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ ચર્ચા કરું છું. બિલકુલ બિલ ઉપર ચર્ચા કરી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી :** ચલાવો તમે ચાલો. મારે શું કરવું એ જ નિર્ણય લેવાનો ને? પણ આવી રીતે?

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે. સરકારે આ કલમથી જે જોગવાઇ કરી છે,

**અધ્યક્ષશ્રી :** બાકીના તો શાંતિ રાખો એને બોલવા દોને.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુક્ત આયોગ અમલમાં હોવા છતાં રાજ્ય સરકાર આવા કમિશનની નિમણૂક કરી શકશે. આનાથી એવું થશે કે કોઇ મુદ્દાઓ જ્યારે વ્યક્તિગત સરકાર, સરકારના મંત્રીઓ કે જાહેર સેવકો ઉપર કોઇ આરોપનામું લાગુ થવાનું હશે તો લોકાયુક્તની અસરોથી, શિક્ષાથી બચવા માટે સરકાર કમિશન નીમી અને પાછલા રસ્તે છટકવાનો પ્રયાસ કરશે. કલમ-૧૦(૧) અને (૧) ની (ખ) મુજબ તપાસ કમિશન પાસે પડતર કેસો ઉપર લોકાયુક્ત તપાસ કરી શકશે નહિ. નીતિનભાઇ હું અભિનંદન આપત આપને કે ૨૦૦૨ થી અત્યાર સુધીમાં રાજ્યની વિવિધ એજન્સીઓ નીચે જેટલી પણ ભ્રષ્ટાચારની ફરિયાદો દાખલ થઇ છે એ તમામ ફરિયાદો આપણા આ લોકાયુક્ત બિલના આધારે લોકાયુક્ત આવશે અને તપાસ કરવાનું શું કામ સરકાર અધિકાર આપવા નથી માગતી? આવા તમામ કમિશનની અંદર વિવિધ સંસ્થાઓ પાસે પડતર જે કંઇ રજૂઆતો હોય એની તપાસ લોકાયુક્ત પાસે કરાવવી જોઇએ.

કલમ-૧૦(૧૦)(૨) મુજબ રાજ્ય સરકાર જાહેર હોદ્દેદારોના કોઇ વર્ગની વ્યક્તિઓ સામે આક્ષેપવાળી ફરિયાદો લોકાયુક્તની હકૂમતમાંથી બાકાત રાખી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, આનો મતલબ એવો થયો કે જયારે વ્યકિતગત ભ્રષ્ટાચાર પ્રથમ દર્શનીય છે ત્યારે આવી બાબતોમાં તે સરકારના મંત્રી હોય,

મુખ્યમંત્રી હોય કે કોઇપણ જાહેર સેવક હોય આ કલમનો હથિયાર તરીકે ઉપયોગ કરીને રાજય સરકાર આવા ભ્રષ્ટાચારી લોકોને બચાવશે અને તેનાથી આ લોકાયુકત બિલ છે તે બિન અસરગ્રસ્ત પૂરવાર થવાનું છે. મેં આનો પૂરો અભ્યાસ કર્યો છે.

અધ્યક્ષશ્રી : એવું છે જ નહીં. તમે આગળ ચલાવો, મેં પણ આનો અભ્યાસ કર્યો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૦(૩) મુજબ લોકાયુકતને પૂર્વગ્રહ નામના શબ્દના બહાના નીચે કોઇપણ વ્યકિતની તપાસ કરવા અથવા અન્વેષણથી દૂર રાખી શકાય એવી જોગવાઇ કરવામાં આવી છે. કલમ–૧૦(૪) મુજબ પાંચ વર્ષથી જૂની અનિયમિતતાઓની તપાસ લોકાયુકત કરી શકવાના નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જયારે નવુ બિલ લઇને આવે ત્યારે...

અધ્યક્ષશ્રી : બલવંતસિંહ, શું કરવાનું છે ? આમાં ત્રીસ કલમ છે અને એક એક વ્યકિત આ ત્રીસ ત્રીસ કલમ ઉપર બોલે તો તમારા બાકીનાના નામ ડ્રોપ કરી નાંખો મને કોઇ વાંધો નથી. દરેકને બોલવા નહીં મળે, તમે નક્કી કરી નાંખો. આપણે ટાઇમ વધારીશું એટલે બે કલાક છે તેના ઉપરનો એક કલાક છે બે કલાકમાં તેને બદલે તે વધારી દેશું. નહીંતર કેટલી કલાક વધારવો તે તમે બન્ને નક્કી કરો. તમે એમ કહો કે કેટલા વખતમાં આ બિલ પૂરું કરવું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૩૫ મિનિટ માનનીય મંત્રીશ્રી બોલ્યા, ૪૫ મિનિટ અમીતભાઇ બોલ્યા અને હજુ માનનીય મંત્રીશ્રી બોલશે. આ બાજુથી એટલુ અમે બોલ્યા પણ નથી.

અધ્યક્ષશ્રી : ભાઇ બલવંતસિંહ, કયાં સુધીમાં પૂરું કરવું તે તમે મને કહો. મને કોઇ વાંધો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ચાર કે પાંચ જણાં જ અમારા બાકી છે હવે વધારે છે પણ નહીં.

અધ્યક્ષશ્રી : જુઓ હજુ શૈલેષભાઇ છે, બાવકુભાઇ તો છે નહીં, પુનમભાઇ પરમાર, રાઘવજીભાઇ અને ગ્યાસુદીનભાઇ અને નિરંજનભાઇ તો નથી. તો તમે ચલાવો અને તમારે જે કહેવા જેવી હોય એ કલમ જ કહો ત્રીસે ત્રીસ કહેવાની જરૂર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધી કલમો કયાંક અને કયાંક લોકાયુકતની..

અધ્યક્ષશ્રી : આ એનો જ કાયદો છે. આ કાયદાની જ કલમ છે અને હું કયાં કહું છું કે તમે બહારની કલમ આમાં લઇ આવ્યા છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પંખીની પાંખો કાપી લઇએ અને પછી..

અધ્યક્ષશ્રી : જુઓ ભાઇ, એમ કહેશો તો બીજાને પણ બોલવાનું નહીં મળે. તમે બોલો મને કોઇ વાંધો નથી. મને બધાનો સમય તમને ફાળવવામાં કાંઇ વાંધો નથી, નક્કી તમારે કરવાનું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો એવો હોય કે જેનાથી ચેક એન જેકની જે આપણી શાસન પ્રણાલી છે તે જળવાય. આ લોકાયુકત આયોગનું બિલ એ માત્ર અને માત્ર સરકારના આધિપત્યની અંદર વ્યાપિત ભ્રષ્ટાચારને દબાવવા માટે હથિયાર તરીકે ઉપયોગ કરવા માટે થઇને આ બિલનો ઉપયોગ થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની કલમ–૪, ૧૧, ૪–૫–૬ મુજબ ફરિયાદીએ ફરિયાદ કરતા પહેલાં બે હજાર રૂપિયા ડિપોઝીટ ભરવાની. તેમજ ખોટાં આક્ષેપ કરનારને ૨૫ હજારનો દંડ અને ફોજદારી ગુન્હા સહિત છ મહિનાની સજાની જોગવાઇ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આ જૂનો કાયદો ૧૯૮૬માં પસાર કર્યો તેમાં પણ હતુ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે નવો કાયદો લાવી રહ્યાં છીએ ત્યારે રાજય સરકાર જો ભ્રષ્ટાચાર સામે લડવા માગતી હોય, તેની નીતિ સ્પષ્ટ હોય, ઇરાદો સ્પષ્ટ હોય તો સામાન્ય માણસને ફરિયાદ કરવાની તક પ્રાપ્ત થવી જોઇએ. આ બિલની અંદર કરેલી જોગવાઇથી ફરિયાદી છે તે વકીલનો ઉપયોગ નહીં કરી શકે. ફરિયાદીએ ફરિયાદ કરતાં પહેલાં બે હજાર રૂપિયા ભરવાના અને આરોપો ફરિયાદીએ સાબિત કરવાના. અરે, સામાન્ય માણસ ફરિયાદ સાબિત ના કરી શકે. બુધ્ધિશાળી માણસોની

લડાઇમાં તે ટકી ના શકે તો તેને ૨૫ હજાર રૂપિયાનો દંડ અને છ મહિનાની કેદની જોગવાઇ સરકારે આ બિલની અંદર કરી છે.

અધ્યક્ષશ્રી : એટલે જ ખોટી ફરિયાદ ના કરી શકે. તમે અધૂરું બોલો છો વાંચો તો આખુ વાંચો બે હજાર રૂપિયા અનામત છે,ડિપોઝીટ છે. ૨,૦૦૦ ફરિયાદ દાખલ કરવાની ફી નથી.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, અનામત બોલ્યો.

અધ્યક્ષશ્રી : આ તો જૂના કાયદામાં પણ હતું. તમારા જ કરેલા કાયદાનો તમે વિરોધ કરો છો. આ જૂના કાયદામાં હતું જ, હવે કાઢી નાખવું જોઇએ.

શ્રી પરેશ ધાનાણી : સમયની સાથે કાયદાઓને બદલાવવા જોઇએ. કલમ-૧૨(૭)માં જોગવાઇ કરવામાં આવી છે. આક્ષેપિત જાહેર હોદ્દેદારની સત્તા અથવા ફરજને સીધી અસર થશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુકત આયોગ જયારે પ્રથમ દર્શનીય આરોપ બનવાનું સાબિત કરે એ માનનીય મુખ્યમંત્રીશ્રીને તમામ કાગળીયા, અહેવાલ, રિપોર્ટ, પુરાવાઓ સહિત બધું જ દફતર લોકાયુકત કચેરીએ માનનીય મુખ્યમંત્રીશ્રીને સબમિટ કરવાનું. કોઇ મંત્રી, મુખ્યમંત્રીની સામે ફરિયાદ હશે અને આવા ફરિયાદના પુરાવાઓ, રેકર્ડ, સાહિત્ય આ બધું જયારે મંત્રીમંડળ સામે રજૂ કરવાની જોગવાઇ કરવામાં આવી છે તો આનાથી પુરાવાઓની સાથે ચેડાં થવાની પૂરી સંભાવનાઓ છે. કોઇ વ્યક્તિ ચોરી કરતી હોય, આરોપી વ્યક્તિ હોય, કોઇ ભ્રષ્ટાચારી સાબિત થાય અને લોકાયુકત જયારે પ્રથમ દર્શનીય તેનો આરોપ સાબિત કરે અને એ તમામ પુરાવાઓ રેકર્ડ સાથે મંત્રી મંડળને સબમિટ કરવાના એટલે ચોરી કરનારના ઘરમાં આપણે આપણાં સાહિત્યને અનામત મૂકવાની પરિસ્થિતિ નિર્માણ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૩મા ૮(૨)માં જણાવ્યા મુજબ કોઇ વ્યકિતને પુરાવો કે દસ્તાવેજ રજૂ કરવાની ફરજ પાડી શકાય નહીં. કોઇ સામાન્ય માણસ ફરિયાદ રજૂ કરશે, સરકારી કચેરીમાંથી જો આધાર પુરાવાઓને રજૂ કરવાની ફરજ નહીં પાડી શકાય, કોઇ વ્યકિતને એના પુરાવાઓ રજૂ કરવાની ફરજ નહીં પાડી શકાય અને એ ભ્રષ્ટાચાર સાબિત નહીં કરી શકે તો તેણે ફોજદારી ગુનાનો સામનો કરવો પડશે. ૨૫,૦૦૦ દંડ અને છ મહિનાની જેલ ભોગવવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૪ની (૧)-૨માં જણાવ્યા મુજબ જાહેર હોદ્દેદાર, મંત્રી કે મુખ્યમંત્રી સામેના આક્ષેપો અંશતઃ કે પૂર્ણતઃ સાબિત થઇ શકે એવું લોકાયુકતને લાગે તો તેણે લેખિત રિપોર્ટ દ્વારા પોતાના તારણો સંબંધિત દસ્તાવેજો, સામગ્રી અને બીજા તમામ પુરાવાઓ મુખ્યમંત્રીની પાસે રજૂ કરવા પડશે અને જણાવવા પડશે. આવા રિપોર્ટનો મંત્રી મંડળ અંશતઃ કે પૂર્ણતઃ સ્વીકાર અથવા અસ્વીકાર કરી શકશે અને મંત્રી મંડળના નિર્ણય અનુસાર રાજય સરકાર ઉચિત પગલાં ભરશે. હું એટલા માટે કહેતો હતો કે જે વ્યકિત આરોપી હોય, જે વ્યકિત સામે પુરાવાઓ સાબિત થયા હોય લોકાયુકતની અંદર એ પુરાવાઓનું પોટલું જયારે એ મંત્રી મંડળની અંદર રજૂ થશે તો એ આરોપોને કયારેય સાબિત નહીં કરી શકીએ અને મુખ્યમંત્રીશ્રીની સામે રજૂ થાય, મારી સામેનો આરોપ એનો નિર્ણય મારે કરવાનો, આ દેશની ન્યાયપાલિકામાં એવી કયારેય જોગવાઇ ન થઇ શકે અને માટે જૂના કાયદામાં રાજયપાલશ્રીને આ રિપોર્ટ કરવાનો થતો હતો. રાજયપાલ રાજયના બંધારણીય વડા છે અને એ મુખ્યમંત્રી ઉપર પણ એકશન લઇ શકે એવો અધિકાર હતો. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. તમે જે બોલો છો એને અને નિયમને કંઇ લાગતું વળગતું નથી. તમે કહ્યું બરાબર છે, પહેલાં રાજયપાલને સત્તા હતી એ સત્તા મંત્રીમંડળને છે. રાજયપાલને આપવી જોઇએ ત્યાં સુધી વાત બરાબર છે. હવે તમારી વાત આગળ ચલાવો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇ કહેતા હતા કે આપણે ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે બિલ લાવીએ, ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે બિલ આવકાર્ય હોય. આ સવાલાખ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર જેની રાજ્ય સરકારને જાણ છે...

અધ્યક્ષશ્રી : આમાં કોઇ ઇન્સીડેન્ટ કહેવાની જરૂર નથી. આગળ બોલોને મેં ક્યાં તમને રોક્યા છે.

શ્રી પરેશ ધાનાણી :શા માટે એની તપાસ કરવામાં આવતી નથી. હું ફરીથી એ વાત આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, એક બાજુ વડાપ્રધાન વિપક્ષના નેતાને એના ભ્રષ્ટાચારના આરોપની તપાસ કરવા માટે આમંત્રિત કરે અને એક બાજુ આ રાજ્યના નંબર વન મુખ્યમંત્રી દસ દસ વર્ષથી લોકાયુક્તનો સામનો કરવાથી શું કામ ભાગી જાય છે?

અધ્યક્ષશ્રી : આમાં નંબર વન ક્યાંય કાયદામાં આવે છે? પરેશભાઇ, કોઇ સવાલ જ નથી. એક મિનિટ તમે બેસો, બાકીનાએ ઉપરાણું લેવાની કોઇ જરૂર નથી. જો ભાઇ, શરૂઆતમાં જે બોલતા હોય એ વિપક્ષના નેતા કે અહીંથી ઓપનીંગ કરે એને ત્યાં સુધી વાંધો નહીં, બાકીનાએ તો સીધું બિલ ઉપર જ બોલવું જોઇએ. કોઇ આક્ષેપ કે વખાણ કરવાની જરૂર નથી. આક્ષેપ પણ નહીં અને વખાણ નહીં બધા બોલવાવાળા છે અંદર. શરૂઆતમાં જે બોલે એ પૂર્વ ભૂમિકામાં બોલી શકે. ચલાવો તમારું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, ભ્રષ્ટાચારનું નિર્મૂલન કરવું હોય તો એના માટે ૧૯૮૬થી આપણી પાસે સક્ષમ લોકાયુક્ત છે. એની અંદર સુધારો કરે. જે સંસ્થાઓ તેરમા નાણાં પંચની ભલામણ અનુસાર નથી આવરી એ કલમોની અંદર સુધારો કરીને એવી સંસ્થાઓનો સમાવેશ કરે. રાજ્યના બંધારણીય વડા જે મુખ્યમંત્રી અને આ ગૃહથી ઉપર એનું પદ છે એને રાજ્યના મંત્રી મંડળ, મુખ્યમંત્રી એને જાહેર સેવકોની તપાસ કરવાનો લોકોયુક્તનો જે અધિકાર છે એમાં વિક્ષેપ ન થાય અને લોકાયુક્ત જે કાંઇ ભલામણ કરે, એના પગલાં લેવાનો અધિકાર છે, તે રાજ્યપાલને મળવો જોઇએ. તો આપણે ભ્રષ્ટાચારને રોકી શકીશું. આખા કાયદાની અંદર માત્ર ભ્રષ્ટાચાર જે રાજ્યમાં વ્યાપ્યો છે એનાથી એ ઉજાગર થાય એને છૂપાવવા માટે રાજ્ય સરકાર આ લોકાયુક્ત બિલ વિધાનસભા ગૃહમાં લઇને આવી છે. મુખ્યમંત્રીશ્રીને (અંતરાય) દરજ્જો આપવાનો પ્રયાસ આ બિલમાં થઇ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ પરમાર...

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આ વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ આ જે બોલી ગયા એનું રિપિટેશન નહીં. લગભગ બધી કલમો લઇ લીધી છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : ના કરું સાહેબ, મારી જોડે તો નવું જ આવશે.

અધ્યક્ષશ્રી : તમારે બિલ મંજૂર કરવું છે કે, આના પછી કોઇ બોલવાવાળું નથી. ત્યાં હજી ચાર જણા છે. (અંતરાય)

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની આ સરકારે તો આ બિલ લાવીને •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. હજી એના ત્રણ બાકી છે. તમારે પુનમભાઇ પુનરાવર્તન ન થાય એનું ધ્યાન રાખજો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : નહીં થાય સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની આ સરકારે તો આ બિલ લાવીને (xxxxxx)૧૯૮૬નો લોકાયુક્તનો કાયદો અત્યારે ગુજરાતમાં અમલમાં જ છે. પરંતુ (xxxxxx) એટલા માટે ..

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ તમારા શબ્દો કાઢી નાંખીએ છીએ. આ વિધાનસભાનું કામ કોઇ (xxxxxx) પુનમભાઇ શબ્દો દૂર કરીએ છીએ. તમારે

શ્રી પુનમભાઇ મા. પરમાર : સરકાર આખો લોકાયુક્તનો કાયદો જ બદલી નાંખવા માગે છે અને જૂનો કાયદો રદ કરવા માગે છે અને (xxxxxx) લોકાયુક્ત તરીકે નિમાય અને ભ્રષ્ટાચારના આક્ષેપોની અમુક તપાસ ન થાય.

અધ્યક્ષશ્રી : (xxxxxx)એ શબ્દો કાઢી નાંખીએ છીએ. આ હાઉસની બહુમતીથી કાયદો પસાર થાય છે, કોઇની મરજીથી પસાર થતો નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : (xxxxxx) એ માટેની જોગવાઇ કરતો નવો જ કાયદો સરકાર લાવી છે. રાજ્યપાલ, સરકાર અને હાઇકોર્ટ મળીને લોકાયુક્તની નિયુક્તિ કરતા હતા. જેમાં ભાજપની આ સરકાર નવો કાયદો લાવીને એવો સુધારો કર્યો છે કે, રાજ્યપાલ, હાઇકોર્ટની લોકાયુક્ત નિમવાની સત્તા ઉપર કાપ આવે અને (xxxxxx) એવી વ્યક્તિને ભાજપના આ મુખ્યમંત્રીશ્રી નિયુક્ત કરી શકે તેવી જોગવાઇ આ કાયદાથી કરવા માગે છે. જેવી રીતે (xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. તમે કોઇ આક્ષેપાત્મક બોલી ના શકો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

અધ્યક્ષશ્રી :(અંતરાય) તમે બોલ બોલ કરો છો એમાં કંઇ સંભળાતું નથી. પછી તમે જ વાંધો લો છો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : તે માટે(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો પણ કાઢી નાખવામાં આવે છે. હવે તમારું પ્રવચન શું રાખવું એ સવાલ છે. દર વખતે કાઢી નાખવાની જ વાત હોય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : (xxxxxx) તેમ છતાં પ્રજામાં ભાજપની આ સરકાર કરતી નથી .. ..

અધ્યક્ષશ્રી :હવે તમે મુદ્દા બોલો. એક મિનિટ પુનમભાઇ, આ વખતે તમામ સભ્યોએ જે લખીને વાંચતા હતાને એનું આ પહેલું જ સત્ર હતું, એટલે છૂટ આપી છે. ભવિષ્યમાં ધ્યાન રાખજો. કોઇ લખેલું વાંચી શકતા નથી. સિવાય કે મંત્રીઓને જે નિવેદન કરવાનું હોય એની અંદર એને છૂટ હોય છે એટલે મહેરબાની કરીને આજે જેટલું વાંચવું હોય એ વાંચી લો હવે ભવિષ્યમાં તમામ સભ્યો છે એ ધ્યાન રાખી લે, તમે મુદ્દા લખી શકો છો. મુદા ઉપર ચર્ચા કરી શકો છો પણ લખેલું કોઇ વાંચી નહીં શકે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : સારું સાહેબ. જૂના છે અમારા મંત્રીઓ તો પણ લખીને લાવ્યા છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : શાહ કમિશન હેઠળ જે તપાસને આધીન છે એના એ જ મુદ્દા માનનીય સભ્યશ્રીએ ફરી રીપીટ કર્યા છે એ રેકર્ડ ઉપર ના જાય દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એ આપણે દૂર કરીએ છીએ. ઇટ ઇઝ સબજ્યુડીસ મેટર. (સતત અંતરાય) તમે બેસોને એમને જ બોલવા દો. તમે બોલો પુનમભાઇ..

શ્રી પુનમભાઇ મા. પરમાર : (અંતરાય) પ્રજામાં *(xxxxxx)

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : પુનમભાઇ તમે હજુ બધું આક્ષેપાત્મ જ બોલો છો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : નહીં કરું આક્ષેપ સાહેબ.

અધ્યક્ષશ્રી : નહીં કરું, નહીં તમે આ બોલ્યાને કે (xxxxxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : ભા.જ.પ.ની સરકારને મુખ્યમંત્રીશ્રીને પોતાની (xxxxxx) નિમણૂક પોતે કરી શકે એટલે આ બિલ લાવ્યા છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ કાઢી નાખવામાં આવે છે. (અંતરાય) કોઇની મરજી અહીંયા ચાલે નહીં. (અંતરાય) તમે બેસોને, પરેશભાઇ તમે બેસોને, તમારે કંઇ કહેવાની જરૂર નથી. હું શબ્દો કાઢી નાખીશ જેટલા છે એવા એટલા. તમે શાંતિ રાખો કે જેથી એ શું બોલે છે એ અમે સાંભળી શકીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : હાઇકોર્ટ અને રાજયપાલની લોકાયુકત નિમવાની સત્તા પર મોટો કાપ મૂકતી જોગવાઇ કરવા માટે આખેઆખો ૧૯૮૬નો લોકાયુકતનો કાયદો જ બદલી નાખ્યો છે અને લોકશાહીના મૂળમાં જ મોટો ઘા કર્યો છે. લોકશાહીનો છેદ ઉડાડી દીધો છે અને આપખુદશાહી સ્થાપવાના પોતાના વલણનું પ્રદર્શન સરકારે કર્યુ છે. (અંતરાય.)અરે વાંચ્યા વગર બોલું લો ને, માનનીય સાથી સભ્યો અમિત શાહ હમણા બોલ્યા, હમણા ચૂંટણી વિશે બોલ્યા કે કોંગ્રેસે ચૂંટણી પ્રચાર કર્યો છે. લોકાયુકતના મુદ્દાને કોંગ્રેસે ઉછાળ્યો છે પણ એ ભૂલી ગયા કે આ રાજયના મુખ્યમંત્રી એમણે પણ સૂત્રો બોલેલા, હું ખાતો નથી, ખાવા દેતો નથી, ના સાહેબ, એ બોલ્યા છે. બીજુ અમિત શાહ બોલ્યા છે એનો જવાબ આપવાનો છે. (અંતરાય) એ સાંભળવા રહ્યા નથી..

અધ્યક્ષશ્રી : તમારા વિપક્ષના નેતા જ બોલ્યા છે. ખાતો નથી અને ખાવા દેતો નથી એ વાત આવી ગઇ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : એવું પણ બોલ્યા હતા કે આ રાજયની ગુજરાતની તિજોરી પર હું કોઇનો પંજો પડવા નહીં દઉ.( અંતરાય) બોલ્યા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : દિલિપભાઇ બેસો તમે, મારે કોઇનું નથી સાંભળવું, બેસો, માનનીય આત્મારામભાઇ.

શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૨૦૧૩ ગુજરાત લોકાયુકત વિધેયક લઇને આવ્યા છે ..

અધ્યક્ષશ્રી : એકેય મુદ્દાનું રીપીટિશન ના કરતા. નિયમ બધાને લાગુ પડે. (સતત અંતરાય) તમે બેસી જાવ ગ્યાસુદ્દીનભાઇ. (સતત અંતરાય)

શ્રી આત્મારામ મ. પરમાર : જે વિધેયક લઇને આવ્યા છે એ વિધેયકને સમર્થન આપીને હું મારા વિચારો વ્યકત કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાતની જે શરૂઆત કરવી છે. આજે વાત કરવી હોય તો સમગ્ર દેશમાં અને રાષ્ટ્રમાં એક પ્રમાણિક રાજપુરુષ તરીકેની કોઇની છાપ હોય તો એ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની છે. (અંતરાય)વાત એટલા માટે કરવી પડે છે કે અહીંયા સામેથી જેટલા પ્રવચનો થયા છે એમાં એવા પ્રવચનો કર્યા છે કે જાણે મુખ્યમંત્રી પોતાની જાતને બચાવવા માટે આ બિલ લાવ્યા છે. એટલા માટે આ વાત કરવી પડે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એ વાત અમિતભાઇએ કરી દીધી છે. તમે બિલ ઉપર આવો. મારે બિલ પૂરું કરવું છે. (અંતરાય) તમે બધા બેસો. બધાને ખબર છે કે તમે બિલ પૂરું થાય એ પહેલા જતા રહેવાના છો. બધા બેસો. શાંતિથી સાંભળો. તમે બોલતા હતા ત્યારે સૌએ સાંભળ્યા છે. શંકરસિંહ જ્યારે બોલતા હતા ત્યારે તમામ લોકો શાંતિથી સાંભળતા હતા. જેઠાભાઇ, તમે બેસો. પરેશભાઇ, તમારે કાંઇ બોલવાની જરૂર નથી. કાંઇ કહેવાનું હશે તો તમારા દંડક છે. સભ્યશ્રી તમે બિલ ઉપર બોલો. અમિતભાઇએ બધી સ્પષ્ટતા કરી દીધી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર :** શંકરસિંહ વાળું એમાં નથી આવ્યું.

**અધ્યક્ષશ્રી :** તમે બેસો. નીતિનભાઇ, તમે ચાલુ કરો. મારે આ બિલમાં કોઇ વિવાદ નથી કરવો. તમે બોલ્યા છો એનો જવાબ સાંભળો. (અંતરાય) તમે બોલ્યા છો એના જવાબ સાંભળો. બોલીને નીકળી જવું એ વાજબી વાત નથી. નીતિનભાઇ, બને એટલું ટૂંકું કરો. (અંતરાય)

(આ તબક્કે માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી બેઠા બેઠા પાટલી થપથપાવી સૂત્રોચ્ચાર કરતાં)

**અધ્યક્ષશ્રી :** આને કહો, હમણાં એક વર્ષ માટે જશે. હું કાંઇ ચલાવી નહીં લઉં. મહેરબાની કરીને કોઇ સૂત્રોચ્ચાર બોલવાની જરૂર નથી. ભૂતકાળ ભૂલી જાઓ. આ બિલ મહત્વનું છે. તમને પૂરેપૂરા બોલવા દીધા છે એટલે કોઇ સવાલ નથી. શાસક પક્ષને ટાઇમ આપ્યો એના કરતાં ડબલ ટાઇમ મારી પાસે લખેલો છે. નીતિનભાઇ, તમારી વાત પૂરી કરો. ( સતત અંતરાય) ભ્રષ્ટાચારી સરકારની વાત કરો છો. ગ્યાસુદીનભાઇ, સૂત્રોચ્ચાર બોલવા વાળા પરિણામનો ખ્યાલ રાખે. છેલ્લો દિવસ છે. (અંતરાય) જવાહરભાઇ, કાંઇ બોલવાની જરૂર નથી. તમને બધાને શાંતિથી સાંભળ્યા છે. તમે બોલી લીધું એટલે તમને મન ફાવે તેમ સૂત્રોચ્ચાર બોલાવવાના એ કોઇ રીતે યોગ્ય નથી. નીતિનભાઇ એક શબ્દ કોઇના વિરુદ્ધમાં નથી બોલ્યા. (અંતરાય) જવાહરભાઇ, બેસી જાઓ.

**શ્રી જવાહરભાઇ પે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, મારે બોલવાનું હતું. મારો વારો નથી આવ્યો.

**અધ્યક્ષશ્રી :** તમારું નામ આપવું હતું. તમારું નામ તમારા પક્ષના નેતાને કહો. જેનું નામ આવ્યું એ બધાને બોલવા દીધા છે. તમે બેસો. માનનીય નીતિનભાઇને શાંતિથી સાંભળો. નીતિનભાઇ, કહેવા જેવું હોય એટલું કહો એટલે મતદાન ઉપર મૂકીએ એટલે પૂરું થાય. (સતત અંતરાય) શાસક પક્ષમાં ત્રેવડ હોય તો પાંચ વર્ષ માટે એમને સસ્પેન્ડ કરો.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી સતત ગૃહને ડિસ્ટર્બ કરે છે. આપની સૂચનાનો પણ બિલકુલ અમલ કરતા નથી તો આવતા વિધાનસભા સત્રમાં પણ એમને એક વર્ષ માટે બરખાસ્ત કરવાની, એમને સસ્પેન્ડ કરવાની હું દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી :** એક ઓપર્ચ્યુનિટી આપી દઇએ. આ હાઉસમાં કોઇની ગેરશિસ્ત નહીં ચલાવી લેવાય. ગેરશિસ્ત કોઇ નહિ ચલાવી લેવાય. જેને પરિણામ ભોગવવાની ત્રેવડ હોય એ જ ગેરશિસ્ત કરજો. આવતા સત્ર સુધીની અહીંયા પ્રપોઝલ મૂકાય છે એ વાત છે. મહેરબાની કરીને  આજે એકનો વારો આવ્યો હજુ ભવિષ્યમાં બીજાનો પણ વારો આવશે. હજી વિનંતી કરું છું કે, મહેરબાની કરીને સૌ શિસ્ત જાળવો. આ ગૃહની અંદર ડિસિપ્લીન મેઇનટેઇન થવી જ જોઇએ. આ કોઇની પ્રાઇવેટ પ્રોપર્ટી નથી કે મનફાવે એવું વર્તન તમે કરી શકો. તમને બોલવાની છૂટ છે. તમને કોઇ વ્યવહાર કરવાની છૂટ નથી. પરેશભાઇને મેં પાંચ પાંચવાર કીધું. છતાંય એ બેઠાં બેઠાં સૂત્રો બોલાવે. આ કોઇ રીતે સહન નહિ થાય. એની પ્રપોઝલ છે. આવતા સત્ર સુધી એને સસ્પેન્ડ કરવા માટેની વાત છે અને હાઉસને કરવું હોયને એ તો કરી શકે. હું માનનીય દંડકશ્રીને વિનંતી કરું છું કે આની અંદર પ્રકાશ પાડો આવું ના થાવું જોઇએ. (અંતરાય) ભાઇ, ના પોસાતું હોય તો વોક–આઉટ કરવાની છૂટ છે. (અંતરાય. સતત ઘોંઘાટ) આમ કોઇ હાથ ધરવાની જરૂર નથી. રામસિંહભાઇ કોઇ હાથ કરવાની જરૂર નથી. બરાબર વ્યવસ્થિત રીતે રહો. તમામ લોકો શિસ્તમાં રહે. એમને બધાને શિસ્તમાં રાખ્યા હતા. (અંતરાય) એક મિનિટ, દંડકશ્રીએ શું કહેવાનું છે?  તમે કહો. હું હાઉસની અંદર કોઇપણ જાતની ગેરવર્તણૂક કોઇ રીતે કાંઇ નહિ ચલાવી લઉં. ભાઇ, નીતિનભાઇ તમે શાંતિ રાખો. તમારે ભાઇ, શું કરવાનું છે આમાં?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવાની છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમને ગમે ત્યારે એમ થાય કે આની સાથે સંમત નથી તો વોક–આઉટ કર્યો હતો. અત્યાર સુધી. એ તમે કરી શકો. વોક–આઉટના બદલે તમે અહીંયા ઊભાં ઊભાં એક કલાક સુધી કાગળિયા ખખડાવ્યાં હતા તોય મેં કાંઇ નહોતું કર્યું. જ્યારે તમે વેલમાં આવ્યાં ત્યારે જ શિક્ષા કરી. તમે અહીંયા બેઠાં બેઠાં સૂત્રો બોલાવો અને બધાય લોકો સૂત્રો બોલે, આ ગેરશિસ્ત કોઇ રીતે, કોઇ દિવસ ચલાવી લેવાશે નહિ. આ બાબતની અંદર માનનીય દંડકશ્રીને હું કહું છું કે, આપે જે સ્પષ્ટતા કરવી હોય તે સ્પષ્ટતા કરો.

(અંતરાય) પાંચ વર્ષ કાઢી નાખવા એ તો છે જ. તમે શાંતિ રાખો. એક મિનિટ, ભાઇ, તમારા દંડકને બોલવા દ્યો ને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આજે કોઇ એવું કામ નથી કર્યુ. માત્ર અહીંયા બેઠાં બેઠાં વાત થઇ એટલી જ થઇ. મેં પહેલા પણ કીધું કે, માનનીય મંત્રીશ્રી વધારે બોલ્યાં. અમિતભાઇ સાહેબ બોલ્યા. આપની પાસે અમારો સમય લખેલો છે, તમે જોઇ લ્યો, સાહેબ, અને એમનો સમય. બિલ ઉપર આપણે ખરેખર ભૂતકાળમાં પણ કામકાજ સલાહકાર સમિતિમાં વાત થઇ હતી કે, ગમે તેટલો ટાઇમ વધારવો પડશે, અમે સહકાર આપ્યો હતો કે અમે આ દિવસ દરમ્યાન આ બિલ પૂરું કરી દઇશું. જ્યારે સભ્ય બોલે છે ત્યારે એ આખું પોલિટિકલી બોલે છે અને આપે એવું કીધું કે એ પોલિટિકલી બોલશે તો અમે જ્યારે એની શરૂઆત પણ નહોતી કરી તોય માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારે એવું નથી. હું એમ કહું છું કે, એ વાત થઇ ગઇ. બધાયને બોલવા માટે મેં કીધું છે કે, શૈલેષભાઇ બોલશે, રાઘવજીભાઇ બોલશે તમે કીધું કે એ નહિ બોલે તો કોઇ સવાલ નથી. મેં પૂરેપૂરી તક આપી હતી. હું બીજા લોકોને ઓછું બોલવાનું એટલા માટે કહેતો હતો કે લિસ્ટ પ્રમાણે તમારા લોકો બાકી હતા, પણ તમે કીધું કે એ નથી બોલવાના. હવે સવાલ એ છે કે અહીંયા બેઠાં બેઠાં એમ કહે કે, ''ભ્રષ્ટાચારી સરકાર નહિ ચલેગી, નહિ ચલેગી'' આ સૂત્રો બોલાવવાનું આ હાઉસની અંદર યોગ્ય નથી અને આટલા વખત સુધી મેં સહન કર્યું. આ હાઉસની અંદર ગેરશિસ્ત કોઇ સંજોગોમાં આ પાર્ટી હોય કે આ પાર્ટી હોય મારાં માટે થઇને કોઇ વ્હાલાં-દવલા છે નહિ. જે લોકો ગેરશિસ્ત કરશે એને પરિણામ ભોગવવાની તૈયારી રાખવી પડશે. એટલા જ માટે આપની પાર્ટીના હતા એટલે હું આપને પૂછું છું. આ તરફની પાર્ટીના હશે તો હું આ દંડકને કહીશ કે, ભાઇ, તમારાં સભ્યોને તમે કાબૂમાં રાખો અને શાંતિથી હાઉસ ચાલવા દ્યો. તમારી પાસેથી મારે બીજી કોઇ અપેક્ષા નથી. તમારાં જે કાંઇ પોલિટિકલ લેણ-દેણ હોય, કહેવું ના કહેવાનું હોય એ તમે કરે રાખજો. મેં એમાં ક્યારેય રોક્યાં નથી પણ હાઉસ બરાબર શાંતિથી ચાલે એ જ મહત્વનું છે. આપ આ બાબતમાં કહો. એક મિનિટ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવાનો ભાવાર્થ એ જ હતો કે ૪૫ મિનિટ જે અમિતભાઇ શાહ બોલ્યાં. એ માત્ર પોલિટિકલી બોલ્યાં.

અધ્યક્ષશ્રી : ૩૧ મિનિટ બોલ્યાં. ૩-૫૭ મિનિટે શરૂ કર્યુ અને ૪-૨૮ મિનિટે પૂરું કર્યુ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બિલની કોઇ કલમ ઉપર બોલ્યાં નહિ.

અધ્યક્ષશ્રી : એના જવાબ જ આપ્યાં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ના, સાહેબ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શંકરસિંહભાઇ જે બોલ્યાં આખા હાઇકોર્ટના જજમેન્ટના ક્વોટેશન એમણે ટાંક્યા. મહેતા સાહેબની નિમણૂક કેવી રીતે થઇ, શું થયું, એના જ જવાબ આપ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મને બોલવા દો પછી આપને જેમ યોગ્ય લાગે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી માત્ર વિનંતી એટલી હતી કે, અમારા સભ્યો બોલે. બોલે તો પણ સાહેબ બધા અવાજ કરે, ડિસ્ટર્બ કરે, આટલું સરસ બિલ હોય ત્યારે અમે બોલી ના શકીએ.

અધ્યક્ષશ્રી : એવું નથી થયું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કે જે પ્રમાણે અહીંયા આગળ પાંચ વર્ષ માટેની કાઢી મૂકવાની, જો કાયદામાં એવું હોય તો અમને કાંઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : ના, ના મારે કોઇને, એવું નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તો અમને કોઇ વાંધો નથી. પાંચ વર્ષ માટે આપ અમને કાઢી મૂકો છો તો અમે બધા પાંચ વર્ષ માટે જતા રહીશું.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. અમને, એક મિનિટ અમને અને તમનેનો સવાલ નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જે પ્રમાણે નક્કી કરવું હોય એ આપ નક્કી કરી શકો છો.

અધ્યક્ષશ્રી : એ લોકો વિધાનસભાના નિયમનો ભંગ કરે એને શિક્ષા કરવાની વાત છે. અમને અને તમને નથી કહ્યું. જે માણસને મેં ઉભા થઇ અને ચાર ચાર વાર સૂચના આપી કે, તમે આ બંધ કરો હવે મારી સુચના છતાંય જો એ ચાલુ રાખતા હોય તો તમે જ કહો ને, મારી જગ્યાએ તમે હો તો શું નિર્ણય લો? આમ ને આમ મારે ચલાવવા દેવું ? (અંતરાય) કોઇ નહીં, પ્લીઝ હવે બધા . હવે આપની દરખાસ્ત માટે છે, તમે સૌ શાંતિથી સાંભળો, નીતિનભાઇને પણ વિનંતી કરું કે, આ ચર્ચા ખૂબ થઇ ગઇ છે, ટૂંકમાં આનો જવાબ આપી દો. બિલ થયા પછી હજી મારી પાસે બીજો એજન્ડા છે એ મારે આગળ ચલાવવાનો છે એટલે ટૂંકમાં તમારું પ્રવચન પૂરું કરો. આ દરખાસ્ત આગળ નથી વધારતા. પ્લીઝ બધા શાંતિથી સાંભળો.

**<# Mi** / શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્યની પ્રજાને પારદર્શક વહીવટ આપવા માટે જે નવો કાયદો અમે વિધાનસભામાં રજૂ કર્યો છે. એના ઉપર વિપક્ષના નેતા માનનીય શંકરસિંહજીએ જે વિચારો વ્યકત કર્યા એને અમે નોંધ લીધી છે. માનનીય શ્રી શંકરસિંહજીનો જે મુખ્ય પ્રશ્ન હતો એ પ્રશ્નનો અમારા જ સિનિયર સભ્ય માનનીય શ્રી અમિતભાઇ શાહે ખૂબ વિગતવાર જવાબ આપ્યો છે અને શા માટે ભૂતકાળમાં લોકાયુકતની નિમણૂકમાં ડિલે થયું ? એ આખી જ વિગતવાર માનનીય અમિતભાઇએ માહિતી જયારે આપી છે ત્યારે એના વિશે હું રિપિટેશન નથી કરતો. માનનીય શ્રી બલવંતસિંહજીએ જે વાત કરી કે, મુખ્યમંત્રીની તપાસ માટે સક્ષમ અધિકારી કોણ છે, એ નક્કી થતું નથી અને એમણે એમ પણ કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીને આના દાયરામાં, આ બિલના દાયરામાં લાવ્યા નથી. એ વખતે પણ મેં બેઠા બેઠા માનનીય.

અધ્યક્ષશ્રી : એ તમે શરૂઆતમાં જ કહી દીધું હતું અને અમિતભાઇએ પણ સ્પષ્ટતા કરી હતી. નીતિનભાઇ સ્પષ્ટતા કરવી હોય એટલી જ કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : વિનંતી કરી હતી કે, આમાં મુખ્યમંત્રીશ્રી સહિત તમામ હોદ્દેદારો જેમાં ગામના સરપંચ પણ આવી જાય છે. એ તમામને આ ચૂંટાયેલા પ્રતિનિધિઓને, જુદી જુદી કમિટીઓના ચેરમેનને, મેયર હોય, ડેપ્યુટી મેયર હોય, પ્રમુખ હોય, ઉપ પ્રમુખ હોય, બધાને આમાં આવરી લેવામાં આવ્યા છે. સરકારમાં પણ મુખ્ય સચિવથી માંડી, રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, અધિકારીઓને આવરી લેવામાં આવ્યા છે. માનનીય પરેશભાઇએ વાત કરી કે, સ્કૂલ – કોલેજો જે સરકારી ગ્રાન્ટ મેળવે છે એમને પણ આવરી લેવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર પોતે સ્કૂલો, કોલેજો , હોસ્પિટલો, અન્ય સાર્વજનિક સંસ્થાઓને જે ગ્રાન્ટ આપે છે એ કર્મચારીઓના પગાર ભથ્થા વગેરે માટેની ગ્રાન્ટ આપે છે. અને સેવાભાવી સંસ્થાઓ હોય, એન.જી.ઓ., સારા સારા સમાજ સેવકો, દાતાઓ આવી સંસ્થાઓ જયારે ચલાવતા હોય ત્યારે સરકાર એને ગ્રાન્ટ આપે એ આપણી ફરજ છે. એટલે એમને એ આપણા સરકારી કર્મચારીઓ નથી એટલે આપણે એમને આ પ્રસંગે અત્યારના તબક્કે આવરી લેતા નથી. એમણે એમ પણ કહ્યું કે, એન.જી.ઓ.ને પણ આવરી લેવા જોઇએ. એન.જી.ઓ. પણ રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ તરીકે કામ કરતા હોય છે અને એના ઉપર છેવટનું સુપરવિઝન તો રાજ્ય સરકારના અધિકારીઓનું હોય જ છે એટલે એ નિયંત્રણ જયારે રાજય સરકારનું છે ત્યારે અત્યારના તબક્કે આપણે એમને આવરી લેતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ ચિત્ર ઉભું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો કે, કોઇ ખોટી ફરિયાદ કરે, કોઇ માહિતી લીક કરે તો એના ઉપર કડક કાર્યવાહીની જોગવાઇ છે પણ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર હું મૂકવા માગુ છું કે, ૧૯૮૬માં જે કાયદો હતો, એ કાયદામાં તો વધારે સજાની બે લાખ રૂપિયા સુધીની સજાની એ જમાનાના ૧૯૮૬ના બે લાખ સુધીની સજાની જોગવાઇ હતી. અમારે ત્યાં મુખ્યમંત્રીશ્રીએ અમને સુચન કર્યું કે, આ કાયદાનો નાગરિકો સરળતાથી લાભ લઇ શકે માટે દંડની જોગવાઇઓ કોઇ ભૂલથી કદાચ ખોટી ફરિયાદ કરી દે અને સાબિત ના કરી શકે તો એને આટલી બધી કડક જોગવાઇ ના કરવી જોઇએ. ૧૯૮૬ના બે લાખની જે કિંમતનો દંડ હતો, એ અત્યારે અમે આટલી મોંઘવારી વધી છે છતાં પણ ઘટાડીને ફક્ત ૨૫,૦૦૦/– રૂપિયા કર્યો છે. એટલે લોકોને આવા કાયદા પ્રત્યેની જાગૃતતા વધે, જે સેવાભાવી કે જાગૃત નાગરિક હોય તે આ કાયદાનો જો ઉપયોગ કરવો હોય તો કરી શકે એ માટે દંડ અને સજાની જોગવાઇ અમે ઘટાડી છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકાર વખતે ૧૯૮૬માં જે કાયદો

બન્યો હતો એમાં તો મેં કીધું એમ બે લાખની દંડની જોગવાઇ હતી અને અત્યારે આમાં ખાસ કાંઇ કહેવાનું રહેતું નથી. માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વિગતવાર વાત કરી, હું એમ માનું છું અને મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે જે ગુજરાત વિરોધીઓ છે, જે નર્મદા યોજનાનું કામ અટકે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નર્મદા વિરોધીની વાત છે. કોંગ્રેસ પાર્ટીની નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે ગુજરાત વિરોધી છો? તો ઉભા થાવ. મેં કીધું છે ગુજરાત વિરોધીઓ તમે શાના ઉભા થઇ જાવ છો? જે લોકો ગુજરાત વિરોધીઓ છે, જેમણે નર્મદા યોજનાનો પણ વિરોધ કર્યો, ગુજરાતને છેલ્લા દસ પંદર વર્ષથી બદનામ કરવામાં બાકી નથી રાખ્યું. જે લોકોએ નર્મદા વિરોધીઓ સાથે પત્રકાર પરિષદ યોજી એવા લોકોની લખેલી સ્ક્રીપ્ટ વિપક્ષના નેતાએ વાંચી છે એવું મારું સ્પષ્ટ મંતવ્ય છે માટે એમની વાતને હું વખોડી નાખું છું.

અધ્યક્ષશ્રીઃ નિતિનભાઇ, તમારે જવાબ જ આપવાના છે. નવી કોઇ વાત કરવાની નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ આ કાયદો સર્વાનુમતે પસાર કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

( આ તબકકે શ્રી પુંજાભાઇ વંશ, શ્રી રાઘવજીભાઇ પટેલ અને શ્રી મણીલાલ વાઘેલા સિવાયના કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ વોક–આઉટ કર્યો.)

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૨૪નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ– ૨ થી ૨૫ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૬ ઉપરનો સુધારો**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારા ક્રમાંક–૧ રજૂ કરું છું.

In clause 26, for sub-clause (3), substitute the following, namely:-

"(3) All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as possible after they are made, and shall be subject to rescission by the Legislature or to such modification as the Legislature may make during the session in which they are so laid or the session immediately following. Any rescission or modification so made by the State Legislature shall be published in the Official Gazette, and shall thereupon take effect.".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૨૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૨૬ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**
**કલમ–૨૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૮.**

અધ્યક્ષશ્રી : કલમ–૨૮ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૨૮ ઉપરનો નીચે મુજબનો સુધારો ક્રમાંક–૨ રજૂ કરું છું.

"In clause 28, for sub-clause (3), substitute the following, namely:-

"(3) Any appointment of a Lokayukta under the repealed Act shall be deemed to be an appointment of a Lokayukta appointed under sub-section (1) of section 3 of this Act and shall be for a term of five years from the date on which he enters the office."

**સુધારા ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ સુધારો એટલા માટે કરીએ છીએ કે, અત્યારે જૂના લોકાયુક્તની નિમણૂક થયેલ છે. એમની ઉંમર ૭૨ વર્ષ કરતા વધુ છે. હવે નવા કાયદામાં જોગવાઇ એવી કરી છે કે જે લોકાયુક્ત ભવિષ્યમાં નવા કાયદા પ્રમાણે નિયુક્ત થાય એમની ઉંમર ૭૨ વર્ષથી વધુ હોવી જોઇશે નહીં. અત્યારે જૂના લોકાયુક્તશ્રી છે. એમને આપણે આ કાયદાની અસરથી મુક્ત રાખ્યા છે. એમની નિમણૂક કાયદેસરની રહેવાની છે. એ ૭૨ વર્ષથી વધુના ઉંમરના છે, એટલે એમની વધારાની ઉંમરને પણ આ કાયદા હેઠળ કોઇ અસર થશે નહીં, એટલા માટે આ સુધારો કર્યો છે.

**સુધારા ક્રમાંકઃ૨ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ–૨૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**
**સુધારેલી કલમ–૨૮ વિધેયકનો ભાગ બની.**
**કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક, ૨૦૧૩ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક, ૨૦૧૩ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨ )
અપૂરતા વરસાદને કારણે પાણીની ગંભીર સમસ્યા અંગે

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પૂર્વ ગુજરાતના આદિવાસી વિસ્તારોના લગભગ ૧૭ જિલ્લાઓમાં અપૂરતા વરસાદના કારણે પાક નિષ્ફળ જવાથી ખેડૂતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને દરિયાકાંઠે વસતા લોકો પીવાનું પાણી મેળવવા માટે ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. પીવાના પાણીના સ્ત્રોત જેવા કે ડેમ, તળાવ, કૂવા અને બોરમાં પાણી સુકાઇ જવાથી પીવાનું પાણી પંદર દિવસે પણ મળવું મુશ્કેલ બનેલ છે અને જે પાણી મળે છે તે પણ અપૂરતું અને અનિયમિતપણે મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ગુજરાત રાજયના ૧૭ જિલ્લાઓને અછતગ્રસ્ત કે

અર્ધઅછતગ્રસ્ત જાહેર કરી રૂ.૮૬૪.૭૧ કરોડનું પેકેજ મંજૂર કરેલ હોવા છતાં રાજ્ય સરકારે રાજયના માત્ર ૧૦ જિલ્લાઓના ૯૩૯ ગામોને અછતગ્રસ્ત અને ૨૯૭૯ ગામોને અર્ધઅછતગ્રસ્ત જાહેર કરેલ છે. વળી, આ જાહેરાત પણ સમયસર નહીં કરાતાં પાણીની પરિસ્થિતિ વધુ વિકટ બની છે ત્યારે બાકી રહેતા ૭ જિલ્લાઓ (આણંદ, ભરૂચ, ગાંધીનગર, ખેડા, મહેસાણા, સુરેન્દ્રનગર અને વડોદરા) અને અછતગ્રસ્ત/અર્ધઅછતગ્રસ્ત જાહેર કરેલ ૧૦ જિલ્લાઓમાં બાકી રહી ગયેલા તાલુકાઓને સત્વરે અછતગ્રસ્ત/અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવા જરૂરી છે.

પીવાના પાણીની મુશ્કેલી વેઠતા સૌરાષ્ટ્રના મહાનગરો, કચ્છનો તમામ વિસ્તાર તેમજ ઉત્તર ગુજરાતના મોટા ભાગના તાલુકા અને ગામડાંઓમાં બેડાયુદ્ધના બનાવો રોજિંદા બનેલ છે. માલધારીઓ પશુધન સાથે હિજરત કરી રહ્યા છે. રાજયમાં પ્રજાજનો પીવાના પાણીના પ્રશ્ને ઉગ્ર આંદોલન કરી રહ્યા છે, જેમાં સીધા સંઘર્ષના બનાવો પણ બને છે. આથી યુદ્ધના ધોરણે પીવાના પાણીના ટેન્કરો કે અન્ય વ્યવસ્થા કરવી અતિ જરૂરી છે.

નર્મદાના પાણીના વિતરણની કેનાલો ન બનવાના કારણે અને મહી પરીએજની પાઇપ લાઇનનું કામ ઘણા બધા વિસ્તારોમાં થયું ન હોવાના કારણે આગામી ઉનાળાના દિવસોમાં પીવાના પાણી અને ઘાસચારાનો પ્રશ્ન અતિ ગંભીર અને વિકરાળ બને તેમ છે. ત્યારે આ સમસ્યાનો તાકીદે નીવેડો લાવવો, લોકોને પીવાનું પાણી સમયસર મળે તે માટે જરૂરી આયોજન કરવું, ખેડૂતોને સત્વરે પાક વીમો ચૂકવવો અને શ્રમજીવીઓને રોજગારી મળે તે માટે રાહત કામો તાત્કાલિક ધોરણે શરૂ કરવા વગેરે કામગીરી કરવી જરૂરી છે. વધુમાં જે ખેડૂતોના કૂવામાં પાણી હોય તેમને ત્વરીત કૃષિ વિષયક વીજ જોડાણ આપી પશુઓ માટે ઘાસચારાનું વાવેતર થાય તેવી વ્યવસ્થા કરવા અને માલધારીઓની હિજરત અટકાવવા તેમજ બાકી રહેતા ૭ જિલ્લા અને જાહેર કરેલ ૧૦ જિલ્લાઓમાંથી બાકી રહી ગયેલા તાલુકાઓ અને ગામોનો અછતગ્રસ્ત કે અર્ધઅછતગ્રસ્ત વિસ્તારમાં સમાવેશ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા લીધેલાં કે લેવા ધારેલાં પગલાં અંગે આ સભાગૃહ વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ પ્રસ્તાવની શરૂઆત સુપ્રસિદ્ધ કવિ કરશનદાસ માણેકની પંક્તિથી કરવા માગું છું. કામધેનુને ના મળે એક સૂકું તણખલું ને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારની પ્રજા ચાહે તે ગ્રામ્ય વિસ્તારની હોય કે શહેરી વિસ્તારની હોય તે અત્યારે પાણીના એક એક બુંદ માટે તરસી રહી છે. બહેનો, બાળકો, ભાઇઓ પોતાના કામધંધા છોડીને પાણી માટે બેડા સાથે ઠેર ઠેર રખડી, ભટકી રહ્યા છે. રાજયનું કિમતી પશુધન પાણી અને ઘાસચારાના અભાવે મોતના મુખમાં ધકેલાઇ રહ્યું છે. ત્યારે આ ગંભીર પરિસ્થિતિમાં રાજયની આ સરકાર સંવેદનશીલ બનીને અસરકારક પગલાં લે તેવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વી પરના સજીવો માટે પાણીનું કેવું અને કેટલું મહત્વ છે તે આપણે સૌ જાણીએ છીએ. જળ એ જીવન છે અને જળ એ શક્તિ છે. આ જળનું મહત્વ સમજી રાજયના વર્તમાન મુખ્યમંત્રીએ રાજયના સર્વાંગી વિકાસ માટે પંચામૃત ફિલોસોફી લાવ્યા હતા. આ પંચામૃત ફિલોસોફી પૈકી જળ શક્તિની જાહેરાતથી પ્રજાને કઇ રીતે પ્રભાવિત કરી શકાય તે માટે અવનવી જાહેરાતો ભારેખમ શબ્દો અને વિશેષણો વાપરી પ્રજાને ગુમરાહ કરવાના અવનવા નુસખા અપનાવેલા. જેમ કે જળશક્તિના ચમત્કારે કરાવ્યો સમૃદ્ધિનો ચમત્કાર. ટેન્કર રાજયની વિદાય. સૌરાષ્ટ્રમાં જળ સંચયના પગલે બદલાતી ભૂગોળના કારણે સ્થળાંતરનો ઇતિહાસ વગેરે ભૂતકાળ બની ગયો છે. સરકારી આ ભ્રમિત જાહેરાતોએ આ વર્ષે જળશક્તિની સરકારી વાસ્તવિકતાનો પરિચય કરાવી દીધો છે. સરકારના જળ વ્યવસ્થાપન અને વોટર મેનેજમેન્ટની પોલ ખુલ્લી પડી છે. ચાલુ વર્ષે વરસાદ ખેંચાતાં અને ઓછો વરસાદ વરસતાં ગ્રામ્ય અને શહેરી પ્રજામાં ઠેર ઠેર પાણી માટેનો પોકાર ઉઠયો છે. બેડા યુદ્ધ શરૂ થયા છે. પશુધન પાણી અને ઘાસચારાના અભાવે તરસે છે. પરંતુ રાજયની સામાન્ય અને વિવશ પ્રજા અને મૂંગા પ્રાણીઓની લાગણીને કોઇ વાચા આપનાર નથી. તે સરકારના બહેરા કાને અથડાય છે અને પાછી પડે છે. જયારે પ્રજાનું કોઇ રણીધણી નથી

તેવી લોકોને પ્રતીતિ થઇ રહી છે અને તેથી જ પ્રજાની પાણી સંબંધી યાતનાઓ અને લાગણીઓને સન્માનનીય સભાગૃહ થકી રાજયના સત્તાધીશોને પહોંચાડવા માટે આ પ્રસ્તાવ લઇને આવ્યો છું. સરકારે આત્મશ્લાઘા તથા નંબર વનના ખ્યાલમાંથી બહાર નીકળી સામાન્ય પ્રજાની લાગણીઓ સમજી પ્રજાના હિતમાં પગલાં લીધા હોત તો આજે આ પરિસ્થિતિનું નિર્માણ ન થયું હોત. અલંકારિક ભાષા વાપરવાથી કે ભારેખમ શબ્દોથી આમ જનતાનું પેટ ભરાતું નથી તેમજ તરસ છીપાતી નથી. પાણીના વ્યવસ્થાપન અંગે સરકારે કરેલાં આયોજનો રાજયની પ્રજાને પ્રવચનો તથા લેખો-લખાણો થકી ભારેખમ શબ્દોથી, વિશેષણોથી અને આલંકૃત ભાષાથી આમ પ્રજાને ભ્રમિત કરવા કરેલા લખાણોની થોડીક વિગતો આપવા માગું છું.

એક લેખમાં લખાયું છે કે, એક સમયે પીવાના પાણીના પ્રશ્નથી ત્રસ્ત ગુજરાતમાં હવે ઉપલબ્ધ પાણીથી યોગ્ય વ્યવસ્થાપન તેમાં લોકભાગીદારી અને જળસંચય માટે વ્યાપક જનજાગૃતિના પ્રયાસોના કારણે રાજયમાં જળ ક્રાંતિના મંડાણ થયા છે. રાજયમાં દરેકને પૂરતું શુધ્ધ અને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા રાજય સરકારના દીર્ઘદ્રષ્ટિભર્યા આયોજન અને તેના અસરકારક અમલીકરણના પરિણામે પંચશક્તિ પૈકી એક જળશક્તિનું નિર્માણ થયું છે. તેમાં આગળ જણાવ્યું છે કે, ગુજરાત સરકારે દેશભરમાં પ્રથમવાર રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ અમલી બનાવી દક્ષિણ ગુજરાતના પાણીની છતવાળા વિસ્તારમાંથી પાઇપલાઇન મારફતે ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારમાં પાણી પહોંચાડવાનું સફળ આયોજન હાથ ધરતાં હવે આ પ્રદેશોમાં મોટાભાગના ગામોમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ કરી શકયા છીએ. મને લાગે છે કે આ પ્રથમવાર શબ્દના મોહમાંથી સરકારે બહાર નીકળી રાજયની સામાન્ય જનતા પ્રત્યે સંવેદના બતાવી હોત તો આમ જનતાને આ વિકટ દિવસો જોવાનો વારો આવ્યો ન હોત.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા એક લેખમાં ગુણગાન ગવાયાં છે. પાણીનો સક્ષમ વહીવટ કેવી રીતે કરી શકાય તે ગુજરાતે ચાલુ દાયકામાં દેશને બતાવી આપ્યું છે. આઝાદીના ૯૦ના દાયકા સુધી ગુજરાતમાં દર વર્ષે દુષ્કાળ પડતો હતો તથા પૂર આવતાં હતાં પણ ગુજરાતે પોતાની વહીવટી કુશળતા અને સંવેદનશીલતા દ્વારા જળક્રાંતિ ઉપાડી તથા આજે ગુજરાતમાં ત્રણ લાખ વોટર બોડી પાણીના સંગ્રહસ્ત્રોત ઉભા કરી શકયા છીએ. જેમાં દોઢ લાખ ચેકડેમ, સવા લાખ ખેત તલાવડી, પચીસ હજાર બોરીબંધ દ્વારા રાજયના દરેક ગામ પાસે વરસાદના પાણીના સંગ્રહ માટે નદી, નાળાં, વહેણ પર આવા સ્ત્રોતો ઉભા કરાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ લેખમાં આગળ એમ જણાવ્યું છે કે, અછતગ્રસ્ત વિસ્તારો જેવા કે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, હવે અર્ધી મિનિટ સમય બાકી રહ્યો છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો છે, એટલે હું એમ કહીશ કે, ગુજરાત સરકારે ચાલુ વિધાનસભામાં માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ જયારે જ્જની નોટિસ દ્વારા પૂરતા પાણીની અછતગ્રસ્ત અને અર્ધઅછતગ્રસ્ત જિલ્લાઓ જાહેર કર્યા છે. ત્યારે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને બનાસકાંઠાના બાકી રહી ગયેલા તાલુકાઓની વર્ષોથી માગણી છે કે જયાં નર્મદાનું પાણી ગ્રેવીટીથી મળતું નથી. વડગામ તાલુકાના પાલનપુર તાલુકાના જે મોટા ડેમો છે, એમાં પાણી નાખીને લોકોને પીવાના પાણીની સુવિધાઓ આપવાની વાત છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે પરંતુ માત્ર આ વિસ્તારમાં પાણીની ખૂબ જ તકલીફો છે. આ વિસ્તારમાંથી હું પ્રતિનિધિત્વ કરું છું બનાસકાંઠા જિલ્લામાં, ત્યારે બનાસકાંઠા જિલ્લામાં માત્ર વાવ અને થરાદ તાલુકાના નવ ગામનો જ સમાવેશ કર્યો છે એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ વિસ્તારની કલેકટરશ્રી મારફતે એની આનાવારી કરાવડાવો. આ વર્ષનો વરસાદ એ પ્રકારનો વરસાદ હતો કે એક ગામમાં જયારે એક ઇંચ વરસાદ હોય ત્યારે બાજૂના ગામમાં વરસાદનું બિલકુલ ટીંપુય ના હોય, ત્યારે આનાવારીની દ્રષ્ટિએ સમગ્ર તાલુકાના પાંચ કે ચાર પેકેજ જાહેર કરી અને જે આનાવારી જાહેર કરીને એના કારણે અછત અથવા અર્ધ અછત જાહેર કરેલ છે, એમાં સુધારો સૂચવવા માગું છું. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના કર્માવત તળાવમાં પાણી નાખવાથી મોટા ભાગના (સમયસૂચક ઘંટડી) ગામોનો પાણીનો પ્રશ્ન હલ થાય એમ છે.

શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇશ્રી મણીલાલ ભાઇ જે પ્રસ્તાવ લાવ્યા છે એના ઉપર હું મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨નું ચોમાસુ નિષ્ફળ ગયું અને એ ચોમાસુ નિષ્ફળ જવાથી આઝાદીના ઇતિહાસમાં પહેલી વખત ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી જેવું ચોમાસુ નિષ્ફળ ગયું તેવા જ તેઓશ્રી કચ્છમાં પધાર્યા અને કચ્છની અંદર અછતની પરિસ્થિતિનું સમગ્ર મૂલ્યાંકન કર્યું, અને મૂલ્યાંકન કરીને કચ્છના તમામ પશુપાલકો, પાંજળાપોળો અને ગૌશાળાઓને બચાવવા માટે ઘાસના વિતરણની વ્યવસ્થા કરી અને કયારેય નહીં બન્યું હોય એવું પશુધનને બચાવવા માટે ગૌશાળાને ૨૫ રૂપિયાની સબસીડી આપવાની જાહેરાત કરી, જાહેરાત કર્યા પછી ઘાસના ડેપા પણ ખોલ્યા અને પશુધનને સબસીડી ચૂકવવાની પણ શરૂઆત થઇ. પરંતુ યોગાનું યોગ વરસાદ થયો અને પછી આ બધી યોજનાઓ બંધ થઇ અને તે પછી વળી પાછું પરિસ્થિતિ એવી થઇ કે "દયાહીન થયો નૃપ અને રસહીન થઇ ધરા" આ પરિસ્થિતિમાં રાજયની સરકારે તાત્કાલિક પાણી પુરવઠાના બંને મંત્રીઓને કચ્છમાં મોકલ્યા અને પાણી પુરવઠાની તમામ સમિક્ષાઓ કરી અને પાણી પુરવઠા દ્વારા લોકોને તો પાણી મળે પણ પશુઓને પણ પાણી મળે એના માટે અવાડાઓમાં ટેન્કરો નાંખી અને પાણીની વ્યવસ્થા કરવા માટેનું એક સુંદર મજાનું આયોજન રાજયની સરકારે કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ એ તમામ દ્દષ્ટીએ જોવા જઇએ તો આજે ૫૦ વરસની અંદર જેટલી કુદરતી આફતો કચ્છે સહન કરી છે એ પછી ભૂકંપ હોય, અછત હોય, વાવાઝોડું હોય કે પછી રોગચાળો હોય આ બધા જ સંકટોમાંથી છેલ્લા દાયકામાં કચ્છ પસાર થયું છે. અને પસાર થતા થતા છેલ્લા આ વર્ષે જ્યારે વરસાદ ખેંચાયો ત્યારે રાજયની સરકારે લગભગ સો જેટલા ગામોમાં અછત અને અર્ધઅછત જાહેર કરી અને એમણે કાર્યવાહી શરૂ કરી. મારી વિનંતી છે રાજય સરકારને અને રાજય સરકારના મંત્રીશ્રીને અમે કાલે કચ્છના તમામ પાંજરાપોળ એસોશિએશનના પદાધિકારીઓને લઇ અને માનનીય મહેસુલ મંત્રીશ્રીને મળવા ગયા હતા અને ત્યારે મહેસુલ મંત્રીશ્રીએ કહ્યું કે, આજે અછત અને અર્ધઅછત જાહેર થઇ છે એ ચોમાસાની આનાવારીને અનુલક્ષીને જાહેર કરવામાં આવી છે પણ હવે જ્યારે શિયાળાની આનાવારી શરૂ થશે અઠવાડિયાની અંદર ત્યારે કચ્છના એક પણ પશુધનને આ રાજય સરકાર મરવા નહીં દે અને આવી જ્યારે સરકારે ખાતરી આપી હોય અને રાજય સરકાર જ્યારે પશુધનને અને કચ્છના પાકને-મોલને બચાવવા માટેના જ્યારે પ્રયાસ કરતી હોય ત્યારે મારે એમ કહેવું છે કે મણીલાલભાઇ વાઘેલા ક્યારેય કચ્છ નથી આવ્યા. આજથી દસ-બાર વર્ષ પહેલા જો કચ્છ આવ્યા હોત તો એમને કચ્છની પરિસ્થિતિનો ખ્યાલ હોત. પૂર્વની સરકારો વખતે કચ્છમાં જ્યારે દુષ્કાળો પડતા બે-બે, ત્રણ-ત્રણ, ચાર-ચાર દુષ્કાળો પડતા ત્યારે પશુની મરવાની વાત બાજુએ રહી માણસો ભૂખમરાના કારણે મરણને શરણ થયા હતા અને એનો અમે રાજયના મુખ્યમંત્રીશ્રી પાસે પ્રસ્તાવ મૂક્યો હતો અને વિપક્ષના નેતાની આગેવાની હેઠળ એક પંચ રચાયું હતું અને એ પંચે એ વાત પ્રુવ કરી દીધી હતી કે ભૂખમરાના કારણે કચ્છમાં માનવીના પણ મૃત્યુ થયા છે. (અંતરાય) ભૂરો ભૂત થયો હતો. જેમ આજે મહેતા ભૂત થયા એમ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, પરિસ્થિતિ વિકટ છે એમાં કોઇ શંકાને સ્થાન નથી અને એ પરિસ્થિતિ વિકટ છે એમાં સરકારની પણ કોઇ ભૂમિકા નથી, એમાં કુદરતની ભૂમિકા છે ત્યારે તાત્કાલીક અસરથી જે રીતે રાજયના મહેસૂલ મંત્રીશ્રીએ અમને આશ્વાસન આપ્યું છે અને બે મહિના પહેલા જે રીતે સરકારે કામગીરી કરી છે અને જે રીતે કચ્છમાં તાત્કાલીક નવી આનાવારી માટેની પ્રપોઝલની શરૂઆત થઇ ગઇ છે ત્યારે ભાઇશ્રી મણીલાલભાઇ વાઘેલાનો જે પ્રસ્તાવ છે એ પ્રસ્તાવ મને લાગે છે કે •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

શ્રી તારાચંદ જ. છેડા : (xxxxxx) છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી તારાચંદ જ. છેડા : અસ્થાને છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મણીલાલભાઇને હું આપના મારફત વિનંતી કરું છું કે, રાજયની સરકાર માનવને બચાવવા માટે, પશુધનને બચાવવા માટે જ્યારે કટિબદ્ધ છે અને અમને પણ રાજયના મહેસૂલ મંત્રીશ્રીએ જ્યારે ખાતરી આપી છે ત્યારે સંકટ છે એમાં કોઇ શંકાને સ્થાન નથી પણ આ સંકટનો સામનો કરવા માટે સરકાર જે રીતે પ્રગતિ કરી રહી છે અને જે રીતે સરકાર આગળ વધી રહી છે ત્યારે મણીલાલભાઇના પ્રસ્તાવને હું ટેકો આપતો નથી.

**શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(જામજોધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મણીભાઇ વાઘેલા જે છેલ્લાં દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા કેટલાક સૂચનો અને વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને કચ્છની અંદર ચાલુ વરસે અપૂરતો અને અનિયમીત વરસાદ થવાના કારણે સૌરાષ્ટ્રની અંદર પીવાના પાણી માટેના જે જે સોર્સ હતા, એ સોર્સની અંદર વરસાદી પાણી ન આવવાના કારણે એ ચેકડેમ હોય, તળાવ હોય કે આવા કૂવાઓ હોય, એ કૂવાઓની અંદર પાણી ન આવવાના કારણે એ પાણીના સોર્સ ખાલી થવાના કારણે આજે કચ્છ અને સૌરાષ્ટ્રની અંદર પીવાના પાણીની મુશ્કેલી ઉભી થઇ છે. એ જે મુશ્કેલી ઉભી થઇ છે, સરકાર એનાથી ખૂબ સારી રીતે માહિતગાર છે, જેના પરિણામે કચ્છ અને સૌરાષ્ટ્રની અંદર પીવાના પાણીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે ૧૮૫.૮૬ કરોડ રૂપિયાનો કન્ટીજન્સી પ્લાન અને નિયમીત બજેટની અંદર ૨૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને જ્યાં જ્યાં પીવાના પાણીની મુશ્કેલી હોય ત્યાં તાકીદે એ મુશ્કેલી દૂર કરી શકાય નિવારી શકાય, એના માટે નાણાકીય જોગવાઇ કરી છે. એટલું જ નહિ રાજ્ય સરકાર તરફથી જિલ્લા કક્ષાએ માનનીય કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને અને એમના વડપણ હેઠળ એક સમિતિ રચવામાં આવી છે અને એ સમિતિ દ્વારા ત્વરિત પગલાં લેવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે. દર ગુરૂવારે મામલતદારના અધ્યક્ષપણા હેઠળ પાણી સમિતિની મિટિંગ મળે છે, તાલુકા કક્ષાએથી જુદા જુદા ગામોમાંથી સરપંચો દ્વારા અથવા તો કોઇ વ્યક્તિ દ્વારા પીવાના પાણીની રજૂઆત આવે તો તાલુકા કક્ષાની સમિતિની અંદર એની મુક્તપણે વિચારણા કરવામાં આવે છે અને એ વિચારણા કરીને એની વિગત માનનીય કલેકટરશ્રીને દર સોમવાર પહેલાં પહોંચાડવામાં આવે છે. દર સોમવારે મામલતદારે કરેલા નિર્ણયો અથવા તો ભલામણોના આધાર ઉપર સંપૂર્ણપણે વિચાર અને જ્યાં જ્યાં જરૂરિયાત હોય ત્યાં એ કામો તાકીદે મંજૂર કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના એક એક ગામડાને ત્વરિત પાણી મળી શકે એવા નિર્ણયો કરીને મોટી સંખ્યામાં કામો મંજૂર કરવામાં આવે છે.

રાજ્યની અંદર જ્યાં પીવાના પાણીની મુશ્કેલી ઉભી થઇ છે, એવા વિસ્તારની અંદર ટૂંકાગાળાના કામો જેવા કે હેન્ડપંપ હોય, નવો બોર હોય, નવો કૂવો બનાવવાનો હોય, તો આવા કામો માનનીય કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળની કમિટી દ્વારા કામો મંજૂર કરીને તાકીદે એ પાણી પહોંચાડવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે. હાલમાં સૌરાષ્ટ્ર અને કચ્છની અંદર ૪૬૬ ગામો એવા છે કે ત્યાં બોરની અંદર પાણી ઉપલબ્ધ થતું ન હોય, કૂવાની અંદર પાણી ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોય એવા ગામોની અંદર ૪૫૯ જેટલા ટેન્કરો શરૂ કરીને ૧૮૯૧ ફેરા દૈનિક પાણી આપીને પીવાનું શુદ્ધ પાણી દરેકને નિયમીત મળી શકે એના માટેના કામો મંજૂર કરવામાં આવ્યા છે અને એ રીતે પાણી પહોંચાડવામાં આવે છે. સરકારશ્રીએ યુદ્ધના ધોરણે પંપીંગ મશીનરી હોય કે નર્મદા બલ્ક પાઇપલાઇનની કામગીરી હોય એ કરીને કચ્છ વિસ્તારમાં દરરોજનું લગભગ ૧૬ કરોડ લિટર પાણી જે આપવામાં આવતું હતું એની તાકીદે કામગીરી પાઇપલાઇનની અને મશીનરીની પૂરી કરીને આજે ૨૨૦૦૦ કરોડ લિટર પાણી કચ્છને આપવામાં આવે છે.

એ જ રીતે કચ્છની અંદર ૫૬૩ ગામ અને ૬ શહેરોને નર્મદાનું પાણી આપવામાં આવે છે. ૩૧૭ ગામો એવા છે કે જ્યાં સ્થાનિક સોર્સથી આજે પાણી ઉપલબ્ધ કરવામાં આવે છે. આવનારા દિવસોની અંદર એ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલમાંથી શાદૂલકાથી મોરબી સુધીની પાઇપલાઇનનું કામ યુદ્ધના ધોરણે પૂરું કરીને આ કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તે કામગીરી શરૂ કરવામાં આવી છે

જેના કારણે રાજકોટ, જામનગર અને પોરબંદરની અંદર હાલ દૈનિક ૭૬ કરોડ લીટર પાણી આપવામાં આવે છે. અગાઉ ૩૨ કરોડ લીટર પાણી આપવામાં આવતુ હતું અને અત્યારે ૪૮ કરોડ લીટર પાણી આપવામાં આવે છે. સૌરાષ્ટ્રના શહેરોની વાત કરીએ તો રાજકોટની અંદર રોજનું ૧૫ કરોડ લીટર પાણી આપવામાં આવે છે. જામનગરની અંદર ૬.૨ કરોડ લીટર પાણી આપવામાં આવે, ભાવનગરની અંદર ૪ કરોડ લીટર પાણી આપવામાં આવે, જૂનાગઢની અંદર ૦.૭ કરોડ લીટર આપવામાં આવે, અમરેલીની અંદર ૧.૧ કરોડ લીટર પાણી આપવામાં આવે, પોરબંદરની અંદર ૧ કરોડ લીટર પાણી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મણીભાઇને પણ કહેવું છે કે ચાલુ વર્ષે દુષ્કાળના કારણે પાક વીમાની રકમ માટેનો.

અધ્યક્ષશ્રી : બસ, બસ આવી ગયું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સાથી સભ્ય ભાઇશ્રી મણીલાલભાઇ વાઘેલા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનાની મારા સાથી મણીલાલભાઇએ વાત કરી છે. મારે આપનું ધ્યાન દોરવું છે કે, સંવેદના કોને કહેવાય? પ્રસ્તાવ વિપક્ષી સભ્યનો છે. અછત, અર્ધ અછતનો છે અને અહીંયા એમની સભ્ય સંખ્યા સિનિયરો પણ નથી બેઠા, જુનિયરો પણ નથી બેઠા. * (xxxxxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનાની વાતો કરવી, પ્રજાની ચિંતા ના કરવી નહીંતર અહીંયા તેમની પૂરી સંખ્યા હાજર હોત.

અધ્યક્ષશ્રી : ભાઇ, આક્ષેપના બદલે આમાં કંઇ સૂચન આપોને ? આપણે દોઢ મહિનામાં આ જ ધંધો કર્યો છે, હવે આજે તો કાંઇક સુધરો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનાની વાત એમણે કરી છે એટલે માટે કહું છું. જે પ્રકારની વ્યવસ્થા હજુ તો દુષ્કાળ ડોકીયા દેતો હતો ત્યાં અહીંયાથી મારા સાથી તારાચંદ ભાઇએ કહ્યું એ પ્રમાણે મુખ્યમંત્રીશ્રીએ જે જે જિલ્લાઓમાં અછતના જે ડોળા ડોકાતા હતા, દુકાળ ડોકાતો હતો એવા વખતે દરેક જિલ્લામાં ગયા. સમિક્ષાઓ કરી અને અમારા પાણી પુરવઠા મંત્રીઓ ત્યાં આવ્યા અને આગોતરુ પ્લાનીંગ કર્યુ. આને સંવેદનશીલ સરકાર કહેવાય, આને સંવેદનશીલ મુખ્યમંત્રી કહેવાય. આને પ્રતિબદ્ધતા કહેવાય. માત્ર વાતો કરીને છૂટી જવું એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં, નરેન્દ્રભાઇના નેતૃત્વમાં એ નથી બનતું. અહીંયાથી વાતો કરે છે ત્યારે આનંદીબેને કલમ-૪૪માં જયારે વાત કરી જે અછતગ્રસ્ત તાલુકાઓ જાહેર કર્યા તેમાં ગામો જાહેર કર્યા ત્યારે એક પણ વિપક્ષી સભ્યો અહીંયા બેસવા માટે પણ તૈયાર નહોતા. તેઓ કયા મોઢે વાત કરી રહ્યાં છે. આ પ્રકારનું આગોતરુ આયોજન અને અહીંયાથી માલઢોરની ચિંતા કરી. અહીંયાથી અમારા સાથી સભ્યોએ કહ્યું છે કે મૂંગા પશુઓની ચિંતા તો આ સરકારે તેમના મોતિયા ઉતરાવી અને આરોગ્યના મેળાઓ એ માલઢોરના મૂંગા પશુના કર્યા છે એટલે સંવેદનાઓ તેના ઘાસચારાની ચિંતા ખૂબ આગોતરા પ્લાન સાથે કરી છે તે માટે હું આ રાજય સરકારને અભિનંદન આપું છું. જે પ્રકારનું પ્લાનીંગ કર્યુ છે આજે સ્થિતિ એવા પ્રકારની છે, ચિંતા ઉપજાવે એવી છે. પણ તેમાં કુદરત રૂઠે છે ત્યારે ભૂતકાળમાં તો આ ચિંતાઓમાં મને ઘણી વખત એવું લાગે છે કે આ લોકોને અછતની વાત કરવામાં મજા એટલે આવે છે કે ભૂતકાળમાં એમની સરકારો હતી ત્યારે રફાળેશ્વરનું એક મોટું કૌભાંડ, ચોકડીઓ ખોદવાનું કૌભાંડ ..

અધ્યક્ષશ્રી : આ લોકો કે પેલા લોકો કંઇ નહીં, ટીકા કરવાના બદલે આ દુષ્કાળની પરિસ્થિતિની વાત કરોને.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આવી સ્થિતિમાં * (xxxxxx)

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : જીતેન્દ્રભાઇ આ તમારા શબ્દો રફાળેશ્વરવાળા રેકર્ડ ઉપરથી દૂર કરું છું. અત્યારનો જે પ્રસ્તાવ છે તેના ઉપર તમે બોલો. મહેરબાની કરીને આમાં પોલીટીકલ સ્પીચ રહેવા દો. દુષ્કાળની પરિસ્થિતિમાં તમારા સૂચન હોય એ સૂચન તમે કરો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : દુષ્કાળ માટેનું જે પ્લાનીંગ કર્યું છે તેના તરફ ધ્યાન દોરવા માગું છું. ૨૦૧૨-૧૩મા ઉનાળામાં વિક્રમજનક પાક અને ઘાસચારાનું ઉત્પાદન એ પ્લાનીંગથી થયું છે. રાજય સરકારના રેકર્ડ ઉપરની વાત કરું છું. એ મુજબનું વાવેતર કર્યું. અંદાજે ૭ ટકા ઓછું થયું છે પણ જો એ પ્લાનીંગ ન કર્યું હોત તો આજે સ્થિતિ જુદી હોત. ચોમાસા ૨૦૧૨માં ૮૭.૯૭ લાખ હેકટર વાવેતર થવાને પાત્ર હતું. તેમાં ૮૧.૭૨ એટલે ૯૩ ટકા વાવેતર થયું. રવિ પાકમાં પણ આપનું ધ્યાન દોરવા માગું છું કે ૩૪.૨૧ લાખ હેકટર વાવેતર થવાને પાત્ર હતું. તેના બદલે ૨૯.૮૪ લાખ હેકટર વાવેતર થયું છે. ઉનાળાનું સંભવિત વાવેતર ૧૨.૫૧ લાખ હેકટર થવાનું છે ત્યારે અનેક બાબતો રાજય સરકારે આ પ્રજાની ચિંતા કરીને કરી છે ત્યારે હું એક વાત કરવા માગું છું કે ભૂતકાળમાં જયારે જયારે દુષ્કાળ હતો ત્યારે એ દુકાળને અમારા કાઠિયાવાડમાં કહેવાય કે જેની સત્તા પ્રતિપક્ષની હતી. તેણે દુકાનો બનાવી દીધી હતી અને દુકાનો કમાવા માટેની હોય છે. અછતમાં કમાવા માટેની બાબતો એ અમારા ભાવનગર જિલ્લામાં પણ કર્યું છે. સૌરાષ્ટ્રમાં પણ કર્યું છે. ગુજરાતમાં પણ કર્યું છે. એવા વખતે ઘાસચારા માટેનું પ્લાનીંગ, એના માટેનું બિયારણ વિના મૂલ્યે ૫,૬૨,૦૦૦ એકર જેટલા વિસ્તારમાં આપ્યું છે. એટલા માટે ઘાસચારાનું પ્લાનીંગ, પાણીનું પ્લાનીંગ આ બધું શકય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમાની વાત કરી છે. આ પાક વીમો કેન્દ્ર એનું પ્રિમિયમ ભરે છે. વધારાનો ખર્ચ આવે તે ભારત સરકાર અને ગુજરાત સરકાર ૫૦-૫૦ ટકા ભોગવે છે. ખરીફ પાક-૨૦૧૨ના દાવાઓ બાબતે હજી સુધી ભારત સરકારની વીમા એજન્સી પાસેથી જિલ્લાવાર પાકવાર ખેડૂત દીઠ વીમાની ચૂકવણી કેટલી કરવાની છે તેનો સ્પષ્ટ કલેઇમ પણ કરવામાં આવ્યો નથી. તમે કયા મોંઢે આ ખેડૂતોની વાત કરો છો. આ પ્રસ્તાવ અપ્રસ્તુત છે એટલે તેનો હું વિરોધ કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મણિલાલભાઇ વાઘેલા છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ લાંબી ટીકા-ટીપ્પણમાં નહીં પડું પણ મારા મિત્રો તારાચંદભાઇ, ચીમનભાઇ, જીતુભાઇ વાઘાણીએ પોલિટીકલ ઓબ્ઝર્વેશન કર્યું . તારાચંદભાઇ છેડાએ જે વાત કરી ''રસહીન થઇ ધરા, દયાહીન થયો નૃપ'' માનનીય અધ્યક્ષશ્રી, હાલની જે વાસ્તવિકતા * (xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું કાઢી નાખું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એમણે ઉલ્લેખ કર્યો છે એટલે હું કહું છું.

અધ્યક્ષશ્રી :એમણે કોઇને નથી કહ્યું કે (xxxxxx) આ તો ખાલી કહેવત જ કહી છે નહીં તો મેં પણ એમને રોકયા હોત. એ આપના શબ્દો હું કાઢી નાખું છું. (xxxxxx) ભાઇ, આ દુષ્કાળની પરિસ્થિતિ છે, તમારા સૂચન આપો. આમાં ટીકા કરવાથી કોઇને પાણી નથી મળવાનું અને કોઇ પશુને ઘાસ નથી મળવાનું. તમે તમારા સૂચન આપો ને શું કરવું જોઇએ, શું માગણી છે તમારી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં રાજય સરકારે અછત અને અર્ધ અછત તરીકે જાહેર કર્યા. મારે મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવું છે કે આપણે તાજેતરમાં થોડા દિવસ પહેલાં કલમ-૪૪ નીચે અછત અને અર્ધ અછત ગામોને જાહેર કર્યા. અછત રાહત મેન્યુઅલની જોગવાઇ પ્રમાણે આનાવારી નક્કી થાય અને જે ગામની આનાવારી ચાર આનીથી ઉપર અને છ આનીથી નીચે થાય એ આ જોગવાઇ મુજબ ફરજીયાતપણે અર્ધ અછત તેને જાહેર કરવું પડે. જે ગામની આનાવારી ચાર

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

આનીથી નીચે થાય એને સંપૂર્ણપણે અછત જાહેર કરવું પડે. રાજય સરકારે સમયસર જાહેરાત કરી નહીં. જો આગોતરું આયોજન કર્યું હોત તો આજે લોકોને પીવાના પાણી માટે ટળવળવું પડે છે એ ટળવળવું પડત નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬માં ૧૨૧.૯૩ મીટર નર્મદાની ઉંચાઇ, એ ડેમ થયો અને એની ક્ષમતા પ્રમાણે મુખ્ય કેનાલ, સબમાઇનોર અને પ્રશાખાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા હોત તો રાજ્યમાં આટલી બધી પીવાના પાણીની ગંભીર પરિસ્થિતિ ઉભી થઇ ન હોત. આ કામ રાજ્ય સરકારે ન કર્યું અને એની નિષ્ફળતાઓ ઢાંકવા માટે બીજા ઉપર દોષનો ટોપલો ઢોળવો એ ઉચિત જણાતું નથી. સૌરાષ્ટ્રમાં મહી પરીએજ પાઇપલાઇનનું કામ ચાલુ છે. તત્કાલીન મંત્રીશ્રી પુરષોત્તમભાઇ રૂપાલાએ ૧૯૯૫માં આ કામના જ્યારે ટેન્ડરો બહાર પાડ્યા ત્યારે એમણે નિવેદન કરીને એને રદ કરી, ફરીથી રીટેન્ડરીંગ કર્યું. એમાં ઘણો બધો સમય લાગ્યો અને ખર્ચમાં પણ વધારો થયો છે અને એ કામ પૂર્ણ થયું નથી. જે પાઇપલાઇનોના કામ પૂર્ણ થયા છે એમાં રાજુલાથી ઉના, કોડીનાર અને સોમનાથ સુધી પાણીનો પ્રવાહ અત્યારે ચાલુ કરવામાં આવ્યો છે અને બીજા શહેરોને કાપી એની અંદર પાણી આપવામાં આવે છે અને બીજા વધારાની પાઇપલાઇનોના કામ પૂર્ણ થયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ મહી પરીએજની પાઇપલાઇનનું કામ ચાલુ છે એ ખરેખર વાસ્તવિક રીતે ક્યારે પૂર્ણ કરીને આપવા માગો છો? ઓછા વરસાદના કારણે મુખ્યમંત્રીશ્રીએ ઘાસચારો ઉગાડવા માટે જે ખેડૂતોના કૂવામાં પાણી હોય એને તાત્કાલિક વીજ કનેકશન આપવાની જાહેરાત કરી છે. વીજ કનેક્શન આપવા માટેની જાહેરાત કરી, મામલતદાર કચેરીની અંદર ખેડૂતોએ ફોર્મ ભર્યા, અરજીઓ કરી, દુઃખ સાથે કહેવું પડે કે, આજે પણ રાજ્યમાં બીજા કોઇ તાલુકામાં અપાયું હોય તો મને ખબર નથી. પણ મારા તાલુકાની અંદર જેટલી અરજીઓ થઇ એમાંથી એકપણ અરજી મંજૂર કરવામાં આવી નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આપણે ખરેખર પીવાના પાણીની મુશ્કેલી હલ કરવા માગતા હોય તો આપણે તાત્કાલિક વીજ કનેકશન આપવા જોઇએ. જે ખેડૂતોના કૂવામાં પાણી છે, ગામના લોકોને પીવાનું પાણી આપવા માટે એ સંમત હોય તો એને પણ તાત્કાલિક વીજ કનેકશન આપવું જોઇએ.

મારા વિસ્તારમાં વન વિભાગ આવે છે. ગીર પૂર્વ વન વિભાગ અને ગીર પશ્ચિમ વન વિભાગ. જંગલમાં રહેતા માલધારીઓ અને એના નેસો અને એના પીવાના પાણી અને એના પશુઓ માટે પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ છે ત્યારે તાત્કાલિક અસરથી કામગીરી થાય અને વ્યવસ્થા થાય એવું રાજ્ય સરકાર કરે તો મને લાગે છે કે, તકલીફ ઓછી થાય. અહીંયાં અછતની મિટિંગોની શ્રી ચીમનભાઇ સાપરીયાએ વાત કરી. બે-અઢી મહિના પહેલાં મિટિંગો થઇ. બોર કરવાની વાત થઇ, કૂવાઓ ઉંડા કરવાની વાત કરવામાં આવી, બોર મંજૂર કરવામાં આવ્યા. બે મહિના પહેલાં અછતની મિટિંગમાં મંજૂર થયેલા કામો વહીવટી તંત્ર તરફથી આજે પણ પૂર્ણ કરવામાં આવ્યા નથી અને એનો અમલ પણ કરવામાં આવ્યો નથી. માત્રને માત્ર કાગળ ઉપર છે. કૂવો ઉંડો કરવા માટે અછત રાહત સમિતિમાં દરખાસ્ત થાય. કલેકટરની જિલ્લામાં મિટિંગ મળે, મિટિંગ મળ્યા પછી મંજૂર થાય, મંજૂર થયા પછી એ આવે એટલે એસ્ટીમેટ બને અને એસ્ટીમેટ બન્યા પછી વહીવટી મંજૂરી માટે જાય અને વહીવટી મંજૂરી આવે ત્યાર પછી કામ કરવા માટેની જાહેરાત આપે. આ કામગીરી ક્યારે થવાની? રાજ્ય સરકારે આમાંથી નીકળીને ખાતાકીય કામો કરવા માટેની સૂચનાઓ આપવી જોઇએ. બોર મંજૂર થાય તો ૪૮ કલાક કે ૨૪ કલાકમાં બોર કરવા જોઇએ, કૂવાઓ બોર ઉંડા કરવા માટેની મંજૂરીઓ આપવામાં આવે તો ૨૪ કલાકમાં કામ શરૂ કરવું જોઇએ તો જ લોકોને આપણે સમયસર પીવાનું પાણી પૂરું પાડી શકીશું. વહીવટી પ્રક્રિયામાં રહીશું તો આપણે કામગીરી કરી શકીશું નહીં. ત્યારબાદ હેન્ડ પંપો જે હયાત છે, એ હયાત હેન્ડ પંપોનું જે મેઇન્ટેનન્સ કરવાનું આવે, એનું રીપેરીંગ કરવાનું આવે એ સમયસર થતું નથી. તાલુકાવાઇઝ મેઇન્ટેનન્સ અને રીપેરીંગની ગેંગને નક્કી કરવી જોઇએ, એક ગેંગની ફાળવણી કરવી જોઇએ. જૂનાગઢ જિલ્લામાં બે જ ગેંગ છે, એક જ મિનિટમાં પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : નહીં, આપને બે મિનિટ પહેલાં સૂચના આપી હતી. હું બે મિનિટ પહેલાં બધાને સૂચના આપું છું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના છેલ્લા દિવસના પ્રસ્તાવમાં માનનીય સભ્યશ્રી મણીલાલભાઇ સૌરાષ્ટ્ર, કચ્છ, પૂર્વ ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં જે અછતગ્રસ્ત પરિસ્થિતિ છે એ પરિસ્થિતિને અનુલક્ષીને જ્યારે પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું અને આ ગંભીર પરિસ્થિતિમાં રાજ્ય સરકારે લીધેલા પગલાં અને લેવા ધારેલા પગલાં વિશે આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતે જયારે કોઇ આપત્તિ ધારેલી હોય, કોઇ આપત્તિ આવવાની હોય એ આપત્તિને આપણે રોકી નથી શકતા પરંતુ ત્યારે જે સરકાર સત્તા પર બેઠી હોય અને એ સરકારના જો સુઆયોજનો હોય તો આ ગંભીર પરિસ્થિતિમાંથી લોકોને કેવી રીતે ઉગારી શકાય એનું જો કોઇ ઉદાહરણ આપવું હોય તો ગુજરાતની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભાજપની સરકાર છે. આજે સમગ્ર દેશમાં ગત વર્ષે ચોમાસુ નબળું જવાના કારણે દેશના કેટલાય રાજયો અને તેમાંય આપણા ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ અછતની પરિસ્થિતિ આપણે જોઇ રહ્યા છીએ. આ વર્ષે કુદરતે સર્જેલી જે આપત્તિ છે તો ત્યારે હું કહીશ કે આ ગૃહમાં બેઠેલા આ પક્ષના હોય કે આ પક્ષના હોય આપણે સૌ લોકશાહીના આધારસ્તંભ એવા આ વિધાનસભામાં બેસતા પ્રજાના પ્રતિનિધિ છીએ ત્યારે આ અછતમાં સૌ આપણે એકબીજાનો સાથ આપીએ અને પ્રજાને સહિયારો સાથ આપી અને આ પરિસ્થિતિમાં લોકોને આપણે કેમ વધુને વધુ ઉપયોગી થઇએ અને સરકારે જે કામગીરી કરવા ધારેલી છે એ કામગીરીને આપણે લોકો સુધી કેવી રીતે પહોંચાડીએ એ એક પ્રજાના પ્રતિનિધિ તરીકે, એક લોકસેવક તરીકે આપણી સૌની જવાબદારી બને છે અને તે જ આ વિપત્તિમાં લોકોની સેવા કરવાનો જયારે આપણને ઇશ્વરે અવસર આપ્યો છે તો આ અવસરને આપણે સૌ સાથે મળીને સાર્થક કરીએ. ગુજરાતમાં પ્રજાના દુઃખે દુઃખી અને પ્રજાના સુખે સુખી એવા નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભાજપની સરકાર તેમજ નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન દ્વારા આ સરકારના મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા જે અછતગ્રસ્ત વિસ્તાર છે એ જિલ્લાઓમાં સતત દેખરેખ રાખીને લોકોને વધુમાં વધુ કેવી રીતે ઉપયોગી થઇ શકીએ અને લોકોને કેવી રીતે વધુ રોજગારી મળી શકે તેના માટે થઇને અનેક આયોજનો કર્યા છે અને પગલા પણ લીધેલા છે. આ અછતની પરિસ્થિતિમાં સરકારે પીવાનું પાણી, મુંગા પશુઓને ઘાસચારો તેમજ લોકોને જીવન નિર્વાહ માટે રોજગારી ઝડપથી મળી રહે તે માટે થઇને પણ કામગીરી કરેલ છે. રાજયના જે વિસ્તારોમાં અછતની પરિસ્થિતિ છે એવા દસ અછતગ્રસ્ત જિલ્લાઓમાં તારીખઃ૩૧-૩-૨૦૧૩ સુધીમાં ૨,૫૪,૦૯૯ કુટુંબોને ૧૦,૨૬,૫૨૮ માનવદિનની રોજગારી આપવાનું આયોજન આપવામાં આવેલ છે. ઉપરોકત કામમાં કુલ ૧૯૬૨૦.૯૭ લાખનો ખર્ચ થયેલ છે. આ વર્ષે ૨૦૧૨-૧૩ દરમિયાન મનરેગા યોજના હેઠળ તારીખઃ ૩૧-૩-૨૦૧૩ના અંત સુધીમાં રાજયના તમામ જિલ્લાઓમાં કુલ ૭.૪૩, ૬૨૩ કુટુંબોને રોજગારી આપવાનું અને તેમના સુધી પહોંચાડવાનું આયોજન કરેલ છે. સરકારો અગાઉ પણ હતી અને અગાઉના સમયમાં પણ દુષ્કાળો હતા પણ અત્યાર સુધી કયારેય આયોજનો ન થયા હોય એવા આયોજનો આ ગુજરાતની ભા.જ.પ.ની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર જયારે કામ કરી રહી છે ત્યારે આપણે પ્રજાના સેવક કહેવાઇએ અને પ્રજાને સાચા અર્થમાં ઉપયોગી થઇ અને જે અછતગ્રસ્ત વિસ્તાર છે એ વિસ્તારમાં સરકારના જે પગલા છે એ પગલાઓમાં આપણે લોકોની મદદ કરીએ એ જ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી મણીભાઇ વાઘેલા છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું. હું આ પ્રસ્તાવને આખો વાંચતો હતો ત્યારે આ રાજય સરકારે આ ગૃહની અંદર અછતના મંત્રી હોય, વીજળીના મંત્રી હોય કે પાણી પુરવઠાના મંત્રી હોય સવિસ્તાર આ રાજય શું કરવા માગે છે કયા આયોજન કર્યા છે કેટલા રૂપિયાનું આયોજન કર્યુ છે, બજેટમાં કર્યુ હોય અને અછતના આધાર ઉપર કર્યુ છે આ તમામ વિગતો આ ફલોર ઉપર મૂકવામાં આવી છે.એટલે એને હું રિપીટ કરવા માગતો નથી. પણ હું એક વાત ચોક્કસ કહીશ કે

પહેલા જ્યારે દુષ્કાળ કે અછતની પરિસ્થિતિ હોય ત્યારે લગભગ સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી પશુધન આખા રોડ ઉપર તમે જુઓ તો ટોળેટોળા જોવા મળતાં. આ કચ્છના ધારાસભ્યશ્રીને પૂછો, અત્યારે આ જોવા નહીં મળે. ચાર-ચાર, આઠ-આઠ મહિના સુધી રહેવું પડતું હતું. આજે પરિસ્થિતિ આખી બદલાઇ ગઇ છે. તમને રોડ ઉપર આવું ચિત્ર જોવા નહીં મળે. એનું કારણ એ છે કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આગોતરું આયોજન કરીને કચ્છમાં પણ ઘાસ ઉગે એના માટેનું આયોજન કર્યું છે.

મારે બીજી પણ એક વાત કરવી છે કે પાણી પહેલાં ટેન્કરથી આપવું પડતું હતું. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આપણે પાઇપલાઇનથી તો પાણી આપીએ જ છીએ. હેન્ડપંપ, બોર આ બધી જ સુવિધા કરીને આપી છે. ચેકડેમો ભરવાના, ખેત તલાવડી દ્વારા પાણી આપવાનું પણ થયું. એથી આગળ જઇને આ રાજ્યના મંત્રીશ્રીએ કૃષિ વિષયક જેટલા પણ જોડાણો હોય, કદાચ ઇતિહાસમાં નહીં આપ્યા હોય એટલા જોડાણો ચાલુ વર્ષમાં આ અછતને ધ્યાનમાં લઇને આપી દેવામાં આવ્યા છે. વીજળીમાં વધારો કરવામાં આવ્યો છે. ૮ ના બદલે ૧૦ કલાક વીજળી કરી દીધી છે. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને માત્ર કોઇ મોટી મોટી જાહેરાતોમાં રસ નથી. એમને રસ એમાં છે કે સંવેદનશીલ મુખ્યમંત્રી હોવાના કારણે છેવાડાના માણસને આ પરિસ્થિતિમાં કેવી રીતે એની મુસીબતમાં સહારો બનવું, આ રાજ્યનું તંત્ર અને પ્રધાનમંડળ કેવી રીતે કામે લાગે એના માટેના તમામ આયોજનો આગોતરા કરવામાં આવ્યા છે. એટલા માટે કહું છું કે આ પાણીની પરિસ્થિતિ માટે જે આંદોલનો થતા હતા એ આજે રાજ્યમાં એકપણ આંદોલન તમને જોવા મળશે નહીં. આ પુરાવા આપું છું. એટલા માટે આ પ્રસ્તાવમાં જે બાબતો રજૂ કરી છે, મારે એટલા માટે આ વાત મૂકવી પડે છે કે આજે આવી કોઇ પરિસ્થિતિ નથી. કદાચ પાણીની પરિસ્થિતિ એવી હશે કે પહેલાં પાણી મળતું હશે એના કરતાં થોડું ઓછું-વધતું મળતું હશે. ટેલ વિસ્તાર હશે એમાં મોડું મળતું હશે. પણ એને પહોંચાડવા માટે આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને જે રીતે કામ કરી રહી છે એને મારે અભિનંદન આપવા પડશે. આખું રાજ્ય સરકારનું તંત્ર છે, માનનીય આનંદીબેન સવિસ્તાર વાત કરવાના છે ત્યારે લાંબી વાત કરવી નથી. અછતને પહોંચી વળવા માટે તંત્ર ખૂબ સરસ કામ કરી રહ્યું છે એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) :** માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા છેલ્લા દિવસના પ્રસ્તાવ તરીકે એક મહત્વનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રોએ ઘણી બધી વાતો કરી. પણ આપે કહ્યું કે છેલ્લો દિવસ છે, સાચી વાત કરજો એટલે હું એક પણ રાજકીય વાત વગર સીધે સીધો મારા પ્રશ્નો ઉપર આવીશ. પહેલા અછત જાહેર કરી, પછી પાછી ખેંચી, પાછી અછત જાહેર કરી. એના પરિણામે તમે જોતા હશો કે દુષ્કાળ રાહત માટેનું જે આગોતરું આયોજન કરવું જોઇએ એ આયોજન કરવામાં સરકાર ઉણી ઉતરી છે. મિત્રો ગમે તેટલા વખાણ કરે પણ પરિસ્થિતિ એવી છે કે ખેડૂતોની વાત કરીએ તો ખેડૂતોને પાક વીમા યોજનાના નાણાં જીતુભાઇએ કહ્યું એમ નથી મળ્યાં. આ નાણાં મેળવવાનું મોટાભાગે કામ રાજ્ય સરકાર હસ્તક હોય છે. આ કામ સમયસર નથી થયું એના પરિણામે નાણાં નથી મળ્યાં. માનનીય કૃષિ મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કે ખરેખર દુષ્કાળ છે, તમે દુષ્કાળ જાહેર કર્યો છે અને દુષ્કાળના હિસાબે ખેડૂતોએ પ્રિમિયમ ભરીને પાક વિમો ઉતરાવ્યો છે એના નાણાં ઝડપથી મળે એવી કાર્યવાહી કરો.

પુંજાભાઇએ વાત કરી કે જે ખેડૂતોને કૂવો કે બોરમાં પાણી હશે એ ખેડૂતો ઘાસ ઉગાડે કે પીવાનું પાણી આપે તો એવા ખેડૂતોને ઝડપથી અગ્રતાના ધોરણે વીજ કનેકશન આપશે. મારા જિલ્લામાં આવી ૬ હજાર ઉપરાંતની અરજીઓ પડી છે. પણ આજ સુધી એનો નિર્ણય નથી થયો. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આના માટે તમે તાત્કાલિક કાર્યવાહી કરો. સાહેબ, પીવાના પાણી માટે આપણે ગમે એટલી વાત કરતા હોય, હમણાં છત્રસિંહભાઇએ કીધું કે ટેન્કર ફ્રી કરી દીધું છે અને પાછા એક ભાઇએ કીધું કે, ૪૬૬ ટેન્કરો ચાલે છે, પરિસ્થિતિ કેવી? પણ હું એ કહેતો હતો કે, જો આપણે સમયસર નર્મદાના પાણી પુરવઠાની પાઇપલાઇનનો પુરવઠો, પાણી પુરવઠો દરેક જગ્યાએ પહોંચે એના માટે જે પીવાના પાણીની પાઇપ લાઇનોનું ઇન્ટરનલ નેટવર્ક જો સમયસર ગોઠવ્યું હોત તો આજે ટેન્કર એક પણ આપણે ચલાવવા ના પડત. હકીકત છે

કે મોટી પાઇપલાઇનો દ્વારા પાણી પહોંચાડ્યું છે પણ ઇન્ટરનલ પાણી પહોંચાડવામાં સરકાર હજી પહોંચી શકી નથી. પાણી પુરવઠા મંત્રીને મારી વિનંતી છે કે એના માટે પણ પૂરતું ધ્યાન દે, કારણ કે છતાં પાણીએ આપણે હેરાન થઇએ છીએ.

સાહેબ, વાત છે પશુપાલકોની. હું હમણાં જોડિયા તાલુકાના ગામડાના પ્રવાસે ગયો હતો. ગામે ગામે પશુપાલકો અને ખેડૂતોની માગણી છે કે, અમને રાહત દરે ઘાસ આપો. કારણ કે, ચોમાસું પાક નિષ્ફળ ગયો છે, ઘાસ થયું નથી અને એના કારણે પશુપાલકો અને ખેડૂતોને ઘાસની ખૂબ જરૂર છે. એ પ્રમાણે રાહત કામો શરૂ કરવા માટે પણ તાત્કાલિક આયોજન કરવાની જરૂર છે. એટલે આ કામગીરી સરકાર જો ઝડપથી હાથ ધરે અને બીજી કોઇપણ વાતોમાં પડ્યાં સિવાય આપણે અછત-રાહતમાં માત્ર અને માત્ર લોકોને રાહત આપવી છે, લોકોને પીવાનું પાણી આપવું છે, પશુઓને ઘાસ આપવું છે, લોકોને રોજી આપવી છે અને ખેડૂતોને મદદ કરવી છે આવી ભાવનાથી જો આપણે કામ કરીશું તો હું માનું છું કે, આપણે અછતમાં લોકોને પુરતા મદદરૂપ થઇ શકીશું.

સાહેબ, હમણાં જ મને જસદણના ધારાસભ્યશ્રીએ વાત કરી કે, અમારી આજુબાજૂના તમામ તાલુકાઓ અછતગ્રસ્ત જાહેર થયા છે. ગમે તે કારણ કે શરતચૂકથી એક જસદણ તાલુકો અછતગ્રસ્ત જાહેર નથી થયો. મારી માનનીય રેવન્યુ મંત્રીશ્રીને વિનંતી છે કે, આ બાબત તપાસ કરી જુએ. આદિવાસી વિસ્તારનો એક પણ તાલુકો અછતગ્રસ્ત જાહેર થયો નથી એટલે એના માટે પણ જો ખરેખર અછત હોય તો એને તાત્કાલિક જાહેર કરે. સાહેબ, પરિસ્થિતિ કુદરતી છે. કુદરતી પરિસ્થિતિમાં આપણે બધાય સાથે મળીને જનતાને વધુમાં વધુ ઉપયોગી થાય એવા પ્રયત્નોમાં અમારો સરકારને સંપૂર્ણ સાથ અને સહકાર છે અને એટલા માટે અમારાં સભ્યશ્રી મણીભાઇ સરકારને વિનંતી કરે છે, એટલા માટે પ્રસ્તાવ લઇને આવ્યાં છે કે અમે તમને આ કામમાં પુરતાં મદદરૂપ થાશું. અમે કયાંય રાજકીય વાત નહિ કરીએ પણ તમે આ કામમાં ગંભીરતાપૂર્વક આગળ વધો, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની જનતા જે અછતથી પિડાય છે અથવા તો એના જે કાંઇ પ્રશ્નો છે, એ પ્રશ્નો ઉકેલવામાં સરકાર ગંભીરતાપૂર્વક કામગીરી કરે અને જે બાકી હજી ઘણાં બધા વિસ્તારો અછતગ્રસ્ત જાહેર થવાના બાકી છે. એ વિસ્તારો પણ તાત્કાલિક અછતગ્રસ્ત જાહેર કરે.

સાહેબ, પશુઓની વાત કરીએ તો હજી ઘણાં પશુઓના, ઘાસચારાના અભાવે ટોળેટોળા પશુઓ ગામડાના પશુપાલકોએ રેઢા મૂકી દીધા અને એના પરિણામે આવા પશુઓ ભૂખે મરે છે. સર, તાત્કાલિક કેટલ કેમ્પનું આયોજન થાય, પાંજરાપોળ અને ગૌશાળાને સબસિડી કે બીજી સવલતો સરકાર નિયમોનુસાર આપવાપાત્ર હોય એ આપે તો જ આ પશુઓને રેઢા મૂકતાં અટકશે અને આવા પશુધન ટકી રહેશે. એટલે સાહેબ, મારી ખાસ સરકારશ્રીને, માનનીય કૃષિમંત્રી, રેવન્યૂમંત્રી, પાણીપુરવઠા મંત્રી, બધાય મંત્રીશ્રીઓને વિનંતી છે કે મણીભાઇ વાઘેલા આ પ્રસ્તાવ ગંભીરતાથી લઇ આવ્યાં છે એને છેલ્લો દિવસ છે, પછી આપણે ૬ મહિના પછી મળીશું પણ છેલ્લા દિવસે આપણે બધા ભગવાનને વચ્ચે રાખીને ખરેખર જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિના ઉકેલ માટે આપણે બધાય સંનિષ્ઠાપૂર્વક કામ કરીએ. મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે મણીભાઇ એક સારી ભાવનાથી, શુભ હેતુસર દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકોને મદદરૂપ થવા માટેની ભાવનાથી આ પ્રસ્તાવ લઇને આવ્યાં છે એ પ્રસ્તાવમાં સૌ સભ્યો સાથ આપીને આ પ્રસ્તાવ પસાર કરે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ(મહેસૂલમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અછતની પરિસ્થિતિ ઉપર ચર્ચા કરવા માટે આવેલ પ્રસ્તાવ વિધાનસભામાં રજૂ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં ધારાસભ્યશ્રીઓએ પોતાની ચિંતા વ્યકત કરી છે. સરકાર ઉપર વિવિધ પ્રકારની આફતો આવે છે, અછતની આફત હોય, ભૂકંપની આફત હોય કે વધારે વરસાદ પડ્યો હોય તો ફ્લડની પણ આફત આવે. પરંતુ આફતને અવસરમાં પલટવાની ક્ષમતા આ રાજ્ય સરકારની પાસે છે. કચ્છમાં ભૂકંપ આવ્યો, અવસરમાં પલટાયો અને કચ્છની કેવી પરિસ્થિતિ થઇ છે એનો ઉલ્લેખ હું અહીં કરું છું કારણ કે, આપણને બધાને ખબર છે. હવે જયારે ગુજરાતની અંદર અછત, દસ વર્ષ પછી આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં દસ વર્ષની અંદર ચાર-પાંચ વર્ષો અછતની અંદર જતા હતા, એ આપના સમયની અંદર

જતા હતા. ૨૦૦૧ પછી આ રાજયની અંદર પહેલીવાર આ વર્ષે અછત આવી છે અને એટલે એ અછતને પણ અવસરમાં પલટવા માટે આ રાજય સરકારે આગોતરું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં વારસામાં જે મળ્યું હતું ભારતીય જનતા પાર્ટીની સરકારને રાજ્યની અંદર ચાર હજાર ગામડાઓમાં ટેન્કરથી પાણી અપાતું હતું. આજે ગુજરાતની અંદર આવી અછતની પરિસ્થિતિ પેદા થાય ત્યારે જ ક્યાંક ટેન્કરનો ઉપયોગ કરવો પડે છે એટલે હું એમ કહી શકું કે, આ સરકારે આ રાજયને ટેન્કર ફ્રી રાજ્ય બનાવી દીધું અને સાથે સાથે ટેરર ફ્રી પણ રાજ્ય બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગમે તેટલી અછતની ચિંતા કરીએ, પીવાના પાણીની ચિંતા કરીએ કે પાક માટેની ચિંતા કરતા હોઇએ પરંતુ મારી લાગણી છે આપ સૌના માટે કે, આ બધા પ્રશ્નોનો નિકાલ ત્યારે જ આવશે, કાયમી ઉકેલ ત્યારે જ આવશે કે, જયારે નર્મદાના ડેમને દરવાજા મૂકવાની પરમીશન કેન્દ્ર સરકાર આપે અને એ દરવાજા મૂકયા પછી જે પાણીનો પુરવઠો આપણને મળશે એ પાણીના પુરવઠાના કારણે આખા ગુજરાતના એક એક ગામના તળાવો ભરવામાં આવશે અને વર્ષમાં ચારવાર તળાવો ભરવામાં આવશે મિત્રો અને ત્યારે એનો કાયમી ઉકેલ આવવાનો છે. બાકી અહીં આપણે વાતો કરીશું અને સૂચનો કરીશું પણ એ સૂચનોનો અમલ ત્યારે નહીં કરી શકીએ કે જયાં સુધી નર્મદા ડેમના દરવાજા ના મૂકાય અને એટલા માટે આપ સૌને મારી વિનંતી છે કે, કેન્દ્રમાં જઇને આપ બધા પ્રધાનશ્રીને કહો કે, દરવાજા મૂકવાની પરમિશન આપો જેથી કરીને ત્રણ વર્ષની અંદર દરવાજા મૂકાઇ જાય તો કાયમી અછતથી ગુજરાત મુકત થઇ જાય.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ૨૦૧૨માં વરસાદ ખેંચાયો એ જ વખતે તરત જ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર અને અછતગ્રસ્ત બધા જ વિસ્તારોના જિલ્લાઓની અંદર જઇને કલેકટર વગેરેની બેઠકો કરી હતી અને એની અંદર જરૂરી સૂચનાઓ આપીને ઘાસ, પાણી વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા સરકારે ઉભી કરી દીધી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં એક વાત પાક વીમા યોજનાની આવી, શ્રી રાઘવજીભાઇ કહેતા હતા, પાક વીમા યોજના અંગે મારે એટલું કહેવાનું છે આપને કે આ અંગેની તમામ કામગીરી ભારત સરકારના સાહસ, ઓલ ઇન્ડિયા ક્રોપ ઇન્સ્યોરન્સ કંપની કરે છે. જે વીમાના પ્રિમિયમ કરતાં વધારાનો ખર્ચ આવે તે ભારત સરકાર અને ગુજરાત સરકાર પચાસ ટકા, પચાસ ટકાના ધોરણે ભોગવે છે. ખરીફ ૨૦૧૨ના દાવાઓ બાબતે હજુ સુધી ભારત સરકારની વીમા એજન્સી પાસેથી જિલ્લાવાર, પાકવાર અને ખેડૂત દીઠ કેટલી વીમાની ચૂકવણી કરવાની છે તેની સ્પષ્ટ કલેઇમ કરવામાં આવેલ નથી. જે આવ્યા પછી જ રાજય સરકાર સામાન્ય રીતે એકવીસ દિવસથી એક મહિનાની અંદર વીમાની ચૂકવણી કરતી હોય છે અને એટલા માટે જયાં સુધી કેન્દ્ર સરકાર એની મંજૂરી નહીં આપે ત્યાં સુધી વીમાની રકમ આ સરકાર નહીં ચૂકવી શકે. કારણ કે, પચાસ ટકા રકમ એમણે આપવી પડે. જયારે રાજય સરકાર પાસે જે કાંઇ ચૂકવણી કરવાના છે એના પૈસાની બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે અને એટલા માટે આપ પણ જરા કેન્દ્ર સરકારની અંદર રજૂઆત કરશો તો હું માનું છું કે, એ પણ કામ ખેડૂતોનું થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર પીવાના પાણી માટે જે વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે એમાં ૨૦૧૨માં ઓછો વરસાદ થવાના કારણે પીવાના પાણીની સમસ્યા હલ કરવા યુદ્ધના ધોરણે પ્રયાસો ઓગસ્ટ, ૨૦૧૨થી જ હાથ ધરવામાં આવ્યા અને હમણાં જ અમારા પાણી પુરવઠા મંત્રીશ્રીઓએ પણ સૌરાષ્ટ્ર અને જેટલા પણ જિલ્લાઓ અછતગ્રસ્ત હતા એ બધા જ જિલ્લાઓની મિટિંગો કરી અને ઝડપથી બધા કામો પૂર્ણ થાય અને એકે એક વ્યકતિને પાણી મળે એના માટે વ્યવસ્થાઓ હાથ ધરવામાં આવી અને એના માટે ૧૮૬ કરોડનો કન્ટીજન્સી પ્લાન અને ૨,૭૦૦ કરોડનો બજેટ પ્લાન અમલમાં મૂક્યો છે. નવી પાઇપ લાઇન, નવી પમ્પીંગ મશીનરી, નર્મદા હસ્તક પાઇપ લાઇન સાથે પ્ર–શાખાના જોડાણ , નવા પાતાળ કૂવા, નવા હેન્ડ પમ્પ, હયાત સોર્સનું રિપેરીંગ વગેરે પગલાઓ દ્વારા જુલાઇ, ૨૦૧૨માં પીવાના પાણીને દૈનિક ૬૭ કરોડ લિટર નર્મદાનું પાણી આપવામાં આવતું હતું. જુલાઇ, ૨૦૧૨માં એમાં વધારો કરીને અત્યારે ૧૦૬ કરોડ લિટર પાણી સૌરાષ્ટ્ર અને કચ્છને આપવામાં આવે છે અને એના પ્રશ્નોને હળવા કર્યા છે અને હજુ પણ

રાજ્ય સરકાર દૈનિક વધુ ૧૪ કરોડ લિટરનો પુરવઠો વધારવા માટેનો પ્રયાસ કરી રહી છે અને થોડા સમયમાં કામ ચાલુ થશે.

રોજગારી માટે મનરેગા અંતર્ગત અછતગ્રસ્ત વિસ્તારના ગામોમાં રોજગારી મળી રહે એ માટે પણ કામોનું આયોજન કરી સેલ્ફ ઓફ પ્રોજેકટસ તૈયાર કરી જરૂરી તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાનું કામ પણ તીવ્રતાથી હાથ ધરવામાં આવ્યું છે. જયારે ઓગષ્ટ મહિનાની અંદર અછતને જાહેર કરવામાં આવી ત્યારે પાંચ રૂપિયા લેખે રૂપિયા ત્રણ કરોડ ચોસઠ લાખ ચૂકવી સાઇઠ લાખ કિલોગ્રામ ઘાસ એકત્ર કરવામાં આવ્યું. હાલમાં વન વિભાગ હસ્તક ૨૧૪લાખ કિલોગ્રામ ઘાસ ઉપલબ્ધ છે. પ્રથમ તબકકે ઘાસ ડેપો મારફત વિતરણ અર્થે ૬૨ લાખ કિલોગ્રામ ઘાસની ફાળવણી અછતગ્રસ્ત વિસ્તારના કલેકટરશ્રીઓને કરવા દેવામાં આવી છે. આ ઉપરાંત ખુલ્લા બજારમાંથી ઘાસ ખરીદીના ટેન્ડર પણ બહાર પાડી અને એને મંજૂર પણ કરવામાં આવ્યા છે. અછતગ્રસ્ત વિસ્તારોમાં કલસ્ટર ઓફ વીજીલન્સ ઘાસ ડેપો શરૂ કરી પ્રતિદિન પ્રતિ પશુ દીઠ ચાર કિલો લેખે મહત્તમ પાંચ પશુઓ માટે ઘાસ કાર્ડ ધારક, વ્યકિતગત પશુપાલક અને ગરીબ માલધારીઓને પ્રતિ કિલો બે રૂપિયાના સબસીડરાઇઝ દરે સુકો ઘાસચારો વિતરણ કરવામાં આવી રહ્યો છે. એ ઉપરાંત રાજ્ય સરકારે લીલો ઘાસચારો પણ ઉપલબ્ધ બને એના માટેનો પ્રયાસ કર્યો છે અને જે ફાળવણી દસ કરોડ કરવામાં આવતી હતી એમાં વધારો કરીને ત્રીસ કરોડ રૂપિયા એમાં ફાળવી આપવામાં આવ્યા છે અને હવે એમાં સાઇઠ કરોડનો પણ વધારો કરીને સો કરોડના ખર્ચે ઘાસચારાની અછત દૂર કરવા માટેના પ્રયાસો કર્યા છે અને એ ઘાસચારાની બચત માટેના ચાસ, કટર, સુડા, દાતરડા વગેરે ઓજારો પૂરા પાડવા માટે પંદર કરોડની જોગવાઇ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનને પણ આપવામાં આવ્યા છે.

કૃષિ યુનિવર્સિટીને ઘાસચારા, બિયારણ ઉત્પન્ન કરવા માટે પચીસ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. ખેડૂતોને ઘાસચારા વાવેતર માટે અડતાલીસ કરોડનું બિયારણ મફત વિતરણ કરાયું છે. આ ઘાસચારા વાવેતર પ્રોત્સાહન હેઠળ બે હજાર રૂપિયા સબસીડી યોજના અંતર્ગત સાડત્રીસ કરોડની સહાય ચૂકવી છે. આમ કરવાથી ૫,૬૨,૦૦૦ એકર જેટલા વિસ્તારમાં ઘાસચારાનું વાવેતર થવાથી ઘાસચારાની સમસ્યા હળવી થઇ છે. આ ઉપરાંત નર્મદા નહેરોના કાંઠે ઘાસ વાવેતર માટે પ્રતિ એકર રૂપિયા એકના ટોકન દરે નહેરમાંથી વિના મૂલ્યે પાણી આપવાની પરવાનગી આપવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આમ વિવિધ પ્રકારની યોજનાઓ પાણી પૂરું પાડવા માટે, પાક માટે અને પશુઓને પાણી અને ઘાસચારો મળી રહે એના માટેની વિવિધ પ્રકારની યોજનાઓ રાજ્ય સરકારે અમલમાં મૂકી છે અને હું ખાતરી આપું છું કે આ સરકાર દ્વારા જે કોઇ આયોજન ગોઠવાયું છે એમાં ભવિષ્યની અંદર એક પણ પશુનું મૃત્યુ ન થાય અને એક પણ વ્યકિતને પાણી માટે કયાંય વલખા ન મારવા પડે એના માટે રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યું છે અને એ કામ, જે આયોજન થયું છે એને સંપૂર્ણપણે અમલમાં મૂકીને રાજ્ય સરકાર જયાં સુધી વરસાદ ન પડે ત્યાં સુધી આ કામગીરી ચાલુ રાખશે અને સમયે સમયે જે ગામની અંદર કોઇ મુશ્કેલી ઉભી થશે તો અછત સમિતિની બેઠકની અંદર એને પણ આવરી લઇ અને એ કામ પણ રાજ્ય સરકાર હાથ પર લેશે એટલા માટે મારી વિનંતી છે મણીલાલભાઇને કે આ પ્રસ્તાવ પાછો ખેંચે.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે. સભાગૃહની આજની બેઠકનું કામકાજ પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) અન્વયે હું આ સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલત્વી રાખું છું.

**સત્ર સમાપ્તિ “વંદે માતરમ” રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવી કરવામાં આવી.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭-૨૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અદયક્ષશ્રીના આદેશાનુસાર અનિશ્ચિત મુદત માટે મુલતવી રહ્યું.**

તા. ૨જી, એપ્રિલ, ૨૦૧૩
સભ્યશ્રીઓનું હાજરીપત્રક

## તેરમી ગુજરાત વિધાનસભા

## (પ્રથમ સત્ર)

પત્રક ક્રમાંકઃ–

## ( જુઓ ફકરા ક્રમાંકઃ)

## (માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્યદંડકશ્રી, નાયબ મુખ્ય દંડકશ્રી, અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નં | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેરહાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| **૧.** | પટેલ શ્રી છબીલભાલ નારણભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૨.** | છેડા શ્રી તારાચંદ જગશી | ૨૬ | ૪ | ૩૦ | |
| **૩.** | આચાર્ય ડૉ. નીમાબેન | ૩૦ | – | ૩૦ | |
| **૪.** | આહિર શ્રી વાસણભાઇ ગોપાલભાઇ | ૨૫ | ૫ | ૩૦ | |
| **૫.** | મહેશ્વરી શ્રી રમેશભાઇ વચ્છરાજ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૬.** | પટેલ શ્રી વાઘજીભાઇ ધરમશીભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૭.** | ચૌધરી શ્રી શંકરભાઇ લગધીરભાઇ | ૨૧ | ૯ | ૩૦ | |
| **૮.** | પટેલ શ્રી પરબતભાઇ સવાભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૯.** | પટેલ શ્રી જોઇતાભાઇ કસ્નાભાઇ | ૨૩ | ૭ | ૩૦ | |
| **૧૦.** | ખરાડી શ્રી કાન્તીભાઇ કાળાભાઇ | ૨૩ | ૭ | ૩૦ | |
| **૧૧.** | વાઘેલા શ્રી મણીલાલ જેઠાભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૨.** | પટેલ શ્રી મહેશકુમાર અમૃતલાલ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૩.** | વાઘેલા શ્રી લીલાધરભાઇ ખોડાજી (મંત્રીશ્રી) | – | – | – | |
| **૧૪.** | ચૌહાણ શ્રી કેશાજી શિવાજી | ૨૫ | ૫ | ૩૦ | |
| **૧૫.** | ખાનપુરા શ્રી ધારશીભાઇ લખાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૬.** | ઠાકોર શ્રી નાગરજીભાઇ હરચંદજી | ૩૦ | – | ૩૦ | |
| **૧૭.** | ઠાકોર શ્રી દિલીપકુમાર વિરાજીભાઇ | ૨૬ | ૪ | ૩૦ | |
| **૧૮.** | દેસાઇ શ્રી રણછોડભાઇ મહીજીભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૧૯.** | રાજપૂત શ્રી બલવંતસિંહ ચંદનસિંહ | ૩૦ | – | ૩૦ | |
| **૨૦.** | ડાભી શ્રી ભરતસિંહજી શંકરસિંહજી | ૨૯ | ૧ | ૩૦ | |
| **૨૧.** | પટેલ શ્રી નારાયણભાઇ લલ્લુદાસ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૨૨.** | પટેલ શ્રી ઋષિકેશ ગણેશભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૨૩.** | પટેલ શ્રી રજનીકાન્ત સોમાભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૨૪.** | ચાવડા શ્રી રમેશભાઇ મગનભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૨૫.** | પટેલ શ્રી નિતીનકુમાર રતીલાલ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૨૬.** | પટેલ શ્રી પ્રહલાદભાઇ ઇશ્વરભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૨૭.** | ચાવડા શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ | ૨૪ | ૬ | ૩૦ | |
| **૨૮.** | વોરા શ્રી રમણલાલ ઇશ્વરલાલ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૨૯.** | કોટવાલ શ્રી અશ્વિન | ૨૭ | ૩ | ૩૦ | |
| **૩૦.** | જોષીયારા ડૉ. અનિલ | ૩૦ | – | ૩૦ | |
| **૩૧.** | ઠાકોર શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૩૨.** | વાઘેલા શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૩૩.** | બારૈયા શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ | ૩૦ | – | ૩૦ | |
| **૩૪.** | રાઠોડ શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૩૫.** | ઠાકોર શ્રી શંભુજી ચેલાજી | ૩૦ | – | ૩૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૩૬.** | પટેલ શ્રી અશોકકુમાર રણછોડભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૩૭.** | ચૌધરી શ્રી અમિતભાઇ હરિસિંગભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૩૮.** | ઠાકોર શ્રી બળદેવજી ચંદુજી | ૨૬ | ૪ | ૩૦ | |
| **૩૯.** | પટેલ ડૉ. તેજશ્રીબેન દિલીપકુમાર | ૨૯ | ૧ | ૩૦ | |
| **૪૦.** | પટેલ શ્રી કરમશીભાઇ વિરજીભાઇ | ૧૦ | ૨૦ | ૩૦ | |
| **૪૧.** | પટેલ શ્રીમતી આનંદીબેન મફતલાલ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૪૨.** | ચૌહાણ શ્રી કિશોરસિંહ બાબુલાલ | ૩૦ | – | ૩૦ | |
| **૪૩.** | જાડેજા શ્રી પ્રદિપસિંહ ભગવંતસિંહ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૪૪.** | શાહ શ્રી રાકેશભાઇ જશવંતલાલ | ૧૭ | ૧૩ | ૩૦ | |
| **૪૫.** | શાહ શ્રી અમિત | ૧૨ | ૧૮ | ૩૦ | |
| **૪૬.** | પંચાલ શ્રી જગદીશભાલ ઇશ્વરભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૪૭.** | વાઘવાણી ડૉ. નિર્મલાબેન સુનીલભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૪૮.** | કાકડીયા શ્રી વલ્લભભાઇ ગોબરભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૪૯.** | રાજપૂત શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ | ૩૦ | – | ૩૦ | |
| **૫૦.** | પટેલ શ્રી હસમુખભાઇ સોમાભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૫૧.** | શેખ શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન | ૨૬ | ૪ | ૩૦ | |
| **૫૨.** | ભટ્ટ શ્રી ભૂષણ અશોક | ૩૦ | – | ૩૦ | |
| **૫૩.** | મોદી શ્રી નરેન્દ્રભાઇ (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| **૫૪.** | પરમાર શ્રી શૈલેષ મનુભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૫૫.** | પટેલ શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૫૬.** | પટેલ શ્રી રજનીકાંત મોહનલાલ | ૩૦ | – | ૩૦ | |
| **૫૭.** | પટેલ શ્રી બાબુભાઇ જમનાદાસ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૫૮.** | ચુડાસમા શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા (મંત્રીશ્રી) | – | – | – | |
| **૫૯.** | કોળીપટેલ શ્રી લાલજીભાઇ ચતુરભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૬૦. | મકવાણા શ્રી પુનમભાઇ કાળાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૬૧. | ખાલી | | | ૩૦ | |
| ૬૨. | દોશી શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૬૩. | ચૌહાણ શ્રી શામજીભાઇ ભીમજીભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| ૬૪. | કવાડીયા શ્રી જંયતિભાઇ રામજીભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૬૫. | અમૃતિયા શ્રી કાંતિલાલ શીવલાલ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૬૬. | કુંડરારીયા શ્રી મોહનભાઇ કલ્યાણજીભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૬૭. | પીરઝાદા શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ | ૨૦ | ૧૦ | ૩૦ | |
| ૬૮. | રાજયગુરૂ શ્રી ઇન્દ્રનિલભાઇ સંજયભાઇ | ૨૦ | ૧૦ | ૩૦ | |
| ૬૯. | વાળા શ્રી વજુભાઇ રૂડાભાઇ (માનનીય અધ્યક્ષશ્રી) | – | – | – | |
| ૭૦. | પટેલ શ્રી ગોવિંદભાઇ ઉકાભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૭૧. | બાબરીયા શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ | ૩૦ | – | ૩૦ | |
| ૭૨. | ગોહેલ શ્રી ભોળાભાઇ ભીખાભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૭૩. | જાડેજા શ્રી જયરાજસિંહ ટેમુભા | ૨ | ૨૮ | ૩૦ | |
| ૭૪. | રાદડીયા શ્રી જયેશભાઇ **(૨૫/૨/૨૦૧૩ થી રાજીનામુ આપેલ છે.)** | ૧ | ૪ | ૫ | |
| ૭૫. | રાદડીયા શ્રી વિઠ્ઠલભાઇ વિઠ્ઠલભાઇ **(૨૫/૨/૨૦૧૩ થી રાજીનામુ આપેલ છે.)** | – | ૫ | ૫ | |
| ૭૬. | ચાવડા શ્રી મેઘજીભાઇ અમરાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| ૭૭. | પટેલ શ્રી રાઘવજીભાઇ હંસરાજ | ૨૮ | ૨ | ૩૦ | |
| ૭૮. | જાડેજા શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા | ૨૯ | ૧ | ૩૦ | |
| ૭૯. | ત્રિવેદી પ્રો. શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૮૦.** | શાપરીયા શ્રી ચીમનભાઇ ધરમશીભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૮૧.** | માડમ શ્રી પૂનમબેન હેમતભાઇ | ૨૩ | ૭ | ૩૦ | |
| **૮૨.** | માણેક શ્રી પ્રબુભા વિરમભા | ૧૨ | ૧૮ | ૩૦ | |
| **૮૩.** | બોખીરીયા શ્રી બાબુભાઇ ભીમાભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૮૪.** | જાડેજા શ્રી કાંધલ સરમણભાઇ | ૧૨ | ૧૮ | ૩૦ | |
| **૮૫.** | ચાવડા શ્રી જવાહરભાઇ પેથલજીભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૮૬.** | મશરૂ રી મહેન્દ્રભાઇ લીલાધરભાઇ | ૧૪ | ૧૬ | ૩૦ | |
| **૮૭.** | પટેલ શ્રી કેશુભાઇ સવદાસભાઇ | ૨૦ | ૧૦ | ૩૦ | |
| **૮૮.** | લાડાણી શ્રી અરવીંદભાઇ કેશવભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૮૯.** | ચુડાસમા શ્રી રાજેશભાઇ નારણભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૯૦.** | બારડ શ્રી જસાભાઇ ભાણાભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૯૧.** | બારડ શ્રી જશુભાઇ ધાનાભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૯૨.** | સોલંકી શ્રી જેઠાભાઇ દાનાભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૯૩.** | વંશ શ્રી પુંજાભાઇ ભીમાભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૯૪.** | કોટડીયા શ્રી નલીનભાઇ નાનજીભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૯૫.** | ધાનાણી શ્રી પરેશભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૯૬.** | ઉંઘાડ શ્રી બાવકુભાઇ નાથાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૯૭.** | વઘાસીયા શ્રી વલ્લભભાઇ વશરામભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૯૮.** | સોલંકી શ્રી હીરાભાઇ ઓઘવજીભાઇ | ૧૫ | ૧૫ | ૩૦ | |
| **૯૯.** | મકવાણા શ્રીમતી ભાવનાબેન રાઘવભાઇ | ૨૬ | ૪ | ૩૦ | |
| **૧૦૦.** | શ્યાળ ડૉ. ભારતીબેન ધીરૂભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૧૦૧.** | નાકરાણી શ્રી કેશુભાઇ હીરજીભાઇ | ૨૩ | ૭ | ૩૦ | |
| **૧૦૨.** | રાઠોડ શ્રી પ્રવિણભાઇ જીણાભાઇ | ૨૬ | ૪ | ૩૦ | |
| **૧૦૩.** | સોલંકી શ્રી પરસોત્તમભાઇ ઓઘવજીભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| **૧૦૪.** | દવે શ્રીમતી વિભાવરીબેન વિજયભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૦૫.** | વાઘાણી શ્રી જીતેન્દ્રભાઇ સવજીભાઇ | ૨૩ | ૭ | ૩૦ | |
| **૧૦૬.** | પરમાર શ્રી આત્મારામ મકનભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૦૭.** | માણીયા ડૉ. ટી. ડી. | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૦૮.** | પટેલ શ્રી સંજયકુમાર રમણભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૦૯.** | પરમાર શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૧૦.** | ચાવડા શ્રી અમિત | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૧૧.** | પટેલ શ્રી જયંતભાઇ રમણભાઇ | ૨૫ | ૫ | ૩૦ | |
| **૧૧૨.** | પટેલ શ્રી દિલીપભાઇ મણીભાઇ | ૧૯ | ૧૧ | ૩૦ | |
| **૧૧૩.** | પટેલ શ્રી નિરંજન | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૧૪.** | પરમાર શ્રી પૂનમભાઇ માધાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૧૫.** | ચૌહાણ શ્રી દેવુંસિંહ જેસીંગભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૧૬.** | દેસાઇ શ્રી પંકજભાઇ વિનુભાઇ (મુખ્યદંડકશ્રી) | ૨ | – | ૨ | તા.૧૮/૨/૧૩ થી મુખ્યદંડક તરીકે નિયુકત થયેલ છે. |
| **૧૧૭.** | ચૌહાણ શ્રી ગૌત્તમભાઇ રાવજીભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૧૮.** | ઠાકોર શ્રી નટવરસિંહ કુલસિંહ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૧૯.** | પરમાર શ્રી રામસિંહ પ્રભાતસિંહ | ૨૫ | ૫ | ૩૦ | |
| **૧૨૦.** | વાઘેલા શ્રી શંકરસિંહ (વિરોધપક્ષના નેતાશ્રી) | ૨ | – | ૨ | તા.૨૩/૧/૧૩ થી વિરોધપક્ષના નેતા તરીકે નિયુકત થયેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧૨૧.** | ચૌહાણ શ્રી માનસિંહ કોહયાભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૨૨.** | પટેલ પ્રો. હીરાભાઇ હરિભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૨૩.** | ડામોર શ્રી ગેંદાલભાઇ મોતીભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૨૪.** | ભરવાડ શ્રી જેઠાભાઇ ઘેલાભાઇ | ૨૬ | ૪ | ૩૦ | |
| **૧૨૫.** | --- ખાલી --- | - | - | - | |
| **૧૨૬.** | રાઉલજી શ્રી સી. કે. | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૨૭.** | રાઠોડ શ્રી અરવિંદસિંહ દામસિંહ | ૩૦ | - | ૩૦ | |
| **૧૨૮.** | પરમાર શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી | ૩૦ | - | ૩૦ | |
| **૧૨૯.** | કટારા શ્રી રમેશભાઇ ભુરાભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૩૦.** | ગરાસીયા ડૉ. મિતેશભાઇ કલાભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૩૧.** | ભાભોર શ્રી જસવંતસિંહ સુમનભાઇ | ૨૬ | ૪ | ૩૦ | |
| **૧૩૨.** | પણદા શ્રી વજેસિંગભાઇ પારસિંગભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૩૩.** | બારીયા શ્રીમતી ચંદ્રિકાબેન છગનભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૩૪.** | ખાબડ શ્રી બચુભાઇ મગનભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૩૫.** | ઇનામદાર શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ | ૨૫ | ૫ | ૩૦ | |
| **૧૩૬.** | શ્રીવાસ્તવ શ્રી મધુભાઇ બાબુભાઇ | ૧૩ | ૧૭ | ૩૦ | |
| **૧૩૭.** | રાઠવા શ્રી મોહનસિંહ છોટુભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૩૮.** | રાઠવા શ્રી જયંતિભાઇ સવજીભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૩૯.** | ભીલ શ્રી ધીરૂભાઇ ચુનીલાલ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૪૦.** | પટેલ શ્રી બાલકૃષ્ણભાઇ નારણભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૪૧.** | વકીલ શ્રીમતી મનીષા રાજીવભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૪૨.** | સુખડીયા શ્રી જીતેન્દ્ર રતીલાલ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૪૩.** | પટેલ શ્રી સૌરભ (મંત્રીશ્રી) | - | - | - | |
| **૧૪૪.** | ત્રિવેદી શ્રી રાજેન્દ્ર સુર્યપ્રસાદ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૪૫.** | પટેલ શ્રી યોગેશ | ૨૨ | ૮ | ૩૦ | |
| **૧૪૬.** | પટેલ શ્રી દિનેશભાઇ બાલુભાઇ | ૨૫ | ૫ | ૩૦ | |
| **૧૪૭.** | પટેલ શ્રી સતીષભાઇ મોતીભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૪૮.** | તડવી શ્રી શબ્દશરણ ભાઇલાલભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૪૯.** | વસાવા શ્રી મોતીલાલ પુનીયાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૫૦.** | મોરી શ્રી છત્રસિંહજી પૂંજાભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૫૧.** | રણા શ્રી અરૂણસિંહ અજીતસિંહ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૫૨.** | વસાવા શ્રી છોટુભાઇ અમરસિંહ | ૧ | ૨૯ | ૩૦ | |
| **૧૫૩.** | પટેલ શ્રી દુષ્યંતભાઇ રજનીકાંત | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૫૪.** | પટેલ શ્રી ઇશ્વરસિંહ ઠાકોરભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૫૫.** | પટેલ શ્રી મુકેશભાઇ ઝીણાભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૫૬.** | વસાવા શ્રી ગણપતસિંહ વેસ્તાભાઇ (મંત્રીશ્રી) | - | - | - | |
| **૧૫૭.** | વસાવા શ્રી પરભુભાઇ નાગરભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૫૮.** | પાનશેરીયા શ્રી પ્રફુલભાઇ છગનભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૫૯.** | ગીલીટવાલા શ્રી રણજીતભાઇ મંગુભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૬૦.** | ચોકસી શ્રી અજયકુમાર જશવંતલાલ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૬૧.** | કાનાણી શ્રી કિશોરભાઇ શિવાભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૬૨.** | કાછડીયા શ્રી જનકભાઇ મનજીભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૬૩.** | પાટીલ શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૬૪.** | પટેલ શ્રી નરોત્તમભાઇ | ૩૦ | - | ૩૦ | |
| **૧૬૫.** | સંઘવી શ્રી હર્ષ રમેશકુમાર | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૬૬.** | વાનાણી શ્રી નાનુભાઇ ભગવાનભાઇ (મંત્રીશ્રી) | - | - | - | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧૬૭.** | વાંકાવાલા શ્રી કિશોરભાઇ રતીલાલ | ૨ | ૨૮ | ૩૦ | |
| **૧૬૮.** | પટેલ શ્રી રાજેન્દ્રભાઇ પરભુભાઇ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૬૯.** | પરમાર શ્રી ઇશ્વરભાઇ રમણભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૭૦.** | ઢોડિયા શ્રી મોહનભાઇ ધનજીભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૭૧.** | ગામીત શ્રી પુનાભાઇ ઢેડાભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૧૭૨.** | ગામીત શ્રી કાંતીલાલભાઇ રેશ્માભાઇ | ૨૪ | ૬ | ૩૦ | |
| **૧૭૩.** | ગાવિત શ્રી મંગળભાઇ ગંગાજીભાઇ | ૧૭ | ૧૩ | ૩૦ | |
| **૧૭૪.** | પટેલ શ્રી આર. સી. | ૧૧ | ૧૯ | ૩૦ | |
| **૧૭૫.** | દેસાઇ શ્રી પિયુષભાઇ દિનકરભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૧૭૬.** | પટેલ શ્રી મંગુભાઇ છગનભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૧૭૭.** | ચૌધરી શ્રી છનાભાઇ કોળુભાઇ | ૨૯ | ૧ | ૩૦ | |
| **૧૭૮.** | પટેલ શ્રી ઇશ્વરભાઇ ઢેડાભાઇ | ૩૦ | – | ૩૦ | |
| **૧૭૯.** | પટેલ શ્રી ભરતભાઇ કીકુભાઇ | ૨૮ | ૨ | ૩૦ | |
| **૧૮૦.** | દેસાઇ શ્રી કનુભાઇ મોહનલાલ | ૨૭ | ૩ | ૩૦ | |
| **૧૮૧.** | ચૌધરી શ્રી જીતુભાઇ હરજીભાઇ | ૨૬ | ૪ | ૩૦ | |
| **૧૮૨.** | પાટકર શ્રી રમણલાલ નાનુભાઇ | ૩૦ | – | ૩૦ | |
| | કુલઃ– | ૪૧૮૩ | ૫૭૧ | ૪૭૫૪ | |

| | | |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | ગુજરાત લિફ્ટ અને સરકતી સીડી (સુધારા) વિધેયક, ૨૦૧૩. | ૨૦૮ |
| | જમીનના પૃથ્થકરણ માટે ખેત બજાર સમિતિઓને સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી ઊભી કરવા માટેની યોજના | ૧૫૭ |
| | સુરત જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો | ૧૮ |
| અનિલ જોષિયારા | આદિવાસી વિસ્તાર માટે ખરીદવામાં આવેલ બસો | ૩૨૯ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં આદિવાસી ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા બનાવેલ લીફ્ટ ઈરીગ્રેશન સ્કીમો | ૧૪૮ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ મજૂરોને વેતન ચૂકવવા બાબત | ૮૯ |
| | ભિલોડા, મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં સાયન્સ પ્રવાહની ધોરણ-૧૨ સુધીની સરકારી શાળાઓ | ૫૪ |
| | રાજ્ય સરકારની સેસ અને વધારાના વેટની આવક | ૨૯૬ |
| | રાજ્યમાં આવેલ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં અનામત કેટેગરીની સીટો | ૩૨૨ |
| | સચિવાલય ખાતે સેકશન ઓફિસર વર્ગ-૨ની કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ૧૭૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં રૂર્બન ગટર યોજના | ૭૬ |
| | ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) વિધેયક, ૨૦૧૩ | ૨૧૪ |
| | ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયક, ૨૦૧૩ | ૨૨૨ |
| અમિત શાહ | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૬૮ |
| | સન ૨૦૧૩નું ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક(પહેલી બેઠકમાં બાકી રહેલ વિધેયક) | ૩૪૧ |
| અમિતભાઇ હ. ચૌધરી | માણસા તાલુકામાં પાણીના તળ ઉંચા લાવવા બાબત | ૧૫૭ |
| અમીત ચાવડા | આણંદ જિલ્લામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની મીટીંગો | ૧૭૬ |
| | આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાનું આયોજન | ૩૭ |
| | આણંદ જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની ફરિયાદો | ૧૬૬ |
| | આણંદ જિલ્લામાં તાલુકાવાર મીશન મંગલમ મંડળો બનાવવા બાબત | ૮૩ |
| | આણંદ જિલ્લામાં નોંધાયેલ વાહનો | ૩૩૦ |
| | આણંદ જિલ્લામાં પંચાયત અને ગ્રામ વિકાસ યોજનાઓમાં લાંચની માંગણીની ફરિયાદો | ૬૭ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સીંગથી જગ્યાઓ ભરવા બાબત | ૩૨૪ |
| | આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર દેશી-વિદેશી દારૂના વેચાણ તથા જુગાર ધામો પર કરવામાં આવેલા દરોડા | ૧૩૬ |
| | આણંદ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ સ્માર્ટ કાર્ડ આપવા બાબત | ૨૯૮ |
| | ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગ વિધેયક, ૨૦૧૩ | ૨૨૫ |
